


न्यायविशारद-न्यायाचार्य
महोपाध्यायश्री
यशोविजयविरचित टीका-उपेता श्री

# कर्म प्रकृतिः

## ( कम्मपयडि )

ભાગ
૩

• વિવેચનકાર • ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા-સુરત

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||
|| શ્રી જિન પ્રવચનાય નમો નમઃ ||
|| શ્રી સરસ્વતી દેવ્યૈ નમઃ ||










પરમ પૂજ્ય શ્રી શિવશર્મસૂરીશ્વરજી કૃત

# કર્મપ્રકૃતિ અર્થાત્ કમ્મપયડિ
# ઉદીરણાકરણ, ઉપશમનાકરણ
# નિદ્ધતિકરણ, નિકાચના

પરમ પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત
સંસ્કૃત ટીકાના અનુવાદ સ્વરૂપ ભાવાર્થ સાથે

ભાગ-૩

: વિવેચક :
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
(સુઇગામવાળા)

: પ્રકાશક :
શ્રી જૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ
સુરત

પ્રકાશક : **જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯. ગુજરાત, (INDIA)
ફોન : ૦૨૬૧-૨૭૬૩૦૭૦, મો : ૯૮૯૮૩૩૦૮૩૫

**પ્રાપ્તિસ્થાન**

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
સુરત-૯, Ph. (0261) 2763070
Mob. : 9898330835

**શ્રી યશોવિજયજી જૈન**
**સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે,
મહેસાણા. (ઉ. ગુજરાત)
Ph. (02762) 222927

**સેવંતીલાલ વી. જૈન**
ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર,
પાંજરાપોળ, ૧લી લેન,
સી.પી. ટેન્ક રોડ, મુંબઈ-૪
Ph. : (022) 2240 4717
2241 2445

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૫૩૫૬૬૯૨

***જૈન દર્શન પ્રકાશન મંદિર***
અક્ષત એપાર્ટમેન્ટ, ધરણીધર દેરાસર સામે
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
Ph. (079) 26614328







**પ્રકાશન વર્ષ**
વીર સંવત ૨૫૪૩
વિક્રમ સંવત ૨૦૭૩
ઈસ્વીસન્ ૨૦૧૬-૧૭

કિંમત :
રૂા. ૩૫૦-૦૦





મુદ્રક : **ભરત ગ્રાફીક્સ,**
૭, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો, ૯૯૨૫૦ ૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com

# શ્રુતસહયોગીનો આભાર

પરમ પૂજ્ય ઉપાધ્યાય **શ્રી યશોવિજયજી મ.સાહેબ** કૃત સંસ્કૃત ટીકાના ગુજરાતી વિવેચન સાથે, પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રી શિવશર્મસૂરીશ્વરજી મ.સા.** કૃત **કમ્મપયડિ**માં આવતાં આઠ કરણો, ઉદય અને સત્તા તથા પરિશિષ્ટ વિગેરેનું ગુજરાતીમાં સરળ વિવેચન તૈયાર કર્યું છે. તેનો પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો સારો અભ્યાસ કરી શકે અને સારો લાભ લે, એવા શુભ આશયથી આ પુસ્તકનું પ્રકાશન ચાર ભાગમાં કરેલ છે. ભાગ પહેલામાં **બંધનકરણ**, ભાગ બીજામાં **સંક્રમણકરણ** તથા **ઉદ્વર્તના, અપવર્તનાકરણ**, ભાગ ત્રીજામાં **ઉદીરણા** અને **ઉપશમનાકરણ**, તથા **નિદ્ધતિ-નિકાચનાકરણ**, ભાગ ચોથામાં **ઉદય, સત્તા** અને **પરિશિષ્ટ** એમ ચાર ભાગમાં પ્રકાશન કર્યું છે.

આ પ્રકાશન કાર્યમાં નીચેના શ્રુતદાતાશ્રીઓ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. શ્રુતદાતાઓની ભૂરિ ભૂરિ અનુમોદના. તેઓશ્રીના સહયોગના કારણે કમ્મપયડિ નામના આ મહા ગ્રંથના ચાર ભાગ રૂપ એક કોપીની પડતર કિંમત અંદાજિત રૂા.૧૪૦૦ જેવી થતી હોવા છતાં દાતાશ્રીઓના સહયોગથી આ સેટ રૂા. ૭૦૦માં (ચાર ભાગ) આપવાનું નક્કી કરેલ છે. સહાયકદાતાશ્રીઓનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

(૧) **જિતેન્દ્રભાઈ શાહ તથા ચેતનાબેન (હ્યુસ્ટન, યુ.એસ.એ.)**

(૨) **રાકેશભાઈ તથા તેમનાં ધર્મપત્ની નેહાબેન (કોલંબસ, યુ.એસ.એ.)**

(૩) **નરેશભાઈ તથા ગિરીશભાઈ તથા રેખાબેન વિગેરે (ફીનીક્ષ, યુ.એસ.એ.)**

(૪) **કોઠારી છગનલાલ પ્રેમાજી આહોરવાળા સુપુત્ર શ્રી ગુલાબચંદજી ભાઈ તથા કુમારપાલભાઈ આદિ પુત્ર-પૌત્ર-પ્રપૌત્ર વિગેરે પરિવાર (એટલન્ટા, યુ.એસ.એ.)**

(૫) **રમાબેન છોટાલાલ દફતરી પરિવાર તથા જયાબેન શાન્તિલાલ કામદાર પરિવાર (વેક્કો, યુ.એસ.એ.)**

(૬) ડોક્ટર સાહેબશ્રી નિખીલભાઈ તથા રૂપાબેન (કોલંબસ, યુ.એસ.એ.)

(૭) શ્રી કમલેશભાઇ તથા અવનીબેન-ઓર્લેન્ડો (U.S.A.)

(૮) ધીરુભાઇ શાહ તથા કીશોરીબેન શાહ-એલ. એ. (L.A.)

(૯) વર્ધમાનતપોનિધિ પ. પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયના પ. પૂ. આ. શ્રી વિજયકલ્પેન્દ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી શ્રી જીરાવલાપૂરમ્ તીર્થ-દસાડા

(૧૦) પ. પૂજ્ય આચાર્યદેવ શ્રી રામસૂરીશ્વરજી (ડહેલાવાળા)ના શિષ્યરત્ન પ. પૂજ્ય આચાર્યશ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સાહેબની આજ્ઞાવર્તિની પૂજ્ય સાધ્વીજી મ.સા. શ્રી પ્રિયદર્શનાશ્રીજી મ.સા.ની શુભ પ્રેરણાથી કતારગામ શ્રાવિકા ઉપાશ્રય'' સુરત

(૧૧) પ.પૂ.શાસનસમ્રાટ આચાર્યદેવ શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના સાધ્વીજી શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી-શશિપ્રભાશ્રીજીનાં શિષ્યા પૂ.સા. શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા.

(૧૨) પૂ.સૌમ્યપ્રભાશ્રીજી મ.સાહેબ શ્રી દેવી કમલ જૈન સ્વાધ્યાય મંદિર-ઓપેરા-પાલડી, અમદાવાદ.

(૧૩) પૂજ્ય પદ્મલતાશ્રીજી મ.સા. તથા તેમના શિષ્યા પૂ.સા. શ્રી પ્રિયદર્શિતાશ્રીજી મ.સા.ની શુભ પ્રેરણાથી મકનજી પાર્ક જૈન સંઘ

(૧૪) પૂજ્ય પ્રિયદર્શનાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂજ્ય સા.શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની શુભ પ્રેરણાથી રિવેરા જૈન સંઘ

(૧૫) પ. પૂ. સા. શ્રી અમિતગુણાશ્રીજી મ. સા.ના સદુપદેશથી સુવિધિનાથ બંગ્લોઝમાં આરાધના કરનાર બેનો તરફથી.

(૧૬) શ્રી સમી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ પંચઉ વહિવટ ટ્રસ્ટ-સમી

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

# આ વ કા ર

કમ્મપયડી-કર્મપ્રકૃતિના કર્તા આચાર્ય શ્રી શિવશર્મસૂરિજી પ્રાયઃ દસ પૂર્વધર હતા એવું માનવામાં આવે છે. પંદરસો - સોળસો વર્ષ પૂર્વે થયેલા આ મહાપુરુષ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમકાલીન કે પૂર્વકાલીન હોવાનું ઈતિહાસકારો માને છે

'કર્મપ્રકૃતિ'માં જે ગહન કર્મગ્રંથ સંબંધિ ચિંતન છે એ જોતાં ગ્રંથકારશ્રીની વિદ્વત્તા એમની બહુશ્રુતતા આગળ માથું ઝુકી જાય છે.

પ્રાચીન પાંચમો કર્મગ્રંથ 'શતક' પણ આચાર્ય શ્રી શિવશર્મસૂરિની જ રચના છે. કેટલાક વિદ્વાનો છઠ્ઠા કર્મગ્રંથની રચના પણ તેઓની જ માને છે.

(બીજા કેટલાક વિદ્વાનોના મતે છઠ્ઠો કર્મગ્રંથ 'સપ્તતિકા' શ્રી ચંદ્રમહર્ષિની રચના છે.)

વ્યાખ્યા સાહિત્ય :

ચૂર્ણિ : 'કર્મપ્રકૃતિ' ઉપર સર્વપ્રથમચૂર્ણિની રચના થઈ છે. ચૂર્ણિકાર શ્રી જિનદાસ ગણિ મહત્તર વિક્રમના છઠ્ઠા સૈકામાં થયા હોવાનું ઈતિહાસકારોનું માનવું છે. ૭૦૦૦ શ્લોકપ્રમાણ ચૂર્ણિ ઉપર ૧૯૨૦ શ્લોકપ્રમાણ ટીપ્પણ આચાર્ય મુનિચંદ્રસૂરિજીએ વિક્રમના બારમા શતકમાં રચ્યું છે.

કર્મપ્રકૃતિને વિશદતાથી સમજાવનાર પ્રારંભિક સાધન તરીકે ચૂર્ણિ ઘણી મહત્ત્વની વ્યાખ્યા છે.

૧૨મા સૈકામાં કર્મપ્રકૃતિ ઉપરની સંસ્કૃતમાં વિશદ વ્યાખ્યા રચનાર આચાર્ય શ્રી મલયગિરિસૂરિએ પોતે જે કંઈ કહ્યું છે એનો સંપૂર્ણ યશ ચૂર્ણિકારશ્રીને આપતાં જણાવ્યું છે કે, अयं गुणश्चूर्णिकृतः समग्रो यदस्मदादिर्वदतीह किञ्चित्

આચાર્ય શ્રી મલયગિરિસૂરિજી કૃત ટીકા :

આચાર્ય શ્રી મલયગિરિસૂરિજીનું સ્થાન ટીકાકારોમાં સૌથી શ્રેષ્ઠ છે. એમની વ્યાખ્યા સરળ, સુબોધ હોવાથી 'માના ધાવણ'ની ઉપમા એને અપાય છે. ૮૦૦૦ શ્લોકપ્રમાણ આ ટીકા થકી 'કર્મપ્રકૃતિ'ને સમજવાનું સુંદર સાધન બારમા સૈકામાં પ્રાપ્ત થયું.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત ટીકા :

૧૮ મા સૈકામાં ૧૩૦૦૦ શ્લોકપ્રમાણ વિશદ વ્યાખ્યા રચનાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરનું નામ શ્રીસંઘમાં જાણીતું છે. અનેક નાના-મોટાગ્રંથો તેઓશ્રીએ રચ્યા છે કાશી જઈને નવ્યન્યાય વગેરેનો અભ્યાસ કરનારા અને ગ્રંથ રચનામાં નવ્ય ન્યાયની શૈલીનો પ્રયોગ કરનારા તેઓશ્રી સૌથી પ્રથમ છે.

સામાન્ય રીતે આચાર્ય શ્રી મલયગિરિસૂરિજીની રચના થયા પછી બીજા કોઈને તે ગ્રંથ ઉપર કલમચલાવવાની જરૂર ન રહે. ઉપાધ્યાયજી મહારાજ પણ ટીકાના પ્રારંભમાં આ વાત કરતાં જણાવે છે કે, मलयगिरिगिरां या व्यक्तिरत्रास्ति तस्याः किमधिकमिति भक्तिर्मेऽधिगन्तुं न दत्ते ॥

'કર્મપ્રકૃતિ' ગ્રંથ ઉપરની આવી ભક્તિના કારણે રચના કરી છે. એવું પ્રારંભમાં ઉપાધ્યાયજી લખે છે અને અંતે જણાવે છે કે, प्राक्तनार्थलिखनाद्विन्वतो नेह कश्चिदधिको मम श्रमः वीतरागवचनानुरागतः पुष्टमेव सुकृतं तथाख्यतः ॥६ ॥

મને આ કાર્ય કરવામાં પરિશ્રમ જરા પણ નથી પડ્યો. કારણ કે

इह चूर्णिकृदध्वदर्शकोऽभून्मलयगिरिर्व्यतनोदकष्टकं तम्, इति तत्र पदप्रचारमात्राद् पथिकस्येव ममास्त्वभीष्टसिद्धिः ॥ ३ ॥ मंगलाचरण ॥

ટીકાકાર મહોપાધ્યાયજી પોતાની લઘુતા બતાવે છે અને બંન્ને પૂર્વ વ્યાખ્યાકારોને જ જશ આપે છે. છતાં તેઓની પ્રતિભાની છાંટ આ ટીકામાં સ્થળે - સ્થળે દેખાય છે. અનેક વિશિષ્ટ બાબતો તેઓએ ટીકામાં આપી છે.

'કર્મપ્રકૃતિ' ના કર્તા તરીકે ગ્રંથકારનો ઉલ્લેખ ચૂર્ણિકારશ્રીએ કે આચાર્ય મલયગિરિજીએ ક્યાંય કર્યો નથી. જ્યારે ઉપાધ્યાયજીએ સ્પષ્ટ ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે, इह हि भगवान् शिवशर्मसूरिः कर्मप्रकृत्याख्यं प्रकरणमारिप्सुर्ग्रंथादौ...

અને આ ગ્રંથ પૂર્વોદ્ધૃત પદાર્થોથી પવિત્ર છે એવા પણ જણાવતાં કહ્યું છે કે, इदं हि शास्त्रं श्रुतकेवलिस्फुटाधिगम्य पूर्वोद्धृतभावपावनम्



આમઅનેક કર્મગ્રંથ વિષયક રહસ્યનું ઉદ્દ્ઘાટન કરતી ઉપાધ્યાયજીની ટીકા અભ્યાસીઓ માટે શ્રેષ્ઠ સાધન છે.

ગૂર્જરાનુવાદ :

કર્મપ્રકૃતિ અને અન્ય વ્યાખ્યા આધારિત અનુવાદ પૂર્વે પ્રગટ થયા છે પણ ઉપાધ્યાયજી મહારાજની ટીકા આધારિત અનુવાદ પંડિતવર્ય શ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતાએ કર્યો છે. આ અનુવાદ અભ્યાસીઓને ઘણો જ સહાયક થશે. એ નિઃશંક છે.

પંડિતજી છ દસકા જેટલા દીર્ઘકાળથી અધ્યાપન કાર્ય કરાવતા રહ્યા છે. કમ્મપયડિનો અભ્યાસ સેંકડો સાધુ-સાધ્વીજીઓને કરાવ્યો છે એટલે વિદ્યાર્થીઓને કઠીનમાં કઠીન પદાર્થ સરળ-સુબોધ કરી સમજાવવાની હથોટી તેઓને પ્રાપ્ત થયેલ છે.

અભ્યાસીઓ ઉપાધ્યાયજી મ. ની ટીકાનું અધ્યયન વધુ ને વધુ કરે.

-આચાર્ય મુનિચન્દ્રસૂરિજી



# પ્રસ્તાવના

અનાદિ કાળથી સંસારી આ આત્મા કર્મોના બોજા નીચે ચાર ગતિરૂપ સંસારમાં ભટક્યા જ કરે છે. સર્વે પણ જીવો કર્મને પરવશ હોવાથી સુખ-દુઃખમય આ સંસારમાં ઉપર-નીચે ગમનાગમન કરે છે. તેમાંથી બચવા માટે કર્મતત્ત્વ અવશ્ય જાણવું જોઈએ.

કર્મનું પ્રાથમિક ઘણું વર્ણન છ કર્મગ્રંથોમાં મહાત્મા પરુષોએ કર્યું છે. પરંતુ તેનાથી વધારે સૂક્ષ્મ વર્ણન હાલ વર્તમાનકાળે કર્મ પ્રકૃતિમાંથી જાણવા મળે છે. ભૂતકાળમાં તો કર્મપ્રવાદ નામના પૂર્વમાંથી ઘણું ઘણું જાણવા મળતું હતું. પરંતુ કાળ પ્રભાવે પૂર્વો વિચ્છેદ જતાં હાલ આ શ્રુત જ આપણને ઘણા આધારરૂપ છે. માટે યોગ્ય અભ્યાસાર્થીએ આવા કઠીન ગ્રન્થોનો પણ અભ્યાસ કરવો અતિશય જરૂરી છે. તેમાં સહાયક થવાની ભાવનાથી જ આ ગુજરાતી વિવેચન લખવાને મારા વડે યત્કિંચિત્ આ પ્રયાસ કરાયો છે.

આત્મા અને પુદ્ગલ આ બન્ને પદાર્થો અનાદિકાળથી સંસારમાં છે અને પરસ્પર જોડાયેલા છે. સ્ત્રી-પુરુષના યુગલની જેમ આ બન્ને દ્રવ્યોનું પણ યુગલ જ બનેલું છે. પુદ્ગલ દ્રવ્યના સંયોગે આ જીવ દુઃખ અને ભૌતિક સુખ પામે છે. અને તે દુઃખ-સુખમાંથી મૂકાય પણ છે. આ બધો ઔદયિકભાવ છે. સુખ મળે તો પણ પર એવા કર્મના ઉદયના કારણે જ મળે છે. માટે સુખ મળે તો પણ પરાધીન જ છે. એટલે જ ઉત્તમ આત્માઓ આવા પરતંત્ર સુખને ન ઈચ્છતાં પોતાના આત્માના ગુણોના અનુભવરૂપ સ્વાભાવિક સુખની સદાકાળ ઈચ્છા રાખતા હોય છે કે જેમાં કોઈ ટેન્શન નહીં, કોઇ કાળે તે સુખ ચાલ્યું જાય નહીં.તથા કોઈ પર પદાર્થની જરૂરિયાત જ નહી.

પ્રગટ થયેલું ક્ષાયિકભાવનું સુખ ક્યારેય પણ જતું નથી. તે સુખ મેળવવા માટે અને તેવા સુખના પ્રતિબંધક એવા કર્મને કાઢવા માટે આઠ કરણનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

મિથ્યાત્વાદિ ચાર અથવા પ્રમાદ સાથે પાંચ બંધહેતુઓ વડે આત્માની સાથે જે કાર્મણવર્ગણા બંધાય છે અને આત્માને દુઃખ-સુખ આપવામાં કારણ બને છે તેને કર્મ કહેવાય છે. આ કર્મ પુદ્ગલદ્રવ્ય છે. સૂક્ષ્મ છે, ઈન્દ્રિયથી અગોચર છે. કર્મ એ જડ હોવા છતાં આત્મા ઉપર સામ્રાજ્ય જમાવે છે. માટે તેને દૂર કરવું જ જોઈએ. તે માટે તેનું પણ જ્ઞાન પ્રાપ્ત કરવું અતિશય આવશ્યક છે.

કર્મો કુલ ૮ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. તેના અનુક્રમે ૫+૯+૨+૨૮+૪+૧૦૩+૨+૫=કુલ ૧૫૮ ભેદો છે. તેનું વધારે વર્ણન છ કર્મગ્રંથોમાં આવે જ છે.

ડકર્મપ્રકૃતિ નામના ગ્રંથમાં આ બંધાયેલા કર્મોમાં બાંધ્યા પછી જે ઉથલ-પાથલ થાય છે. પરિવર્તન થાય છે તેમાં કારણભૂત વપરાતા વીર્યનું જ વધારે વર્ણન છે. કર્મના બંધમાં કારણભૂત જે વીર્ય તે બંધનકરણ, સંક્રમ થવામાં કારણભૂત જે વીર્ય તે સંક્રમણકરણ એમ કર્મોમાં થતા જુદાં જુદાં જે આઠ કાર્યો છે. તે કાર્યોમાં કારણભૂતપણે વપરાતું જે વીર્ય તે વીર્યને બંધનકરણ, સંક્રમણકરણ ઈત્યાદિ નામે વ્યવહાર થાય છે તેનું જ આ ગ્રંથમાં ઘણા જ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

કરણ કુલ-૮ (આઠ) છે. (૧) બંધનકરણ, (૨) સંક્રમણકરણ, (૩) ઉદ્વર્તનાકરણ, (૪) અપવર્તનાકરણ, (૫) ઉદીરણાકરણ, (૬) ઉપશમનાકરણ, (૭) નિદ્ધતિકરણ અને (૮) નિકાચનાકરણ. આ આઠ કરણોને સમજાવતો આ કર્મપ્રકૃતિ નામનો ગ્રંથ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી શિવશર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબે બનાવેલ છે.

આ ગ્રંથના હાર્દને સમજાવનારાં મુખ્યત્વે ત્રણ આલંબનો છે. (૧) પૂર્વાચાર્ય કૃત ચૂર્ણિ :- જે પ્રાપ્ત થાય છે. તે સૌથી પ્રથમ આલંબન છે. (૨) આ ગ્રંથ ઉપર પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી મલયગિરિજી મહારાજશ્રીએ બનાવેલી સરળ ભાષામય સંસ્કૃત ટીકા આ બીજું આલંબન છે. (૩) તથા પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વાચકવરે બનાવેલી સંસ્કૃત ટીકા આ ત્રીજું આલંબન છે. જો કે ગુજરાતી ભાષામાં થયેલાં ભાષાન્તરો વિગેરે તો ઘણાં આલંબનો છે. પરંતુ મહાત્મા પુરુષો વડે સંસ્કૃત-પ્રાકૃત આદિ ભાષામાં લખાયેલ ગ્રંથરૂપે તો મુખ્યત્વે આ ત્રણ આલંબનો હાલ મળે છે.

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાએ તથા તેમની પાસે અભ્યાસ કરતા મહાત્મા પુરુષોએ આ ત્રણે ટીકાની સાથે કર્મપ્રકૃતિ નામનો આ ગ્રંથ થોડાક વર્ષો પહેલાં પ્રકાશિત કર્યો છે. જે હાલ ભણવા-ભણાવવાના કામમાં મુખ્યત્વે આધારરૂપે લેવાય છે.

પૂજ્ય ચંદ્રર્ષિ મહત્તરાચાર્યે પણ પંચસંગ્રહ નામના ગ્રંથની સુંદર રચના કરી છે. તેના બીજા ભાગમાં આ જ કર્મપ્રકૃતિમાં આવતાં આઠ કરણોનું જ સુંદર વિવેચન કરેલું છે. પંચસંગ્રહની મૂળગાથાઓની રચના વધારે સરળ ભાષામાં છે. જ્યારે કમ્મપયડિની ગાથાઓની રચના કંઈક અંશે કઠીન રચનાવાળી છે. પરંતુ બન્નેમાં વિષય આઠ કરણો સમજાવવાનો એક જ છે. તેથી એક બીજા ગ્રંથો એક બીજાના પૂરક થાય છે.

હાલ વર્તમાનકાળે આ ગ્રંથો સુધીનું જ લગભગ જ્ઞાન પ્રવર્તે છે. કાળ પ્રભાવે ઘણું ઘણું જ્ઞાન નાશ પામી ગયું છે. હાલ છે તેને ભણનારા જીવોની સંખ્યા પણ ઘણી જ અલ્પ છે આપણે આશા રાખીએ કે પાંચમા આરાના છેડા સુધી આવા ગ્રંથો રચાતા રહે અને ભણાતા રહે.

આઠે કરણોમાં પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ એમ ચારે પ્રકારે વિષય સમજાવવામાં આવ્યો છે. આ ગ્રંથને સમજાવવામાં પૂજ્ય ગુરુજી શ્રી પુખરાજભાઈ અમીચંદભાઈએ કરેલ પંચસંગ્રહ બીજા ભાગનું વિવેચન ઘણું જ ઉપયોગી થાય તેમ છે. તો ખંતથી આવા મહાગ્રંથોનો અભ્યાસ કરવો જીવનમાં ઘણો જ જરૂરી છે.

કમ્મપયડિ ભણનારા જીવો દિન-પ્રતિદિન ઘટતા જાય છે. તેને ધ્યાનમાં રાખીને આ વિષયને શક્ય બને તેટલો સરળ બનાવવા અમે આ પ્રયત્ન કર્યો છે. પૂજ્ય યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત સંસ્કૃત ટીકાનો આધાર લઈને કમ્મપયડિના વિષયો ચાર ભાગમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

(૧) પ્રથમ ભાગમાં માત્ર બંધનકરણ સમજાવાશે.

(૨) બીજા ભાગમાં સંક્રમણ, ઉદ્વર્તના અને અપવર્તનાકરણ સમજાવાશે.

(૩) ત્રીજા ભાગમાં ઉદીરણા અને ઉપશમનાકરણ સમજાવાશે. તથા

(૪) ચોથા ભાગમાં નિદ્ધતિનિકાચના, ઉદય, સત્તા અને સ્પર્ધક વિગેરે બાકીના તમામ વિષયો સમજાવાશે.

અભ્યાસક વર્ગને મારી ખાસ વિનંતી છે કે ચિત્તને આ વિષયમાં બરાબર પરોવીને આ ગ્રંથ ભણજો. જો સાંગોપાંગ સંપૂર્ણ આ ગ્રંથ ભણશે અને સમજાશે તો તમને તથા તમારા દ્વારા શ્રી સંઘને ઘણો જ ઘણો લાભ થશે. કર્મગ્રંથના જ વિષયો છે. કમ્મપયડિ ભણવાથી અને ભણાવવાથી કર્મગ્રંથો વધારે ખીલે છે અને અભ્યાસ મજબૂત થાય છે.

આઠે આ કરણો એક પ્રકારનું જીવનું વીર્ય વિશેષ જ છે. વીર્ય એ કરણ છે અને બંધ સંક્રમ વિગેરે આઠ કાર્યો છે. તે આઠ કાર્યો માટે વપરાતા વીર્યનું જ આ વર્ણન છે.

પૂજ્ય શિવશર્મસૂરીશ્વરજી મહારાજશ્રી પૂર્વધર હતા. એટલે આ ગ્રંથ ઘણો જુનો છે. પ્રાકૃત ભાષામાં તેઓશ્રીએ રચ્યો છે.

હાલ વર્તમાનકાળે ભણાતી સંસ્કૃત ટીકાઓ પૂજ્ય શ્રી મલયગિરિજી મ.શ્રીની તથા ન્યાયવિશારદ પૂજ્ય શ્રી યશોવિજયજી મહારાજશ્રીની છે. તેથી પાછલી ટીકાનો આધાર લઈને આ ગુજરાતી વિવેચન તૈયાર કર્યું છે.

ચતુર્વિધ શ્રીસંઘને મારી ખાસ વિનંતી છે કે, શક્ય બને તેટલો વધારે સારો આ ગ્રંથનો અભ્યાસ કરજો અને કરાવજો. પરમાત્મા શ્રી મહારવીરસ્વામી ભગવંતે પ્રગટ કરેલા આ શ્રુતજ્ઞાનરૂપી દીપકમાં ચમચી ચમચી ઘી પૂરવારૂપે કાર્ય કરવાનું ચાલુ રાખજો. તો પાંચમા આરાના છેડા સુધી આ ગ્રંથો ચાલશે અને ઘણા ભવ્ય આત્માઓનું કલ્યાણ પણ થશે.

વિવેચન લખવામાં ઘણી કાળજી રાખી છે, છતાં છદ્મસ્થતાના કારણે કંઈપણ ભૂલચૂક થઈ હોય તો ચતુર્વિધ સંઘ સમક્ષ ક્ષમાયાચના કરું છું.

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ, સુરત - ૯

**ફોન : (૦૨૬૧) ૨૭૬૩૦૭૦**
**મો. : ૯૮૯૮૩ ૩૦૮૩૫**

# અમારા અન્ય પ્રકાશનો

૧. **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત :-** નવકારથી સામાઈય-વયજુત્તો સુધીનાં સૂત્રો ઉપર વિવેચન. નવતત્ત્વ, ચૌદ ગુણ-સ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૨. **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ :-** દેવસી-રાઈઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૩. **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા :-** પ્રૌઢ બહેનો અને ભાઈઓને ઉપયોગી એવા ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

૪. **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોષ :-** જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો, ધાર્મિક શબ્દકોશ.

૫. **યોગવિંશિકા :-** ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૬. **યોગશતક :-** સ્વોપજ્ઞટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૭. **યોગદૃષ્ટિ સમુચ્ચય :-** પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

૮. **પ્રથમકર્મગ્રન્થ (કર્મવિપાક) :-** સરળ ગુજરાતી વિવેચન.

૯. **દ્વિતીય કર્મગ્રન્થ (કર્મસ્તવ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૦. **તૃતીય કર્મગ્રન્થ (બંધસ્વામિત્વ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૧. **ચતુર્થ કર્મગ્રન્થ (ષડશીતિ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૨. **પંચમકર્મગ્રન્થ (શતક) :-** પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. કૃત સો ગાથાના શતક નામના પાંચમા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૩. **છઠ્ઠો કર્મગ્રન્થ (સપ્તતિકા) :-** છઠ્ઠા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૪. **તત્ત્વાર્થાધિગમસૂત્ર :-** સૂત્રોનું સરળ, રોચક સંક્ષિપ્ત વિવેચન.

૧૫. **સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય :-** ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

૧૬. **આઠ દૃષ્ટિની સજ્ઝાય :-** પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

૧૭. **સવાસો ગાથાનું સ્તવન :-** પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ વિવેચન સાથે.

૧૮. **નવસ્મરણ :-** મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઈંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઈંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

૧૯. **પૂજા સંગ્રહ સાર્થ :-** પંચકલ્યાણક, અંતરાયકર્મ નિવારણ, પિસ્તાલીસ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

૨૦. **સ્નાત્રપૂજા સાર્થ :-** પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સાથે.

૨૧. **શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રત :-** વિવેચન સહ.

૨૨. **શ્રી વાસ્તુપૂજા સાર્થ :-** પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી કૃત વાસ્તુપૂજાનું સુંદર-સરળ તથા જૈન વિધિ સહ ગુજરાતી ભાષાંતર.

૨૩. **રત્નાકરાવતારિકા(ભાગ-૧) :-** પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નાપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

૨૪. **રત્નાકરાવતારિકા (ભાગ-૨) :-** પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

૨૫. **રત્નાકરાવતારિકા (ભાગ-૩) :-** પૂ. રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન. (પરિચ્છેદ ૬-૭-૮)

૨૬. **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ :-** પૂ. ઉ. શ્રીયશોવિ. મ. કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામ પંક્તિઓના વિવેચન અર્થ સાથે.

૨૭. **અઢાર પાપસ્થાનકની સજ્ઝાય :-** અર્થ વિવેચન સાથે.

**૨૮. સમ્મતિ પ્રકરણ :-** પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે ગુજરાતી વિવેચન.

**૨૯. ગણધરવાદ :-** પરમારાધ્ય સિદ્ધાન્તપાક્ષિક પૂજ્યપાદ આચાર્ય શ્રી જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજી વિરચિત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત શ્રી મલધારી હેમચંદ્રાચાર્યજી વિરચિત ટીકાના અનુવાદ રૂપે ''ગણધરવાદ''.

**૩૦. જ્ઞાનસાર અષ્ટક તથા જ્ઞાનમંજરી :-** દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત જ્ઞાનમંજરી ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

**૩૧. અમૃતવેલની સજ્ઝાય :-** અર્થ સભર સુંદર ગુજરાતી વિવેચન.

**૩૨. યોગસાર :-** પાંચ પ્રસ્તાવ ઉપર અર્થ સભર સુંદર-ભાવવાહી ગુજરાતી વિસ્તૃત વિવેચન છે.

**૩૩. શ્રી દેવચંદ્રજી મ. કૃત સ્તવન ચોવીશી (ભાગ : ૧-૨)** : પ્રથમ ભાગમાં ૧થી ૧૨ ભગવાનના સ્તવનોના ગુજરાતીમાં ભાવવાહી સુંદર અર્થો તેમજ ભાગ ૨માં ૧૩થી૨૪ ભગવાનના સ્તવનોના ગુજરાતી ભાષામાં સુંદર અર્થો લખેલા છે.

**૩૪. કર્મપ્રકૃતિ (ભાગ-૧) :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. **(બંધનકરણ)**

**૩૫. કમ્મપયડી (ભાગ-૨) :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. **(સંક્રમણકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ)**

**૩૬. કમ્મપયડી (ભાગ-૩) :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. **(ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિદ્ધતિકરણ, નિકાચનાકરણ)**

**૩૭. કમ્મપયડી (ભાગ-૪) :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન.( **ઉદયાધિકાર, સત્તાધિકા તથા શેષવિષય)**

**૩૮. નિહ્નવવાદ :-** પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનભદ્રગણિકૃત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત ભગવાન મહાવીર પ્રભુની વાત ન સ્વીકારનારા નિહ્નવોની માન્યતા તથા ચર્ચા.

**૪૦. અધ્યાત્મ ગીતા :-** પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત અધ્યાત્મરસથી ભરેલી ગીતા.

**૪૧. પુદ્ગલ ગીતા :-** પૂ.શ્રી. ચિદાનંદજી મહારાજ કૃત (ગુજરાતી અર્થ વિવેચન સાથે).

**૪૨. તીર્થમાલા:-** સુઈગામ થઈને ગયેલો અને પાછા વળતાં પણ સુઈગામ આવેલો ૩૦૦ વર્ષ પૂર્વે નીકળેલો શ્રી છ'રિ પાલિત સંઘ. તેનું ગુજરાતીમાં સુંદર અને રોચક વર્ણન.

# અનુક્રમણિકા


| | વિષય | ગાથા નંબર | પાના નંબર |
|---|---|---|---|
| ૧. | ઉદીરણાનું લક્ષણ અને ભેદો | ૧ | ૧ |
| ૨. | મૂલ પ્રકૃતિવિષયક ઉદીરણાનું સ્વામિત્વ | ૨-૪ | ૨-૬ |
| ૩. | ઉત્તર પ્રકૃતિવિષયક ઉદીરણાનું સ્વામિત્વ | ૫-૨૧ | ૭-૨૬ |
| ૪. | પ્રકૃતિનાં ઉદીરણાસ્થાનોનું વર્ણન | ૨૨-૨૪ | ૨૭-૩૬ |
| ૫. | નામકર્મનાં ઉદીરણાસ્થાનોનું વર્ણન | ૨૫-૨૭ | ૩૬-૫૮ |
| ૬. | ચાર ગતિ આશ્રયી ઉદીરણાસ્થાનોનું વર્ણન | ૨૮ | ૫૯ |
| ૭. | સ્થિતિ ઉદીરણાનું વર્ણન-ભેદ તથા લક્ષણ | ૨૯ | ૬૦-૬૨ |
| ૮. | મૂલ પ્રકૃતિ વિષયક સ્થિતિ ઉદીરણાના સાદ્યાદિ ભાંગાની પ્રરૂરણા | ૩૦ | ૬૩-૬૪ |
| ૯. | ઉત્તર પ્રકૃતિ વિષયક સ્થિતિ ઉદીરણાના સાદ્યાદિ ભાંગાની પ્રરૂરણા | ૩૧ | ૬૫-૬૬ |
| ૧૦. | અધ્ધાચ્છેદ તથા ઉત્કૃષ્ટ ઉદીરણાના સ્વામિત્વનું પ્રતિપાદન | ૩૨-૩૪ | ૬૬-૭૩ |
| ૧૧. | જઘન્ય ઉદીરણાના સ્વામિત્વનું પ્રતિપાદન | ૩૪-૪૨ | ૭૪-૮૪ |
| ૧૨. | અનુભાગ ઉદીરણાનું વર્ણન | ૪૩-૪૭ | ૮૪-૯૦ |
| ૧૩. | અનુભાગ ઉદીરણામાં વિપાક અને પ્રત્યયની પ્રરૂપણા | ૪૮-૫૩ | ૯૧-૧૦૦ |
| ૧૪. | અનુભાગ ઉદીરણામાં સાદ્યાદિની પ્રરૂપણા | ૫૪-૫૭ | ૧૦૧-૧૦૬ |
| ૧૫. | ઉત્કૃષ્ટ ઉદીરણાનું સ્વામિત્વ | ૫૮-૬૮ | ૧૦૬-૧૧૫ |
| ૧૬. | જઘન્ય ઉદીરણાનું સ્વામિત્વ | ૬૯-૭૯ | ૧૧૬-૧૩૦ |
| ૧૭. | પ્રદેશ ઉદીરણામાં સાદ્યાદિની પ્રરૂપણા | ૮૦-૮૧ | ૧૩૧-૧૩૪ |
| ૧૮. | ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનું સ્વામિત્વ | ૮૨-૮૭ | ૧૩૫-૧૪૧ |
| ૧૯. | જઘન્ય પ્રદેશોદીરણાનું સ્વામિત્વ | ૮૮-૮૯ | ૧૪૧-૧૪૪ |

| વિષય | ગાથા નંબર | પાના નંબર |
|---|---|---|


## ઉપશમનાકરણ


| | | |
|---|---|---|
| ૧. સમ્યક્ત્વ ઉત્પાદ પ્રરૂપણા | ૧-૨૩ | ૧૪૫-૧૭૨ |
| ૨. સમ્યગ્દૃષ્ટિ જીવનું સ્વરૂપ | ૨૪ | ૧૭૨-૧૭૩ |
| ૩. મિથ્યાદૃષ્ટિ જીવનું સ્વરૂપ | ૨૫ | ૧૭૪ |
| ૪. મિશ્રદૃષ્ટિ જીવનું સ્વરૂપ | ૨૬ | ૧૭૫ |
| ૫. ચારિત્ર મોહનીયની ઉપશમનાનું વર્ણન | ૨૭-૩૧ | ૧૭૬-૧૮૫ |
| ૬. અનંતાનુબંધિ કષાયની વિસંયોજના દર્શનમોહનીયની ક્ષપણાનું વર્ણન | ૩૨ | ૧૮૫-૧૯૧ |
| ૭. દર્શનમોહનીયની ઉપશમના | ૩૩ | ૧૯૨ |
| ૮. ચારિત્રમોહનીયની ઉપશમના | ૩૪-૪૪ | ૧૯૩-૨૦૭ |
| ૯. નપુંસકવેદની ઉપશમના | ૪૪ | ૨૦૭-૨૦૮ |
| ૧૦. સ્ત્રીવેદની ઉપશમના | ૪૫ | ૨૦૯ |
| ૧૧. હાસ્યાદિ ષટ્કની ઉપશમના | ૪૬ | ૨૧૦ |
| ૧૨. પુરુષવેદ અને સંજ્વલન ક્રોધાદિ કષાયોની ઉપશમના | ૪૭-૫૪ | ૨૧૧-૨૨૫ |
| ૧૩. ઉપશાન્તમોહ ગુણસ્થાનકે જીવનું સ્વરૂપ | ૫૫-૫૬ | ૨૨૬-૨૨૭ |
| ૧૪. ઉપશમશ્રેણિથી પતન | ૫૭-૬૫ | ૨૨૮-૨૪૦ |
| ૧૫. દેશોપશમનાનું વર્ણન | ૬૬-૭૪ | ૨૪૧-૨૫૧ |




॥ ॐ ह्रीँ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

॥ श्री सरस्वत्यै नमः ॥

॥ महोपाध्यायश्री श्रीकल्याणविजयजीगणि शिष्यगणपण्डित
श्री लाभविजयगणि शिष्यशिरोमणि पण्डित श्रीनयविजयजी गुरुभ्यो नमः ॥

न्यायविशारद-न्यायाचार्य-महोपाध्यायश्री
यशोविजयविरचित टीका-उपेता
पूज्य श्री शिवशर्मसूरिजी कृता

# कर्मप्रकृतिः( उदीरणाकरणम् )

આ પ્રમાણે ઉદ્વર્તના અને અપવર્તના કરણ કહ્યાં, હવે ઉદ્દેશના ક્રમે આવેલું ઉદીરણાકરણ કહેવાનું છે સમજાવવાનું છે. ત્યાં નીચે મુજબ અર્થાધિકારો (દ્વારો) છે. (૧) લક્ષણ, (૨) ભેદ, (૩) સાદિ-અનાદિની પ્રરૂપણા, (૪) સ્વામિત્વ, (૫) ઉદીરણાનાં પ્રકૃતિ સ્થાનો તથા (૬) ઉદીરણાનું સ્વામિત્વ.

ત્યાં સૌથી પ્રથમ લક્ષણ અને ભેદ આ બન્ને દ્વારની પ્રરૂપણા કરતા ગ્રંથકારશ્રી કહે છે કે :-

**जं करणेणोकड्ढिय, उदए दिज्जइ उदीरणा एसा ।**
**पगइठिइअणुभागप्पएसमूलुत्तर विभागा ॥१॥**

**ગાથાર્થ :** જે વીર્ય વિશેષાત્મક કરણ વડે કર્મદલિકોને ખેંચીને ઉદયમાં લવાય તે ઉદીરણા કહેવાય છે. તેના પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ અને પ્રદેશ એમ ચાર ભેદ તથા મૂલ પ્રકૃતિ વિષયક અને ઉત્તર પ્રકૃતિ વિષયક એમ બે ભેદ જાણવા. ॥૧॥

**વિવેચન :** હવે પાંચમા ઉદીરણા કરણને સમજાવવાનો ગ્રંથકારશ્રી પ્રારંભ કરે છે. જે કર્મનો ઉદય ચાલતો હોય તેની જ ઉદીરણા થાય છે. જે કર્મોની સ્થિતિ સત્તાગત છે. પરંતુ હજુ જે સ્થિતિ સત્તાનો ઉદયકાલ પાક્યો નથી. તેવી સ્થિતિમાંથી કર્મદલિકોને ઉચકીને ઉદય સમયમાં લવાય, ઉદયરૂપે ભોગવાય તેને ઉદીરણા કહેવાય છે. અપ્રાપ્ત ઉદય કાલવાળા કર્મદલિકોને ઉદયકાલ પ્રાપ્ત દલિકોની સાથે ભોગવવું તેનું નામ ઉદીરણા જાણવી.

આ ગાથામાં પૂર્વ અર્ધ ગાથા વડે ઉદીરણાનું લક્ષણ જણાવ્યું છે અને પાછલા અર્ધ ભાગ વડે ઉદીરણાના ભેદ-પ્રભેદો સમજાવ્યા છે. ત્યાં કાર્મણ વર્ગણાના પરમાણુ આત્મક જે કર્મદલિકો ઉદયાવલિકાથી બહારની સ્થિતિમાં રહેલાં છે. તે કર્મદલિકોને કષાય સહિત અથવા કષાય રહિત એવા યોગસંજ્ઞાવાળા વીર્યવિશેષ રૂપ કરણ વડે ખેંચીને ઉદયાવલિકામાં લવાય, ઉદયમાં પ્રક્ષેપ કરાય તેને ઉદીરણા કહેવાય છે.

આ જે ઉદીરણા છે તે ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે :- પ્રકૃત્યુદીરણા, સ્થિત્યુદીરણા, અનુભાગોદીરણા તથા પ્રદેશોદીરણા, વળી આ ચારે પ્રકારની જે ઉદીરણા છે તે મૂલપ્રકૃતિવિષયક અને ઉત્તરપ્રકૃતિવિષયક એમ બે બે પ્રકારની છે. ત્યાં જે મૂલપ્રકૃતિ વિષયક ઉદીરણા અને ઉત્તરપ્રકૃતિવિષયક ઉદીરણા છે, તે બન્નેમાં જે મૂલપ્રકૃતિવિષયક ઉદીરણા છે તે આઠ ભેદવાળી છે અને જે ઉત્તરપ્રકૃતિવિષયક ઉદીરણા છે તે એકસોહ અઠ્ઠાવન ભેદવાળી છે તે પ્રમાણે જ ગ્રંથકારશ્રીએ આ ગાથાના ઉત્તરાર્ધમાં પણ કહ્યું છે કે :-

પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ તથા પ્રદેશ અને મૂલ વિભાગ તથા ઉત્તર વિભાગ દ્વારા આ ઉદીરણા જાણવા જેવી છે. સારાંશ કે પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ અને પ્રદેશ વડે તથા મૂલભેદ અને ઉત્તરભેદ વડે કરીને વિભાગ છે જે ઉદીરણાનો તે ઉદીરણા પણ તથા = તેવા ભેદવાળી છે.

જો કે આ ઉદીરણા ઉદયને જ અનુસરનારી છે. આ કારણથી જ કર્મસ્તવ નામના બીજા કર્મગ્રંથની ટીકામાં ઉદય સમાન હોવાના કારણે જ કર્મપ્રકૃતિઓની સંખ્યા ઉદીરણામાં (૧૨૨) એકસોહ બાવીશ કહેલી છે. તો પણ અહીં (૧૫૮) એકસોહ અઠ્ઠાવન લેવાશે. તથા તે પ્રમાણે જ સમજાવાશે. ત્યાં બન્ધન-સંઘાતન આદિની જુદી વિવક્ષા કરી નથી. જ્યારે અહીં તેની પૃથગ્ વિવક્ષા કરેલી છે માટે કોઈ દોષ ન જાણવો. આ પ્રમાણે પહેલી ગાથાનો અર્થ સમજાવ્યો. ॥૧॥

***અવતરણ :- તે આ પ્રમાણે ઉદીરણાનું લક્ષણ તથા ભેદ કહ્યો. હવે સાદ્યાદિની પ્રરૂપણા કરાય છે. તે બે પ્રકારે છે. મૂલપ્રકૃતિના અને ઉત્તરપ્રકૃતિના વિષયના ભેદથી, ત્યાં સૌથી પ્રથમ મૂલપ્રકૃતિવિષયક તે સાદ્યાદિ પ્રરૂપણા સમજાવે છે :-***

**मूलपगईसु पंचणह, तिहा दोण्हं चउव्विहा होइ ।**
**आउस्स साइ अधुवा, दसुत्तर सउत्तरासिं पि ॥ २ ॥**

**ગાથાર્થ :-** મૂલકર્મોમાં પાંચ કર્મોની ઉદીરણા ત્રણ પ્રકારે છે. બે કર્મની ઉદીરણા ચાર પ્રકારે છે અને આયુષ્યકર્મની ઉદીરણા સાદિ અને અધ્રુવ છે. તથા ઉત્તરપ્રકૃતિઓમાં (૧૧૦) એકસોદશ અને દશ કર્મપ્રકૃતિઓની ઉદીરણા પણ સાદિ-અધ્રુવ છે. ॥૨॥

**વિવેચન :-** મૂલ કર્મપ્રકૃતિઓમાં જે આઠ કર્મ છે. તેમાંથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાયકર્મ તથા નામકર્મ અને ગોત્રકર્મ એમ કુલ પાંચ કર્મોની ઉદીરણા ત્રણ પ્રકારની જાણવી. તે આ પ્રમાણે :- અનાદિ ધ્રુવ અને અધ્રુવ. (સાદિપણું સંભવતું નથી.)

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તથા અંતરાયકર્મ આ ત્રણ મૂલકર્મોની ક્ષીણમોહ ગુણસ્થાનકની સમયાધિક એક આવલિકા બાકી હોય ત્યાં સુધી અનાદિકાળથી ઉદય હોવાથી ઉદીરણા ચાલુ જ છે એટલે તે ત્રણ મૂલકર્મોની ઉદીરણા અવશ્યંભાવી છે. તે માટે આ ત્રણ કર્મોની ઉદીરણા અનાદિ છે.

તથા નામકર્મ અને ગોત્રકર્મની ઉદીરણા સર્વ જીવોને સયોગિ કેવલિ ગુણસ્થાનકના ચરમ સમય સુધી સદાકાલ ઉદય હોવાથી ઉદીરણા અવશ્ય સંભવે છે. તે માટે નામ-ગોત્ર કર્મની ઉદીરણા પણ અનાદિકાળથી સર્વ જીવોને છે. આ રીતે ત્રણ કર્મોની બારમા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી રહે ત્યાં સુધી અને નામ-ગોત્રકર્મની તેરમાના ચરમ સમય સુધી સર્વ જીવોને અવશ્ય ઉદીરણા હોય છે. તે માટે અનાદિ તથા અભવ્ય અને ભવ્યને આશ્રયી ધ્રુવ તથા અધ્રુવ ઉદીરણા છે. ભવ્યોને અધ્રુવ અને અભવ્યોને ધ્રુવ આ પ્રમાણે પાંચ કર્મોની ઉદીરણા ત્રણ પ્રકારની હોય છે.

તથા વેદનીયકર્મ અને મોહનીયકર્મ આ બે કર્મોની ઉદીરણા સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારની છે. ત્યાં વેદનીય કર્મની ઉદીરણા યાવત્ પ્રમત્ત ગુણસ્થાનક સુધી જાણવી. તેનાથી આગળ અપ્રમત્તાદિ ગુણસ્થાનકે વેદનીયકર્મની ઉદીરણા થતી નથી તથા મોહનીય કર્મની ઉદીરણા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધી હોય છે. તેનાથી આગળ ઉદય ન હોવાથી ઉદીરણા હોતી નથી.

તે કારણથી અપ્રમત્તાદિ ગુણસ્થાનકેથી નીચે ઉતરતાં વેદનીય કર્મની અને ઉપશાન્ત મોહ ગુણસ્થાનકેથી નીચે ગબડતાં મોહનીયકર્મનો ઉદય થવાથી ઉદીરણા શરૂ થાય છે. ત્યારે ઉદીરણાની સાદિ થઈ કહેવાય છે. તે તે ગુણસ્થાનકને (અપ્રમત્તાદિ અને ઉપશાન્ત મોહને) ન પામેલા જીવોને આ બન્ને કર્મોની ઉદીરણા સદા ચાલુ હોવાથી અનાદિ તથા ધ્રુવ અને અધ્રુવ પૂર્વે કહ્યું તે પ્રમાણે અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ આમ વેદનીય અને મોહનીય કર્મની ઉદીરણા ચાર પ્રકારે છે.

તથા આયુષ્યકર્મની ઉદીરણા સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. તે આ પ્રમાણે છે. સર્વે પણ જીવોને પોત પોતાના ભવની જ્યારે છેલ્લી આવલિકા આવે છે ત્યારે નિયમા ઉદીરણા હોતી નથી. કારણ કે આયુષ્ય કર્મ આવલિકા માત્ર જ રહ્યું છે. ત્યારે આયુષ્યકર્મની ઉદીરણા થતી નથી. તે માટે અધ્રુવ, અને મૃત્યુ બાદ બીજા ભવના પ્રથમ સમયે જ નવા ભવનું આયુષ્ય ઉદયમાં શરૂ થતાં જ આવલિકા પછીના દલિકોની ઉદીરણા ચાલુ થાય છે. તે માટે ત્યાં આયુષ્યકર્મની ઉદીરણાની સાદિ આ પ્રમાણે પાંચ કર્મોની ઉદીરણા ત્રણ પ્રકારે, બે કર્મોની ઉદીરણા ચાર પ્રકારે અને આયુષ્યકર્મની ઉદીરણા બે પ્રકારે હોય છે.

આ મૂલ કર્મપ્રકૃતિ વિષયક ઉદીરણામાં સાદ્યાદિની પ્રરૂપણા કરી. હવે તે જ વિષય ઉત્તરપ્રકૃતિઓમાં સમજાવે છે :- ઉત્તરપ્રકૃતિઓમાં પણ (૧૧૦) એકસોહ દશ ઉત્તરપ્રકૃતિઓમાં ઉદીરણા સાદિ અને અધ્રુવ જ જાણવી.

જ્ઞાનાવરણીયે પાંચ, દર્શનાવરણીયે ચાર, મિથ્યાત્વમોહે, તૈજસસપ્તક, વર્ણાદિ વીસભેદો, સ્થિરે-અસ્થિરે, શુભે અને અશુભ, અગુરુલઘુ, નિર્માણ અને અંતરાય પંચક રૂપ (૪૮) અડતાલીસ પ્રકૃતિઓ કે જે ધ્રુવોદયી છે. તેને છોડીને શેષ સર્વ કર્મપ્રકૃતિઓ (૧૧૦) એકસોહ અને દસ કર્મોની ઉદીરણા સાદિ-અધ્રુવ છે. તે સર્વેનો અધ્રુવ જ ઉદય હોવાથી ઉદીરણા પણ સાદિ-અધ્રુવ જ છે. જ્યારે સત્તા હોય અને સાથે ઉદય હોય તો ઉદીરણા ચાલે અન્યથા ઉદીરણા ન ચાલે માટે (૧૧૦) કર્મપ્રકૃતિઓની ઉદીરણા સાદિ-અધ્રુવ સમજવી.॥૨॥

*અવતરણ :- હવે બાકી રહેલ (૪૮) અડતાલીસ ધ્રુવોદયી પ્રકૃતિઓની ઉદીરણા સમજાવે છે :-*

**मिच्छत्तस्स चउद्धा, तिहा य आवरणविग्घचोद्दसगे ।**
**थिरशुभसेयरउवघायवज्ज धुवबंधिणामे य ॥ ३ ॥**

**ગાથાર્થ :-** મિથ્યાત્વમોહની ઉદીરણા ચાર પ્રકારે, તથા આવરણ અને અંતરાય મળીને ચૌદ કર્મપ્રકૃતિઓ તથા સ્થિર શુભ અને તેની પ્રતિપક્ષી (અસ્થિર-અશુભ), એમ ચાર, તથા ઉપઘાત વિનાની નામકર્મની ધ્રુવબંધી (૩૩) એમ કુલ ૪૭ કર્મપ્રકૃતિઓની ઉદીરણા ત્રણ પ્રકારે હોય છે. ॥૩॥

**વિવેચન :-** મિથ્યાત્વમોહની ઉદીરણા ચાર પ્રકારે છે તે આ પ્રમાણે સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ. સમ્યક્ત્વ ગુણની પ્રાપ્તિ થયે છતે મિથ્યાત્વમોહનો ઉદય ન રહેવાથી ઉદીરણા પણ સંભવતી નથી. ત્યાંથી એટલે કે સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે આવતાં મિથ્યાત્વમોહનો ઉદય શરૂ થતાં જ ઉદીરણા પણ શરૂ થાય છે. ત્યારે મિથ્યાત્વમોહની ઉદીરણાની સાદિ, જે

જીવો સમ્યક્ત્વ પામ્યા નથી. તેને આ ઉદીરણા અનાદિ, અભવ્ય જીવોને આ ઉદીરણા ધ્રુવ અને ભવ્ય જીવોને આ ઉદીરણા અધ્રુવ આમ મિથ્યાત્વમોહની ઉદીરણા ચાર પ્રકારે છે.

તથા જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર અને અંતરાયકર્મની પાંચ એમ કુલ (૧૪) ચૌદ કર્મપ્રકૃતિઓની ઉદીરણા ત્રણ પ્રકારની છે. અનાદિ-ધ્રુવ અને અધ્રુવ તે આ પ્રમાણે જાણવી.

આ ચૌદે પ્રકૃતિઓ ધ્રુવોદયી હોવાથી સર્વે પણ જીવોને અનાદિકાળથી ઉદય છે જ, તેથી ઉદીરણા પણ છે જ, માટે આ ચૌદની ઉદીરણા અનાદિ, અભવ્ય જીવોને આશ્રયી આ ઉદીરણા ધ્રુવ તથા ભવ્ય જીવોને આશ્રયી આ ઉદીરણા અધ્રુવ, કારણ કે ક્ષીણમોહ ગુણસ્થાનકની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યારે તેની ઉદીરણાનો વિચ્છેદ થવાનો છે તે માટે ત્યાં ઉદીરણા અટકી જતી હોવાથી અધ્રુવ.

તથા સ્થિર અને શુભ આ બન્ને સેતર એટલે કે પ્રતિપક્ષી સહિત અર્થાત્ અસ્થિર-અશુભ સાથે કુલ ચાર,

**પ્રશ્ન :-** મૂલગાથામાં थिरसुभसेयर જે પદ છે. તેમાં थिर-सुभ આ પદ વિશેષ્ય છે અને सेयर આ પદ વિશેષણ છે. તો વિશેષણ સદા વિશેષ્યની પૂર્વે જ આવવું જોઈએ. તેને બદલે परनिपात = પાછળ કથન કેમ કર્યું છે ? सेयर પદ આગળ લખવું જોઈએ ?

**ઉત્તર :-** તમારો પ્રશ્ન સાચો છે. વિશેષણનો હંમેશાં પૂર્વનિપાત હોય છે તો પણ તે સ્થિર અને શુભ આ બન્નેપદનું જે सेयर આવું વિશેષણવાચી પદ છે. તેનો જે પરનિપાત કર્યો છે તે આર્ષ હોવાથી (ઋષિમુનિઓની આવી ભાષા હોવાથી) આમ કર્યું છે એમ જાણવું. આ પ્રમાણે સ્થિર-શુભ અને પ્રતિપક્ષી અસ્થિર-અશુભ આ પ્રમાણે ૪ આ પ્રકૃતિઓ તથા ઉપઘાતનામકર્મ એમ કુલ પાંચ વિનાની શેષ બધી જ નામકર્મની ધ્રુવબંધી પ્રકૃતિઓ = તૈજસ સપ્તક, અગુરુલઘુ, વર્ણાદિ વિંશતિ (૨૦), અને નિર્માણ નામકર્મ પ્રમાણે ૪ + ૭ + ૧ + ૨૦ + ૧ = ૩૩ કુલ તેત્રીસ ઉત્તર કર્મપ્રકૃતિઓ એમ આં તેત્રીસ ઉત્તર કર્મપ્રકૃતિઓની પણ ઉદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ જાણવી.

આ તેત્રીસે પ્રકૃતિઓ ધ્રુવોદયી હોવાથી સદાકાલ ઉદય છે માટે ઉદીરણા પણ સદા કાલ છે જ. તેથી અનાદિ, અભવ્ય જીવોને આશ્રયી ધ્રુવ ઉદીરણા અને ભવ્ય જીવોને આશ્રયી અધ્રુવ ઉદીરણા. કારણ કે ભવ્યજીવોને જ્યારે સંયોગિકેવલિગુણસ્થાનક આવશે ત્યારે તેના ચરમ સમયે આ ૩૩ની ઉદીરણાનો વિચ્છેદ થશે જ. આ પ્રમાણે (૧૪ + ૩૩ = ૪૭) સુડતાલીસના સાદ્યાદિભાંગા જાણવા. ॥૩॥

*અવતરણ :- તે આ પ્રમાણે ઉદીરણામાં સાદિ-અનાદિની પ્રરૂપણા કરી, હવે સ્વામિત્વની પ્રરૂપણા કરવા જેવી છે ત્યાં મૂલકર્મ પ્રકૃતિઓની ઉદીરણાનું સ્વામિત્વ હવે કહે છે :-*

**घाईणं छउमत्था, उदीरणा रागिणो अ मोहस्स ।**
**तइआउण पमत्ता, जोगंता उ त्ति दोण्हं च ॥ ४ ॥**

**ગાથાર્થ :-** ઘાતી કર્મોની ઉદીરણાના સ્વામી છદ્મસ્થ જીવો જાણવા તથા મોહનીયકર્મની ઉદીરણાના સ્વામી રાગી જીવો અર્થાત્ સૂક્ષ્મ સંપરાય સુધીના જીવો જાણવા. ત્રીજા વેદનીય કર્મના અને આયુષ્ય કર્મના ઉદીરણાના સ્વામી જીવો પ્રમત્ત સુધીના જાણવા અને છેલ્લા બે કર્મો નામકર્મ અને ગોત્રકર્મની ઉદીરણાના સ્વામી જીવો સંયોગીકેવલી ગુણસ્થાનક સુધીના જીવો જાણવા. ॥૪॥

**વિવેચન :-** જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય કર્મ એમ કુલ ત્રણ મૂલકર્મની ઉદીરણાના સ્વામી અર્થાત્ ઉદીરક જીવો ક્ષીણમોહગુણસ્થાનક સુધીના જીવો જાણવા. કારણ કે ત્યાં સુધી આ પ્રકૃતિઓ ધ્રુવોદયી છે. ઉદય અવશ્ય હોવાથી ઉદીરણા પણ અવશ્ય હોય જ છે.

મોહનીયકર્મની ઉદીરણાના સ્વામી રાગી જીવો એટલે કે મોહના ઉદયવાળા જીવો જાણવા ત્યાં બાદર લોભવાળા જીવો સુધી એટલે કે અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનક સુધીના તમામ જીવો તથા સૂક્ષ્મ લોભ માટે સૂક્ષ્મસંપરાયવાળા જીવો ઉદીરણાના સ્વામી જાણવા.

ત્રીજુ મૂલકર્મ એટલે કે વેદનીય કર્મ, તથા આયુષ્ય કર્મ આ બન્ને કર્મોની ઉદીરણાના સ્વામી પ્રમત્તજીવો એટલે કે પ્રમત્ત સંયત ગુણસ્થાનક વર્તી જીવો સુધીના તમામ જીવો ઉદીરક જાણવા. ફક્ત એટલો અપવાદ સ્વયં સમજી લેવો કે સર્વે પણ જીવોને મૃત્યુની અન્તિમ આવલિકામાં આયુષ્યકર્મ આવલિકા માત્ર હોવાથી ઉદીરણા સંભવતી નથી માટે ભવની છેલ્લી આવલિકામાં ઉદીરક ન જાણવા.

તથા નામકર્મ અને ગોત્રકર્મ એમ મૂળ બે કર્મોની ઉદીરણાના સ્વામી સંયોગી કેવલી ગુણસ્થાનક સુધીના સર્વે પણ જીવો ઉદીરક જાણવા. મૂળગાથામાં ચોથા પદમાં જે इति શબ્દ છે તે ભિન્ન ક્રમવાચી છે અને ગાથાના અન્તે જોડવાનો છે. इति = આ પ્રમાણે મૂળકર્મોની ઉદીરણાના સ્વામી કહ્યા. એમ મૂલકર્મોની ઉદીરણાના કથનની સમાપ્તિ સૂચક આ इति શબ્દ છે. ॥૪॥

*અવતરણ :- તે આ પ્રમાણે મૂલપ્રકૃતિની ઉદીરણાનું સ્વામિત્વ કહ્યું. હવે ઉત્તર પ્રકૃતિઓની ઉદીરણાનું સ્વામિત્વ કહેવાય છે.*

**विग्घावरणधुवाणं, छउमत्था जोगिणो उ धुवगाणं ।**
**उवघायस्स तणुत्था, तणुकिट्टीणं तणुगरागा ॥ ५ ॥**

**ગાથાર્થ :-** અંતરાય કર્મ પાંચ, ધ્રુવ આવરણ નવ, એમ કુલ (૧૪) ચૌદ પ્રકૃતિની ઉદીરણાના સ્વામી છદ્મસ્થ જીવો જાણવા. નામકર્મની ધ્રુવોદયી (૩૩) તેત્રીસ પ્રકૃતિઓની ઉદીરણાના સ્વામી સયોગી કેવલી સુધીના જીવો જાણવા. ઉપઘાત નામકર્મની ઉદીરણાના સ્વામી શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત જીવો જાણવા. તથા સૂક્ષ્મ કિટ્ટીકૃત લોભની ઉદીરણાના સ્વામી સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકવાળા જીવો જાણવા. ॥૫॥

**વિવેચન :-** વિઘ્ન એટલે પાંચ અંતરાય કર્મની પ્રકૃતિઓ, તથા જ્ઞાનાવરણીય પાંચ અને દર્શનાવરણીય ચાર રૂપ નવ આવરણ એમ કુલ (૧૪) ચૌદ ધ્રુવોદયી કર્મપ્રકૃતિઓના સર્વે છદ્મસ્થ જીવો (૧ થી ૧૨ ગુણસ્થાનક સુધીના જીવો) ઉદીરણાના સ્વામી જાણવા. ધ્રુવોદયી પ્રકૃતિઓ હોવાથી સદા ઉદય હોવાના કારણે સદાકાલ ઉદીરણા પણ ચાલુ જ હોય છે. માત્ર બારમા ગુણસ્થાનકની અન્તિમ આવલિકામાં આવલિકા માત્ર કર્મદલિક હોવાથી ઉદીરણા હોતી નથી.

તથા નામકર્મની ધ્રુવોદયી (૩૩) તેત્રીસની સંખ્યાવાળી કર્મ પ્રકૃતિઓ તૈજસ સપ્તક, વર્ણાદિ વિંશતિ (વર્ણાદિ ૨૦ ઉત્તરભેદો) સ્થિર અસ્થિર, શુભ-અશુભ-અગુરુલઘુ-નિર્માણ અને સ્વરૂપવાળી તેત્રીસ ધ્રુવોદયી નામકર્મની પ્રકૃતિઓના ઉદીરક (ઉદીરણાના સ્વામી) યોગી જીવો (સંયોગી કેવલી ગુણસ્થાનક સુધીના જીવો) જાણવા.

ઉપઘાત નામકર્મની ઉદીરણાના સ્વામી શરીરસ્થ જીવો એટલે કે શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત જીવો સ્વામી જાણવા. કારણ કે વિગ્રહગતિમાં તથા શરીર પર્યાપ્તિએ અપર્યાપ્તા જીવોને ઉપઘાત નામકર્મનો ઉદય જ હોતો નથી અને ઉદય વિના ઉદીરણા સંભવતી નથી તે માટે,

તથા પાતળી પાતળી કિટ્ટી રૂપે કરાયેલા સંજ્વલન લોભની ઉદીરણાના સ્વામી સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકવાળા જીવો જાણવા. તે યાવત્ સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકની અન્તિમ છેલ્લી આવલિકા બાકી રહે ત્યાં સુધીના જીવો સ્વામી જાણવા. છેલ્લી આવલિકામાં આવલિકા માત્ર જ કર્મદલિક હોવાથી ઉદીરણા સંભવતી નથી. ॥૫॥

**तस बायर पज्जत्तगसेयरगइजाइदिट्ठी वेयाणं ।**
**आऊण य तन्नामा, पत्तेगियरस्स य तणुत्था ॥ ६ ॥**

**ગાથાર્થ :-** ત્રસ-બાદર-પર્યાપ્ત આ ત્રણેની પ્રતિપક્ષી પ્રકૃતિઓ સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત નામકર્મ, તથા ચાર ગતિનામકર્મ, પાંચ જાતિ નામકર્મ, ત્રણ દૃષ્ટિ મોહનીય કર્મ, ત્રણ વેદમોહનીયકર્મ, અને ચાર આયુષ્ય કર્મ આ પચીસ કર્મપ્રકૃતિઓના તે તે નામવાળા જીવો ઉદીરણાના સ્વામી છે તેમાં પ્રત્યેક અને સાધારણ નામકર્મ માટે શરીરસ્થ જીવો સ્વામી જાણવા. ॥૬॥

**વિવેચન :-** ત્રસનામ કર્મ, બાદર નામકર્મ, તથા પર્યાપ્ત નામકર્મ એમ આ ત્રણ કર્મ પ્રકૃતિઓ તથા તેની **સેતર** = એટલે કે પ્રતિપક્ષી પ્રકૃતિઓ સ્થાવર નામકર્મ, સૂક્ષ્મ નામકર્મ તથા અપર્યાપ્ત નામકર્મ એમ આ [૬]છ કર્મપ્રકૃતિઓ તથા ચાર [૪]ગતિનામકર્મની પ્રકૃતિઓ તથા પાંચ [૫]જાતિ નામકર્મની પ્રકૃતિઓ, ત્રણ દૃષ્ટિમોહની [૩]પ્રકૃતિઓ (એટલે કે મિથ્યાત્વ મોહનીય, સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય) તથા ત્રણ વેદમોહ[૩]નીયકર્મ, ચાર આયુ[૪]ષ્યકર્મ એમ સર્વ સંખ્યાએ (૨૫) પચીસ કર્મપ્રકૃતિઓના ઉદીરણાના સ્વામી યથાયોગ્ય તે તે નામવાળા એટલે કે તે તે કર્મ પ્રકૃતિના ઉદયથી તે તે નામવાળા બનેલા જીવો ઉદીરક જાણવા.

તે આ પ્રમાણે :- ત્રસ નામકર્મના ઉદીરક ત્રસ જીવો, બાદર નામકર્મના ઉદીરક બાદર જીવો, આ બધા જીવો વિગ્રહગતિમાં હોય ત્યારે પણ અને ભવમાં આવ્યા પછી શરીર બનાવતા હોય ત્યારે પણ અને શરીસ્થ બન્યા હોય ત્યારે પણ (ઉદય હોવાના કારણે) ઉદીરણાવાળા જ હોય છે એમ જાણવું. આ પ્રમાણે યથાયોગ્ય રીતે સર્વ સ્થાને જોડવું.

તથા પ્રત્યેક નામકર્મની તથા સાધારણ નામકર્મની ઉદીરણા કરનારા જીવો અનુક્રમે પ્રત્યેક શરીરી જીવો તથા સાધારણ વનસ્પતિકાય જીવો જ ઉદીરક જાણવા કે જે જીવોને પ્રત્યેક નામકર્મનો તથા બીજાને સાધારણ નામકર્મનો ઉદય છે તે માટે તેની ઉદીરણા તેઓ કરી શકે છે. પરંતુ તેમાં એટલી ખાસ વિશેષતા છે કે **तणुत्था** = શરીરસ્થ જીવ હોય તે જ આ કર્મના ઉદયવાળા અને ઉદીરણાવાળા હોય છે.

આ જ ગાથામાં કહેલી બીજી બધી પ્રકૃતિઓ ત્રસ-બાદ પર્યાપ્ત સ્થાવર-સૂક્ષ્મ-અપર્યાપ્ત વિગેરે કર્મપ્રકૃતિઓ વિગ્રહગતિમાં તથા ઉત્પત્તિના પ્રથમ સમયે પણ ઉદયમાં હોય છે. કારણ કે, તે જીવ વિપાકી છે. તેથી ત્યાં પણ (વિગ્રહગતિમાં પણ) તેની ઉદીરણા ચાલુ હોય છે. પરંતુ પ્રત્યેક નામકર્મ તથા સાધારણ નામકર્મ તે કાલે શરીરવર્તિત્વ ન હોવાથી ઉદયમાં હોતું નથી. વિગ્રહગતિવાળા નામકર્મના ૨૧ના ઉદયમાં પ્રત્યેકનામકર્મ અને

સાધારણ નામકર્મ ઉદયમાં નથી. તેથી ઉદીરણા પણ સંભવતી નથી. તે માટે જ ગાથામાં तणुत्था શબ્દ લખ્યો છે એટલે કોઈ પણ જીવ વિગ્રહગતિ સમાપ્ત કરીને એટલે કે નામકર્મનો ૨૧નો ઉદય પૂર્ણ કરીને પોતપોતાના ઉત્પત્તિ સ્થાનમાં આવે ત્યારે આહાર ગ્રહણ કર્યા પછી શરીર રચના ચાલુ કરે ત્યારે શરીરવર્તી થવાથી પ્રત્યેક-સાધારણ નામકર્મનો ઉદય ઘટી શકે છે અર્થાત્ એકેન્દ્રિયમાં ૨૧ થી ૨૪ ઉદયે જતાં, દેવ-નારકીમાં ૨૧ થી ૨૫ના ઉદયે જતાં અને વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યમાં ૨૧ થી ૨૬ના ઉદયે જતાં "૨૪માં ૨૫માં અને ૨૬માં" શરીરનામકર્મનો ઉદય શરૂ થાય છે. તેનાથી તેની સાથે સાથે પ્રત્યેક નામકર્મ અથવા સાધારણ નામકર્મનો ઉદય પણ ચાલુ થાય છે. તે માટે ત્યાં જ ઉત્પત્તિના બીજા જ સમયથી પ્રત્યેક અને સાધારણના ઉદીરક થાય એમ સંભવે છે.

પરંતુ પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૫માં સાધારણ નામકર્મ અને પ્રત્યેક નામકર્મ આ બન્નેના ઉદીરણાના સ્વામી "साहारणं इयरं च तणुइ पज्जत्ता" લખ્યું છે. તેનો ભાવાર્થ એવો સમજાય છે કે શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવોને અર્થાત્ જે જીવોએ શરીર પર્યાપ્તિ સમાપ્ત કરી છે. તેવા જીવોને આ પ્રત્યેક નામકર્મ અને સાધારણ નામકર્મની ઉદીરણાના સ્વામી સમજવા. આમ કહેલું જણાય છે.

ઉપરોક્ત બન્ને પાઠો તપાસતાં શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત થયેલા જીવને પ્રત્યેક અને સાધારણના ઉદીરણાના સ્વામી સમજવા ? કે શરીર પર્યાપ્તિ શરૂ કરી હોય તેવા ઉત્પત્તિના બીજા સમયથી વર્તતા જીવોને ઉદીરણાના સ્વામી સમજવા ? કમ્મપયડિનો પાઠ તપાસતાં तणुत्था = આ જીવ શરીરસ્થ હોય ત્યારે ઉદીરક છે. આ પાઠ પ્રમાણે તથા છઠ્ઠા કર્મગ્રંથનાં ઉદયસ્થાનકો જોતાં ઉત્પત્તિના બીજા સમયથી જ જીવ શરીરની રચનાવાળો અને તેમાં રહેનારો તથા શરીર નામકર્મના ઉદયવાળો કહેવાય છે. તે માટે ત્યાંથી જ એટલે કે ઉત્પત્તિના બીજા સમયથી જ શરીરસ્થ થવાના કારણે આ બે કર્મોનો જીવ ઉદીરક થાય છે. આમ સમજાય છે.

પરંતુ પંચસંગ્રહનો પાઠ તપાસતાં तणुइ पज्जत्ता શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા એવા જીવને અર્થાત્ જેણે શરીર પર્યાપ્તિ સમાપ્ત કરી લીધી છે. તેવા જીવો આ બે કર્મના ઉદીરક છે. આવો ભાવ નીકળે છે. તે અર્થ પ્રમાણે ઉત્પત્તિના બીજા સમયથી નહી. પરંતુ અંતર્મુહૂર્ત કાળે શરીર પર્યાપ્તિ પૂર્ણ થાય ત્યાર પછીના સમયે શરીર નામકર્મની ઉદીરણાના સ્વામી જાણવા. આવો ભાવાર્થ નીકળે છે. આ વિષયમાં પંડિતજી શ્રી પુખરાજજીભાઈ સાહેબે પણ પંચસંગ્રહના ભાષાન્તરમાં પાના નંબર ૪૯૬-૪૯૭માં આ ચર્ચા ઉઠાવેલી છે. તત્ત્વજ્ઞ મહાત્માઓએ આ બાબત વિચારવું. યથાર્થ ભાવ તો શ્રી સર્વજ્ઞ પરમાત્મા જાણે.

તથા પ્રત્યેક નામકર્મ તથા તેનું ઇતર એવું જે સાધારણ નામકર્મ આ બન્ને કર્મોના ઉદીરણાના સ્વામી **तनुस्थाः** - શરીરધારી અર્થાત્ શરીરમાં વર્તનારા જીવો એટલે કે ઉત્પત્તિના બીજા સમયથી જ ઉદીરણાના સ્વામી જાણવા. (જોકે ટીકાકાર પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રીએ તો **तनुस्थाः** - શબ્દનો અર્થ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા એમ સ્પષ્ટ ટીકામાં લખ્યું છે) (એટલે આ વિષય જ્ઞાનીઓએ વિચારવો.)

પ્રત્યેક નામકર્મના ઉદીરક પ્રત્યેક શરીરી જીવો અને સાધારણ નામકર્મના ઉદીરક સાધારણ વનસ્પતિકાય જીવો જ અનુક્રમે ઉદયવાળા હોવાથી તેને જ ઉદીરક સમજવા. સવાલ ફક્ત એટલો જ છે કે શરીર પર્યાપ્તિ આરંભે તેના પ્રથમ સમયથી ઉદીરક માનવા કે શરીર પર્યાપ્તિ સમાપ્ત કરે ત્યારથી ઉદીરક માનવા ? આ બાબતમાં યથાર્થ તત્ત્વ શ્રી સર્વજ્ઞ પરમાત્મા જાણે. ॥૬॥

**आहारगणरतिरिया, सरीरदुगवेयगे पमुत्तुणं ।**
**ओरालाए एवं, तदुवंगाए तसजियाओ ॥ ७ ॥**

**ગાથાર્થ :-** વૈક્રિય અને આહારક એમ બે શરીરને ભોગવનારા જીવોને ત્યજીને શેષ આહારી એવા મનુષ્ય-તિર્યંચના જીવો ઔદારિક શરીરનામકર્મની (તથા ઔદારિક ચાર બંધન અને ઔદારિક સંઘાતન એમ ઔદારિક શરીરની છ પ્રકૃતિઓની) ઉદીરણાના સ્વામી જાણવા તથા તેના જ અંગોપાંગ નામકર્મના (ઔદારિક અંગોપાંગ નામકર્મના) ઉદીરક ત્રસકાયના જીવો જ જાણવા. ॥૭॥

**વિવેચન :-** મૂળ ગાથામાં લખેલા आहारग શબ્દનો અર્થ આહારી એવો કરવો. ઓજાહાર, લોમાહાર તથા કવલાહાર આ ત્રણ પ્રકારના આહારમાંથી યથોચિત કોઈપણ આહારવાળા તેથી આહારી (સારાંશ કે વિગ્રહગતિવાળા જીવોને વર્જીને) આવા પ્રકારના આહારી જે મનુષ્ય અને તિર્યંચો છે. તે જીવો ओरालाए = ઔદારિક શરીર નામકર્મના ઉદીરક જાણવા.

અહીં મૂલગાથામાં "ઔદારિક શરીર" એમ લખ્યું હોવા છતાં ઉપલક્ષણથી (અધ્યાહરથી) તેના સંબંધવાળા ઔદારિક શરીરનાં ૪ બંધન તથા ઔદારિક સંઘાતન પણ સાથે લઈ લેવાનાં એમ ઔદારિક શરીરની છ કર્મપ્રકૃતિઓના આહારી એવા તિર્યંચ અને મનુષ્યો ઉદીરણાના સ્વામી જાણવા.

**પ્રશ્ન :-** વિગ્રહગતિમાં વર્તતા અણાહારી જીવોને છોડીને ઉત્પત્તિ સ્થાને પહોંચેલા સર્વે પણ તિર્યંચ અને મનુષ્યોને ઔદારિક શરીર ષટ્કના ઉદીરણાના સ્વામી જાણવા કે તેમાં કંઈ અપવાદ છે ?

ઉત્તર :- હા, તેમાં પણ હજુ એક અપવાદ છે અવિશેષે સર્વે પણ તિર્યંચ-મનુષ્યો ઉદીરક હોતા નથી. તે અપવાદ આ પ્રમાણે છે કે શરીરદ્વિક અર્થાત્ આહારક શરીર અને વૈક્રિય શરીર રૂપ બે શરીર નામકર્મને વેદનારા આ બે શરીર નામકર્મના ઉદયવાળા જે જીવો હોય તેને ત્યજીને શેષ તિર્યંચ-મનુષ્યો જ ઔદારિક ષટ્કના ઉદીરક જાણવા.

જે જે મનુષ્યોને આહારક લબ્ધિ હોય અને તે લબ્ધિનો ઉપયોગ કરીને આહારક શરીર બનાવ્યું હોય પ્રશ્નાદિના નિકાલ માટે મહાવિદેહમાં જતા-આવતા હોય તેવા આહારક શરીરવાળા મનુષ્યોને તે કાલે આહારક શરીરનામકર્મનો ઉદય હોવાથી તેની જ ઉદીરણા હોય છે. તે માટે તેને વર્જીને શેષ તિર્યંચ-મનુષ્યો ઉદીરણાના સ્વામી કહ્યા છે તથા વૈક્રિય લબ્ધિવાળા તિર્યંચ અને મનુષ્યોએ જ્યારે વૈક્રિય લબ્ધિથી વૈક્રિય શરીરની રચના કરી હોય ત્યારે વૈક્રિય શરીર નામકર્મ અને વૈક્રિય અંગોપાંગ નામકર્મ આ બન્નેનો ઉદય હોવાથી તેની જ ઉદીરણા ચાલે છે. પણ ઔદારિક ષટ્કની ઉદીરણા ચાલતી નથી તે માટે તેનું પણ વર્જન કહેલું છે.

આમ આહારક શરીરવાળા મનુષ્યોને અને વૈક્રિય શરીરવાળા તિર્યંચ તથા મનુષ્યોને ત્યજીને શેષ આહારી એવા તિર્યંચો અને મનુષ્યો આ ઔદારિક ષટ્કના ઉદીરક જાણવા. આ આહારકશરીરવાળા અને વૈક્રિયશરીરવાળા જીવો ઔદારિક શરીર નામકર્માદિ છ નામકર્મના ઉદયમાં જ તે કાલે વર્તતા નથી. તે માટે તેના ઉદીરક નથી. તેથી તેનો ત્યાગ કરાય છે.

તથા तदुवंगाए = તે જ ઔદારિક અંગોપાંગ નામકર્મના પણ તે જ જીવો જે ઉપર કહેવામાં આવ્યા છે. તે જ જીવો (અર્થાત્ વિગ્રહગતિવાળા અણાહારીને ત્યજીને) આહારી તથા આહારક અને વૈક્રિયના ઉદયવાળાને વર્જીને શેષ આહારી એવા તિર્યંચ-મનુષ્યો ઔદારિક અંગોપાંગ નામકર્મના ઉદીરક જાણવા. પરંતુ માત્ર ત્રસકાયના જીવો જ ઉદીરક લેવા. સ્થાવર જીવો ન લેવા. કારણ કે સ્થાવર જીવોને અંગોપાંગ નામકર્મનો ઉદય હોતો નથી. તેથી તેની ઉદીરણા પણ સંભવતી નથી માટે તેનો ત્યાગ કરાય છે.

આ જ વિષયની સાક્ષી આપતાં ટીકાકારશ્રી ઉપાધ્યાયજી મહારાજશ્રી પંચસંગ્રહ ગ્રંથની ગાથાની સાક્ષી આપતાં જણાવે છે કે :- શાસ્ત્રમાં જ કહ્યું છે કે :-

**आहारी उत्तरतणु, नरतिरितव्वेयगे पमोत्तूणं ।**
**उद्दीरंति उरलं, ते चेव तसा उवंगं से ॥ १ ॥**

ઉત્તર શરીરવાળા (આહારક તથા વૈક્રિય શરીરવાળા)ને વર્જીને શેષ આહારી એવા તિર્યંચો તથા મનુષ્યો ઔદારિક શરીર નામકર્માદિ છની ઉદીરણા કરે છે. તેમાંના જ ત્રસજીવો જ તેના અંગોપાંગ નામકર્મના ઉદીરક છે આમ સમજવું. ॥૧॥

ટીકાકારશ્રી ઉપાધ્યાયજી મહારાજશ્રીએ આ પંચસંગ્રહની ગાથાનો અર્થ કરતાં ટીકામાં आहारी એ પદથી આહારવાળા અર્થાત વિગ્રહગતિની સમાપ્તિ પછીના પ્રથમસમયવર્તી જીવો તથા उत्तरतणु આ શબ્દથી વૈક્રિયશરીરવાળા દેવનારકી તથા આહારક શરીરવાળા મનુષ્યો તથા વૈક્રિય શરીર વેદનારા તિર્યંચ-મનુષ્યો આવા જીવોને ત્યજીને શેષ જીવો આ કર્મના ઉદીરક છે. આવો અર્થ ટીકામાં લખ્યો છે.

વૈક્રિય અને આહારક શરીરની રચના કરનારા તિર્યંચ તથા મનુષ્યોને જ્યાં સુધી તે વૈક્રિય તથા આહારક શરીર રહે ત્યાં સુધી વૈક્રિય અને આહારક શરીર નામકર્મનો જ ઉદય અને ઉદીરણા હોય છે. તે કાલે ઔદારિક શરીર હયાત હોય છે. પરંતુ તેની ગણતરી કરાતી નથી. તેથી તેની વિવક્ષા કરાતી નથી. ॥૭॥

**वेउव्वियाइ सुरणेरइया आहारगा णरो तिरिओ ।**
**सन्नी बायरपवणो य लद्धिपज्जत्तगो हुज्जा ॥८॥**

**ગાથાર્થ :-** વૈક્રિય શરીર નામકર્મના (અર્થાત્ વૈક્રિય શરીર વૈક્રિય બંધનામકર્મ ૪, તથા વૈક્રિય સંઘાતન એમ છ કર્મના) આહારી એવા દેવો તથા નારકીના જીવો, તથા વૈક્રિય લબ્ધિ વાળા એવા તિર્યંચો અને મનુષ્યો તથા વૈક્રિય લબ્ધિવાળા પર્યાપ્તા બાદર વાઉકાય જીવો ઉદીરણાના સ્વામી જાણવા.

**વિવેચન :-** આ ગાથામાં વૈક્રિય શરીર નામકર્મની ઉદીરણાના સ્વામી કોણ હોય તે સમજાવે છે :- વૈક્રિય શરીર નામકર્મ તથા ઉપલક્ષણથી ચાર વૈક્રિય બન્ધનનામકર્મ અને એક વૈક્રિય સંઘાતન નામકર્મ એમ કુલ વૈક્રિય શરીર સંબંધી ૬ કર્મપ્રકૃતિઓની ઉદીરણાના સ્વામી આહારી એવા એટલે કે ઓજાહાર અને લોમાહાર આ બેમાંથી કોઈ પણ આહારને કરનારા (પરંતુ વિગ્રહગતિવાળા જે અણાહારી જીવો છે તે નહીં) એવા આહાર પર્યાપ્તિએ પર્યાપ્તા એવા દેવો તથા નારકીના જીવો તથા વૈક્રિય લબ્ધિવાળા એવા તિર્યંચો તથા મનુષ્યો, તથા વળી દૌર્ભાગ્ય નામકર્મના ઉદયવાળા અને લબ્ધિ પર્યાપ્ત એવા એટલે કે વૈક્રિય શરીરની લબ્ધિ વડે પર્યાપ્ત એવા બાદર વાઉકાયના જીવો આટલા જીવો વૈક્રિય શરીરનામકર્મની ઉદીરણાના સ્વામી જાણવા. આ ગાથામાં માત્ર વૈક્રિય શરીર નામકર્મ તથા તેના સંબંધવાળી બીજી પાંચ એમ વૈક્રિયષટ્કની ઉદીરણાના સ્વામી સમજાવ્યા છે. વૈક્રિય અંગોપાંગ નામકર્મની ઉદીરણાના સ્વામી હવે પછીની ગાથામાં આવશે. ॥૮॥

***અવતરણ :-** વૈક્રિય અંગોપાંગ નામકર્મ તથા આહારક સપ્તક નામકર્મની ઉદીરણાના સ્વામી સમજાવે છે :-*

**वेउव्विउवंगाए, तणुतुल्ला पवणबायरं हिच्चा ।**
**आहारगाए विरओ, विउव्वयंतो पमत्तो य ॥९॥**

**ગાથાર્થ :-** વૈક્રિય અંગોપાંગ નામકર્મની ઉદીરણાના સ્વામી વાઉકાય જીવોને છોડીને વૈક્રિયશરીરની જેમ જ જાણવા. આહારક શરીર તથા આહારક અંગોપાંગ નામકર્મની ઉદીરણાના સ્વામી સર્વવિરતિવાળા આહારક શરીરની વિકુર્વણા કરનારા એવા પ્રમત્તમુનિ સ્વામી જાણવા. ॥૯॥

**વિવેચન :-** વૈક્રિય અંગોપાંગ નામકર્મની ઉદીરણાના સ્વામી तणुतुल्ला અર્થાત્ વૈક્રિય શરીર નામકર્મની ઉદીરણાના જે જીવો સ્વામી છે તે જ જીવો વૈક્રિય અંગોપાંગ નામકર્મની પણ ઉદીરણાના સ્વામી જાણવા. માત્ર તેમાં "બાદર પવન" એટલે બાદર વાઉકાય જીવોને છોડીને શેષ વૈક્રિય શરીરના જે ઉદીરક છે તે જ વૈક્રિય અંગોપાંગના પણ ઉદીરક સમજવા.

વાઉકાયના જીવો એકેન્દ્રિય હોવાથી તેને અંગોપાંગ હોતાં નથી. તેથી તે નામકર્મનો ઉદય ન હોવાથી તેની ઉદીરણા તેઓ કરતા નથી.

"आहारगाएत्ति" આ પાઠનો અર્થ આહારક શરીરનામકર્મ તથા તેના ઉપલક્ષણથી તેની સાથે સંબંધવાળી આહારકનાં ૪ બંધનનામકર્મ, આહારક સંઘાતન નામકર્મ તથા આહારક અંગોપાંગ નામકર્મ એમ કુલ આહારક શરીર સંબંધી (૭) સાત કર્મપ્રકૃતિઓની ઉદીરણાના સ્વામી સાધુ માત્ર જ, તે પણ આહારક શરીરની લબ્ધિવાળા, આહારક શરીરની રચના વિકુર્વતા હોય ત્યારે પ્રમત્ત એટલે કે બે શરીરોમાં વર્તવાના કારણે પ્રમાદ ભાવને ભજનારા, આ સપ્તકની ઉદીરણાના સ્વામી થાય છે.

અહીં મૂલગાથામાં જ पमत्तो શબ્દ લખ્યો છે. પરંતુ આહારક શરીરની રચના કરનારા મહાત્માઓ તે શરીર સંબંધી સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ થયા બાદ નામકર્મના ૨૯ અને ૩૦ના ઉદય સ્થાનકમાં વર્તતા અપ્રમત્ત ગુણઠાણે પણ હોય છે. ત્યાં આ સાત નામકર્મનો ઉદય પણ છે. તેથી આ સાતની ઉદીરણા અપ્રમત્તે પણ હોવી જોઈએ. પરંતુ ગમે તે કારણે ગ્રંથકારે તેની વિવક્ષા ન કરી હોય એમ જણાય છે.

ટીકાકારશ્રી ઉપાધ્યાયજી મહારાજશ્રી ટીકામાં આ જ વાતની સાક્ષી આપતાં પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા નંબર ૯ના ઉત્તરાર્ધની સાક્ષી આપતાં જણાવે છે કે,"आहारसत्तगस्स वि कुणइ पमत्तो विउव्वंतोत्ति"

"આહારક સપ્તકની ઉદીરણાનો સ્વામી આહારકની વિકુર્વણા કરતો પ્રમત્ત જીવ સ્વામી જાણવો" આવો આ સાક્ષીભૂત ગાથાનો અર્થ છે. ॥૯॥

**छण्हं संठाणाणं, संघयणाणं च सगलतिरियनरा ।**
**देहत्था पज्जत्ता, उत्तमसंघयणिणो सेढी ॥१०॥**

**ગાથાર્થ :-** પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યો શરીરસ્થ તથા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા હોય તેવા જીવો છએ સંસ્થાન નામકર્મની અને છએ સંઘયણ નામકર્મની ઉદીરણાના સ્વામી હોય છે તથા ક્ષપકશ્રેણિમાં વર્તતા જીવો માત્ર ઉત્તમ સંઘયણના જ (પ્રથમ સંઘયણના જ) ઉદીરક હોય છે.

**વિવેચન :-** પંચેન્દ્રિય તિર્યંચ ગતિના જીવો તથા મનુષ્યગતિના જીવો શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત થયા છતા પોતપોતાના ઔદારિક શરીરમાં વર્તતા છતા તથા શરીરનામકર્મના ઉદયવાળા થયા છતાં ૬ સંસ્થાન અને ૬ સંઘયણ નામકર્મના ઉદીરક બને છે. કોઈપણ પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્ય છમાંથી એક જ સંઘયણ અને એક જ સંસ્થાન નામકર્મનો ઉદીરક બને છે. પરંતુ સમૂહને આશ્રયી છએ સંઘયણનો તથા છએ સંસ્થાનનો ઉદય સંભવતો હોવાથી છના ઉદીરક કહ્યા છે.

પરમાર્થે તો જે જીવોને જે સંઘયણ અને જે સંસ્થાન નામકર્મનો ઉદય હોય તે જીવો તેની જ ઉદીરણામાં પ્રવર્તનારા હોય છે. પરંતુ જેનો ઉદય ન હોય તેવા જીવો તે અન્ય અન્ય સંઘયણ અને અન્ય અન્ય સંસ્થાન નામકર્મની ઉદીરણા કરતા નથી. આ વાત સમજી લેવી.

તથા ક્ષપકશ્રણિ ઉત્તમ સંઘયણવાળા જીવો જ એટલે કે પ્રથમ વજ્રઋષભનારાચ સંઘયણવાળા જીવો જ આરંભે છે. આવા જીવો જ આ શ્રેણિ ઉપર આરૂઢ થાય છે તે કારણથી ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયેલા જીવો વજ્રઋષભ નારાચ સંઘયણની જ ઉદીરણા કરે છે. પણ શેષ (બાકીમાં) પાંચ સંઘયણ નામકર્મની ઉદીરણા કરતા નથી. કારણ કે ક્ષપકશ્રેણિ ઉપર ચઢનારા જીવોને શેષ સંઘયણના ઉદયનો જ અભાવ હોય છે. તે કારણથી આમ સમજવું. (પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૧૨) ॥૧૦॥

**चउरंसस्स तणुत्था, उत्तरतणु सगलभोगभूमिगया ।**
**देवा ईयरे हुंडा, तसतिरियणरा य छेवट्ठा ॥११॥**

**ગાથાર્થ :-** ઉત્તર શરીરવર્તી જીવો (આહારક શરીર અને વૈક્રિય શરીરવર્તી જીવો) તથા સર્વે પણ યુગલિક જીવો અને સર્વે દેવો શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયા છતા નિયમા સમચતુરસ્ર સંસ્થાનના જ ઉદીરક હોય છે. બાકીના જીવો હુંડકના જ ઉદીરક હોય છે. તેમાં પણ ત્રસકાય તિર્યંચો અને મનુષ્યો છેવઠ્ઠા સંઘયણના ઉદીરક હોય છે. ॥૧૧॥

**વિવેચન :-** સમચતુસ્ર સંસ્થાન નામકર્મની ઉદીરણાના સ્વામી કોણ હોય છે ? તે આ ગાથામાં સમજાવે છે. આહારક શરીર બનાવનારા મુનિ મહાત્માઓ તથા વૈક્રિય શરીર

બનાવનારા તિર્યંચો અને મનુષ્યો, તથા સર્વે પણ યુગલિક તિર્યંચો અને મનુષ્યો, તથા વળી સર્વે પણ દેવો આટલા જીવો નિયમા સમચતુરસ્ર સંસ્થાન નામકર્મના જ ઉદીરક હોય છે. કારણ કે ઉપરોક્ત સર્વે જીવોને માત્ર પ્રથમ સંસ્થાન નામકર્મ જ ઉદયમાં વર્તે છે.

ઉપર જે સમચતુસ્ર સંસ્થાનના ઉદીરક જીવો સમજાવ્યા તે સર્વે "शरीर पयाप्त्या पर्याप्ताः" શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયા હોય તે જ જીવો ઉદીરક જાણવા.[1]

ईत्तरे = બાકીના જીવો એટલે કે ઉપર કહેવાથી જે શેષ રહેલા જીવો એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-નારકી તથા અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો શરીરસ્થ હોય ત્યારે (એટલે કે શરીર વર્તી હોય ત્યારથી) હુંડક સંસ્થાનના ઉદીરક હોય છે. કારણ કે આ જીવોને કેવલ એકલા હુંડક સંસ્થાન નામકર્મનો જ ઉદય વર્તે છે તે માટે હુંડકના જ ઉદીરક છે.

હવે છેવઠ્ઠા સંઘયણની ઉદીરણાના સ્વામી સમજાવે છે. "तसतिरियणरा" ત્રસ એવા તિર્યંચો તથા મનુષ્યો, આ પાઠમાં પણ મૂલગાથાના तणुत्था શબ્દની અનુવૃત્તિ લાવીને જોડવામાં આવે છે. તેથી શેષ જીવો કે જેઓને છેવટ્ઠા સંઘયણ નામકર્મનો જ ઉદય છે. એવા ત્રસકાયના જીવો બેઈન્દ્રિયાદિ (વિકલેન્દ્રિય) તથા પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યો કે જે સેવાર્ત સંઘયણ નામકર્મના ઉદયવાળા છે. તેઓ સેવાર્ત સંઘયણની ઉદીરણાના સ્વામી હોય છે.

વિકલેન્દ્રિય જીવોમાં તથા લબ્ધિ અપર્યાપ્તા એવા પંચેન્દ્રિય તિર્યંચોમાં તથા મનુષ્યોમાં માત્ર સેવાર્ત સંઘયણનો જ ઉદય હોય છે. તેથી તે જીવોને નિયમા સેવાર્ત સંઘયણની જ ઉદીરણા હોય છે. આ પ્રમાણે આ જીવોને સેવાર્ત સંઘયણની જ ઉદીરણા છે. આવો નિયમ કરવાનું આ તાત્પર્ય છે.

આ સેવાર્ત સંસ્થાન સિવાઈ બીજાં સંસ્થાનોની ઉદીરણાનું સ્વામિત્વ પહેલાં કહેવાઈ જ ગયું છે. સેવાર્ત માટે નિયમા આ જીવો જ ઉદીરક છે. આવા નિયમના કથનનું તાત્પર્ય જણાવવા આ પ્રમાણે કહ્યું છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે "छेवट्ठगं तु विगला अपज्जत्ता" વિકલેન્દ્રિય જીવો તથા અપર્યાપ્તા તિર્યંચો અને મનુષ્યો છેવઠ્ઠા સંઘયણની જ ઉદીરણાના સ્વામી છે. (પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા-૧૨) ॥૧૧॥

---

૧. સમચતુરસ્ર સંસ્થાનના ઉદીરક શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા જીવો કહ્યા. પરંતુ ઉપરોક્ત જીવોને ૨૧-૨૬ તથા ૨૧-૨૫ના ઉદય સ્થાનોમાં ૨૬-૨૫ના ઉદયો શરીર પર્યાપ્તિ શરૂ કરે ત્યારથી જ એટલે કે ઉત્પત્તિના બીજા સમયથી જ ઉદય શરૂ થાય છે. તેથી ઉદય હોય ત્યારે ઉદીરણા અવશ્ય હોય જ છે. તે માટે શરીર પર્યાપ્તિ શરૂ કરે ત્યારથી એટલે કે ઉત્પત્તિના બીજા સમયથી જ ઉદય હોવાના કારણે ઉદીરક હોવા જોઈએ. તેથી तनुस्थाः શબ્દ ઉચિત લાગે છે.

**संघयणाणि ण उत्तरतणूसु तण्णामगा भवंतरगा ।**
**अणुपुव्वीणं परघायस्स, उ देहेण पज्जत्ता ॥१२॥**

**ગાથાર્થ :-** ઉત્તર શરીરમાં વર્તનારા જીવો સંઘયણની ઉદીરણા કરનારા હોતા નથી. ચારે આનુપૂર્વી નામકર્મના ઉદીરક ભવાન્તરમાં વર્તતા તે તે નામવાળા જીવો સમજવા તથા પરાઘાત નામકર્મના ઉદીરક શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા જીવો જાણવા. ॥૧૨॥

**વિવેચન :-** ઉત્તર શરીરોમાં એટલે કે આહારક શરીરવાળા મનુષ્યોમાં તથા વૈક્રિયશરીરવાળા લબ્ધિધારી તિર્યંચોમાં અને મનુષ્યોમાં સંઘયણ હોતાં નથી. છએ સંઘયણમાંથી એક પણ સંઘયણ હોતું નથી. આ શરીરોમાં હાડકાંની રચના જ સંભવતી નથી. આ કારણથી ઉદય ન હોવાને લીધે ઉત્તર શરીરધારી જીવો છમાંથી એક પણ સંઘયણના ઉદીરક હોતા નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે :-

"वेउव्विय आहारग उदये न णरा वि हुंति संघयणी"

(પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૧૩). આ ગાથામાં લખેલા अपि શબ્દથી વૈક્રિય શરીરવાળા તિર્યંચો પણ લઈ લેવા અર્થાત્ વૈક્રિય શરીરવાળા તિર્યંચો પણ સંઘયણના ઉદય વિનાના હોવાના કારણે ઉદીરણાના સ્વામી નથી. આ વાત પણ સમજી લેવી.

તથા નરકાનુપૂર્વી વિગેરે ચારે અનુપૂર્વી નામકર્મની ઉદીરણાના સ્વામી તે તે નામવાળા જીવો અર્થાત્ તે તે આનુપૂર્વી નામકર્મના ઉદયથી બનેલા તે તે ભવના અન્તરાલવર્તી જે પર્યાય તે પર્યાયથી ઘટિત (યુક્ત) એવા નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવ આવા નામવાળા ભવાન્તરાલમાં વર્તનારા એક ભવથી બીજા ભવની વચ્ચેના અન્તરાલમાં વર્તતા જીવો ઉદીરણાના સ્વામી છે. આમ સમજવું. કારણ કે તે તે આનુપૂર્વી નામકર્મનો ઉદય ત્યાં જ સંભવે છે તે માટે,

तथाहि – તે આ પ્રમાણે છે :- નરકાનુપૂર્વીના ભવાન્તરાલ ગતિમાં વર્તનારા નારકીના જીવો ઉદીરક છે. તિર્યંચાનુપૂર્વીના વિગ્રહ ગતિમાં વર્તનારા તિર્યંચો ઉદીરક છે ઇત્યાદિ.

તથા પરાઘાત નામકર્મની ઉદીરણાના સ્વામી શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા સર્વે પણ (ચારે ગતિના જીવો) ઉદીરણાના સ્વામી જાણવા. કારણ કે પરાઘાત નામકર્મનો ઉદય ચારે ગતિના પર્યાપ્તા જીવોને હોય છે તે માટે ઉદય હોવાથી ઉદીરણાના સ્વામી બને છે. ॥૧૨॥

**बायरपुढवी आयावस्स य, वज्जित्तु सुहुमसुहुमतसे ।**
**उज्जोयस्स य तिरिओ, उत्तरदेहो य देवजई ॥१३॥**

**ગાથાર્થ :-** બાદર પૃથ્વીકાય (પર્યાપ્તો) જીવ આતપ નામકર્મની ઉદીરણાનો સ્વામી જાણવો તથા સૂક્ષ્મ એકેન્દ્રિય અને સૂક્ષ્મ ત્રસકાય (તેઉકાય અને વાઉકાય) ને વર્જીને બાકીના તમામ તિર્યંચગતિના જીવો ઉદ્યોત નામકર્મના ઉદીરક જાણવા તથા ઉત્તમ શરીરમાં (એટલે કે આહારક અને વૈક્રિય શરીરમાં) વર્તનારા એવા દેવો અને મુનિઓ ઉદ્યોતનામકર્મના ઉદીરક જાણવા. ॥૧૩॥

**વિવેચન :-** બાદર પર્યાપ્તા પૃથ્વીકાયના જીવો આતપનામ કર્મની ઉદીરણા કરવાના સ્વામી જાણવા. મૂલગાથામાં લખેલા "आयावस्स य" આ પદમાં જે च શબ્દ છે તે ગાથામાં અનુક્ત (અર્થાત્ ન કહેલા) અર્થને કહેનાર હોવાથી એટલે કે જે અર્થ ન કહેવાયો હોય તેનો પણ સમુચ્ચય કરનાર હોવાથી તે બાદર પૃથ્વીકાય જીવ પણ પર્યાપ્તા જ લેવા. અપર્યાપ્તા નહી કારણ કે આતપનામ કર્મનો ઉદય પોતાના ભવની ચારે પર્યાપ્તિઓ પૂર્ણ થાય. પછી જ તેનો ઉદય શરૂ થાય છે તે માટે પર્યાપ્તા જ લેવા. (જે આપણે અર્થ સમજાવતાં પહેલી પંક્તિમાં જ પર્યાપ્તા લખી દીધુ છે.)

તથા **सूक्ष्म** શબ્દથી સૂક્ષ્મ એકેન્દ્રિય પૃથ્વીકાયથી સૂક્ષ્મ એકેન્દ્રિય વાઉકાય સુધીના જીવો તથા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય જીવો એમ પૃથ્વી-અપ્-તેઉ-વાઉ અને સાધારણ વનસ્પતિકાય અર્થાત્ પાંચ પ્રકારના સ્થાવર સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો, તથા सूक्ष्मत्रसकाय આ શબ્દથી બાદર તેઉકાય અને બાદર વાઉકાયના જીવો ઉપરોક્ત સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો અને સૂક્ષ્મત્રસ જીવો એમ બન્ને પ્રકારના જીવોને વર્જીને બાકીના શેષ તિર્યંચો એટલે કે બાદર પૃથ્વીકાય, બાદર અપ્કાય, બાદર સાધારણ વનસ્પતિકાય, પ્રત્યેક વનસ્પતિકાય, વિકલેન્દ્રિય, લબ્ધિપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચના જીવોમાં યથાસંભવ (જેને જેને ઉદ્યોતનામકર્મનો ઉદય હોય તે તે જીવો) ઉદ્યોત નામકર્મની ઉદીરણાના સ્વામી જાણવા.

તથા ઉત્તરદેહમાં વર્તતા જીવો એટલે કે વૈક્રિય અને આહારક શરીરની રચના જે જીવોએ કરી છે. તેવા આહારક શરીરી અને વૈક્રિય શરીરી મુનિઓ તથા દેવો આટલા જીવો ઉદ્યોતનામકર્મની ઉદીરણા કરનારા હોય છે. કારણ કે આટલા જીવોને ઉદ્યોતનામકર્મનો ઉદય હોય છે. પંચસંગ્રહ નામના ગ્રંથમાં ઉદીરણાકરણ ગાથા ૧૪માં કહ્યું છે કે,

**पुढवीआउवणस्सइ-बायरपज्जत्त उत्तरतणू य ।**
**विगलपणिंदितिरिया, उज्जोवुद्दीरणा भणिया ॥१॥**

**અર્થ :-** બાદર પર્યાપ્તા પૃથ્વીકાય, અપ્કાય તથા વનસ્પતિકાય, ઉત્તર શરીરવાળા એટલે વૈક્રિય અને આહારક શરીરવાળા જીવો, વિકલેન્દ્રિય તથા પંચેન્દ્રિય તિર્યંચો આટલા જીવો ઉદ્યોતનામકર્મના ઉદીરક હોય છે. ॥૧૩॥

**सगलो य इट्ठखगइ, उत्तरतणुदेवभोगभूमिगया ।**
**इट्ठसराइ तसो वि य, इयरासिं तसा सणेरइया ॥ १४ ॥**

**ગાથાર્થ :-** સર્વે પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યો, ઉત્તર શરીરી જીવો, સર્વે દેવો તથા સર્વે યુગલિક જીવો પ્રશસ્ત વિહાયોગતિ નામકર્મની ઉદીરણાના સ્વામી જાણવા. તથા સુસ્વર નામકર્મના ઉપરોક્ત જીવો તથા વિકલેન્દ્રિય જીવો પણ સ્વામી જાણવા તથા ઇતર પ્રકૃતિ એટલે કે અશુભ વિહાયોગતિ તથા દુ:સ્વર નામકર્મના ત્રસકાય તથા નારકીના જીવો ઉદીરક સમજવા. ॥૧૪॥

**વિવેચન :-** આ ગાથામાં શુભવિહાયોગતિ તથા સુસ્વરનામકર્મ તથા તે બન્નેની પ્રતિપક્ષી અશુભ વિહાયોગતિ તથા દુ:સ્વરનામકર્મ એમ કુલ ચાર પ્રકૃતિની ઉદીરણાના સ્વામી સમજાવ્યા છે.

ત્યાં સૌથી પ્રથમ શુભવિહાયોગતિ નામકર્મની ઉદીરણાના સ્વામી સમજાવે છે. सगलो = શબ્દથી પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યો લેવા કે જેઓને શુભવિહાયોગતિ નામકર્મનો ઉદય વર્તે છે અર્થાત્ શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા, ઉદયમાં આવી છે પ્રશસ્ત વિહાયોગતિ જે જીવોને તેવા જીવો સ્વામી જાણવા.

તથા उत्तरतणु આ શબ્દથી ઉત્તર શરીરમાં વર્તનારા ઉત્તર વૈક્રિય શરીરવાળા એટલે ઉત્તરવૈક્રિય શરીરમાં વર્તનારા સર્વે તિર્યંચો તથા મનુષ્યો, (તથા આહારક શરીરની રચનાવાળા મુનિઓ)

તથા ચારે નિકાયના સર્વે પણ દેવો, તથા સર્વે પણ યુગલિક તિર્યંચો અને યુગલિક મનુષ્યો અર્થાત્ જે જે જીવો પ્રશસ્ત વિહાયોગતિ નામકર્મના ઉદયવાળા છે. તે તે જીવો આ પ્રશસ્ત વિહાયોગતિ નામકર્મના ઉદીરક જાણવા.

તથા "इट्ठसराइ" આ પાઠથી ઇષ્ટસ્વર એટલે કે સુસ્વર નામકર્મના ઉદીરક ત્રસજીવો એટલે વિકલેન્દ્રિય જીવો તથા अपि શબ્દથી પૂર્વે શુભવિહાયોગતિના સ્વામીમાં કહેલા પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યો વિગેરે જીવો જ્યારે ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયા હોય ત્યારે યથોયોગ્ય રીતિએ ઉદયવાળા થાય છે ત્યારે સુસ્વર નામકર્મની ઉદીરણાના પણ સ્વામી જાણવા.

તથા ઉપરોક્ત બન્ને પ્રકારની પ્રકૃતિથી इत्तर = પ્રતિપક્ષી જે બે પ્રકૃતિ અશુભ વિહાયોગતિના અને દુ:સ્વર નામકર્મના પણ ઉદીરક યથાસંભવ - ત્રસકાય શબ્દથી વિકલેન્દ્રિય જીવો તથા આવા અશુભના ઉદયવાળા કેટલાક પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો, તથા સાથે

સાથે નારકીના જીવો આટલા આ બન્ને અશુભ કર્મપ્રકૃતિની ઉદીરણાના સ્વામી જાણવા. (પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૧૫) ॥૧૪॥

**उसासस्स सराण य, पज्जत्ता आणपाणभासासु ।**
**सव्वण्णुण्णुसासो, भासा वि य जा न रुज्झंति ॥ १५ ॥**

**ગાથાર્થ :-** ઉચ્છ્વાસ નામકર્મ તથા સુસ્વર-દુઃસ્વર નામકર્મના ઉદીરક જીવો અનુક્રમે શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ તથા ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તા જીવો જ ઉદીરક જાણવા તથા સર્વજ્ઞ ભગવંતોને યોગનિરોધકાલે જ્યાં સુધી ઉચ્છ્વાસ અને ભાષાનો નિરોધ કરતા નથી ત્યાં સુધી જ ઉદીરક જાણવા. ॥૧૫॥

**વિવેચન :-** ઉચ્છ્વાસ નામકર્મની ઉદીરણાના સ્વામી તથા સુસ્વર-દુઃસ્વર નામકર્મની ઉદીરણાના સ્વામી અનુક્રમે ઉચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા જીવો તથા ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા જીવો સ્વામી જાણવા. કારણ કે ઉચ્છ્વાસ નામકર્મનો ઉદય ઉચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થાય ત્યારથી શરૂ થાય છે. તેવી જ રીતે સુસ્વર-દુઃસ્વરનો ઉદય ભાષા પર્યાપ્તિ પૂર્ણ થાય ત્યાર પછીથી જ શરૂ થાય છે. તે માટે તે બન્નેનો ઉદય થાય ત્યારે ઉદીરણાના સ્વામી જાણવા.

અહીં યથાસંખ્ય પ્રમાણે એટલે કે અનુક્રમ પ્રમાણે પદો જોડવાનાં હોવાથી તથા મૂલગાથામાં પ્રાકૃત ભાષામાં आणपाणभासासु આ પદમાં લખેલી સપ્તમીવિભક્તિ તૃતીયા વિભક્તિના અર્થવાળી હોવાથી ઉચ્છ્વાસ નામકર્મના ઉચ્છ્વાસ **પર્યાપ્તિ વડે** પર્યાપ્તા જીવો સ્વામી જાણવા તથા સુસ્વર-દુઃસ્વર નામકર્મના સ્વામી ભાષા **પર્યાપ્તિ વડે** પર્યાપ્તા થયેલા જીવો જાણવા અર્થાત્ ઉદીરક જાણવા.

જોકે પૂર્વે કહેલી ૧૪મી ગાથાના ઉત્તરાર્ધના પાઠમાં જ સુસ્વર અને દુઃસ્વરની ઉદીરણાના સ્વામી કહી દીધા છે તો પણ તે જીવો ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયા હોય તેવા જ જીવો સ્વામી લેવાના છે. પણ ભાષા પર્યાપ્તિએ અપર્યાપ્તા જીવો સ્વામી લેવાના નથી. આટલી ખાસ વિશેષતા જણાવવા માટે જ આ ગાથામાં ફરીથી સ્વરની ઉદીરણાના સ્વામી જણાવ્યા છે.

તથા સર્વજ્ઞ કેવલી ભગવંતો તેરમા ગુણસ્થાનકના અંતે જ્યારે યોગનિરોધ કરે ત્યારે શ્વાસોશ્વાસ અને ભાષાનો પણ નિરોધ કરે છે. આ નિરોધ જ્યાં સુધી ન કરે ત્યાં સુધી જ ઉદીરક જાણવા.

કારણ કે સ્વર અને ભાષાનો નિરોધ કર્યા પછી તો તે કેવલી ભગવંતોને સ્વરનામકર્મ તથા ઉચ્છ્વાસ નામકર્મનો ઉદય જ ન હોવાથી ઉદીરણા હોતી જ નથી તે માટે નિરોધ ન કરે ત્યાં સુધી ઉદીરણાનું સ્વામિત્વ જાણવું (પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા-૧૬) ॥૧૫॥

**देवो सुभगाइज्जाण, गब्भवक्कंतिओ अ कित्तीए ।**
**पज्जत्तो वज्जित्ता,ससुहुमणेरइयसुहुमतसे ॥ १६ ॥**

**ગાથાર્થ :-** કેટલાક દેવો (તથા કેટલાક તિર્યંચ-મનુષ્યો) સૌભાગ્ય અને આદેય નામકર્મના ઉદીરક જાણવા તથા સૂક્ષ્મ એકેન્દ્રિય સહિત નારકીના જીવો તથા સૂક્ષ્મત્રસકાય (તેઉકાય અને વાઉકાય) આ બન્નેને વર્જીને બાકીના પર્યાપ્તા જીવો યશકીર્તિનામકર્મના ઉદીરક જાણવા. ॥૧૬॥

**વિવેચન :-** આ ગાથામાં સૌભાગ્ય અને આદેવનામકર્મ તથા યશનામકર્મની ઉદીરણાના સ્વામી સમજાવેલા છે.

મૂલગાથામાં દેવો પદ હોવાથી છે એકવચન, પરંતુ તે દેવજાતિની અપેક્ષાએ એક વચન છે પણ હકિક્તથી સર્વ દેવો લેવાના છે. કારણ કે ચારે નિકાયના દેવોને સૌભાગ્ય નામકર્મ અને આદેયનામકર્મનો ઉદય હોઈ શકે છે. છઠ્ઠા કર્મગ્રંથમાં દેવોના જે (૬૪) ચોસઠ ઉદયભાંગા કરવામાં આવે છે તે ચારે નિકાયના દેવોમાં હોય છે. તેમાં વિકલ્પે સર્વત્ર સૌભાગ્ય નામકર્મ અને આદેયનામકર્મનો ઉદય જણાવેલો જ છે અને વિકલ્પે જ્યાં ઉદય છે ત્યાં વિકલ્પે ઉદીરણા પણ હોય જ છે. તેથી સૌભાગ્ય અને આદેય નામકર્મના ઉદયવાળા કેટલાક દેવો તથા કેટલાક ગર્ભજ તિર્યંચો અને ગર્ભજ મનુષ્યો આ બન્ને કર્મપ્રકૃતિની ઉદીરણાના સ્વામી જાણવા.

સૌભાગ્ય અને દૌર્ભાગ્ય, આદેય અને અનાદેય, યશનામકર્મ તથા અપયશનામકર્મ આ બધી પ્રકૃતિઓ પ્રતિપક્ષપણે જ ઉદયમાં હોવાથી ક્યારેક શુભનો ઉદય હોય અને ક્યારેક અશુભનો પણ ઉદય હોય. છઠ્ઠા કર્મગ્રંથમાં આ બધી જ પ્રકૃતિઓ પ્રતિપક્ષે ઉદયમાં આવે છે. તે રીતે ઉદય ભાંગા બનાવેલા છે માટે જયારે ઉદય હોય ત્યારે ઉદીરણા હોય છે આમ સમજવું.

તે કારણથી જયારે જયારે સૌભાગ્ય-આદેય અને યશનામકર્મનો ઉદય પ્રવર્તે છે ત્યારે ત્યારે તેની ઉદીરણા થાય છે.

તથા યશનામકર્મની ઉદીરણાના સ્વામિમાં આટલા જીવોને વર્જી દેવા (૧) સૂક્ષ્મ એકેન્દ્રિય એટલે સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મ અપ્કાય, સૂક્ષ્મ તેઉકાય, સૂક્ષ્મ વાઉકાય, તથા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય (૨) સર્વે પણ નારકીના જીવો (૩) સૂક્ષ્મ એવા ત્રસકાય એટલે કે બાદર તેઉકાય અને બાદર વાઉકાય આટલા જીવોને વર્જીને બાકીના પર્યાપ્ત નામકર્મના ઉદયમાં વર્તનારા સર્વે પણ જીવો જયારે યશના ઉદયમાં વર્તતા હોય ત્યારે યશની ઉદીરણાના

સ્વામી જાણવા. યશનામકર્મ પ્રતિપક્ષવાળી પ્રકૃતિ હોવાથી સદા ઉદયમાં હોતી નથી માટે જ્યારે તેનો ઉદય ચાલતો હોય ત્યારે ઉદીરણાના પણ સ્વામી જાણવા.

ઉપર જે ત્રણ જાતના જીવોનો ત્યાગ કરવામાં આવ્યો છે. તે જીવોને યશનામકર્મનો ઉદય જ હોતો નથી માટે તે જીવોનો ઉદીરણામાં ત્યાગ કરવામાં આવ્યો છે. આ ઉદીરણાના સ્વામી સમજવામાં છટ્ઠા કર્મગ્રંથમાં જણાવેલા ઉદય સ્થાનોનો તથા તેના ઉદય ભાંગાઓનો અભ્યાસ બરાબર નજર સમક્ષ રાખવો. ॥૧૬॥

**गोउत्तमस्स देवा, णरा य वइणो चउण्हमियरासिं ।**
**तव्वइरित्ता तित्थगरस्स उ सव्वणुआइ भवे ॥ १७ ॥**

**ગાથાર્થ :-** સર્વે પણ દેવો તથા કેટલાક મનુષ્યો (જે ઉચ્ચકુલમાં જન્મ પામ્યા હોય તે) તથા વ્રતધારી સંતો ઉચ્ચગોત્રકર્મના ઉદીરક થાય છે. આ ચારે પ્રકૃતિથી જે જે પ્રતિપક્ષી પ્રકૃતિઓ છે. તેની (દૌર્ભાગ્ય-અનાદેય-અયશકીર્તિ તથા નીચગોત્ર એમ ૪ કર્મોની) જે પૂર્વે કહ્યા છે. તેનાથી ભિન્ન અર્થાત્ તેને છોડીને શેષ જીવો ઉદીરણાના સ્વામી જાણવા. તીર્થંકર નામકર્મની ઉદીરણાના સ્વામી સર્વજ્ઞતા આવે છતે તેના ઉદયવાળા જીવ ઉદીરણાના સ્વામી થાય છે. ॥૧૭॥

**વિવેચન :-** ઉચ્ચગોત્ર કર્મના ઉદીરક કયા કયા જીવો હોય છે. તે સમજાવે છે (૧) સર્વે પણ દેવો ઉચ્ચગોત્રના ઉદયવાળા હોવાથી ઉચ્ચગોત્ર કર્મના ઉદીરક હોય છે. (૨) તથા કેટલાક ઉચ્ચકુલમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો પણ ઉચ્ચગોત્રના ઉદીરક હોય છે. (૩) તથા નીચગોત્રમાં ઉત્પન્ન થયા હોવા છતાં વ્રતધારી થયેલા મનુષ્યો પાંચ મહાવ્રતના ભારને વહન કરવામાં વૃષભ સમાન એવા મનુષ્યો વ્રતના પ્રભાવથી ઉચ્ચગોત્રના ઉદીરક હોય છે.

આ પ્રમાણે સૌભાગ્ય આદેય યશકીર્તિનામકર્મ અને ઉચ્ચગોત્ર એમ કુલ ચાર પુણ્ય-પ્રકૃતિઓના ઉદીરણાના સ્વામી સમજાવ્યા.

તથા તે ચારથી વિપરીત એવી ઈતર ચાર કર્મપ્રકૃતિઓ દૌર્ભાગ્ય-અનાદેય-અયશઃ-કીર્તિનામકર્મ તથા નીચગોત્રકર્મની ઉદીરણાના સ્વામી તેનાથી વ્યતિરિક્ત જીવો જાણવા - ઉપર શુભ પ્રકૃતિઓના જે જે જીવો ઉદીરક કહ્યા છે. તેનાથી વિપરીત જીવો અશુભના ઉદીરક જાણવા.

ત્યાં પણ દૌર્ભાગ્ય અને અનાદેય નામકર્મની ઉદીરણાના સ્વામી એકેન્દ્રિય-વિક્લેન્દ્રિય-સમૂર્છિમતિર્યંચો અને મનુષ્યો તથા નારકીના જીવો જાણવા.

અયશઃકીર્તિની ઉદીરણાના સ્વામી સર્વે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સર્વે પણ નરકના

જીવો, તથા સર્વે પણ સૂક્ષ્મ ત્રસ (એટલે તેઉકાય અને વાઉકાય) તથા અપર્યાપ્ત નામકર્મના ઉદયમાં વર્તતા એવા ત્રસકાય જીવો, અયશઃકીર્તિના ઉદય વાળા હોવાથી અયશઃકીર્તિના ઉદીરક જાણવા.

તથા નીચગોત્રની ઉદીરણાના સ્વામી સર્વે નારકી જીવો તથા સર્વે પણ તિર્યંચો, તથા વિશિષ્ટકુલમાં ઉત્પન્ન થયેલા એવા મનુષ્યોને તથા વ્રતધારી મનુષ્યોને ત્યજીને શેષ સર્વે પણ મનુષ્યો જાણવા. આ સર્વે જીવો નીચગોત્રના ઉદયવાળા સંભવતા હોવાથી નીચગોત્રની ઉદીરણાના પણ સ્વામી છે.

તીર્થંકર નામકર્મની ઉદીરણાના સ્વામી સર્વજ્ઞતા પ્રાપ્ત કરેલી હોય એવા તીર્થંકર મહાપુરૂષોના આત્મા જાણવા. સર્વજ્ઞતા પ્રાપ્ત કર્યા વિનાના કાલે તીર્થંકર પરમાત્માઓ પણ તીર્થંકર નામકર્મના ઉદીરક હોતા નથી. કારણ કે શેષકાળમાં તીર્થંકર નામકર્મનો ઉદય નથી અને ઉદય ન હોવાથી તે કર્મની ઉદીરણા પણ હોતી નથી. ॥૧૭॥

**इंदियपज्जत्तीए दुसमयपज्जत्तगा उ पाउग्गा ।**
**णिद्दापयलाणं खवगखीणरागे परिच्चज्ज ॥ १८ ॥**

**ગાથાર્થ :-** ઇન્દ્રિય પર્યાપ્તિ સમાપ્ત થયા બાદ બીજા સમયથી પર્યાપ્તા થયેલા જીવો નિદ્રા અને પ્રચલાની ઉદીરણાને યોગ્ય છે. એટલે કે ઉદીરણાના સ્વામી છે. તેમાં ક્ષપક અને ક્ષીણમોહ વાળા જીવોને વર્જીને શેષ જીવો ઉદીરણા યોગ્ય જાણવા. ॥૧૮॥

**વિવેચન :-** ઇન્દ્રિય પર્યાપ્તિએ પર્યાપ્તા થયા છતા સર્વે જીવો તેના બીજા સમયથી આરંભીને એટલે કે ઇન્દ્રિયપર્યાપ્તિ સમાપ્ત થાય તેના પછીના અનન્તર એવા સમયથી આરંભીને નિદ્રા અને પ્રચલા ઉદીરણાને યોગ્ય બને છે. કારણ કે આ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી નિદ્રા-પ્રચલાનો ઉદય સંભવે છે. તેથી ઉદીરણા પણ ત્યાં જ થાય છે.

આમ લખવાથી ઇન્દ્રિય પર્યાપ્તિ સમાપ્ત થાય ત્યાર પછીના તમામ જીવો નિદ્રા-પ્રચલાની ઉદીરણાના સ્વામી કહેવાય આવો અર્થ થાય. તેથી તેમાં અપવાદ જણાવે છેઃ-

ક્ષીણરાગવાળા (બારના ગુણઠાણાવાળા જીવો) તથા ક્ષપક જીવો (ક્ષપકશ્રેણિમાં વર્તતા ૮-૯ અને ૧૦મા ગુણસ્થાનકવાળા જીવો) આ બન્નેને વર્જીને બીજા સર્વે પણ જીવો જ્યારે આ નિદ્રા-પ્રચલાનો ઉદય પ્રવર્તતો હોય ત્યારે જ ઉદીરણાના પણ સ્વામી જાણવા.

કારણ કે ઉદીરણા ઉદયની સાથે અવિનાભાવી છે. જ્યાં ઉદય હોય ત્યાં જ ઉદીરણા હોય છે. ક્ષીણરાગવાળા (બારમા ગુણસ્થાનકવર્તી) જીવોને તથા ક્ષપક શ્રેણિગત (૮-૯-૧૦મા ગુણસ્થાનકવર્તી ક્ષપક) જીવોને નિદ્રા અને પ્રચલાનો ઉદય સંભવતો નથી માટે ઉદીરણા નથી.

શાસ્ત્રમાં કહ્યું છે કે, "णिद्दादुगस्स उदयओ खीणा खवगे परिच्चज्जेति" = નિદ્રાદ્વિકનો ઉદય ક્ષીણમોહ ગુણસ્થાનકવાળા જીવો તથા ક્ષપકશ્રેણિગત જીવોને છોડીને હોય છે. આવું શાસ્ત્ર વચન પ્રમાણ હોવાથી ક્ષપક શ્રેણિમાં નિદ્રાનો ઉદય સંભવતો નથી. તે કારણથી તે જીવોને ત્યજીને શેષ જીવો (બાકીના જીવો) નિદ્રા અને પ્રચલાના ઉદીરક જાણવા.

આ ઉપર જે કંઈ લખ્યું તે પ્રાચીન કર્મગ્રંથકારોના મતની પ્રસિદ્ધિ પ્રમાણે જાણવું જુના કર્મગ્રંથો જે સત્કર્મગ્રંથ આદિ શાસ્ત્રો છે. તેમાં કહેલી વાતની પ્રસિદ્ધિને અનુસારે કહેલ છે.

પરંતુ વર્તમાન કાલમાં ઘણા જ પઠન-પાઠનના વિષયભૂત બનેલા એવા કર્મસ્તવ આદિ નવા કર્મગ્રંથો બનાવનારા પૂજ્યપાદ શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. આદિના મતે ક્ષપકને અને ક્ષીણ મોહી જીવોને પણ નિદ્રા-પ્રચલાનો ઉદય બારમા ગુણઠાણાના ઉપાન્ત્ય સમય સુધી હોય તેવી તેઓની માન્યતા છે.

તેથી જ બીજા કર્મગ્રંથમાં બારમાના ઉપાન્ત્ય સમય સુધી નિદ્રા-પ્રચલાનો ઉદય તેઓશ્રીએ કહેલો છે અને જો ઉદય હોય તો ઉદીરણાનો અવશ્યભાવ હોવાથી ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનકની છેલ્લી એક આવલિકાને ત્યજીને ત્યાં સુધીના ઇન્દ્રિય પર્યાપ્તિએ પર્યાપ્તા સર્વે જીવો નિદ્રા અને પ્રચલાનો ઉદય હોય ત્યારે ઉદીરક જાણવા.

પંચસંગ્રહ નામના ગ્રંથમાં પણ આ કર્મસ્તવકારના મત પ્રમાણે જ ઉદીરણાના સ્વામી કહેલા છે. તેની ગાથા આ પ્રમાણે છે

**मोत्तूण क्षीणरागं, इंदियपज्जत्तगा उदीरंति ।**
**निद्दापयला सायासायाइ जे पमत्तंति ॥१॥**

(પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૧૯)

**અર્થ :-** ક્ષીણરાગવાળા જીવોને છોડીને ઇન્દ્રિય પર્યાપ્તિએ પર્યાપ્તા સર્વે પણ જીવો નિદ્રા અને પ્રચલાના ઉદીરક હોય છે અને સાતા-અસાતાના પ્રમત્ત સુધીના જીવો જ ઉદીરક હોય છે. ॥૧૮॥

**णिद्दाणिद्दाईणं, असंखवासाउ मणुयतिरिया य ।**
**वेउव्वाहारतणू वज्जित्ता अप्पमत्ते य ॥ १९ ॥**

**ગાથાર્થ :-** અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો તથા વૈક્રિય અને આહારક શરીરની રચનાવાળા જીવો, તથા અપ્રમત્તાદિ મુનિઓ આટલા જીવોને મૂકીને શેષ જીવો નિદ્રાનિદ્રા આદિ થિણદ્ધિત્રિકના સ્વામી જાણવા. ॥૧૯॥

**વિવેચન :-** નિદ્રા નિદ્રા - પ્રચલા પ્રચલા તથા સ્ત્યાનર્દ્ધિ નિદ્રા એમ જે થિણદ્ધિત્રિક છે. તેની ઉદીરણાના સ્વામી આ ગાથામાં ગ્રંથકારશ્રી સમજાવે છે :-

(૧) અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યો, વૈક્રિય શરીરની રચના કરનારા લબ્ધિવાળા તિર્યંચો અને મનુષ્યો તથા આહારક શરીરની રચના કરનારા મુનિઓ તથા અપ્રમત્ત આદિ ઉપરિભાગવર્તી સર્વે પણ ગુણસ્થાનકોમાં વર્તનારા જીવોને છોડીને શેષ સર્વે પણ જીવો આ થિણદ્ધિત્રિકના ઉદયના સંભવવાળા છે. તેથી ઉપરોક્ત જીવો સિવાઈના શેષ જીવો જયારે આ થિણદ્ધિત્રિકના ઉદયમાં વર્તતા હોય છે. ત્યારે તે શેષ સર્વે પણ જીવો થિણદ્ધિત્રિકની ઉદીરણાના સ્વામી છે. ॥૧૯॥

**वेयणियाण पमत्ता, ते ते बंधंतगा कसायाणं ।**
**हासाईछक्कस्स य, अपुव्वकरणस्स चरमंते ॥ २० ॥**

**ગાથાર્થ :-** સાતા અસાતા વેદનીયકર્મની ઉદીરણાના સ્વામી પ્રમત્ત ગુણસ્થાનક સુધીના જીવો જ જાણવા. સોળે કષાયોની ઉદીરણાના સ્વામી પોત પોતાના બંધના અંતિમ ગુણસ્થાનક સુધીના જીવો જાણવા. હાસ્યાદિ ષટ્કની ઉદીરણાના સ્વામી અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમ સમય સુધીના જીવો જાણવા. ॥૨૦॥

**વિવેચન :-** સાતા વેદનીય તથા અસાતાવેદનીય એમ આ બે કર્મોની ઉદીરણા છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનક સુધીના જીવો કરે છે. જયારે સાતાનો ઉદય હોય ત્યારે સાતાની ઉદીરણા થાય છે અને જયારે અસાતાનો ઉદય હોય ત્યારે અસાતાની ઉદીરણા થાય છે. પરંતુ એકથી છ ગુણસ્થાનકવાળા જીવો જ ઉદીરક હોય છે. તેનાથી અન્ય અપ્રમત્તાદિ ગુણસ્થાનકવર્તી જીવો સાતા-અસાતાના ઉદયવાળા હોવા છતાં પણ ઉદીરક હોતા નથી. કારણ કે તે જીવો અતિશય વિશુદ્ધ હોવાથી સાતા અને અસાતાની ઉદીરણાને યોગ્ય અધ્યવસાયોનો તેઓને અભાવ છે.

તથા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યનીય, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન આ ચારે કષાયોમાં જે જે કષાયોના જે જે જીવો બંધ કરનારા છે. તે તે કષાયોના તે તે જીવો ઉદીરણા કરનારા છે. "जे वेयइ से बन्धइ" આવું શાસ્ત્રવચન હોવાથી જે જે કષાયો ઉદયથી વેદાતા હોય છે. તે તે કષાયો ત્યાં ત્યાં નિયમા બંધાતા હોય છે. આવો નિયમ હોવાથી ઉદયને અનુસારે બંધનો સંભવ હોય છે તથા ઉદય હોતે છતે અવશ્ય ઉદીરણા હોય છે માટે જ શાસ્ત્રકારોએ જે કહ્યું છે કે જે જે જીવો જે જે કષાયોના બંધક છે તે તે જીવો તે તે કષાયોના ઉદીરક હોય છે. આ કષાયોનો બંધ અને ઉદય સાથે હોવાથી બહુ યોગ્ય જ કહ્યું છે.

ત્યાં અનંતાનુબંધી ચાર કષાયોના સાસ્વાદન ગુણસ્થાનક સુધીના જીવો બંધક છે. અપ્રત્યાખ્યાનાવરણ કષાયોના અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક સુધીના જીવો બંધક છે. પ્રત્યાખ્યાનાવરણ કષાયોના દેશવિરતિ સુધીના જીવો બંધક છે. સંજ્વલન લોભ વિના શેષ ક્રોધાદિ ત્રણ કષાયોના અનિવૃત્તિ ગુણસ્થાનકે પોત પોતાનો બંધ વિચ્છેદ થાય ત્યાં સુધીના જીવો બંધક છે તથા સંજ્વલન લોભના બંધક અનિવૃત્તિના ચરમ સમય સુધીના જીવો હોવાથી તે તે જીવો ઉદય-ઉદીરણાવાળા પણ છે.

તથા સંજ્વલન લોભમાં પણ સૂક્ષ્મ કિટ્ટીકૃત જે લોભ છે. તે લોભના ઉદયવાળા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકવાળા જીવો છે. તે માટે તેવા લોભના તેઓ ઉદીરક પણ છે. આ વાત પૂર્વે પણ કહેવાઈ ગઈ છે. તથા હાસ્યાદિ ષટ્કના અપૂર્વકરણ ગુણસ્થાનક સુધીના જીવો ઉદયવાળા હોવાથી અપૂર્વકરણ ગુણસ્થાનક સુધીના જીવો જ ઉદીરક હોય છે. ॥૨૦॥

**जा ऊण खणो पढमो, सुहरइहासाणमेवमियराणं ।**
**देवा नेरइया वि य, भवठिइं के वि णेरइया ॥ २१ ॥**

**ગાથાર્થ :-** જ્યાં સુધી ઉત્પત્તિનું પ્રથમ અંતર્મુહૂર્ત વર્તે છે. ત્યાં સુધી દેવો નિયમા હાસ્ય રતિ અને સાતાના જ ઉદીરક હોય છે અને ઇતર એવી અરતિ શોક અને અસાતાના નારકીના જીવો નિયમા ઉદીરક હોય છે. (ત્યાર બાદ ઉદયની પરાવૃત્તિ હોય છે.) કેટલાક નારકીના જીવોને પોતાના ભવના અન્તિમ સમય સુધી પણ અસાતા-અરતિ અને શોકની જ ઉદીરણા (અને ઉદયવાળા જ) હોય છે. ॥૨૧॥

**વિવેચન :-** આ ગાથામાં હાસ્યરતિ અને સાતા તથા અરતિશોક અને અસાતાની ઉદીરણાના સ્વામી સમજાવે છે. જો કે ૨૦મી ગાથામાં હાસ્યાદિ ષટ્કની અને સાતા અસાતાની ઉદીરણાના સ્વામી કહેવાઈ ગયા છે. તો પણ દેવો અને નારકીના જીવો કેટલાક એવા છે કે જન્મથી મરણ પર્યન્ત અમુક અમુક પ્રકૃતિના જ નિયમા ઉદીરક હોય છે. આ વિશેષ વાત જણાવવાના આશયથી આ કથન કરેલ છે.

વ્યવહારથી દેવોનો ભવ સુખીઓ કહેવાય અને નારકીનો ભવ દુ:ખીયો કહેવાય છે. તેના કારણે દેવના જીવ પોતાના ભવના પ્રારંભથી અંત સુધી સાતાના જ અને હાસ્ય રતિના જ ઉદયવાળા હોવાથી સાતા તથા હાસ્ય અને રતિની જ ઉદીરણા કરનારા બને છે. તથા નરકના જીવો પોતાની ઉત્પત્તિથી મરણ સુધી નિરંતર અરતિ-શોક અને અસાતાના જ ઉદયવાળા હોવાથી અસાતાની જ તથા અરતિ-શોકની જ ઉદીરણાના સ્વામી બને છે. જોકે આ બાબતમાં આ છએ પ્રકૃતિઓ પરાવર્તન સ્વભાવવાળી હોવાથી કોઈને પણ સતત નિરંતરપણે ઉદય-ઉદીરણામાં આવતી નથી. વચ્ચે વચ્ચે પ્રતિપક્ષી પ્રકૃતિઓ ઉદયમાં આવે

જ છે. દેવોને અસાતા-અરતિ અને શોક તથા નારકીના જીવોને સાતા-હાસ્ય અને રતિનો ઉદય પણ હોય જ છે. પરંતુ દેવોને શુભનો ઉદય મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ અને અશુભનો ઉદય નાના અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે.

એવી જ રીતે નારકીના જીવોને અશુભનો ઉદય મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ તથા શુભનો ઉદય નાના અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. તેના કારણે વ્યવહારથી આમ કહેવાય છે કે દેવોને સદાકાળ સાતા હાસ્ય-રતિનો જ ઉદય હોય છે અને નારકીને સદાકાળ અસાતા અરતિ અને શોકનો જ ઉદય હોય છે. પરંતુ આ ઉપચાર વાકય છે.

પરમાર્થે વિચારીએ તો ઉત્પત્તિના (એટલે કે પોતપોતાના ભવ સંબંધી) પ્રથમ અંતર્મુહૂર્ત માત્ર જ દેવોને સાતાદિ શુભ જ અને નારકીને અસાતા આદિ અશુભ જ ઉદયમાં વર્તે છે. પરંતુ પ્રથમના અંતર્મુહૂર્ત પછી દેવો અથવા નારકી એમ દરેક જીવો પરાવર્તન વિધિ વડે (એટલે કે વારા ફરતી) છએ પણ પ્રકૃતિના ઉદયવાળા હોવાથી છએના ઉદીરક હોય છે.

**પ્રશ્ન :-** દેવનો ભવ તો સુખીયો કહેવાય, તેઓને અસાતા અરતિ અને શોક કેવી રીતે હોય ? તથા નારકીનો ભવ તો દુઃખીયો કહેવાય ? તેઓને સાતા-હાસ્ય અને રતિનો ઉદય કેમ હોય ?

**ઉત્તર :-** દેવોને સાતા હાસ્ય અને રતિનો ઉદય અને તે ત્રણની ઉદીરણા પ્રધાનતાએ હોય છે. પરંતુ (૧) પરગુણના મત્સર પ્રસંગે બીજાના ગુણો જોઈને ઈર્ષ્યા થાય તેવા પ્રસંગે તથા (૨) ખેદના પ્રસંગે અપ્રિય પ્રસંગો બને ત્યારે તથા (૩) પ્રિય વસ્તુઓનો વિયોગ થાય ત્યારે (૪) તથા પોતાનું જ ચ્યવન નજીક આવે ત્યારે આવા આવા પ્રસંગોમાં અસાતા અરતિ અને શોકનો ઉદય તથા ઉદીરણા પણ દેવોને હોઈ શકે છે.

તથા નારકીના જીવોને પણ સતત અરતિ-અસાતા અને શોકનો જ ઉદય તથા આ ત્રણની જ ઉદીરણા હોવા છતાં પણ તીર્થંકર પરમાત્માના ચ્યવન-જન્મ-દીક્ષા આદિ કલ્યાણકોના પ્રસંગે સાતા-હાસ્ય અને રતિનો ઉદય તથા ઉદીરણા પણ હોઇ શકે છે. માટે દેવોમાં શુભના ઉદયનો કાળ અને નારકીમાં અશુભના ઉદયનો કાળ વધારે (મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ) અને બન્ને ભવોમાં પ્રતિપક્ષી પ્રકૃતિઓના ઉદયનો કાળ નાના અંતર્મુહૂર્ત પ્રમાણ સમજવો.

તથા કેટલાક નારકીના જીવોને તો સંપૂર્ણ એવી ભવસ્થિતિ સુધી યાવત્ અસાતા-અરતિ અને શોકનાં જ ઉદય-ઉદીરણા હોય છે. જેમ કે સાતમી નારકીના જીવો. (તેવી જ રીતે કેટલાક દેવોને સંપૂર્ણ ભવસ્થિતિ પર્યન્ત સાતા-હાસ્ય અને રતિનો જ ઉદય અને ઉદીરણા પણ હોય જેમ કે અનુત્તરવાસી દેવો) માટે આ સઘળી વાતો વ્યવહાર નયની પ્રધાનતાએ સમજવી. ॥૨૧॥

*અવતરણ :- આ પ્રમાણે આ સઘળી ગાથાઓમાં એક એક પ્રકૃતિની ઉદીરણાનું સ્વામિત્વ સમજાવ્યું. હવે પ્રકૃતિનાં ઉદીરણાસ્થાનો સમજાવે છે :-*

**पंचण्हं च चउण्हं, बिइएक्काइ जा दसण्हं ति ।**
**तिगहीणाइ मोहे, मिच्छे सत्ताइ जाव दस ॥ २२ ॥**

ગાથાર્થ :- બીજા દર્શનાવરણીય કર્મમાં પાંચનું અને ચારનું એમ બે ઉદીરણા સ્થાનક હોય છે તથા મોહનીયકર્મમાં ત્રણની સંખ્યા વિનાનાં એકથી યાવત્ દશ સુધીનાં ઉદીરણા સ્થાનો મોહનીયમાં હોય છે ત્યાં મિથ્યાત્વ ગુણસ્થાનકે સાતથી દસ સુધીનાં ચાર ઉદીરણા સ્થાનો હોય છે. ॥૨૨॥

**વિવેચન :-** બે-ચાર-પાંચ પ્રકૃતિઓની ઉદીરણા સાથે સાથે જે વિચારવામાં આવે તેને ઉદીરણાસ્થાન કહેવાય છે. હવે આઠે કર્મોનાં ઉદીરણા સ્થાનકો વિચારાય છે. ત્યાં સૌથી પ્રથમ દર્શનાવરણીય કર્મનાં ઉદીરણા સ્થાનો જણાવે છે.

બીજા કર્મમાં એટલે દર્શનાવરણીય કર્મમાં ચારનું અને પાંચનું એમ બે ઉદીરણા સ્થાનક છે. એકી સાથે ઉદયમાં તથા ઉદીરણામાં પ્રકૃતિઓ અનુભવાતી હોય એવું ઉદીરણા સ્થાન ચારનું અને પાંચનું એમ બે જ હોય છે.

ત્યાં ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન એમ ચાર દર્શન ઉપરનાં આવરણીય કર્મનો છદ્મસ્થ જીવોને ધ્રુવ ઉદય છે તે માટે ઉદીરણા પણ ધ્રુવ સમજવી.

આ ચાર કર્મપ્રકૃતિઓ ધ્રુવોદયી હોવાથી મિથ્યાત્વથી ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનક સુધીના સર્વે પણ જીવોને સદાકાળ ઉદયમાં હોય છે. તેથી ઉદીરણા પણ આ ચારની અવશ્ય ચાલુ જ હોય છે. તે ચારની અંદર પાંચ નિદ્રામાંથી કોઈપણ એક નિદ્રાનો ઉદય હોય ત્યારે તે નિદ્રાની ઉદીરણાનો પ્રક્ષેપ કરીએ તો પાંચની ઉદીરણા થાય છે અને પાંચ નિદ્રામાંથી એકી સાથે બે-ત્રણ-ચાર નિદ્રાનો ઉદય અને ઉદીરણા સાથે સંભવી શકતી નથી માટે એક જ નિદ્રાનો ઉદય અને ઉદીરણા લેવી. આ પ્રમાણે દર્શનાવરણીય કર્મમાં ચારનું અને પાંચનું એમ બે ઉદીરણાસ્થાનો જાણવા.

તેમાં પણ ચારનું ઉદીરણા સ્થાન જે છે તેનો એક જ વિકલ્પ હોય છે. પરંતુ પાંચનું જે ઉદીરણા સ્થાન છે તે ચક્ષુરાદિ ચાર અને નિદ્રા એમ પાંચ અથવા ચક્ષુરાદિ ચાર અને નિદ્રા નિદ્રા એમ પાંચ, અથવા ચક્ષુરાદિ ચાર અને પ્રચલા એમ પાંચ આ પ્રમાણે જુદી જુદી નિદ્રા લેવાથી અને નિદ્રા પાંચ પ્રકારની હોવાથી પાંચના ઉદય અને ઉદીરણાના પાંચ વિકલ્પો થાય છે. આ પ્રમાણે દર્શનાવરણીયકર્મનાં ઉદીરણા સ્થાનો સમજાવ્યાં.

હવે મોહનીયકર્મનાં ઉદીરણા સ્થાનો સમજાવાય છે. તથા મોહનીયકર્મમાં એકથી દશની સંખ્યાવાળાં ઉદીરણા સ્થાનો જાણવાં. તેમાં માત્ર ત્રણની સંખ્યાવાળુ એક ઉદીરણા સ્થાન છોડી દેવું અર્થાત્ "૧-૨-૪-૫-૬-૭-૮-૯-૧૦" એમ કુલ નવ ઉદીરણાસ્થાનો જાણવાં. સારાંશ કે મોહનીયકર્મની ઉદીરણામાં એકથી ત્રિકહીન દશ સુધીનાં કુલ ૯ ઉદીરણા સ્થાન હોય છે આમ સમજવું.

આ સર્વે ઉદીરણાસ્થાનોનું સ્વામિત્વ કહેવાય છે. मिच्छे = મિથ્યાત્વે એટલે કે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે સાતથી આરંભીને દશ સુધીના કુલ ચાર ઉદીરણાસ્થાનો હોય છે અર્થાત્ ૭-૮-૯ અને ૧૦ એમ કુલ ચાર ઉદીરણા સ્થાનો મિથ્યાત્વે હોય છે ત્યાં સાત પ્રકૃતિઓનું ઉદીરણાસ્થાન કેવી રીતે થાય ? તે સમજાવે છે -

એક મિથ્યાત્વ, તથા અપ્રત્યાખ્યનીય, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એમ આ ત્રણ કષાયોના ક્રોધાદિમાંથી કોઈ પણ અન્યતમ ક્રોધાદિ ત્રણ, સજાતીય એવા તે સર્વેનો ઉદય સાથે જ હોય છે તે માટે, કાં તો આ ત્રણે ક્રોધ અથવા તો આ ત્રણે માન, અથવા તો આ ત્રણે માયા, અથવા આ ત્રણો લોભ એમ ૩ કષાય સાથે ઉદય ઉદીરણામાં લેવા.

પરંતુ વિજાતીય એવા ક્રોધ-માન-માયા અને લોભનો ઉદય સાથે ન લેવો. કારણ કે તેઓનો એકી સાથે ઉદય હોતો નથી. એટલે ઉદીરણા પણ ક્રોધ-માન-માયા આદિની સાથે ન લેવી. તે માટે ત્રણ ક્રોધ અથવા ત્રણ માન, અથવા ત્રણ માયા, અથવા ત્રણ લોભ એમ સજાતીય કષાયોની યુગમદ્ = એકી સાથે ઉદીરણા હોય છે માટે આ ત્રણ કષાય.

તથા ત્રણ વેદમાંથી કોઈ પણ એક વેદનો ઉદય હોય છે. તેથી ઉદીરણામાં પણ ૧ વેદ, તથા હાસ્ય અને રતિ એમ યુગલ અથવા અરતિ અને શોક એમ યુગલ આ બન્ને યુગલમાંથી એકી સાથે એક યુગલ, આ સાત પ્રકૃતિઓ ૧+૩+૧+૨ = ૭ મિથ્યાત્વ ગુણસ્થાનકે આ સાત પ્રકૃતિઓનો અવશ્ય ઉદય હોય છે. તેમાં ૨૪ વિકલ્પો થાય છે અર્થાત્ ચોવીશ ભાંગા થાય છે. ત્રણ વેદમાંથી એક વેદ ઉદીરણામાં હોય છે. કોઈને પુરુષ વેદ તો કોઈને સ્ત્રીવેદ તો કોઈને નપુંસકવેદ એમ વેદ આશ્રયી ૩ ભાંગા, તેમાં કોઈ કોઈ જીવોને હાસ્ય અને રતિનું યુગલ ઉદીરણામાં હોય અને કોઈ કોઈ જીવોને અરતિ અને શોકનું યુગલ ઉદીરણામાં હોય છે. તેથી ૩ વેદ x ૨ યુગલ્ = ૬ ભાંગા થાય. તેને ક્રોધાદિ ચાર કષાયો સાથે જોડતાં ૬ x ૪ = ૨૪ ચોવીશ ભાંગા થાય.

ટીકાકારશ્રીની ટીકાની પંક્તિ પ્રમાણે વિચારીએ તો બે યુગલમાંથી પરાવર્તે પરાવર્તે એક એક યુગલ લઈએ તો બન્નેમાં એક એક ભાંગો થાય. તેથી કુલ ૨ ભાંગા થાય. તે બન્ને ભાંગા ત્રણે પણ વેદમાં પ્રાપ્ત થાય છે એટલે ત્રણને બે વડે ગુણશો તો છ ભાંગા

થશે, તે છએ ભાંગા ક્રોધ-માન-માયા અને લોભ એમ ચારે કષાયોમાં પ્રાપ્ત થાય છે. તેથી છને ચારે ગુણવાથી ૬ x ૪ = ૨૪ ભાંગા સાતના ઉદયે થાય છે.

તે સાત પ્રકૃતિઓમાં ભય અથવા જુગુપ્સા અથવા અનંતાનુબંધી કષાય પ્રક્ષિપ્ત કરાયે છતે આઠની ઉદીરણા ત્રણ પ્રકારે થાય છે. આ ત્રણેમાં એક એકની અંદર ૨૪-૨૪ ભાંગા ઉપર સમજાવ્યા પ્રમાણે થતા હોવાથી કુલ ૩ ચોવીશી ભાંગા થાય છે.

**પ્રશ્ન :-** મિથ્યાદષ્ટિ જીવમાં અનંતાનુબંધી કષાયનો અવશ્ય ઉદય હોવાથી અનંતાનુબંધી કષાયથી રહિત એવા ઉદય સ્થાનકની પ્રાપ્તિ જ ન હોવાથી અનંતાનુબંધીનો અવશ્ય ઉદય છે તે માટે ઉદીરણા પણ અવશ્ય છે જ, તો પછી અનંતાનુબંધી કષાયના ઉદયથી રહિત એવી ૭ પ્રકૃતિઓ કે સાત પ્રકૃતિઓનું ઉદયસ્થાન સમજાવવું અને તેના ૨૪-૨૪ ભાંગાઓનું કથન કરવું તે વાત સર્વથા અસંગત છે અર્થાત્ અનુચિત છે.

**ઉત્તર :-** આવો પ્રશ્ન જો કરતા હો તો અમે તેનો ઉત્તર કહીએ છીએ. "જે સમ્યગ્દૃષ્ટિ આત્મા છે તેવા જીવે અનંતાનુબંધી ૪ કષાયોની વિસંયોજના કરી છે અને ત્યાર પછી મિથ્યાત્વ મોહાદિ કર્મોને ખપાવવા માટે થાકી ગયેલ છે. ખપાવવા સમર્થ બની શકતો નથી. તેવા પ્રકારની વિશુદ્ધિ આદિ સામગ્રીનો અભાવ હોવાથી મિથ્યાત્વ મોહ આદિ દર્શન મોહનીયના નાશ માટે ઉદ્યમશીલ એ જીવ બની શકતો નથી. તેના કારણે કાલાન્તરે પતન પામીને મિથ્યાત્વે જાય છે અને તે મિથ્યાત્વના નિમિત્તે ફરીથી અનંતાનુબંધી ૪ કષાયો બાંધે છે."

તેવા જીવને અનંતાનુબંધીના બંધની પ્રથમ આવલિકામાં અનંતાનુબંધી ૪ કષાયની સત્તા છે. પરંતુ પ્રથમ આવલિકામાં અબાધાકાળ વર્તતો હોવાથી ઉદય નથી અને ઉદય ન હોવાના કારણે ઉદીરણા પણ નથી.

આ રીતે મિથ્યાદષ્ટિ ગુણસ્થાને ૧ આવલિકાકાળ પ્રમાણ અનંતાનુબંધી ૪ કષાયોનો ઉદય અને ઉદીરણા ન હોય તેવો પણ કાળ સંભવતો હોવાથી અનંતાનુબંધી ૪ કષાયના ઉદય અને ઉદીરણાથી રહિત એક આવલિકાકાળ પ્રાપ્ત થતો હોવાથી તે બંધાવલિકા પસાર થયે છતે ત્યારબાદ ઉદય થવાથી અવશ્ય ઉદીરણા પણ થઈ શકે છે જ.

**પ્રશ્ન :-** અનંતાનુબંધી ચાર કષાય જે જુના બાંધેલા હતા તેની તો વિસંયોજના જ કરી લીધેલી છે અને નવા જે બંધાય છે કે જેની બંધાવલિકા ચાલે છે. તે પસાર થયા પછી ઉદય થાય અને તેના કારણે ઉદીરણા પણ પછી થાય. આમ જે કહેવાય છે. તે ઘટતું નથી. કારણ કે જે નવા બંધાય છે તેનો તો અબાધાકાળ જ વર્તે છે. તે અબાધાકાળની

સમાપ્તિ થાય ત્યારે જ તેનો ઉદય થઈ શકે છે અને તે અબાધાકાળ જઘન્યથી પણ અનન્તાનુબંધીનો અંતર્મુહૂર્ત પ્રમાણ તો હોય જ છે. તેથી અંતર્મુહૂર્ત સુધી તો અનન્તાનુબંધી ઉદયમાં આવવાનો જ નથી. તો એક આવલિકા માત્ર ૭નો ઉદય કેમ જણાવો છો ?

**ઉત્તર :-** नायं दोषः આ દોષ અમને આવતો નથી. કારણ કે જે નવો અનંતાનુબંધી કષાય બંધાય છે. તેનો અબાધાકાય ભલે અંતર્મુહૂર્ત પ્રમાણ હોય. તેનો ઉદય ભલે અંતર્મુહૂર્ત પછી થાય. પરંતુ જે સમયે અનંતાનુબંધી ૪ કષાયના બંધનો આરંભ કર્યો ત્યારથી જ તે કષાયો બંધાતા હોવાથી તેઓની સત્તા શરૂ થાય છે અને સત્તા હોતે છતે પતદ્ગ્રહતાને પામે છે. તેની પતદ્ગ્રહતા હોતે છતે શેષ (બાકીની) ચારિત્ર મોહનીયકર્મની પ્રકૃતિઓના દલિકનો તે અનંતાનુબંધીમાં સંક્રમ થાય છે.

તે કારણથી જેમ અનંતાનુબંધી કષાય નવો બંધાય છે. તેમ તેમાં શેષ ચારિત્રમોહનીયનો સંક્રમ પણ થાય છે. આ કારણથી બંધાતા અનંતાનુબંધીનો અબાધાકાળ હોવાથી તેનો ઉદય આવલિકા પછી તુરત ભલે ન થાય. પરંતુ સંક્રમથી અનંતાનુબંધિમાં આવેલા અને અનંતાનુબંધીરૂપે થતા તે અનંતાનુબંધી કષાયની પોતાના બંધની આવલિકાની સાથે જ સંક્રમ્યમાણ દલિકોના સંક્રમની સંક્રમાવલિકા પણ પસાર થયે છતે સંક્રમથી આવેલા તે કર્મદલિકોનો એક આવલિકા પછી ઉદય થઈ શકે છે અને ઉદય હોતે છતે ઉદીરણા પણ સંભવી શકે છે.

તે કારણથી જે સમયે બંધનો પ્રારંભ થાય છે. ત્યારથી જ એક આવલિકા પસાર થયે છતે સંક્રમથી આવેલા કર્મદલિકોના ઉદયનું અને તેની સાથે ઉદીરણાનું વિધાન કરવું તે જરા પણ અનુચિત નથી. તેથી ૭નું અને ૮નું ઉદીરણા સ્થાન અનંતાનુબંધી વિનાનું પણ મિથ્યાત્વે સારી રીતે સંભવી શકે છે.

તથા તે ૭માં ભય-જુગુપ્સા અથવા ભય અનંતાનુબંધી અથવા જુગુપ્સા-અનંતાનુબંધીનો સાથે ઉદય થાય ત્યારે નવ પ્રકૃતિઓનો ઉદય થવાથી નવની ઉદીરણા હોય છે ત્યાં નવના ઉદયમાં પણ એક એક વિકલ્પવાર ત્રણેમાં ચોવીશ ચોવીશ ભાંગાની પ્રાપ્તિ થાય છે. તે કારણથી ત્રણ ચોવીશી ભાંગા સમજવા.

તથા તે જ સાત પ્રકૃતિના ઉદયમાં ભય-જુગુપ્સા તથા અનંતાનુબંધી કષાય એમ ત્રણનો ઉદય પ્રક્ષિપ્ત કરતાં ૧૦નું ઉદીરણા સ્થાન થાય છે. ત્યાં પણ ચોવીસ ભાંગા પૂર્વની જેમ જ સમજવા એટલે એક ચોવીશી ભાંગા થાય છે. આ પ્રમાણે ૭ની ઉદીરણામાં ૧ ચોવીશી, ૮ની ઉદીરણામાં ૩ ચોવીશી, નવની ઉદીરણામાં ૩ ચોવીશી અને દશની ઉદીરણામાં ૧ ચોવીશી એમ કુલ મિથ્યાત્વ ગુણસ્થાને ઉદીરણાના (૮) ચોવીશીભાંગા થશે. ॥૨૨॥

*અવતરણ :- આ પ્રમાણે મિથ્યાત્વ ગુણઠાણે મોહનીયકર્મનાં ઉદીરણા સ્થાનક તથા તેના આઠ ચોવીશી ભાંગા કહ્યા. હવે સાસ્વાદન અને મિશ્ર ગુણઠાણે તે મોહનીય કર્મનાં ઉદીરણા સ્થાનક સમજાવતાં કહે છે કે :-*

**सासणमिस्से णव अविरए य छाइ परम्मि पंचाइ ।**
**अट्ठ विरए य चउराइ, सत्त छच्चोवरिल्लंम्मि ॥ २३ ॥**

**ગાથાર્થ :-** સાસ્વાદન તથા મિશ્ર ગુણસ્થાનકે પણ (સાતથી) નવ સુધીનાં ઉદીરણાસ્થાનો હોય છે. અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે ૬ થી ૯ સુધીનાં અને તેનાથી પાછલા (પાંચમા) ગુણઠાણે પાંચથી આઠ સુધીનાં અને સર્વવિરતમાં ચારથી સાત સુધીનાં અને સર્વવિરતિથી ઉપરના ગુણસ્થાનકમાં (અપૂર્વકરણમાં) ચારથી છ સુધીનાં ઉદીરણાસ્થાનો હોય છે. ॥૨૩॥

**વિવેચન :-** સાસ્વાદન સમ્યગ્દષ્ટિ નામના બીજા ગુણ સ્થાનકે તથા મિશ્રદષ્ટિ નામના ત્રીજા ગુણસ્થાનકે सत्ताइ પદ ૨૨મી ગાથામાંથી અહીં લાવવાનું છે અને આ ગાથામાં લખેલું नव પદ જોડવાનું છે. એટલે सत्ताइ नव પદ થશે. તેથી સાતથી નવ (૭ થી ૯) સુધીનાં ત્રણ ઉદીરણા સ્થાનો હોય છે.

ત્યાં સાસ્વાદન ગુણસ્થાનકે અનંતાનુબંધી કષાય અવશ્ય ઉદયમાં હોય છે. તેથી અનંતાનુબંધી આદિ ચારે કષાયોના ક્રોધાદિ અથવા માનાદિ ચાર કષાયો, ત્રણ વેદમાંથી કોઈ પણ એક વેદ, તથા હાસ્ય-રતિ અથવા અરતિ શોક આ બન્ને યુગલમાંથી ગમે તે એક યુગલ એમ કુલ ૪+૧+૨ = ૭ પ્રકૃતિઓ અવશ્ય ઉદય-ઉદીરણામાં હોય છે. તેથી ૭નું ઉદીરણા સ્થાન જાણવું.

આ ૭ના ઉદીરણા સ્થાનમાં ક્રોધાદિ ૪ કષાયો, ત્રણ વેદ અને યુગલના પરસ્પર સંચારણથી ૪ x ૩ x ૨ = ૨૪ એક ચોવીશી ભાંગા થાય છે. તે સાતમાં ભયની ઉદીરણા ભેળવીએ અથવા જુગુપ્સાની ઉદીરણા ભેળવીએ ત્યારે આઠની ઉદીરણા થાય છે. ત્યાં બન્ને પ્રકારે ૨૪-૨૪ ભાંગા થતા હોવાથી ૨ ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે.

તથા આ ૭ ના ઉદીરણા સ્થાનમાં ભય અને જુગુપ્સા બન્નેની સાથે ઉદીરણા હોય આવી વિવક્ષા કરીએ તો ૯નું ઉદીરણા સ્થાન હોય છે ત્યાં પણ એક ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે.

આ પ્રમાણે સાસ્વાદને ૭ના ઉદીરણાસ્થાને ૧, આઠના ઉદીરણા સ્થાને ૨, અને નવના ઉદીરણા સ્થાને ૧ એમ કુલ ૪ ચોવીશી ભાંગા થાય છે. કુલ ૨૪ x ૪ = ૯૬ ઉદીરણાના ભાંગા સાસ્વાદને જાણવા.

તથા મિશ્રદૃષ્ટિ નામના ત્રીજા ગુણસ્થાનકે અનંતાનુબંધી કષાયનો ઉદય ન હોવાથી ઉદીરણા પણ સંભવતી નથી. તેથી ક્રોધાદિ ૩ કષાયો, કોઈ પણ અન્યતર વેદ, કોઈ પણ અન્યતર યુગલ તથા મિશ્ર મોહનીય એમ કુલ ૩ x ૧ x ૨ x ૧ = ૭ ની ઉદીરણા ઓછામાં ઓછી અવશ્ય હોય છે. ત્યાં એક ચોવીશી ભાંગા પૂર્વની જેમ જાણવા.

તથા આ જ સાત પ્રકૃતિઓમાં ભય અથવા જુગુપ્સા આ બન્નેમાંથી કોઈ પણ એકનો ઉદય અધિક હોય ત્યારે તેની એકની ઉદીરણા પણ અધિક હોવાથી આઠનું ઉદીરણા સ્થાન બને છે ત્યાં ભય સાથે એક ચોવીશી અને જુગુપ્સા સાથે એક ચોવીશી એમ કુલ બે ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે.

તથા ઉપરોક્ત ૭ની ઉદીરણામાં ભય અને જુગુપ્સા એમ બન્ને ભેળવીએ ત્યારે ૯નું ઉદીરણા સ્થાનક થાય છે. ત્યાં એક ચોવીશી ભાંગા થાય છે. આ રીતે મિશ્ર ગુણસ્થાનકે ૭ના ઉદીરણા સ્થાનમાં ૧ ચોવીશી, ૮ના ઉદીરણા સ્થાનમાં ૨ ચોવીશી અને નવના ઉદીરણા સ્થાનમાં ૧ ચોવીશી એમ કુલ ૪ ચોવીશી ૨૪ x ૪ = ૯૬ ઉદીરણાના ભાંગ થાય છે.

તથા અવિરત સમ્યગ્દષ્ટિનામના ચોથા ગુણસ્થાનકે ૬ થી ૯ સુધીનાં કુલ ૪ ઉદીરણા સ્થાનો હોય છે ત્યાં ઔપશમિક સમ્યગ્દષ્ટિ, ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવો હોય છે. તેમાં ઔપશમિક સમ્યગ્દષ્ટિ અથવા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ આત્માઓને ઓછામાં ઓછી ૬ની ઉદીરણા સંભવે છે. અપ્રત્યાખ્યાનીય આદિ ૩ કષાયો, ત્રણ વેદમાંથી ૧ વેદ અને બે યુગલમાંથી એક યુગલ ૨, આમ કુલ ૩ + ૧ + ૨ = ૬ નું ઉદીરણા સ્થાન અવશ્ય હોય છે. ત્યાં પૂર્વે કહેલી નીતિ રીતિ મુજબ ૧ ચોવીસી ભાગા થાય છે.

તથા આ છમાં ભય અથવા જુગુપ્સાની ઉદીરણા વધારે હોય ત્યારે સાતની ઉદીરણા થાય છે અને આ સાતની ઉદીરણા ઔપશમિક અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે અથવા ભય અને જુગુપ્સા વિના સમ્યક્ત્વ મોહનીયનો ઉદય હોય છે. તો તેની ઉદીરણા પણ હોય છે. ત્યારે તે સાતની ઉદીરણા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. આ પ્રમાણે ૭ની ઉદીરણામાં ૩ ચોવીશી ભાંગા થાય છે.

તથા ઉપરોક્ત ૬ પ્રકૃતિની ઉદીરણામાં ભય-જુગુપ્સા બન્ને મેળવીએ ત્યારે ૮ની ઉદીરણા ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વી જીવોને હોય છે ત્યાં કષાય, વેદ અને યુગલના ગુણાકારથી ૧ ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે. જે ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વી જીવોને જ હોય છે.

તથા આ જ ૬ પ્રકૃતિની ઉદીરણામાં ભય અને સમ્યક્ત્વ મોહનીય તથા જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીય એમ બે ઉમેરતાં પણ આઠનું ઉદીરણા સ્થાન હોય છે. ત્યાં પણ ચોવીશ ચોવીશ ઉદીરણાના ઉદયભાંગા થાય છે. આ પ્રમાણે આ ૨ ચોવીશી ઉદીરણાના ભાંગા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. આ પ્રમાણે આઠના ઉદીરણાસ્થાનમાં કુલ ૩ ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે.

તથા આ ૬માં ભય-જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીય એમ ત્રણેની ઉદીરણા મેળવતાં કુલ ૯નું ઉદીરણાસ્થાન હોય છે. ત્યાં એક ચોવીશી ભાંગા થાય છે. આ પ્રમાણે અવિરત સમ્યગ્દષ્ટિ નામના ચોથા ગુણસ્થાનકે ૬ના ઉદીરણાસ્થાનમાં ૧, સાતના ઉદીરણા સ્થાનમાં કુલ ૩, આઠના ઉદીરણા સ્થાનમાં કુલ ૩, અને નવના ઉદીરણા સ્થાનમાં કુલ ૧ એમ ૮ ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે. એટલે ૮ x ૨૪ = ૧૯૨ ઉદીરણાના ભાંગા ચોથા ગુણઠાણે ૧૭ના બંધે જાણવા.

"परम्मि पंचाइ अट्ठ" આવા પ્રકારનાં આ ગાથામાં જે પદો છે તેનો અર્થ આ પ્રમાણે છે पर એટલે અવિરત સમ્યગ્દષ્ટિ નામના ચોથા ગુણસ્થાનકથી પાછલું જે ગુણસ્થાનક તે દેશવિરતિ નામનું પાંચમું ગુણસ્થાનક, ત્યાં पंचाइ अट्ठ = પાંચથી આઠ સુધીનાં કુલ ૪ ઉદીરણા સ્થાનો હોય છે અર્થાત્ ૫-૬-૭-૮ એમ કુલ ૪ ઉદીરણા સ્થાનો હોય છે.

ત્યાં ત્રીજો ચોથો કષાય એટલે કે પ્રત્યાખ્યાનાવરણ તથા સંજ્વલન એણ બે ક્રોધાદિ કષાયો, ત્રણ વેદમાંથી કોઈ પણ એક વેદ, તથા બે યુગલમાંથી કોઈ પણ એક યુગલ આ પ્રમાણે ઓછામાં ઓછી પાંચમા ગુણઠાણે ૨ + ૧ + ૨ = કુલ પાંચની ઉદીરણા અવશ્ય હોય છે. તેથી તે ધ્રુવોદીરણા કહેવાય છે. તેમાં એક ચોવીશી ભાંગા થાય છે.

તથા આ પાંચમાં ભય અથવા જુગુપ્સા અથવા સમ્યક્ત્વમોહનીયની ઉદીરણા એમ એકની ઉદીરણા મેળવતાં કુલ છનું ઉદીરણાસ્થાન થાય છે ત્યાં ભય અથવા જુગુપ્સા ભેળવવાથી જે છનું ઉદીરણાસ્થાન થાય છે તે ઔપશમિક અથવા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. ત્યાં એક એક ચોવીશી ઉદીરણાના ભાંગા જાણવા. તથા સમ્યક્ત્વ મોહનીયની ઉદીરણા ઉમેરતાં પણ છનું ઉદીરણાસ્થાન થાય છે. પરંતુ તે ઉદીરણાસ્થાન ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવોને જાણવું. ત્યાં છના ઉદીરણા સ્થાનમાં કુલ ત્રણ ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે.

તથા પૂર્વોક્ત પાંચની ઉદીરણામાં ભય અને જુગુપ્સા બન્ને સાથે મેળવતાં ૭નું જે ઉદીરણા સ્થાન છે. તે ઔપશમિક અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. ત્યાં એક ચોવીશી ભાંગા થાય છે તથા આ જ પાંચમાં ભય + સમ્યક્ત્વમોહનીય અથવા જુગુપ્સા

+ સમ્યક્ત્વમોહનીય ઉમેરતાં પણ સાતનું ઉદીરણાસ્થાન બને છે. પરંતુ તે ઉદીરણાસ્થાન ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને હોય છે ત્યાં પણ એક એક ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે. આ પ્રમાણે સાતના ઉદીરણા સ્થાનમાં કુલ ત્રણ ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે.

તથા ઉપરોક્ત પાંચ પ્રકૃતિની ઉદીરણામાં ભય-જુગુપ્સા અને સમ્યક્ત્વ મોહનીય એમ ત્રણ પ્રકૃતિઓની ઉદીરણા ઉમેરતાં કુલ આઠ પ્રકૃતિઓનું ઉદીરણા સ્થાન થાય છે. ત્યાં એક ચોવીશી ભાંગા થાય છે.

આ પ્રમાણે દેશવિરતિ ગુણસ્થાનકે પાંચની ઉદીરણામાં એક, છની ઉદીરણામાં ત્રણ, સાતની ઉદીરણામાં પણ ત્રણ અને આઠની ઉદીરણામાં એક એમ કુલ ૧+૩+૩+૧ = આઠ ચોવીશી ઉદીરણાના ભાંગા પાંચમા ગુણઠાણે થાય છે.

ગાથામાં લખેલા विरते શબ્દથી પ્રમત્ત અને અપ્રમત્ત નામના છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકે ઉપર સમજાવ્યા પ્રમાણે જ ચોવીશી અને ઉદીરણાના ભાંગા કરવાના છે ત્યાં પ્રત્યાખ્યાનાવરણ નામનો એક કષાય ઉદયમાં ન હોવાથી ઉદીરણામાં પણ ન્યૂન કરવાનો છે. તેથી સંજ્વલન ક્રોધાદિ ચારમાંથી એક કષાય, ત્રણ વેદમાંથી એક વેદ અને બે યુગલમાંથી એક યુગલ એમ કુલ ૧+૧+૨ = ૪ ચાર પ્રકૃતિઓની ધ્રુવ ઉદીરણા હોય છે. આ ચારનું ઉદીરણા સ્થાન ઔપશમિક અથવા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવોને જ હોય છે. ત્યાં એક ચોવીશી ભાંગા પૂર્વની જેમ જાણવા.

તથા આ ચારમાં ભય અથવા જુગુપ્સા અથવા સમ્યક્ત્વમોહનીય આ ત્રણમાંથી કોઈ પણ એક પ્રકૃતિની ઉદીરણા મેળવતાં પાંચની ઉદીરણા થાય છે. ત્યાં ભય ભેળવો ત્યારે પણ એક ચોવીશી ભાંગા, તથા જુગુપ્સા ભેળવો ત્યારે પણ એક ચોવીશી ભાંગા, આ બન્ને ચોવીશીના ઉદીરણાના ભાંગા ઔપશમિક અથવા ક્ષાયિક સમ્યક્ત્વી જીવોને હોય છે. તથા ભય અને જુગુપ્સા ન ઉમેરતાં અને સમ્યક્ત્વ મોહનીય ઉમેરતાં પણ પાંચની જ ઉદીરણા હોય છે ત્યાં એક ચોવીશી ભાંગા થાય છે. પરંતુ તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવોને જાણવા. આ પ્રમાણે પાંચના ઉદીરણાસ્થાનમાં છઠ્ઠા - સાતમા ગુણઠાણે ત્રણ ચોવીસી ઉદીરણાના ભાંગા થાય છે.

તથા ઉપરોક્ત ૪માં ભય અને જુગુપ્સા બન્ને સાથે ઉમેરતાં છનું ઉદીરણાસ્થાન થાય છે. તે ઔપશમિક અથવા ક્ષાયિક સમ્યક્ત્વીને હોય છે ત્યાં એક ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે અથવા ભય અને સમ્યક્ત્વમનોહનીય ઉમેરતાં તથા જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીય ઉમેરતાં પણ છનું ઉદીરણાસ્થાન થાય છે. પરંતુ તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને હોય છે. ત્યાં પણ એક-એક ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે. કુલ છના ઉદીરણાસ્થાનમાં ત્રણ ચોવીશી ભાંગા થાય છે.

તથા ઉપરોક્ત ૪માં ભય-જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીય એમ ત્રણેની ઉદીરણા ઉમેરતાં કુલ ૭નું ઉદીરણાસ્થાન થાય છે ત્યાં એક ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે. આ રીતે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે ચારથી સાત સુધીનાં કુલ ૪ ઉદીરણાસ્થાન અને ૧-૩-૩-૧ = કુલ આઠ ચોવીશી ઉદીરણાના ભાંગા હોય છે.

"छच्चोवरिल्लम्मि" તેનાથી પણ ઉપરના એટલે કે અપૂર્વ કરણ ગુણસ્થાનક નામના આઠમા ગુણઠાણે ચારથી છ સુધીનાં જ ત્રણ ઉદીરણા સ્થાનો હોય છે. ત્યાં શ્રેણિનો પ્રારંભ હોવાથી ઔપશમિક અથવા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવો જ હોય છે. પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવો હોતા નથી તેથી ૪-૫-૬ એમ ત્રણ જ ઉદીરણાસ્થાન હોય છે ત્યાં ચારના ઉદીરણાસ્થાને ૧ ચોવીશી તેમાં ભય અથવા જુગુપ્સા ભેળવતાં ૫નું ઉદીરણાસ્થાન થાય ત્યાં ૨ ચોવીશી અને ભય-જુગુપ્સા બન્ને સાથે ઉમેરતાં ૧ ચોવીશી એમ કુલ ૪ ચોવીશી ઉદીરણા ભાંગા થાય છે.

આ પ્રમાણે આઠમા ગુણસ્થાનકે થતા આ ચાર ચોવીશીવાળા ઉદીરણાના ભાંગા પ્રમત્ત અને અપ્રમત્ત નામના છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકથી જરા પણ જુદા નથી. તે કારણથી પૃથક્ ગણાતા નથી. આ પ્રમાણે આઠમા ગુણસ્થાનક સુધીના મોહનીયના ભાંગા સમજાવ્યા. ॥૨૩॥

*અવતરણ :- ૧ થી ૮ ગુણસ્થાનક સુધીના મોહનીયકર્મની ઉદીરણાની ચોવીશી તથા ઉદીરણાના ભાંગા કહીને હવે નવમા-દસમા ગુણઠાણે મોહનીયકર્મના કેટલા ભાંગા હોય ? તે સમજાવે છે :-*

**अणियट्टिम्मि दुगेगं, लोभो तणुरागिगे चउवीसा ।**
**एक्कगछक्केक्कारस, दस सत्त चउक्क एक्काओ ॥ २४ ॥**

**ગાથાર્થ :-** અનિવૃત્તિ બાદર સંપરાયે બેનું અને એકનું એમ બે ઉદીરણાસ્થાનો હોય છે તથા તનુરાગવાળા એટલે કે સૂક્ષ્મ સંપરાયવાળા જીવોને ૧ લોભની જ ઉદીરણા હોય છે. આ પ્રમાણે કુલ ૧-૬-૧૧-૧૦-૭-૪ અને ૧ ચોવીશી ઉદીરણાના ભાંગા થાય છે. ॥૨૪॥

**વિવેચન :-** નવમા અનિવૃત્તિ ગુણસ્થાનકે યુગલનો ઉદય હોતો નથી તેથી હાસ્ય-રતિ અને અરતિ-શોક તથા ભય-જુગુપ્સા આ છએની ઉદીરણા પણ સંભવતી નથી. તેના કારણે સંજ્વલન ક્રોધાદિ ચાર કષાયમાંથી એક કષાય અને ત્રણ વેદમાંથી એક વેદ એમ બે પ્રકૃતિનું જ ઉદયસ્થાનક હોવાથી ૨નું જ ઉદીરણા સ્થાન પ્રારંભમાં હોય છે. ત્યાં ક્રોધાદિ ૪ કષાયો અને ત્રણ વેદના ભાંગા થવાથી ૪ x ૩ = ૧૨ ઉદય ભાંગા થાય છે અને આ જ ૧૨ ઉદીરણાના ભાંગા જાણવા.

અનિવૃત્તિ બાદરે થોડોક કાળ પસાર થયા પછી વેદનો ઉદય નષ્ટ થવાથી વેદની ઉદીરણા પણ રહેતી નથી. જેથી માત્ર ૧ સંજ્વલન કષાયની જ ઉદીરણા હોય છે. તેના ચાર ભાંગા થાય છે.

હવે સૂક્ષ્મ સંપરાય નામના દસમા ગુણસ્થાનકે સૂક્ષ્મ કિટ્ટી કૃત લોભને વેદતા જીવોને સૂક્ષ્મ એવો કિટ્ટીકૃત લોભ જ એક મોહનીયકર્મની પ્રકૃતિરૂપે ઉદય અને ઉદીરણામાં હોય છે ત્યાં એક લોભની જ ઉદીરણા છે અને એક જ ઉદીરણા ભાંગો થાય છે.

હવે ચારના ઉદીરણાસ્થાનથી દસ સુધીના ઉદીરણાસ્થાનોમાં કેટલી કેટલી ચોવીશી ભાંગા ઉદીરણાના થયા. તેની સંખ્યા કહે છે :-

દસની ઉદીરણામાં એક ચોવીશી, નવની ઉદીરણામાં છ ચોવીશી, આઠની ઉદીરણામાં અગીયાર ચોવીશી, સાતની ઉદીરણામાં દશ ચોવીશી, છની ઉદીરણામાં સાત ચોવીશી અને પાંચની ઉદીરણામાં ચાર ચોવીશી, ચારની ઉદીરણામાં એક ચોવીશી એમ કુલ ૪૦ ચોવીસી પ્રમાણ ઉદીરણામાં ૧૦ થી ૪ના ઉદીરણાસ્થાનમાં ઉદીરણાના ભાંગા થાય છે. છેલ્લે સંકલના આ પ્રમાણે કરી છે.

| | | |
|---|---|---|
| ૧૦ ની ઉદીરણામાં | ૧ | ચોવીશી |
| ૯ ની ઉદીરણામાં | ૬ | ચોવીશી |
| ૮ ની ઉદીરણામાં | ૧૧ | ચોવીશી |
| ૭ ની ઉદીરણામાં | ૧૦ | ચોવીશી |
| ૬ ની ઉદીરણામાં | ૭ | ચોવીશી |
| ૫ ની ઉદીરણામાં | ૪ | ચોવીશી |
| ૪ ની ઉદીરણામાં | ૧ | ચોવીશી |
| | ૪૦ | ચોવીશી તથા |
| ૨ ની ઉદીરણામાં | ૧૨ | ભાંગા |
| ૧ ની ઉદીરણામાં | ૫ | ભાંગા (૪ અનિવૃત્તિએ અને એક સૂક્ષ્મ સંપરાયે) |
| | ૧૭ | ભાંગા |

આ પ્રમાણે મોહનીય કર્મનું ચિત્ર જાણવું.॥૨૪॥

*અવતરણ :- આ પ્રમાણે મોહનીયકર્મનાં ઉદીરણાસ્થાનો કહ્યાં. હવે નામકર્મનાં તે ઉદીરણાસ્થાનો કહેવાય છે :-*

**एगबियालापण्णाइ, सत्तपन्नंत गुणिसु नामस्स ।**
**नव सत्त तिन्नि अट्ठ य, छप्पंच य अपमत्ते दो ॥ २५ ॥**

**एक्कं पंचसु एक्कम्मि अट्ठ, ठाणक्कमेण भंगा वि ।**
**एक्कग तीसेक्कारस इगवीस, सबार तिसई य ॥२६॥**

**इगवीसा छच्चसया, छहि अहिया णव सया व एगहिया ।**
**एगुणत्तराणि चोद्दस सयाणि गुणणउइ पंचसइ ( या ) ॥२७॥**

**ગાથાર્થ :-** એકતાલીસ, બેતાલીસ, પચાસથી પ્રારંભીને સત્તાવન સુધી કુલ નામકર્મનાં (૪૧-૪૨, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭) દસ ઉદીરણાસ્થાનો છે. ગુણસ્થાનકોમાં નામકર્મનાં આ ઉદીરણાસ્થાનો અનુક્રમે (૯, ૭, ૩, ૮, ૬, ૫, ૨) નવ, સાત, ત્રણ, આઠ, છ, પાંચ અને અપ્રમત્તે બે હોય છે. ॥૨૫॥

તથા (૮ થી ૧૨ સુધીના) પાંચ ગુણસ્થાનકોમાં એક અને તેરમા એક ગુણસ્થાનકમાં આઠ, ઉદીરણાસ્થાનો હોય છે. ઉદીરણાસ્થાનોના અનુક્રમે ભાંગા પણ એક, ત્રીસ, અગીયાર, એકવીસ, ત્રણસોહને બાર. ॥૨૬॥

એકવીસ, છસોહ છ અધિક, નવસોહ એક, ચૌદસોહ ઓગણસીત્તેર, પાંચસોહ નેવ્વાસી એમ કુલ (૧+૩૦+૧૧+૨૧+૩૧૨, + ૨૧ + ૬૦૬ + ૯૦૧ + ૧૪૬૯ + ૫૮૯ એમ કુલ

**વિવેચન :-** ૪૧ - ૪૨ ત્યારબાદ ૫૦ થી માંડીને ૫૭ સુધીમાં અર્થાત્ ૫૦-૫૧-૫૨-૫૩-૫૪-૫૫-૫૬ અને ૫૭ એમ નામકર્મનાં ઉદીરણાસ્થાનો કુલ ૧૦ હોય છે.

ત્યાં તૈજસ સપ્તક, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, સ્થિર-અસ્થિર-શુભ-અશુભ અને નિર્માણ આ ૭+૨૦+૧+૨+૨+૧ - કુલ (૩૩) તેત્રીસ નામકર્મની પ્રકૃતિઓ ધ્રુવ ઉદીરણાવાળી છે. ત્યાં મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્તા, સૌભાગ્ય, આદેય અને યશઃનામકર્મ એમ કુલ (૮) આઠ પ્રકૃતિઓનો પ્રક્ષેપ કરે છતે (૪૧) એકતાલીસ પ્રકૃતિઓ થાય છે આ (૪૧) એકતાલીસ કર્મપ્રકૃતિઓની ઉદીરણાના સ્વામી (અર્થાત્ ઉદીરક જીવો) સયોગી કેવલી અતીર્થંકર ભગવાન કેવલી સમુદ્ઘાત કરે ત્યારે ત્રીજા-ચોથા અને પાંચમા સમયે જાણવા.

તથા આ જ (૪૧) એકતાલીસ કર્મપ્રકૃતિઓને તીર્થંકરનામકર્મયુક્ત કરતાં (૪૨) બેતાલીસ થાય છે. તેની ઉદીરણાના સ્વામી તીર્થંકરકેવલી ભગવાન્ કેવલી સમુદ્ઘાતમાં કાર્મણ કાયયોગે વર્તતા. ત્રીજા-ચોથા અને પાંચમા સમયે વર્તતા હોય ત્યારે સ્વામી જાણવા.

ઉપર પ્રથમ જે (૪૧) એકતાલીસ પ્રકૃતિઓ જણાવી, તે (૪૧) ના વર્ગમાં ઔદારિક સપ્તક, છમાંથી કોઈ પણ અન્યતર સંસ્થાન, વજ્રઋષભ નારાચ સંઘયણ,

ઉપઘાત અને પ્રત્યેક નામકર્મ એમ કુલ (૧૧) અગીયાર કર્મપ્રકૃતિઓનો પ્રક્ષેપ કરે છતે (૫૨) બાવન પ્રકૃતિઓનું ઉદીરણાસ્થાન થાય છે. અહીં પણ છ સંસ્થાન હોવાથી વારાફરતી એક એક ગણવાથી છ ભાંગા થાય છે. પરંતુ હમણાં જ કહેવાતા સામાન્ય મનુષ્યના જે ઉદીરણાના ભાંગા આવશે. તેમાં અંતર્ગત હોવાથી અર્થાત્ આ પ્રકૃતિઓ તે જ હોવાથી તેમાં અંતર્ગત જ ગણાય છે જુદા ગણાતા નથી. આ પ્રમાણે આગળ ઉપર પણ સમજવું.

આ (૫૨) બાવન પ્રકૃતિઓનું ઉદીરણાસ્થાન સર્વજ્ઞકેવલી અતીર્થંકર ભગવંતોને કેવલી સમુદ્‌ઘાત કરે ત્યારે ઔદારિકમિશ્રકાયયોગકાલે બીજા છઠ્ઠા અને સાતમા સમયે વર્તતા હોય ત્યારે હોય છે. તથા આ (૫૨) બાવનમાં તીર્થંકરનામકર્મની ઉદીરણાનો પ્રક્ષેપ કરાયે છતે (૫૩) ત્રેપન પ્રકૃતિઓનું ઉદીરણાસ્થાન થાય છે. ફક્ત આ (૫૩) ત્રેપનના ઉદીરણાસ્થાનમાં સંસ્થાન પહેલું સમચતુરસ્ર જ લેવું. કારણ કે આ (૫૩) ત્રેપનનું ઉદીરણા સ્થાન તીર્થંકર કેવલી ભગવાન કેવલી સમુઘાત કરે ત્યારે ઔદારિક મિશ્ર કાયયોગમાં વર્તતા હોય ત્યારે તે ભગવંતને હોય છે. ફક્ત આ (૫૩) ત્રેપનની ઉદીરણા તીર્થંકર પરમાત્માને હોવાથી સંસ્થાન છમાંથી એક ન લેતાં માત્ર સમચતુરસ્ર જ લેવું.

સામાન્ય કેવલી ભગવંતોને ઉપર જે (૫૨) બાવન પ્રકૃતિઓનો વર્ગ કહેવાયો છે. તેમાં પરાઘાત, ઉચ્છ્‌વાસ, શુભ અને અશુભ વિહાયોગતિમાંથી કોઈ પણ એક વિહાયોગતિ તથા સુસ્વર અને દુઃસ્વર આ બેમાંથી એક સ્વર એમ કુલ ચાર પ્રકૃતિઓની ઉદીરણાનો પ્રક્ષેપ કરે છતે (૫૬) છપ્પન પ્રકૃતિઓની ઉદીરણા થાય છે. આ (૫૬) છપ્પન્ન પ્રકૃતિઓની ઉદીરણા સયોગી કેવલી અતીર્થંકર ભગવંતોને ઔદારિક કાયયોગે વર્તતાં હોય છે.

આ છપ્પનમાં તીર્થંકરનામકર્મ ઉમેરો એટલે અર્થાત્ ઉપર કહેલા (૫૩) ત્રેપનના વર્ગમાં પરાઘાત ઉચ્છ્‌વાસ, પ્રશસ્ત વિહાયોગતિ અને સુસ્વર એમ ૪નો પ્રક્ષેપ કરવાથી પણ (૫૭) સત્તાવનનું ઉદીરણાસ્થાનક થાય છે. તે (૫૭) સત્તાવનનું ઉદીરણા સ્થાન સંયોગી કેવલી તીર્થંકર ભગવાન ઔદારિક કાયયોગમાં વર્તતા હોય ત્યારે ઉદીરક હોય છે.

આ (૫૭) સત્તાવનમાંથી વચનયોગનો નિરોધ કરે ત્યારે સ્વર વિના (૫૬) છપ્પનનું ઉદીરણા સ્થાન હોય છે તથા ઉચ્છ્‌વાસનો નિરોધ કરે ત્યારે (૫૫) પંચાવનનું ઉદીરણાસ્થાન હોય છે. આ બન્ને પણ ઉદીરણાસ્થાન તીર્થંકર ભગવાનને હોય છે.

પરંતુ જો સામાન્ય કેવલી પરમાત્મા હોય તો પૂર્વે કહેલી (૫૬) છપ્પનમાંથી વચનયોગનો નિરોધ કરાયે છતે સ્વર વિના (૫૫) પંચાવનની ઉદીરણા અને ઉચ્છ્‌વાસનો નિરોધ કરાયે છતે (૫૪) ચોપનની ઉદીરણા હોય છે. આ બન્ને ઉદીરણાસ્થાનો અતીર્થંકર કેવલી ભગવાનને હોય છે.

અહીં (૫૨-૫૪-માં) બાવન અને ચોપનના ઉદીરણા સ્થાનમાં જે ભાંગા આવ્યા છે. તે સઘળા પણ સામાન્ય મનુષ્યના ઉદીરણાસ્થાનના ભાંગામાં અંતર્ગત થઈ જાય છે. કારણ કે સમાન જ પ્રકૃતિઓ છે. તે માટે તે ભિન્ન ગણાતા નથી. તેને વર્જીને બાકીના છએ ભાંગામાં સામાન્ય મનુષ્યનાં ઉદીરણાસ્થાનના ભાંગાઓ કરતાં વિલક્ષણતા હોવાથી (તીર્થંકર નામકર્મની ઉદીરણા હોવાથી) વિશેષ ભાંગા ગણાય છે. આમ સર્વ સંખ્યાએ કેવલી પરમાત્માને ઉદીરણાના (૬) છ ભાંગા થાય છે.

તે છમાં એકતાલીસના ઉદીરણાસ્થાનમાં જે એક ભાંગો છે તે અતીર્થંકર કેવલી ભગવંતને છે અને બાકીના પાંચે ભાંગા તીર્થંકર કેવલી ભગવંતને છે. આ પ્રમાણે કેવલી મનુષ્યનાં ઉદીરણાસ્થાન ૪૧,૪૨,૫૩,૫૫,૫૬,૫૭, એમ કુલ ૬ અને તેના ભાંગા પણ છ સમજાવ્યા.

હવે એકેન્દ્રિય જીવોનાં ઉદીરણાસ્થાનો કહેવાય છે. એકેન્દ્રિય જીવોને પાંચ ઉદીરણાસ્થાનો હોય છે. બેતાલીસ, પચાસ, એકાવન, બાવન અને ત્રેપન (૪૨-૫૦-૫૧-૫૨-૫૩) ત્યાં તિર્યંચગતિ, એકેન્દ્રિય જાતિનામકર્મ, તિર્યંચાનુપૂર્વી, સ્થાવરનામકર્મ, બાદર અને સૂક્ષ્મમાંથી કોઈ પણ એક, પર્યાપ્તા અને અપર્યાપ્તામાંથી કોઈ પણ એક, દૌર્ભાગ્ય, અનાદેય તથા યશઃકીર્તિ અને અયશઃકીર્તિ આ બેમાંથી એક એમ આ નવ પ્રકૃતિઓ, પૂર્વે કહેલી (૩૩) તેત્રીસ ધ્રુવોદીરણા વાળીની સાથે કરતાં બન્ને સાથે મળીને (૪૨) બેતાલીસ પ્રકૃતિઓનું ઉદીરણાસ્થાન થાય છે. અહીં ભાંગા પાંચ થાય છે.

બાદર અને સૂક્ષ્મનામકર્મની સાથે વારાફરતી પર્યાપ્ત અને અપર્યાપ્ત નામકર્મ જોડવાથી અયશઃકીર્તિનામકર્મની સાથે ચાર ભાંગા થાય છે અને બાદર - પર્યાપ્તાની સાથે યશઃકીર્તિ જોડવાથી એક ભાંગો થાય છે. કારણ કે સૂક્ષ્મનામકર્મ અને અપર્યાપ્ત નામકર્મની સાથે યશઃકીર્તિનો ઉદય ન હોવાથી યશઃકીર્તિની ઉદીરણા પણ સંભવતી નથી. તે માટે તદાશ્રિત ઉદીરણાના ભાંગા પ્રાપ્ત થતા નથી. આ (૪૨) બેતાલીસની ઉદીરણા એકેન્દ્રિય જીવોને વિગ્રહગતિમાં જાણવી.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા તે એકેન્દ્રિય જીવોને ઔદારિક શરીર, ઔદારિક સંઘાતન, ઔદારિક શરીરનાં ચાર બંધન, હુંડક સંસ્થાન, ઉપઘાત, પ્રત્યેક અને સાધારણનામકર્મમાંથી એક એમ (૯) નવ પ્રકૃતિઓની ઉદીરણા ઉમેરતાં અને તિર્યંચાનુપૂર્વીનો હવે ઉદય ન હોવાથી ઉદીરણામાંથી દૂર કરે છતે (૫૦) પચાસ પ્રકૃતિઓની ઉદીરણા થાય છે. અહીં ભાંગા દસ થાય છે તે આ પ્રમાણે જાણવા :-

બાદર-પર્યાપ્તાની સાથે પ્રત્યેક તથા સાધારણના યોગે યશઃકીર્તિ અને અયશઃકીર્તિની સાથે જોડતાં ચાર ભાંગા થાય. તથા બાદર અપર્યાપ્તાની સાથે અયશઃકીર્તિનો જ ઉદય હોવાથી પ્રત્યેક તથા સાધારણની સાથે અયશઃકીર્તિ જોડતાં બે ભાંગા તથા સૂક્ષ્મ નામકર્મની સાથે પર્યાપ્તા અને અપર્યાપ્તા તથા પ્રત્યેક અને સાધારણને માત્ર અયશઃકીર્તિની સાથે જોડતાં ચાર ભાંગા એમ કુલ ૧૦ ભાંગા થાય છે.

તથા બાદર વાયુકાય જીવો વૈક્રિય શરીરની રચના કરે ત્યારે ઔદારિક ષટ્કના સ્થાને વૈક્રિય ષટ્કસ્થાન કહેવું. તેથી તે વાઉકાયને પણ પચાસની જ ઉદીરણા થાય છે. ફક્ત એટલી વિશેષતા છે કે પ્રતિપક્ષી લેવાની નથી. બાદર, પર્યાપ્તા, પ્રત્યેક અને અયશઃકીર્તિ આ જ પ્રકૃતિઓ લેવાની છે. કારણ કે તેઓને બીજી પ્રતિપક્ષી ઉદયમાં હોતી નથી. તેથી વૈક્રિય વાઉકાયનો એક જ ભાંગો થાય છે.

તેઉકાય અને વાઉકાય આ બન્ને પ્રકારના જીવોને સાધારણ નામકર્મ અને યશઃનામકર્મ આ બન્નેના ઉદયનો અભાવ હોવાથી તેની ઉદીરણાનો પણ અભાવ જ છે માટે સાધારણ અને યશનામકર્મના ઉદયને આશ્રિત ભાંગાની તેઉકાય અને વાઉકાયમાં અપ્રાપ્તિ છે. આ પ્રમાણે પચાસની ઉદીરણામાં સર્વસંખ્યાએ કરીને ઉદીરણાના (૧૧) અગીયાર ભાંગા થાય છે.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા જીવોને પરાઘાત નામકર્મનો ઉદય થયે છતે પૂર્વે કહેલી (૫૦) પ્રકૃતિઓ તે ૫૧ થાય છે. તેથી ૫૧નું ઉદીરણા સ્થાન બને છે. અહીં પણ બાદર નામકર્મના ઉદયની સાથે પ્રત્યેક તથા સાધારણ અને યશઃનામકર્મ તથા અયશઃનામકર્મને જોડતાં ચાર ભાંગા ઉદીરણામાં થાય છે અને સૂક્ષ્મ નામકર્મના ઉદયની સાથે પ્રત્યેક અને સાધારણ નામકર્મની સાથે અયશઃકીર્તિ જોડતાં બે જ ભાંગા થાય છે. એટલે ૪ + ૨ = ૬ ભાંગા થયા.

તથા બાદર વાઉકાયના જીવો વૈક્રિય શરીરની રચના કરે ત્યારે શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત થયા છતાં પરાઘાતનો ઉદય પ્રક્ષિપ્ત કરાયે છતે પૂર્વે કહેલી પચાસ પ્રકૃતિઓ પરાઘાત સાથે એકાવન થાય છે. અહીં પણ પૂર્વે કહ્યા પ્રમાણે ભાંગો એક જ થાય છે. સર્વ સંખ્યાએ એકાવનમાં ઉદીરણાના ૬ + ૧ = ૭ ભાંગા થાય છે.

તથા શરીર પર્યાપ્તિ સમાપ્ત થવાથી જેમ પરાઘાત ઉમેરાયું. તેમ ઉચ્છ્વાસ પર્યાપ્તિ સમાપ્ત થયે છતે પરાઘાત વાળી (૫૧)માં ઉચ્છ્વાસ ઉમેરવાથી (૫૨) બાવન પ્રકૃતિની ઉદીરણા થાય છે. અહીં (૫૨માં) પણ પૂર્વની જેમ પ્રત્યેક તથા સાધારણની સાથે યશનામકર્મ અને અયશઃનામકર્મને જોડતાં ચાર ભાંગા ઉદીરણામાં થાય છે તથા સૂક્ષ્મ

નામકર્મના ઉદયની સાથે પ્રત્યેક તથા સાધારણની સાથે અયશઃકીર્તિ જોડતાં ઉદીરણામાં બે ભાંગા થાય છે. આ પ્રમાણે ઉચ્છ્વાસની સાથે બાદર હોય ત્યારે ચાર ભાંગા અને સૂક્ષ્મ હોય ત્યારે બે ભાંગા કુલ છ ભાંગા બાવનના ઉદીરણા સ્થાનમાં ઉચ્છવાસ ઉમેરીએ ત્યારે પૂર્વની જેમ જાણવા.

અથવા તો શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને હજુ ઉચ્છ્વાસનો ઉદય ન થયો હોય ત્યારે જ આતપ અથવા ઉદ્યોતનો જો ઉદય થાય તો ઉચ્છ્વાસની ઉદીરણા ન થતાં આતપ અથવા ઉદ્યોતની ઉદીરણા શરૂ થાય છે ત્યારે પણ ઉચ્છ્વાસની જેમ જ આતપ સાથે અથવા ઉદ્યોત સાથે પણ બાવનની જ ઉદીરણા હોય છે. ત્યાં પણ ભાંગા છ થાય છે. બાદર નામકર્મના ઉદય સાથે ઉદ્યોતનો ઉદય હોતે છતે પ્રત્યેક અને સાધારણની સાથે યશઃકીર્તિ અને અયશઃકીર્તિ જોડતાં ચાર ભાંગા થાય છે અને આતપનો ઉદય થયે છતે પ્રત્યેકની સાથે યશઃકીર્તિ અને અયશઃકીર્તિને જોડતાં બે જ ભાંગા થાય છે. આતપનો ઉદય પૃથ્વીકાયને જ હોવાથી તેની સાથે સાધારણનો ઉદય સંભવતો નથી. આ રીતે ઉદ્યોત સાથે ૪, અને આતપ સાથે ૨ એમ ૬ ભાંગા જાણવા.

તથા બાદર વાઉકાય જીવો જ્યારે વૈક્રિય શરીર કરતાં હોય ત્યારે શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો પ્રક્ષેપ કરે છતે પૂર્વ કહેલી જે ૫૧ હતી તે ૫૨ થાય છે. ત્યાં પૂર્વની જેમ એક જ ઉદયભાંગો જાણવો. તેઉકાય અને વાઉકાયને આતપ તથા ઉદ્યોત અને યશઃનામકર્મનો ઉદય ન હોવાથી તદાશ્રિત ભાંગાની પણ અપ્રાપ્તિ છે.

સર્વ મળીને બાવનના ઉદીરણાસ્થાનમાં ઉચ્છ્વાસ સાથે ૬, ઉદ્યોત સાથે ૪, આતપ સાથે ૨, અને વૈક્રિય વાઉકાયનો ૧ એમ કુલ ૧૩ ઉદીરણાના ભાંગા જાણવા.

તથા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા બનેલા જીવને ઉચ્છ્વાસથી યુક્ત એવી ૫૨ પ્રકૃતિમાં આતપ અથવા ઉદ્યોત ભળે છતે ૫૩ની ઉદીરણા થાય છે. આ ૫૩માં પૂર્વે ૫૨માં કહેલા જે ૪ + ૨ = ૬ ભાંગા હતા. તે જ ૫૩ના ઉદયમાં પણ આતપ સાથે ૨ અને ઉદ્યોત સાથે ૪ મળીને છ ઉદીરણાના ભાંગા થાય છે. સર્વ સંખ્યાએ એકેન્દ્રિય જીવોમાં ૫+૧૧+૭+૧૩+૬ = ૪૨ બેતાલીસ ભાંગા ઉદીરણાના જાણવા.

બેઈન્દ્રિય જીવોને ઉદીરણા સ્થાનો ૬ છે. બેતાલીસ, બાવન, ચોપન, પંચાવન, છપ્પન અને સત્તાવન (૪૨-૫૨-૫૪-૫૫-૫૬-૫૭) ત્યાં તિર્યંચગતિ, તિર્યંચની આનુપૂર્વી, બેઈન્દ્રિયજાતિ, ત્રસનામકર્મ, બાદરનામકર્મ, પર્યાપ્ત અને અપર્યાપ્ત નામકર્મમાંથી એક, દૌર્ભાગ્યનામકર્મ, અનાદેયનામકર્મ, યશકીર્તિ અને અયશઃકીર્તિમાંથી એક, આ નવ કર્મપ્રકૃતિઓ તથા (૩૩) તેત્રીસ ધ્રુવ ઉદીરણાવાળી સાથે મેળવતાં (૪૨) બેતાલીસ થાય છે. આ બેતાલીસની ઉદીરણા બેઈન્દ્રિય જીવોને વિગ્રહગતિમાં જાણવી.

આ ૪૨ની ઉદીરણામાં ત્રણ ભાંગા થાય છે. અપર્યાપ્ત નામકર્મની સાથે અયશઃકીર્તિની ઉદીરણાનો એક ભાંગો અને પર્યાપ્ત નામકર્મની સાથે યશઃનામકર્મ અને અયશઃનામકર્મની સાથે બે ભાંગા એમ કુલ ૩ ભાંગા ૪૨ની ઉદીરણામાં બેઈન્દ્રિય જીવોના હોય છે.

ત્યારબાદ શરીરસ્થ એવા બેઈન્દ્રિય જીવને ઔદારિક સપ્તક, હુંડક સંસ્થાન, અન્તિમ સંઘયણ (છેવટ્ઠુ સંઘયણ), ઉપઘાત, પ્રત્યેક નામકર્મ, સ્વરૂપ (૧૧) અગીયાર પ્રકૃતિઓનો ઉદય થવાથી ઉદીરણામાં વધારતાં અને તિર્યચાનુપૂર્વી ન્યૂન કરતાં (૫૨) બાવનની ઉદીરણા થાય છે. અહીં પણ પૂર્વની જેમ અપર્યાપ્તા સાથે અપયશ અને પર્યાપ્તા સાથે યશ તથા અપયશ એમ ત્રણ ભાંગા ઉદીરણામાં જાણવા.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા જીવને વિહાયોગતિ તથા પરાઘાત નામકર્મનો પ્રક્ષેપ કરાયે છતે ૫૪ની ઉદીરણા હોય છે ત્યાં અપર્યાપ્તા અને પર્યાપ્તા આ બેમાંથી એકને બદલે પર્યાપ્ત નામકર્મ જ હોય છે. કારણ કે શરીર પર્યાપ્તિ સુધી જ અપર્યાપ્ત નામકર્મનો ઉદય-ઉદીરણા હોય છે. તેથી પર્યાપ્ત નામકર્મની સાથે યશઃનાર્મ અને અયશઃનામકર્મ આ બેના ઉદયના કારણે ઉદીરણામાં પણ બે જ ભાંગા થાય છે.

ત્યારબાદ શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસ ઉમેરાયે છતે (૫૫) પંચાવન પ્રકૃતિની ઉદીરણા થાય છે. અહીં પણ યશ અને અયશનામકર્મ દ્વારા બે જ ભાંગા થાય છે અથવા શરીરપર્યાપ્તિ વડે પર્યાપ્તાને તથા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ અપર્યાપ્તાને ઉચ્છ્વાસનો અનુદય હોતે છતે અને ઉદ્યોતનો ઉદય હોતે છતે ઉદીરણા સંભવતી હોવાથી (૫૫) પંચાવન પ્રકૃતિની ઉદીરણા હોય છે. અહીં પણ પૂર્વની જેમ જ ભાંગા (૨) બે થાય છે. સર્વ મળીને (૫૫) પંચાવનના ઉદીરણા સ્થાનમાં ૨ ઉચ્છ્વાસ સાથે, અને ૨ ઉદ્યોત સાથે એમ કુલ (૪) ચાર ભાંગા ઉદીરણામાં જાણવા.

ત્યારબાદ ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા જીવને ઉચ્છ્વાસ નામકર્મ સહિત જે (૫૫) પંચાવન છે. તેમાં સુસ્વર-દુઃસ્વરમાંથી એકની ઉદીરણાનો પ્રારંભ થયે છતે તે ઉમેરતાં (૫૬) છપ્પનની ઉદીરણા હોય છે. ત્યાં યશઃકીર્તિ અને અયશઃકીર્તિની સાથે સુસ્વર અને દુઃસ્વર જોડતાં ચાર ભાંગા થાય છે.

અથવા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને સ્વરનો હજુ અનુદય હોતે છતે ઉદ્યોતનો જો ઉદય થાય તો પણ (૫૬) છપ્પન્નનું ઉદીરણા સ્થાન બને છે. ત્યાં યશ અને અયશની સાથે બે ભાંગા થાય છે. સર્વ મળીને (૫૬) છપ્પનના ઉદીરણાસ્થાનમાં ૬ ભાંગા જાણવા.

ત્યારબાદ ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા જીવને સ્વરસહિત (૫૬) છપ્પન પ્રકૃતિની ઉદીરણામાં ઉદ્યોતનામકર્મનો પ્રક્ષેપ કરાયે છતે (૫૭) સત્તાવન પ્રકૃતિની ઉદીરણા હોય છે. અહીં સુસ્વર દુઃસ્વરની સાથે યશ અને અયશની ઉદીરણા જોડતાં ૫૭ના ઉદીરણા સ્થાનમાં કુલ (૪) ચાર ભાંગા થાય છે.

સર્વ મળીને બે ઈન્દ્રિય જીવોને (૨૨) બાવીશ ઉદીરણાના ભાંગા થાય છે. આ જ પ્રમાણે તેઈન્દ્રિય જીવોને તથા ચઉરિન્દ્રિય જીવોને પણ આટલા જ ઉદીરણાનાં સ્થાનો તથા (૨૨+૨૨) ભાંગાઓ થાય છે. સર્વે પણ મળીને વિકલેન્દ્રિય જીવોમાં ૨૨ x ૩ = ૬૬ છાસઠ ઉદીરણાના ભાંગા જાણવા.

હવે વૈક્રિય લબ્ધિ વિનાના પંચેન્દ્રિય તિર્યંચોને છ ઉદીરણા સ્થાનો હોય છે. તે સમજાવે છે :- (૪૨-૫૨-૫૪-૫૫-૫૬-૫૭ એમ ૬) બેતાલીસ, બાવન, ચોપન, પંચાવન, છપ્પન્ન અને સત્તાવન એમ છ ઉદીરણા સ્થાનો છે. ત્યાં તિર્યંચગતિ, તિર્યંચની આનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્તમાંથી એક, સૌભાગ્ય અને આદેયનું યુગલ અથવા દૌર્ભાગ્ય અને અનાદેયનું યુગલ, યશઃકીર્તિ અને અયશઃકીર્તિ આ બેમાંથી એક આ નવ પ્રકૃતિઓ પૂર્વે કહેલી (૩૩) તેત્રીસ ધ્રુવોદયીની સાથે મેળવશો તો (૪૨) બેતાલીસ થશે. આ (૪૨ની) બેતાલીસની ઉદીરણા વિગ્રહગતિમાં હોય છે.

અહીં ભાંગા પાંચ થાય છે. ત્યાં જ્યારે પર્યાપ્ત નામકર્મનો ઉદય હોય ત્યારે સૌભાગ્ય અને આદેયના યુગલની અથવા દૌર્ભાગ્ય અને અનાદેયના યુગલની એમ એક યુગલની ઉદીરણા હોય છે. તેને યશઃકીર્તિ અને અયશઃકીર્તિની સાથે જોડીએ તો કુલ ચાર ભાંગા થાય છે તથા અપર્યાપ્ત નામકર્મનો ઉદય હોય ત્યારે દૌર્ભાગ્ય અને અનાદેયની સાથે અયશઃકીર્તિનામકર્મની જ ઉદીરણા હોય છે. તે માટે ૧ ભાંગો થાય છે.

અહીં સુભગ અને આદેયનો તથા દુભગ અને અનાદેયનો સાથે મળીને જ એકી સાથે જ ઉદય હોય છે. તેથી પાંચ જ ભાંગા થાય છે. એમ કર્મપ્રકૃતિકાર કહે છે. પરંતુ બીજા કેટલાક આચાર્યો કર્મગ્રંથકારાદિ કહે છે કે આ બન્ને જોડકાનો સાથે જ ઉદય હોય એવો નિયમ નથી અર્થાત્ સૌભાગ્ય હોય ત્યાં આદેયનો જ ઉદય હોય, અને દૌર્ભાગ્ય હોય ત્યાં અનાદેયનો જ ઉદય હોય તેવો નિયમ નથી.

કારણ કે અન્યથા પણ ઉદય દેખાય છે. એટલે કે સૌભાગ્ય હોય ત્યાં આદેયનો પણ ઉદય હોઈ શકે છે અને અનાદેયનો પણ ઉદય હોઈ શકે છે. એવી જ રીતે દૌર્ભાગ્યનો ઉદય હોય ત્યાં પણ આદેયનો અથવા અનાદેયનો ઉદય પણ સંભવી શકે છે.

તે કારણથી પર્યાપ્ત નામકર્મના ઉદયમાં વર્તતા જીવને સૌભાગ્ય, દૌર્ભાગ્ય, આદેય, અનાદેય, યશઃકીર્તિ અને અયશઃકીર્તિના પરસ્પર મીલનથી આઠ ભાંગા થાય છે અને અપર્યાપ્ત નામકર્મના ઉદયકાળે તો દૌર્ભાગ્ય અનાદેય અને અયશઃકીર્તિનો જ ઉદય હોય છે. તેથી તેનો એક જ ભાંગો થાય છે. સર્વ મળીને (૪૨) બેતાલીસના ઉદીરણાસ્થાનમાં કર્મગ્રંથકારના મતે (૯) નવ ભાંગા થાય છે.

ત્યારબાદ શરીરસ્થ એવા પંચેન્દ્રિય તિર્યંચોને ઔદારિક સપ્તક, છ સંસ્થાનમાંથી કોઈ પણ એક સંસ્થાન, છ સંઘયણમાંથી કોઈ પણ એક સંઘયણ, ઉપઘાત અને પ્રત્યેકનામકર્મ રૂપ (૧૧) અગીયાર પ્રકૃતિઓનો પ્રક્ષેપ કરાયે છતે અને તિર્યંચાનુંપૂર્વી દૂર કરાયે છતે (૫૨) બાવનનો ઉદય થાય છે. તેથી ઉદીરણા પણ (૫૨) બાવનની સંભવે છે. ત્યાં ભાંગા (૧૪૫) એકસોહ પિસ્તાલીસ થાય છે. તે આ પ્રમાણેઃ- પર્યાપ્તા જીવને (૬) છ સંસ્થાન વડે તથા (૬) છ સંઘયણ વડે તથા સૌભાગ્ય આદેયના યુગલ વડે તથા દૌર્ભાગ્ય અને અનાદેયના યુગલ વડે તથા યશઃકીર્તિ અથવા અયશઃકીર્તિ વડે ગુણવાથી ૬ X ૬ X ૨ X ૨ = ૧૪૪ એકસોહ ચુમાલીસ ભાંગા ઉદીરણાના થાય છે.

તથા અપર્યાપ્ત નામકર્મના ઉદયની સાથે અંતિમ સંસ્થાન અંતિમ સંઘયણ, દૌર્ભાગ્ય, અનાદેય અને અયશનામકર્મનો જ ઉદય હોવાથી ઉદીરણા પણ તે એકની જ હોય છે. તે માટે એક જ ઉદીરણા ભાંગો થાય છે. આમ કુલ ૧૪૪ + ૧ = ૧૪૫ એકસોહ પિસ્તાલીસ ઉદીરણાના ભાંગા પરના ઉદીરણાસ્થાનમાં જાણવા.

પરંતુ જે આચાર્ય મહાત્માઓ સૌભાગ્ય અને આદેય તથા દૌર્ભાગ્ય અને અનાદેય સાથે જ ઉદયમાં હોય એવો નિયમ નહીં. પરંતુ કેવલ એક એકનો પણ ઉદય હોય છે. આમ માને છે તેઓના મતે (કર્મગ્રંથકારાદિના મતે) પર્યાપ્તા જીવને છ સંસ્થાન છ સંઘયણ, સૌભાગ્ય-દૌભાર્ગ્ય, આદેય-અનાદેય, યશઃકીર્તિ અને અયશઃકીર્તિ વડે (૬ X ૬ X ૨ X ૨ X ૨) = ૨૮૮, અને એક ભાંગો અપર્યાપ્તા જીવનો સર્વ અશુભના ઉદયવાળો એમ કુલ (૨૮૯) બસોહ નેવ્યાસી ઉદય ભાંગા હોય છે. તેથી શરીરસ્થ જીવને પરના ઉદયે (૨૮૯) બસોહ નેવ્યાસી ભાંગા ઉદીરણામાં જાણવા.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને ઉપરોક્ત ૫૨ માં પરાઘાત તથા પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે વિદાયોગતિમાંથી કોઈ એક વિહાયોગતિનો ઉદય થવાથી (૫૪) ચોપન પ્રકૃતિનું ઉદીરણાસ્થાન થાય છે. આ ઉદીષ્ણા સ્થાનમાં પૂર્વના (૫૨) બાવનના ઉદીરણાસ્થાનમાં જે પર્યાપ્તાની સાથેના (૧૪૪) એકસોહ ચુઆલીસ ઉદય-ઉદીરણાના ભાંગા હતા. તેને જ બે વિહાયોગતિ વડે ગુણતાં (૨૮૮) બસોહ

અઠ્યાસી ઉદીરણાના ભાંગા થાય છે. તથા મતાન્તરે ૨૮૮ X ૨ = (૫૭૬) પાંચસોહ છોતેર ઉદય ઉદીરણાના ભાંગા થાય છે.

ત્યારબાદ શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્વાસનો ઉદય અને ઉદીરણા ચાલુ થવાથી (૫૪+૧=૫૫) પંચાવન પ્રકૃતિઓનું ઉદયસ્થાનક અને ઉદીરણાસ્થાનક ચાલુ થાય છે. ત્યાં પણ ઉદીરણાના ભાંગા પૂર્વની જેમ જ સ્વમતે (૨૮૮) બસોહ અઠયાસી અને મતાન્તરે (કર્મગ્રંથકારાદિના મતે) (૫૭૬) પાંચસોહ છોંતેર ઉદય-ઉદીરણામાં ભાંગા થાય છે.

અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્વાસનો હજુ અનુદય હોતે છતે જો ઉદ્યોતનો ઉદય થાય અને તેની સાથે જ ઉદીરણા ચાલુ થાય તો પણ (૫૫) પંચાવન પ્રકૃતિઓનું જ ઉદયસ્થાન અને ઉદીરણાસ્થાન વર્તે છે. આ ઉદય-ઉદીરણામાં પણ ભાંગા સ્વમતે (૨૮૮) બસોહ અઠ્યાસી, અને મતાન્તરે (કર્મગ્રંથકારાદિના મતે ૫૭૬) પાંચસોહ છોતેર ઉદીરણાના ભાંગા થાય છે. બન્ને પ્રકારના ઉદીરણાના ભાંગા સાથે કરતાં સ્વમતે (૫૭૬) પાંચસોહ અને છોતેર તથા મતાન્તરે (કર્મગ્રંથકારાદિના મતે ૧૧૫૨) અગીયારસોહ અને બાવન ઉદય-ઉદીરણાના ભાંગા (૫૫) પંચાવનની ઉદીરણામાં થાય છે.

ત્યારબાદ ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને સુસ્વર અને દુઃસ્વર આ બે પ્રકૃતિઓમાંથી કોઈ પણ એક સ્વર નામકર્મનો ઉદય અને ઉદીરણા શરૂ થયે છતે (૫૬) છપ્પન્ન પ્રકૃતિઓનો ઉદય અને ઉદીરણા શરૂ થાય છે. ત્યાં પણ સ્વમતે જે પૂર્વે ઉચ્છ્વાસના ઉદય-ઉદીરણા સાથે (૨૮૮) બસોહ અઠ્યાસી ઉદય ભાંગા અને ઉદીરણાના ભાંગા કહ્યા હતા. તેને બે સ્વર વડે ગુણતાં (૫૭૬) પાંચસોહ અને છોંતેર ઉદયના અને ઉદીરણાના ભાંગા થાય છે.

તથા મતાન્તરે આ જ પ્રમાણે (૧૧૫૨) અગીયારસો અને બાવન ઉદય તથા ઉદીરણાના ભાંગા થાય છે. અથવા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા અને ભાષા પર્યાપ્તિએ અપર્યાપ્ત એવા જે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના જીવો છે. તે જીવોને સ્વરનો અનુદય હોતે છતે ઉદ્યોતનો ઉદય થાય તો પણ (૫૬) છપ્પન પ્રકૃતિઓનો ઉદય અને ઉદીરણા હોય છે. ત્યાં પણ સ્વમતે ઉદય અને ઉદીરણાના ભાંગા (૨૮૮) બસોહ અઠ્યાસી અને મતાન્તરે (કર્મગ્રંથકારાદિના મતે ૫૭૬) પાંચસોહ અને છોંતેર ઉદય અને ઉદીરણાના ભાંગા થાય છે. સર્વ સંખ્યા સાથે કરતાં સ્વમતે (૮૬૪) આઠસોહ ચોસઠ અને મતાન્તરે (કર્મગ્રંથકારાદિના મતે) (૧૭૨૮) સત્તરસોહ અને અઠ્યાવીસ ઉદય અને ઉદીરણાના ભાંગા થાય છે.

તથા સ્વર સહિત જે (૫૬) છપ્પન્ન પ્રકૃતિઓનું ઉદય-ઉદીરણા સ્થાન છે. તેમાં ઉદ્યોતનો ઉદય થયે છતે (૫૭) સત્તાવન પ્રકૃતિઓનું ઉદય અને ઉદીરણા સ્થાન બને છે. ત્યાં ભાંગા સ્વર સહિત (૫૬)ના ઉદયમાં અને ઉદીરણામાં જે સ્વમતે ૫૭૬ અને મતાન્તરે ૧૧૫૨ ભાંગા હતા. તે જ ઉદ્યોત સાથેના (૫૭) ઉદય અને ઉદીરણાસ્થાનમાં સમજી લેવા. આ પ્રમાણે વૈક્રિય વિનાના સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોનાં ઉદીરણાસ્થાન અને ભાંગાઓ સમજાવ્યા.

હવે વૈક્રિય શરીરની રચના કરતા એવા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોનાં ઉદીરણાસ્થાનો અને ભાંગાઓ કહેવાય છે. ત્યાં વૈક્રિય શરીરની રચના કરતા એવા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને કુલ પાંચ ઉદીરણાનાં સ્થાનો હોય છે. (૫૧-૫૩-૫૪-૫૫-૫૬) એકાવન, તેપન, ચોપન, પંચાવન અને છપ્પન્ન, ત્યાં સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય જે ૪૨નું ઉદીરણાસ્થાન સમજાવ્યું છે. તેમાંથી તિર્યંચની આનુપૂર્વી કાઢી નાખીએ અને વૈક્રિય સપ્તક, પ્રથમ સંસ્થાન, ઉપઘાત તથા પ્રત્યેકનામકર્મ એમ કુલ (૧૦) દસ પ્રકૃતિઓનો ઉદય અને ઉદીરણા શરૂ થતાં કુલ (૫૧) એકાવન પ્રકૃતિઓનો વર્ગ બને છે. ત્યાં સૌભાગ્ય અને આદેયનું યુગલ અથવા દૌર્ભાગ્ય અને અનાદેવનું યુગલ તથા યશઃકીર્તિ અને અયશઃકીર્તિ સાથે જોડતાં (૪) ચાર ભાંગા થાય છે અને મતાન્તરે સૌભાગ્ય-દૌર્ભાગ્ય, આદેય અને અનાદેય, તથા યશઃકીર્તિ અને અયશઃકીર્તિ એમ આ સર્વને પરસ્પર જોડતાં (ગુણતાં) કુલ (૮) આઠ ભાંગા ઉદય-ઉદીરણામાં થાય છે.

ત્યારબાદ શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાતનામકર્મ તથા પ્રશસ્ત વિહાયોગતિ એમ (૨) બે પ્રકૃતિઓનો પ્રક્ષેપ કરે છતે (૫૩) ત્રેપનનો ઉદય અને ઉદીરણા પ્રવર્તે છે. અહીં પણ સ્વમતે (૪) ચાર અને મતાન્તરે (૮) આઠ ઉદય અને ઉદીરણાના ભાંગા હોય છે.

ત્યારબાદ શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્વાસનો ઉદય થયે છતે (૫૪) ચોવન પ્રકૃતિનું ઉદયસ્થાનક અને ઉદીરણાસ્થાનક હોય છે. અહીં પણ સ્વમતે પૂર્વની જેમ (૪) ભાંગા અને મતાન્તરે (૮) આઠ ભાંગા જાણવા અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્વાસનો ઉદય થાય તે પહેલાં ઉદ્યોતનો ઉદય અને ઉદીરણા શરૂ થતાં પણ (૫૪) ચોપન્નનું ઉદયસ્થાન અને ઉદીરણાસ્થાન હોય છે. અહીં પણ સ્વમતે (૪) ભાંગા અને મતાન્તરે (૮) આઠ ભાંગા પૂર્વની જેમ જાણવા. સર્વ મળીને (૫૪) ચોપનના ઉદય-ઉદીરણાના સ્થાનમાં સ્વમતે (૮) આઠ અને મતાન્તરે (૧૬) સોળ ઉદય અને ઉદીરણાના ભાંગા જાણવા.

તથા ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્વાસ સહિત (૫૪) ચોપનમાં સ્વરનો ઉદય-ઉદીરણામાં પ્રક્ષેપ કરે છતે (૫૫) પંચાવન પ્રકૃતિઓનું ઉદયસ્થાનક અને ઉદીરણાસ્થાનક થાય છે. અહીં પણ પોતાના મતે (૪) ચાર અને મતાન્તરે (૮) આઠ ભાંગા ઉદય-ઉદીરણામાં થાય છે. અથવા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા અને ભાષા પર્યાપ્તિએ અપર્યાપ્તા એવા જીવને હજુ સ્વરનો ઉદય થતાં પહેલાં ઉદ્યોતનો ઉદય થાય તો પણ (૫૫) પંચાવનનો ઉદય થાય. ત્યાં પણ સ્વમતે ૪, અને કર્મગ્રંથકારાદિના મતે (૮) આઠ ઉદય-ઉદીરણાના ભાંગા થાય છે એમ સર્વ સંખ્યાએ (૫૫) પંચાવનના સ્થાનમાં સ્વમતે (૮) આઠ ભાંગા અને મતાન્તરે (૧૬) સોળ ભાંગા થાય છે.

ત્યારબાદ સ્વર સાથે જે (૫૫) પંચાવનનો ઉદય અને ઉદીરણા છે તેમાં જ ઉદ્યોતનો ઉદય અને ઉદીરણાનો પ્રક્ષેપ કરાયે છતે (૫૬) છપ્પન્નનો ઉદય અને ઉદીરણા થાય છે. અહીં પણ સ્વમતે (૪) ચાર અને મતાન્તરે (૮) આઠ ભાંગા થાય છે.

સર્વ સંખ્યા સાથે મેળવતાં વૈક્રિય કરતા એવા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવોને ઉદય ઉદીરણાના ભાંગા સ્વમતે (૨૮) અઠયાવીસ અને મતાન્તરે (૫૬) છપ્પન્ન ભાંગા થાય છે.

આ પ્રમાણે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાં (ઔદારિક શરીરવાળા અને વૈક્રિય શરીરવાળાના) ઉદય ભાંગા તથા ઉદીરણા ભાંગા સ્વમતે (૨૪૫૪+૨૮=૨૪૮૨) ચોવીસ સોહ અને બ્યાસી અધિક ભાંગા થાય છે. તથા પરમતે એટલે કે મતાન્તરે (૪૯૦૬+૫૬ =૪૯૬૨) ઓગણપચાસસોહ અને બાસઠ અધિક ઉદય ઉદીરણાના ભાંગા થાય છે.

હવે મનુષ્યોનાં ઉદીરણાસ્થાનો સમજાવાય છે. ત્યાં કેવલજ્ઞાની ભગવંતોને જે ઉદીરણાસ્થાનો છે તે પૂર્વે કહેવાઈ જ ગયાં છે. હવે કેવલજ્ઞાની વિનાના અન્ય મનુષ્યોને ઉદીરણાસ્થાનો પાંચ હોય છે. તે આ પ્રમાણે - (૪૨, ૫૨, ૫૪, ૫૫, ૫૬) બેતાલીસ, બાવન, ચોપન, પંચાવન તથા છપ્પન્ન. આ સર્વે ઉદયસ્થાનકો અને ઉદીરણાસ્થાનકો જેમ પંચેન્દ્રિય તિર્યંચોને પૂર્વે કહ્યાં છે. તે પ્રમાણે જ મનુષ્યોમાં સમજવાનાં છે. પરંતુ તિર્યંચગતિ અને તિર્યંચાનુપૂર્વીની જગ્યાએ મનુષ્યગતિ અને મનુષ્યાનુંપૂર્વી સમજી લેવી તેવા (૫૫ અને ૫૬) પંચાવન અને છપ્પન્નનાં ઉદીરણાસ્થાનો જે ઉદ્યોત વિનાનાં છે તે જ કહેવાં પણ ઉદ્યોતવાળાં ન કહવાં કારણ કે મનુષ્યોને ઉદ્યોતનો ઉદય સામાન્યપણે સંભવતો નથી. માત્ર સાધુ મહાત્મા વૈક્રિય કે આહારક શરીર બનાવે ત્યારે જ ઉદ્યોતનો ઉદય હોય છે. અન્યથા ઉદ્યોતનો ઉદય મનુષ્યોને સંભવતો નથી.

ઉદયભાંગા તથા ઉદીરણાનું સ્વરૂપ પણ ઉદ્યોતના ભાંગા વિના પૂર્વની જેમ જ સમજી લેવું. બન્ને મતે તે જ ભાંગા હોય છે. તે આ પ્રમાણે - (૪૨)ના ઉદીરણાસ્થાને

સ્વમતે પાંચ (૫) ભાંગા, (૫૨) બાવનના ઉદીરણા સ્થાનમાં (૧૪૫) એકસોહ પીસ્તાલીસ, (૫૪) ચોપનના ઉદીરણાના સ્થાનમાં (૨૮૮) બસોહ અઠ્યાસી, (૫૫) પંચાવનના ઉદીરણાના સ્થાનમાં (૨૮૮) બસો અઠયાસી, (૫૬) છપ્પન્નના ઉદીરણાના સ્થાનમાં (૫૭૬) પાંચસોહ છોતેર કુલ સ્વમતે (૧૩૦૨) એક હજાર ત્રણસોહ બે ભાંગા ઉદીરણાના સમજવા.

તથા મતાન્તરે (કર્મગ્રંથકારાદિ મહાત્માઓ સૌભાગ્ય અને આદેયનો તથા દૌર્ભાગ્ય અને અનાદેયનો ઉદય સાથે જ હોય એવો નિયમ નહીં. પરંતુ ભિન્ન ભિન્ન પણ ઉદય હોય આમ કહે છે તેથી ઉદીરણા પણ ભિન્ન ભિન્ન હોય આમ જેઓ માને છે તેઓના મતે) ૪૧ના ઉદયે (૯) નવ, (૫૨) બાવનના ઉદયે બસોહ નેવ્યાસી (૨૮૯), (૫૪) ચોપનના ઉદયે (૫૭૬) પાંચસોહ છોંતેર, (૫૫) પંચાવનના ઉદયે (૫૭૬) પાંચસોહ અને છોંતેર, (૫૬) છપ્પન્નના ઉદયે (૧૧૫૨) અગીયારસોહ બાવન સર્વ મળીને કુલ ભાંગા મતાન્તરે છવીસોહ અને બે (૨૬૦૨) ભાંગા થાય છે.

વૈક્રિય શરીરની રચના કરતા મનુષ્યોને પણ ઉદીરણા સ્થાનો પાંચ (૫) હોય છે. (૫૧-૫૩-૫૪-૫૫-૫૬) એકાવન, ત્રેપન, ચોપન, પંચાવન તથા છપ્પન્ન. ત્યાં (૫૧ અને ૫૩નું ઉદીરણા સ્થાન) એકાવન અને ત્રેપનનું ઉદીરણાસ્થાન વૈક્રિય શરીર કરનારા પંચેન્દ્રિય તિર્યંચોમાં જેમ કહ્યું તેમ જ બરાબર સમજવું ફક્ત તિર્યંચ ગતિ આદિના સ્થાને મનુષ્યગતિ આદિ સમજી લેવું, ઉચ્છ્‌વાસયુક્ત જે (૫૪નું) ચોપન પ્રકૃતિઓનું ઉદીરણાસ્થાન છે. તેમાં પોતાના મતે એટલે કે ગ્રંથકારશ્રીના મતે ચાર ભાંગા અને મતાન્તરે આઠ ભાંગા.

વૈક્રિય શરીરની રચના કરતા મનુષ્યોમાં માત્ર સાધુને જ ઉદ્યોતનો ઉદય હોય છે. તેથી ઉદીરણા પણ સાધુને જ હોય છે. અન્ય જીવોને વૈક્રિય શરીરની રચના કરવા છતાં ઉદ્યોતનો ઉદય અને ઉદીરણા હોતી નથી. (जइदेवुत्तरावेक्किय ગાથા પ્રમાણે) તેથી ઉચ્છ્‌વાસના બદલે ઉદ્યોતના ઉદય-ઉદીરણા સહિત (૫૪) ચોપન પ્રકૃતિનો ઉદય અને ઉદીરણા સાધુ માત્રને જ હોય છે અને સાધુ મહાત્માને દૌર્ભાગ્ય અનાદેય અને અયશઃકીર્તિનો ઉદય ન હોવાથી ઉદીરણાનો પણ અભાવ છે તે માટે ત્યાં સર્વ શુભ જ પ્રકૃતિઓની ઉદીરણા થાય છે. તેથી એક જ ભાંગો હોય છે. ચારિત્રવાળા મહાત્માને દૌર્ભાગ્ય અનાદેય અને અયશઃકીર્તિના ઉદયનો જ અભાવ છે. તેથી ઉદીરણાનો પણ અભાવ છે. સર્વ મળીને (૫૪) ચોવનના ઉદીરણા સ્થાનમાં પોતાના મતે (૪+૧=૫) પાંચ ભાંગા અને પરમતે (કર્મગ્રંથકારાદિના મતે) (૮+૧=૯) નવ ભાંગા થાય છે.

ત્યારબાદ ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્‌વાસ સહિત (૫૪) ચોપન પ્રકૃતિમાં સુસ્વરનો પ્રક્ષેપ કરાયે છતે (૫૫) પંચાવનનો ઉદય અને ઉદીરણા થાય છે. આ

(૫૫) ના ઉદય અને ઉદીરણામાં પણ પૂર્વની જેમ જ સ્વમતે ચાર ભાંગા અને પરમતે (કર્મગ્રંથકારના મતે) આઠ ભાંગા પૂર્વની જેમ જ જાણવા અથવા સાધુ મહાત્માને જ માત્ર સ્વરનો ઉદય હજુ ન થયો હોય ત્યારે ઉદ્યોત નામકર્મનો ઉદય શરૂ થયે છતે ઉદ્યોત નામકર્મની ઉદીરણા પણ થવાથી (૫૫) પંચાવન પ્રકૃતિઓની ઉદીરણા હોય છે. અહીં સર્વ શુભની જ ઉદીરણા હોવાથી માત્ર એક જ ભાંગો થાય છે. સર્વ મળીને (૫૫) પંચાવનના ઉદીરણા સ્થાનમાં સ્વમતે પાંચ ભાંગા અને મતાન્તરે નવ ભાંગા જાણવા.

સુસ્વરના ઉદય-ઉદીરણા સહિત જે (૫૫) પંચવન પ્રકૃતિઓનું ઉદીરણાસ્થાનક છે. તેમાં ઉદ્યોતની ઉદીરણા ઉમેરાયે થયે છતે સાધુ મહાત્મા માત્રને જ (૫૬) છપ્પન્નની ઉદીરણા હોય છે. ત્યાં સર્વપ્રકૃતિઓ શુભ હોવાથી એક જ ભાંગો થાય છે.

સર્વ મળીને વૈક્રિય મનુષ્યોને સ્વમતે (૪+૪+૫+૫+૧=૧૯) ઓગણીસ ભાંગા ઉદીરણામાં જાણવા અને પરમતે (કર્મગ્રંથકારાદિના મતે) (૮+૮+૯+૯+૧) કુલ ૩૫ ભાંગા ઉદીરણામાં જાણવા.

હવે આહારક શરીર બનાવનારા સાધુ મહાત્માને વૈક્રિય શરીરને બદલે આહારક શરીરનો ઉદય-ઉદીરણા હોવાથી ભિન્ન પ્રકૃતિઓની ઉદીરણા છે તે માટે તેને આશ્રયી ઉદીરણાસ્થાનક અને તેના ભાંગા કહેવાય છે.

આ આહારક શરીરની રચના કરવી તે, એટલે કે આહારકનો ઉદય અને ઉદીરણા સાધુ મહાત્માને જ હોવાથી અહીં સર્વ શુભ જ પ્રકૃતિઓ ઉદય-ઉદીરણામાં હોય છે. દૌર્ભાગ્ય દુઃસ્વર અનાદેય અને અયશઃકીર્તિ નામકર્મનો ઉદય અને ઉદીરણા હોતી નથી.

ત્યાં આહારક શરીરની રચના કરનારા મહાત્માને ઉદીરણા સ્થાનક પાંચ હોય છે. (૫૧-૫૩-૫૪-૫૫-૫૬) અર્થાત્ એકાવન-ત્રેપન-ચોવન-પંચાવન અને છપ્પન્ન.

ત્યાં આહારક સપ્તક, પ્રથમ સંસ્થાન, ઉપઘાત પ્રત્યેક એમ દશ (૧૦) પ્રકૃતિઓ ઉદીરણામાં ઉમેરીએ અને મનુષ્યની આનુપૂર્વીનું અપનયન કરીએ તો સામાન્ય મનુષ્ય પ્રાયોગ્ય જે (૪૨) બેતાલીસનું ઉદીરણા સ્થાનક હતું. તેમાં ૧૦ ઉમેરો અને એક મનુષ્યાનુપૂર્વી દૂર કરો તો (૪૨+૧૦-૧ = ૫૧) એકાવન પ્રકૃતિઓનો વર્ગ બનશે. અહીં સર્વ પણ પ્રકૃતિઓ શુભ જ ઉદય-ઉદીરણામાં હોય છે. તેથી (૧) એક જ ભાંગો થાય છે.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા આહારક શરીરવાળા જીવને શુભ વિહાયોગતિ અને પરાઘાત નામકર્મનો ઉદય અને ઉદીરણા શરૂ થવાના કારણે (૫૩) ત્રેપનનો ઉદય અને ઉદીરણા હોય છે. અહીં પણ સર્વપ્રકૃતિઓ શુભ જ હોવાથી એક ભાંગો જાણવો.

ત્યારબાદ શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા તે જ જીવને ઉચ્છ્વાસની ઉદીરણા ઉમેરાતાં (૫૪) ચોપન પ્રકૃતિઓનું ઉદીરણાસ્થાન હોય છે. અહીં પણ સર્વ શુભ પ્રકૃતિ જ હોવાથી (૧) એક ભાંગો અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્વાસનો હજુ અનુદય હોતે છતે ઉદ્યોત નામકર્મનો ઉદય અને ઉદીરણાનો પ્રારંભ થયે છતે પણ (૫૪) ચોપન પ્રકૃતિઓનું ઉદીરણાસ્થાન સંભવે છે. ત્યાં પણ એક જ ભાંગો થાય છે. સર્વ મળીને (૫૪) ચોપનના ઉદીરણા સ્થાનમાં બે ભાંગા જાણવા.

તથા ઉચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા મહાત્માને ઉચ્છ્વાસ સહિત જે (૫૪) ચોપન પ્રકૃતિઓની ઉદીરણા છે. તેમાં સુસ્વર નામકર્મની ઉદીરણાનો પ્રક્ષેપ કરાયે છતે (૫૫) પંચાવન પ્રકૃતિઓની ઉદીરણા થાય છે. અહીં પણ સર્વ પ્રકૃતિઓ શુભ જ હોવાથી (૧) ભાંગો થાય છે અથવા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને સ્વરનો હજુ અનુદય હોતે છતે ઉદ્યોતનો ઉદય શરૂ થાય ત્યારે (૫૫) પંચાવન પ્રકૃતિઓ ઉદીરણામાં હોય છે. અહીં પણ એક જ ભાંગો થાય છે. સર્વ મળીને પંચાવનની ઉદીરણામાં બે ભાંગા જાણવા.

તથા ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા જીવને સ્વર સહિત જે (૫૫) પંચાવન પ્રકૃતિઓની ઉદીરણા છે. તેમાં ઉદ્યોતની ઉદીરણા ઉમેરાયે છતે (૫૬) છપ્પન્ન પ્રકૃતિઓની ઉદીરણા થાય છે. ત્યાં પણ સર્વ પ્રકૃતિઓ શુભ જ હોવાથી એક ભાંગો જાણવો. સર્વ મળીને આહારક મનુષ્યના ઉદીરણા સ્થાનોના ભાંગા (૧+૧+૨+૨+૧ = ૭) કુલ સાત થાય છે.

તે આ પ્રમાણે મનુષ્યોને આશ્રયી (૧) સામાન્ય મનુષ્ય, (૨) વૈક્રિય મનુષ્ય અને (૩) આહારક મનુષ્ય તથા (૪) કેવલજ્ઞાની મનુષ્યોને આશ્રયી સર્વસંખ્યાએ ઉદીરણાસ્થાનોમાં ભાંગા સ્વમતે (૧૩૩૪) તેરસોહ ચોત્રીસ થાય છે અને પરમતે (મતાન્તરે કર્મગ્રંથકારાદિના મતે) (૨૬૫૦) છવ્વીસોહ અને પચાસ અધિક ઉદીરણાના ભાંગા જાણવા.

હવે દેવોને આશ્રયી ઉદીરણાસ્થાનો (૬) છે. (૪૨-૫૧-૫૩-૫૪-૫૫-૫૬) એમ કુલ છ ઉદીરણાસ્થાનો છે. ત્યાં દેવગતિ, દેવની આનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, ત્રસ-બાદર-પર્યાપ્ત સૌભાગ્ય અને આદેય નામકર્મનું યુગલ અથવા દૌર્ભાગ્ય અને અનાદેયનું યુગલ આ બે યુગલમાંથી ગમે તે એક યુગલ, યશઃકીર્તિ અને અયશઃકીર્તિ આ બન્નેમાંથી પણ એક એમ કુલ ૯ પ્રકૃતિઓ, ધ્રુવ ઉદીરણાવાળી (૩૩) તેત્રીસ પ્રકૃતિઓની સાથે મેળવતાં (૪૨) બેતાલીસની ઉદીરણા થાય છે. દેવોના આત્માઓને વિગ્રહગતિમાં દેવભવમાં આવતાં આટલી ઉદીરણા હોય છે.

આ (૪૨) બેતાલીસના ઉદીરણાસ્થાનકમાં સૌભાગ્ય અને આદેયનું યુગલ તથા દૌર્ભાગ્ય અનાદેયનું યુગલ તેની સાથે યશઃકીર્તિ અને અયશઃકીર્તિની સાથે ગુણતાં કુલ (૪)

ચાર ઉદયભાંગા અને ઉદીરણાના ભાંગા થાય છે અને મતાન્તરે સૌભાગ્ય અને દૌર્ભાગ્યની સાથે આદેશ અને અનાદેય અને યશઃકીર્તિ તથા અયશઃકીર્તિ જોડતાં કુલ (૮) આઠ ભાંગા થાય છે.

ત્યારબાદ શરીરસ્થ એવા દેવોને વૈક્રિયસપ્તક, પ્રથમ સંસ્થાન, ઉપઘાત અને પ્રત્યેક નામકર્મ એમ કુલ (૧૦) દસ પ્રકૃતિની ઉદીરણા ઉમેરાતાં અને દેવાનુપૂર્વીનો ઉદય ન હોવાથી ઉદીરણામાંથી દૂર કરાયે છતે (૪૨+૧૦-૧=૫૧) એકાવન પ્રકૃતિઓની ઉદીરણા થાય છે. આ ૫૧ના ઉદીરણાસ્થાનમાં પણ પૂર્વની જેમ જ પોતાના મતે (૪) ચાર ભાંગા અને મતાન્તરે આઠ ભાંગા થાય છે.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા દેવના જીવને પરાઘાત અને પ્રશસ્ત-વિહાયોગતિ નામકર્મનો ઉદય થવાથી ઉદીરણામાં પણ વૃદ્ધિ થવાથી (૫૩) ત્રેપન પ્રકૃતિઓની ઉદીરણા થાય છે. અહીં પણ સ્વમતે (૪) ચાર ભાંગા, મતાન્તરે (૮) આઠ ભાંગા જાણવા. દેવોને અશુભ વિહાયોગતિના ઉદયનો અભાવ હોવાથી ઉદીરણા પણ સંભવતી નથી. તેથી તદાશ્રિત ભાંગાની અપ્રાપ્તિ છે.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા જીવને ઉચ્છ્વાસનો ઉદય થવાથી ઉદીરણામાં પણ તેનો પ્રક્ષેપ કરવાથી (૫૪) ચોપન પ્રકૃતિઓની ઉદીરણા હોય છે. આ (૫૪ના) ઉદીરણાસ્થાનમાં પણ સ્વમતે (૪) ચાર ભાંગા અને મતાન્તરે (૮) આઠ ઉદય ભાંગા થાય છે અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા જીવને ઉચ્છ્વાસનો હજુ અનુદય હોતે છતે અને ઉદ્યોતનો ઉદય શરૂ થયે છતે પણ (૫૪નું) ચોપન પ્રકૃતિનું જ ઉદીરણાસ્થાન થાય છે. અહીં પણ સ્વમતે (૪) ચાર અને મતાન્તરે (૮) આઠ ભાંગા થાય છે. સર્વ મળીને (૫૪) ચોપનના ઉદીરણાસ્થાનમાં સ્વમતે (૮) આઠ અને મતાન્તરે (૧૬) સોળ ઉદીરણાના ભાંગા જાણવા.

તથા ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા જીવને ઉચ્છ્વાસ સહિત જે (૫૪) ચોપન પ્રકૃતિઓ છે. તેમાં સુસ્વરનો પ્રક્ષેપ કરાયે છતે (૫૫) પંચાવનનું ઉદીરણાસ્થાન થાય છે. અહીં પણ પોતાના મતે (૪) ચાર અને પરમતે (૮) આઠ ભાગા ઉદીરણામાં જાણવા. અથવા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા (પણ ભાષા પર્યાપ્તિએ અપર્યાપ્ત જીવને સ્વરનો અનુદય હોતે છતે ઉદ્યોતનો ઉદય થવાથી ઉદીરણા ચાલુ થવાથી (૫૫) પંચાવન પ્રકૃતિઓનું ઉદીરણાસ્થાન થાય છે. ત્યાં પણ સ્વમતે (૪) અને મતાન્તરે (૮) આઠ ભાંગા થાય છે. સર્વ મળીને (૫૫) પંચાવન પ્રકૃતિઓના ઉદીરણા સ્થાનમાં સ્વમતે (૮) અને મતાન્તરે (૧૬) સોળ ઉદીરણાભાંગા જાણવા.

ત્યારબાદ ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને સુસ્વર સહિત (૫૫) પંચાવન પ્રકૃતિઓમાં ઉદ્યોતનામકર્મની ઉદીરણાનો પ્રક્ષેપ કરાયે છતે (૫૬) છપ્પન્ન પ્રકૃતિઓનું ઉદીરણાસ્થાન થાય છે. અહીં પણ ગ્રંથકારશ્રીના મતે ચાર અને મતાન્તરે (૮) આઠ ભાંગા હોય છે.

સર્વ સંખ્યા સાથે કરતાં દેવોના જીવોને સ્વમતે (૩૨) બત્રીસ અને મતાન્તરે (૬૪) ચોસઠ ભાંગા ઉદીરણામાં જાણવા.

હવે નારકીના જીવોનાં ઉદીરણાસ્થાનો તથા ભાંગાઓ કહેવાય છે. નારકીના જીવોને ઉદીરણાસ્થાનો પાંચ હોય છે. (૪૨-૫૧-૫૩-૫૪-૫૫) બેતાલીસ, એકાવન, ત્રેપન, ચોપન અને પંચાવન. ત્યાં નરકગતિ, નરકની આનુપૂર્વી, ત્રસ, બાદર, પર્યાપ્ત, દૌર્ભાગ્ય, અનાદેય, અયશઃકીર્તિ એમ આ (૯) નવ કર્મપ્રકૃતિઓ તથા (૩૩) તેત્રીસ ધ્રુવ ઉદીરણાવાળી એમ બન્ને સાથે કરતાં. (૯+૩૩=૪૨) બેંતાલીસ પ્રકૃતિઓની ઉદીરણા વિગ્રહ ગતિમાં નરકના ભવમાં જતા જીવને હોય છે.

આ (૪૨) બેતાલીસમાં સર્વ પ્રકૃતિઓ અશુભ છે. તેથી (૪૨ના) ઉદીરણાસ્થાનમાં એક જ ભાંગો થાય છે. ત્યારબાદ આ જીવ ઉત્પત્તિના બીજા સમયથી શરીરસ્થ બને છે. ત્યારથી વૈક્રિય સપ્તક, હુંડક સંસ્થાન, ઉપઘાત તથા પ્રત્યેક નામકર્મ આમ કુલ (૧૦) દસ પ્રકૃતિઓ ઉમેરાયે છતે અને નરકાનુપૂર્વીનો ઉદય ન હોતે છતે (૧૦) દસ ઉમેરતાં અને એક પ્રકૃતિ ઓછી કરતાં (૪૨+૧૦-૧) = ૫૧ પ્રકૃતિઓનું ઉદીરણા સ્થાન થાય છે. અહીં પણ એક જ ભાંગો થાય છે. બધી જ પ્રતિપક્ષી પ્રકૃતિઓ અશુભ જ માત્ર છે તે માટે,

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાત તથા અશુભ વિહાયોગતિનો પ્રક્ષેપ કરાયે છતે (૫૩) ત્રેપન પ્રકૃતિઓની ઉદીરણા થાય છે. અહીં પણ સર્વ પ્રકૃતિઓ અશુભ માત્ર જ હોવાથી એક જ ભાંગો થાય છે તથા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્વાસની ઉદીરણાનો પ્રક્ષેપ કરાયે છતે (૫૪) ચોપન પ્રકૃતિઓની ઉદીરણા થાય છે. અહીં પણ સર્વ પ્રકૃતિઓ અશુભ જ માત્ર હોવાથી એક જ ભાંગો થાય છે.

ત્યારબાદ ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને દુઃસ્વરની ઉદીરણાનો પ્રારંભ થયે છતે (૫૫) પંચાવન પ્રકૃતિઓની ઉદીરણા થાય છે. અહીં પણ એક જ ઉદીરણાભાંગો થાય છે. નારકીના જીવોને સર્વ સંખ્યાએ પાંચ ઉદીરણાસ્થાનો અને ઉદીરણા સ્થાનોના ભાંગાઓ પણ પાંચ જ થાય છે.

તે આ પ્રમાણે નામકર્મમાં ઉદીરણાસ્થાનો કહ્યાં. હવે આ જ ઉદીરણાસ્થાનોને ગુણસ્થાનકોમાં કયા કયા ગુણસ્થાનકે કેટલાં કેટલાં અને કયાં કયાં ઉદીરણાસ્થાનો હોય તે સમજાવતાં કહે છે કે :-

"गुणिसु नामस्स" પાઠનો અર્થ આ પ્રમાણે છે. મિથ્યાત્વ નામના પ્રથમ ગુણસ્થાનકથી આરંભીને સંયોગી કેવલી નામના તેરમા ગુણસ્થાનક સુધીનાં (૧૩) તેર ગુણસ્થાનકોમાં અનુક્રમે આ પ્રમાણે ઉદીરણાસ્થાનો જાણવાં.

"नव सत्त तिन्नि" ઇત્યાદિ પાઠ પ્રમાણે અર્થ આમ જાણવો. મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે (૯) નવ; સાસ્વાદને (૭) સાત, મિશ્ર ગુણસ્થાનકે (૩) ત્રણ, અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે (૮) આઠ, દેશવિરતિ ગુણઠાણે (૬) છ, પ્રમત્ત સંયત ગુણઠાણે (૫) પાંચ, તથા અપ્રમત્ત ગુણઠાણે (૨) બે, અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકથી ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનક સુધીનાં પાંચ ગુણસ્થાનકોમાં એક (૧) ઉદીરણાસ્થાનક, તથા સંયોગી કેવલી નામના તેરમા એક જ ગુણસ્થાનકે (૮) આઠ ઉદીરણાસ્થાનો હોય છે.

ઉપરોક્ત વાતની વિશેષ ભાવના આ પ્રમાણે જાણવી. મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે કુલ (૯) નવ ઉદીરણાસ્થાનો હોય છે.

તે આ પ્રમાણે :- (૪૨) બેંતાલીસ, (૫૦) પચાસ, (૫૧) એકાવન, (૫૨) બાવન, (૫૩) ત્રેપન, (૫૪) ચોપન, (૫૫) પંચાવન, (૫૬) છપ્પન્ન, (૫૭) સત્તાવન એમ કુલ (૯) ઉદીરણાસ્થાનો મિથ્યાત્વ ગુણસ્થાનકે હોય છે. આ સર્વે નવે ઉદયસ્થાનકો તથા તેને અનુસારે ઉદીરણાસ્થાનકો મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિય આદિ જીવોને આશ્રયી ઉપર સમજાવ્યા છે. તેમ જ સ્વયં સમજી લેવા.

સાસ્વાદન ગુણસ્થાનકે સાત ઉદીરણાસ્થાનો છે. તે આ પ્રમાણે :- (૪૨, ૫૦, ૫૧, ૫૨ તથા ૫૫, ૫૬ અને ૫૭) બેતાલીસ, પચાસ એકાવન, બાવન તથા પંચાવન, છપ્પન્ન અને સત્તાવન.

ત્યાં બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને દેવના જીવો કે જે સાસ્વાદન ગુણસ્થાનકે વર્તતા છતા વિગ્રહગતિમાં વર્તતા હોય ત્યારે તે જીવોને (૪૨) બેતાલીસની ઉદીરણા હોય છે. તથા શરીરસ્થ (એટલે કે શરીર પર્યાપ્તિ જેણે ચાલુ કરી છે એવા ઉત્પત્તિના બીજા આદિ સમયોમાં વર્તતા એવા) એકેન્દ્રિય જીવોને જ માત્ર આ (૫૦) પચાસ પ્રકૃતિઓનું ઉદીરણા સ્થાન હોય છે. શરીરસ્થ એટલે કે શરીરની અંદર વર્તનારા હોવાથી શરીર સંબંધી આઠ પ્રકૃતિઓનો ઉદય તથા ઉદીરણા ચાલુ થાય છે. તે માટે ૪૨માંથી ૫૦ની ઉદીરણા હોય છે. એકીન્દ્રિય જીવોને ૪૨માંથી ૫૦ની ઉદીરણા ચાલુ થાય. પરંતુ જો દેવના જીવો હોય તો અંગોપાંગનામકર્મનો ઉદય તથા ઉદીરણા વધારે હોવાથી ૫૧ની ઉદીરણા હોય છે.

તથા વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યના જીવોને શરીરસ્થ હોય ત્યારે (એટલે કે ઉત્પત્તિના બીજા જ સમયે શરીર પર્યાપ્તિનો પ્રારંભ કરે ત્યારથી જ (૫૨) બાવન પ્રકૃતિઓનો ઉદય અને ઉદીરણા હોય છે. અહીં સુધીનાં (૪૨-૫૦-૫૧-૫૨) સુધીનાં આ ઉદીરણા સ્થાનો ગયા ભવથી સાસ્વાદન લઈને નવા ભવમાં આવતા જીવોને આશ્રયી જાણવાં.

હવે ચાલુ ભવમાં પર્યાપ્ત અવસ્થામાં સમ્યક્ત્વથી પડીને સાસ્વાદને આવે એવાં ઉદયસ્થાનકો અને ઉદીરણાસ્થાનકો સમજાવે છે.

દેવો અને નારકીના જીવો તથા પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો સર્વપર્યાપ્તિએ પર્યાપ્તા થયા છતા સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પતન પામીને જ્યારે સાસ્વાદને આવે ત્યારે તે જીવોને (૫૫-૫૬-૫૭) આ ત્રણ ઉદીરણાસ્થાનો હોય છે. ત્યાં પર્યાપ્તા દેવ અને નારકીના જીવોને સાસ્વાદને વર્તતા હોય ત્યારે (૫૫) પંચાવનની ઉદીરણા, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને દેવના જીવોને (૫૬) છપ્પન્નની ઉદીરણા તથા પર્યાપ્તા પંચેન્દ્રિયતિર્યંચો કે જે ઉદ્યોતના ઉદયવાળા હોય છે. તેને આશ્રયી (૫૭) સત્તાવનની ઉદીરણા હોય છે. આ પ્રમાણે સાસ્વાદને કુલ ૪૨-૫૦-૫૧-૫૨ તથા ૫૫-૫૬-૫૭ એમ સાત ઉદીરણાસ્થાન જાણવા.

તથા મિશ્રદૃષ્ટિ નામના ત્રીજા ગુણસ્થાનકે ત્રણ ઉદીરણા સ્થાનક જાણવાં. (૫૫-૫૬-૫૭) પંચાવન છપ્પન્ન તથા સત્તાવન આ મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનક સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ આવે છે. તે માટે દેવ અને નારકીના જીવોને (૫૫) પંચાવન, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને દેવના જીવોને (૫૬) છપ્પન્ન, તથા ઉદ્યોતના ઉદયવાળા પંચેન્દ્રિય તિર્યંચોને (૫૭) સત્તાવન આ પ્રમાણે મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનકે કુલ ૩ ઉદીરણાસ્થાન સમજવાં.

અવિરત સમ્યગ્દૃષ્ટિ નામના ચોથા ગુણસ્થાનકે કુલ (૮) આઠ ઉદીરણાસ્થાનકો જાણવાં. (૪૨-૫૧-૫૨-૫૩-૫૪-૫૫-૫૬-૫૭ કુલ ૮) બેંતાલીસ, એકાવનથી સત્તાવન સુધીનાં સાત કુલ આઠ ઉદીરણાસ્થાન ચોથા ગુણઠાણે જાણવાં.

ત્યાં નારકી, પંચેન્દ્રિય તિર્યંચ, દેવ અને મનુષ્યોને (૪૨) બેતાલીસ, દેવ અને નારકી માત્રને એકાવન, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને (૫૨) બાવન, તથા નારકી, દેવો, વૈક્રિય તિર્યંચો અને વૈક્રિય મનુષ્યોને (૫૩) ત્રેપન તથા (૫૪) ચોપનની ઉદીરણા દેવ, નારકી, પંચેન્દ્રિય તિર્યંચ તથા વૈક્રિય તિર્યંચ તથા સામાન્ય મનુષ્ય તથા વૈક્રિય મનુષ્યને હોય છે. (૫૫) પંચાવનની ઉદીરણા પણ આ જ જીવોને હોય છે તથા (૫૬) છપ્પન્નની ઉદીરણા દેવ, પંચેન્દ્રિયતિર્યંચ તથા મનુષ્યોને હોય છે અને (૫૭) સત્તાવનની ઉદીરણા ઉદ્યોતના ઉદયવાળા પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે. આ પ્રમાણે અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે કુલ (૮) આઠ ઉદીરણાસ્થાનક હોય છે.

દેશવિરતિ નામના પાંચમા ગુણસ્થાનકે કુલ (૬) ઉદીરણાસ્થાનકો હોય છે. (૫૧-૫૩-૫૪-૫૫-૫૬-૫૭) ત્યાં ૫૧-૫૩-૫૪ અને ૫૫ આ ચાર ઉદીરણાસ્થાનકો વૈક્રિય શરીરની રચના કરનારા તિર્યંચ અને મનુષ્યોને હોય છે. (૫૬) છપ્પન્નની ઉદીરણા વૈક્રિય શરીર રચના કરનાર તિર્યંચ મનુષ્યોને પણ હોય છે તથા સ્વભાવસ્થ એટલે કે કોઈ પણ નવું શરીર ન બનાવનારા એવા ઔદારિક શરીરધારી તિર્યંચ મનુષ્યોને પણ હોય છે તથા (૫૭) સત્તાવન પ્રકૃતિઓનું ઉદીરણાસ્થાનક ઉદ્યોતના ઉદયવાળા પંચેન્દ્રિયતિર્યંચોને હોય છે.

પ્રમત્ત સંયત ગુણસ્થાનકવર્તી જીવોને (૫૧-૫૩-૫૪-૫૫-૫૬ કુલ) પાંચ ઉદીરણા સ્થાનક હોય છે. વૈક્રિયશરીરની અથવા આહારક શરીરની રચના કરનારા મુનિરાજને આ પાંચે પણ ઉદીરણાસ્થાનો હોય છે અને (૫૬) છપ્પન્ન પ્રકૃતિનું ઉદયસ્થાન તથા ઉદીરણાસ્થાનક ઔદારિક શરીરવાળા લબ્ધિ વિનાના મુનિમહારાજને પણ હોય છે.

અપ્રમત્ત મુનિ મહાત્માને (૫૫-૫૬) પંચાવન અને છપ્પન્ન આ બે જ ઉદીરણાસ્થાનક હોય છે. ત્યાં (૫૬) છપ્પન્ન પ્રકૃતિનું ઉદીરણાસ્થાનક ઔદારિક શરીરમાં વર્તતા મુનિ મહાત્માઓને હોય છે. તથા વૈક્રિય અને આહારક શરીર જે સંયમી આત્માઓએ બનાવ્યું હોય તેવા મુનિ મહાત્માઓને નવા શરીરસંબંધી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા તે મુનિ મહાત્માઓને કેટલોક કાળ અપ્રમત્તપણું પણ હોઈ શકે છે. તેથી તે મુનિરાજોને ૫૫-૫૬ એમ બન્ને ઉદીરણાસ્થાન હોય છે.

તથા અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકથી બારમા ક્ષીણમોહ સુધીમાં પાંચ ગુણસ્થાનકોમાં (૫૬) છપ્પન્ન પ્રકૃતિઓનું એક જ ઉદીરણાસ્થાનક હોય છે અને તે ગુણસ્થાનકો ઔદારિકશરીરધારી મુનિ મહાત્માઓને જ બન્ને પ્રકારની શ્રેણીમાં જ આવે છે.

તથા એક સંયોગી કેવલી નામના તેરમા ગુણસ્થાનકે (૮) આઠ ઉદીરણાસ્થાનો હોય છે. (૪૧-૪૨-૫૨ થી ૫૭ સુધીના ૬ કુલ ૮) આ આઠે ઉદીરણાસ્થાનો તેરમા ગુણઠાણે સંયોગી કેવલી પરમાત્માને હોય છે. આ વાત પૂર્વે સમજાવેલી છે. ચૌદમા ગુણઠાણે અયોગી હોવાથી ઉદીરણા હોતી જ નથી.

આ પ્રમાણે ૧૪ ગુણસ્થાનકોમાં નામકર્મનાં ઉદીરણાસ્થાનો સમજાવ્યાં. હવે કયા કયા ઉદીરણાસ્થાનકમાં કેટલા કેટલા ભાંગા થાય ? તે સમજાવવા માટે સંકલના કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી જ કહે છે કે :-

ઉદીરણા સ્થાનોના અનુક્રમ પ્રમાણે જ, એટલે કે (૪૧) એકતાલીસ બેતાલીસ

આદિ પૂર્વે કહેલાં ઉદીરણાના સ્થાનોમાં અનુક્રમે જ કુલ ભાંગા પણ હવે કહેવાતી રીતિ પ્રમાણે જ સમજી લેવા.

(૪૧) એકતાલીસના ઉદીરણાસ્થાનમાં ૧ ભાંગો અને તે અતીર્થંકર કેવલી પરમાત્માને આશ્રયી જાણવો. (૪૨) બેતાલીસના ઉદીરણાસ્થાનમાં સ્વમતે (૩૦) ત્રીસ ભાંગા ત્યાં નારકીને આશ્રયી એક, એકેન્દ્રિય જીવોને આશ્રયી પાંચ, વિકલેન્દ્રિય જીવોને આશ્રયી દરેકમાં ત્રણ ત્રણ ભાંગા પ્રાપ્ત થતા હોવાથી કુલ (૯) નવ, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને આશ્રયી પાંચ પાંચ, તીર્થંકર કેવલી પરમાત્માને આશ્રયી એક અને દેવોને આશ્રયી ચાર આ પ્રમાણે (૧+૫+૯+૫+૫+૧+૪ = ૩૦) ત્રીસ ભાંગા ઉદીરણાના જાણવા.

મતાન્તરે (કર્મગ્રંથકારના મતે) પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને આશ્રયી (૯+૯) નવ નવ ભાંગા અને દેવોને આશ્રયી (૮) આઠ ભાંગા પ્રાપ્ત થાય છે. જેથી (૪૨) બેતાલીસના ઉદીરણા સ્થાનમાં (૪૨) બેતાલીસ ઉદીરણાના ભાંગા જાણવા.

(૫૦) પચાસ પ્રકૃતિઓનું ઉદીરણા સ્થાન માત્ર એકેન્દ્રિય જીવોને જ હોય છે અને ત્યાં (૧૧) અગીયાર ભાંગા ઉદીરણાના જાણવા. એકેન્દ્રિય જીવો સિવાય અન્ય કોઈ પણ જીવોમાં (૫૦) પચાસનું ઉદીરણાસ્થાન પ્રાપ્ત થતું નથી.

(૫૧) એકાવનના ઉદીરણાસ્થાનમાં (૨૧) એકવીસ ભાંગા થાય છે. ત્યાં નારકીનો ભાંગો ૧, એકેન્દ્રિયના ૭, વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યના ચાર-ચાર (૪+૪), આહારક શરીરી સાધુ મહાત્માનો ૧, તથા દેવોના (૪) ચાર કુલ ૨૧ ભાંગા સ્વમતે ઉદીરણાના જાણવા.

મતાન્તરે વૈક્રિય તિર્યંચ, વૈક્રિય મનુષ્ય અને દેવ આ ત્રણે સ્થાને ચાર-ચારને બદલે આઠ-આઠ ભાંગા લેવા. જેથી બાર ભાંગા વધારે થાય છે તે માટે (૩૩) તેત્રીસ ભાંગા ઉદીરણાના (૫૧) એકાવનના ઉદીરણાસ્થાનમાં જાણવા.

"सबार तिसई य" બાર અધિક એવા ત્રણસોહ અર્થાત્ (૩૧૨) ત્રણસોહ અને બાર ઉદીરણાના ભાંગા (૫૨) બાવનના ઉદીરણાના સ્થાનમાં સમજવા. ત્યાં એકેન્દ્રિય જીવોને આશ્રયી (૧૩) તેર, વિકલેન્દ્રિયમાં દરેકમાં ત્રણ ત્રણ ભાંગા પ્રાપ્ત થતા હોવાથી (૯) નવ, તથા પંચેન્દ્રિય તિર્યંચોને આશ્રયી (૧૪૫) એકસોહ પીસ્તાલીસ, મનુષ્યોમાં પણ (૧૪૫) એકસોહ પીસ્તાલીસ કુલ (૧૩+૯+૧૪૫+૧૪૫ = ૩૧૨) ત્રણસોહ બાર ઉદીરણાના ભાંગા જાણવા.

મતાન્તરે (કર્મગ્રંથકારના મતે)વળી ઉદીરણાના ભાંગા (૫૨) બાવનના ઉદીરણા સ્થાનમાં (૬૦૦) છસોહ પુરેપુરા જાણવા. તથા તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં દરેકમાં

૧૪૫-૧૪૫ને બદલે ૨૮૯+૨૮૯ જાણવા. જેથી ૨૮૯+૨૮૯+૧૩+૯ = ૬૦૦ ભાંગા સમજવા.

(૫૩) ત્રેપનના ઉદીરણાસ્થાનમાં (૨૧) એકવીસ ભાંગા જાણવા. ત્યાં નારકીનો ૧, એકેન્દ્રિયમાં ૬, વૈક્રિય તિર્યંચ પંચેન્દ્રિયમાં ૪, વૈક્રિય મનુષ્યમાં પણ ૪, આહારક શરીરી મુનિને આશ્રયી ૧, તીર્થંકર કેવલી પરમાત્માને આશ્રયી ૧ અને દેવોને આશ્રયી ૪ કુલ (૧+૬+૪+૪+૧+૧+૪ = ૨૧) એકવીસ ભાંગા ઉદીરણાના જાણવા.

અહીં પણ મતાન્તરે વૈક્રિય તિર્યંચ, વૈક્રિય મનુષ્ય અને દેવોમાં જે ચાર-ચાર ભાંગા છે. તેને બદલે દરેકમાં આઠ આઠ ભાંગા હોવાથી (૫૩) ત્રેપનના ઉદીરણાસ્થાનમાં (૩૩) તેત્રીસ ભાંગા ઉદીરણાના કર્મગ્રન્થકારના મતે જાણવા.

હવે (૫૪) ચોપનના ઉદીરણાના સ્થાનમાં (૬૦૬) છસોહ છ થાય છે. તે આ પ્રમાણે :- નારકીનો ૧, વિક્લેન્દ્રિયમાં દરેકના બે બે ભાંગા પ્રાપ્ત થતા હોવાથી કુલ ૬, વૈક્રિયાદિ શરીરોની વિકુર્વણા કર્યા વિનાના સ્વભાવસ્થ એવા પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યોમાં દરેકમાં (૨૮૮-૨૮૮) બસોહ અઠયાસી, બસોહ અઠયાસી, વૈક્રિય પંચેન્દ્રિય તિર્યંચમાં (૮) આઠ, વૈક્રિય મનુષ્યોમાં (૪) ચાર, વૈક્રિય શરીરવાળા સાધુ મહાત્માને આશ્રયી ઉદ્યોત સાથે ૧, આહારક શરીરી સાધુને આશ્રયી (૨) બે ભાંગા અને દેવોમાં (૮) આઠ ભાંગા કુલ મળીને (૧+૬+૨૮૮+૨૮૮+૮+૪+૧+૨+૮ = ૬૦૬) છસોહ અને છભાંગા થાય છે.

મતાન્તરે સામાન્ય તિર્યંચ પંચેન્દ્રિયમાં ૨૮૮ને બદલે ૫૭૬ વૈક્રિય તિર્યંચ પંચેન્દ્રિયમાં (૮ને બદલે ૧૬) સોળ, સામાન્ય મનુષ્યોમાં પાંચસોહ છોંતેર (૫૭૬), વૈક્રિય મનુષ્યોમાં (૯) નવ, દેવોમાં (૮ને બદલે) સોળ આટલા ભાંગા અધિક પ્રાપ્ત થાય છે. બાકીના પૂર્વની જેમ જ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે (૫૪) ચોપનના ઉદીરણાસ્થાનમાં (૧૨૦૨) બારસોહ બે ભાંગા જાણવા.

(૫૫) પંચાવનના ઉદીરણા સ્થાનમાં (૯૦૧) નવસોહ એક ઉદીરણાના ભાંગા થાય છે. તે આ પ્રમાણે :- નારકીના જીવોનો સર્વપર્યાપ્તિએ પર્યાપ્તાનો ૧ ભાંગો, બેઈન્દ્રિય તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય આ ત્રણે વિક્લેન્દ્રિયના ચાર ચાર ભાંગા પ્રાપ્ત થતા હોવાથી કુલ (૧૨) બાર, સ્વભાવસ્થ એવા પંચેન્દ્રિય તિર્યંચોને આશ્રયી (૫૭૬) પાંચસોહ છોંતેર (૫૭૬), વૈક્રિય શરીરી પંચેન્દ્રિય તિર્યંચમાં (૮) આઠ, સ્વભાવસ્થ મનુષ્યોમાં (૨૮૮) બસોહ અઠયાસી, વૈક્રિય શરીરી સામાન્ય મનુષ્યોમાં (૪) ચાર, વૈક્રિય શરીરી સાધુ મહાત્મામાં ઉદ્યોતની સાથેનો ૧ એક, આહારક શરીરી જીવમાં (૨) બે, તીર્થંકર ભગવાનનો

(૧) એક તથા દેવોના ભાંગા (૮) આઠ, સર્વ મળીને (૧+૧૨+૫૭૬+૮+૨૮૮+૪+૧+૨+૧+૮=૯૦૧) નવસોહ અને એક ઉદય ઉદીરણાના ભાંગા જાણવા.

પરંતુ મતાન્તરે (કર્મગ્રન્થકારના મતે) પંચેન્દ્રિય તિર્યચોમાં ભાંગા ૫૭૬ના બદલે ૧૧૫૨, વૈક્રિય પંચેન્દ્રિય તિર્યચોમાં આઠને બદલે (૧૬) સોળ, મનુષ્યોમાં સ્વભાવસ્થ મનુષ્યોમાં (૨૮૮ના બદલે ૫૭૬) પાંચસોહ છોતેર, વૈક્રિય મનુષ્યોમાં ૪+૧=પાંચને બદલે (૯) નવ, દેવોમાં આઠને બદલે (૧૬) સોળ બાકીના બધા પૂર્વની જેમ.

આ પ્રમાણે પંચાવનના ઉદીરણાસ્થાનમાં કુલ ભાંગા (૧૭૮૫) સત્તરસોહ અને પંચ્યાસી ભાંગા ઉદીરણામાં થાય છે.

(૫૬) છપ્પનના ઉદીરણાસ્થાનમાં (૧૪૬૯) ચૌદસોહ અને ઓગણસીત્તેર અધિક ભાંગા ઉદીરણામાં સ્વમતે જાણવા. તે આ પ્રમાણે. વિક્લેન્દ્રિય જીવોમાં દરેકમાં છ છ ભાંગા પ્રાપ્ત થતા હોવાથી અઢાર (૧૮) ભાંગા, સ્વભાવસ્થ એવા પંચેન્દ્રિય તિર્યચોમાં (૮૬૪) આઠસોહ ચોસઠ અધિક, વૈક્રિમ શરીરી તિર્યચોમાં (૪) ચાર, સામાન્ય મનુષ્યોમાં (૫૭૬) પાંચસોહ છોંતેર, વૈક્રિય શરીરી સાધુ મહાત્મામાં ઉદ્યોતની ઉદીરણા સાથે ૧ ભાંગો, આહારક શરીરી સાધુ મહાત્માનો પણ ૧ ભાંગો, તીર્થંકર પરમાત્માનો પણ (૧) એક ભાંગો અને દેવોના (૪) ચાર ભાંગા સર્વ મળીને કુલ (૧૮+૮૬૪+૪+૫૭૬+૧+૧+૧+ ૪ = ૧૪૬૯) ચૌદસોહ અને ઓગણસીત્તેર ૫૬નાં સ્થાનમાં ભાંગા ઉદીરણામાં જાણવા.

મતાન્તરે આ જ (૫૬) છપ્પન્નના ઉદીરણાસ્થાનમાં પંચેન્દ્રિયતિર્યચોમાં ૮૬૪ના બદલે (૧૭૨૮) સત્તરસોહ અને અઠયાવીસ અધિક, વૈક્રિય તિર્યચોમાં ચારને બદલે (૮) આઠ, સામાન્ય મનુષ્યોમાં (૫૭૬ના બદલે) (૧૧૫૨) અગીયારસોહ અને બાવન અધિક, દેવોમાં (૪ના બદલે) (૮) આઠ એમ કુલ ઉદીરણાના ભાંગા (૫૬)ના સ્થાનમાં (૨૯૧૭) ઓગણત્રીસસોહ અને સત્તર અધિક થાય છે.

(૫૭) સત્તાવનના ઉદીરણાસ્થાનમાં ભાંગા સ્વમતે (૫૮૯) પાંચસોહ અને નેવ્યાસી અધિક ભાંગા થાય છે. તે આ પ્રમાણે :- વિક્લેન્દ્રિય જીવોમાં દરેકમાં ચાર ચાર ભાંગા પ્રાપ્ત થતા હોવાથી કુલ બાર ભાંગા (૧૨) પંચેન્દ્રિય તિર્યંચના જીવોમાં (૫૭૬) પાંચસોહ છોંતેર અધિક, તીર્થંકર ભગવાનનો (૧) એક ભાંગો એમ કુલ ભાંગા (૧૨+૫૭૬+૧=૫૮૯) પાંચસોહ નેવ્યાસી ભાંગા જાણવા.

તથા અહીં પણ મતાન્તરે પંચેન્દ્રિય તિર્યચોમાં ૫૭૬ ભાંગાને બદલે (૧૧૫૨) અગીયારસોહ અને બાવન ભાંગા પ્રાપ્ત થાય છે. સર્વ મળીને (૫૭) સત્તાવનના ઉદીરણાસ્થાન

માં (૧૭૬૫) સત્તરસોહ અને પાંસઠ ભાંગા કર્મગ્રંથકારના મતે થાય છે. આ પ્રમાણે ગુણસ્થાનક આશ્રયી ભાંગા સમજાવ્યા. ॥૨૫-૨૬-૨૭॥

હવે ચાર ગતિને આશ્રયી ઉદીરણાસ્થાનોની પ્રરૂપણા કરે છે :-

**पण नव णवग छक्काणि, गइसु ठाणाणं सेसकम्माणं ।**
**एगेगमेव णेयं, साहित्तेगेगपगईओ ॥ २८ ॥**

**ગાથાર્થ :-** નરકગતિ આદિ ચારે ગતિમાં નામકર્મનાં અનુક્રમે (૫-૯-૯-૬) પાંચ-નવ-નવ અને છ ઉદીરણાસ્થાનો હોય છે. બાકી રહેલાં કર્મોમાં એક એક જ ઉદીરણાસ્થાનક છે. આ એક એક પ્રકૃતિનું ઉદીરણાસ્થાનક એક એક પ્રકૃતિને આશ્રયી જાણી લેવું ॥૨૮॥

**વિવેચન :-** નરક આદિ ચારે ગતિમાં અનુક્રમે (૫-૯-૯ અને ૬) પાંચ-નવ-નવ અને છ ઉદીરણાસ્થાનો જાણવાં. ત્યાં સૌથી પ્રથમ નરકગતિમાં પાંચ ઉદીરણાસ્થાનો - આ પ્રમાણે છે. :- (૪૨-૫૧-૫૩-૫૪-૫૫) બેંતાલીસ, એકાવન, ત્રેપન, ચોપન અને પંચાવન, જે પૂર્વની ગાથામાં જ વિસ્તારથી સમજાવ્યાં છે. તેના પાંચે ઉદીરણાસ્થાનકની સર્વ પ્રકૃતિઓ અશુભ જ ઉદય-ઉદીરણામાં હોવાથી એક એક ઉદીરણા ભાંગો થાય છે. કુલ ૫ ઉદીરણા ભાંગા જાણવા.

તિર્યંચગતિમાં (૪૧) એકતાલીસના સ્થાનને વર્જીને શેષ નવે પણ ઉદીરણાસ્થાનકો (૪૨-૫૦-૫૧-૫૨-૫૩-૫૪-૫૫-૫૬-૫૭) હોય છે. તે એકેન્દ્રિય-વિક્લેન્દ્રિય-સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ અને વૈક્રિય પંચેન્દ્રિય તિર્યંચને આશ્રયી આગળ કહેલી ગાથાના અનુસારે જાણવાં.

મનુષ્યગતિમાં પણ કેવલજ્ઞાની સયોગી કેવલી મનુષ્ય, સામાન્ય મનુષ્ય, વૈક્રિય મનુષ્ય તથા આહારક મનુષ્યને આશ્રયી (૫૦) પચાસના સ્થાનને વર્જીને શેષ (૪૧-૪૨-૫૧-૫૨-૫૩-૫૪-૫૫-૫૬-૫૭) નવ ઉદીરણાસ્થાનો જાણવાં.

દેવગતિમાં પણ (૪૨-૫૧-૫૩-૫૪-૫૫-૫૬) બેતાલીસ એકાવન અને ત્રેપન વિગેરે ચાર અર્થાત્ ત્રેપન-ચોપન-પંચાવન અને છપ્પન એમ કુલ છ ઉદીરણાસ્થાનો જાણવાં. આ સર્વે ચારે ગતિમાં ઉદીરણાસ્થાનો તથા તેના ભાંગાઓ પૂર્વે સમજાવ્યા જ છે. તે પ્રમાણે જાણી લેવા. આ પ્રમાણે નામકર્મનાં ઉદીરણા સ્થાનો કહ્યાં.

હવે બાકીનાં કર્મોનાં ઉદીરણાસ્થાનકો સમજાવે છે. શેષકર્મો એટલે કે જ્ઞાનાવરણીય કર્મ, વેદનીયકર્મ, આયુષ્યકર્મ, ગોત્રકર્મ તથા અંતરાયકર્મ એમ પાંચ-કર્મોનાં ઉદીરણાસ્થાન એક એક જાણવાં.

તે આ પ્રમાણે સમજવાં :- જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મનું પાંચ પ્રકૃતિ આત્મક એક-એક જ ઉદીરણાસ્થાનક જાણવું. વેદનીય-આયુષ્ય અને ગોત્રકર્મમાં અનુભવાતું અર્થાત્ ઉદયમાં વર્તતુ એક એક પ્રકૃતિવાળું જ ઉદીરણાસ્થાનક જાણવું. આ ત્રણે કર્મોમાં એકી સાથે બે-ત્રણ કે ચાર પ્રકૃતિઓની ઉદીરણા સંભવતી નથી. કારણ કે બે-ત્રણ કે ચાર પ્રકૃતિઓનો એકી સાથે ઉદય જ હોતો નથી. તે માટે

આ પાંચે કર્મોમાં આ એક એક ઉદીરણાસ્થાનક અર્થાત્ એક એક પ્રકૃતિની ઉદીરણાનું સ્વામિત્વ બરાબર જાણીને સમજીને ત્યાર બાદ જ ચૌદે ગુણસ્થાનકોમાં તથા નરક આદિ ચારે ગતિમાં કયાં કયાં કેટલાં કેટલાં ઉદીરણાસ્થાનકો હોય તે સ્વયં પોતે જ સમજી લેવું. ॥૨૮॥

***અવતરણ :- તે આ પ્રમાણે પ્રકૃતિ-ઉદીરણા કહી હવે સ્થિતિ ઉદીરણા કહેવાની છે. ત્યાં આ પ્રમાણે અર્થાધિકારો અર્થાત્ દ્વારો છે. (૧) લક્ષણ, (૨) ભેદ, (૩) સાદ્યનાદિ પ્રરૂપણા, (૪) અદ્ધાચ્છેદ અને (૫) સ્વામિત્વ એમ કુલ પાંચ દ્વારો કહેવાનાં છે. ત્યાં સૌથી પ્રથમ લક્ષણ અને ભેદ આ બે દ્વારો આ ગાથામાં કહે છે :-***

**संपत्तिए य उदए, पओगओ दिस्सए उदीरणा सा ।**
**सेवीकाठिइर्हितो, जाहिंतो तत्तिगा एसा ॥ २९ ॥**

**ગાથાર્થ :-** સંપ્રાપ્ત ઉદયમાં જે પ્રયોગથી લવાય અને કેવલી ભગવાન વડે દેખાય તે ઉદીરણા કહેવાય છે. સેવીકાવાળી સ્થિતિમાંથી જેટલી સ્થિતિ સંપ્રાપ્તોદયમાં લવાય તેટલી આ સ્થિતિ ઉદીરણા જાણવી. ॥૨૯॥

**વિવેચન :-** આ ગાથામાં સ્થિતિ ઉદીરણા ઉપર લક્ષણ અને ભેદ નામનાં બે દ્વારો સમજાવે છે :- અહીં પ્રકૃતિઓનો ઉદય બે પ્રકારનો હોય છે. સંપ્રાપ્તિ ઉદય અને અસંપ્રાપ્તિ ઉદય. ત્યાં જે કર્મદલિકો સત્તામાં છે અને તેના ઉદયના કારણભૂત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવ વિગેરે સામગ્રીની પ્રાપ્તિ થયે છતે અનુભવાય ભોગવાય. ઉદયમાં આવે તે સંપ્રાપ્ત્યુદય કહેવાય છે. સારાંશ કે ઉદયકાળને પામેલાં કર્મદલિકોનું દ્રવ્ય-ક્ષેત્રાદિ સામગ્રીના કારણે ઉદયથી ભોગવવું તે સંપ્રાપ્ત્યુદય,

તથા ઉદયકાલને ન પામેલાં કર્મદલિકોને ઉદીરણા નામના વીર્ય વિશેષ વડે ખેંચીને ઉદયકાલને પામેલાં કર્મદલિકોની સાથે મિશ્ર કરીને જે અનુભવાય તે અસંપ્રાપ્ત્યુદય કહેવાય છે અર્થાત્ ઉદીરણા કહેવાય છે. આ અસંપ્રાપ્ત્યુદયને જ ઉદીરણા કહેવાય છે.

ગ્રંથકારશ્રી પણ મૂલગાથામાં તેમજ કહે છે કે, "या स्थितिः જે કર્મસ્થિતિ ઉદયકાલને પ્રાપ્ત થઈ નથી. મોડી મોડી ઉદયમાં આવે તેવી નિષેકરચના થયેલી છે. તેવા સત્તાગત તે કર્મને પ્રયોગથી એટલે કે ઉદીરણા નામના વીર્ય વિશેષ દ્વારા ખેંચીને સંપ્રાપ્ત્યુદયમાં એટલે વર્તમાન કાલના ઉદયમાં આવેલા કર્મની સાથે જે નાખીને ભોગવાય આપણે આ પ્રક્રિયા જોઈ શકતા નથી. પરંતુ કેવલજ્ઞાન રૂપી ચક્ષુ વડે કેવળજ્ઞાની ભગંવત દ્વારા આ પ્રક્રિયા (નખાતા અને ભોગવાતા કર્મદલિકો) જે દેખાય છે. તેને સ્થિતિ ઉદીરણા કહેવાય છે. આ સ્થિતિ ઉદીરણા કોને કહેવાય ? તેનું લક્ષણ દ્વાર કહ્યું.

હવે ભેદ દ્વાર કહેવાય છે. સેવીકાસ્થિતિ થકી એટલે કે ઉદીરણા યોગ્ય જે સ્થિતિઓ છે. તેમાંથી એટલે કે તે સ્થિતિ સ્થાનોમાંથી અર્થાત્ વધારેમાં વધારે બંધાવલિકા અને ઉદયાવલિકા એમ બે આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિના સમાન પ્રમાણવાળા સ્થિતિ સ્થાનોમાંથી પ્રયોગ વિશેષ વડે અર્થાત્ જે વીર્ય વિશેષ પ્રવર્તાવવા દ્વારા ઉપરથી દલિકોને ખેંચીને ઉદય પ્રાપ્ત સ્થિતિમાં ઠલવાય અને તેની સાથે ઉદયથી ભોગવાય તે સ્થિતિ ઉદીરણા કહેવાય છે અને તે જેટલા સમયોમાંથી ઉપરથી નીચે લવાય છે. તેટલા તેના ભેદ થાય છે. એટલે કે તેટલા ભેદવાળી આ સ્થિતિ ઉદીરણા જાણવી.

ભાવાર્થ આ પ્રમાણે છે - અહીં ભેદની કલ્પના કરવા યોગ્ય સ્થિતિઓનું જ નામ પૂર્વ પુરૂષોની પરિભાષા વડે "सेवीका" આવું નામ કરાયું છે.

"सेव्यन्ते इति सेवीका" ભેદ કલ્પના કરવા માટે જેનો આશ્રય કરાય તે "सेवीका" આ શબ્દ ઉણાદિ સૂત્રથી બને છે. ત્યાંથી તેની વ્યુત્પત્તિ જાણી લેવી. તે સેવિકા વાળી સ્થિતિ બે પ્રકારની હોય છે. ઉદીરણાને યોગ્ય અને ઉદીરણાને અયોગ્ય. ત્યાં બંધાવલિકા સંક્રમાવલિકા અને ઉદયાવલિકા એમ ત્રણ આવલિકામાં રહેલી જે સ્થિતિ છે તે ઉદીરણા માટે અપ્રાયોગ્ય છે તેમાં ઉદીરણા થતી નથી. કારણ કે તે સ્થિતિ ઉદીરણાદિ કરણો માટે અસાધ્ય છે.

બાકીની શેષ સઘળી પણ સ્થિતિ ઉદીરણા પ્રાયોગ્ય છે. બાકીની તમામ સ્થિતિસ્થાનોમાંથી જો તે કાલે ઉદય હોય તો અવશ્ય ઉદીરણા થાય જ છે.

ત્યાં જે પ્રકૃતિઓ ઉદયબંધોત્કૃષ્ટા છે. એટલે કે પોતાનો ઉદય હોતે છતે પોતાના બંધથી જ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે. પણ સંક્રમ કરવો પડતો નથી. તેવી પ્રકૃતિઓની બે આવલિકા ન્યૂન સર્વ પણ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય કહેવાય છે. આ રીતે ઉદય બન્ધોત્કૃષ્ટા પ્રકૃતિઓની બન્ધાવલિકા રૂપ એક આવલિકા પસાર થયે છતે જ ઉદયાવલિકાની બહાર રહેલી સર્વ પણ સત્તાગત સ્થિતિ ઉદીરણા યોગ્ય હોય છે. ત્યાં સર્વ સ્થિતિમાં ઉદીરણા પ્રવર્તે છે. તે માટે ઉદયબન્ધોત્કૃષ્ટા પ્રકૃતિઓની બે આવલિકાન્યૂન પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ ઉત્કૃષ્ટ ઉદીરણા યોગ્ય સ્થિતિ કહેવાય છે.

હવે અનુદય બન્ધોત્કૃષ્ટાની ઉદીરણા યોગ્ય સ્થિતિ સમજાવાય છે. જે જે કર્મપ્રકૃતિઓ એવી છે કે પોતાના બંધથી જ ઉત્કૃષ્ટ સ્થિતિવાળી બને છે. પણ ઉત્કૃષ્ટ સ્થિતિવાળી બનાવવા માટે સંક્રમ કરવો પડતો નથી. જેમ દેવગતિનામકર્મ ૧૦ કોડાકોડી સાગરોપમનું જ બંધાય છે. તેને (૨૦) કોડાકોડી સાગરોપમનું મૂળનામકર્મ જેટલી સત્તાવાળું કરવું હોય તો નરકગતિ અથવા તિર્યંચગતિ બાંધીને તેમાં સંક્રમાવવી પડે. પણ દેવગતિની પોતાના બંધથી (૨૦) વીસ કોડાકોડી ક્યારેય પણ ન બંધાય. જ્યારે નરકગતિનામકર્મ પોતાના રૂપે (૨૦) વીસ કોડાકોડી બંધાય છે માટે તે બંધોત્કૃષ્ટા તો કહેવાય છે.

પરંતુ આ નરકગતિનામકર્મ (૨૦) વીસ કોડાકોડી સાગરોપમ જેટલું ઉત્કૃષ્ટ સ્થિતિવાળું ત્યારે જ બંધાય છે કે જ્યારે તેનો ઉદય ન હોય. કારણ કે નરકગતિનો ઉદય નારકીના જીવોને હોય અને તેઓ નરકપ્રાયોગ્ય બંધ કરે નહિ. મનુષ્ય-તિર્યંચો જ બંધ કરે. તેઓને આ નરકગતિનો ઉદય ન હોય તે માટે તે અનુદય બંધોત્કૃષ્ટા કહેવાય છે.

આવા પ્રકારની અનુદયબંધોત્કૃષ્ટા કર્મપ્રકૃતિઓની ઉદીરણાની સ્થિતિઓ એટલે કે ઉદીરણા કરાતી જે સ્થિતિ છે તેના દલિકોની સાથે ઉદય કાલને પ્રાપ્ત થયેલા સમયનું દલિક પણ અનુદયવતી હોવાથી (ઉદયવતીમાં પ્રક્ષેપ કરીને) અનુભવવાનો સંભવ છે. તેને ઓળંગાય તેમ નથી. તેથી તે એક સમયના દલિક વિના ઉદીરણા યોગ્ય જે બે આવલિકા રહિત ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તેના જેટલા સમયો થાય તેટલા સ્થિતિને આશ્રયી ઉદીરણાના ભેદો છે તે આ પ્રમાણે -

જ્ઞાનાવરણીય કર્મની એક સમય અધિક એક આવલિકા જેટલી બારમા ગુણઠાણે સ્થિતિ બાકી રહે ત્યારે પ્રથમની ઉદયાવલિકા સકલકરણને અયોગ્ય હોવાથી તેને છોડીને તેના ઉપરિભાગવર્તી એક સમય માત્રની જે સ્થિતિ છે તે સ્થિતિ કોઈક જીવને ઉદીરણા યોગ્ય છે કે જે જીવને તેટલી જ સ્થિતિ શેષ છે દાખલા તરીકે (૧૨) બાર સમયની આવલિકા કલ્પીએ અને બારમા ગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત છે તેને (૧૦૦) સો સમયનો કલ્પીએ તો ક્ષપક શ્રેણીમાં ચડેલો જીવ બારમા ગુણસ્થાનકના ૧૦૦ સમય પ્રમાણ કાલની અંદર જ્યારે (૮૭) સત્ત્યાસીમા સમયમાં આવે ત્યારે (૮૮મા સમયથી ૯૯ સમય સુધીની) એક ઉદયાવલિકા છોડીને માત્ર એક ૧૦૦ મા સમયની જ ઉદીરણા કરે છે.

જે આત્મા બારમા ગુણસ્થાનકના (૮૬) છયાસીમા સમયમાં આવ્યો છે તે આત્મા (૮૭થી ૯૮ સમય સુધીની) એક ઉદયાવલિકા છોડીને ૯૯ અને ૧૦૦ એમ બે સમયની ઉદીરણા કરે છે તથા જે આત્મા બારમા ગુણઠાણાના (૮૫) પંચાસીમા સમયમાં આવ્યો

છે તે આત્મા (૮૬ થી ૯૭ સમય સુધીની) એક ઉદયાવલિકા છોડીને ૯૮-૯૯-૧૦૦ એમ ત્રણ સમયની ઉદીરણા કરે છે.

આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ બંધાવલિકા અને ઉદયાવલિકા એમ બે આવલિકાન્યૂન સર્વ પણ ઉત્કૃષ્ટ સ્થિતિ કોઈક જીવને ઉદીરણા યોગ્ય હોય. આ રીતે જેટલા સમયો પ્રમાણ કર્મ સત્તામાં હોય તેમાં આ આવલિકાદ્વય છોડીને સર્વે પણ કર્મ ઉદય હોય ત્યારે ઉદીરણા યોગ્ય છે આમ જાણવું. આ ઉદીરણાના ભેદો કહ્યા. ॥૨૯॥

*અવતરણ :- હવે સાદ્યનાદિની પ્રરૂપણા કરવાની છે તે બે પ્રકારની છે. (૧) મૂલપ્રકૃતિ વિષયક અને (૨) ઉત્તરપ્રકૃતિવિષયક ત્યાં પ્રથમ મૂલપ્રકૃતિવિષયક સાદ્યનાદિની પ્રરૂપણા કહે છે :-*

**मूलठिई अजहन्ना, मोहस्स चउव्विहा तिहा सेसा ।**
**वेयणिआऊण दुहा, सेसविगप्पा य सव्वासिं ॥ ३० ॥**

**ગાથાર્થ :-** મૂલ આઠ કર્મોની અંદર મોહનીયકર્મની અજઘન્યસ્થિતિ ઉદીરણા ચાર પ્રકારે છે. શેષકર્મોની અજઘન્ય ઉદીરણા ત્રણ પ્રકારે છે. પણ વેદનીય અને આયુષ્યકર્મની ઉદીરણા સાદિ-અધ્રુવ એમ બે જ પ્રકારે છે. સર્વ પણ કર્મોના શેષવિકલ્પો સાદિ-અધ્રુવ માત્ર જ છે. ॥૩૦॥

**વિવેચન :-** આ મૂલગાથામાં કહેલા મૂલ અને ઠિઈ આ બન્ને શબ્દો લુપ્તષષ્ઠી વિભક્તિવાળા છે. જેમાં છઠ્ઠી વિભક્તિ હતી. પણ લોપાઈ ગઈ છે. તેવો નિર્દેશ મૂલગાથામાં છે. તેથી આ પંક્તિનો આ પ્રમાણે અર્થ કરવો કે **મૂલકર્મોની** અંદર મોહનીય કર્મની **સ્થિતિની** અજઘન્ય ઉદીરણા ચાર પ્રકારે જાણવી. સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ તે સ્વરૂપ આ પ્રમાણે જાણવું.

મોહનીય કર્મની જઘન્ય સ્થિત્યુદીરણા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે આવેલા જીવને પોતાના ગુણસ્થાનકમાં સમયાધિક એક આવલિકા કાળ બાકી રહે ત્યારે ૧ સમયની જે ઉદીરણા થાય છે. તે જઘન્ય સ્થિતિ ઉદીરણા કહેવાય છે તે વિનાની તમામ મોહનીયકર્મની ઉદીરણા ૧ સમય કરતાં અધિક હોવાથી અજઘન્ય ઉદીરણા કહેવાય છે.

અગીયારમા ઉપશાન્ત મોહ ગુણસ્થાનકે મોહનીયકર્મનો ઉદય ન હોવાથી ઉદીરણા થતી નથી. ત્યાંથી પડીને દસમા આદિ ગુણસ્થાનકોમાં આવે ત્યારે ઉદીરણા થાય છે. ત્યારે અજઘન્ય સ્થિતિ ઉદીરણાની સાદિ થાય છે. જે જીવો ઉપશાન્ત મોહ નામનું તે સ્થાન પામ્યા નથી. તેઓને આ મોહનીયકર્મની અજઘન્ય સ્થિતિ ઉદીરણા અનાદિ છે. અભવ્ય જીવોને આશ્રયી ધ્રુવ અને ભવ્ય જીવોને આશ્રયી અધ્રુવ સમજી લેવી.

શેષકર્મો (મોહનીય આવી ગયું અને વેદનીય તથા આયુષ્ય કર્મ ઉત્તરાર્ધમાં કહેવાનું છે. તેથી તે ત્રણને છોડીને બાકીનાં) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય નામકર્મ, ગોત્રકર્મ અને અંતરાય કર્મ એમ કુલ પાંચ કર્મોની અજઘન્ય સ્થિત્યુદીરણા ત્રણ પ્રકારે છે. અનાદિ-ધ્રુવ અને અધ્રુવ તે આ પ્રમાણે સમજવી.

જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અને અંતરાયકર્મની જઘન્ય સ્થિત્યુદીરણા ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનકમાં સમયાધિક એક આવલિકા જેટલી સ્થિતિ બાકી રહે ત્યારે તે એક ઉદયાવલિકા ઉપરની એક સમય માત્રની જે ઉદીરણા થાય તે જઘન્ય ઉદીરણા કહેવાય તે વિનાની શેષ સઘળી આ ત્રણ કર્મોની ઉદીરણા અધિકકાળયુક્ત હોવાથી અજઘન્ય કહેવાય અને તે અજઘન્ય ઉદીરણા અનાદિકાળથી સદા પ્રવર્તે જ છે માટે અનાદિ. ધ્રુવ અને અધ્રુવ અભવ્ય અને ભવ્યને આશ્રયી પૂર્વની જેમ જ જાણી લેવા.

નામકર્મ અને ગોત્રકર્મની જઘન્ય સ્થિતિની ઉદીરણા સયોગીકેવલિ ગુણઠાણાના ચરમ સમયે હોય છે. તે ત્યાં જ શરૂ થઈ છે અને ચૌદમે ગુણઠાણે જતાં વિરામ પામે છે તે માટે સાદિ-અધ્રુવ છે. તે વિનાની શેષ બધી જ ઉદીરણા તે સ્થિતિને આશ્રયી અજઘન્ય ઉદીરણા કહેવાય છે અને આવી અજઘન્ય ઉદીરણા અનાદિકાળથી સદાકાળ ચાલુ જ હોવાથી અનાદિ, ધ્રુવ અધ્રુવ પૂર્વની જેમ અભવ્ય અને ભવ્યને આશ્રયી જાણવા.

વેદનીય કર્મ અને આયુષ્યકર્મ આ બે કર્મોની અજઘન્ય સ્થિતિ ઉદીરણા સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે જાણવી. તે આ પ્રમાણે સમજવી. વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ ઉદીરણા, એકેન્દ્રિય જીવમાં પણ જે જીવ સર્વ બીજા એકેન્દ્રિય જીવો કરતાં પણ અલ્પ સ્થિતિ સત્તાવાળો છે. તેને જ પ્રાપ્ત થાય છે. તે જ જીવને સમયાન્તરે જ્યારે સ્થિતિ સત્તા વધે ત્યારે અજઘન્યસ્થિતિ ઉદીરણા જાણવી. વળી કાળાન્તરે આ જઘન્યસ્થિતિ સત્તા થાય ત્યારે જઘન્ય સ્થિતિ ઉદીરણા, અને કાળાન્તરે સત્તા વધતાં અજઘન્યસ્થિતિ ઉદીરણા આ પ્રમાણે જઘન્ય અને અજઘન્ય સ્થિત્યુદીરણા વેદનીયકર્મની વારંવાર આવતી હોવાથી સાદિ-અધ્રુવ માત્ર જ જાણવી.

હવે આયુષ્યકર્મની અજઘન્ય સ્થિત્યુદીરણા આ પ્રમાણે જાણવી. સર્વે પણ જીવોને મૃત્યુકાલે અન્તિમ આવલિકામાં આયુષ્યકર્મ આવલિકા માત્ર જ હોવાથી ઉદીરણા સંભવતી નથી. પરંતુ મૃત્યુ પ્રાપ્ત કરીને પરભવમાં ઉત્પન્ન થાય ત્યાં પ્રથમ સમયથી જ પરભવના આયુષ્યનો ઉદય હોવાથી ઉદીરણા શરૂ થાય છે. તે માટે ત્યાં અજઘન્ય ઉદીરણાની સાદિ અને મૃત્યુકાલ આવે ત્યારે સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે જઘન્ય ઉદીરણા થાય ત્યારબાદ ઉદીરણા વિરામ પામે છે માટે અધ્રુવ, આમ આયુષ્યકર્મની અજઘન્ય સ્થિત્યુદીરણા સાદિ-અધ્રુવ છે.

તથા સર્વે પણ કર્મોના શેષવિકલ્પો ઉત્કૃષ્ટ-અનુષ્કૃષ્ટ અને જઘન્ય નામવાળા સાદિ અને અધ્રુવ એમ માત્ર બે ભેદવાળા જ જાણવા. તે આ પ્રમાણે - આયુષ્યકર્મ વિના શેષ સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિત્યુદીરણા મિથ્યાદૃષ્ટિ આત્મા જે અતિશય ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતા ધરાવે છે. તેવા જીવને કેટલોક કાળ હોય છે. વળી સમયાન્તરે અધ્યવસાયસ્થાનોની પરાવૃત્તિ થવાથી તે જ જીવને અનુત્કૃષ્ટ સ્થિત્યુદીરણા. વળી ફરીથી પણ કાળાન્તરે સંક્લિષ્ટતા અને વિશુદ્ધિ પ્રાયઃ પ્રતિસમયે પરાવૃત્તિ પામતાં હોવાથી ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સ્થિત્યુદીરણા થાય છે. તે માટે તે બન્ને સાદિ અધ્રુવ છે.

જઘન્યસ્થિતિ ઉદીરણાનું બે પ્રકારપણું તો અજઘન્ય સમજાવતી વેળાએ જ સમજાવ્યું છે. સાત કર્મોની આ વાત સમાપ્ત થાય છે. હવે આયુષ્યકર્મની અજઘન્ય સ્થિતિ-ઉદીરણા પૂર્વે સમજાવી છે. બાકીના જઘન્ય-ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ આ ત્રણે વિકલ્પોમાં પણ સ્થિતિ ઉદીરણા સદાકાળ ન હોવાથી જ સાદિ-અધ્રુવ છે. આમ અહીં આ પૂર્વે કહેલી યુક્તિ જ જાણી લેવી. ॥૩૦॥

***અવતરણ :- તે આ પ્રમાણે મૂળપ્રકૃતિ વિષયક સ્થિતિ સંક્રમને આશ્રયી સાદિ-અનાદિની પ્રરૂપણા કરી, હવે ઉત્તરપ્રકૃતિ વિષયક તે સાદિ-અનાદિની પ્રરૂપણા કરતાં જણાવે છે કે :-***

**मिच्छत्तस्स चउद्धा, अजहन्ना धुवउदीरगाण तिहा ।**
**सेसविगप्पा दुविहा, सव्वविगप्पा य सेसाणं ॥ ३१ ॥**

**ગાથાર્થ** :- મિથ્યાત્વમોહની અજઘન્ય સ્થિતિ ઉદીરણા ચાર પ્રકારે છે તથા ધ્રુવ ઉદીરણાવાળી પ્રકૃતિઓની પણ અજઘન્ય સ્થિતિ ઉદીરણા ત્રણ પ્રકારે છે આ પ્રકૃતિઓના શેષવિકલ્પો, તથા શેષકર્મપ્રકૃતિઓના સર્વે પણ વિકલ્પો સાદિ-અધ્રુવ માત્ર જાણવા. ॥૩૧॥

**વિવેચન** :- મિથ્યાત્વમોહનીય કર્મ ધ્રુવોદયી હોવા છતાં પણ તેની સ્થિત્યુદીરણામાં અજઘન્ય સ્થિત્યુદીરણા સાદિ-અનાદિ ધ્રુવ અને અધ્રુવના ભેદથી ચાર પ્રકારે છે ત્યાં અનાદિ મિથ્યાત્વી જીવ જ્યારે સૌથી પ્રથમ ઉપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત કરતો હોય ત્યારે મિથ્યાત્વ મોહનીય કર્મની પ્રથમસ્થિતિ સમયાધિક એક આવલિકા શેષ રહે ત્યારે ૧ સમય પ્રમાણ જઘન્ય સ્થિત્યુદીરણા થાય છે. તે સ્થિત્યુદીરણા તેવા પ્રકારની જઘન્ય તે કાલે જ થઈ છે તે માટે તે સાદિ અને અધ્રુવ છે.

સમ્યક્ત્વગુણ પ્રાપ્ત કરીને પડતા જીવને મિથ્યાત્વમોહની અજઘન્ય સ્થિત્યુદીરણા થાય છે તે કાલે અજઘન્ય સ્થિત્યુદીરણાની સાદિ, તે સ્થાન ન પામેલા જીવને અજઘન્ય સ્થિત્યુદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ જાણવા.

તથા ધ્રુવોદીરણા વાળી જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, અંતરાયકર્મની પાંચ, તૈજસ સપ્તક વર્ણાદિ (૨૦) વીસ, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, અગુરૂલઘુ અને નિર્માણ નામવાળી કુલ (૪૭) સુડતાલીસ પ્રકૃતિઓની અજઘન્ય સ્થિત્યુદીરણા અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે જાણવી.

જ્ઞાનાવરણીય પાંચ, અંતરાયકર્મની પાંચ, તથા દર્શનાવરણીકર્મની ચાર એમ કુલ (૧૪) ચૌદ કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ ઉદીરણા ક્ષીણમોહ ગુણસ્થાનકની સમયાધિક એક આવલિકા જેટલો કાળ શેષ રહે ત્યારે થાય છે તે એક સમય માત્ર જ હોવાથી સાદિ-અધ્રુવ છે તથા ૩૩ ધ્રુવોદયીની તેરમા ગુણઠાણાની સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે ૧ સમયની જે ઉદીરણા થાય છે તે જઘન્ય સ્થિતિ ઉદીરણા કહેવાય છે.

તે વિનાની શેષ સઘળી પણ આ ૧૪ તથા ૩૩ની ઉદીરણા તે અજઘન્ય સ્થિત્યુદીરણા કહેવાય છે. તે અજઘન્ય સ્થિત્યુદીરણા અનાદિકાળથી સર્વ જીવોને સદા ચાલુ જ છે તે માટે અનાદિ તથા ધ્રુવ-અધ્રુવ તો પૂર્વની જેમ જ જાણવા. આ પ્રમાણે (૪૭) પ્રકૃતિઓની અજઘન્યસ્થિતિ ઉદીરણા ત્રણ પ્રકારે જાણવી.

આ જ ઉપર કહેલી મિથ્યાત્વમોહ તથા શેષ ધ્રુવોદયી (૪૭) કુલ અડતાલીસ (૪૮) પ્રકૃતિઓના શેષ વિકલ્પો ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ અને જઘન્ય લક્ષણવાળા એમ ત્રણે વિકલ્પો સાદિ અને અધ્રુવના ભેદથી બે પ્રકારે જાણવા. કારણ કે આ સર્વ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિત્યુદીરણા મિથ્યાદૃષ્ટિ ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતા જીવને કેટલોક જ કાળ હોય છે. સમયાન્તરે ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ દશા મંદ પડતાં તે જ જીવને અનુત્કૃષ્ટ ઉદીરણા થાય છે. આ પ્રમાણે આ બન્ને વારાફરતી થતી હોવાથી ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ બન્ને સાદિ અને અધ્રુવ માત્ર જ છે.

તથા આ ૧ + ૪૭ = ૪૮ની જઘન્ય ઉદીરણા તો અજઘન્ય ઉદીરણા સમજાવવાના અવસરે પૂર્વે જ સમજાવી છે. બાકીની (૧૧૦) એકસોદ અને દશ કર્મપ્રકૃતિઓના સર્વે પણ વિકલ્પો ઉત્કૃષ્ટ અનુત્કૃષ્ટ-જઘન્ય તથા અજઘન્ય આ ચારે પણ ભેદો સાદિ અને અધ્રુવના ભેદથી બે જ પ્રકારે છે.

तथात्वं च = તેવા જ પ્રકારનું સાદિ-અધ્રુવપણું અધ્રુવોદયી હોવાથી જ સમજી લેવું. આ પ્રમાણે સ્થિત્યુદીરણાના સાદ્યાદિ ભાંગા કહ્યા. ॥૩૧॥

*અવતરણ :- સાદિ-અનાદિની પ્રરૂપણા કરી, હવે અદ્ધાચ્છેદ અને સ્વામિત્વનું પ્રતિપાદન કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-*

**अद्धाच्छेओ सामित्तं पि य, ठिइसंकमे जहा णवरं ।**
**तव्वेइसु निरयगईइ वावि तिसु हिट्ठिमखिइसु ॥ ३२ ॥**

**ગાથાર્થ** :- અદ્ધાચ્છેદ તથા સ્વામિત્વ પણ સ્થિતિસંક્રમમાં જેમ કહ્યા તેમ જાણવા. પણ આ ઉદીરણાનું સ્વામિત્વ તદ્‌વેદી (તે તે પ્રકૃતિના ઉદયવાળા) જીવોમાં જ જાણવું. નરકગતિનું ઉત્કૃષ્ટ સ્થિત્યુદીરણાનું સ્વામિત્વ હેઠેની ત્રણ નરકમાં જાણવું. ॥૩૨॥

**વિવેચન** :- અદ્ધાચ્છેદ અને સ્વામિત્વ જેમ સ્થિતિસંક્રમમાં કહ્યા છે. તે જ પ્રમાણે અહીં પણ સમજવા. પરંતુ આટલો ભેદ છે : સંક્રમણકરણમાં તે તે પ્રકૃતિનો સંક્રમ તે તે પ્રકૃતિના અવેદક (એટલે ઉદય વિનાના) જીવોમાં પણ કહ્યો છે. કારણ કે ઉદયના અભાવમાં પણ સંક્રમ થાય છે. તે માટે, પરંતુ આ ઉદીરણાનું સ્વામીપણું તે તદ્વેદી (તે તે પ્રકૃતિના ઉદયવાળા) જીવોમાં જ કહેવું. કારણ કે ઉદયના અભાવમાં ઉદીરણાનો પણ અભાવ જ હોય છે તે માટે.

ઉપર કહેલી આ વાત અતિશય સંક્ષેપથી કહી છે તે હવે કંઈક વિસ્તારથી પુનઃ સમજાવાય છે. જે જે પ્રકૃતિઓ પોતાનો ઉદય ચાલતો હોય ત્યારે જ ઉત્કૃષ્ટ સ્થિતિ યુક્ત બંધાય છે. તેવી ઉદયબંધોત્કૃષ્ટા (૮૬) છયાસી કર્મપ્રકૃતિઓ છે તે આ પ્રમાણે :-

જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, દર્શનાવરણીય ચાર, તૈજસ સપ્તક, વર્ણાદિ વિંશતિ (૨૦), નિર્માણ નામકર્મ, અસ્થિર નામકર્મ, અશુભનામકર્મ, અગુરુલઘુ નામકર્મ, મિથ્યાત્વમોહ, કષાયો ૧૬, ત્રસચતુષ્ક, દૌર્ભાગ્ય ચતુષ્ક, વૈક્રિય સપ્તક, પંચેન્દ્રિય જાતિનામકર્મ, હુંડક સંસ્થાન, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, અશુભ વિહાયોગતિ, નીચગોત્ર, આ પ્રમાણે કુલ (૮૬) છયાસી કર્મપ્રકૃતિઓની બન્ધાવલિકા એક પસાર થયે છતે ઉદયાવલિકાથી ઉપરની સર્વે પણ સ્થિતિ ઉદીરણાયોગ્ય હોય છે અને તે કાલે આ પ્રકૃતિનો ઉદય પણ ચાલુ જ હોય છે.

આ પ્રમાણે ઉદય હોતે છતે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય છે. તેથી તે ઉદયબંધોત્કૃષ્ટા પ્રકૃતિ કહેવાય છે. ત્યાં ૨ આવલિકા ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા થાય છે. તથા એક બંધાવલિકા રહિત સર્વ સ્થિતિ તે કાલે સત્તામાં હોવાથી એક બંધાવલિકાન્યૂન સર્વ પણ જે સ્થિતિ સત્તામાં છે તે યત્સ્થિતિ કહેવાય છે.

અહીં બંધાવલિકા અને ઉદયાવલિકા સ્વરૂપ બે આવલિકા જે સકલ કરણને માટે અયોગ્ય હોવાથી ઉદીરણામાં જે બાદ કરવામાં આવી છે. તે અદ્ધાચ્છેદ જાણવો. કારણ કે ઉદીરણામાં આટલોકાળ (अद्धा = કાળ) (च्छेद) બાદ કરવો તથા તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવો જ ઉત્કૃષ્ટ ઉદીરણાના સ્વામી જાણવા. ઉપરોક્ત સર્વ હકીકત ઉદય બંધોત્કૃષ્ટા પ્રકૃતિઓની જાણવી.

હવે જે કર્મપ્રકૃતિઓ પોતાના રૂપે પોતાના મૂલકર્મ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિએ બંધાતી જ નથી. પરંતુ બીજી અન્ય કર્મપ્રકૃતિ બાંધીને તેના સંક્રમથી જેની ઉત્કૃષ્ટ સ્થિતિ મૂલકર્મ જેટલી થાય છે. જેમ કે મનુષ્યગતિનામકર્મ, તેની પોતાના રૂપે તો ૧૫ કોડાકોડી સાગરોપમ જ સ્થિતિ બંધાય છે. પરંતુ નરકગતિ અથવા તિર્યંચગતિ (૨૦) વીસ કોડાકોડી સાગરોપમની પ્રથમ બાંધીને મનુષ્યગતિમાં જે સંક્રમાવે છે તે જીવને મનુષ્યગતિ પણ આવા પ્રકારના સંક્રમથી (૨૦) વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિવાળી થાય છે. તેવી જે જે પ્રકૃતિઓ છે તે ઉદય સંક્રમોત્કૃષ્ટા પ્રકૃતિ કહેવાય છે. તે મનુષ્યગતિ, સાતાવેદનીય, સ્થિરાદિષટ્ક, હાસ્યાદિષટ્ક, ત્રણવેદ, શુભવિહાયોગતિ, પ્રથમ સંસ્થાન પંચક, પ્રથમ સંઘયણ પંચક અને ઉચ્ચૈગોત્ર સ્વરૂપ (૨૯) ઓગણત્રીસ કર્મપ્રકૃતિઓની આવલિકાત્રિક વિનાની સર્વ પણ સ્થિતિ ઉદીરણા યોગ્ય જાણવી. પરંતુ તે તે કર્મોના ઉદયવાળા જીવોને ઉત્કૃષ્ટ ઉદીરણાના સ્વામી જાણવા.

આ (૨૯) ઓગણત્રીસ પ્રકૃતિઓમાં બધાવલિકા અને સંક્રમાવલિકા એમ બે આવલિકા રહિત સર્વે પણ જે સ્થિતિ છે. તે યત્સ્થિતિ જાણવી. તથા બંધાવલિકા, સંક્રમાવલિકા અને ઉદયાવલિકા એમ કુલ ત્રણ આવલિકા ઉદીરણા માટે અયોગ્ય હોવાથી જે બાદ કરવામાં આવી તે અદ્ધાચ્છેદ જાણવો. તથા તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવો ઉદીરણાના સ્વામી જાણવા.

આ પ્રમાણે આગળ પણ જેટલો જેટલો કાળ ઉદીરણા માટે અયોગ્ય હોય ઉદીરણામાંથી બાદ કરવામાં આવે તેટલો તેટલો જે કાળ તે અદ્ધાચ્છેદ જાણવો. તથા તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવો જ ઉત્કૃષ્ટ ઉદીરણાના સ્વામી જાણવા.

તથા મિથ્યાત્વમોહનીય કર્મની (૭૦) સીત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને મિથ્યાદષ્ટિ તે જીવ ઘણા જ અશુભ પરિણામવાળો હોવાથી અંતર્મુહૂર્ત કાળ સુધી તો મિથ્યાત્વે રહીને જ કંઈક સારા પરિણામ થવાથી સમ્યક્ત્વ પામે છે. ત્યાર બાદ સમ્યક્ત્વમોહનીયમાં અને મિશ્ર મોહનીયમાં અંતર્મુહૂર્તન્યૂન તે સઘળી પણ મિથ્યાત્વમોહનીયને સંક્રમાવે છે. તેથી સમ્યક્ત્વમોહનીયની તથા મિશ્રમોહનીયની પણ અંતર્મુહૂર્તન્યૂન (૭૦) સીત્તેર કોડાકોડીની સ્થિતિ સત્તા થાય છે.

તે સંક્રમ થયાને એક આવલિકા (સંક્રમાવલિકા) પસાર થયે છતે તે સમ્યક્ત્વમોહનીયની પણ ઉદીરણા પ્રવર્તે છે. ખરેખર વાસ્તવિકપણે તો તે સમ્યક્ત્વ મોહનીય ૧ સંક્રમાવલિકા + તથા પહેલા ગુણઠાણે અંતર્મુહૂર્તકાળ પસાર કર્યો તે એમ આ બન્નેથી ન્યૂન (૭૦) કોડાકોડી સ્થિતિ છે. તો પણ તે અંતર્મુહૂર્ત ન્યૂન જ કહેવાય છે કારણ કે અંતર્મુહૂર્તના નાના-મોટા અસંખ્ય ભેદો છે.

આ પ્રમાણે સમ્યક્ત્વ મોહનીય કર્મની અંતર્મુહૂર્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ (૭૦) કોડાકોડી સાગરોપમ પ્રમાણ જે સત્તાગત છે. તે સમ્યક્ત્વનો અનુભવ કરતા જીવને ઉદીરણા યોગ્ય જાણવી.

તથા વળી કોઈક જીવ મિથ્યાત્વે (૭૦) કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને ત્યાં જ અંતર્મુહૂર્ત રહીને સમ્યકૃત્વ પામે ત્યાં તે મિથ્યાત્વને જેમ સમ્યકૃત્વમોહનીયમાં સંક્રમાવે છે તેમ મિશ્રમોહનીયમાં પણ સંક્રમાવે છે ત્યાર બાદ ૧ અંતર્મુહૂર્તકાળ સમ્યક્ત્વમાં રહીને મિશ્રગુણસ્થાનકે જાય ત્યાં મિશ્ર મોહનીયને ઉદયથી ભોગવતાં ભોગવતાં મિશ્ર મોહનીય કર્મની ઉદીરણા કરે છે. તે બે અંતર્મુહૂર્ત ન્યૂન (૭૦) સીત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ જે સ્થિતિ છે તે ઉદીરણા યોગ્ય જાણવી.

પંચસંગ્રહમાં કહ્યું છે કે -

"अंतोमुहूत्तहीणा सम्मे, मिस्संमि दोहिं मिच्छस्स"

(ઉદીરણકરણ ગાથા-૨૯)

સારાંશ એ છે કે એક અંતર્મુહૂર્તન્યૂન મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ સમ્યકૃત્વ મોહનીયમાં અને બે અંતર્મુહૂર્તન્યૂન ઉત્કૃષ્ટ મિથ્યાત્વની સ્થિતિ મિશ્રમોહનીયમાં ઉદીરણાને યોગ્ય જાણવી. આ પ્રમાણે આ ગાથાનો અક્ષરાર્થ જાણવો.

તથા આહારક સપ્તકના પોતાના બંધને યોગ્ય જે જે અધ્યવસાય સ્થાનો છે. તેમાં ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતમ અધ્યવસાય સ્થાન વડે ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આહારક સપ્તક બાંધીને તથા તેના બંધકાલે જ ઉત્કૃષ્ટસ્થિતિવાળી પોતાના મૂલકર્મથી અભિન્ન એવી બીજી નામકર્મની પ્રકૃતિઓનું દલિક તે બંધાતા આહારક સપ્તકમાં સંક્રમાવીને સર્વથી ઉત્કૃષ્ટ (મોટામાં મોટું) અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણની સ્થિતિવાળુ આહારક સપ્તક કરે છે. ત્યાર બાદ આહારક સપ્તકનો બંધ અપ્રમત્ત ગુણઠાણે ચાલે છે. તે બંધ સમાપ્ત થયા બાદ એટલે કે અંતર્મુહૂર્તકાળ ગયા પછી છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનકે આવીને આહારક શરીરની રચના કરવાનો જીવ ઉદ્યમ કરે.

તે આહારક શરીરની રચના કરતો જીવ લબ્ધિ ફોરવવાની ઉત્સુકતાવાળો હોવાથી પ્રમાદવાળો બને છે. તેથી પ્રમાદવાળા થયેલા તે જીવને આહારક શરીરની રચના કરતાં આહારક સપ્તકની અંતર્મુહૂર્તન્યૂન ઉત્કૃષ્ટ જે અંતઃ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. તે ઉદીરણાને યોગ્ય બને છે. ત્યાં પ્રમત્ત ગુણસ્થાનકવાળો જીવ જ આહારક શરીરનો આરંભક હોવાથી તે પ્રમત્ત સંયત જીવ જ ઉત્કૃષ્ટ ઉદીરણાનો સ્વામી જાણવો.

બાકીની પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ ઉદીરણાનો સ્વામી કયો જીવ અને કેવો જીવ સ્વામી હોય છે ? તે સૂત્રકાર પોતે જ મૂલગાથામાં જ વિશેષપણે જણાવે છે :- "निरयगईइ त्वावि" इत्यादि પાઠ જાણવો.

નરકગતિની તથા अपि શબ્દથી નરકાનુપૂર્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ (૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ) બાંધીને કોઈક પંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્યનો જીવ અંતર્મુહૂર્તકાળ પસાર થયે છતે નીચેની (૫-૬-૭) ત્રણ નરકભૂમિમાંથી ગમે તે એક નરકભૂમિમાં ઉત્પન્ન થાય. તેવા જીવને નરકમાં ઉત્પન્ન થતાં પ્રથમ સમયે જ નરકગતિની અંતર્મુહૂર્તન્યૂન સર્વ પણ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણાને યોગ્ય બને છે.

નરકાનુપૂર્વીનો પણ નરકગતિમાં જતાં અપાન્તરાલગતિમાં જ એટલે કે વિગ્રહગતિમાં જ ત્રણ સમય સુધી ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા યોગ્ય હોય છે. ત્યારબાદ આનુપૂર્વીનો ઉદય ન હોવાથી ઉદીરણા હોતી નથી.

અહીં નરગતિ-નરકાનુપૂર્વી વિગેરે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ કૃષ્ણલેશ્યાના પરિણામ વડે જ બંધાય છે અને આવા પરિણામોથી યુક્ત એવો જીત કાલ કરીને જે નારકીઓમાં ઉત્પન્ન થાય તે જઘન્યદિભાવે પણ પાંચમી-છઠ્ઠી અને સાતમી એમ નીચેની ત્રણ નરકભૂમિમાં જ ઉત્પન્ન થાય છે. આમ વિચારીને જ નીચેની ત્રણ નરકભૂમિનું ગ્રહણ કરવાનું પ્રયોજન છે. આમ સમજવું. ॥૩૨॥

**देवगइदेवमणुआणुपुव्वि आयाव विगलसुहुमतिगे ।**
**अंतोमुहूत्तभग्गा तावइऊणं तदुक्कस्सं ॥ ३३ ॥**

**ગાથાર્થ** :- દેવગતિ, દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, આતમ નામકર્મ, વિક્લેન્દ્રિયત્રિક સૂક્ષ્મત્રિક આટલી કર્મપ્રકૃતિઓની (ઉત્કૃષ્ટસ્થિતિ સત્તા થયા બાદ) અંતર્મુહૂર્ત ગયા પછી તે એક અંતર્મુહૂર્તન્યૂન તે કર્મોની ઉત્કૃષ્ટ ઉદીરણા થાય છે. ॥૩૩॥

**વિવેચન** :- દેવગતિ, દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, આતમનામકર્મ, વિક્લેન્દ્રિયત્રિક (એટલે કે બેઈન્દ્રિય-તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિનામકર્મ) તથા સૂક્ષ્મ-અપર્યાપ્ત અને સાધારણ નામકર્મ સ્વરૂપ સૂક્ષ્મત્રિક આટલી પ્રકૃતિઓનો મનુષ્ય અથવા તિર્યંચના ભવમાં ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરીને અંતર્મુહૂર્ત પસાર થયા પછી મૃત્યુ પામીને તે તે પ્રકૃતિના ઉદયવાળા ભવમાં ઉત્પન્ન થાય. ત્યાં ઉદય હોવાથી અંતર્મુહૂર્ત ન્યૂન એવી તે તે કર્મોની અર્થાત્ દેવગતિ આદિ ૧૦ કર્મપ્રકૃતિઓની આ જીવ ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા કરે છે.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે :- અહીં કોઈક તિર્યંચ તથા મનુષ્યનો જીવ પરિણામ વિશેષ વડે એટલે કે અતિશય સંક્લિષ્ટ પરિણામ વડે નરકગતિની ઉત્કૃષ્ટ સ્થિતિ (૨૦) વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બાંધીને ત્યાર પછી કંઈક શુભ પરિણામ વિશેષ થવાથી દેવગતિની ઉત્કૃષ્ટસ્થિતિ (૧૦) દસ કોડાકોડી સાગરોપમની બાંધવાનો આરંભ કરે.

ત્યારે બંધાતી એવી દેવગતિની સ્થિતિમાં નરકગતિના પોતાના બંધકાલ સંબંધી એક આવલિકાની ઉપરની, નરકગતિની પૂર્વે બાંધેલી જે સ્થિતિ છે. તેમાંથી બન્ધાવલિકા સિવાઈની તે તમામ સ્થિતિને સંક્રમાવે છે. તેમ કરવાથી દેવગતિની સ્થિતિ પણ એક આવલિકા ન્યૂન (૨૦) વીશ કોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય છે.

દેવગતિને બાંધતો એવો આ આત્મા જઘન્યથી પણ અંતર્મુહૂર્તકાળ સુધી અવશ્ય બાંધે જ છે. અંતર્મુહૂર્તકાળ ગયે છતે મૃત્યુ પ્રાપ્ત કરીને તુરત જ અનન્તર સમયે જ દેવપણે ઉત્પન્ન થાય. દેવપણું પામેલા એવા તે જીવને તે દેવગતિનામકર્મનો ઉદય હોવાથી અંતર્મુહૂર્તન્યૂન (૨૦) વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણાને યોગ્ય બને છે.

જોકે નરકગતિ બાંધી તેની એક બંધાવલિકા તથા તે નરકગતિને દેવગતિમાં સંક્રમાવી તેની બીજી એક સંક્રમાવલિકા તથા જ્યારે દેવગતિની ઉદીરણા કરે છે. તેની પૂર્વે માનવાદિ ભવમાં અંતર્મુહૂર્ત આ જીવ જીવ્યો છે. પછી મરીને દેવગતિમાં ગયો છે. એટલે કુલ બે આવલિકા અને એક અંતર્મુહૂર્ત ન્યૂન (૨૦) વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ દેવગતિની ઉદીરણા યોગ્ય બની છે. તો પણ અહીં જે અંતર્મુહૂર્ત ન્યૂન કહેવામાં આવ્યું છે. તે જ્યાં બે આવલિકાનો પ્રક્ષેપ કરાયો છે. તેવું મોટું અંતર્મુહૂર્તન્યૂન કરવું. જેથી કંઈ પણ વિરોધ આવે નહીં અર્થાત્ કોઈ દૂષણ લાગે નહીં. આ કારણથી જ જે એક સંક્રમાવલિકા (અથવા ઉદયાવલિકા) છોડવામાં આવે છે. તે પણ જુદી ગ્રહણ કરી નથી. મોટા અંતર્મુહૂર્તમાં બધો જ સમાવેશ થઈ જાય છે.

આ પ્રમાણે દેવાનુપૂર્વીની પણ ઉદીરણા જાણવી. તે કારણથી બે આવલિકા + એક અંતર્મુહૂર્ત થાય. તેટલું ન્યૂન કરીએ એવી (૨૦) વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ દેવાનુપૂર્વી અને દેવગતિ નામકર્મની ઉદીરણા યોગ્ય સ્થિતિ જાણવી.

તથા કોઈક જીવ અતિશય સંક્લિષ્ટ પરિણામ વિશેષ વડે નરકાનુપૂર્વીની (૨૦) વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને ત્યાર બાદ શુભ પરિણામ વિશેષ વડે મનુષ્યાનુપૂર્વીની (૧૫) પન્નર કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાનો

આરંભ કરે. બંધાતી એવી તે મનુષ્યાનુપૂર્વીની સ્થિતિમાં પૂર્વે બાંધેલી નરકાનુપૂર્વીની એક બંધાવલિકાન્યૂન સર્વ પણ કર્મસ્થિતિનો સંક્રમ કરે છે. તેથી મનુષ્યાનુપૂર્વીની સ્થિતિ પણ એક આવલિકા ન્યૂન (૨૦) કોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય છે.

આ પ્રમાણે મનુષ્યાનુપૂર્વીને બાંધતો અને તેમાં નરકાનુપૂર્વીને સંક્રમાવતો સંક્રમાવતો આ જીવ અંતર્મુહૂર્ત સુધીનો મનુષ્યાનુપૂર્વીનો બંધ અને તેમાં નરકાનુપૂર્વીનો સંક્રમ આ બન્ને કાર્યો કરે જ છે. આ એક અંતર્મુહૂર્ત જે પસાર કર્યું તે, મનુષ્યની આનુપૂર્વીમાં નરકાનુપૂર્વીની સંક્રમથી જે ઉત્કૃષ્ટ સ્થિતિ થઈ, તેમાંથી તુટે છે. ન્યૂન થાય છે.

ત્યાર બાદ મનુષ્યાનુંપૂર્વીનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તથા નરકાનુપૂર્વીનો મનુષ્યની આનુપૂર્વીની અંદર ઉત્કૃષ્ટ સંક્રમ કરીને તે જીવ કાલ કરે એટલે કે મૃત્યુ પામે. મૃત્યુ પામીને બીજા મનુષ્યના ભવમાં ઉત્પન્ન થાય. તેવા જીવને બીજા મનુષ્યના ભવમાં જતાં મનુષ્યાનુપૂર્વીની વિગ્રહગતિમાં જે ઉદય-ઉદીરણા થાય. ત્યારે બે આવલિકા છે અધિક જેમાં એવા એક અંતર્મુહૂર્ત પ્રમાણ ન્યૂન કરીએ એવી (૨૦) વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ ઉદીરણા યોગ્ય કહેવાય.

**પ્રશ્ન** :- અહીં આવો એક પ્રશ્ન થાય કે મનુષ્યની ગતિ અને મનુષ્યની આનુપૂર્વી આ બન્નેની સ્થિતિ બંધ વડે પન્નર કોડાકોડી સાગરોપમ પ્રમાણ સરખી જ પ્રાપ્ત થાય છે. આ બન્ને કર્મપ્રકૃતિઓમાં કોઈ પણ એકે કર્મની પૂરેપૂરી (૨૦) વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બંધાતી નથી. બન્નેની પણ સંક્રમથી જ ઉત્કૃષ્ટસ્થિતિ થાય છે. તેમાં કોઈ વિશેષતા ન હોવાથી મનુષ્યગતિની જેમ જ મનુષ્યાનુપૂર્વીની પણ ત્રણ આવલિકા હીન ઉત્કૃષ્ટ સ્થિતિ ઉદીરણા કહેવી યોગ્ય છે. આ પ્રમાણે કેમ નથી કહેવાતું ? મનુષ્યગતિમાં ત્રણ આવલિકા ન્યૂન (૨૦) વીસ કોડા કોડી પ્રમાણ અને મનુષ્યાનુપૂર્વીમાં મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ ન્યૂન કરીએ એવી (૨૦) કોડા કોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ ઉદીરણા યોગ્ય કહી. આમ કેમ કહો છો ?

**ઉત્તર** :- ઉપરોક્ત પ્રશ્ન જો કરતા હો તો તેમ ન કહેવું. કારણ કે, મનુષ્યાનુપૂર્વી અનુદયસંક્રમોત્કૃષ્ટા છે. તેનો ઉદય વિગ્રહ ગતિમાં જ હોય છે. એટલે જ્યારે વિગ્રહગતિ ન હોય. અને આ જીવ શરીરસ્થ હોય ત્યારે જ મનુષ્યાનુપૂર્વીના અનુદયકાલે જ સંક્રમથી તેની ઉત્કૃષ્ટ સ્થિતિ કરે છે. જ્યારે મનુષ્યગતિ તો ઉદય સંક્રમોત્કૃષ્ટા હોવાથી તેમાં આવલિકાત્રિક ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ જ ઉદીરણા યોગ્ય પ્રાપ્ત થાય છે અને મનુષ્યાનુપૂર્વી તો અનુદય સંક્રમોત્કૃષ્ટા હોવાથી જઘન્યથી પણ અંતર્મુહૂર્ત ગયા પછી જ તે અંતર્મુહૂર્ત ન્યૂન જ ઉત્કૃષ્ટસ્થિતિ ઉદીરણા યોગ્ય બને છે.

આ પ્રમાણે એક ઉદયસંક્રમોત્કૃષ્ટા અને બીજી અનુદયસંક્રમોત્કૃષ્ટા હોવાથી એકમાં ઉદય સંક્રમોકૃષ્ટામાં આવલિકાત્રિકહીન અને અનુદય સંક્રમોત્કૃષ્ટામાં અંતર્મુહૂર્તન્યૂન ઉદીરણા યોગ્ય સ્થિતિ જાણવી.

આ પ્રમાણે આતપ નામકર્મ વિગેરેની પણ અનુદયસંક્રમોત્કૃષ્ટા હોવાથી બે આવલિકા અધિક એવા મોટા અંતર્મુહૂર્ત ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ જ ઉદીરણા યોગ્ય છે આમ જાણવું.

**પ્રશ્ન :-** જે જે કર્મપ્રકૃતિઓ અનુદય સંક્રમોત્કૃષ્ટા હોય તેવી પ્રકૃતિઓની ઉદીરણા યોગ્ય સ્થિતિ અંતર્મુહૂર્તન્યૂન પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ ભલે હો. પરંતુ આતપનામકર્મ તો બન્ધોત્કૃષ્ટા હોવાથી પોતાના બંધથી જ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે. તે માટે બન્ધાવલિકા અને ઉદયાવલિકા રહિત એમ બે આવલિકા રહિત પોતાની ઉત્કૃષ્ટસ્થિતિ જેટલી હોય તેટલી ઉદીરણા યોગ્ય કહેવી જોઈએ. અંતર્મુહૂર્તન્યૂન કેમ સમજાવો છો ?

**ઉત્તર :-** હા. તમારો પ્રશ્ન ઠીક છે. પરંતુ આતપનામકર્મ બંધોત્કૃષ્ટા છે. પણ અનુદય બંધોત્કૃષ્ટા છે. તે કારણથી ઈશાન દેવલોક સુધીના દેવો જ ઉત્કૃષ્ટ સંક્લેશવાળા જ્યારે હોય છે. ત્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય આતપ, સ્થાવર અને એકેન્દ્રિય જાતિ નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. પરંતુ બીજો કોઈ જીવ આવી ઉત્કૃષ્ટ સ્થિતિ આ કર્મોની બાંધતો નથી.

તથા ઈશાન સુધીના તે દેવ ઉત્કૃષ્ટ સંક્લેશવાળા થાય ત્યારે આ ત્રણ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને તે જ દેવભવમાં અંતર્મુહૂર્ત માત્ર તેવા જ પરિણામ અને લેશ્યાવાળો થઈને રહે છે. ત્યારબાદ કાલ કરીને (મૃત્યુ પામીને) બાદર પૃથ્વીકાયમાં ઉત્પન્ન થઈને શરીર પર્યાપ્તિએ પર્યાપ્તો થયો છતો આતપ નામકર્મના ઉદયમાં વર્તતો છતો આતપ નામકર્મની ઉદીરણા કરે છે. આ કારણથી આ જીવને જ અંતર્મુહૂર્ત ન્યૂન જ તે કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ સઘળી પણ ઉદીરણાને યોગ્ય થાય છે.

આ પ્રમાણે આતપ નામકર્મની જેમ સ્થાવર તથા એકેન્દ્રિય જાતિ નામકર્મ પણ સમજી લેવાં.

હવે બાકીની કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ ઉદીરણાના સ્વામી સમજાવાય છે :-

ત્યાં નારકીનો જીવ ઔદારિક સપ્તક અને અન્તિમ છેવટ્ઠુ સંઘયણ એમ આઠ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને ઉત્કૃષ્ટસ્થિતિ બંધ કર્યા બાદ મધ્યમ પરિણામવાળો થયો છતો ત્યાં નારકીમાં જ અંતર્મુહૂર્ત કાળ રહીને મૃત્યુ પામીને તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય... અને ત્યાં એટલે પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં ઉત્કૃષ્ટ ઉદીરણા કરે છે.

તથા નિદ્રાપંચકનો જ્યારે ઉદય ન હોય ત્યારે એટલે કે જાગૃત અવસ્થામાં ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામવાળો થઈને ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતાના કારણે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. ત્યાર બાદ અંતર્મુહૂર્ત પસાર થયે છતે નિદ્રા પંચકમાંથી જે નિદ્રાનો ઉદય થાય ત્યારે તે જીવ તે નિદ્રાની ઉત્કૃષ્ટ ઉદીરણા કરે છે.[1] ॥૩૩॥

**तित्थयरस्स वि पल्लासंखेज्जइमे जहन्नगे इत्तो ।**
**थावरजहन्नसंतेण समं अहिगं व बंधंतो ॥ ३४ ॥**
**गंतूणावलिमेत्तो, कसायबारसगमयदुगुंछाणं ।**
**निद्दाइपंचगस्स य आयावुज्जोयणामस्स ॥३५॥**

**ગાથાર્થ :-** તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ ઉદીરણા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ માત્ર સ્થિતિ શેષ હોય ત્યારે થાય છે. હવે અમે જઘન્ય સ્થિતિ ઉદીરણા કહીશું. કોઈ પણ સ્થાવર જીવ સ્થાવર પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિ સત્તા વાળો થઈને તેની સમાન અથવા અધિક સ્થિતિવાળું કર્મ બાંધતો એવો જીવ બંધાવલિકા ગયા પછી આદ્ય બાર કષાય ભય-જુગુપ્સા નિદ્રા પંચક આતપ અને ઉદ્યોત નામકર્મ એમ (૨૧) એકવીસ કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિત્યુદીરણા કરે છે. ॥૩૪-૩૫॥

**વિવેચન :-** તીર્થંકરનામકર્મ બાંધ્યા પછી શુભ અધ્યવસાયો દ્વારા તેની અપવર્તના કરી કરીને (અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જે હતું તે) પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્ર સ્થિતિવાળું કરાયે છતે જ્યારે આટલું રહે ત્યારે સયોગિકેવલી ગુણસ્થાનકે જાય. તેના પ્રથમ સમયે જ કેવલજ્ઞાન પ્રગટ થતાં જ તીર્થંકર નામકર્મનો ઉદય શરૂ થતાં જ ઉદીરણા પ્રવર્તે છે ત્યારે ઉત્કૃષ્ટ ઉદીરણા આ જીવ કરે છે. તીર્થંકર નામકર્મની સર્વ પણ કાલે ઉદીરણા યોગ્ય સ્થિતિઓ આટલી જ પ્રાપ્ત થાય છે. અધિક નહીં પંચસંગ્રહ નામના ગ્રંથમાં પૂજ્ય ચન્દ્રર્ષિ મહત્તરાચાર્યે કહ્યું છે કે

**हयसेसा तित्थठिई पल्लासंखिज्जमित्तिया जाया ।**
**तीसे सजोगिपढमे समए उदीरणुक्कोसा ॥१॥** (પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૩૧)

---

૧. નિદ્રા પંચકનો જ્યારે ઉદય હોય ત્યારે આ આત્મા નિદ્રાધીન હોવાથી ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતા કે ઉત્કૃષ્ટ વિશુદ્ધિ સંભવતી નથી. અને ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતા વિના ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય નહીં અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કર્યા વિના તે પ્રકૃતિની ઉત્કૃષ્ટ સત્તા ન હોવાથી ઉત્કૃષ્ટ ઉદીરણા આ જીવ કરી શકે નહીં. તે માટે નિદ્રાપંચકના ઉદયની પૂર્વે અનુદયકાળે ઉત્કૃષ્ટ સ્થિતિબાંધીને પછી ઉદય આવે તેવા જીવનું સ્વામિત્વ જાણવું. આમ કહેલું છે.

**અર્થ :-** તીર્થંકરનામકર્મની સત્તા હણાતાં હણાતાં જ્યારે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્રની સ્થિતિ શેષ રહે. ત્યારે સંયોગિગુણઠાણાના પ્રથમ સમયે ઉદય થતાંની સાથે જ તેની જે ઉદીરણા થાય તે ઉત્કૃષ્ટ ઉદીરણા કહેવાય છે. ॥૧॥

ચારે પ્રકારનાં આયુષ્યકર્મમાં પોત પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ (૩ પલ્યોપમ અને ૩૩ સાગરોપમ) બાંધ્યા પછી મૃત્યુ પામીને પોત પોતાના તે તે ભવમાં ગયેલા જીવને તે તે આયુષ્યનો ઉદય થાય ત્યારે ભવના પ્રથમ સમયે જ ઉત્કૃષ્ટ સ્થિત્યુદીરણા જાણવી. તે આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિત્યુદીરણાનું સ્વામિત્વ સમજાવ્યું. હવે જઘન્ય સ્થિત્યુદીરણાના સ્વામિત્વનું નિરૂપણ કરે છે.

"जहन्नगे इत्तो" इतः उर्ध्यम् = અહીંથી આગળ હવે જઘન્ય સ્થિત્યુદીરણાનું નિરૂપણ કરાય છે. प्रतिज्ञातमेवाह જે વિષયની પ્રતિજ્ઞા કરી છે. તે જ વિષય હવે ગ્રંથકારશ્રી કહે છે :-

જે જીવ સ્થાવર હોય, એકેન્દ્રિયપણુ પામ્યો હોય તેમાં પણ સૌથી વધારે જઘન્ય સત્તાવાળો થયો હોય તે જીવ તેવો થયો છતો પોતાને જેટલી કર્મોની સત્તા છે. તેટલા પ્રમાણવાળી અથવા તેના કરતાં કંઈક અધિક માત્રાવાળી નવી સ્થિતિ બાંધતો છતો જ જીવ સર્વથી જઘન્ય સત્તાવાળો થયેલો આ જીવ નવાં બંધાતા કર્મોની બંધાવલિકા પસાર કરીને તેના પછીના સમયમાં વર્તતો છતો પ્રથમના બારકષાય, ભય, જુગુપ્સા, નિદ્રાપંચક આતપ અને ઉદ્યોત એમ કુલ (૨૧) એકવીસ પ્રકૃતિઓની જઘન્ય સ્થિત્યુદીરણા કરે છે.

આ (૨૧) એકવીસ કર્મપ્રકૃતિઓમાં કેટલીક ધ્રુવબંધી હોવાથી અને આતપ તથા ઉદ્યોત અપ્રતિપક્ષી હોવાથી બીજા કોઈ પણ સ્થાને જઘન્ય સ્થિત્યુદીરણાની પ્રાપ્તિ થતી ન હોવાથી યથોક્ત સ્વરૂપવાળો એકેન્દ્રિય જીવ જ આ (૨૧) એકવીસ પ્રકૃતિઓની જઘન્ય સ્થિત્યુદીરણાનો સ્વામી કહ્યો છે. ॥૩૪-૩૫॥

**एगिंदियजोग्गाणं इयरा बंधित्तु आलिगं गंतुं ।**
**एगिंदियागए तट्ठिईए जाईणमवि एवं ॥ ३६ ॥**

**ગાથાર્થ :-** એકેન્દ્રિય જીવોને યોગ્ય પ્રકૃતિઓની જઘન્ય સ્થિત્યુદીરણા ઇતર પ્રકૃતિઓનો બંધ કર્યા પછી એકેન્દ્રિય યોગ્ય વિવક્ષિત તે પ્રકૃતિઓને બાંધતો જીવ જઘન્ય સ્થિત્યુદીરણાનો સ્વામી જાણવો તથા વિકલેન્દ્રિયત્રિક અને પંચેન્દ્રિયજાતિ તે નામકર્મનો એકેન્દ્રિયમાંથી આવેલો અને તે તે ભવમાં સ્થિર થયેલો જીવ સ્વામી જાણવો. ॥૩૬॥

**વિવેચન :-** એકેન્દ્રિયના ભવમાં જ ઉદયમાં આવે તેવી કેટલીક પ્રકૃતિઓ, ઉદયના કારણે ઉદીરણા પણ એકેન્દ્રિયના ભવમાં જ થાય. તેવી કેટલીક પ્રકૃતિઓ કે જે એકેન્દ્રિય યોગ્ય કહેવાય છે. તેવી (૧) એકેન્દ્રિય જાતિ, (૨) સ્થાવર નામકર્મ, (૩) સૂક્ષ્મનામકર્મ અને (૪) સાધારણ નામકર્મ આ ચાર કર્મોની જઘન્ય સ્થિત્યુદીરણા કોણ કરે તે ગ્રંથકારશ્રી સમજાવે છે કે

જે એકેન્દ્રિય જીવ છે. બીજા અન્ય જીવો કરતાં (અન્ય એકેન્દ્રિય જીવો કરતાં) પણ જઘન્ય સ્થિતિ સત્તાવાળો થયો છે. તેવો જીવ ઇતરપ્રકૃતિઓને એટલે કે એકેન્દ્રિય જાતિથી પ્રતિપક્ષી એવી બેઇન્દ્રિય-તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય તથા પંચેન્દ્રિય જાતિનામકર્મ તથા સ્થાવર-સૂક્ષ્મ અને સાધારણની સામે ત્રસ-બાદર અને પ્રત્યેક નામકર્મ બાંધીને ત્યારબાદ એકેન્દ્રિય જાતિ-સ્થાવર-સૂક્ષ્મ અને સાધારણ નામકર્મ બાંધવાનું શરૂ કરે. તેને બાંધતો તે સ્થાવર જીવ એક બંધાવલિકા પસાર કર્યા પછી તે બંધાવલિકાના જ ચરમ સમયે જઘન્ય સ્થિત્યુદીરણા કરે છે તેવો જીવ જ જઘન્યસ્થિત્યુદીરણાનો સ્વામી બને છે.

ઉપર કહેલી વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે. કોઈક એકેન્દ્રિય જીવ અન્ય સર્વ જીવો કરતાં ઓછામાં ઓછી સ્થિતિ સત્તાવાળો થયો છતો બેઈન્દ્રિયાદિ સર્વે પણ જાતિ નામકર્મ અનુક્રમે બાંધીને ત્યારબાદ એકેન્દ્રિય જાતિ બાંધવાનો આરંભ કરે તે એકેન્દ્રિય જાતિ બાંધતાં બાંધતાં એક બંધાવલિકા કાળ જાય તે બંધાવલિકાના અન્તિમ (ચરમ) સમયમાં જ પૂર્વે બાંધેલી એકેન્દ્રિય જાતિનામકર્મની જઘન્ય સ્થિત્યુદીરણા કરે છે.

**પ્રશ્ન :-** અહીં બંધાવલિકાનો ચરમ સમય કેમ લીધો ? તથા બંધાવલિકા પછીનો પ્રથમ સમય કેમ ન લીધો ?

**ઉત્તર :-** જો બંધાવલિકા પસાર થઈ જાય અને ત્યાર પછીનો પહેલો સમય કે પછીના સમય લેવામાં આવે તો બંધાવલિકાના પ્રથમ સમયે જ જે એકેન્દ્રિય જાતિ નામકર્મ આદિ આ ચાર કર્મપ્રકૃતિઓ હાલ નવી બાંધી છે. તેની લતાની બંધાવલિકા પસાર થઈ જવાના કારણે તે લતાઓની પણ સ્થિત્યુદીરણા પ્રાપ્ત થશે તેથી જઘન્ય સ્થિત્યુદીરણા પ્રાપ્ત થતી નથી એમ વિચારીને બંધાવલિકાના ચરમ સમયે જ સ્વામિત્વ કહ્યું છે.

વચ્ચે વચ્ચે બેઈન્દ્રિયાદિ જાતિઓના તથા ત્રસ-બાદર અને પ્રત્યેક નામકર્મના બંધનુ વિધાન કરવાનું કારણ તે છે કે તે તે પ્રતિપક્ષી પ્રકૃતિઓનો બંધ જેટલો કાળ ચાલે તેટલો કાળ વિવક્ષિત એકેન્દ્રિય જાતિ નામકર્મ આદિ ચાર પ્રકૃતિઓની સ્થિતિ ઉદયથી ભોગવાઈને ન્યૂન થવાના કારણે વધારેમાં વધારે સ્તોકતર (અલ્પમાં અલ્પ) સ્થિતિ પ્રાપ્ત થાય તે માટે તેનું વિધાન કરેલ છે. આ જ પ્રમાણે સ્થાવર સૂક્ષ્મ અને સાધારણ નામકર્મમાં

પણ તેની પ્રતિપક્ષી એવી ત્રસ-બાદર અને પ્રત્યેક નામકર્મનો બંધ અંતરાલમાં કહ્યો, તેની ભાવના પણ જાણવી.

હવે બેઈન્દ્રિય આદિ શેષ જાતિનામકર્મની જઘન્ય સ્થિત્યુદીરણા જે છે. તેનું સ્વામિત્વ કહે છે. બેઈન્દ્રિયાદિ જાતિ નામકર્મોમાં પણ આ જ પ્રમાણે પૂર્વે કહેલી નીતિ રીતિ મુજબ જ એકેન્દ્રિયમાં જઘન્ય સ્થિતિ સત્તાવાળો થઈને ત્યાંથી આવેલા અને તેટલી જ સ્થિતિવાળા એટલે કે એકેન્દ્રિય પ્રાયોગ્ય જઘન્યસ્થિતિ સત્તાવાળા થયેલા તે જીવને બેઈન્દ્રિય આદિ પોત પોતાના ભવમાં આવેલા જીવને બંધાવલિકાના ચરમ સમયે જઘન્ય સ્થિત્યુદીરણા થાય છે.

ઉપરોક્ત વાત વધારે સ્પષ્ટ આ પ્રમાણે જાણવી. જઘન્યમાં જઘન્ય સ્થિતિ સત્તાવાળો એકેન્દ્રિયનો કોઈ જીવ એકેન્દ્રિયના ભવમાંથી નીકળીને બેઈન્દ્રિય આદિના ભવમાં ઉત્પન્ન થાય. ત્યાં આવીને પૂર્વકાલમાં બાંધેલી બેઈન્દ્રિય આદિ તે તે ભવની જાતિનો ઉદય થવાથી ભોગવવા લાગે. તેના અનુભવવાળા પ્રથમ સમયથી જ આરંભીને એકેન્દ્રિય જાતિ નામકર્મને મોટા અંતર્મુહૂર્ત કાળ સુધી બાંધે. ત્યાર બાદ તે જ પ્રમાણે મોટા મોટા એક એક અંતર્મુહૂર્તકાળ સુધી તેઈન્દ્રિય જાતિ ચઉરિન્દ્રિય જાતિ અને પંચેન્દ્રિય જાતિ નામકર્મને અનુક્રમે બાંધે. આ પ્રમાણે મોટાં મોટાં ચાર અંતર્મુહૂર્ત સુધી શેષ ચાર જાતિ નામકર્મને બાંધે ત્યાં સુધી બેઈન્દ્રિય જાતિની તેટલી સ્થિતિ ઉદય-ઉદીરણાથી ભોગવીને ન્યૂન કરે ત્યારબાદ બેઈન્દ્રિય જાતિને બાંધવાનો આરંભ કરે ત્યાર બાદ તેના બંધની આ પ્રથમ જે આવલિકા છે તેના ચરમ સમયે જ બેઈન્દ્રિય જાતિ નામકર્મની જઘન્ય સ્થિત્યુદીરણા કરે.

કારણ કે ત્યાં એકેન્દ્રિયના ભવમાં પ્રાપ્ત કરેલી જે જઘન્ય સ્થિતિ સત્તા હતી. તેમાંથી પણ જેટલો કાળ આ ચાર જાતિકર્મ બાંધ્યાં તેટલો કાળ એટલે કે મોટાં ચાર અંતર્મુહૂર્તકાળ પ્રમાણ તથા બેઈન્દ્રિય જાતિના બંધાવલિકાના કાળ પ્રમાણ સ્થિતિ તેમાંથી ઓછી થઈ. તેટલી ઓછી થવાથી જઘન્ય સ્થિત્યુદીરણા થાય છે.

આ જ પ્રમાણે બેઈન્દ્રિય જાતિની જેમ જ તેઈન્દ્રિય જાતિ અને ચઉરિન્દ્રિય જાતિનું પણ સ્વામિત્વ જાણી લેવું. ॥૩૬॥

**वेयणीयणोकसायासमत्त संघयणपणग थीयाणं ।**
**तिरियदुग अजसदुभगणाएज्जाणं च सन्निगए ॥ ३७ ॥**

**ગાથાર્થ :-** સાતા-અસાતા બે વેદનીય, ચાર નોકષાયમોહનીય, અપર્યાપ્ત નામકર્મ, પાંચ સંઘયણ નામકર્મ, નીચગોત્રકર્મ, તિર્યંચનુંદ્વિક, અપયશ નામકર્મ, દૌર્ભાગ્ય અને

અનાદેયનામકર્મ એમ કુલ (૧૮) અઢાર કર્મોની જઘન્ય સ્થિત્યુદીરણાનો સ્વામી સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં ગયેલો જીવ જાણવો. ॥૩૭॥

**વિવેચન :-** સાતા અને અસાતા વેદનીયકર્મ, હાસ્ય રતિ તથા અરતિ-શોક એમ બે યુગલ, (નવ નોકષાયમાંની બાકીની પાંચના જઘન્ય સ્વામી આગળ ઉપર કહેવાના છે. તેથી આ ગાથામાં લખેલા નોકષાય શબ્દથી આ બે યુગલની જ ચાર પ્રકૃતિઓ લેવી.) તથા અસમાપ્ત શબ્દથી અપર્યાપ્ત નામકર્મ, વજ્ર ઋષભનારાચ નામના પ્રથમ સંઘયણને વર્જીને શેષ બાકીનાં પાંચ સંઘયણ, નીચગોત્ર તથા તિર્યંચદ્વિક (એટલે કે તિર્યંચગતિ અને તિર્યંચની આનુપૂર્વી) તથા અયશઃકીર્તિ, દૌર્ભાગ્ય અને અનાદેય નામકર્મ એમ સર્વ સંખ્યાએ મળીને કુલ (૧૮) અઢાર કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિત્યુદીરણાના સ્વામી સંજ્ઞી પંચેન્દ્રિયના જીવ જાણવા. ઉપરોક્ત વાતનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો.

કોઈ એકેન્દ્રિય જીવ જઘન્યસ્થિતિની સત્તાવાળો થયો છતો એકેન્દ્રિયના ભવમાંથી નીકળીને પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં ઉત્પન્ન થાય, ઉત્પન્ન થઈને ઉત્પત્તિના પ્રથમ સમયથી આરંભીને સાતાવેદનીયના ઉદયથી અનુભવ કરતો એવો જીવ મોટા એક અંતર્મુહૂર્ત કાળ સુધી અસાતા વેદનીય કર્મ બાંધે ત્યાર બાદ ફરીથી સાતા વેદનીય બાંધવાનો પ્રારંભ કરે, તે નવી બંધાતી સાતાવેદનીયના બંધની એક બંધાવલિકા પસાર થયે છતે તે બંધાવલિકાના ચરમ સમયે પૂર્વકાલમાં બાંધેલી સાતાવેદનીયની જઘન્ય સ્થિતિની ઉદીરણાનો સ્વામી થાય છે.

આ જ પ્રમાણે અસાતાની જઘન્ય સ્થિત્યુદીરણાનું સ્વામીપણું જાણવું. પરંતુ ઉપરના કથનમાં જ્યાં સાતાનું કથન છે ત્યાં અસાતા જાણવી અને જ્યાં અસાતાનું કથન છે ત્યાં સાતા સમજવી તથા હાસ્ય અને રતિ આ યુગલની જઘન્ય સ્થિત્યુદીરણા સાતાની જેમ જાણવી અને અરતિ-શોકની જઘન્યસ્થિત્યુદીરણા અસાતાની જેમ જાણવી.

અપર્યાપ્ત નામકર્મની જઘન્ય સ્થિત્યુદીરણા આ પ્રમાણે જાણવી. જઘન્ય સ્થિતિની સત્તાવાળો કોઈ એકેન્દ્રિય જીવ એકેન્દ્રિયના ભવમાંથી નીકળીને અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં ઉત્પન્ન થાય, ઉત્પત્તિના પ્રથમ સમયથી જ આરંભીને મોટા અંતર્મુહૂર્ત કાળ વડે પર્યાપ્ત નામકર્મ બાંધે, તે બાંધીને ફરીથી પણ અપર્યાપ્ત નામકર્મ બાંધવાનો આરંભ કરે, તેને બાંધતાં પ્રથમ એક આવલિકા કાળ પસાર થાય ત્યારે તે આવલિકાના ચરમ સમયે પૂર્વે બાંધેલા અપર્યાપ્ત નામકર્મની જઘન્ય સ્થિત્યુદીરણાનું ઉદીરક પણું જાણવું.

પ્રથમ જે વજ્રઋષભનારાચ સંઘયણ છે તે વિનાનાં શેષ પાંચ સંઘયણની જઘન્ય સ્થિત્યુદીરણાનું સ્વામિપણું આ પ્રમાણે જાણવું. વેદાતા (ઉદયમાં હોય તે) સંઘયણને વર્જીને

બાકીનાં સર્વ સંઘયણનો અતિશય લાંબો શક્ય બને તેટલો મોટો બંધકાળ વચ્ચે લેવો ત્યાર બાદ વેદાતા (ઉદયમાં વર્તતા) સંઘયણનો બંધ કહીને તેની બન્ધાવલિકાના ચરમ સમયે જઘન્ય સ્થિત્યુદીરણા કહેવી.

નીચગોત્રકર્મની જઘન્ય સ્થિત્યુદીરણા અસાતાની જેમ જાણવી. હવે તિર્યંચગતિ તથા તિર્યંચાનુપૂર્વીની જઘન્ય સ્થિત્યુદીરણાનું સ્વામિત્વ સમજાવે છે :-

જે તેઉકાય અથવા વાઉકાય બાદર જીવ હોય સર્વથા જઘન્ય સ્થિતિ સત્તાવાળો હોય, તે મૃત્યુ પામીને પર્યાપ્તા સંજ્ઞિ પંચેન્દ્રિયતિર્યંચના ભવમાં ઉત્પન્ન થાય ત્યાં ઉત્પન્ન થઈને મોટા અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ યાવત્ પ્રથમ મનુષ્યગતિ બાંધે ત્યાં સુધી તિર્યંચગતિ તેમાં સંક્રમાવે તે મનુષ્યગતિના બંધની સમાપ્તિ બાદ તિર્યંચગતિ બાંધવાનો આરંભ કરે, તેની બંધાવલિકાના અન્તિમ સમયે તે પૂર્વે બાંધેલી તિર્યંચ ગતિની જઘન્ય સ્થિત્યુદીરણાનું સ્વામીપણું જાણવું.

તિર્યંચની આનુપૂર્વીનું સ્વામીપણું પણ ઉપરોક્ત પ્રમાણે જ જાણવું. પરંતુ તે તિર્યંચાનુપૂર્વીની જઘન્ય સ્થિત્યુદીરણા માત્ર અંતરાયગતિમાં જ ત્રીજા સમયે જાણવી. કારણ કે આનુપૂર્વીનો ઉદય વિગ્રહગતિમાં જ હોય છે. તેથી ઉદીરણા પણ ત્યાં જ સંભવે છે. તેમાં પણ ત્રીજો સમય લેવાથી પહેલો-બીજો સમય પસાર થયેલો હોવાથી વધારે જઘન્ય સ્થિતિ ઉદીરણા સંભવે છે.

અયશઃકીર્તિ નામકર્મ, દૌર્ભાગ્ય અને અનાદેય નામકર્મની ભાવના અસાતાની જેમ જ જાણવી. ફક્ત સાતા વેદનીયના સ્વામિત્વમાં વચ્ચે જેમ અસાતાનો બંધ કહ્યો છે. તેમ અહીં પણ અયશઃકીર્તિ દૌર્ભાગ્ય અને અનાદેય નામકર્મના સ્વામી કહેવામાં તેની વિરોધી પ્રકૃતિઓનો બંધ મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ સ્વયં જાણી લેવો. આ પ્રમાણે આ (૧૮) અઢાર કર્મપ્રકૃતિઓનું સ્વામિત્વ કહ્યું. ॥૩૭॥

**अमणागयस्स चिरठिइअंते सुरणिरयगइ उवंगाणं ।**
**अणुपुव्वीतिसमइगे, णराण एगिंदियागयगे ॥ ३८ ॥**

**ગાથાર્થ :-** અસંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાંથી નીકળીને દેવભવમાં અથવા નરકના ભવમાં આવેલા જીવને પોતાની દીર્ઘસ્થિતિના અન્ત્ય સમયે દેવગતિનામકર્મ અને નરકગતિ નામકર્મની તથા વૈક્રિય અંગોપાંગની જઘન્ય સ્થિત્યુદીરણા થાય છે. બન્ને આનુપૂર્વીની પણ ઉદીરણા તેવી જ રીતે જાણવી. પરંતુ વિગ્રહગતિના ત્રીજા સમયે સમજવી. મનુષ્યાનુપૂર્વીના સ્વામી એકેન્દ્રિયના ભવમાંથી આવીને મનુષ્ય બનેલા એવા મનુષ્યના જીવને જાણવા. ॥૩૮॥

**વિવેચન :-** દેવગતિ, નરકગતિ અને વૈક્રિય અંગોપાંગ નામકર્મ કુલ (૩) ત્રણ કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિત્યુદીરણાનું સ્વામિત્વ આ પ્રમાણે જાણવું. કોઈ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ, અસંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાંથી નીકળીને દેવના ભવમાં અથવા નરકના ભવમાં જન્મે ત્યાં પણ પોત પોતાની દીર્ઘ સ્થિતિના અન્તે દેવગતિ-નરકગતિ અને વૈક્રિય અંગોપાંગ એમ (૩) ત્રણ કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ ઉદીરણા કરે આમ સમજવું.

ઉપરોક્ત વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે. દેવગતિ, નરકગતિ અને વૈક્રિય અંગોપાંગ નામકર્મ એમ કુલ (૩) ત્રણ કર્મ પ્રકૃતિઓ સૌથી વધારે જઘન્ય સ્થિતિ બાંધીને કોઈક અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો જીવ તે ભવમાં જ ઘણો દીર્ઘ સમય સુધી રહીને ભવની સમાપ્તિ થવાથી દેવભવમાં અથવા નરકના ભવમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુષ્યવાળો દેવ અથવા નારકી થાય. તે દેવ અથવા નારકીના જીવને પોત પોતાના આયુષ્યના ચરમ સમયે વર્તતા જીવને યથાયોગ્ય દેવગતિ-નરકગતિ અને વૈક્રિય અંગોપાંગ નામકર્મની જઘન્ય સ્થિત્યુદીરણા થાય છે.

તથા તે જ જઘન્ય સ્થિતિ સત્તાવાળો અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ પોતાના ભવના ક્ષયથી દેવભવમાં અથવા નરકના ભવમાં આવતો હોય ત્યારે અપાન્તરાલગતિમાં (વિગ્રહગતિમાં) વર્તતા દેવના જીવને દેવાનુપૂર્વીનો અને નરકના જીવને નરકાનુપૂર્વીનો યથાયોગ્ય રીતે ત્રીજા સમયે જઘન્ય સ્થિત્યુદીરણાનું સ્વામીપણું જાણવું.

જેમ દેવાનુપૂર્વીનું અને નરકાનુપૂર્વીનું સ્વામીપણું સમજાવ્યું. તે જ પ્રમાણે મનુષ્યની આનુપૂર્વીનું પણ જઘન્ય સ્થિતિ ઉદીરણાનું સ્વામીપણું જાણવું. પરંતુ અસંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાંથી આવેલાને બદલે એકેન્દ્રિયના ભવમાંથી આવેલો અને સર્વ અન્ય જીવો કરતાં. સર્વથા જઘન્ય સ્થિતિની સત્તાવાળો થયેલો એવો તે એકેન્દ્રિય જીવ એકેન્દ્રિયના ભવમાંથી નીકળીને મનુષ્યના ભવમાં ઉત્પન્ન થતાં અને વિગ્રહગતિમાં વર્તતાં તે જીવને ત્રીજા સમયે મનુષ્યની આનુપૂર્વીનું જઘન્ય સ્થિતિનું ઉદીરણા સ્વામિત્વ સમજવું. ॥૩૮॥

**समयाहिगालिगाए, पढमठिईए उ सेसवेलाए ।**
**मिच्छत्ते वेएसु य, संजलणासु वि य सम्मत्तं ॥ ३९ ॥**

**ગાથાર્થ :-** પ્રથમ સ્થિતિની સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે મિથ્યાત્વ મોહ, ત્રણ વેદ, ચાર સંજ્વલન કષાય તથા સમ્યક્ત્વ મોહનીય એમ કુલ (૯) નવ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ ઉદીરણા જાણવી. ॥૩૯॥

**વિવેચન :-** શ્રેણિમાં આરૂઢ થયેલા મહાત્માઓ જ્યારે મોહનીય કર્મનું અંતરકરણ કરે ત્યારે સ્થિતિના બે ભાગ થાય છે. તેમાં અંતરકરણની નીચેની સ્થિતિને પ્રથમાસ્થિતિ કહેવાય છે. અંતરકરણની ઉપરની સ્થિતિને દ્વિતીયા સ્થિતિ કહેવાય છે.

ત્યાં અંતરકરણ કરાયે છતે જે નીચેની પ્રથમા સ્થિતિ છે. તે સ્થિતિ જ્યારે સમયાધિક એક આવલિકા માત્ર શેષ રહે ત્યારે મિથ્યાત્વમોહનીય, ત્રણે પણ વેદ, ચારે પણ સંજ્વલન કષાય અને સમ્યક્ત્વ મોહનીય પણ એમ કુલ (૧+૩+૪+૧ = ૯) નવ કર્મ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે.

ફક્ત ઉપરની વાતમાં એટલી વિશેષતા છે કે સમ્યક્ત્વમોહનીય અને સંજ્વલન લોભ આ બે કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિત્યુદીરણા ક્ષપકશ્રેણિમાં અને ઉપશમશ્રેણિમાં એમ બન્ને શ્રેણિમાં જાણવી. પરંતુ બાકીની જે કર્મપ્રકૃતિઓ (૯ - ૨ = ૭) છે. તેની જઘન્ય સ્થિતિ ઉદીરણા ક્ષપકશ્રેણિમાં જ માત્ર જાણવી.

પંચસંગ્રહ ઉદીરણા કરણ ગાથા ૩૬માં છેલ્લા ચોથા પદમાં કહ્યું છે કે "उवसमे वि दुसु" બે પ્રકૃતિઓ સમ્યક્ત્વમોહનીય તથા સંજ્વલન લોભ આ બે પ્રકૃતિઓનું ઉપશમશ્રેણિમાં પણ સ્વામિત્વ જાણવું. એટલે કે ક્ષપક અને ઉપશમક એમ બન્ને શ્રેણિમાં *સ્વામિત્વ થાય છે. શેષ પ્રકૃતિઓમાં માત્ર ક્ષપકશ્રેણિમાં જ સ્વામિત્વ સમજવું. આટલી* વિશેષતા છે. આ ગાથાના પદમાં જે दुसु = શબ્દ છે એટલે द्वयोः = બે પ્રકૃતિમાં એટલે સમ્યક્ત્વમોહનીય તથા સંજ્વલન લોભ આમ સમજવું. "उवसमे वि" માં જે अपि શબ્દ છે. તેનાથી क्षयेऽपि ક્ષપકશ્રેણિ પણ સમજી લેવી. ॥૩૯॥

**पल्लासंखियभागूणुदही, एगिंदियागए मिस्से ।**
**बेसत्तभागवेउव्वियाइ, पवणस्स तस्संते ॥ ४० ॥**

**ગાથાર્થ :-** પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એવા એક સાગરોપમ પ્રમાણ સ્થિતિ સત્તાવાળો જીવ એકેન્દ્રિયના ભવમાંથી આવ્યો હોય ત્યારે મિશ્ર મોહનીયની જઘન્ય સ્થિતિ ઉદીરણા કરે છે. સાતીયા બે ભાગ પ્રમાણ વૈક્રિય ષટ્કની સત્તા હોતે છતે વાઉકાયના ભવમાં છેલ્લું વૈક્રિય બનાવે ત્યારે ચરમ સમયે જઘન્ય સ્થિત્યુદીરણા જાણવી. ॥૪૦॥

**વિવેચન :-** પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એવું એક સાગરોપમ આટલા પ્રમાણવાળી મિશ્ર મોહનીયકર્મની સત્તાવાળો જીવ એકેન્દ્રિયના ભવમાંથી નીકળીને સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં આવ્યો હોય ત્યાં આવ્યા પછી તે જીવ મિથ્યાત્વથી મિશ્ર ગુણસ્થાનકે ગયો. ત્યાં પ્રથમ સમયથી જ મિશ્ર મોહનીયનો ઉદય તથા તેની ઉદીરણા પ્રવર્તે છે ત્યાં

પ્રથમ સમયથી એક અંતર્મુહૂર્ત કાળ સમાપ્ત થવા આવે. હવે પછીના અનંતર સમયે મિશ્રગુણ સ્થાનક સમાપ્ત થવાનું છે અને મિશ્ર મોહનીયનો ઉદય તથા ઉદરણા નિવર્તન પામવાની છે. તેના પૂર્વ સમયમાં એટલે કે મિશ્ર ગુણસ્થાનકના ચરમ સમયમાં વર્તતા જીવને મિશ્ર મોહનીયની જઘન્ય સ્થિતિ ઉદીરણા જાણવી.

એકેન્દ્રિયના ભવને યોગ્ય જે જઘન્ય સ્થિતિ સત્તા છે. તેનાથી પણ વધારે હીન સ્થિતિ મિશ્ર મોહનીયની થાય તો તેટલી ઓછી સ્થિતિમાં વર્તતુ મિશ્ર મોહનીય કર્મ ઉદય ઉદીરણા યોગ્ય રહેતું નથી. પણ ઉદ્વલના યોગ્ય જ થાય છે. જો આનાથી પણ નીચે નીચે સ્થિતિ થતી જાય તો આટલી ન્યૂન સ્થિતિવાળું કર્મ થયે છતે અવશ્ય મિથ્યાત્વનો ઉદય થવાનો સંભવ જ છે અને તેથી મિશ્ર મોહનીય ઉદ્‌વલના યોગ્ય જ થાય છે. પણ ઉદયયોગ્ય રહેવું નથી માટે આવા જીવને જ સ્વામી કહ્યા છે.

તથા જે સાત ભાગો વડે આખું એક સાગરોપમ પૂર્ણ થાય તેવા બે ભાગ પ્રમાણ અર્થાત્ સાતીયા બે ભાગ $^{2}/_{7}$ ભાગ પ્રમાણ સ્થિતિની સત્તા છે જેની એવું વૈક્રિક ષટ્ક (વૈક્રિય શરીર, વૈક્રિય સંઘાતન, વૈક્રિય બન્ધન ચાર એ રૂપ જે વૈક્રિય ષટ્ક) તેની સાગરોપમના સાતીયા બે ભાગ પ્રમાણ તેમાં પણ પૂર્વે કહ્યા પ્રમાણે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હીન સમજી લેવી આટલી જઘન્ય સ્થિતિ જ્યારે સત્તામાં હોય તેવા બાદર વાઉકાય જીવને છેલ્લામાં છેલ્લી જ્યારે વૈક્રિય શરીરની રચના કરે ત્યારે તેના ઉદયના ચરમ સમયે જઘન્ય સ્થિતિ ઉદીરણા થાય છે. મૂલ ગાથામાં वेउव्वियाइ જે સ્રીલિંગમાં છટ્ઠી વિભક્તિ કરી છે તે પ્રાકૃત હોવાથી સમજવું.

ઉપરની વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે :- પવન એટલે કે બાદર વાઉકાય વૈક્રિય શરીર રચે ત્યારે પર્યન્ત સમયે તે જીવ વર્તતો હોય ત્યારે જઘન્ય સ્થિત્યુદીરણા થાય છે. બાદર વાઉકાયનો જીવ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે હીન એવા સાગરોપમના સાતીયા બે ભાગ પ્રમાણ સ્થિતિ સત્તા છે જેની એવા વૈક્રિય ષટ્કની વારંવાર વૈક્રિય શરીરની રચના બહુવાર કરતાં કરતાં જ્યારે છેલ્લી વૈક્રિય રચના કરે ત્યારે તેના ચરમ સમયમાં વર્તતો તે વાઉકાય જીવ જઘન્ય સ્થિત્યુદીરણા કરે છે.

ત્યાર પછીના સમયે વૈક્રિય ષટ્ક એકેન્દ્રિય સંબંધી જઘન્ય સ્થિતિ સત્તાની અપેક્ષાએ અતિશય અલ્પ માત્રા વાળું થાય છે. તેથી કરીને તે ઉદય-ઉદીરણા યોગ્ય રહેતું નથી. પરંતુ અવશ્ય ઉદ્‌વલના યોગ્ય જ થાય છે માટે ત્યાં જ સ્વામિત્વ લઈ લેવું. ॥૪૦॥

**चउरुवसमेत्तु पेज्जं, पच्छा मिच्छं खवित्तु तेत्तीसा ।**
**उक्कस्ससंजमद्धा, अंते सुतणू उवंगाणं ॥ ४१ ॥**

**ગાથાર્થ :-** ચાર વાર મોહનીયકર્મનો ઉપશમ કરીને પછી મિથ્યાત્વમોહ (આદિ ત્રણને) ખપાવીને (૩૩) તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળો દેવ થઈને મનુષ્ય થાય. ત્યાં ઉત્કૃષ્ટ સંયમકાલ સુધી સંયમ પાળીને અંતે આહારક શરીરની વિકુર્વણા કરે તે આહારક સપ્તકની જઘન્ય ઉદીરણાનો સ્વામી જાણવો. ॥૪૧॥

**વિવેચન :-** ઘણા ઘણા ભવોના ભ્રમણ વડે ચાર વાર મોહનીય કર્મનો ઉપશમ કરીને ત્યાર બાદ મિથ્યાત્વમોહ અને ઉપલક્ષણથી સમ્યક્ત્વ મોહ તથા મિશ્ર મોહ એમ દર્શનત્રિકને ખપાવીને સર્વાર્થ સિદ્ધ વિમાનમાં (૩૩) તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળો દેવ થાય.

ત્યારબાદ દેવભવમાંથી ચ્યવીને મનુષ્યયોનિમાં ઉત્પન્ન થાય. ત્યાં આઠ વર્ષની ઉમરવાળો થાય ત્યારે સંયમ સ્વીકારે દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી યાવત્ સંયમ પાળે, ત્યાર બાદ જીવનનો અન્તિમકાળ આવે ત્યારે એટલે કે દેશોન પૂર્વક્રોડ વર્ષો સંયમમાં પસાર કર્યા બાદ અન્તે આહારક શરીરની રચના કરે ત્યારે આહારક શરીર, તથા આહારક અંગોપાંગ, તથા બહુ વચન હોવાથી આહારક શરીરનાં બન્ધન ચાર અને આહારક સંઘાતન એમ કુલ આહારક સપ્તકની જઘન્ય સ્થિત્યુદીરણા તે જીવ કરે છે.

આ પ્રસંગમાં ચાર વાર જે મોહનો ઉપશમ લેવાનું કહ્યું. તેનું કારણ તે છે કે મોહનો ઉપશમ કરતો એવો જીવ નામકર્મની શેષ પ્રકૃતિઓનું કર્મદલિક સ્થિતિઘાતાદિ વડે ઘણી ઘણી સ્થિતિ સત્તાનો નાશ કરે છે. તથા દેવભવમાં પણ અવિરતિ હોવાના કારણે અવિરતિના નિમિત્તે અપવર્તના કરણ વડે ઘણી અપવર્તના કરે છે. તેથી આહારક સપ્તકના બન્ધકાલે નામકર્મની શેષ પ્રકૃતિઓનું કર્મદલિક થોડુક જ સત્તામાં હોવાથી આહારક સપ્તકના બન્ધકાલે તેમાં થોડુંક જ સંક્રમ પામે છે. તેનાથી આહારકની સત્તા જઘન્ય રહે. આ માટે જ ચારવાર મોહનો ઉપશમ કરવાનું કહ્યું છે. તથા વચ્ચે ઉત્કૃષ્ટસ્થિતિવાળા દેવભવનું કથન કરેલું છે.

તથા દેશોન પૂર્વક્રોડ વર્ષો સુધી ચારિત્ર પાલનનું જે કથન કર્યું છે. તે આહારક સપ્તકની સ્થિતિ સત્તા ઘણી ઘણી ક્ષયને પામે. જેથી અલ્પ જ સત્તા શેષ રહે તે માટે દેશોનપૂર્વકોટિ વર્ષો સુધી સંયમ પાલનનું વિધાન પણ તેટલા માટે જ કરેલ છે. ॥૪૧॥

**छउमत्थखीणरागे, चोद्दससमयाहिगालिगठिईए ।**
**सेसाणुदीरणंते भिन्नमुहुत्तो ठिईकालो ॥ ४२ ॥**

**ગાથાર્થ :-** ચૌદ કર્મપ્રકૃતિઓની છદ્મસ્થ ક્ષીણ મોહગુણસ્થાનકવાળા જીવ સમયાધિક એક આવલિકા જેટલી સ્થિતિ બાકી રહે ત્યારે જઘન્ય સ્થિત્યુદીરણા કરે છે. તથા બાકીની

(૬૫) કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ ઉદીરણા સયોગી કેવલી ગુણઠાણાના અંતે જઘન્ય સ્થિત્યુદીરણા જાણવી. તે ઉદીરણાનો સ્થિતિકાલ અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવો. ॥૪૨॥

**વિવેચન :-** છદ્મસ્થ ક્ષીણરાગી જીવો (બારમા ગુણસ્થાનકવાળા જીવો) જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ તથા દર્શનાવરણીય ચાર એમ કુલ ચૌદ કર્મપ્રકૃતિઓની સમયાધિક એક આવલિકા કાળ સ્થિતિ બાકી રહે ત્યારે જઘન્ય સ્થિત્યુદીરણા કરે છે.

હવે બાકી રહેલી મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, પ્રથમ સંઘયણ, ઔદારિક સપ્તક, છ સંસ્થાનનામકર્મ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, વિહાયોગતિદ્વિક, ત્રસ ચતુષ્ક, તીર્થંકર-નામકર્મ, ઉચ્ચગોત્ર, દુઃસ્વર નામકર્મ તથા સૌભાગ્ય ચતુષ્ક એમ કુલ (૩૨) બત્રીસ કર્મપ્રકૃતિઓ તથા પૂર્વે કહેલી નામકર્મની ધ્રુવોદીરણાવાળી (૩૩) કર્મપ્રકૃતિઓ કુલ (૩૨+૩૩) (૬૫) પાંસઠ કર્મપ્રકૃતિઓની સયોગિકેવલી ગુણસ્થાનકના ચરમસમયે જઘન્ય સ્થિત્યુદીરણા જાણવી.

આ ૬૫ પ્રકૃતિઓની તેરમા ગુણઠાણાના અંતે જે જઘન્ય સ્થિત્યુદીરણા કહી તે માત્ર અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિવાળી જ હોય છે. કારણ કે તેરમાના અંતે સર્વ કર્મોની સ્થિતિ ચૌદમાના કાળ પ્રમાણ કરાયેલી છે. વધારે સત્તા હોતી જ નથી. તેથી જઘન્ય સંક્રમ મળી શકે છે.

ગાથામાં કહ્યું નથી તો પણ પ્રસંગના વશથી જાણવું કે ચારે આયુષ્ય કર્મોની જઘન્ય સ્થિતિ ઉદીરણા પોતપોતાની ઉદીરણાના અંતે જાણવી. પોતપોતાના ભવની સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે અન્તિમ એક સમયની જે ઉદીરણા થાય છે. તે જ જઘન્ય સ્થિતિ ઉદીરણા જાણવી. આ પ્રમાણે જઘન્યસ્થિતિ ઉદીરણાનું સ્વામિત્વ કહ્યું. ॥૪૨॥

***અવતરણ :-** આ પ્રમાણે સ્થિત્યુદીરણા સમાપ્ત કરી. હવે અનુભાગોદીરણા કહેવાનો અવસર છે. ત્યાં આ પ્રમાણે અર્થાધિકારો (દ્વારો) છે. (૧) સંજ્ઞા પ્રરૂપણા, (૨) શુભાશુભ પ્રરૂપણા, (૩) વિપાક પ્રરૂપણા, (૪) પ્રત્યય પ્રરૂપણા, (૫) સાદ્યનાદિ પ્રરૂપણા અને (૬) સ્વામિત્વ પ્રરૂપણા.*

*ત્યાં સંજ્ઞાદ્વાર, શુભાશુભ દ્વાર અને વિપાક દ્વાર એમ ત્રણ દ્વારોનું વર્ણન કરતાં ગ્રંથકારશ્રી આ ગાથામાં કહે છે કે :-*

**अणुभागुदीरणाए, सन्ना य शुभाशुभा विवागो य ।**
**अणुभागबंधि भणिया, नाणत्तं पच्चया चेमे ॥ ४३ ॥**

***ગાથાર્થ :-*** *અનુભાગ ઉદીરણામાં પણ (૧) સંજ્ઞા દ્વાર (૨) શુભાશુભ દ્વાર, (૩)* વિપાકદ્વાર, આ ત્રણ દ્વારો અનુભાગ બંધમાં જેમ કહ્યા છે. તેમ જ સમજી લેવા. બન્નેમાં જે નાનાપણું (ભિન્નતા) છે. તે અહીં કહેવાશે તથા પ્રત્યય દ્વાર પણ કહેવાશે. ॥૪૩॥

**વિવેચન :-** અનુભાગ ઉદીરણામાં એક સંજ્ઞા દ્વાર, બીજુ શુભાશુભ દ્વાર, અને ત્રીજું વિપાક દ્વાર એમ આ ત્રણ દ્વારો તો શતક નામના પોતાના જ બનાવેલા પ્રાચીન પાંચમા કર્મગ્રંથમાં અનુભાગબંધના (રસબંધના) પ્રસંગે જેમ કહ્યાં છે. તેમ જ આ ત્રણે દ્વારો અહીં પણ સમજી લેવાં. ખાસ કંઈ વિશેષતા નથી અને આ ત્રણે વિષયોનું ઘણું ખરૂ સ્વરૂપ કમ્મપયડિની પહેલી જ ગાથામાં પીઠિકામાં અમે કહ્યું જ છે. એમ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રી કહે છે.

છતાં તે બાબતમાં જે કંઈ વિશેષતા હશે તે અર્થાત્ શતક નામના પ્રાચીન પંચમ કર્મગ્રંથમાં જે કંઈ કહ્યું નહીં હોય તે અહીં અવશ્ય કહેવાશે.

તથા **શતક** નામનો પ્રાચીન જે પાચમો કર્મગ્રંથ છે. તેમાં બન્ધને આશ્રયી મિથ્યાત્વાદિ (મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ) એવા ચાર હેતુઓ સમજાવ્યા છે. જ્યારે અહીં ઉદીરણાને આશ્રયી બીજા જ આ પ્રત્યયો (હેતુઓ) હવે પછીની ગાથાઓમાં કહેવાશે. ત્યાં બંધના હેતુઓ કહ્યા છે. અહીં ઉદીરણાના હેતુઓ કહેવાશે. આ પ્રમાણે સ્વરૂપ જાણવું. ॥૪૩॥

**मीसं दुठाणे, सव्वघाई दुठाणएगठाणे य ।**
**सम्मत्तमंतरायं च देसघाई अचक्खू य ॥ ४४ ॥**

**ગાથાર્થ :-** મિશ્ર મોહનીયમાં દ્વિસ્થાનિક રસ અને સર્વઘાતી રસની ઉદીરણા જાણવી. સમ્યક્ત્વમોહનીયમાં દ્વિસ્થાનિક તથા એકસ્થાનિક અને દેશઘાતી રસની ઉદીરણા જાણવી તથા અંતરાય પાંચ અને અચક્ષુ દર્શનાવરણીય કર્મનો દ્વિસ્થાનિક તથા એક સ્થાનિક અને દેશઘાતી રસની ઉદીરણા થાય છે. ॥૪૪॥

**વિવેચન :-** ઉપરની ૪૩મી ગાથામાં શતક નામના પ્રાચીન પંચમ કર્મગ્રંથ પ્રમાણે જ ત્રણ દ્વારો સમજી લેવાનું કહ્યું છે. પરંતુ તે શતક નામના કર્મગ્રંથમાં બંધને આશ્રયી ૧૨૦ કર્મપ્રકૃતિઓના રસબંધની વાત છે. મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય તેમાં આવતી નથી. કારણ કે તે બન્નેનો બંધ થતો નથી. તેના રસવિપાકની વાત આ ગાથામાં સ્પષ્ટપણે ગ્રંથકારશ્રી જણાવે છે.

મિશ્રમોહનીય કર્મ બંધમાં નથી. પરંતુ ઉદય ઉદીરણા અને સત્તામાં છે ત્યાં મિશ્રમોહનીય કર્મનો સ્થાનને આશ્રયી બેઠાણીયો એટલે કે દ્વિસ્થાનક રસથી યુક્ત કર્મદલિકોની તથા ઘાતી સંજ્ઞાને આશ્રયી સર્વઘાતી રસથી યુક્ત કર્મદલિકોની જ ઉદીરણા થાય છે. દ્વિસ્થાનિક રસથી ન્યૂન રસ આ પ્રકૃતિનો સંભવતો જ નથી. તથા સર્વઘાતીને બદલે દેશઘાતી કે અઘાતી રસ આ કર્મપ્રકૃતિનો હોતો જ નથી.

તથા સમ્યક્ત્વમોહનીયકર્મનો રસ ઉત્કૃષ્ટ ઉદીરણાને આશ્રયી દ્વિસ્થાનિક રસથી યુક્ત (બેઠાણીયા રસવાળાં) કર્મદલિકોની અને જઘન્ય ઉદીરણાને આશ્રયી એક સ્થાનિક રસથી યુક્ત કર્મદલિકોની અને ઘાતી સંજ્ઞાને આશ્રયી દેશઘાતી રસથી યુક્ત કર્મદલિકોની ઉદીરણા જાણવી.

આ બન્ને પ્રકૃતિની વિધિ તે શતકનામા પાંચમા કર્મગ્રંથમાં સર્વથા કહી જ નથી. કારણ કે ત્યાં (૧૨૦ ને આશ્રયી) બંધાધિકાર ચાલે છે ત્યાં શુભાશુભ અનુભાગબંધને આશ્રયી નિરૂપણ કરવામાં આવ્યું છે અને સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીય કર્મનો બંધ હોતો નથી. તે કારણથી આ બે પ્રકૃતિઓનું ત્યાં સર્વથા કથન કરેલું નથી. પરંતુ ઉદીરણા તો આ બે પ્રકૃતિઓની પણ થાય છે. આ કારણથી આ બે પ્રકૃતિઓની ઉદીરણાનું વિધાન આ ગાથામાં વિશેષપણે કહેવામાં આવ્યું છે.

તથા અંતરાય કર્મ પાંચ પ્રકારનું અને અચક્ષુદર્શનાવરણીય કર્મ આ છ કર્મોની ઉત્કૃષ્ટ ઉદીરણા બેઠાણીયા રસવાળા કર્મસ્કંધોની થાય છે અને જઘન્ય ઉદીરણા એકઠાણીયા રસવાળા અને મંદ બેઠાણીયા રસવાળા કર્મસ્કંધોની ઉદીરણા જાણવી તથા ઘાતિસંજ્ઞાને આશ્રયી નિયમા દેશઘાતી જ રસની ઉદીરણા જાણવી.

બન્ધને આશ્રયી તો આ છએ કર્મપ્રકૃતિઓ એકઠાણીયા બેઠાણીયા ત્રણઠાણીયા અને ચાર ઠાણીયા રસના પ્રકારોને આશ્રયી ચારે પ્રકારનો પણ રસ બન્ધમાં પ્રાપ્ત થાય છે. પરંતુ ઉદય-ઉદીરણામાં નિયમા બેઠાણીયો અથવા એક ઠાણીયો રસ જ આવે છે અને તે નિયમા દેશઘાતી જ ઉદયમાં આવે છે. આટલી વિશેષતા જાણવી. ॥૪૪॥

**ठाणेसु चउसु अपुमं, दुठाणे कक्खडं च गुरुअं च ।**
**आणुपुव्वीओ तीसं, णरतिरिएगंतजोग्गा य ॥ ४५ ॥**

**ગાથાર્થ :-** નપુંસક વેદની ઉદીરણા ચારે પ્રકારના ઠાણીયા રસમાં થાય છે. કર્કશ અને ગુરુ આ બે સ્પર્શોની ઉદીરણા બેઠાણીયારસની થાય છે. ચાર આનુપૂર્વીઓ તથા મનુષ્ય અને તિર્યંચોને જ એકાન્તે ઉદય યોગ્ય એવી જે (૩૦) ત્રીસ કર્મપ્રકૃતિઓ છે. તેની પણ બેઠાણીયા રસની જ ઉદીરણા થાય છે. ॥૪૫॥

**વિવેચન :-** अपुमं = એટલે કે નપુંસકવેદ અનુભાગોદીરણાને આશ્રયી એક ઠાણીયા બેઠાણીયા-ત્રણઠાણીયા અને ચાર ઠાણીયા એમ ચારે પ્રકારના રસને આશ્રયી ઉદીરણા યોગ્ય છે. ત્યાં ચઉઠાણીયા રસની ઉદીરણાને આશ્રયી ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા કહેવાય છે અને (મંદ) ચઉઠાણીયો ત્રણઠાણીયો, બેઠાણીઓ અને એકઠાણીયો રસ એમ ચારે પ્રકારના રસની ઉદીરણાને આશ્રયી અનુત્કૃષ્ટ (મધ્યમ અને જઘન્ય) ઉદીરણા જાણવી.

જોકે આ નપુંસકવેદ બંધને આશ્રયી એક ઠાણીયા રસને વર્જીને બાકીના ત્રણે પ્રકારના રસનો જ બંધ હોય છે. નપુંસકવેદનો રસ બેઠાણીયો ત્રણઠાણીયો અને ચારઠાણીયો એમ ત્રણ પ્રકારનો જ બંધાય છે. જ્યારે ઉદીરણા ચારે પ્રકારના ઠાણીયાની થાય છે.

**પ્રશ્ન :-** નપુંસકવેદનો રસ જો બે-ત્રણ અને ચાર ઠાણીયો જ બંધાય છે. એકઠાણીયો રસ બંધાતો જ નથી. તો પછી તેના એકઠાણીયા રસની ઉદીરણા કેવી રીતે થાય ? જે રસ બંધાયો જ નથી. તેની સત્તા જ ન હોવાથી ઉદીરણા કેમ થાય ?

**ઉત્તર :-** ક્ષપણકાળે એટલે કે ક્ષપકશ્રેણિમાં આ જીવ આરોહણ કરે ત્યારે આ જ નપુંસકવેદના બેઠાણીયા - ત્રણઠાણીયા અને ચારઠાણીયા રસનો સતત રસઘાત કરતાં કરતાં તે કર્મનો રસ એકઠાણીયો પણ સત્તામાં થાય છે. બંધથી તો ૨-૩-૪ ઠાણીયો જ બંધાય છે. પરંતુ રસઘાતાદિ પ્રક્રિયા વડે ક્ષપકશ્રેણિમાં એકઠાણીયા રસની સત્તા બને છે. તેથી તેનો ઉદય અને તેની ઉદીરણા પણ સંભવે છે.

તથા કર્કશ સ્પર્શનામકર્મ અને ગુરુ સ્પર્શનામકર્મ આ બે કર્મ પ્રકૃતિઓ બંધને આશ્રયી ચારઠાણીયા, ત્રણઠાણીયા અને બે ઠાણીયા રસવાળી હોય છે. પરંતુ આ અનુભાગોદીરણાને આશ્રયી તો નિયમા બેઠાણીયા રસવાળી જ હોય છે. તે કર્મોના અન્યઠાણીયા રસનો ઉદય અને અન્ય ઠાણીયા રસની ઉદીરણા થતી નથી.

તથા ચાર આનુપૂર્વીઓ અને ઉદયને આશ્રયી એકાન્તે મનુષ્ય-તિર્યંચોને જ ઉદયમાં આવે તેવી અર્થાત્ એકાન્ત મનુષ્ય-તિર્યંચના જ ઉદયને યોગ્ય એવી બીજી (૩૦) ત્રીસ કર્મપ્રકૃતિઓ તિર્યંચદ્વિક, મનુષ્યદ્વિક, પ્રથમની ચાર જાતિ, ઔદારિક સપ્તક, મધ્યમનાં ચાર સંસ્થાન નામકર્મ, છ સંઘયણ, આતપ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ એમ કુલ ત્રીસ પ્રકૃતિઓ બન્ને મળીને કુલ ચોત્રીસ પ્રકૃતિઓ બંધને આશ્રયી એકઠાણીયા રસને વર્જીને શેષ ત્રણ પ્રકારના રસવાળી હોય છે. પરંતુ ઉદીરણાને આશ્રયી તો ઉત્કૃષ્ટ તથા અનુત્કૃષ્ટ ઉદીરણા વિચારીએ તો માત્ર બેઠાણીયા રસની જ થાય છે. શેષ રસની ઉદીરણા થતી નથી. ॥૪૫॥

**वेया एगठाणे दुठाणे वा अचखु चखु य ।**
**जस्स त्थि एगमवि अक्खरं तु तस्सेग ठाणाणि ॥ ४६ ॥**

**ગાથાર્થ :-** વેદોમાં સ્ત્રીવેદ તથા પુરૂષવેદ એમ બન્ને વેદોની અનુભાગોદીરણા ઉત્કૃષ્ટને આશ્રયી બેઠાણીયો, અને અનુત્કૃષ્ટને આશ્રયી બેઠાણીયો અથવા એકઠાણીયો રસ

જાણવો. અચક્ષુદર્શન તથા ચક્ષુદર્શનમાં પણ આમ જ સમજવું. જે જીવને એક પણ અક્ષર સર્વપર્યાયોથી પરિજ્ઞાત હોય છે. તેને એક ઠાણીયા રસની ઉદીરણા હોય છે. ॥૪૬॥

**વિવેચન :-** અહીં મૂલગાથામાં જો કે વેયા એટલે વેદ શબ્દ છે. તેનાથી ત્રણે વેદ લેવા જોઈએ. તો પણ આ વેદ શબ્દથી માત્ર સ્ત્રીવેદ અને પુરૂષવેદ એમ બે જ વેદ લેવા. કારણ કે નપુંસકવેદની બાબત ગાથા ૪૫ના પૂર્વાર્ધમાં કહેવાઈ ગઈ છે. તેથી શેષ બે વેદ જે સ્ત્રીવેદ અને પુરૂષવેદ છે. તેની અનુભાગોદીરણાને આશ્રયી ઉત્કૃષ્ટરસની ઉદીરણા બે ઠાણીયા રસની અને અનુત્કૃષ્ટ રસની ઉદીરણા બે ઠાણીયા રસ તથા એકઠાણીયા રસને આશ્રયી બે પ્રકારની જાણવી.

આ જ પ્રમાણે સ્ત્રીવેદ અને પુરૂષવેદની જેમ જ અચક્ષુદર્શનાવરણ અને ચક્ષુદર્શનાવરણના રસની ઉદીરણા પણ ઉત્કૃષ્ટ રસને આશ્રયી બેઠાણીયા અને અનુત્કૃષ્ટ રસને આશ્રયી બેઠાણીયા અથવા એકઠાણીયા રસની ઉદીરણા જાણવી. આ જે કંઈ લખવામાં આવ્યું છે તે ઉદીરણાને આશ્રયી કહ્યું છે. પરંતુ બન્ધને આશ્રયી આ કથન નથી.

જો બન્ધને આશ્રયી વાત જાણવી હોય તો બંધને આશ્રયી તો સ્ત્રીવેદનો ચઉઠાણીયો, ત્રણ ઠાણીયો અને બેઠાણીયો એમ ત્રણ પ્રકારનો રસ બંધાય છે અને પુરૂષવેદ, ચક્ષુદર્શનાવરણ તથા અચક્ષુદર્શનાવરણ આ ત્રણે કર્મો એકઠાણીયા, બેઠાણીયા, ત્રણ ઠાણીયા અને ચારઠાણીયા રસવાળા એમ ચારે પ્રકારના રસયુક્ત કર્મદલિકો પણ બંધાય છે.

**પ્રશ્ન :-** **"देसघाई अचक्खु व"** ગાથા નંબર ૪૪ના અન્તિમ પદમાં અચક્ષુદર્શન દેશઘાતી છે. આ પાઠમાં જ અચક્ષુદર્શનના રસની વાત કહેવાઈ ગઈ છે. તો પછી આ ગાથામાં ફરીથી અચક્ષુદર્શનની વાત કેમ કરી ?

**ઉત્તર :-** તમારો પ્રશ્ન ઠીક છે. પરંત જે જે પ્રકૃતિઓ સમાન અર્થાત્ સરખી સરખી હોય તેના અધિકારથી અહીં "संपात+आयातम् एतत्" કઈ કઈ પ્રકૃતિના જઘન્યથી અને અજઘન્યથી કેટલા ઠાણીયા રસની ઉદીરણા થાય ? આ વાતનું કથન ચાલતું હોવાથી જેની સાથે અચક્ષુદર્શન પણ સમાન હોવાથી તેના સંપાત (સમૂહમાં) જ (आयातम्-) આવેલું છે. एतत् (આ અચક્ષુદર્શન). તે માટે અહીં ફરીથી જે કથન કર્યું છે તે કંઈ ખોટું નથી. પણ યોગ્ય જ છે..

અથવા પૂર્વે જે અચક્ષુદર્શનનું કથન કરવામાં આવ્યું છે. તે ઘાતિસંજ્ઞાને આશ્રયી દેશઘાતી છે એમ સમજાવવા માટે કથન છે અને અહીં ફરીથી જે અચક્ષુદર્શનનું કથન કરવામાં આવ્યું છે. તે કેટલા ઠાણીયો રસ ઉદીરણા પામે છે ? તે ઠાણીયા રસની સાથે ઘાતિ

એટલે દેશઘાતિ તથા ઠાણીયાને આશ્રયી બેઠાણીયો એમ બન્નેનું (ઉભયનું સાથે) વિધાન કરેલું છે. એમ પૂજ્યપાદ મલયગિરિજી મહારાજશ્રીની બનાવેલી ટીકામાં કહેલું છે.

જે જીવને એક અક્ષર પણ સર્વપર્યાયોથી પરિણત થયેલો જણાય છે. તેવા જીવને સર્વ અક્ષરોનું પરિપૂર્ણ જ્ઞાન હોવાથી સંપૂર્ણ છે શ્રુતાક્ષરનું જ્ઞાન જેને એવા તે શ્રુતકેવલી ભગવાનને મતિ-શ્રુત અને અવધિ જ્ઞાનવરણીય તથા અવધિદર્શનાવરણીય વિગેરે કર્મપ્રકૃતિઓની અનુભાગોદીરણા એકઠાણીયા રસની પ્રાપ્ત થાય છે. તથા સંજ્વલન ચારે કષાયોનો રસ બંધને આશ્રયી તથા અનુભાગ ઉદીરણાને આશ્રયી નવમા ગુણઠાણે એકઠાણીયો બેઠાણીયો ત્રણઠાણીયો તથા ચારઠાણીયો એમ ચારે પ્રકારનો રસ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સર્વ પણ પ્રકૃતિઓમાં વિવેકપૂર્વક સમજી લેવું. ॥૪૬॥

**मणनाणं सेससमं, सम्मत्तं वि य पावेसु ।**
**छट्ठाणवडियहीणा संतुक्कस्सा उदीरणया ॥ ४७ ॥**

ગાથાર્થ :- મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ શેષકર્મોની સાથે સમાન જાણવું. સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીય કર્મ પણ પાપકર્મની પ્રકૃતિમાં જ અંતર્ભુત કરવી. ષટ્સ્થાન પતિતથી હીન થયેલા રસમાં પણ જે ઉદીરણા થાય છે તે પણ ઉત્કૃષ્ટ રસની ઉદીરણા હોય છે. ॥૪૭॥

**વિવેચન** :- મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મના રસની ઉદીરણામાં શેષ કર્મોની સાથે સમાન જાણવું. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે. જેમ શેષ કર્મોની અનુભાગ ઉદીરણા ચારઠાણીયા ત્રણઠાણીયા અને બેઠાણીયા રસની પ્રવર્તે છે. તેવી જ રીતે મનઃપર્યવ જ્ઞાનાવરણીય કર્મની અનુભાગોદીરણા પણ ચારઠાણીયા ત્રણઠાણીયા અને બેઠાણીયા રસની પ્રવર્તે છે. ત્યાં ચઉઠાણીયા રસની ઉત્કૃષ્ટ ઉદીરણા કહેવાય છે.

બંધમાં તો આ મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મનો રસ એકઠાણીયા સાથે ચારે પ્રકારનો બંધાય છે. પરંતુ શેષકર્મોનો રસ એકઠાણીયા રસ વિના શેષ ત્રણ પ્રકારનો જ બંધાય છે. તે શેષકર્મો આ પ્રમાણે જાણવાં.

કેવલ જ્ઞાનાવરણીય, કેવલદર્શનાવરણીય, નિદ્રાપંચક, સાતા-અસાતા વેદનીય, મિથ્યાત્વમોહનીય, બાર કષાયો, છ નોકષાયો નરકગતિ તથા નરકનું આયુષ્ય, દેવની ગતિ તથા દેવનું આયુષ્ય, પંચેન્દ્રિય જાતિ, તૈજસ સપ્તક, વૈક્રિય સપ્તક, આહારક સપ્તક, પહેલું અને છેલ્લું એમ બે સંસ્થાન, વર્ણ પંચક, ગન્ધદ્વિક, રસપંચક, સ્નિગ્ધ, રૂક્ષ મૃદુ લઘુ, શીત, ઉષ્ણ, રૂપ સ્પર્શનામકર્મની છ પ્રકૃતિઓ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉદ્યોત, વિહાયોગતિદ્વિક, ત્રસ ચતુષ્ક, સ્થિરાદિ ષટ્ક, અસ્થિરાદિ ષટ્ક, નિર્માણ નામકર્મ,

તીર્થંકરનામકર્મ અને ગોત્રદ્વિક આ પ્રમાણે કુલ ૧૦૧ શેષકર્મોની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણાને આશ્રયી ચઉઠાણીયો રસ હોય છે.

તથા આ જ ૧૦૧ કર્મપ્રકૃતિઓના અનુત્કૃષ્ટ રસને આશ્રયી ચઉઠાણીયો ત્રણ ઠાણીયો અને બે ઠાણીયો રસ હોય છે.

તથા મતિ-શ્રુત-અવધિ મન:પર્યવ જ્ઞાનાવરણીય, ચક્ષુ:અચક્ષુ અવધિ, દર્શનાવરણીય, સંજ્વલન ચાર કષાય, નવનોકષાય એમ કુલ ૨૦ કર્મપ્રકૃતિઓનો રસ ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાને આશ્રયી સર્વઘાતી હોય છે. તથા આ જ કર્મપ્રકૃતિઓના અનુત્કૃષ્ટ રસને આશ્રયી દેશઘાતી તથા સર્વઘાતી એમ બન્ને પ્રકારનો હોય છે.

શાસ્ત્રમાં જ કહ્યું છે કે, "देसोवघाइयाणं उदए देसो वा होइ सव्वो वा । देसोवघाइओ च्चिय, अचक्खुसम्मत्तविग्घाणं" "પંચસંગ્રહ ઉદીરણાકરણ ગાથા ૪૨" આ ગાથામાં લખેલા उदए શબ્દથી અસંપ્રાપ્તોદય એટલે કે જેનો ઉદયકાળ પાક્યો નથી. એવો જે ઉદય, સારાંશ કે, ઉદીરણા નામનો જે ઉદય, તેમાં એટલે કે ઉદીરણામાં દેશોપઘાતી પ્રકૃતિઓનો રસ દેશઘાતી અથવા સર્વઘાતી હોય છે. પરંતુ અચક્ષુ સમ્યક્ત્વમોહનીય અને અંતરાય પાંચનો રસ દેશઘાતી જ ઉદય અને ઉદીરણામાં હોય છે.

તથા કેવલજ્ઞાનાવરણીય કેવલ દર્શનાવરણીય, નિદ્રાપંચક મિથ્યાત્વમોહ આદ્ય બાર કષાય એમ કુલ ૨૦ કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ હોય કે અનુત્કૃષ્ટ રસ હોય પણ સઘળો ય રસ અનુભાગોદીરણામાં સર્વઘાતી જ હોય છે. તેમાં જરા પણ ન્યૂન હોતો નથી.

તથા સાતા-અસાતા વેદનીય, ચાર આયુષ્ય, નામકર્મની સર્વ પણ પ્રકૃતિઓ (૧૦૩) તથા ગોત્રદ્વિક એમ ચાર અઘાતી કર્મોની ૨+૪+૧૦૩+૨ = ૧૧૧ કુલ એકસોહ અગીયાર કર્મપ્રકૃતિઓ રસ ઉદીરણાને આશ્રયી સર્વઘાતી પ્રતિભાગ સ્વરૂપ હોય છે. સર્વઘાતિ પ્રતિભાગ એટલે સર્વઘાતિ તુલ્ય અર્થાત્ તેના સરખો રસ ઉદીરણાને આશ્રયી જાણવો. આ પ્રકૃતિઓ છે. અઘાતી પણ ઉદીરણા આવા રસની હોય છે.

શુભ અને અશુભ રસમાં જે વિશેષતા છે તે હવે કહે છે :- મિશ્રમોહનીય એટલે કે સમ્યગ્મિથ્યાત્વમોહનીય તથા સમ્યક્ત્વમોહનીય આ બન્ને કર્મો અનુભાગોદીરણાને આશ્રયી પાપમાં એટલે કે પાપપ્રકૃતિઓમાં અંતર્ગત કરવી. કારણ કે આ બન્ને કર્મો ઘાતિકર્મ હોવાના કારણે તે બન્નેનો રસ જૈન શાસ્ત્રોમાં અશુભ જ જણાવ્યો છે. આત્માની નિર્મળ રૂચિને દૂષિત કરનાર છે. માટે સર્વઘાતી જાણવો. બાકીની સર્વે પણ પ્રકૃતિઓનો રસ શતક નામના પ્રાચીન પાંચમા કર્મગ્રંથમાં અનુભાગ બંધના વર્ણનના પ્રસંગે શુભાશુભપણે જેમ કહ્યો છે. તેમ અહીં પણ સમજી લેવો.

હવે કેવા પ્રકારની અનુભાગની (રસની) સત્તા હોતે છતે ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા પ્રવર્તે છે. તે વાત ગ્રંથકારશ્રી સમજાવે છે. ઉપરોક્ત વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે :- “જે સર્વથી ઉત્કૃષ્ટ રસ સત્તામાં છે. તે રસને અનન્તભાગ હીન કરીએ, અથવા અસંખ્યાતમા ભાગે હીન કરીએ અથવા સંખ્યાતમા ભાગે હીન કરીએ અથવા સંખ્યાત ગુણ રસે હીન કરીએ, અથવા અસંખ્યાત ગુણ રસે હીન કરીએ અથવા અનંતગુણો હીન રસ કરીએ તો પણ ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા પ્રવર્તે છે. એમ કહેવાય છે.

ઉપરોક્ત વાતનો ભાવાર્થ એવો છે કે સત્તામાં જે ઉત્કૃષ્ટ અનુભાગ છે. તેમાંથી અનંતાનંત રસનાં સ્પર્ધકો ખપાવી નાખીએ તો પણ શેષ વધેલાં અનંતાનંત રસવાળાં સ્પર્ધકો પાછળ પણ રહે જ છે. રસ જરા પણ ઓછો થયો છે. એમ સમજાતું જ નથી. એટલો બધો રસ હોય છે. તે કારણથી મૂલ સત્તાગત જે રસ છે. તેમાંથી અનંતગુણહીન રસ કરો અને અનંતભાગ માત્ર રસ શેષ રાખો તો પણ જો ઉત્કૃષ્ટ રસની ઉદીરણા મળતી જ હોય છે તો પછી શેષ બાકી રહેલા અસંખ્યાત ગુણ હીન કે સંખ્યાત ગુણહીન વિગેરે પ્રકારોવાળી અનુભાગ સત્તા હોતે છતે તો પુછવાનું જ કંઈ રહેતું નથી. ત્યાં તો ઉત્કૃષ્ટ અનુભાગ સત્તા હોઈ જ શકે છે. તેથી ઉત્કૃષ્ટ સંક્રમ પણ પ્રાપ્ત થાય જ છે. ॥૪૭॥

*અવતરણ :- હવે વિપાકમાં જે વિશેષતા છે. તે સમજાવે છે.*

**विरियंतरायकेवलदंसण मोहणीय णाणवरणाणं ।**
**असमत्तपज्जएसु य सव्वदव्वेसु उ विवागो ॥ ४८ ॥**

**ગાથાર્થ :-** વીર્યાન્તરાયકર્મ, કેવલદર્શનાવરણીય તથા મોહનીય કર્મની (૨૮) અઠ્યાવીસ પ્રકૃતિઓ તથા પાંચ પ્રકારનું જ્ઞાનાવરણીય કર્મ એમ કુલ (૩૫) પાંત્રીસ કર્મપ્રકૃતિઓનો વિપાક સર્વ દ્રવ્યોમાં હોય છે. પરંતુ અસમસ્ત પર્યાયોમાં જ હોય છે. (સમસ્ત પર્યાયોમાં સંભવતો નથી.) ॥૪૮॥

**વિવેચન :-** અંતરાય કર્મમાંથી એક વીર્યાન્તરાયકર્મ, દર્શનાવરણીય કર્મમાંથી કેવલ દર્શનાવરણીય કર્મ, મોહનીયકર્મમાંથી અઠ્યાવીસે અઠયાવીસ મોહનીય કર્મની પ્રકૃતિઓ, જ્ઞાનાવરણીય કર્મની પાંચે પ્રકૃતિઓ એમ કુલ પાંત્રીસ (૩૫) કર્મપ્રકૃતિઓ પોતપોતાના ફળને બતાવતી છતી સર્વ દ્રવ્યોમાં પોતાનું ફળ જણાવે છે. પણ સર્વ પર્યાયમાં ફળ જણાવતી નથી. અસમસ્ત પર્યાયોમાં જ ફળ જણાવે છે.

સારાંશ કે આ આત્મા ઉપરોક્ત કર્મોના ઉદયને કારણે સર્વદ્રવ્યોને જાણી શકતો નથી. જોઈ શકતો નથી. પરંતુ તેના સર્વ પર્યાયોને ન જાણી શકે અને ન જોઈ શકે તેમ

બનતું નથી. યત્કિંચિત્ પર્યાયોને તો જાણી જ શકે છે અને જોઈ શકે છે. તથા તેને ગ્રહણ-મોચનની આત્માની શક્તિ સર્વથા ઢંકાતી નથી. તેટલી અલ્પશક્તિ તો અનાવૃત રહે જ છે.

અતિશય સૂક્ષ્મ એવા સૂક્ષ્મ નિગોદના ભવમાં રહેતો જીવ પણ પોતાના શરીરને અનુકૂળ જ આહાર ગ્રહણ કરે છે. બીન જરૂરી પુદ્ગલોનો ત્યાગ કરે છે. આહારાદિ પર્યાપ્તિમાં આ પ્રક્રિયા હોય જ છે. આટલી જ્ઞાનશક્તિ, આટલી દર્શનશક્તિ અને આટલી વીર્યશક્તિ અનાવૃત જ રહે છે. જીવના આવા અલ્પ માત્રાવાળા ગુણો સદાકાળ ખુલ્લા જ રહે છે. સર્વ પણ જીવોમાં આ પાંત્રીસે કર્મો સર્વ જીવ અજીવ દ્રવ્યો જાણવા-જોવાની શક્તિને આવૃત કરે છે. પરંતુ સર્વ-જીવ-અજીવ દ્રવ્યોના સર્વ પર્યાયોને જાણવાની શક્તિને આવૃત કરી શકતા નથી. આ જીવનો એવો સ્વભાવ જ છે કે પોતાની સર્વ દ્રવ્યો જાણવાની શક્તિ ઢંકાય. પરંતુ સર્વપર્યાયોને જાણવાની શક્તિ ઢંકાતી નથી. જેમ સૂર્ય આખા જગતને પ્રકાશિત કરવાની શક્તિ ધરાવે છે. તેની આ શક્તિને વાદળોની ઘટા ઢાંકી શકે છે. પરંતુ સર્વથા સૂર્યનો પ્રકાશ ઢંકાતો નથી. ગમે તેવી ગાઢ વાદળોની છાયા આવે તો પણ સૂર્યની સર્વ પ્રભા ઢાંકી શકાતી નથી. તેમ આ કર્મો જીવના મૂળભૂત ગુણોનું સર્વથા આચ્છાદન કરવામાં અસમર્થ છે. જીવદ્રવ્ય સર્વથા ઢંકાયે છતે પણ તેના સર્વ પર્યાયો જાણવાની શક્તિ ઢંકાતી નથી.

તેના જ કારણે ગમે તેવા ભવમાં આ જીવ જાય તો પણ તેના ગુણો સર્વથા આચ્છાદિત થતા નથી. સર્વ દ્રવ્યોને જાણવા જોવાની શક્તિ ઢંકાય છે. પરંતુ તેના સર્વ પર્યાયોને જાણવા જોવાની શક્તિ ક્યારે ય પણ આચ્છાદિત થતી નથી.

કોઈ પણ જીવદ્રવ્યના સર્વ આત્મપ્રદેશો ઉપર ઉપરોક્ત કર્મો પોતાનો ફળવિપાક બતાવે છે. એટલે કે સર્વ આત્મપ્રદેશોમાં રહેલા ગુણોને ઢાંકે છે. કોઈ પણ જીવના અસંખ્ય આત્મપ્રદેશોમાંથી એક પણ આત્મપ્રદેશ અનાવૃત રહેતો નથી. સર્વ આત્મપ્રદેશો કર્મોથી આવૃત્ત થાય છે. પરંતુ તેની સર્વ પર્યાયો જાણવાની શક્તિ ઢંકાતી નથી. એવો જીવ સ્વભાવ જ છે. યત્કિંચિત્ પર્યાયો અનાવૃત રહે જ છે. તેથી જ આ ચાર કર્મોની પાંત્રીસે પ્રકૃતિઓ જીવ દ્રવ્યને (જીવ દ્રવ્યના ગુણને) આચ્છાદિત કરે છે. પરંતુ તેના સર્વ પર્યાયને આચ્છાદિત કરતી નથી. સૂર્યની પ્રભાની જેમ આ જીવ સ્વભાવ માત્ર જ જાણવો. તે માટે ઉપરોક્ત કર્મો વડે જીવ દ્રવ્ય સર્વથા આવૃત્ત થાય છે. તો પણ તેની સર્વ પર્યાયો જાણવાની શક્તિને ઢાંકવાને કર્મો સમર્થ બનતાં નથી. આવો ભાવાર્થ જાણવો. મેઘ વડે સૂર્યની પ્રભાની જેમ. ॥૪૮॥

**गुरुलघुगाणंतपएसिएसु, चक्खुस्स रुविदव्वेसु ।**
**ओहिस्स गहणधारणजोग्गे सेसंतरायाणं ॥ ४९ ॥**

**ગાથાર્થ :-** ચક્ષુદર્શનાવરણીય કર્મનો વિપાકોદય ગુરુ લઘુ પરિણામવાળા અનંતપ્રદેશી સ્કંધોમાં જ હોય છે. તથા અવધિ દર્શનાવરણીય કર્મનો વિપાક માત્ર રૂપિદ્રવ્યો જોવાની શક્તિને જ આવૃત કરવામાં સમર્થ હોય છે અને વીર્યાન્તરાય વિનાનાં ચારે અંતરાયકર્મોનો વિપાક ગ્રહણ-ધારણ યોગ્ય અમુક પુદ્ગલદ્રવ્યોને વિષે જ પોતાનો ફળ વિપાક જણાવે છે. ॥૪૯॥

**વિવેચન :-** પાંત્રીસ કર્મપ્રકૃતિઓના ફળવિપાકની વાત પૂર્વની ગાથામાં જણાવી. ચક્ષુદર્શનાવરણીય અવધિદર્શનાવરણીય અને દાનાન્તરાય આદિ ચાર ઘાતીકર્મો આમ છ કર્મપ્રકૃતિઓના વિપાકની વાત આ ગાથામાં જણાવે છે.

ચક્ષુદર્શનાવરણીય કર્મનો ઉદય ચક્ષુથી દેખી શકાય તેવા બાદર પરિણામી સ્કંધો કે જે ગુરૂ લઘુ પરિણામવાળા છે અને અનંત અનંત પ્રદેશોના બનેલા છે. તેવા સ્કંધોને જોવાની આત્માની જે શક્તિ છે. તેને જ આચ્છાદિત કરવાનો સ્વભાવ છે અર્થાત્ ચક્ષુથી દશ્ય પુદ્ગલ સ્કંધોને જોવાની જે આત્મશક્તિ છે. તેને જ આચ્છાદિત કરવાનું કામ ચક્ષુદર્શનવરણીયનું છે. જે સ્કંધો ચક્ષુથી દશ્ય જ નથી તેવા સૂક્ષ્મ પરિણામી અને અનંત પ્રદેશોના બનેલા સ્કંધોથી ઓછી સંખ્યાના પ્રદેશોથી બનેલા સ્કંધોને અર્થાત્ દ્વયણુક-ત્ર્યણુક-ચતુરણુક આદિ જે સ્કંધો છે. તે ચક્ષુથી જોવાને યોગ્ય જ નથી. તેને જોવાની ચક્ષુની શક્તિ છે જ નહીં. તેથી જ્યાં ચક્ષુથી જોવાની શક્તિ છે ત્યાં જ આ કર્મ આત્માના તે ગુણનું આવરણ કરે છે.

તથા અવધિદર્શનાવરણીય નામનું જે કર્મ છે. તે કર્મ પણ અવધિદર્શનના વિષયભૂત રૂપિદ્રવ્યોને સામાન્યપણે જોવાની જે આત્મશક્તિ છે. તેને જ આચ્છાદિત કરે છે. રૂપિદ્રવ્યોને દેખવાં તે જ તે ગુણનો વિષય છે તે વિષયને જ આ કર્મ ઢાંકે છે. આચ્છાદિત કરે છે. પરંતુ અરૂપિદ્રવ્યોને જાણવા કે જોવાનો વિષય આ અવધિદર્શનનો નથી. તેથી આ કર્મ તે શક્તિને ઢાંકવાનો પ્રયત્ન કરતું નથી. સારાંશ કે અવધિદર્શનના વિષય ભૂત જે આત્મશક્તિ છે. તેને જ આ કર્મ આચ્છાદિત કરે છે.

તથા વીર્યાન્તરાયને ત્યજીને શેષ જે ચાર અંતરાયકર્મો છે તે ચારે કર્મો દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય અને ઉપભોગાન્તરાય એમ આ ચારે કર્મોમાં દાનાન્તરાય કર્મ માત્ર દાનયોગ્ય પુદ્ગલદ્રવ્યોને બીજાને આપવામાં અંતરાય કરે છે. લાભાન્તરાય કર્મ લાભ યોગ્ય પુદ્ગલ દ્રવ્યોનો લાભ થવામાં જ વિઘ્ન કરનાર છે. ભોગાન્તરાય અને ઉપભોગાન્તરાય કર્મોમાં પણ આ જ પ્રમાણે જાણવું.

હવે દાનયોગ્ય, લાભયોગ્ય, ભોગયોગ્ય અને ઉપભોગયોગ્ય પુદ્ગલદ્રવ્યો જ સર્વ પુદ્ગલાસ્તિકાયમાં અનંતમા ભાગ માત્ર જ છે. જેને આ ચાર કર્મો રોકે છે. તેથી આ ચારે કર્મો દેશઘાતી છે. પણ સર્વઘાતી નથી.

ચક્ષુદર્શનાદિ આત્માના છ ગુણોના વિષયભૂત પુદ્ગલદ્રવ્ય તેટલું જ છે. અત્યન્ત પરિમિત જ છે. તેથી તે છએ કર્મો પોત પોતાના વિષયભૂત ગુણનો જ ઘાત કરનાર છે. તે માટે તે છએ કર્મોને દેશઘાતી કહેવામાં કોઈ વિરોધ આવતો નથી.

બાકીની કર્મપ્રકૃતિઓનું ફળ આપવાનો વિપાક પુદ્ગલવિપાક, ભવવિપાક, ક્ષેત્રવિપાક અને જીવવિપાક પૂર્વે જેમ કહ્યો છે. તેમ અહીં પણ સ્વયં સમજી લેવો. આ પ્રમાણે આ છ કર્મોનો ફલવિપાક દેશઘાતી છે તે વાત જણાવી. ॥૪૯॥

*અવતરણ :- હવે પ્રત્યયની પ્રરૂપણા કરવાની છે. અહીં પ્રત્યયનો અર્થ નિમિત્ત અથવા કારણ એવો કરવો. તેથી કષાય સહિત કે કષાયથી રહિત એવા યોગ સંજ્ઞાવાળા વીર્ય વિશેષ વડે આ ઉદીરણા થાય છે તે વીર્યવિશેષનું જ અહીં વર્ણન કરવામાં આવશે. આ વીર્ય પરિણામ કૃત અને ભવકૃત એમ બે પ્રકારનું છે. ત્યાં પરિણામ કૃત વીર્ય બે પ્રકારનું સમજાવે છે. સગુણ જીવોના પરિણામ વડે કરાયેલું અને નિર્ગુણ જીવોના પરિણામ વડે કરાયેલું એમ વીર્ય બે પ્રકારનું છે. આ બન્ને પ્રકારના ભેદોને સામે રાખીને પરિણામ પ્રત્યયિક વીર્યને આશ્રયી ગ્રંથકારશ્રી જણાવે છે કે :-*

**वेउव्वियतेयगकम्मवन्नरसगंधणिद्धलुक्खाओ ।**
**सीउण्हथिरसुभेयरअगुरुलहूओ य णरतिरिए ॥ ५० ॥**

**ગાથાર્થ :-** વૈક્રિય સપ્તક, તૈજસ, કાર્મણ, વર્ણ ગંધ રસ અને સ્નિગ્ધ-રૂક્ષ એમ બે સ્પર્શ, શીત-ઉષ્ણ એમ બીજા બે સ્પર્શ, સ્થિર શુભ, અસ્થિર-અશુભ તથા અગુરુલઘુ આટલી કર્મપ્રકૃતિઓ અનુભાગોદીરણાને આશ્રયી મનુષ્ય અને તિર્યંચના જીવોને પરિણામ પ્રત્યયિક છે. ॥૫૦॥

**વિવેચન :-** વૈક્રિય સપ્તક, તૈજસ-કાર્મણ સપ્તક, વર્ણ ૫, ગંધ ૨, રસ ૫ અને સ્પર્શ સ્નિગ્ધ-રૂક્ષ તથા શીત અને ઉષ્ણ એમ ૪, સ્થિરનામ કર્મ, શુભનામકર્મ, અસ્થિર-અશુભનામકર્મ તથા અગુરુલઘુ નામકર્મ એમ કુલ (૩૫) પાંત્રીસ કર્મપ્રકૃતિઓ અનુભાગોદીરણાને આશ્રયી મનુષ્ય તથા તિર્યંચના જીવોને પરિણામ પ્રત્યયિક છે. કારણ કે વૈક્રિય સપ્તક મનુષ્ય-તિર્યંચોને ગુણવિશેષ દ્વારા ઉત્પન્ન થયેલી લબ્ધિના નિમિત્તવાળું છે. તેથી તે સપ્તકની ઉદીરણા પણ તે જીવોને પરિણામ પ્રત્યયિક છે.

તથા તૈજસ સપ્તક આદિ પ્રકૃતિઓ તિર્યંચ તથા મનુષ્યો વડે અન્યથા - અન્યથા (જુદા-જુદા પ્રકારે) પરિણામ પમાડીને ઉદીરણામાં લવાય છે. તે માટે તે તે પ્રકૃતિઓની અનુભાગ ઉદીરણા પણ તિર્યંચ તથા મનુષ્યના જીવોને પરિણામ પ્રત્યયિક છે. તે તે તિર્યંચ-મનુષ્યના જીવો દ્વારા ભિન્ન-ભિન્ન પરિણામો વડે અધ્યવસાયોની ધારા દ્વારા પરિણમાવીને ઉદીરણામાં લવાય છે. ॥૫૦॥

*અવતરણ :- હવે જે જે કર્મપ્રકૃતિઓની અનુભાગોદીરણા ગુણ અને અગુણ (દોષ) ના પરિણામો વડે કરાતી નથી તથા ભવના નિમિત્તે જ ઉદય થતો હોય અને તેનાથી ઉદીરણા થતી હોય. આમ પણ જેમાં બનતું નથી એવી જે પ્રકૃતિઓ છે તેને દર્શાવવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-*

**चउरंसमउअलहुआ, परघाउज्जोयइट्ठखगइसरा ।**
**पत्तेगतणू उत्तरतणुसु, दोसु वि य तणू तइया ॥ ५१ ॥**

ગાથાર્થ :- સમચતુસ્ર સંસ્થાન, મૃદુ-લઘુ બે સ્પર્શ, પરાઘાત, ઉદ્યોત, શુભવિહાયોગતિ, સુસ્વર અને પ્રત્યેક નામકર્મ આ આઠ કર્મ પ્રકૃતિઓ અનુભાગોદીરણામાં તનુ પરિણામ પ્રત્યયિકી છે. આમ સમજવું, બન્ને ઉત્તરશરીરમાં એટલે કે વૈક્રિયમાં અને આહારકમાં એમ બન્નેમાં તનુ પરિણામ કૃત ઉદીરણા જાણવી તથા ત્રીજુ જે શરીર, તેની અનુભાગોદીરણા ગુણ પરિણામ કૃત છે આમ સમજવું. ॥૫૧॥

**વિવેચન :-** સમચતુરસ્ર સંસ્થાન, મૃદુ અને લઘુ એમ બે પ્રકારના સ્પર્શ, પરાઘાત નામકર્મ, ઉદ્યોતનામકર્મ, ઇષ્ટ (શુભ) વિહાયોગતિ, પ્રત્યેકનામકર્મ, સુસ્વરનામકર્મ એમ કુલ આઠ કર્મ પ્રકૃતિઓ અનુભાગોદીરણાને આશ્રયી તનુપરિણામ પ્રત્યયિકી છે અર્થાત્ શરીરપરિણામ પ્રત્યયિકી છે. જે બે ઉત્તર શરીરો છે. એક વૈક્રિયશરીર અને બીજુ આહારક શરીર આ બન્ને શરીરોની રચના જ્યારે જ્યારે જીવો કરે છે. ત્યારે ત્યારે તે વિશિષ્ટ શરીરના બળથી જ સમચતુરસ્ર આદિ ઉપર કહેલી શુભ એવી આઠ પુણ્ય પ્રકૃતિઓનો જ ઉદય હોય છે. તેથી તેની જ અનુભાગ ઉદીરણા પ્રવર્તે છે. પણ અશુભની પ્રવર્તતી નથી.

આ પ્રવર્તતી ઉદીરણા તે ગુણ કે અગુણકૃત નથી તથા ભવકૃત પણ નથી. પરંતુ ઉત્તર વૈક્રિય શરીર અને आदि શબ્દથી આહારક શરીર આ બન્ને શરીરનામકર્મની ઉદીરણા, નવું શરીર બનાવવાના વૈક્રિયશરીર થવાના તથા આહારકશરીર બનાવવાના પરિણામકૃત છે. આવા પ્રકારના વિશિષ્ટ નવા નવા શરીરોની આ જીવ લબ્ધિના બળે રચના કરે ત્યારે ત્યારે ઉપરોક્ત આઠે પુણ્ય પ્રકૃતિઓનો જ ઉદય હોવાથી તે શરીરના પરિણમન વડે જ કરાયેલી આ ઉદીરણા જાણવી.[1]

હવે કેવળ એકલા ગુણોના પરિણામને આશ્રયી જે જે કર્મોની ઉદીરણા થાય છે. તે ગ્રંથકારશ્રી જણાવે છે કે "तणू तइया इत्यादि" ગાથામાં કહેલા અન્તિમ પાઠથી तइया=तृतीया ત્રીજુ જે શરીર આહારકશરીર, ઉપલક્ષણથી આહારક સપ્તક જે છે. તે શરીર ઉદીરણાને આશ્રયી એટલે અનુભાગોદીરણાને આશ્રયી ગુણ પરિણામ પ્રત્યયિક ઉદીરણા વાળું છે. આ

શરીરની સાતે પ્રકૃતિઓ અપ્રમત્ત એવું વિશિષ્ટ સંયમ અને ચૌદપૂર્વનું વિશિષ્ટ શ્રુતજ્ઞાન ઇત્યાદિ ગુણોના પરિણામ માત્ર વડે જ કરાય છે. તે કારણથી તેની ઉદીરણા પણ તેવા પ્રકારના ગુણોના નિમિત્તવાળી જ છે. માટે ગુણ પરિણામ પ્રત્યયિક કહેવાય છે. ॥૫૧॥

**देसविरयविरयाणं, सुभगाएज्जजसकित्तिउच्चाणं ।**
**पुव्वाणुपुव्विगाए, असंखभागो थियाईणं ॥ ५२ ॥**

**ગાથાર્થ :-** દેશવિરતિધર તથા સર્વવિરતિધર મહાત્માઓને સૌભાગ્ય આદેય યશઃકીર્તિ અને ઉચ્ચગોત્ર આ ચાર પુણ્ય પ્રકૃતિઓની જ ઉદીરણા થાય છે. તથા સ્ત્રીવેદ આદિ નવ નોકષાયોની ઉદીરણા પૂર્વાનુપૂર્વીના ક્રમે અસંખ્યાતમો ભાગ માત્ર ઉદીરણા યોગ્ય છે. ॥૫૨॥

**વિવેચન :-** દેશવિરતિધર શ્રાવક-શ્રાવિકાના જીવોને તથા દેશવિરતિધર સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના જીવોને, તથા સર્વવિરતિધર એવા સાધુ-સાધ્વીજી મહારાજશ્રીઓને સૌભાગ્ય, આદેય, યશઃકીર્તિ તથા ઉચ્ચગોત્રકર્મ આ ચાર પુણ્યપ્રકૃતિઓની અનુભાગ ઉદીરણા ગુણ પરિણામ કૃત સમજવી તે આ પ્રમાણે છે.

સૌભાગ્યાદિ ચારે પુણ્ય પ્રકૃતિઓની વિરોધી એવી જે દૌર્ભાગ્ય, અનાદેય, અયશઃકીર્તિ અને નીચગોત્રકર્મ વિગેરે અશુભ કર્મપ્રકૃતિઓના ઉદયયુક્ત જીવ પણ જો દેશવિરતિ ધર્મ અથવા સર્વવિરતિધર્મ સ્વીકાર કરે તો તે દૌર્ભાગ્યાદિના ઉદયવાળા જીવને પણ દેશવિરતિ આદિ ગુણોના મહિમાથી આવા પ્રકારના વિશિષ્ટ ગુણોના પ્રતાપે સૌભાગ્ય આદિ ચારે પુણ્ય પ્રકૃતિઓનો જ ઉદય થાય છે. તેથી તે પુણ્ય પ્રકૃતિઓની જ ઉદીરણા પ્રવર્તે છે.

તથા સ્ત્રીવેદ આદિ નવ નોકષાયોની પૂર્વાનુપૂર્વીના ક્રમે અતિશય જઘન્ય રસવાળા સ્પર્ધકોથી આરંભીને અનુક્રમે અસંખ્યાતમો ભાગ જ દેશવિરતિધર અને સર્વવિરતિધર આ

૧. મૂલગાથામાં શરીર પરિણામ કૃત આવો ભેદ નથી. તો પ્રશ્ન થાય કે આ ભેદ મૂલગાથામાં કહેલા ભેદોમાંથી કયા ભેદમાં આવે ? તેનો ઉત્તર એ છે કે "પરિણામ કૃત" ના ભેદમાં જ તેનો સમાવેશ કરવો. શરીરની રચના વિશેષ જ તેમાં કારણ હોવાથી પરિણામ કૃત ઉદીરણામાં જ તેનો સમાવેશ થાય છે ત્યાં આહારક શરીરની રચના, વિશિષ્ટ ગુણવાળા જીવોને જ થતી હોવાથી તેની ઉદીરણાનો સમાવેશ ગુણ પરિણામ કૃતમાં કર્યો છે અને વૈક્રિયશરીરની રચના ગુણી અને નિર્ગુણી એમ બન્ને પ્રકારના જીવોને થતી હોવાથી તેની ઉદીરણાનો સમાવેશ સગુણ અને નિર્ગુણ એમ બન્ને પ્રકારની ઉદીરણામાં થઈ શકે છે. એટલે જ આ ઉદીરણા પરિણામકૃત છે. તેનો ભાવાર્થ એ છે કે આ ઉદીરણા તનુપરિણામ પ્રત્યયિક છે એટલે કે આવા પ્રકારના વિશિષ્ટ શરીર રચનાના પરિણામ કૃત છે. આવો અર્થ જાણવો.

બન્ને પ્રકારના જીવોને ઉદીરણા યોગ્ય હોય છે માટે ગુણ પરિણામ કૃત ઉદીરણા યોગ્ય આ અનુભાગ જાણવો. પરંતુ અતિશયજઘન્ય રસથી અસંખ્યાતમા ભાગથી આગળ આગળ જે વધારે તીવ્ર રસ હોય છે. તે ઉદીરણા યોગ્ય હોતો નથી આમ સમજવું.

પંચસંગ્રહ નામના ગ્રંથમાં આ સ્ત્રીવેદાદિ નવ નોકષાયોનો અતિશય જઘન્ય અનુભાગસ્પર્ધકોથી આરંભીને અનંતા ભાગ સુધી ઉદીરણા યોગ્ય ગુણ પરિણામ કૃત કહેલા છે. તે ગાથા આ પ્રમાણે-

**सुभगाइ उच्चगोयं गुणपरिणामा उ देसघाईणं ।**
**अइहीणफड्डगाओ णंतंसो णोकसायाणं ॥**
(ઉદીરણાકરણ પંચસંગ્રહ ગાથા ૫૧)

**અર્થ :-** સૌભાગ્ય આદેય ઉચ્ચગોત્ર અને યશઃનામકર્મ આ ચારે પુણ્ય પ્રકૃતિઓની ઉદીરણા દેશવિરતિધર આદિ મહાત્માઓને ગુણ પરિણામ કૃત જાણવી. અતિશય જઘન્ય રસસ્પર્ધકથી પ્રારંભીને અનંતમા ભાગ સુધી આ નોકષાયોની અનુભાગ ઉદીરણા થાય છે.

અહીં એટલી વિશેષતા જણાય છે કે જે આત્માઓ નીચ કૂલમાં જન્મ્યા હોય તથા દૌર્ભાગ્ય અનાદેય અને અયશઃનામકર્મનો ઉદય જે આત્માઓને ચાલતો હોય તેવા આત્માઓ પણ જ્યારે દેશવિરતિ અથવા સર્વવિરતિ ધારણ કરે ત્યારે તે દેશવિરતિ અને સર્વવિરતિ ગુણના પ્રતાપે નીચગોત્ર દૌર્ભાગ્ય, અનાદેય અને અયશઃકીર્તિ નામકર્મના ઉદયને બદલે આ ગુણોના પ્રતાપે ઉચ્ચગોત્ર, સૌભાગ્ય, આદેય અને યશઃકીર્તિનામકર્મ આ ચારે પુણ્ય પ્રકૃતિઓનો જ ઉદય થાય છે. તેના કારણે તે પુણ્ય પ્રકૃતિઓની જ ઉદીરણા પ્રવર્તે છે.

તથા સ્ત્રીવેદાદિ નવ નોકષાયોના અતિશય જઘન્ય રસસ્પર્ધકથી પ્રારંભીને અનુક્રમે અસંખ્યાતમાં ભાગ સુધીનાં રસનાં સ્પર્ધકો જ ઉદીરણા યોગ્ય બને છે. તેનાથી વધારે રસવાળાં સ્પર્ધકો સત્તામાં પૂર્વે બાંધેલાં હોય છે. પરંતુ તેનો ઉદય કે તેની ઉદીરણા દેશવિરતિ અને સર્વવિરતિ ગુણોના કારણે થતી નથી. આવા ગુણોના કારણે વેદાદિના વિષય વિકારો મંદ થઈ જાય છે. તેથી વધારે રસવાળાં સ્પર્ધકોનો ઉદય ઉદીરણા થતી નથી. આવા શ્રેષ્ઠ ગુણોના કારણે પાપપ્રકૃતિઓનો ઉદય અને ઉદીરણા મોળા પડી જાય છે. તીવ્ર વિકારો ઉદયમાં અને ઉદીરણામાં આવતા નથી. ॥૫૨॥

**तित्थयरं घाईणि य, परिणामप्पच्चयाणि सेसाओ ।**
**भवपच्चइया पुव्वुत्ता विय पुव्वुत्तसेसाणं ॥ ५३ ॥**

**ગાથાર્થ :-** તીર્થંકર નામકર્મ તથા ઘાતીકર્મો પરિણામ પ્રત્યયિક ઉદય-ઉદીરણાવાળાં છે. બાકી રહેલી સર્વે પણ કર્મ પ્રકૃતિઓ ભવ પ્રત્યયિક ઉદીરણાવાળી છે તથા આગલી ગાથાઓમાં કહેલી સર્વે પણ પ્રકૃતિઓ જેને જેને જે વિષયક ઉદીરણા યોગ્ય પૂર્વે કહી છે. તે વિનાના શેષ જીવોને તે પ્રકૃતિઓ ભવ પ્રત્યયિક ઉદીરણા યોગ્ય જાણવી. ॥૫૩॥

**વિવેચન :-** તીર્થંકર નામકર્મ તથા પાંચ પ્રકારનું જ્ઞાનાવરણીય નવ પ્રકારનું દર્શનાવરણીય તથા નવનોકષાયને વર્જીને ઓગણીસ પ્રકારનું (૩ + ૧૬ = ૧૯) મોહનીય કર્મ તથા પાંચ પ્રકારનું અંતરાયકર્મ એમ કુલ ૧ + ૫ + ૯ + ૧૯ + ૫ = ૩૯ (તેમાં ૩૮)ઘાતિકર્મોની કર્મપ્રકૃતિઓ અનુભાગોદીરણાને આશ્રયી તિર્યંચ તથા મનુષ્યોને પરિણામ પ્રત્યયિક છે આમ જાણવું.

અહીં પરિણામનો અર્થ પરિણામ એટલે જે પ્રકૃતિનો રસ જે રીતે હોય તેને અન્યથા ભાવનયન = અર્થાત્ "જુદા રૂપે કરવો" આવો અર્થ સમજવો. આ આત્માના જ અધ્યવસાય રૂપ પરિણામના બળે જે જાતનો રસ સ્ટોકમાં છે. તેને અન્યથા કરીને તીવ્ર હોય તેને મંદ કરીને ઉદય-ઉદીરણામાં લાવવો તેને પરિણામ પ્રત્યયિક ઉદીરણા કહેવાય છે.

ત્યાં તિર્યંચો તથા મનુષ્યો પોતે પ્રાપ્ત કરેલા ગુણોના કારણે પૂર્વકાલમાં અન્યથા રૂપે (તીવ્રરસવાળાપણે) બાંધેલી કર્મપ્રકૃતિઓને પણ અન્યથા રૂપે (મંદ રસવાળાપણે) પરિણમાવીને ઉદીરણામાં લાવે છે. આ કારણથી આ (૩૯) ઓગણચાલીસ કર્મપ્રકૃતિઓ ઉદીરણામાં ગુણપરિણામ પ્રત્યયિક છે. આવો ભાવાર્થ છે.

આ પ્રમાણે ગુણ પ્રત્યયિકનું વર્ણન કરીને હવે ભવપ્રત્યયિક પ્રકૃતિઓ જણાવે છે. "सेसाओ" ઇત્યાદિ પાઠથી ઉપર કહેલી સિવાઈની શેષ બાકી રહેલી કર્મપ્રકૃતિઓ જેમ કે સાતા-અસાતા વેદનીય, ચાર આયુષ્ય, ચાર પ્રકારની ગતિ, પાંચ પ્રકારની જાતિ, ઔદારિક સપ્તક, છ સંઘયણ, પહેલા સમચતુરસ્ર વિનાનાં પાંચ સંસ્થાન, કર્કશ-ગુરુસ્પર્શ, ચાર આનુપૂર્વીકર્મ, ઉપઘાત, આતપ, ઉચ્છ્વાસ, અશુભ વિહાયોગતિ, ત્રસ, સ્થાવર, બાદર-સૂક્ષ્મ, પર્યાપ્ત-અપર્યાપ્ત, સાધારણ, દૌર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, અયશઃકીર્તિ, નિર્માણ અને નીચગોત્ર એમ કુલ (૫૬) છપ્પન્ન કર્મપ્રકૃતિઓ અનુભાગ ઉદીરણાને આશ્રયી ભવપ્રત્યયિક જાણવી.

ઉપરોક્ત આ (૫૬) છપ્પન્ન પ્રકૃતિઓની ઉદીરણામાં ગુણ પ્રત્યયતા (ગુણની નિમિત્તતા) ન હોવાથી ભવ નિમિત્તતા જાણવી માટે ભવપ્રત્યયિક ઉદીરણા છે.

તથા પૂર્વની ગાથાઓમાં જે જે કર્મપ્રકૃતિઓ જેના જેના નિમિત્તવાળી કહી છે તે સિવાયના શેષ જીવોને આશ્રયી તે તે પ્રકૃતિઓ ભવપ્રત્યયિક ઉદીરણા જાણવી. જે જે પ્રકૃતિઓ

પૂર્વગાથામાં તિર્યંચ-મનુષ્યોને આશ્રયી ગુણ પ્રત્યાયિક કહી છે તે જ પ્રકૃતિઓ તિર્યંચ-મનુષ્ય સિવાઈના જીવોને આશ્રયી ભવપ્રત્યયિક ઉદીરણાવાળી જાણવી તે આ પ્રમાણે :-

દેવ-નારકી તથા વ્રતધારી વિનાના તિર્યંચ તથા મનુષ્યોને નવ નોકષાયોની ઉદીરણા પશ્ચાનુપૂર્વીએ એટલે કે ઉત્કૃષ્ટાનુભાગવાળા રસ સ્પર્ધકથી આરંભીને અસંખ્યાતા રસસ્પર્ધકોની ઉદીરણા થાય છે અને તે ઉદીરણા ભવપ્રત્યયથી જ થાય છે.

તથા વૈક્રિય સપ્તક, તૈજસ સપ્તક, વર્ણ પાંચ, ગંધ બે, રસ પાંચ, સ્નિગ્ધ-રૂક્ષ-શીત-ઉષ્ણ એમ કુલ ચાર સ્પર્શ, સ્થિર-અસ્થિર શુભ-અશુભ, અગુરુલઘુ, એમ કુલ (૩૫) પાંત્રીસ કર્મપ્રકૃતિઓની અનુભાગોદીરણા દેવો અને નારકીના જીવો ભવના નિમિત્તે જ ઉદીરણા કરે છે. (તિર્યંચ-મનુષ્યોને ભલે ગુણ પ્રત્યાયિક ઉદીરણા હોય. પરંતુ શેષ જીવોને આ પ્રકૃતિઓની ઉદીરણા ભવ પ્રત્યયિક હોય છે.)

તથા સમચતુરસ્ર સંસ્થાનની ભવધારણીય એવા શરીરમાં વર્તતા દેવો પોતાના ભવના નિમિત્તે જ અનુભાગોદીરણા કરે છે. માટે તે જીવોને તે ઉદીરણા ભવ પ્રત્યયવાળી છે.

મૃદુ-લઘુ એમ બે સ્પર્શ, પરાઘાત, ઉદ્યોત, પ્રશસ્ત વિહાયોગતિ, સુસ્વર, પ્રત્યેક નામકર્મ એમ આ સાત કર્મપ્રકૃતિઓની અનુભાગ ઉદીરણા ઉત્તરવૈક્રિયવાળા જીવોને છોડીને શેષ જીવોને માટે ભવના નિમિત્તથી જ અનુભાગોદીરણા પ્રવર્તે છે. ઉત્તર વૈક્રિયવાળા દેવોને તો ઉત્તર વૈક્રિય બનાવવા રૂપ ગુણના નિમિત્તે અનુભાગ ઉદીરણા પ્રવર્તે છે. તે માટે તેવા જીવોને ગુણપ્રત્યયિક ઉદીરણા કહેવાય છે. તેથી ભવ પ્રત્યયિકમાં ઉત્તર શરીરવાળાનું વર્જન કરેલું છે.

સૌભાગ્ય-આદેય-યશઃકીર્તિ અને ઉચ્ચગોત્ર આ ચાર કર્મોની અનુભાગોદીરણા ગુણહીન જીવોને ભવપ્રત્યયિક જાણવી અને ગુણવાળા જીવોને ગુણપ્રત્યયિક જાણવી તથા સર્વે પણ ઘાતી કર્મોની અનુભાગોદીરણા દેવ-નારકીના જીવોને ભવપ્રત્યયિક છે આમ સમજવું. બાકીની ભાવના પૂર્વે કહ્યા પ્રમાણે સુગમ હોવાથી સ્વયં સમજી લેવી. વળી પંચસગ્રહમાં પૂજ્ય ચંદ્રર્ષિ મહત્તરાચાર્યે આ પ્રમાણે કહ્યું છે :-

**जा जम्मि भवे नियमा उदीरए ताओ भवनिमित्ताओ ।**
**परिणामपच्चयाओ सेसाओ, सइ स सव्वत्थ ॥५२॥**

પંચસંગ્રહની આ ઉદીરણાકરણની પરમી ગાથા છે. તેનો અર્થ આ પ્રમાણે છે જે જે કર્મપ્રકૃતિઓ જે જે ભવમાં નિયમા નિશ્ચયથી ઉદીરણામાં આવતી જ હોય છે તે તે કર્મપ્રકૃતિઓ ભવનિમિત્તક અર્થાત્ ભવપ્રત્યયિક ઉદીરણા કહેવાય છે. આવો ભાવાર્થ છે

ત્યાં નરકત્રિકની ઉદીરણા નરકના ભવના નિમિત્તે થાય છે. દેવત્રિકની ઉદીરણા દેવભવના નિમિત્તે થાય છે તથા તિર્યંચત્રિક આદ્ય જાતિ ચતુષ્ટય, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ તથા આતમનામકર્મ એમ કુલ (૧૧) અગીયાર કર્મપ્રકૃતિઓની અનુભાગ ઉદીરણા તિર્યંચના ભવના નિમિત્તવાળી છે તથા મનુષ્યત્રિકની ઉદીરણા મનુષ્યના ભવના નિમિત્તવાળી છે.

આ કુલ (૩+૩+૧૧+૩ = ૨૦) વીસ કર્મપ્રકૃતિઓ સિવાઈની બાકીની કર્મપ્રકૃતિઓ પરિણામ પ્રત્યયિક ઉદીરણાવાળી છે. તે સર્વે પણ પ્રકૃતિઓ ધ્રુવોદયી જ છે. જે કારણથી સર્વે પણ ભવોમાં ઉદયવાળી હોવાથી નિયમા ઉદીરણાવાળી જ હોય છે. આ સર્વ પ્રકૃતિઓની ઉદીરણા જે થાય છે તે ધ્રુવોદયી હોવાથી ઉદીરણા પણ અવશ્ય ચાલે જ છે. તે ઉદીરણામાં ગુણની કારણતાની જરૂર નથી માટે નિર્ગુણ પ્રત્યયિક ઉદીરણા જાણવી. પંચસંગ્રહ નામના ગ્રંથમાં ઉદીરણા કરણમાં જ આ પ્રમાણે મહાત્મા પુરૂષે કહ્યું છે તે પણ કઈ વિરુદ્ધ નથી. ભિન્ન ભિન્ન વિવક્ષાથી આમ પણ કથન કરવામાં આવે તો તે કથન પણ યોગ્ય જ છે.

તથા વળી સર્વે પણ પ્રકૃતિઓ યથાયોગ્ય રીતે પોત પોતાના ભવમાં જ ઉદયમાં આવે છે. તેથી પોતપોતાના ભવમાં જ ઉદીરણા થાય છે. જેમ કે તિર્યંચગતિ યોગ્ય પ્રકૃતિઓ તિર્યંચના ભવમાં જ, મનુષ્યગતિ યોગ્ય પ્રકૃતિઓ મનુષ્યના ભવમાં જ, તથા નરગતિ યોગ્ય પ્રકૃતિઓ નરકના ભવમાં જ અને દેવગતિને યોગ્ય કર્મપ્રકૃતિઓ દેવના ભવમાં જ ઉદય-ઉદીરણામાં આવે છે. તે માટે આ વિવક્ષાએ સર્વે પણ કર્મપ્રકૃતિઓ ભવપ્રત્યયિક ઉદીરણા વાળી છે. આમ પણ કહી શકાય છે.

અથવા સર્વે પણ જીવો સર્વે પણ કર્મપ્રકૃતિઓને તેવા તેવા પરિણામના વશથી ઘણા રસવાળી હોય તે અલ્પરસવાળી કરીને અથવા અલ્પરસવાળી હોય તેને બહુરસવાળી કરીને પછી જ ઉદીરણા કરે છે તે માટે સર્વે પણ કર્મપ્રકૃતિઓ પરિણામ પ્રત્યયિક ઉદીરણાવાળી છે. આમ પણ કહી શકાય છે. પંચસંગ્રહ નામના ગ્રંથમાં કહ્યું છે કે -

भवपच्चइया सव्वा, तहेव परिणामपच्चइया ગાથા-૫૩

"સર્વે પણ કર્મપ્રકૃતિઓ ભવપ્રત્યયિક પણ છે તથા પરિણામ પ્રત્યયિક પણ છે." આ પ્રમાણે વિવક્ષાના વશથી જુદી જુદી પ્રરૂપણા થઈ શકે છે. તે માટે આવી બાબતમાં "વિવક્ષા ભેદ" એ જ શરણ છે. આમ જાણવું. પણ વિવાદ ન કરવો.[૧] ॥૫૩॥

*અવતરણ :- તે આ પ્રમાણે "પ્રત્યય પ્રરૂપણા કરી" હવે સાદિ-અનાદિની પ્રરૂણા કરવાની છે. તે*

૧. આ વિષયની વધારે સૂક્ષ્મ ચર્ચા પંડિતજી શ્રી પુખરાજજી અમીચંદજી ભાઈ કૃત પંચસંગ્રહના ગુજરાતી વિવેચનમાં ઉદીરણાકરણ ગાથા પરના વિવેચનમાં કરેલી છે. ત્યાંની ફુટનોટ જોઈ લેવા ભલામણ છે.

*બે પ્રકારે છે. મૂલપ્રકૃતિ વિષયક અને ઉત્તર પ્રકૃતિ વિષયક, ત્યાં પ્રથમ મૂલ પ્રકૃતિ વિષયક તે સાદ્યનાદિની પ્રરૂપણા કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે -*

**घाईणं अजहन्ना, दोण्हमणुक्कोसिया य तिविहाओ ।**
**वेयणिएणुक्कस्सा, अजहन्ना मोहणीए य ॥५४॥**

**साइ-अणाई धुव-अधुवाओ, तस्सेसगाओ दुविगप्पा ।**
**आउस्स साइ-अधुवा, सव्वविगप्पा उ विन्नेया ॥५५॥**

**ગાથાર્થ :-** ઘાતી કર્મોની અજઘન્ય ઉદીરણા તથા નામ અને ગોત્ર એમ બે કર્મોની અનુત્કૃષ્ટ ઉદીરણા ત્રણ પ્રકારે હોય છે. વેદનીય કર્મમાં અનુત્કૃષ્ટ અને મોહનીય કર્મમાં અજઘન્ય અનુભાગોદીરણા સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે હોય છે. તે વિના આ સાતે કર્મોમાં શેષ વિકલ્પો બે પ્રકારે હોય છે. આયુષ્યકર્મના સર્વ પણ વિકલ્પો સાદિ-અધ્રુવ જાણવા. ॥૫૬-૫૭॥

**વિવેચન :-** घाईणं શબ્દથી ચાર ઘાતી કર્મો લેવાં જોઈએ. પરંતુ આગળ આ જ ગાથાના ઉત્તરાર્ધમાં મોહનીયનું ભિન્ન વિધાન ગ્રંથકારશ્રી કરતા હોવાથી घाईणं શબ્દથી મોહનીયકર્મ વિના શેષ ત્રણ ઘાતી કર્મો સમજવાં.

તેથી મોહનીયકર્મને વર્જીને શેષ ત્રણ ઘાતીકર્મોની અજઘન્ય અનુભાગ ઉદીરણા ત્રણ પ્રકારે જાણવી. અનાદિ-ધ્રુવ અને અધ્રુવ. આ ત્રણે મૂળકર્મોની જઘન્ય અનુભાગોદીરણા ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનકની સમયાધિક એક આવલિકા જેટલો કાળ બાકી રહે ત્યારે ૧ સમયની સ્થિતિની ઉદીરણા જ્યારે થાય છે ત્યારે જઘન્ય અનુભાગોદીરણા પણ થાય છે તે એક સમય માત્ર જ હોવાથી અનુભાગ પણ જઘન્ય છે. માટે સાદિ-અધ્રુવ છે. બારમા ગુણઠાણાની અન્તિમ સમયાધિક એક આવલિકા વિનાના કાલે એકથી બાર ગુણઠાણા સુધી સદાકાળ અજઘન્ય અનુભાગ ઉદીરણા જ થાય છે તે ઉદીરણા અનાદિકાળથી ચાલતી હોવાથી અજઘન્ય અનાદિ, ધ્રુવ અને અધ્રુવ અભવ્ય તથા ભવ્યની અપેક્ષાએ સ્વયં સમજી લેવા.

તથા નામકર્મ અને ગોત્રકર્મની અનુત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા ત્રણ પ્રકારે જાણવી. અનાદિ-ધ્રુવ અને અધ્રુવ આ બન્ને કર્મોની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સયોગી કેવલી ગુણઠાણે હોય છે. જ્યારે આ ઉદીરણા થાય ત્યારે સાદિ-અધ્રુવ સમજવી.

સયોગિ કેવલી ગુણસ્થાનક વિના શેષકાલે નામકર્મ અને ગોત્રકર્મની અનુભાગ ઉદીરણા અનુત્કૃષ્ટ જાણવી. તે ઉદીરણા અનાદિકાળથી ચાલુ જ છે. તે માટે અનાદિ સમજવી તથા ધ્રુવ-અધ્રુવ ઉદીરણા પૂર્વની જેમ જાણવી.

તથા વેદનીય કર્મમાં અનુત્કૃષ્ટ અને મોહનીયકર્મમાં અજઘન્ય અનુભાગ ઉદીરણા ચાર પ્રકારે જાણવી. સાદિ અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી ચાર પ્રકારે છે તે આ પ્રમાણે જાણવી. ઉપશમ શ્રેણિમાં સૂક્ષ્મ સંપરાય નામના દસમા ગુણસ્થાનકે સાતાવેદનીય નામનું જે વેદનીયકર્મ બાંધ્યું છે. તેનો રસ ત્યાં ઉત્કૃષ્ટ બાંધ્યો છે ત્યારબાદ મૃત્યુ થવા દ્વારા સર્વાર્થ સિદ્ધ વિમાનમાં જતાં પ્રથમ સમયે જ સાતાનો ઉદય થવાથી જે ઉદીરણા થાય છે. તે રસની અપેક્ષાએ ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા કહેવાય છે.

આવી ઉત્કૃષ્ટ ઉદીરણા સર્વાર્થસિદ્ધના પ્રથમ સમયે જ થઈ છે. તે માટે ત્યારે ઉત્કૃષ્ટ ઉદીરણાની સાદિ સમજવી.

તેનાથી અન્ય સર્વ પણ ઉદીરણા અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા કહેવાય, તે પ્રમત્તથી આગળ અપ્રમત્તાદિ ગુણસ્થાનકોમાં વેદનીય કર્મની ઉદીરણા હોતી નથી. ત્યાંથી એટલે કે અપ્રમત્તાદિ ગુણસ્થાનકોથી આ જીવ જ્યારે પડે છે ત્યારે પ્રમત્તાદિમાં આવતાં વેદનીય કર્મની જ્યારે ઉદીરણા ચાલુ કરે છે તે કાળે અનુત્કૃષ્ટ અનુભાગોદીરણાની સાદિ, તે સ્થાન ન પામેલાને અનાદિ, ધ્રુવ અને અધ્રુવ પૂર્વની જેમ જાણવા.

તથા મોહનીયકર્મની જઘન્ય અનુભાગોદીરણા ક્ષપકશ્રેણિમાં વર્તતા જીવને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે વિશિષ્ટ શુદ્ધ પરિણામવાળો આ જીવ છે તે માટે મોહનીયકર્મની જઘન્ય અનુભાગોદીરણા થાય છે. ત્યારે મોહનીયની જઘન્ય અનુભાગોદીરણાની સાદિ સમજવી.

તે સ્થાન ન પામેલા (૧ થી ૯ ગુણસ્થાનકોમાં જ વર્તતા) જીવોને આવી જઘન્ય અનુભાગોદીરણા કરવાનો અવસર ક્યારે ય આવ્યો નથી. તેથી અજઘન્ય ઉદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ ઉદીરણા પૂર્વની જેમ જાણવી.

ઉપર કહેલા કર્મોના જે જે ભેદો અનુક્ત છે. કહેવાયા નથી તે બધા જ ભેદો સાદિ અને અધ્રુવ એમ બે જ પ્રકારના છે. તે આ પ્રમાણે જાણવા.

ચાર ઘાતી કર્મોના ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા મિથ્યાદૃષ્ટિ જીવમાં તીવ્ર સંક્લેશકાલે ઉત્કૃષ્ટ અને શેષકાલે અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા પ્રવર્તે છે. આમ આ બન્ને પ્રકારની ઉદીરણા ક્રમસર આવતી હોવાથી બન્ને ઉદીરણા સાદિ-અધ્રુવ છે તથા આ ચાર ઘાતીકર્મોની જઘન્ય અનુભાગોદીરણા તો અજઘન્યોદીરણાના પ્રસંગે સમજાવી જ છે. આમ ચાર ઘાતી કર્મોની ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ તથા જઘન્ય અનુભાગોદીરણા સાદિ-અધ્રુવ જ જાણવી.

તથા નામકર્મ અને ગોત્રકર્મની તથા વેદનીયકર્મની જઘન્ય તથા અજઘન્ય અનુભાગોદીરણા મિથ્યાદષ્ટિ જીવમાં ક્રમસર પ્રાપ્ત થતી હોવાથી સાદિ અને અધ્રુવ સમજવી. ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા તો અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા સમજાવવાના પ્રસંગે જ સમજાવી છે માટે ઉત્કૃષ્ટ પણ સાદિ-અધ્રુવ જ છે.

તથા ચારે પણ આયુષ્યકર્મના સર્વે પણ વિકલ્પો સાદિ-અધ્રુવ જ જાણવા. કારણ કે ચારે આયુષ્ય અધ્રુવ ઉદયવાળા જ છે. જ્યારે જે ભવનું આયુષ્ય ઉદયમાં હોય ત્યારે શેષ ત્રણે આયુષ્ય ઉદયમાં હોતાં નથી. તેથી તેની ઉદીરણા પણ સંભવતી નથી. તથા ઉદયવાળા આયુષ્યની પણ છેલ્લી આવલિકામાં ઉદીરણા હોતી નથી તે માટે ચારે આયુષ્યના જઘન્યાદિ ચારે ભાંગા સાદિ અને અધ્રુવ જ માત્ર હોય છે. ।।૫૪-૫૫।।

***અવતરણ :- આ પ્રમાણે મૂલપ્રકૃતિ વિષયક સાદ્યાદિ પ્રરૂપણા કરી હવે ઉત્તરપ્રકૃતિ વિષયક સાદ્યાદિ પ્રરૂપણા ગ્રંથકારશ્રી કહે છે :-***

**मउलहुआणुक्कस्सा, चउव्विहा तिण्हमवि य अजहन्ना ।**
**णाइयधुवा य अधुवा, वीसाए होयणुक्कोसा ॥ ५६ ॥**
**तेवीसाए अजहन्ना वि य, एयासि सेसगविगप्पा ।**
**सव्वविगप्पा सेसाण, वावि अधुवा व साईया ॥५७॥**

**ગાથાર્થ :-** મૃદુ-લઘુ સ્પર્શની અનુત્કૃષ્ટ તથા મિથ્યાત્વ-ગુરુ અને કર્કશસ્પર્શ આ ત્રણ કર્મોની અજઘન્ય અનુભાગોદીરણા ચાર પ્રકારે જાણવી. તથા (૨૦) વીશ કર્મપ્રકૃતિઓની અનુત્કૃષ્ટ અને (૨૩) ત્રેવીસ કર્મપ્રકૃતિઓની અજઘન્ય અનુભાગઉદીરણા અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે જાણવી.

આ કર્મોના શેષવિકલ્પો તથા શેષકર્મોના સર્વવિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે માત્ર જાણવા. ।।૫૬-૫૭।।

**વિવેચન :-** મૃદુ અને લઘુ આ બન્ને પ્રકારના સ્પર્શની અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા ચાર પ્રકારે હોય છે. સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ. ત્યાં આ બન્ને પ્રકારના સ્પર્શની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા આહારક શરીરધારી મુનિ મહાત્માને હોય છે. કારણ કે આ બન્ને સ્પર્શો અતિશય પુણ્ય પ્રકૃતિ રૂપ છે. તેના ઉત્કૃષ્ટ રસનો ઉદય આહારક શરીરમાં વર્તતા મુનિ મહાત્માને હોય છે. તેથી તેના ઉત્કૃષ્ટ રસની ઉદીરણા પણ તે જ મુનિ મહાત્માને હોય છે કે જે મુનિ મહાત્મા આહારક શરીરમાં વર્તતા હોય. વધારેમાં વધારે કોમળતા અને લઘુતા

આવા પ્રકારની શ્રેષ્ઠ દશાવાળા મુનિ મહાત્મને હોય છે. તે શરીર બનાવે ત્યારે સાદિ અને શરીર સંકોચે ત્યારે અધ્રુવ આમ બન્ને સ્પર્શની ઉત્કૃષ્ટ રસની ઉદીરણા સાદિ-અધ્રુવ જાણવી.

તેનાથી અન્ય સર્વ પણ ઉદીરણા અનુત્કૃષ્ટ કહેવાય છે. આહારક શરીરનો ઉપસંહાર કરે ત્યારે અનુષ્કૃષ્ટ રસનો ઉદય હોવાથી અનુત્કૃષ્ટ રસની ઉદીરણાની સાદિ થાય છે.

જે આત્માઓ આ સ્થાન પામ્યા નથી. આહારક શરીર બનાવ્યું જ નથી. તેવા જીવોને ઉત્કૃષ્ટ રસની ઉદીરણા ક્યારે ય આવી ન હોવાથી સદાકાળ અનુત્કૃષ્ટ રસની જ ઉદય ઉદીરણા પ્રવર્તે છે. તે માટે તેવા જીવોને આશ્રયી અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા અનાદિ તથા ધ્રુવ અને અધ્રુવ તો અભવ્ય અને ભવ્યને આશ્રયી સદા હોય છે તે પૂર્વની જેમ જાણવા. આ પ્રમાણે અનુત્કૃષ્ટ અનુભાગોદીરણા ચાર પ્રકારે સમજાવી.

તથા મિથ્યાત્વમોહનીય, ગુરુ સ્પર્શ અને કર્કશસ્પર્શ આ ત્રણ કર્મપ્રકૃતિઓની અજઘન્ય અનુભાગોદીરણા પણ ચાર પ્રકારે હોય છે. સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ.

ત્યાં સમ્યક્ત્વ અને સંયમ આ બન્ને ગુણોને એકી સાથે પામનારા એવા મિથ્યાદષ્ટિ જીવને મિથ્યાત્વ ગુણસ્થાનકના ચરમસમયે વર્તતો હોય ત્યારે અતિશય વિશુદ્ધ અને નિર્મળ પરિણામની ધારા હોવાથી મિથ્યાત્વમોહનીયના જઘન્ય અનુભાગનો ઉદય હોય છે. તે કારણથી ત્યારે મિથ્યાત્વમોહની જઘન્ય અનુભાગોદીરણા થાય છે તે જઘન્ય અનુભાગોદીરણા સાદિ-અધ્રુવ જાણવી. આવી જઘન્યોદીરણા એક સમય માત્ર જ હોય છે.

તે વિનાની શેષ સઘળી પણ આ ત્રણ કર્મોના અનુભાગની ઉદીરણા અજઘન્ય જાણવી. સમ્યક્ત્વથી પતન પામતા જીવને પરિણામની ધારા પતનાભિમુખ હોવાથી મિથ્યાત્વના અનુભાગની જે ઉદીરણા થાય છે. તે અજઘન્ય અનુભોગાદીરણા થાય છે. ત્યારે તેની સાદિ જાણવી.

સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનું તે સ્થાન જે આત્માઓ પામ્યા નથી. અને ત્યાંથી પતન પામવા પણું જેઓ પામ્યા નથી. તેવા જીવોને અજઘન્ય અનુભાગ ઉદીરણા અનાદિ, ધ્રુવ અને અધ્રુવ ઉદીરણા તે અભવ્ય અને ભવ્યને આશ્રયી જાણવી. આ મિથ્યાત્વમોહનીયની ઉદીરણામાં અજઘન્ય ઉદીરણાના ચાર ભાંગા સમજાવ્યા.

હવે આ ત્રણ પ્રકૃતિઓમાં મિથ્યાત્વ મોહ વિના બાકીની બે પ્રકૃતિઓ જે રહી તે કર્કશ સ્પર્શ અને ગુરુ સ્પર્શ નામકર્મ આ બન્ને કર્મોના જઘન્ય અનુભાગની ઉદીરણા કેવલિ સમુદ્ઘાત કરીને ચોથા સમયે સર્વવ્યાપી થયા બાદ પોતાના ઔદારિક શરીરમાં પાછા ફરતા

કેવલિ સમુદ્ઘાતના છઠ્ઠા સમયે ઔદારિક મિશ્ર કાયયોગ પ્રવર્તતો હોય ત્યારે જઘન્ય અનુભાગની ઉદીરણા હોય છે. તે એક સમય પુરતી જ આવી ઉદીરણા હોય છે. તે માટે જઘન્ય અનુભાગ ઉદીરણા સાદિ-અધ્રુવ જાણવી.

તેનાથી અન્ય સર્વ પણ આ બન્ને સ્પર્શનામકર્મની અનુભાગ ઉદીરણા અજઘન્ય જાણવી. કેવલિ સમુદ્ઘાતથી પાછા ફરતાં સાતમા સમયે ઔદારિક શરીરની પ્રવૃત્તિ વધતાં યોગની વૃદ્ધિ થતાં ઉદીરણા વધતાં અજઘન્ય અનુભાગની ઉદીરણા શરૂ થાય છે. ત્યારે અજઘન્ય અનુભાગોદીરણાની સાદિ જાણવી. તે સ્થાન ન પામેલા જીવને અજઘન્ય અનુભાગ ઉદીરણા અનાદિ તથા ધ્રુવ અને અધ્રુવ ઉદીરણા અભવ્ય તથા ભવ્યને આશ્રયી પૂર્વની જેમ જ જાણવી.

તથા તૈજસ સપ્તક, મૃદુ અને લઘુ વિનાના શુભ વર્ણાદિ એકાદશ, અગુરુલઘુ, સ્થિર, શુભ, નિર્માણ લક્ષણવાળી (૨૦) કુલ વીસ પુણ્ય પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારની જાણવી.

કારણ કે આ (૨૦) વીસ પુણ્ય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા સંયોગિ કેવલી ગુણઠાણાના ચરમ સમયે થાય છે. તે વિનાની બાકીની બધી અન્ય ઉદીરણા જે છે તે સર્વ અનુત્કૃષ્ટ ઉદીરણા જાણવી. તે અનાદિ જાણવી. કારણ કે ધ્રુવ ઉદીરણાવાળી આ પ્રકૃતિઓ છે તે માટે અનાદિ, ધ્રુવ અને અધ્રુવ તો પૂર્વની જેમ જ સમજવું.

તથા જ્ઞાનાવરણીય[૫] પાંચ, દર્શનાવરણીય[૪] ચાર, કૃષ્ણ નીલે[૨] એમ બે વર્ણ, દુર્ગન્ધ[૧], તિક્ત [૨]કટુ એમ બે રસ, રૂક્ષ-શીત[૨] એમ બે સ્પર્શ, અસ્થિર-અશુભ તથા પાંચ [૫]અંતરાય એમ કુલ (૨૩) ત્રેવીસ પાપ પ્રકૃતિઓની અજઘન્ય અનુભાગ ઉદીરણા ત્રણ પ્રકારે છે. અનાદિ-ધ્રુવ અને અધ્રુવ.

આ ત્રેવીસે પ્રકૃતિઓ અશુભ હોવાથી પોત પોતાની ઉદીરણાનો જ્યાં અન્ત આવે છે. ત્યાં જઘન્ય અનુભાગ ઉદીરણા થાય છે. તે કદાચિત્ક જ હોવાથી સાદિ-અધ્રુવ છે. તેનાથી અન્ય સર્વ પણ અનુભાગ ઉદીરણા અજઘન્ય જાણવી. તે ધ્રુવોદીરણા હોવાથી આ ૨૩ કર્મપ્રકૃતિઓની અજઘન્ય અનુભાગ ઉદીરણા અનાદિ સમજવી. ધ્રુવ અને અધ્રુવ તો પૂર્વની જેમ જ જાણવું.

ઉપર કહેલી પ્રકૃતિઓ વિનાની બાકીની શેષ સર્વ કર્મપ્રકૃતિઓના સર્વ વિકલ્પો તથા મૃદુ-લઘુ સ્પર્શ તથા (૨૦) વીસ કર્મપ્રકૃતિઓના જઘન્ય અજઘન્ય અને ઉત્કૃષ્ટ તથા મિથ્યાત્વ ગુરુ કર્કશ સ્પર્શ તથા (૨૩) ત્રેવીસ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુત્કૃષ્ટ અને જઘન્ય

આ ત્રણ ભાંગા સાદિ અને અધ્રુવ માત્ર જ જાણવા. તે આ પ્રમાણે - ત્યાં ૨૨ની ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા તથા ૨૩ની જઘન્ય અનુભાગની ઉદીરણા પૂર્વે અનુત્કૃષ્ટ અને અજઘન્ય અનુભાગ ઉદીરણા સમજીવતાં જ કહી છે. તેથી તે આદિ-અધ્રુવ છે.

તથા મૃદુ - લઘુ આ બે સ્પર્શ તથા (૨૦) વીસ પ્રકૃતિઓના જઘન્ય અજઘન્ય અનુભાગ ઉદીરણા તથા કર્કશ-ગુરુ આ બે સ્પર્શ, મિથ્યાત્વમોહ, તથા (૨૩) ત્રેવીસ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ અનુભાગ-ઉદીરણા મિથ્યાદૃષ્ટિ અવસ્થામાં ક્રમસર પ્રાપ્ત થતી હોવાથી તે બન્ને સાદિ-અધ્રુવ માત્ર જ છે.

તથા ઉપર કહ્યા વિનાની બાકી રહેલી (૧૧૦) એકમોહ દશ કર્મપ્રકૃતિઓના સર્વે પણ વિકલ્પો ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ, જઘન્ય તથા અજઘન્ય રૂપ ચારે વિકલ્પો સાદિ-અધ્રુવ માત્ર જ જાણવા. કારણ કે આ બધી જ પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી ક્યારેક તેઓનો ઉદય હોય અને ક્યારેક ઉદય ન પણ હોય, ઉદય હોય ત્યારે જ ઉદીરણા હોય, ઉદય ન હોય ત્યારે ઉદીરણા પણ ન હોય તે માટે અનુભાગ ઉદીરણા પણ સાદિ-અધ્રુવ માત્ર જ સમજવી. ।।૫૬-૫૭।।

***અવતરણ :- સાદિ-અનાદિની પ્રરૂપણા કરી, હવે સ્વામિત્વની પ્રરૂપણા કરવાની છે તે સ્વામિત્વ બે પ્રકારનું છે ઉત્કૃષ્ટ ઉદીરણાના વિષયવાળું તથા જઘન્ય ઉદીરણાના વિષયવાળું, ત્યાં પ્રથમ આદ્ય સ્વામિત્વ કહે છે :-***

**दाणाइ अचक्खूणं, जेट्ठा आइम्मि हीणलद्धिस्स ।**
**सुहुमस्स चक्खुणो पुण, तेइंदिय सव्वपज्जत्ते ॥ ५८ ॥**

**ગાથાર્થ :-** દાનાન્તરાય આદિ પાંચ અંતરાય કર્મ તથા અચક્ષુ દર્શનાવરણીય કર્મ એમ કુલ છ કર્મોની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતા સર્વથી હીનલબ્ધિવાળા સૂક્ષ્મ નિગોદીયા જીવને હોય છે તથા ચક્ષુદર્શનાવરણીય કર્મની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા તેઈન્દ્રિય જીવને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાને પર્યાપ્તિના ચરમ સમયે હોય છે. ।।૫૮।।

**વિવેચન :-** સૂક્ષ્મ એકીન્દ્રિય જીવ, સર્વથી અલ્પ વીર્યવાળો હીનલબ્ધિયુક્ત અન્ય સંસારી જીવો કરતાં સૌથી અલ્પમાં અલ્પ દાનાદિ લબ્ધિથી યુક્ત તથા અચક્ષુદર્શન દ્વારા જગતના પદાર્થોને જાણવાની તથા અનુભવ કરવાની સૌથી અલ્પ શક્તિ છે ઉઘાડી જેની એવો જીવ ઉત્પત્તિના પ્રથમ સમયમાં વર્તતો હોય ત્યારે તે જીવ અંતરાય પંચક તથા અચક્ષુદર્શનાવરણીય કર્મ એમ કુલ છ કર્મોની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા કરે છે.

કારણ કે આ જીવની આ છએ લબ્ધિઓ અલ્પ માત્રામાં જ ખુલ્લી છે. તેથી શક્તિઓ ઘણી આવૃત છે. તીવ્ર આવરણનો ઉદય હોવાથી ઉદીરણા પણ આવા જીવને જ

વધારે તીવ્ર હોય છે. ચક્ષુદર્શનાવરણીયની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા એવા તેઇન્દ્રિય જીવને પર્યાપ્તિના ચરમ સમયે ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા જાણવી.

કારણ કે એકેન્દ્રિયથી તેઇન્દ્રિય સુધીના જીવોને જ આ ચક્ષુ ઇન્દ્રિય હોતી નથી. તેથી જોવાની શક્તિનો પ્રાદુર્ભાવ નથી. તેથી આ દર્શનાવરણીય કર્મનો તીવ્ર ઉદય છે. તે માટે ઉદીરણા પણ આ કર્મની આ જીવોને અતિશય તીવ્ર હોય છે. તેમાં પણ એકેન્દ્રિય અને બેઇન્દ્રિય કરતાં તેઇન્દ્રિય જીવને યોગ વધારે હોય છે. તે માટે તેનું કથન કરેલ છે.

તે કારણથી દાનાન્તરાય આદિ પાંચ અંતરાય કર્મો વડે કરાયેલો લબ્ધિનો અત્યન્ત અપકર્ષ (અત્યન્ત અલ્પ માત્રાવાળી જ માત્ર લબ્ધિ) તથા ચક્ષુદર્શનાવરણ નામના કર્મ વડે કરાયેલો ચક્ષુ દ્વારા જોવા જાણવાની શક્તિનો પ્રતિબંધ પરમકાંક્ષાવાળો સર્વથી ઉત્કૃષ્ટ ઉપરોક્ત એવા પ્રતિનિયત જીવને પ્રતિનિયત સમયે જ સંભવે છે. તે માટે તેનું સ્વામી તરીકે કથન કરેલું છે. ।।૫૮।।

**णिद्दाइ पंचगस्स य, मज्झिम परिणाम संकिलिट्ठस्स ।**
**अपुमाइ असायाणं, णरए जेट्ठठिइ समत्तो ।। ५९ ।।**

**ગાથાર્થ :-** નિદ્રાદિ પાંચ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણાનો સ્વામી મધ્યમ પરિણામ યુક્ત મધ્યમ સંક્લિષ્ટતાવાળો જીવ સ્વામી જાણવો તથા નપુંસકવેદાદિ પાંચ કર્મપ્રકૃતિઓ તથા અસાતા વેદનીય એમ કુલ છ કર્મોની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સાતમી નરકમાં વર્તતો જ્યેષ્ઠ સ્થિતિવાળો પર્યાપ્તો જીવ સ્વામી જાણવો. ।।૫૯।।

**વિવેચન :-** મધ્યમ પરિણામ યુક્ત એવો જીવ અર્થાત્ મધ્યમ પરિણામ પ્રાયોગ્ય સંક્લિષ્ટતાવાળો અને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો એવો જીવ નિદ્રાપંચકની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાનો સ્વામી છે.

**પ્રશ્ન :-** અહીં મધ્યમ પરિણામવાળો એવો જીવ કેમ લેવામાં આવ્યો છે ? અતિશય સંક્લિષ્ટ કે અતિશય વિશુદ્ધ કેમ કહેતા નથી ?

**ઉત્તર :-** અતિશય સંક્લિષ્ટતાવાળા જીવને તથા અતિશય વિશુદ્ધિવાળા જીવને નિદ્રાનો ઉદય સંભવતો નથી. કારણ કે તીવ્રકષાયોનો આવેશ તથા તીવ્ર નિર્મળતાવાળા પરિણામ જાગૃત દશામાં જ હોઈ શકે છે. નિદ્રાધીન દશામાં તેવી નિર્મળ વિશુદ્ધિ કે તેવી તીવ્ર સંક્લિષ્ટતા સંભવતી નથી. આમ સમજીને જ ગ્રંથકારશ્રીએ સ્વામી તરીકે મધ્યમ પરિણામનું ગ્રહણ કરેલું છે.

તથા "अपुम" = નપુંસકવેદ આદિ પાંચ કર્મ પ્રકૃતિઓ (૧) નપુંસકવેદ, (૨) અરતિ, (૩) ભય, (૪) શોક, (૫) જુગુપ્સા એમ અપુમાદિ પાંચ, તથા અસાતાવેદનીય એમ કુલ છ કર્મોની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાનો સ્વામી જ્યેષ્ઠ સ્થિતિવાળો (અર્થાત્ ૩૩ સાગરોપમના આયુષ્યવાળો) નારકીનો જીવ સર્વપર્યાપ્તિએ પર્યાપ્તો થયેલો એવો જીવ તથા સર્વ અન્ય નારકીના જીવો કરતાં વધારેમાં વધારે સંક્લિષ્ટતાવાળો જીવ ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી જાણવો.

આ છએ કર્મપ્રકૃતિઓ અશુભ છે. એટલે ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતા હોય ત્યારે અશુભનો ઉદય ઉત્કૃષ્ટ હોય છે. તે માટે તે છની ઉદીરણાનો સ્વામી પણ તેવી ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતાવાળો જીવ જ હોય છે. આવી ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતા અન્યત્ર અસંભવિત છે તે માટે આવા જીવનું સ્વામી તરીકે વિધાન કરેલ છે. ॥૫૯॥

**पंचिंदियतसबायर, पज्जत्तगसायसूसरगईणं ।**
**वेउव्वुस्सासाण य देवो जेट्ठठिइ समत्तो ॥ ६० ॥**

**ગાથાર્થ :-** પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સાતા વેદનીય, સુસ્વર, દેવગતિ, વૈક્રિય સપ્તક અને ઉચ્છ્વાસ નામકર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાનો સ્વામી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો જ્યેષ્ઠસ્થિતિવાળો દેવ જાણવો. ॥૬૦॥

**વિવેચન :-** આ ગાથામાં (૧૫) પન્નર પુણ્ય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી કહેવાય છે તે આ પ્રમાણે જાણવા.

પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સાતાવેદનીય, સુસ્વર નામકર્મ, દેવગતિનામકર્મ, વૈક્રિય સપ્તકનામકર્મ તથા ઉચ્છ્વાસ નામકર્મ એમ કુલ (૧૫) પન્નર કર્મોની ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા જ્યેષ્ઠ સ્થિતિવાળો એટલે કે ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમના આયુષ્યવાળો અનુત્તરવાસી દેવ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો થયેલ, સર્વ પ્રકારે વધારે વિશુદ્ધિવાળો આ દેવ ઉત્કૃષ્ટ અનુભાગના ઉદયવાળો સ્વામી જાણવો. આ પન્નરે કર્મપ્રકૃતિઓ પુણ્યોદય સ્વરૂપ છે. વધારેમાં વધારે રસ રૂપે અનુત્તરવાસી દેવને જ ઉદયમાં હોય છે. તે માટે તેની ઉદીરણા પણ ઉત્કૃષ્ટપણે ત્યાં જ સંભવે છે. સર્વથી ઉત્કૃષ્ટ રસવાળી પુણ્ય પ્રકૃતિઓનો ઉદય જેવો અને જેટલો અનુત્તરવાસી દેવમાં સંભવે તેવો અને તેટલો રસ અન્યત્ર સંભવતો નથી. માટે ઉત્કૃષ્ટ રસની ઉદીરણા પણ ત્યાં જ સંભવે છે. ॥૬૦॥

**सम्मत्तमीसगाणं, से काले गच्छिहित्ति मिच्छत्तं ।**
**हस्सरईण य सहसारगस्स पज्जत्तदेवस्स ॥ ६१ ॥**

**ગાથાર્થ :-** સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીય આ બન્નેની ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા જે જીવ અનન્તર સમયે મિથ્યાત્વે જવાનો હોય તે જીવ તેના ઉદયના અન્તિમ સમયે સ્વામી જાણવો. તથા હાસ્ય અને રતિ મોહનીયની ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી સહસ્રાર દેવલોકના પર્યાપ્તા દેવ જાણવા. ॥૬૧॥

**વિવેચન :-** જે જીવ સમ્યક્ત્વ મોહનીયના ઉદયવાળો છે એટલે કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો છે અને તે જીવ પડીને મિથ્યાત્વે જવાની તૈયારીવાળો છે. મિથ્યાત્વે જવાનો હોવાથી વધારે સંક્લિષ્ટ પરિણામવાળો છે. તેવા જીવને સમ્યક્ત્વમોહનીયના ઉદયના ચરમ સમયે એટલે કે મિથ્યાત્વે જાય તેના પૂર્વ સમયમાં સમ્યક્ત્વમોહનીય કર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા હોય છે.

એવી જ રીતે મિશ્ર મોહનીયના ઉદયવાળા ત્રીજા ગુણસ્થાનકે વર્તતા જીવોમાં જે આત્મા અનન્તર સમયે મિથ્યાત્વે જવાની તૈયારીવાળો છે. એવા મિશ્રદષ્ટિ ગુણસ્થાનકે વર્તતા અતિશય સંક્લિષ્ટ પરિણામધારી જીવને મિશ્ર ગુણસ્થાનકના ચરમ સમયે મિશ્રમોહનીય કર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સંભવે છે માટે તે જીવ તેનો સ્વામી જાણવો.

તથા હાસ્ય અને રતિ મોહનીય આ બે કર્મોની ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી આઠમા સહસ્રાર નામના દેવલોકના દેવ કે જે સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા હોય તેવા દેવને સ્વામી જાણવા.

હાસ્ય અને રતિ મોહનીય આ બન્ને કર્મો મોહનીયની પ્રકૃતિ હોવાથી નિશ્ચય નયથી અશુભ છે. પરંતુ વ્યવહાર નયથી પુણ્યોદયમાં ગણાય છે. તેથી આ શુભપ્રકૃતિ હોવાથી માનવના ભવમાં તથા દેવના ભવમાં તેનો વધારે તીવ્ર રસોદય હોય છે. તેમાં પણ આઠમા દેવલોક સુધીના દેવોમાં વધારે વધારે રસોદયવાળી આ પ્રકૃતિઓ ઉદય-ઉદીરણામાં આવે છે. નવમા આદિ દેવલોકના દેવોમાં હાસ્ય-રતિનો ઉદય-ઉદીરણા હોય છે. પરંતુ વિશિષ્ટ પ્રકૃતિવાળા તથા ગંભીર પ્રકૃતિવાળા આ દેવો હોવાથી હાસ્ય-રતિનો ઉદય હોય છે પરંતુ મધ્યમ રસવાળી જ પ્રકૃતિ આ જીવોને ઉદય તથા ઉદીરણામાં હોય છે. તેથી તીવ્ર રસનો ઉદય અને તીવ્રરસની ઉદીરણાનો સ્વામી આઠમા દેવલોકના દેવને કહ્યો છે. આમ સમજાય છે. આઠમા દેવલોક સુધીના દેવો વધારે હાંસી મશ્કરી અને મજાકની પ્રકૃતિવાળા હોઇ શકે છે. તે માટે તેને સ્વામી કહ્યા છે. ॥૬૧॥

**गइहुंडुवघायाणिट्ठखगइनीयाण दुहचउक्कस्स ।**
**णिरउक्कस्स समत्ते असमत्ताए णरस्संते ॥ ६२ ॥**

**ગાથાર્થ** :- નરકગતિ, હુંડક સંસ્થાન, ઉપઘાત, અપ્રશસ્ત વિહાયોગતિ અને નીચગોત્રકર્મ તથા દૌર્ભાગ્ય ચતુષ્ક એમ કુલ નવ અશુભ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા, ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તતો એવો સર્વપર્યાપ્તિએ પર્યાપ્તો નારકીનો જીવ કરે છે. તથા અપર્યાપ્ત નામકર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા અપર્યાપ્તો મનુષ્ય અપર્યાપ્તાવસ્થાના ચરમ સમયમાં વર્તતો કરે છે. ॥૬૨॥

**વિવેચન** :- ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તતો (૩૩ સાગરોપમના આયુષ્યવાળો) સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો, સર્વથી વધારેમાં વધારે ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતાવાળો સાતમી નારકીનો જીવ (૧) નરકગતિ, (૨) હુંડક સંસ્થાન, (૩) ઉપઘાતનામકર્મ, (૪) અપ્રશસ્ત વિહાયોગતિ, (૫) નીચગોત્રકર્મ તથા (૬-૭-૮-૯) દૌર્ભાગ્ય ચતુષ્ક (દૌર્ભાગ્ય દુઃસ્વર અનાદેય અને અયશઃકીર્તિ એમ ચાર) કુલ સર્વ મળીને (૯) નવ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી જાણવો.

આ નવે પાપપ્રકૃતિઓ છે. પાપકર્મની ઉત્કૃષ્ટ ઉદીરણા અતિશય સંક્લિષ્ટ પરિણામ વાળો જે જીવ હોય તે જ જીવ કરે છે. તે માટે વધારેમાં વધારે સંક્લિષ્ટ પરિણામી સાતમી નારકીનો જીવ સંભવે છે. તેથી આ નવ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી સાતમી નારકીનો જીવ અતિશય સંક્લિષ્ટ પરિણામી હોય તે જીવ સ્વામી જાણવો.

અપર્યાપ્ત નામકર્મના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી અપર્યાપ્ત મનુષ્ય કહ્યા. પરંતુ આ કર્મનો ઉદય અપર્યાપ્તા તિર્યંચ તથા અપર્યાપ્તા મનુષ્ય એમ બન્નેને હોય છે. છતાં સ્વામીમાં માત્ર મનુષ્ય જ કહ્યો. તિર્યંચ ન કહ્યા. તેનું કારણ એમ સમજાય છે કે તિર્યંચ અને મનુષ્ય આ બન્નેમાં વધારે સંક્લિષ્ટતા જેવી મનુષ્યમાં સંભવે છે. તેવી તીવ્ર સંક્લિષ્ટતા તિર્યંચમાં સંભવતી નથી. તિર્યંચ કરતાં મનુષ્ય વધારે સ્વતંત્ર છે. તેથી તેમાં જેમ વિશુદ્ધિ વધારે હોય છે. તેમ સંક્લિષ્ટતા પણ તે મનુષ્યમાં જ વધારે સંભવે છે. આવું કારણ લાગે છે. ટીકાકારશ્રીએ જ છેલ્લી પંક્તિમાં કહ્યું છે કે અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ કરતાં અપર્યાપ્તા મનુષ્યો અતિશય સંક્લિષ્ટ હોય છે. તે માટે મનુષ્યનું અહીં ગ્રહણ કર્યું છે. ॥૬૨॥

**कक्कडगुरु संघयणा, थीपुमसंठाणतिरियनामाणं ।**
**पंचिंदिओ तिरिक्खो, अट्ठमवासे ट्ठवासाऊ ॥ ६३ ॥**

**ગાથાર્થ** :- કર્કશ અને ગુરુસ્પર્શ તથા પ્રથમ વિનાનાં પાંચ સંઘયણ, સ્ત્રીવેદ, પુરૂષવેદ, પહેલા અને છેલ્લા સિવાઈનાં વચ્ચેનાં ચાર સંસ્થાન, તિર્યંચગતિનામકર્મ આ ચૌદ

કર્મોની ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી પંચેન્દ્રિય તિર્યંચ આઠ વર્ષના આયુષ્યવાળો અને આઠમા વર્ષમાં વર્તતો જીવ જાણવો. ॥૬૩॥

**વિવેચન** :- કર્કશ અને ગુરુ સ્પર્શ, છ સંઘયણમાંથી પ્રથમ સંઘયણને વર્જીને શેષ પાંચ સંઘયણ નામકર્મ, તથા સ્ત્રીવેદ અને પુરૂષવેદ, તથા પ્રથમ અને અન્તિમને ત્યજીને બાકીનાં વચ્ચેનાં ચાર સંસ્થાન નામકર્મ, તથા તિર્યંચગતિનામકર્મ એમ કુલ (૨ + ૫ + ૨ + ૪ + ૧ = ૧૪) કુલ ચૌદ કર્મપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ કે જે આઠ વર્ષના આયુષ્યવાળો હોય અને આઠમા વર્ષમાં વર્તતો હોય તેવો જીવ સ્વામી જાણવો.

*ઉપરોક્ત પ્રકૃતિઓનો ઉદય તથા ઉદીરણા પ્રાયઃ તિર્યંચ મનુષ્યમાં જ સંભવે છે.* દેવ-નારકીમાં સંઘયણ તથા વચ્ચેનાં સંસ્થાન વિગેરેનો ઉદય-ઉદીરણા સંભવતાં નથી. તિર્યંચ-મનુષ્યોમાં પણ વધારે સંક્લિષ્ટતા તિર્યંચમાં સંભવે છે. તેમાં પણ આઠ વર્ષના આયુષ્યવાળો થવાથી વધારે બુદ્ધિનો વિકાસ થયો હોવાથી સંક્લિષ્ટતા વધારે સંભવે છે. તેમાં પણ મૃત્યુ કાલ નજીક હોવાથી આર્તધ્યાનાદિનો વધારે સંભવ છે. આવા કારણો લાગે છે. વધારે તો શ્રી કેવલી પરમાત્મા જ જાણે. ॥૬૩॥

**मणुओरालियवज्जरिसहाण मणुओ तिपल्लपज्जत्तो ।**
**नियगठिई उक्कस्सो, पज्जत्तो आउगाणं पि ॥ ६४ ॥**

**ગાથાર્થ** :- મનુષ્યગતિ, ઔદારિક સપ્તક અને વજ્રઋષભ નારાચ સંઘયણ એમ કુલ (૯) નવ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા ત્રણ પલ્યોપમના આયુષ્યવાળો સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો મનુષ્ય કરે છે. તથા ચારે પણ આયુષ્યોમાં પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તતો પર્યાપ્તો જીવ ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી જાણવો. ॥૬૪॥

**વિવેચન** :- મનુષ્યગતિ, વજ્રઋષભનારાચ સંઘયણ, અને ઔદારિક સપ્તક એમ કુલ (૯) પુણ્યપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી ત્રણ પલ્યોપમના આયુષ્યવાળો સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો મનુષ્ય જ જાણવો. કારણ કે આ નવમાંથી એક મનુષ્યગતિનો ઉદય તો મનુષ્યને જ હોય છે. તથા બાકીની આઠ પ્રકૃતિઓ જો કે તિર્યંચ અને મનુષ્ય એમ બન્નેને ઉદયમાં હોય છે. તો પણ પુણ્ય પ્રકૃતિ હોવાથી તેનો તીવ્રરસ જેવો અને જેટલો મનુષ્યમાં સંભવે છે. તેટલો અને તેવો રસ તિર્યંચમાં સંભવતો નથી.

તથા મનુષ્યમાં પણ ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા દેવકુરુ અને ઉત્તરકુરુક્ષેત્રના માનવીમાં જેવો તીવ્ર રસોદય અને રસની ઉદીરણા હોઈ શકે

છે. તેવો તીવ્ર ઉદય અને તેવી તીવ્ર ઉદીરણા શેષ માનવીમાં સંભવતી નથી. તે કારણથી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા મનુષ્યો જ આ નવ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગના ઉદીરક જાણવા.

ચારે પણ આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા પોતપોતાના ભવમાં વર્તતો સંજ્ઞી પંચેન્દ્રિયજીવ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો થયો છતો ઉત્કૃષ્ટ યોગમાં વર્તતો છતો કરે છે. તે માટે તેવો જીવ ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનો સ્વામી જાણવો. ॥ ૬૪ ॥

**हस्सठिई पज्जत्ता तन्नामा विगलजाइ सुहुमाणं ।**
**थावरनिगोयएगिंदियाणमवि बायरो णवरि ॥ ६५ ॥**

**ગાથાર્થ :-** વિકલેન્દ્રિય જાતિ નામકર્મ, તથા સૂક્ષ્મનામકર્મના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી હ્રસ્વસ્થિતિવાળા, પર્યાપ્તા, તે તે નામવાળા જીવો જાણવા તથા સ્થાવર, સાધારણ, એકેન્દ્રિય જાતિ નામકર્મના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી બાદર એકેન્દ્રિય જીવ જાણવા. ॥૬૫॥

**વિવેચન :-** બેઈન્દ્રિય આદિ ૩ જાતિનામકર્મ, અર્થાત્ બેઇન્દ્રિય જાતિ, તેઇન્દ્રિય જાતિ, ચઉરિન્દ્રિય જાતિ નામકર્મ એમ કુલ ત્રણ વિકલેન્દ્રિય જાતિનામકર્મ, તથા સૂક્ષ્મનામકર્મ આ ચાર કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણાના સ્વામી, અલ્પ આયુષ્યકર્મવાળા, સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા પોતપોતાના નામવાળા જીવો જાણવા.

સૌથી અલ્પ આયુષ્યવાળા અને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા એવા બેઇન્દ્રિય જીવો બેઇન્દ્રિય જાતિના, તેઇન્દ્રિય જીવો તેઇન્દ્રિય જાતિના ચઉરિન્દ્રિય જીવો ચઉરિન્દ્રિય જાતિના, તથા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સૂક્ષ્મનામકર્મના સ્વામી જાણવા. આવા જીવો ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા કરે છે. (૧) અલ્પ આયુષ્યવાળા જીવો ઘણા જ સંક્લિષ્ટ હોય છે. તે માટે અહીં સર્વ સંક્લિષ્ટ વિશેષણ કહ્યું છે.

તથા સ્થાવર નામકર્મ, નિગોદ એટલે સાધારણનામકર્મ, તથા એકેન્દ્રિય જાતિનામકર્મ આ ત્રણ કર્મોના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી જઘન્ય આયુષ્યમાં વર્તતા બાદર એકેન્દ્રિય જીવો, કે જે સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા છે અને સર્વ કરતાં વધારે સંક્લિષ્ટ પરિણામવાળા છે. તેવા જીવો સ્વામી જાણવા. તેમાં પણ સ્થાવરનામકર્મના સર્વ સ્થાવર જીવો, સાધારણ નામકર્મના સર્વ સાધારણ વનસ્પતિકાયના જીવો, તથા એકેન્દ્રિય જાતિનામકર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી બન્ને પ્રકારના એકેન્દ્રિય જીવો (સ્થાવર અને સાધારણ એમ બન્ને પ્રકારના એકેન્દ્રિય જીવો) સ્વામી જાણવા.

સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ કરતાં બાદર એકેન્દ્રિયના જીવો વધારે સંક્લિષ્ટ પરિણામવાળા હોય છે. તેથી અહીં બાદર એકેન્દ્રિયનું કથન કરેલું છે. ॥૬૫॥

**आहारतणू पज्जत्तगस्स ( गोय ) चउरंसमउयलहुगाणं ।**
**पत्तेयखगइपरघायाहारतणूण य विसुद्धो ॥ ६६ ॥**

**ગાથાર્થ :-** સમચતુરસ્ર સંસ્થાનનામકર્મ, મૃદુ-લઘુ સ્પર્શનામકર્મ, પ્રત્યેકનામકર્મ, શુભ વિહાયોગતિ, પરાઘાતનામકર્મ તથા આહારક સપ્તકના ઉત્કૃષ્ટ અનુભાગના ઉદીરક આહાર શરીરની જે આત્માએ વિકુર્વણા કરી છે. તે સર્વપર્યાપ્તિએ પર્યાપ્ત અને સર્વવિશુદ્ધ એવો જીવ સ્વામી જાણવો. ॥૬૬॥

**વિવેચન :-** સમચતુરસ્ર સંસ્થાન, મૃદુસ્પર્શ તથા લઘુસ્પર્શ એમ બે સ્પર્શનામકર્મ, પ્રત્યેકનામકર્મ, શુભવિહાયોગતિ અર્થાત્ પ્રશસ્ત વિહાયોગતિનામકર્મ, પરાઘાતનામકર્મ, તથા આહારક શરીર સંબંધી સાત કર્મપ્રકૃતિઓ (આહારક શરીર, આહારક અંગોપાંગ, આહારક સંઘાતન તથા આહારક શરીરના ચાર બંધનનામકર્મ એમ કુલ આહારક સપ્તક) એમ કુલ સર્વસંખ્યાએ મળીને (૧૩) તેર નામકર્મની પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા આહારક શરીરની જે આત્માએ રચના કરી છે. તેવા સાધુ મહાત્મા તે શરીર સંબંધી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા બનેલા હોય ત્યારે તે મહાત્મા કરે છે. આવા જીવોને તે ૧૩ કર્મોની ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી જાણવા.

જો કે આહારક શરીરની રચના પ્રમત્ત ગુણઠાણે જ કરે છે તો પણ અહીં સર્વ વિશુદ્ધ લખ્યું છે તે ઉપરથી એમ સમજવું કે જે આત્મા આહારક શરીર બનાવીને તે શરીર સંબંધી સર્વ પર્યાપ્તિઓ સમાપ્ત કર્યા બાદ સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકે જતા હોય ત્યારે અથવા સાતમા ગુણસ્થાનકે ગયેલો જીવ સ્વામી જાણવો આટલી વિશેષતા જોડી દેવી. કારણ કે તે જ જીવ વધારે વિશુદ્ધ છે. ॥૬૬॥

**उत्तरविउव्विय जई, उज्जोयस्सायवस्स खरपुढवी ।**
**वियगगईणं भणिया, तइए समए णुपूव्वीणं ॥ ६७ ॥**

**ગાથાર્થ :-** ઉદ્યોત નામકર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી ઉત્તરવૈક્રિય શરીરની રચના કરતા એવા મુનિ મહારાજ જાણવા. આતપ નામકર્મની ઉદીરણાના સ્વામી કઠણ પૃથ્વીકાય જીવો જાણવા. ચારે આનુપૂર્વીના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી પોત પોતાની ગતિમાં જતા જીવોને વિગ્રહગતિના ત્રીજા સમયે જાણવા. ॥૬૭॥

**વિવેચન :-** આ ગાથામાં (૧) ઉદ્યોતનામકર્મ, (૨) આતપ નામકર્મ અને (૩-૪-૫-૬) ચાર આનુપૂર્વી નામકર્મ એમ કુલ છ કર્મોના ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી સમજાવ્યા છે.

ત્યાં સૌથી પ્રથમ ઉદ્યોત નામકર્મની ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી સમજાવે છે. જે સાધુ માહાત્મા પુરૂષે વૈક્રિય શરીરની રચના કરી હોય અને તેવા પ્રકારના ઉત્તર વૈક્રિયમાં (નવા બનાવેલા વૈક્રિયમાં) વર્તતા તે મુનિ મહાત્મા નવા શરીર સંબંધી છએ પર્યાપ્તિઓ વડે પર્યાપ્તા થયા હોય ત્યારે તથા સર્વ કરતાં વધારે વિશુદ્ધિમાં વર્તતા હોય ત્યારે આ ઉદ્યોતનામકર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી જાણવા. કારણ કે આ પુણ્યપ્રકૃતિ છે તે માટે વધારે વિશુદ્ધ હોય તો જ ઉત્કૃષ્ટ ઉદીરણા કરે છે.

હવે આતપ નામકર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી સમજાવે છે. પથ્થર આદિ જેવા કઠણ પૃથ્વીકાયમાં વર્તતા જીવને ઉત્કૃષ્ટ આયુષ્યની સ્થિતિમાં (૨૨૦૦૦ વર્ષ પ્રમાણ આયુષ્યની સ્થિતિમાં) વર્તતા પૃથ્વીકાય જીવને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા હોય ત્યારે સર્વ અન્ય જીવો કરતાં વધારે વિશુદ્ધ પરિણામવાળો જીવ બને ત્યારે આતપનામકર્મની ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા કરે છે. આવો જીવ આતપની ઉત્કૃષ્ટ અનુભાગોદીરણાનો સ્વામી છે.

હવે ચારે આનુપૂર્વી નામકર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા ક્યારે થાય ? કયો જીવ તેનો સ્વામી થાય ? તે સમજાવે છે. મનુષ્યાનુપૂર્વી તથા દેવાનુપૂર્વી એમ આ બે આનુપૂર્વી નામકર્મની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણામાં અતિશય વિશુદ્ધ પરિણામવાળા અને નરકાનુપૂર્વી તથા તિર્યંચાનુપૂર્વી આ બે કર્મોની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા અતિશય સંક્લિષ્ટ પરિણામવાળા તે તે ભવ તરફ ઉત્પન્ન થવા માટે જતા હોય ત્યારે વિગ્રહગતિમાં ત્રીજા સમયે વર્તતા ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાના સ્વામી થાય છે.

આનુપૂર્વીનો ઉદય વિગ્રહગતિમાં જ હોય છે. તેથી ઉદીરણા પણ ત્યાં જ સંભવે છે. વિગ્રહગતિમાં પણ અપર્યાપ્તો હોવાથી पइखणअसखगुणविरिय આ ગાથાથી અસંખ્યાતગણો યોગ વધે છે. યોગને અનુસારે ઉદીરણા પણ વૃદ્ધિ પામે છે. તે માટે વિગ્રહગતિમાં પહેલો-બીજો સમય ન લેતાં ત્રીજા સમયનું ગ્રહણ કરેલ છે. આ પ્રમાણે આ ગાથામાં આ છ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સમજાવી. ॥૬૭॥

**जोगंते सेसाणं, सुभाणमियरासिं चउसु वि गईसु ।**
**पज्जत्तुक्कडमिच्छस्सोहीणमणोहिलद्धिस्स ॥ ६८ ॥**

**ગાથાર્થ :-** બાકી રહેલી પ્રકૃતિઓમાં (૨૫) પચીસ પુણ્ય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સયોગી કેવલી ગુણઠાણાના ચરમ સમયે જાણવી તથા ઇતર પ્રકૃતિ એટલે કે બાકી રહેલી પાપ પ્રકૃતિઓ (૩૧) ની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા ચારે પણ ગતિમાં પર્યાપ્તા તીવ્ર અશુભ પરિણામવાળા મિથ્યાત્વીને જાણવી. તેમાં પણ અવધિદ્વિકની ઉદીરણા અવધિ લબ્ધિ વિનાના જીવને સમજવી. ॥૬૮॥

**વિવેચન :-** સયોગી કેવલી ગુણઠાણાના ચરમ સમયે જ જેની ઉદીરણા વિરામ પામી જાય છે. તેવી (૨૫) પુણ્યપ્રકૃતિઓ તૈજસ સપ્તક, મૃદુ-લઘુ વર્જિને શુભવર્ણાદિ એકાદશ, અગુરુલઘુ, સ્થિર, શુભ, સૌભાગ્ય આદેય યશઃકીર્તિનામકર્મ, નિર્માણ, ઉચ્ચગોત્ર તીર્થંકર-નામકર્મ એમ કુલ પચીસ પુણ્ય પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા સયોગી કેવલી ગુણ સ્થાનકના ચરમ સમયમાં વર્તતા તે કેવલી ભગવાન જ્યારે સર્વ અપવર્તના કરણ વડે પ્રકૃતિઓની અપવર્તના કરતા હોય ત્યારે ઉત્કૃષ્ટ અનુભાગોદીરણા કરે છે.

તથા આ ઉપર કહેલી પચીસે પ્રકૃતિઓ પુણ્યોદયવાળી છે. કેવલી પરમાત્માને સર્વ કરતાં શ્રેષ્ઠ પુણ્યોદય હોય છે. તેથી તેની સર્વથી ઉત્કૃષ્ટ ઉદીરણા પણ તે ભગવાનને જ હોય છે. તે માટે ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાના સ્વામી કેવલી પરમાત્મા જ સયોગી ગુણઠાણાના ચરમ સમયે વર્તતા આત્માઓ જ થાય છે.

તથા તેનાથી ઇતર એટલે અશુભ કર્મપ્રકૃતિઓ મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, મનઃપર્યાય જ્ઞાનાવરણીય અને કેવલ જ્ઞાનાંવરણીય એમ કુલ (૪) ચાર જ્ઞાનાવરણીય, કેવલ દર્શનાવરણીય, મિથ્યાત્વમોહનીય, સોળ કષાયો, કર્કશ અને ગુરુ વિનાના શેષ અશુભ વર્ણાદિ (૭) સપ્તક, અસ્થિર અને અશુભ એમ કુલ (૩૧) એકત્રીસ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણા ચારે પણ ગતિમાં વર્તતા મિથ્યાદૃષ્ટિ સર્વ પર્યાપ્તિઓ વડે પર્યાપ્તા થયેલા અને ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતાવાળા જીવો ઉત્કૃષ્ટ ઉદીરણા કરે છે.

તથા અવલિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીય આ બે કર્મોની ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણા અવધિ લબ્ધિ વિનાના તિર્યંચ અને મનુષ્યો કરે છે. જો અવધિ લબ્ધિવાળા તિર્યંચ મનુષ્યો હોય અથવા ભવપ્રત્યયિક અવધિ લબ્ધિવાળા દેવ-નારકીના જીવો હોય તો પણ એમ ચારે ગતિના જીવોને અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીય કર્મનો ઘણો ઘણો રસ ક્ષય પામે છે. તેથી ક્ષયોપશમ ભાવ હોય છે. માટે હીન રસોદય હોય છે પરંતુ ઉત્કૃષ્ટ રસોદય સંભવતો નથી. તેથી જ આ બન્નેના સ્વામિત્વમાં અવધિલબ્ધિ વિનાના જીવનું પ્રતિપાદન કરેલું છે. ॥૬૮॥

*અવતરણ :- આ પ્રમાણે ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનું સ્વામિત્વ કહ્યું. હવે જઘન્ય અનુભાગની ઉદીરણાનું સ્વામિત્વ પ્રતિપાદન કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-*

**सुयकेवलिणो मयसुयचक्खुअचक्खूणुदीरणा मंदा ।**
**विउलपरमोहिगाणं, मणनाणोहीदुगस्साvि ॥ ६९ ॥**

**ગાથાર્થ** :- મતિ-શ્રુત-જ્ઞાનાવરણીય, ચક્ષુ-અચક્ષુદર્શનાવરણીય એમ ચાર કર્મોની જઘન્ય અનુભાગ ઉદીરણા શ્રુત-કેવલી-ચૌદપૂર્વધારી મહાત્માને ક્ષીણ મોહ ગુણસ્થાનકની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે હોય છે. તથા વિપુલમતિ મનઃપર્યાય જ્ઞાનવાળાને મનઃપર્યાય જ્ઞાનાવરણીયની અને પરમાવધિવાળા જીવને અવધિજ્ઞાનાવરણીય તથા અવધિદર્શનાવરણીયની જઘન્ય અનુભાગ ઉદીરણા હોય છે. ॥૬૯॥

**વિવેચન** :- હવે જઘન્ય અનુભાગની ઉદીરણાના સ્વામી સમજાવાય છે. (૧) મતિજ્ઞાનાવરણીય કર્મ, (૨) શ્રુત જ્ઞાનાવરણીય કર્મ, (૩) ચક્ષુદર્શનાવરણીય કર્મ, અને (૪) અચક્ષુદર્શનાવરણીય કર્મ એમ કુલ આ ચાર કર્મોની જઘન્ય અનુભાગ ઉદીરણા બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકની સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે અન્તિમ એક સમયના અનુભાગની ઉદીરણા કરતી વેળાએ હોય છે. તે પણ ચૌદપૂર્વધારી ઉત્કૃષ્ટ શ્રુતલબ્ધિવાળા એવા શ્રુત-કેવલી ભગવાનને જ આ જઘન્ય ઉદીરણા સંભવે છે.

કારણ કે આવા મહાત્મા પુરૂષોને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો તીવ્ર ક્ષયોપશમ ભાવ હોવાથી ઘણો ખરો આ કર્મોનો રસ હણેલો છે. અલ્પ માત્રામાં જ રસ શેષ હોવાથી જઘન્ય રસનો ઉદય અને જઘન્ય રસની ઉદીરણા હોય છે.

તથા આ જ ક્ષીણમોહ ગુણસ્થાનકે વર્તતા વિપુલ મતિ મનઃપર્યાય જ્ઞાનને ધારણ કરતા મહાત્માને સમયાધિક એક આવલિકા કાળ બારમા ગુણસ્થાનકનો બાકી રહે ત્યારે મનઃપર્યાય જ્ઞાનાવરણીય કર્મની જઘન્ય અનુભાગ ઉદીરણા હોય છે.

તથા આ જ ક્ષીણમોહ ગુણસ્થાનકે વર્તતા પરમાવધિ જ્ઞાનવાળા મહાત્માને સમયાધિક એક આવલિકા બારમા ગુણસ્થાનકની બાકી રહે ત્યારે અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીય એમ બે કર્મોની જઘન્ય અનુભાગ ઉદીરણા થાય છે. વિશિષ્ટ લબ્ધિ પ્રગટ થયેલી હોવાથી તે તે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો અલ્પ માત્ર જ રસ શેષ હોવાથી ઉદય અને ઉદીરણામાં આ કર્મનો જઘન્ય અનુભાગ સંભવે છે. ॥૬૯॥

**खवणाय विग्धकेवलसंजलणाणं च णोकसायाणं ।**
**सगसगउदीरणंते, णिद्दापयलाणमुवसंते ॥ ७० ॥**

**ગાથાર્થ :-** ક્ષપક જીવને પાંચ અંતરાયકર્મ, કેવલ જ્ઞાનાવરણીય કેવલદર્શનાવરણીય, સંજ્વલન ચાર કષાય, નવ નોકષાય આ પ્રમાણે (૨૦) વીસ કર્મપ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા પોત પોતાની ઉદીરણાનો જ્યાં જ્યાં વિરામ થાય છે ત્યાં અન્તિમ સમયમાં જે ઉદીરણા થાય છે. તે જઘન્ય અનુભાગ ઉદીરણા જાણવી. ॥૭૦॥

**વિવેચન :-** પાંચ અંતરાયકર્મ કેવલજ્ઞાનાવરણીય અને કેવલદર્શનાવરણીય એમ કુલ સાત કર્મપ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા ક્ષીણમોહ વીતરાગ નામના બારમા ગુણસ્થાનકની, સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે અને ત્રણ સંજ્વલન કષાય તથા ત્રણ વેદોની અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકમાં પોત પોતાની ઉદીરણા જ્યારે જ્યારે વિરામ પામે છે ત્યારે ત્યારે પોતાની અન્તિમ ઉદીરણાકાલે, અને સંજ્વલન લોભની સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે સમયાધિક એક આવલિકા કાળ શેષ હોય ત્યારે, તથા છ નોકષાયોની અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમ સમયે ઉદય અને ઉદીરણાના વિચ્છેદકાલે અન્તિમ જે ઉદીરણા થાય છે. તે જઘન્ય અનુભાગ ઉદીરણા જાણવી.

ક્ષપકશ્રેણી છે એટલે આ કર્મોનો રસ ક્ષય કરતો કરતો આ જીવ ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ કરે છે. જેમ જેમ કાલ જાય છે. તેમ તેમ રસ ઘણો જ ઓછો થતો જાય છે. એટલે ઉદીરણાના અન્તિમ સમયમાં વધારેમાં વધારે જઘન્ય ઉદીરણા મળી શકે છે તે માટે આ પ્રમાણે વિધાન કરેલ છે.

તથા નિદ્રા અને પ્રચલાનો ઉદય (બીજા કર્મગ્રંથ) વિગેરે શાસ્ત્રોમાં બારમાના ઉપાન્ત્ય સમય સુધી કહ્યો છે. તેથી ઉદીરણા પણ બારમાના બે સમયાધિક એક આવલિકા બાકી હોય ત્યાં સુધી તેમના મતે હોઈ શકે છે. પરંતુ કમ્મપયડિકાર તથા પ્રાચીન કર્મગ્રંથકારના મત પ્રમાણે ક્ષપકશ્રેણિમાં નિદ્રાનો ઉદય સંભવતો નથી. જ્યાં મોહનીય કર્મનો ક્ષય કરવાનો છે. ત્યાં આ આત્માની ઘણી જ જાગૃતિ હોવી આવશ્યક છે. તેથી ત્યાં આવો નિદ્રાનો ઉદય સંભવિત નથી. આમ સમજીને નિદ્રાનો ઉદય સ્વીકારતા નથી. તે માટે આ નિદ્રા અને પ્રચલાનો ઉદય ઉપશમ શ્રેણિમાં અગીયારમાં ગુણ સ્થાનક સુધી હોઈ શકે છે અને ક્ષાયિક સમ્યક્ત્વી જીવ જો ક્ષપક શ્રેણિનો પ્રારંભ કરવાનો હોય તો સાતમા ગુણસ્થાનક સુધી જ નિદ્રા-પ્રચલાનો ઉદય સંભવી શકે છે.

આ પ્રાચીન આચાર્યોના મતને ધ્યાનમાં રાખીને નિદ્રા અને પ્રચલાનો ઉદય ઉપશમ શ્રેણિમાં અગિયારમા ગુણસ્થાનક સુધી સંભવતો હોવાથી તેમાં પણ વધારે જાગૃતિ

૧. પ્રથમ ગુણસ્થાનકેથી ચોથે-પાંચમે અને છઠ્ઠે એમ ત્રણે ગુણસ્થાનકે જીવ આરોહણ કરી શકે છે. તેમાં પહેલાથી છઠ્ઠે જનારો જીવ પહેલા બે જીવો કરતા વધારે વિશુદ્ધિમાન છે. તે માટે તેને સ્વામી જાણવો.

અગિયારમા ગુણ સ્થાનકે હોવાથી અગિયારમા ગુણસ્થાનકે નિદ્રાનો ઉદય અત્યન્ત અલ્પ રસવાળો હોય છે. તેથી ઉદીરણા પણ અલ્પરસવાળી બને છે માટે અગિયારમા ગુણઠાણે નિદ્રાના જઘન્ય રસની ઉદીરણાના સ્વામી કહ્યા છે. એકથી દશ-અગિયાર ગુણસ્થાનકોમાં નિદ્રા પ્રચલાનો ઉદય સંભવે છે. તેથી ઉદીરણા પણ હોય છે. પરંતુ અગિયારમા ગુણસ્થાનકે જીવની જાગૃતિ, દસ ગુણસ્થાનકો કરતાં સવિશેષ હોય છે. માટે નિદ્રાદ્વિકનો ઉદય મંદ રસવાળો છે. તેથી ત્યાં જઘન્ય ઉદીરણાનો સંભવ છે. ॥૭૦॥

**णिद्दाणिद्दाईणं, पमत्तविरए विसुज्झमाणम्मि ।**
**वेयगसम्मत्तस्स उ, सगखवणोदीरणाचरमे ॥ ७१ ॥**

**ગાથાર્થ :-** નિદ્રાનિદ્રા વિગેરે થિણદ્ધિત્રિકની જઘન્ય રસની ઉદીરણા વિશુદ્ધમાન એવા પ્રમત્ત વિરત જીવને હોય છે તથા સમ્યક્ત્વમોહનીય કર્મની જઘન્ય અનુભાગ ઉદીરણા પોતાનો ક્ષય કરતાં કરતાં છેલ્લી ઉદીરણા જ્યારે થાય ત્યારે જઘન્ય ઉદીરણાના સ્વામી જાણવા. ॥૭૧॥

**વિવેચન :-** નિદ્રાનિદ્રા, પ્રચલા પ્રચલા, અને સ્ત્યાનર્દ્ધિનિદ્રા એમ જે થિણદ્ધિત્રિક છે. તેના જઘન્ય અનુભાગની ઉદીરણા અપ્રમત્તભાવને અભિમુખ થયેલા વિશુદ્ધમાન એવા પ્રમત્તમુનિને થાય છે કારણ કે

થિણદ્ધિ નિદ્રાદિ ત્રણે નિદ્રાઓ ભારે નિદ્રા છે. ગાઢ ઊંઘ છે. એકથી છ ગુણઠાણા સુધી ઉદયમાં હોય છે એવું "કર્મસ્તવ" નામના બીજા કર્મગ્રંથમાં કહ્યું છે. તેમાં જેમ જેમ ઉપરનું ગુણસ્થાનક હોય ત્યાં આત્માની નિર્મળતા અધિક અધિક છે. તેથી સૌથી વધારે નિર્મળતાવાળા છઠ્ઠા ગુણઠાણાવાળા મુનિ મહાત્મા ગણાય. તેમાં પણ જે મહાત્મા વધારે વિશુદ્ધિવાળા હોય તેવા આત્માને જો આ થિણદ્ધિત્રિક ઉદયમાં આવે તો એકથી પાંચ ગુણઠાણાવાળાને જેટલી તીવ્ર રસે ઉદયમાં આવી હોય તેટલી તીવ્ર રસે મુનિને ન આવે. પરંતુ અલ્પ માત્રાએ રસોદયવાળી આવે તેટલા માટે વિશુદ્ધમાન એવા પ્રમત્ત મુનિને જઘન્ય રસનો ઉદય હોવાથી ત્યાં જ જઘન્ય ઉદીરણાના સ્વામી કહ્યા છે. અપ્રમત્તાદિ ગુણસ્થાનકોમાં તેનો ઉદય જ નથી. માટે તેનું વર્જન કરેલું છે.

તથા વેદક સમ્યક્ત્વ એટલે કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ એટલે કે સમ્યક્ત્વમોહનીય, તેનો જઘન્ય રસોદય અને જઘન્ય અનુભાગની ઉદીરણા કોને હોય ? તે સમજાવતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળાને જ સમ્યક્ત્વ મોહનીયનો ઉદય હોય છે. માટે તેને જ આ જઘન્ય અનુભાગ ઉદીરણા હોય છે. પરંતુ તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો જીવ કેવો લેવો ? તે વિષે ખુલાસો કરતાં કહે છે કે -

ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરતો અને ૪ થી ૭ ગુણસ્થાનકમાંના કોઈ પણ ગુણસ્થાનકમાં વર્તતો જીવ મિથ્યાત્વમોહનીય અને મિશ્ર મોહનીય આ બન્ને કર્મો તથા અનંતાનુંબંધી ચાર કષાય એમ છ કર્મપ્રકૃતિઓનો સર્વથા સત્તામાંથી ક્ષય કરીને સમ્યક્ત્વમોહનીય કર્મનો ક્ષય કરતાં કરતાં જ્યારે અન્તિમ રસસ્કંધોનો ક્ષય કરતો હોય ત્યારે મૃત્યુ પ્રાપ્ત કરીને ચારે ગતિમાંથી કોઈ પણ ગતિમાં ગયેલો જીવ જ્યારે તે સમ્યક્ત્વમોહનીય કર્મની એક સમય માત્ર અધિક એવી એક આવલિકા જેટલું કર્મદલિક શેષ રહ્યું હોય ત્યારે આવલિકા ઉપરના એક સમય માત્રની સત્તાગત દલિકોની જ્યારે ઉદીરણા કરતો ત્યારે ચારે ગતિવાળામાંથી કોઈ પણ જીવ સમયાધિક આવલિકા માત્ર બાકી હોય ત્યારે જઘન્ય અનુભાગનો ઉદય તથા જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે.

આટલો બધો અલ્પ રસ અન્યત્ર ક્યાંય સંભવતો નથી. તે માટે આવો જીવ સ્વામી જાણવો. ચારે ગતિમાંથી કોઈ પણ ગતિમાં વર્તતા અને બીજા જીવો કરતાં વધારે વિશુદ્ધિવાળા ક્ષાયિક સમ્યક્ત્વને પામવાને અભિમુખ થયેલા જીવને સમ્યક્ત્વમોહનીયના જઘન્ય રસની ઉદીરણાનો સ્વામી જાણવો. ॥૭૧॥

**से काले सम्मत्तं, ससंजमं गिण्हओ य तेरसगं ।**
**सम्मत्तमेव मिस्से, मीसं आऊण जहन्नगठिईसु ॥ ૭૨ ॥**

**ગાથાર્થ :-** જે આત્મા અનંતર સમયે સમ્યક્ત્વ અને સંયમ એમ બન્ને ગુણો સાથે પામવાનો હોય તેવો મિથ્યાત્વી જીવ તેર પ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા કરે છે તથા જે મિશ્રદૃષ્ટિ જીવ અનંતર સમયે સમ્યક્ત્વને પામવાનો હોય તે જીવ મિશ્ર મોહનીયના જઘન્ય અનુભાગનો ઉદીરક હોય છે. તથા ચારે પણ આયુષ્યકર્મની જઘન્ય અનુભાગની ઉદીરણા જઘન્ય સ્થિતિમાં વર્તતો જીવ કરે છે. ॥૭૨॥

**વિવેચન :-** આ ગાથામાં ૧૩ + ૧ + ૪ = ૧૮ કુલ અઢાર પ્રકૃતિઓની જઘન્ય ઉદીરણા ગ્રંથકારશ્રી સમજાવે છે.

જે આત્મા મિથ્યાત્વ ગુણસ્થાનકે હાલ વર્તે છે. પરંતુ સમ્યક્ત્વ પામવા માટેની પુરેપુરી તૈયારી જેણે કરી લીધી છે. યથાપ્રવૃત્ત-અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ ઇત્યાદિ સર્વ પ્રક્રિયા જે આત્માએ કરી લીધી છે. મિથ્યાત્વના ચરમ સમયમાં વર્તે છે. તેના અનંતર સમયે

સમ્યક્ત્વ પણ પામવાનો છે તથા સાથે સાથે સંયમ પણ પામવાનો છે તેવો જીવ સંયમ સાથે સમ્યક્ત્વને પામતો અને અતિશય નિર્મળ પરિણામની ધારામાં વર્તતો મિથ્યાત્વગુણસ્થાનકના ચરમ સમયમાં વર્તતો મિથ્યાદૃષ્ટિ આત્મા મિથ્યાત્વમોહનીય તથા પ્રથમના અનંતાનુબંધી ચારકષાય એમ કુલ ૫ પાંચ કર્મપ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા કરે છે.

ગુણોનો ઘાત કરનારી આ પાંચે પ્રકૃતિઓનો મંદમાં મંદ રસોદય અને મંદ રસની ઉદીરણા આટલી બીજે ક્યાંય અન્યત્ર સંભવતી નથી. તે માટે આવા જીવને સ્વામી જાણવો[1].

તથા જે આત્મા અવિરત સમ્યગ્દૃષ્ટિ હોતે છતે હવે પછીના અનંતરે સમયે સંયમને પામવાનો છે. તેવો અવિરત સમ્યગ્દૃષ્ટિ આત્મા અપ્રત્યાખ્યાનીય ચાર કષાયોના જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી થાય છે. કારણ કે અપ્રત્યાખ્યાનીય ચાર કષાયના ઉદયવાળા જીવોમાં આ જ જીવ વધારે વિશુદ્ધિમાન છે તે માટે તેને આ કષાયો મંદ રસે ઉદય-ઉદીરણામાં હોય છે.

તથા જે આત્મા દેશવિરતિધર છે. પાંચમા ગુણઠાણે હાલ વર્તે છે અને સંયમ પ્રાપ્ત કરવાની સર્વ તૈયારી જેણે કરી લીધી છે. તેવો જીવ પાંચમા ગુણસ્થાનકના ચરમ સમયમાં વર્તતો હોય ત્યારે પ્રત્યાખ્યાનાવરણ નામના ત્રીજા કષાયની ચોકડીના જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી જાણવો. અપ્રત્યાખ્યાનાવરણ નામના ત્રીજા કષાયની ચોકડીના ઉદયવાળા જીવોમાં આ જ જીવ સૌથી વધારે વિશુદ્ધમાન પરિણામવાળો છે. તેથી તેને જ સર્વવિરતિના ઘાતક કષાયોનો સર્વવિરતિ પ્રાપ્ત કરતી વેળાએ દેશવિરતિના ચરમ સમયે મંદ-મંદ રસોદય અને મંદ-મંદ રસની ઉદીરણા હોય છે.

મિથ્યાદૃષ્ટિ જીવની અપેક્ષાએ અવિરત સમ્યગ્દૃષ્ટિ આત્મા અનન્તગુણ વિશુદ્ધિવાળો છે અને તેના કરતાં પણ દેશવિરતિધર આત્મા અનંતગુણ વધારે વિશુદ્ધિવાળો છે. એમ સમજીને જ ઉપર કહેલા ક્રમ પ્રમાણે જ જઘન્ય અનુભાગની ઉદીરણા હોવાનો સંભવ છે.

પંચસંગ્રહ નામના ગ્રંથમાં ઉદીરણાકરણ નામના અધિકારમાં ગાથા નંબર (૭૨) બોતેરમાં કહ્યું છે કે "सम्मपडिवत्तिकाले पंचण्ह वि संजमस्स चउचउसु" સમ્યક્ત્વના પ્રાપ્તિ કાલે પાંચ પ્રકૃતિના અને સંયમના પ્રાપ્તિકાલે ચાર ચાર પ્રકૃતિના જઘન્ય અનુભાગની ઉદીરણા થાય છે.

તથા જે આત્મા હાલ મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનકે વર્તે છે. પરંતુ હવે પછીના અનંતર સમયમાં જે આત્મા મિશ્રગુણસ્થાનકેથી અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે જવાનો છે. સમ્યક્ત્વને

૧. પ્રથમ ગુણસ્થાનકેથી ચોથે પાંચમે અને છઠ્ઠે એમ ત્રણે ગુણસ્થાનકે જીવ આરોહણ કરી શકે છે. તેમાં પહેલાથી છઠ્ઠે જનારો જીવ પ્રથમના બે જીવો કરતાં વધારે વિશુદ્ધિમાન છે તે માટે તેને સ્વામી જાણવો.

પામવાનો જ છે. તેવા મિશ્રદષ્ટિ ગુણસ્થાનકે વર્તતા મિશ્રદષ્ટિ જીવને મિશ્રમોહનીયકર્મની જઘન્ય અનુભાગ ઉદીરણા હોય છે.

**પ્રશ્ન :-** મિશ્ર મોહનીય કર્મની જઘન્ય અનુભાગ ઉદીરણા મિશ્ર ગુણઠાણે વર્તતા સમ્યક્ત્વાભિમુખ જીવને ઉપર કહો છો. તેને બદલે સમ્યક્ત્વ અને સંયમ ઉભયને સાથે પામતા એવા મિશ્રદષ્ટિ જીવને જઘન્ય ઉદીરવાના સ્વામી કેમ કહેતા નથી. વધારે વિશુદ્ધિવાળો તો તે જીવ ગણાય ?

**ઉત્તર :-** તમારી વાત સાચી છે કે જે જીવ કેવળ એકલું સમ્યક્ત્વ પામતો હોય તેના કરતાં સમ્યક્ત્વ અને સંયમ એમ બન્ને ગુણો સાથે પામતો હોય તે વધારે વિશુદ્ધિવાળો હોય. પરંતુ મિશ્રદષ્ટિ જીવમાં તેવા પ્રકારની વિશુદ્ધિનો અભાવ હોવાથી સમ્યક્ત્વ અને સંયમ આ બન્ને ગુણો એકી સાથે પામતો જ નથી. પરંતુ કેવલ એકલું સમ્યક્ત્વ જ પામે છે તે માટે કેવલ એકલું સમ્યક્ત્વ જ પ્રાપ્ત કરનારો જીવ સ્વામી કહ્યો છે.

તથા ચારે પણ આયુષ્યકર્મની જઘન્ય અનુભાગ ઉદીરણા પોત પોતાની જઘન્ય સ્થિતિમાં વર્તતો જીવ કરે છે. ત્યાં એટલી વિશેષતા છે કે દેવાયુષ્ય - મનુષ્યાયુષ્ય અને તિર્યંચાયુષ્ય આ ત્રણ આયુષ્ય પુણ્યપ્રકૃતિ હોવાથી તેની જઘન્યસ્થિતિનો બંધ અતિશય સંક્લિષ્ટતાથી જ થાય છે. તે કારણથી તેના ઉદય કાળે પણ બીજા જીવો કરતાં તે જીવ અતિશય સંક્લિષ્ટતા વાળો જ હોય છે. તેવો જીવ અતિશય સંક્લિષ્ટ પરિણામવાળો અને જઘન્યસ્થિતિના ઉદયમાં વર્તતો જીવ જઘન્ય ઉદીરણાનો સ્વામી જાણવો.

*પરંતુ નરકાયુષ્યમાં જે જઘન્ય સ્થિતિવાળો નારકીનો જીવ છે. તે જીવ અધિક* આયુષ્યવાળા શેષ નારકીના જીવો કરતાં અતિશય વિશુદ્ધ છે. તે માટે વિશુદ્ધિના મહિમાથી જ તે નારકીનો જીવ જઘન્યસ્થિતિની અને જઘન્યરસની ઉદય અને ઉદીરણાનો સ્વામી છે આ કારણે નરકાયુષ્યમાં અતિશય વિશુદ્ધિવાળો જીવ જઘન્ય અનુભાગનો ઉદીરક જાણવો. આટલી વિશેષતા સ્વયં સમજી લેવી.

આ ગાથામાં તેરસગં શબ્દ લખીને તેર પ્રકૃતિની જઘન્ય અનભાગ ઉદીરણા અનંતર સમયે સમ્યક્ત્વ અને સંયમને સાથે પામનારા જીવમાં કહી છે. તો પણ આટલી વિશેષતા જાણવી કે પાંચ પ્રકૃતિની જઘન્ય ઉદીરણાનો સ્વામી મિથ્યાદષ્ટિ, ચાર અપ્રત્યાખ્યાનીયની જઘન્ય ઉદીરણાનો સ્વામી અવિરત સમ્યગ્દષ્ટિ અને ચાર પ્રત્યાખ્યાનાવરણનો સ્વામી દેશવિરતિધર જીવ જાણવો ત્યાં એક પ્રશ્ન થાય તેમ છે કે :-

**પ્રશ્ન :-** મિથ્યાત્વમોહનીય અને ચાર અનંતાનુબંધી કષાય એમ કુલ પાંચ કર્મોની ઉદીરણા સમ્યક્ત્વ સાથે સંયમ પામતા જીવને હોય એમ કહ્યું છે ત્યાં કયા સમ્યક્ત્વને પામતો જીવ લેવો ? ઔપશમિક, ક્ષાયિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાંથી કયા સમ્યક્ત્વને પામતો મિથ્યાદષ્ટિ જીવ આ પાંચ પ્રકૃતિની જઘન્ય અનુભાગ ઉદીરણા કરે ? આ વિચારણા થવી શક્ય છે ?

**ઉત્તર :-** ત્યાં મિથ્યાત્વથી ક્ષાયિક પામવાનું તો સંભવતુ જ નથી. કારણ કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો જીવ જ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

હવે ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતો લઈએ તો ત્રણ કરણ કર્યા પછી મિથ્યાત્વની પ્રથમ સ્થિતિના ઉદયકાળે ઉદીરણા હોય છે. ત્યાં સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે ચરમ સમયની ઉદીરણા હોય છે. છેલ્લી એક આવલિકામાં ઉદીરણા હોતી નથી. ક્ષયોપશમિક સમ્યક્ત્વ પામતો મિથ્યાદષ્ટિ જીવ લઈએ તો મિથ્યાત્વના ચરમ સમયવર્તી જીવ લઇ શકાય છે તેથી મિથ્યાત્વના ચરમસમયવર્તી જીવ અને ક્ષાયોપશમિકને પ્રાપ્ત કરતો આ પાંચની ઉદીરણા કરતો હોય છે માટે ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવ લેવો એમ તર્કથી વાત સંગત થાય છે. ॥૭૨॥

**पोग्गलविवागियाणं, भवाइसमए विसेसमवि चार्सि।**
**आइतणूणं दोण्हं सुहुमो वाऊ य अप्पाऊ ॥ ७३ ॥**

**ગાથાર્થ :-** પુદ્‌ગલ વિપાકી સર્વે પણ પ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા ભવના પ્રથમ સમયે થાય છે ત્યાં આટલી પ્રકૃતિઓમાં વિશેષતા છે કે પ્રથમ ઔદારિક અને વૈક્રિય એમ જે બે શરીર સંબંધી છ પ્રકૃતિઓ છે. તેની જઘન્ય ઉદીરણા અનુક્રમે સૂક્ષ્મ વાઉકાય અને બાદર વાઉકાય જીવમાં જાણવી. ॥૭૩॥

**વિવેચન :-** પુદ્‌ગલ વિપાકી (૩૬) છત્રીસ કર્મપ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા ભવના પ્રથમ સમયે જાણવી. તેમાં કઈ પ્રકૃતિની કયા ભવના પ્રથમ સમયે સમજવી. આ વાત સ્પષ્ટ કરી નથી. તેથી આ વાક્ય અતિશય સામાન્ય કથન રૂપ છે.

તે કારણથી અમુક પ્રકૃતિનો અમુક જીવ ઉદીરક હોય આવી જે વિશેષ વાત છે. તે આ પ્રકૃતિઓમાં હવે હું (ગ્રંથકારશ્રી પોતે જ) કહીશ. આમ વિશેષ વાત તરફ ધ્યાન આપજો.

વિશેષ વાત કહેવાની જે પ્રતિજ્ઞા કરી તે જ હવે નિર્વહન કરતાં કહે છે કે :- પાંચ શરીરોમાં આદ્ય = પ્રથમનાં જે બે શરીરો છે. (૧) ઔદારિક અને (૨) વૈક્રિય, આ બન્ને

શરીર સંબંધી કર્મ પ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા અનુક્રમે સૂક્ષ્મ વાઉકાય અને બાદર વાઉકાય કરે છે એમ સમજવું.

અહીં મૂલ ગાથામાં आइतणूणं શબ્દથી આદિનાં બે શરીર નામકર્મ લેવાનાં કહ્યાં છે. તે કથન બન્ધન સંઘાતનના ઉપલક્ષણવાળુ છે અર્થાત્ ઉપલક્ષણથી બન્ધન સંઘાતન પણ ગ્રહણ કરી લેવાનાં છે. તેથી ભાવાર્થ આ પ્રમાણે નીકળે છે કે :-

ઔદારિક શરીર, ઔદારિક સંઘાતન, ઔદારિક શરીર સંબંધી ચાર બંધન એમ કુલ ઔદારિકષટ્કની જઘન્ય અનુભાગ ઉદીરણા અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય વાઉકાય જીવ કરે છે. તથા વૈક્રિય ષટ્કની જઘન્ય અનુભાગ ઉદીરણા અલ્પ આયુષ્યવાળો બાદર પર્યાપ્ત વાઉકાય કરે છે. ઔદારિક અને વૈક્રિય શરીર સંબંધી કર્મપ્રકૃતિઓની ઉદીરણા કરનારા જીવોમાં આ જ જીવો વધારે સંક્લિષ્ટતાવાળા અને અલ્પમાં અલ્પ યોગવાળા છે તે માટે તે જીવોમાં સ્વામિત્વ કહ્યું છે.[1]

પંચસંગ્રહ નામના ગ્રંથમાં ઉદીરણા કરણ ગાથા ૭૩માં કહ્યું છે કે :-

"उरलस्स सुहुमापज्जो वाऊ, बायर पज्जत्तवेयउव्वे" इति ।

**અર્થ** :- ઔદારિકનો સૂક્ષ્મ અપર્યાપ્ત વાઉકાય, અને વૈક્રિયમાં બાદર પર્યાપ્તો વાઉકાય જઘન્ય અનુભાગ ઉદીરણાનો સ્વામી જાણવો. ॥૭૩॥

**बेइंदियअप्पाउग णिरय चिरठिइ असन्निणो वावि ।**
**अंगोवंगाणाहारगाइ जइणोऽप्पकालम्मि ॥ ७४ ॥**

**ગાથાર્થ** :- ઔદારિક અંગોપાંગ અને વૈક્રિય અંગોપાંગ નામકર્મની ઉદીરણાનો સ્વામી અનુક્રમે અલ્પ આયુષ્યવાળો બેઈન્દ્રિય જીવ તથા અસંજ્ઞી પંચેન્દ્રિયમાંથી આવીને દીર્ઘસ્થિતિવાળો થયેલો નારકીનો જીવ સ્વામી જાણવો. આહારકશરીર સંબંધી સાતે પ્રકૃતિઓના સ્વામી આહારક કરતા મુનિને પ્રથમ સમયે જઘન્ય અનુભાગ ઉદીરણા જાણવી. ॥૭૪॥

---

૧. ટીકામાં સૂક્ષ્મૈકેન્દ્રિય, વાઉકાય આમ લખ્યુ છે. હવે જો સૂક્ષ્મ વાઉકાય જ લેવાનો હોય તો એકેન્દ્રિય શબ્દ લેવાની શી જરૂર ? વાઉકાય સદા એકેન્દ્રિય જ હોય છે. વળી ટીકામાં સૂક્ષ્મેકેન્દ્રિય શબ્દ પાસે અલ્પ વિરામ કરેલ છે. તેથી બધા જ સૂક્ષ્મ એકેન્દ્રિય લેવાના હોય તો વાઉકાય શબ્દ લખવાની શી જરૂર? આવો પ્રશ્ન થાય. પરંતુ તેની વિચારણા કરતાં અપર્યાપ્તા સૂક્ષ્મ વાઉકાય જીવ જ લેવા આવો અર્થ કરવો ઠીક લાગે છે અને એકેન્દ્રિય શબ્દ વાઉકાયના વિશેષણ તરીકે હોય. એમ લાગે છે. કારણ કે સર્વ એકેન્દ્રિય જીવોમાં વાઉકાય વધારે વિનાશક પરિણામવાળા હોય છે. તેથી શેષ એકેન્દ્રિયને સ્વામી ન લેતાં. વાઉકાયને સ્વામી કહ્યા હોય તેમ સમજાય છે. તત્ત્વ કેવલી પરમાત્મા જાણે.

**વિવેચન :-** આગળ કહેલી ૭૩મી ગાથામાં ઔદારિકષટ્ક અને વૈક્રિયષટ્કની ઉદીરણાના સ્વામી કહ્યા છે. તેથી આ બન્ને શરીરોમાં અંગોપાંગ નામકર્મના સ્વામી બાકી છે. તે આ ગાથામાં સમજાવે છે.

ઔદારિક અંગોપાંગ નામકર્મની જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી તથા વૈક્રિય અંગોપાંગ નામકર્મની જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી એમ આ બન્ને કર્મોની જઘન્ય અનુભાગ ઉદીરણાના સ્વામી અનુક્રમે અલ્પ આયુષ્યવાળો બેઈન્દ્રિય જીવ, તથા અસંજ્ઞિ પંચેન્દ્રિયના ભવમાંથી નીકળીને નારકીમાં ઉત્પન્ન થયેલો દીર્ઘસ્થિતિવાળો જીવ સ્વામી જાણવો.

ઉપરની વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે. અલ્પમાં અલ્પ આયુષ્યના ઉદયવાળો બેઈન્દ્રિય જીવ પોતાના ભવમાં જ્યારે ઔદારિક અંગોપાંગ નામકર્મનો ઉદય શરૂ થાય ત્યારે પ્રથમ સમયે જ જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી થાય છે.

કારણ કે ઔદારિક અંગોપાંગ નામકર્મના ઉદયવાળા જીવોમાં સૌથી અલ્પ યોગવાળો આ જ જીવ છે. તે માટે તેને જ જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી કહ્યો છે.

તથા જે આત્માએ પહેલાં એકેન્દ્રિયના ભવમાં જઈને જુનુ બાંધેલું વૈક્રિય સપ્તક કદાચ થોડું ઘણું સત્તામાં હોય તેની કરી લીધી છે ઉદ્વલના જેણે એવો અર્થાત્ વૈક્રિય અંગોપાંગ નામ કર્મની સત્તા વિનાનો બનેલો એવો તે જીવ અસંજ્ઞી પંચેન્દ્રિય થઈને થોડો જ કાળ વૈક્રિય અંગોપાંગ નામકર્મ બાંધીને પોતાની સ્થિતિને અનુસારે લાંબી સ્થિતિવાળી પ્રથમ નારકીમાં ઉત્પન્ન થયેલો જીવ જે અતિશય સંક્લિષ્ટ પરિણામવાળો છે. તે વૈક્રિય અંગોપાંગ નામકર્મના ઉદયના પ્રથમ સમયે જ જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી થાય છે. કારણ કે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો જીવ મૃત્યુ પામીને જો નરકમાં જાય તો પોતાના સમાન આયુષ્યવાળી જ નરકમાં જાય છે. પણ અધિક આયુષ્યવાળી નરકમાં જતો નથી.

આ બન્ને અંગોપાંગના સ્વામી કહેવામાં બેઇન્દ્રિય જીવમાં અલ્પ આયુષ્ય લીધુ અને નારકીના જીવમાં દીર્ઘસ્થિતિવાળાપણું લીધું. તે વધારે સંક્લિષ્ટ પરિણામ લેવા માટે સમજવું. વધારેમાં વધારે સંક્લિષ્ટતા વ્યક્ત કરવા માટે તેવા પ્રકારનું વિધાન કરેલ છે.

તથા आहारगाए પદમાં જે સ્ત્રીલિંગ પ્રયોગ છે તે સૂત્રબળથી જાણવો અર્થાત્ તેવા પ્રકારનો સૂત્ર પ્રયોગ છે. પરંતુ आहारक શબ્દ સ્ત્રીલિંગ નથી. તથા અહીં આહારક શબ્દ લખ્યો છે. તેના ઉપલક્ષણથી આહારક સપ્તક સમજી લેવું.

તેવા પ્રકારના આહારક સપ્તકની જઘન્ય અનુભાગની ઉદીરણના સ્વામી આહારક શરીરની વિકુર્વણા કરતા એવા પ્રમત્ત મુનિ સંક્લિષ્ટ પરિણામવાળા મહાત્મા અનુભાગની ઉદીરણાના સ્વામી સમજવા.

પ્રથમ સમયથી આગળ યોગની વૃદ્ધિ થવાથી જઘન્ય ઉદીરણા સંભવતી નથી. તે માટે પ્રથમ સમયનું ઉપાદાન કરેલ છે તથા આહારક શરીરની રચના ચૌદ પૂર્વધર જ કરે છે. તે માટે ચૌદ પૂર્વધારી મુનિ મહાત્મા જ સ્વામી જાણવા. ॥૭૪॥

**अमणो चउरंससुभाण प्याउ चिरसगठिई सेसे ।**
**संघयणाण य मणुओ, हुंडुवघायाणमवि सुहुमो ॥ ७५ ॥**

**ગાથાર્થ :-** સમચતુરસ્ર સંસ્થાન તથા વજ્રઋષભનારાચ સંઘયણના જઘન્ય અનુભાગના ઉદીરક અલ્પ આયુષ્યવાળા અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ સ્વામી જાણવા. શેષ (હુંડક વિનાનાં) ચાર સંસ્થાન નામકર્મના તે જ અસંજ્ઞી પંચેન્દ્રિય પણ પોતાની દીર્ઘ સ્થિતિમાં વર્તતા ભવના પ્રથમ સમયે સ્વામી જાણવા. મધ્યનાં ચાર સંઘયણના દીર્ઘ સ્થિતિવાળા ભવના પ્રથમ સમયમાં વર્તતા મનુષ્ય જઘન્ય અનુભાગની ઉદરણાના સ્વામી જાણવા તથા હુંડક અને ઉપઘાત નામકર્મનો સૂક્ષ્મ નિગોદીયો જીવ દીર્ઘ આયુષ્યવાળો ભવના પ્રથમ સમયે વર્તતો હોય ત્યારે જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી જાણવો. ॥૭૫॥

**વિવેચન :-** આ ગાથામાં છ સંસ્થાન નામકર્મ, છેવટ્ઠા વિનાનાં પાંચ સંઘયણ નામકર્મ અને ઉપઘાત નામકર્મ એમ કુલ ૧૨ કર્મોના જઘન્ય અનુભાગની ઉદીરણાના સ્વામી સમજાવાય છે.

ત્યાં સમચતુરસ્ર સંસ્થાન તથા સુભાણ શબ્દથી વજ્રઋષભ નારાચ સંઘયણ એમ કુલ (૨) બે કર્મપ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણાના સ્વામી अमणा = અસંજ્ઞી પંચેન્દ્રિય, અલ્પ આયુષ્યવાળા, અત્યન્ત સંક્લિષ્ટ પરિણામવાળા, પોતાના ભવના પ્રથમ સમયમાં વર્તતા (વિગ્રહગતિ સમાપ્ત કર્યા પછી પોતાના ઉત્પત્તિસ્થાનમાં આવેલા ત્યાં પ્રથમ સમયમાં વર્તતા) નામકર્મની (૨૬) છવીસ પ્રકૃતિના ઉદયસ્થાનમાં વર્તતા એવા આ જીવો સ્વામી જાણવા.

અલ્પ આયુષ્યવાળા જીવો તેટલા માટે લીધા છે કે તે જીવો વધારે સંક્લિષ્ટ પરિણામવાળા હોય છે. ત્યાં જ જઘન્ય અનુભાગ ઉદીરણા સંભવે છે. વિગ્રહગતિ સમાપ્ત કર્યા પછી ભવના પ્રથમ સમયે લેવાનું કારણ ત્યાં કરણવીર્ય અત્યન્ત અલ્પ હોય છે. તેથી ઉદીરણા અલ્પ થાય છે. વિગ્રહગતિમાં શરીર ન હોવાથી સંઘયણ-સંસ્થાનનો ઉદય હોતો નથી. નામકર્મની (૨૧)

એકવીસ જ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તેથી વિગ્રહગતિ સમાપ્ત કરીને અસંજ્ઞીના ભવમાં આવેલા અને ભવના પ્રથમ સમયમાં વર્તતા જીવને સ્વામી કહ્યા છે.

તથા તે જ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ પોતાના ભવમાં શક્ય બને તેટલો વધારેમાં વધારે ઉત્કૃષ્ટ આયુષ્યવાળા પણે જન્મે વિગ્રહગતિ પછીના પોતાના ભવના પ્રથમ સમયમાં વર્તતો જીવ શેષ સંસ્થાનની એટલે કે મધ્યનાં ચાર સંસ્થાન નામકર્મની જઘન્ય ઉદીરણાનો સ્વામી જાણવો.

તથા મધ્યનાં ચાર સંઘયણ નામકર્મની જઘન્ય અનુભાગની ઉદીરણાના સ્વામી પૂર્વકોટિના આયુષ્યવાળો મનુષ્ય વિગ્રહગતિ પછીના ભવના પ્રથમ સમયમાં વર્તતો જીવ સ્વામી જાણવો. અહીં પૂર્વકોટિના આયુષ્યવાળો લીધો તે અતિશય વધારે વિશુદ્ધિવાળો લેવા માટે કહ્યું છે તથા તિર્યંચ પંચેન્દ્રિય જીવો કરતાં મનુષ્યના જીવો અલ્પ બળવાળા હોય છે. તેથી ઉદીરણા અલ્પ થાય છે. તે માટે મનુષ્ય લેવાનું કહ્યું છે.

તથા હુંડક સંસ્થાન અને ઉપઘાત નામકર્મની જઘન્ય અનુભાગની ઉદીરણાના સ્વામી વધારેમાં વધારે દીર્ઘસ્થિતિવાળા આયુષ્યથી યુક્ત તથા આહારી અને ભવના પ્રથમ સમયમાં (વિગ્રહગતિ પછીના પ્રથમ સમયમાં) વર્તતો સૂક્ષ્મ નિગોદનો જીવ જાણવો.

સુદીર્ઘસ્થિતિવાળો લેવાનું કારણ તેના પોતાના ભવમાં શક્ય બને તેટલી વધારે વિશુદ્ધિવાળો આ જીવ સંભવી શકે છે. તે માટે તેનું ગ્રહણ કર્યું છે તથા આહારી શબ્દ લખવાનું કારણ વિગ્રહગતિ સમાપ્ત થયા પછીનો પ્રથમ સમય લેવા માટે છે. કારણ કે શરીર પર્યાપ્તિ શરૂ કરે ત્યારે જ સંસ્થાન નામકર્મનો ઉદય અને ઉદીરણા શરૂ થાય છે. તેટલા માટે હુંડક સંસ્થાન તથા ઉપઘાત નામકર્મનો ઉદય શરીર પર્યાપ્તિ શરૂ કરે ત્યારે જ શરૂ થાય છે. ઇત્યાદિ કારણોને ધ્યાનમાં લઈને આ સ્વામી સમજાવ્યા છે. ॥૭૫॥

**सेवट्टस्स बिइंदिय बारसवासस्स मउयलहुगाणं ।**
**सन्नि विसुद्धाणाहारगस्स वीसा अइकिलिट्ठो ॥ ७६ ॥**

**ગાથાર્થ :-** બાર વર્ષના આયુષ્યવાળો બેઈન્દ્રિય જીવ સેવાર્ત સંઘયણનો, મૃદુ-લઘુ એમ બે સ્પર્શનો અત્યન્ત વિશુદ્ધ એવો સંજ્ઞી પંચેન્દ્રિય જીવ, તથા તૈજસ સપ્તકાદિ વીસ કર્મપ્રકૃતિઓનો અત્યન્ત સંક્લિષ્ટ પરિણામી વિગ્રહગતિમાં વર્તતો અણાહારી જીવ સ્વામી જાણવો. ॥૭૬॥

**વિવેચન :-** બાર વર્ષના આયુષ્યવાળો અને બારમા વર્ષમાં વર્તતો એવો બેઈન્દ્રિય જીવ સેવાર્ત સંઘયણની જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી જાણવો.

મૃદુ અને લઘુ આ બે સ્પર્શનો અત્યન્ત વિશુદ્ધ પોતાની ભૂમિકા પ્રમાણે જેટલી વધારે વિશુદ્ધિ મળી શકે તેટલો વિશુદ્ધ પરિણામવાળો જીવ અણાહારી હોય ત્યારે જઘન્ય ઉદીરણાનો સ્વામી સમજવો. વિગ્રહગતિમાં વર્તતા જીવને વિગ્રહગતિના પ્રથમ સમયે જ અણાહારી પણ હોય તથા યોગ અલ્પ હોવાથી ઉદીરણા અલ્પ માત્રાએ થાય માટે તેવો જીવ પ્રથમ સમયમાં વર્તતો જઘન્ય અનુભાગ ઉદીરણાનો સ્વામી જાણવો.

તથા તૈજસ સપ્તક, મૃદુ અને લઘુ વિનાના બાકીના શેષ શુભ વર્ણાદિ નવ, અગુરુલઘુ નામકર્મ, સ્થિર, શુભ નામકર્મ તથા નિર્માણ નામકર્મ કુલ (૨૦) વીસ પુણ્ય પ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણાનો સ્વામી વિગ્રહગતિમાં વર્તતો અણાહારી અત્યન્ત સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ જીવ સ્વામી જાણવો. અન્ય સર્વ જીવો કરતાં અલ્પ વીર્ય (અલ્પ યોગ) ત્યાં તેવા જીવને હોય છે. તે માટે આવો જીવ સ્વામી જાણવો. ॥૭૬॥

**पत्तेयमुरालसमं, इयरं हुंडेण तस्स परघाओ ।**
**अप्पाउयस्स आयावुज्जोआणमवि तज्जोगो ॥ ७७ ॥**

**ગાથાર્થ :-** પ્રત્યેક નામકર્મની જઘન્ય અનુભાગ ઉદીરણા ઔદારિક શરીરની જેમ જાણવી તથા પ્રત્યેક નામકર્મથી ઇતર એવા સાધારણ નામકર્મની ઉદીરણા હુંડકની સમાન જાણવી તથા તે જ એકેન્દ્રિય જીવને પરાઘાત નામકર્મની ઉદીરણા પણ જાણવી તથા આતપ અને ઉદ્યોત નામકર્મની પણ જઘન્ય ઉદીરણાના સ્વામી તેને યોગ્ય શરીર પર્યાપ્તિએ પર્યાપ્તો જીવ સ્વામી જાણવો. ॥૭૭॥

**વિવેચન :-** પ્રત્યેક નામકર્મની જઘન્ય અનુભાગ ઉદીરણાનું સ્વામિત્વ ઔદારિક શરીરના નામકર્મની જેમ જાણવું. ગાથા ૭૩ના ઉત્તરાર્ધમાં ઔદારિક શરીર નામકર્મની જઘન્ય ઉદીરણાનું સ્વામિત્વ કહ્યું છે. તેમ અહીં પણ સમજવું. કારણ કે અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ અલ્પ આયુષ્યવાળો ભવના આદિ સમયમાં વર્તતો શરીર પર્યાપ્તિનો પ્રારંભ કરે તેના પ્રથમ સમયમાં વર્તતો નામકર્મની (૨૪) ચોવીશ પ્રકૃતિના ઉદયસ્થાનવાળો જીવ જઘન્ય ઉદીરણાનો સ્વામી જાણવો.

કારણ કે પ્રત્યેક નામકર્મના ઉદયવાળા જીવોમાં બેઇન્દ્રિય આદિ અન્ય જીવો કરતાં તથા બાદર એકેન્દ્રિય આદિ જીવો કરતાં પણ આ જીવ સૂક્ષ્મ એકેન્દ્રિય હોવાથી અલ્પ યોગદશાવાળો છે. તેમાં પણ વિગ્રહગતિ સમાપ્ત થયા બાદ ભવના પ્રારંભના પ્રથમ સમયમાં વર્તતો જીવ અન્ય પ્રત્યેક જીવો કરતાં સૌથી અલ્પ યોગવાળો છે માટે ઔદારિકની સમાન સ્વામિત્વ કહ્યું છે.

તથા આ પ્રત્યેક નામકર્મથી ઇતર એવું જે સાધારણ નામકર્મ છે. તેના સ્વામી હુંડકની સાથે સમાન કહેવા. ઉદીરણા કરણ ગાથા ૭૫ના ચરમ પદમાં "हुंडुवघायाणामवि सुहुमो" પદમાં હુંડકના જેવા સ્વામી કહ્યા છે. તેવા જ પ્રત્યેક નામકર્મના જઘન્ય અનુભાગની ઉદીરણાના સ્વામી કહેવા.

સૂક્ષ્મ એકેન્દ્રિય, આહારી, શરીર પર્યાપ્તિના પ્રથમ સમયમાં વર્તતા (નામકર્મની ૨૪ પ્રકૃતિઓના ઉદયસ્થાનમાં વર્તતા) જીવ પ્રત્યેક નામકર્મના જઘન્ય અનુભાગની ઉદીરણાના સ્વામી જાણવા. પ્રત્યેકના ઉદયવાળા અન્ય જીવો કરતાં તે જીવમાં જ જઘન્ય યોગ હોવાથી ત્યાં જ ઉદીરણાનું સ્વામિત્વ જાણવું.

તથા પરાઘાત નામકર્મની જઘન્ય અનુભાગની ઉદીરણાનું સ્વામિત્વ, સૂક્ષ્મ એકેન્દ્રિય, શીઘ્ર પર્યાપ્તા થયેલા, અતિશય અલ્પ આયુષ્યવાળા અત્યન્ત સંક્લિષ્ટ પરિણામવાળા પોતાની પર્યાપ્તિ પુરી થવાના ચરમ સમયમાં વર્તતા જીવમાં જાણવું.

કારણ કે પરાઘાત નામકર્મના ઉદયવાળા જીવોમાં સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ જ અતિશય અલ્પ યોગવાળો છે. તેમાં પણ નામકર્મની ૨૫ પ્રકૃતિના ઉદય સ્થાનકથી પરાઘાતનો ઉદય શરૂ થાય છે માટે ત્યાં જ જઘન્ય ઉદીરણાનો સ્વામી જાણવો. તે પછીના સમયોમાં પરાઘાત નામકર્મનો ઉદય તો છે. પરંતુ યોગદશા વધતી જતી હોવાથી જઘન્ય અનુભાગની ઉદીરણાનું સ્વામિત્વ પ્રાપ્ત થતું નથી.

તથા આતપ અને ઉદ્યોતનામકર્મની જઘન્ય અનુભાગ ઉદીરણાનું સ્વામિત્વ તેને યોગ્ય જીવમાં સમજી લેવું. ત્યાં પૃથ્વીકાયિક જીવ સૂર્યના વિમાનના રત્નાદિમાં વર્તતા આતપના ઉદયવાળા હોવાથી તેવા જીવમાં શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા આતપના ઉદયકાલના પ્રથમ સમયમાં વર્તતા જીવને જઘન્ય અનુભાગની ઉદીરણા જાણવી.

આતપ નામકર્મનો ઉદય તો પૃથ્વીકાયને જ હોય છે. એટલે જઘન્ય ઉદીરણા પણ પૃથ્વીકાયને જ હોય તે વાત સંભવિત છે. પરંતુ ઉદ્યોત નામકર્મનો ઉદય તો સામાન્યપણે સર્વ તિર્યંચોને હોય છે. તેથી સર્વ તિર્યંચોમાં તેની ઉદીરણા હોય છે. પરંતુ જઘન્ય અનુભાગની ઉદીરણા આતપની જેમ ઉદ્યોતની પણ પૃથ્વીકાય જીવોમાં જ સંભવે છે. તે માટે બન્નેનું સ્વામિત્વ સાથે કહ્યું છે. કારણ કે અન્ય તિર્યંચયોનિના જીવો કરતાં પૃથ્વીકાયમાં યોગની અલ્પતા છે. તેમાં પણ શેષ એકેન્દ્રિય જીવો કરતાં પણ પૃથ્વીકાય જીવો કઠણ પ્રકૃતિવાળા હોવાથી યોગદશા અલ્પ હોય છે. આવું કારણ પણ જાણવું. ॥૭૭॥

**जाणावज्जीकरणं, तित्थगरस्स णवगस्स जोगंते ।**
**कक्खडगुरुणमंते णियत्तमाणस्स केवलिणो ॥ ७८ ॥**

**ગાથાર્થ :-** જ્યાં સુધી આવર્જિતકરણ ન કરે ત્યાં સુધી તીર્થંકર નામકર્મની જઘન્ય અનુભાગ ઉદીરણા કરે છે. તથા નવ પ્રકૃતિઓની જઘન્ય અનુભાગ ઉદીરણા સયોગી કેવલી ભગવાન તેરમાના ચરમ સમયે કરે છે તથા કર્કશ અને ગુરુ સ્પર્શની જઘન્ય અનુભાગ ઉદીરણા કેવલિ સમુદ્ઘાતથી નિવર્તમાન થતાં મન્થાન સંહરણ કરવાવાળા છઠ્ઠા સમયે જઘન્ય અનુભાગ ઉદીરણા જાણવી. ॥૭૮॥

**વિવેચન :-** આયોજિકાકરણ કેવલિ સમુદ્ઘાતના પૂર્વ કાલમાં જીવ કરે છે. ત્યાં आयोजिका શબ્દમાં આ ઉપસર્ગ છે. તેનો અર્થ મર્યાદા પૂર્વક योजनम् - જોડવું. કેવલિ ભગવાનની દૃષ્ટિએ પોતાના આત્માને પોતાના કર્મો કેટલાં બાકી છે. તે જોવામાં આત્માને જોડવો આવો જે વ્યાપાર તે **આયોજિકાકરણ** કહેવાય છે.

આ જ કરણને બીજા કેટલાક આચાર્યો **આવર્જિતકરણ** પણ કહે છે. ત્યાં અર્થ આ પ્રમાણે કરવો. આવર્જિત કરાયો એટલે સન્મુખ કરાયો, લોકમાં વક્તાઓ આ પ્રમાણે બોલતા જ હોય છે કે **"આ માણસ મારા વડે આવર્જિત કરાયો = સન્મુખ કરાયો"** તેથી તથા ભવ્યતા પાકવાથી આવર્જિત કરાયેલો મુક્તિગમન તરફ અભિમુખ કરાયેલો એવો જે જીવ, તેનું જે કરણ એટલે કે ઉદયાવલિકામાં કર્મનો પ્રક્ષેપ કરવા સ્વરૂપ શુભ યોગોનો જે વ્યાપાર તે આવર્જિત કરણ કહેવાય છે.

આ જ કરણને અન્ય આચાર્યો આવશ્યકકરણ પણ કહે છે. ત્યાં અર્થ આ પ્રમાણે જાણવો. આવશ્યક એટલે અવશ્યપણે જે કરણ કરવાનું જ હોય તે આવશ્યકકરણ તેનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો. કેવલિ સમુદ્ઘાત કેટલાક આત્માઓ કરે અને જેને ચારે અઘાતી કર્મો સમાન હોય તે કેવલિ સમુદ્ઘાત ન પણ કરે. પરંતુ આ આવશ્યક કરણ તો સર્વે પણ કેવલિ ભગવંતો કરે જ છે.

આ પ્રમાણે આયોજિકાકરણ, આવર્જિતકરણ અને આવશ્યકકરણ એમ ત્રણ નામો છે. આ આયોજિકાકરણ અસંખ્યાત સમયાત્મક અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

ભગવાન્ (અત્યન્ત પૂજ્ય) એવા આર્યશ્યામાચાર્યે કહ્યું છે કે "कइ समइए णं भंते आउज्जियाकरणे पन्नत्ते ? गोयमा ! असंखेज्जसमइए अंतोमुहुत्तिए पन्नत्ते" ।

**અર્થ :-** હે ભગવાન્ આયોજિકાકરણ કેટલા સમયનું કહેલું છે. હે ગૌતમ, અસંખ્યાત સમયાત્મક અંતર્મુહૂર્ત કાળના માપવાળું કહેલું છે.

તે આયોજિકાકરણ આ પરમાત્મા જ્યાં સુધી આરંભે નહીં ત્યાં સુધી તીર્થંકર નામકર્મની જઘન્ય અનુભાગોદીરણા થાય છે. આયોજિકા કરણ કરે છતે અનુભાગોદીરણા ઘણી પ્રવર્તે છે તે માટે આવર્જિતકરણની પૂર્વકાલમાં જ સ્વામિત્વ કહ્યું છે.

તથા નીલ અને કૃષ્ણવર્ણ નામકર્મ, દુરભિ ગન્ધ નામકર્મ, તિક્ત અને કટુ રસનામ કર્મ, તથા શીત અને રૂક્ષ સ્પર્શનામકર્મ એમ કુલ વર્ણાદિની સાત, તથા અસ્થિર અને અશુભ નામકર્મ એમ કુલ (૯) નામકર્મની અશુભ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગની ઉદીરણા સયોગિ કેવલી ગુણઠાણાના ચરમ સમયમાં જાણવી. આ નવ કર્મોની ઉદીરણા કરવામાં આ જ જીવ અતિશય વિશુદ્ધ છે. તે માટે આ જીવ જ જઘન્ય ઉદારણાનો સ્વામી છે માટે તેને જ સ્વામી કહ્યો છે.

તથા કર્કશ અને ગુરુ સ્પર્શના જઘન્ય અનુભાગની ઉદીરણા કેવલિ સમુદ્‌ઘાતથી નિવર્તમાન થતા કેવલિ પરમાત્માને મન્થાનનું સંહરણ કરવાના સમયે એટલે કેવલિ સમુદ્‌ઘાતના છઠ્ઠા સમયે સ્વામી જાણવા. ॥૭૮॥

**सेसाण पगइवेई, मज्झिम परिणाम परिणओ हुज्जा ।**
**पच्चयसुभासुभा वि य, चिंतिय णेओ विवागे य ॥ ७९ ॥**

**ગાથાર્થ :-** બાકી રહેલી (૩૪) ચોત્રીસ પ્રકૃતિઓની તેના તેના ઉદયમાં વર્તતા સર્વે પણ મધ્યમ પરિણામે પરિણત થયેલા જીવો જઘન્ય અનુભાગની ઉદીરણાના સ્વામી જાણવા. પ્રત્યયપણું શુભાશુભપણુ તથા ભવવિપાકાદિનો વિચાર કરીને આ જઘન્ય તથા ઉત્કૃષ્ટ અનુભાગ ઉદીરણાનું સ્વામિપણું વિચારવું. ॥૭૯॥

**વિવેચન :-** બાકી રહેલી સાતા-અસાતા વેદનીય, ચાર ગતિ નામકર્મ, પાંચ જાતિનામકર્મ, ચાર આનુપૂર્વી નામકર્મ, ઉચ્છ્વાસ નામકર્મ, બે વિહાયોગતિ નામકર્મ, ત્રસ-સ્થાવર, બાદર-સૂક્ષ્મ, પર્યાપ્ત-અપર્યાપ્ત, સૌભાગ્ય-દૌર્ભાગ્ય, સુસ્વર-દુઃસ્વર, આદેય-અનાદેય, યશઃકીર્તિ-અયશ-કીર્તિ, ઉચ્ચગોત્ર-નીચગોત્ર એમ કુલ (૩૪) ચોવીસ કર્મપ્રકૃતિઓના તે તે પ્રકૃતિના ઉદયમાં વર્તતા સર્વે પણ જીવો જ્યારે મધ્યમ પરિણામથી પરિણત હોય ત્યારે જઘન્ય અનુભાગની ઉદીરણાના સ્વામી જાણવા.

ઉપર કહેલી સર્વે પણ (૩૪) પ્રકૃતિઓ પરસ્પર પરાવર્તમાન પ્રકૃતિઓ છે. તેથી તેના જઘન્ય રસની ઉદીરણા જ્યારે જીવો પરાવર્તમાન ભાવવાળા પરિણામની ધારામાં હોય ત્યારે કરે છે. એટલે કે પુણ્ય પ્રકૃતિઓ બાંધી પાપ પ્રકૃતિઓ બાંધતા હોય ત્યારે પુણ્ય પ્રકૃતિઓના મંદ રસની અને પાપ પ્રકૃતિઓ બાંધીને પુણ્ય પ્રકૃતિઓ બાંધતા હોય ત્યારે

પાપ પ્રકૃતિઓના મંદ રસની ઉદીરણા કરે છે. પરાવર્તમાન પરિણામ હોય ત્યારે અધ્યવસાય સ્થાનોની મંદતા વધારે હોય છે. તે કાળે તીવ્ર વિશુદ્ધિ કે તીવ્ર સંક્લેશ સંભવતો નથી.

તે કારણથી તીવ્ર રસબંધ કે તીવ્ર રસની ઉદીરણા સંભવતી નથી. પરંતુ મંદ મંદ રસબંધ અને મંદ મંદ રસનો ઉદય તથા મંદ-મંદ રસની ઉદીરણા થાય છે.

હવે સામાન્યથી સર્વ ઠેકાણે જઘન્ય તથા ઉત્કૃષ્ટ અનુભાગની ઉદીરણાનું સ્વામિત્વ જાણવાના ઉપાયો બતાવે છે.

(૧) કઈ કઈ કર્મપ્રકૃતિઓ પરિણામ પ્રત્યયિક છે ? અને કઈ કઈ કર્મપ્રકૃતિઓ ભવપ્રત્યયિક ઉદય-ઉદીરણાવાળી છે. આ બરાબર જોઈને આ ઉદીરણાનું સ્વામિત્વ વિચારવું આ એક ઉપાય છે. તથા (૨) પ્રકૃતિઓમાં શુભપણું છે કે અશુભપણું છે તે બરાબર વિચારીને આ ઉદીરણાનું સ્વામિત્વ વિચારવુ આ બીજો ઉપાય છે. તથા (૩) કયા કયા કર્મોના ઉદય અને ઉદીરણા ભવવિપાકી પુદ્‌ગલવિપાકી ક્ષેત્ર વિપાકી કે જીવવિપાકી છે. તેનું બરાબર ચિંતન મનન કરીને સમ્યક્‌પણે મનમાં ભાવના ભાવીને આ જઘન્ય તથા ઉત્કૃષ્ટ ઉદીરણાના સ્વામીપણું વિચારવું આ ત્રીજો ઉપાય છે.

તે સંબંધી વધારે સ્પષ્ટીકરણ આ પ્રમાણે :- પરિણામ પ્રત્યયિક ઉદીરણા પ્રાયઃ ઉત્કૃષ્ટ હોય છે અને ભવપ્રત્યયિક ઉદીરણા પ્રાયઃ જઘન્ય હોય છે. પુણ્ય પ્રકૃતિઓની જઘન્ય ઉદીરણા પ્રાયઃ સંક્લિષ્ટતામાં થાય છે અને પાપપ્રકૃતિઓની જઘન્ય ઉદીરણા પ્રાયઃ વિશુદ્ધતામાં થાય છે. તેનાથી વિપરીત પરિણામ જો હોય તો બન્નેની પ્રાયઃ ઉત્કૃષ્ટ ઉદીરણા થાય છે. એટલે કે પુણ્ય પ્રકૃતિઓની વિશુદ્ધિમાં અને પાપ પ્રકૃતિઓની સંક્લિષ્ટતામાં ઉત્કૃષ્ટ ઉદીરણા થાય છે.

તથા પુદ્‌ગલવિપાકી આદિ પ્રકૃતિઓની પુદ્‌ગલ આદિ નિમિત્તોનો ઉત્કર્ષ પ્રાપ્ત થાય ત્યારે ઉત્કૃષ્ટ અને પુદ્‌ગલ આદિ નિમિત્તોનો અપકર્ષ પ્રાપ્ત થાય ત્યારે જઘન્ય ઉદીરણા થાય છે. તથા ભવના આદ્ય સમયમાં જઘન્ય અને પછી વધારે વધારે ઉદીરણા થાય છે. ઇત્યાદિ ભાવોનો વિચાર કરીને તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવમાં જ જઘન્ય અને ઉત્કૃષ્ટ ઉદીરણાનું સ્વામિ પણું વિચારવું. આ ઉદીરણા જાણવાના ઉપાયો સમજાવ્યા. ॥૭૯॥

*અવતરણ :- અનુભાગ ઉદીરણા સમજાવી. હવે પ્રદેશ ઉદીરણા કહેવાની છે. ત્યાં બે અર્થાધિકારો (દ્વારો) છે. (૧) સાદિ-અનાદિ પ્રરૂપણા તથા (૨) સ્વામિત્વ પ્રરૂપણા ત્યાં પ્રથમ સાદિ-અનાદિ પ્રરૂપણા સમજાવાય છે તે બે પ્રકારની છે. (૧) મૂલપ્રકૃતિ વિષયક અને (૨) ઉત્તર પ્રકૃતિ વિષયક ત્યાં સૌથી પ્રથમ મૂલપ્રકૃતિ વિષયક સાદિ અનાદિ વિષયક પ્રરૂપણા સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-*

**पंचण्हमणुक्कोसा, तिहा पएसे चउव्विहा दोण्हं ।**
**सेसविगप्पा दुविहा, सव्वविगप्पा य आउस्स ॥ ८० ॥**

**ગાથાર્થ** :- પાંચ મૂલકર્મોની અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા ત્રણ પ્રકારે અને બે મૂલકર્મોની અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા ચાર પ્રકારે, આ સાત કર્મોના શેષવિકલ્પો તથા આયુષ્યકર્મના સર્વ વિકલ્પો બે પ્રકારે હોય છે. ॥૮૦॥

**વિવેચન** :- મોહનીય, આયુષ્ય અને વેદનીય આ ત્રણ કર્મોને વર્જીને શેષ પાંચ મૂલકર્મોની પ્રદેશના વિષયમાં અનુત્કૃષ્ટ ઉદીરણા ત્રણ પ્રકારની છે. અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી, તે વધારે સ્પષ્ટતાપૂર્વક આ પ્રમાણે છે :-

આ પાંચે મૂલકર્મોની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા ગુણિત કર્માંશી જીવને પોત પોતાની ઉદીરણાના અન્તકાલે પ્રાપ્ત થાય છે. ત્યાં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અને અંતરાયકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા બારમા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે અને નામ-ગોત્ર કર્મની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા સંયોગી કેવલી ગુણઠાણાના ચરમ સમયે થાય છે. તે ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારની હોય છે.

આ બારમા-તેરમા ગુણઠાણા વિનાની આ પાંચે કર્મોની જે પ્રદેશ ઉદીરણા થાય છે તે સઘળી પણ ઉદીરણા અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા કહેવાય છે. તે ઉદીરણા અનાદિકાળથી ચાલતી જ હોવાથી અનાદિ છે. કારણ કે આ પાંચે કર્મોનો અવશ્ય ઉદય છે જ. તેથી ઉદીરણા પણ ધ્રુવ જ છે. તે માટે પાંચ કર્મોની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા અનાદિ, અભવ્ય જીવોને આશ્રયી ધ્રુવોદીરણા અને ભવ્ય જીવોને આશ્રયી અધ્રુવ ઉદીરણા જાણવી. આ રીતે ઉત્કૃષ્ટ ઉદીરણા બે પ્રકારે અને અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા ત્રણ પ્રકારે પાંચ કર્મોની હોય છે.

તથા વેદનીયકર્મ અને મોહનીયકર્મ આ બે કર્મોની અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે જાણવી. તે આ પ્રમાણે :-

વેદનીય કર્મની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા અપ્રમત્તભાવને અભિમુખ થયેલા એવા સર્વ વિશુદ્ધ પ્રમત્તમુનિને હોય છે. કારણ કે વેદનીયકર્મ અને આયુષ્યકર્મની ઉદીરણા પ્રમત્ત ગુણઠાણાથી ઉપર થતી નથી તથા મોહનીય કર્મની ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણા પોતાની ઉદીરણાના અન્તકાલે એટલે દશમા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે ગુણિતકર્માંશી જીવને થાય છે. બન્ને કર્મોની આ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા સમય માત્ર ચાલતી હોવાથી સાદિ-અધ્રુવ જાણવી.

તેના સિવાય બાકીની બધી જ ઉદીરણા અનુત્કૃષ્ટ પ્રદેશોદીરણા કહેવાય છે. તે વેદનીયકર્મની અપ્રમત્ત ગુણસ્થાનકથી પડતાં અને મોહનીય કર્મની ઉપશાન્ત મોહ ગુણસ્થાનકથી પડતાં શરૂ થાય છે. તે માટે ત્યારે અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાની સાદિ જાણવી.

જે જીવો અપ્રમત્ત ગુણસ્થાનક અને ઉપશાન્ત મોહગુણસ્થાનક પામ્યા નથી. તે જીવોને આ બન્ને કર્મોની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા અનાદિ છે. ધ્રુવ અને અધ્રુવ ઉદીરણા અભવ્ય અને ભવ્યને આશ્રયી સમજી લેવી.

આ સાતે પણ મૂલકર્મોની ઉદીરણાના શેષ વિકલ્પો જઘન્ય અજઘન્ય અને ઉત્કૃષ્ટ બે જ પ્રકારે છે સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે જાણવી તે આ પ્રમાણે :-

આ સાતે કર્મોની પણ જઘન્ય તથા અજઘન્ય પ્રદેશ ઉદીરણા મિથ્યાદૃષ્ટિ જીવને અતિશય સંક્લિષ્ટ અને અસંક્લિષ્ટ પરિણામ હોય ત્યારે જ થાય છે. આ પ્રમાણે આ બન્ને પ્રકારની ઉદીરણા પરાવર્તે પરાવર્તે થતી હોવાથી સાદિ-અધ્રુવ જાણવી અને ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા તો અનુત્કૃષ્ટ ઉદીરણા સમજાવવાના અવસરે હમણાં જ સમજાવી છે.

તથા આયુષ્યકર્મના જઘન્ય-અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એમ ચારે પ્રકારની પ્રદેશ ઉદીરણા આયુષ્ય કર્મની ઉદીરણા જ અધ્રુવ હોવાથી જ સાદિ અધ્રુવ માત્ર જ જાણવી. કારણ કે મૃત્યુકાલ નજીક આવે ત્યારે આ ભવનું આયુષ્યકર્મ માત્ર એક જ આવલિકા બાકી રહે ત્યારે આયુષ્યકર્મની ઉદીરણા હોતી જ નથી. તેથી તેના ચારે વિકલ્પો સાદિ-અધ્રુવ માત્ર જ જાણવા.॥૮૦॥

*અવતરણ :- હવે ઉત્તરપ્રકૃતિઓના સાદિ-અનાદિ ભાંગાઓની પ્રરૂપણા પ્રદેશ ઉદીરણામાં કરતાં જણાવે છે કે :-*

**मिच्छत्तस्स चउद्धा, सगयालाए तिहा अणुक्कोसा ।**
**सेसविगप्पा दुविहा, सव्वविगप्पा य सेसाणं ॥ ८१ ॥**

**ગાથાર્થ :-** મિથ્યાત્વ મોહની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા ચાર પ્રકારે, બાકીની (૪૭) સુડતાલીસ ધ્રુવોદયી કર્મપ્રકૃતિઓની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા ત્રણ પ્રકારે, આ (૪૮) અડતાલીસ કર્મપ્રકૃતિઓના શેષ વિકલ્પો તથા બાકીની (૧૧૦) એકસોહ દશ અધ્રુવોદયી પ્રકૃતિના સર્વ વિકલ્પો સાદિ-અધ્રુવ જાણવા. ॥૮૧॥

**વિવેચન :-** ધ્રુવોદયી કુલ ૪૮ પ્રકૃતિઓ છે. તેમાંથી એક મિથ્યાત્વમોહનીયનો ઉદય માત્ર પહેલા ગુણઠાણે જ હોય છે. તેથી તેની પ્રદેશ ઉદીરણામાં અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સાદ્યાદિ ચાર ભાંગા થાય છે. તે આ પ્રમાણે :- જે આત્મા મિથ્યાત્વ ગુણ સ્થાનકે છે. પરંતુ હવે પછીના બીજા જ સમયે સંયમ તથા સમ્યક્ત્વ આ બન્ને ગુણો એક સાથે પામવાનો છે. તેવા સર્વ વિશુદ્ધ મિથ્યાદૃષ્ટિ જીવને મિથ્યાત્વ મોહનીયની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા થાય છે. આવા પ્રકારની આ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા એક સમય માત્ર જ હોય છે.

તેના પછીના સમયે જ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાથી આ ઉદીરણા વિરામ પામી જાય છે. તે માટે આ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા સાદિ-અધ્રુવ છે.

મિથ્યાત્વના ચરમસમય સંબંધી આ ઉદય-ઉદીરણા વિનાની મિથ્યાત્વમોહની તમામ ઉદય-ઉદીરણા અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા છે. જે આત્માઓ સમ્યક્ત્વ પામીને ત્યાંથી પડે છે. તેઓને પહેલા ગુણઠાણે આવતાં મિથ્યાત્વ મોહનો ઉદય અને ઉદીરણા ફરી શરૂ થાય છે ત્યારે અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાની સાદિ જાણવી.

જે આત્માઓ તે સ્થાન (સમ્યક્ત્વાદિ ગુણો) પામ્યા નથી. તેના કારણે મિથ્યાત્વના ઉદય-ઉદીરણાનો વિરામ પામ્યા નથી. તેવા અનાદિ મિથ્યાત્વી જીવોને આશ્રયી આ મિથ્યાત્વમોહની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા અનાદિ જાણવી. ધ્રુવ અને અધ્રુવ તો અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ જ સમજી લેવા.

તથા બાકીની (૪૭) સુડતાલીસ ધ્રુવોદીરણાવાળી કર્મપ્રકૃતિની અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા અનાદિ-ધ્રુવ અને અધ્રુવ સમજવી. તે આ પ્રમાણે :- જ્ઞાનાવરણીય કર્મની (૫) પાંચ, અંતરાયકર્મની (૫) પાંચ તથા દર્શનાવરણીયકર્મની ચક્ષુદર્શનાવરણીયાદિ (૪) ચાર એમ કુલ (૧૪) ચૌદ કર્મપ્રકૃતિઓની બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકે સમયાધિક એક આવલિકા કાલ બાકી રહે ત્યારે અન્તિમ એક સમયની ઉદીરણા કરે ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા જાણવી. આવી ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા આ કાલે જ થઈ છે. તે માટે સાદિ-અધ્રુવ સમજવી.

તેનાથી અન્ય સર્વ ઉદીરણા તે અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા જાણવી. તે બારમું ગુણસ્થાનક નહીં પામેલા જીવોને અનાદિકાળથી છે માટે તે અનુત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા સદાકાળ ચાલે જ છે તે માટે અનાદિ, ધ્રુવ અને અધ્રુવ અભવ્ય અને ભવ્યની અપેક્ષાએ પૂર્વની જેમ જ સમજવા.

તથા તૈજસ સપ્તક, વર્ણાદિના (૨૦) વીસ ભેદ, સ્થિર-અસ્થિર, શુભ અને અશુભ, અગુરુલઘુ અને નિર્માણનામકર્મ, એમ (૩૩) તેત્રીસ નામકર્મની ધ્રુવ ઉદય અને ધ્રુવ ઉદીરણાવાળી પ્રકૃતિઓની ગુણિત કર્માંશી જીવને સયોગી-કેવલી ગુણઠાણાના ચરમ સમયે જે પ્રદેશ ઉદીરણા થાય છે. તે આ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા જાણવી. આવી ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા આ સમયે જ થઈ છે તે માટે તે સાદિ-અધ્રુવ છે.

તે વિનાની તમામ ઉદીરણા આ (૩૩) પ્રકૃતિઓની અનુત્કૃષ્ટ છે. આવી આ અનુત્કૃષ્ટ ઉદીરણા સદાકાલ ચાલુ જ છે. તે માટે અનાદિ, તથા અભવ્ય અને ભવ્યને આશ્રયી ધ્રુવ અને અધ્રુવ.

આ (૪૭) સુડતાલીસ પ્રકૃતિઓના શેષ વિકલ્પો જઘન્ય અજઘન્ય અને ઉત્કૃષ્ટ એમ ત્રણે પ્રકારના સાદિ-અધ્રુવ એમ બે રીતે જ હોય છે. તે આ પ્રમાણે સમજાવા :-

ઉપર કહેલી સર્વે પણ કર્મપ્રકૃતિઓના મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે અતિશય સંક્લિષ્ટ પરિણામ હોય ત્યારે જઘન્ય અને ત્યાંથી એટલે કે અતિશય સંક્લિષ્ટ પરિણામથી પ્રચ્યવમાન હોય ત્યારે અજઘન્ય એમ આ બન્ને પ્રકારની પ્રદેશ ઉદીરણા પરાવૃત્તિએ પરાવૃત્તિએ થાય છે. તે માટે તે બંન્ને સાદિ-અધ્રુવ જાણવા.

તથા ઉત્કૃષ્ટ તો સાદિ-અધ્રુવ છે જ. આ વાત પૂર્વે અનુત્કૃષ્ટ સમજાવતાં જ કહેલી છે. બાકી રહેલી (૧૧૦) એકસોહ અને દશ કર્મપ્રકૃતિઓના સર્વે પણ વિકલ્પો એટલે કે ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ, જઘન્ય અને અજઘન્ય આ ચારે વિકલ્પો આ પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી જ સાદિ-અધ્રુવ છે એમ સમજી લેવું. ॥૮૧॥

*અવતરણ :- સાદિ-અનાદિની પ્રરૂપણા કરી, હવે સ્વામિત્વ પ્રરૂપણા કહેવાય છે. તે સ્વામિત્વ ઉત્કૃષ્ટ પ્રદેશોદીરણાનું અને જઘન્ય પ્રદેશ ઉદીરણાનું એમ બે પ્રકારનું કહેવાનું છે. ત્યાં પ્રથમ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનું સ્વામિત્વ સમજાવે છે :-*

**अणुभागुदीरणाए जहन्नसामी पएसजेट्ठाए ।**
**घाईणं अन्नयरो, ओहीण विणोहिलंभेण ॥ ८२ ॥**

**ગાથાર્થ** :- ચાર ઘાતિકર્મોની અનુભાગ ઉદીરણામાં જે જીવ જઘન્ય અનુભાગ ઉદીરણાનો સ્વામી કહ્યો છે. તે જ જીવ પ્રદેશની ઉદીરણામાં ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનો સ્વામી જાણવો. પરંતુ શ્રુત કેવલી હોય અથવા અશ્રુતકેવલી પણ હોય તથા અવધિદ્વિકનો સ્વામી અવધિલબ્ધિ વિનાનો જીવ જાણવો. ॥૮૨॥

**વિવેચન** :- સર્વે પણ ઘાતિકર્મોની અનુભાગ ઉદીરણામાં જે જે જીવ જઘન્ય અનુભાગ ઉદીરણાનો સ્વામી કહ્યો હોય તે તે જીવ પ્રદેશ ઉદીરણાની બાબતમાં ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનો સ્વામી જાણવો.

પરંતુ એટલું વિશેષ છે કે "अन्यतरः" એટલે શ્રુત કેવલી હોય કે ઇતર અશ્રુત કેવલી હોય તે બન્ને સ્વામી હોઈ શકે છે. પરંતુ શ્રુત કેવલી જ હોય એવો નિયમ નહીં. તથા અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીય કર્મનો અવધિલબ્ધિ વિનાનો જીવ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનો સ્વામી જાણવો.

આ વાત અતિશય સંક્ષેપથી સમજાવી છે. તેથી આ જ વાતને વિસ્તારથી સમજાવે છે :- અવધિજ્ઞાનાવરણીય અને અવધિ દર્શનાવરણીય આ બે કર્મો વિના બાકીની જ્ઞાનાવરણીય

કર્મની (૪) ચાર પ્રકૃતિઓ તથા દર્શનાવરણીય કર્મની (૩) ત્રણ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા શ્રુતકેવલી આત્મા હોય કે અશ્રુતકેવલી આત્મા હોય. કોઈ પણ આત્મા જે ગુણિત કર્માંશી થયો હોય તેને બારમા ગુણઠાણાની સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા થાય છે.

અવધિજ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીય કર્મની અવધિલબ્ધિ વિનાના જીવને બારમા ગુણઠાણાના સમયાધિક એક આવલિકા બાકી હોય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશની ઉદીરણા થાય છે.

નિદ્રા અને પ્રચલાની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા (કમ્મપયડિકારના મતે ક્ષપકશ્રેણિમાં નિદ્રાનો ઉદય ન હોવાથી) ઉપશમ શ્રેણિમાં ઉપશાન્ત મોહ ગુણસ્થાનકે ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા હોય છે. તથા થિણદ્ધિકની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા પ્રમત્ત સંયત ગુણસ્થાનકે અપ્રમત્ત ભાવાભિમુખ જીવને હોય છે.

તથા મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી ચાર કષાયોની હવે પછીના અનંતર સમયે સંયમ સહિત સમ્યક્ત્વ પામવાને જે જીવ ઉત્સુક થયો છે. તેવા મિથ્યાદૃષ્ટિ જીવને મિથ્યાત્વના ચરમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા હોય છે.

મિશ્ર મોહનીયની મિશ્ર ગુણસ્થાનકેથી સમ્યક્ત્વ પામવાને તત્પર થયેલા જીવને મિશ્રગુણસ્થાનકના ચરમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા થાય છે. એ જ પ્રમાણે અપ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયોની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા હવે પછીના અનન્તર સમયે સર્વવિરતિને પ્રાપ્ત કરવાની તૈયારી વાળા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવને ચોથા ગુણસ્થાનકના ચરમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા થાય છે.

તથા પ્રત્યાખ્યાનવરણ ચાર કષાયોની તેવા પ્રકારના દેશવિરતિધર જીવને (અર્થાત્ સર્વવિરતિ લેવાને ઉત્સુક થયેલા દેશવિરતિધર ગુણસ્થાનકના ચરમ સમયમાં વર્તતા જીવને) ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા થાય છે.

સંજ્વલન ક્રોધ માન અને માયા આ ત્રણે કષાયોની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા તે તે કષાયના ઉદયવાળા જીવને પોત પોતાના ઉદયના અન્તિમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા જાણવી. ત્રણ વેદ તથા સંજ્વલન લોભ આ ચાર કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા ક્ષપક શ્રેણિમાં વર્તતા જીવને તે તે પ્રકૃતિના ઉદયની સમયાધિક એક આવલિકા કાળ બાકી હોય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા થાય છે. આવા જીવને ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનો સ્વામી જાણવો.

તથા હાસ્યાદિ ષટ્કની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા અપૂર્વ કરણ ગુણસ્થાનકના ચરમ સમયે જાણવી. ઉપરોક્ત સર્વ કર્મપ્રકૃતિઓની ગુણિતકર્માંશી જીવને જ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા

સમજવી. આ પ્રમાણે ચાર ઘાતીકર્મોની ઉત્તરપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનું સ્વામિત્વ સમજાવ્યું. ॥૮૨॥

**वेयणियाणं गहिही से काले अप्पमायमिह विरओ ।**
**संघयणपणगतणुदुगउज्जोआ अप्पप्पमत्तस्स ॥ ८३ ॥**

**ગાથાર્થ :-** જે જીવ અનન્તર સમયે અપ્રમાદાવસ્થાવાળા સાતમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરવાનો હોય તેવો પ્રમત્ત સંયત જીવ સાતા તથા અસાતા આ બન્ને કર્મોની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા કરે છે. તથા અપ્રમત્ત મુનિ પાંચ સંઘયણ, વૈક્રિય સપ્તક અને આહારક સપ્તક તથા ઉદ્યોતનામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા કરે છે. ॥૮૩॥

**વિવેચન :-** જે આત્મા પ્રમત્ત સંયત ગુણસ્થાનકે વર્તે છે. પણ ચઢતા પરિણામવાળો છે. પ્રતિ સમયે વધારે વધારે વિશુધ્યમાન થતો છતો અપ્રમત્ત ગુણસ્થાનકને પ્રાપ્ત કરવા અભિમુખ થયો છે અને હવે અનન્તર સમયે અપ્રમત્ત ગુણસ્થાનકે જવાનો હોય તેવો જીવ પ્રમત્તગુણસ્થાનકના ચરમ સમયમાં સાતા અને અસાતા આ બન્ને વેદનીય કર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા કરે છે. તેના ઉદીરકમાં તે જ જીવ અતિશય વિશુદ્ધ છે. તે માટે આવા જીવને સ્વામી કહ્યો છે.

તથા જે આત્મા અપ્રમત્ત ગુણસ્થાનકે વર્તે છે. તેવો જીવ વધારે વિશુદ્ધ પરિણામવાળો હોય ત્યારે પહેલા વિનાનાં પાંચ સંઘયણ નામકર્મ, વૈક્રિય સપ્તક નામકર્મ તથા આહારક સપ્તક નામકર્મ તથા ઉદ્યોતનામકર્મ એમ કુલ (૨૦) વીસ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા કરે છે. આ પ્રકૃતિઓની ઉદીરણા કરનારા જીવોમાં આ જ જીવ વધારે વિશુદ્ધ છે. તે માટે આવા જીવને જ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનો સ્વામી કહ્યો છે. ॥૮૩॥

**देवणिरयाउआणं, जहन्नजेट्ठठिई गुरुअसाए ।**
**इयराऊण वि अट्ठमवासे णेयोऽठ्ठवासाऊ ॥ ८४ ॥**

**ગાથાર્થ :-** દેવ આયુષ્ય અને નરક આયુષ્ય આ બન્ને કર્મોની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદારણા અનુક્રમે જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા બહુ જ અસાતામાં વર્તતા દેવ-નારકી કરે છે. તથા બીજા બે આયુષ્ય કે જે મનુષ્ય અને તિર્યચાયુષ્ય છે. તેની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા આઠ વર્ષના આયુષ્યવાળો આઠમા વર્ષમાં વર્તતો જીવ જાણવો. ॥૮૪॥

**વિવેચન :-** દેવાયુષ્ય તથા નરકાયુષ્ય આ બન્ને કર્મોની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી સમજાવે છે. દશ હજાર વર્ષની જઘન્ય સ્થિતિવાળા દેવ અને તેત્રીસ સાગરોપમની

ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સાતમી નારકીના જીવો અનુક્રમે દેવાયુષ્યના અને નરકાયુષ્યના ઉત્કૃષ્ટ પ્રદેશની ઉદીરણા સ્વામી જાણવા. તેમાં પણ તે જીવો સ્વામી જાણવા કે જે ભારે દુઃખને ભોગવનારા હોય તેવા જીવો ઉત્કૃષ્ટ પ્રદેશોની ઉદીરણાના સ્વામી જાણવા.

ઘણા દુઃખના અનુભવકાલે આયુષ્યકર્મનાં ઘણાં ઘણાં કર્મપુદ્ગલોનો વિનાશ થાય છે. તે માટે ભારે દુઃખને ભોગવનારા અર્થાત્ गुरुअसाए મૂળગાથામાં કહ્યું છે.

ઘણી અસાતાના ઉદયવાળા લેવા માટે જ અતિશય સંક્લિશ પરિણામ યુક્ત જીવો લેવા છે. તે માટે જ સ્થિતિના વ્યત્યાસનું ગ્રહણ કરેલું છે. સ્થિતિનું વિપરીતપણું લીધું છે. દેવાયુષ્યમાં દશ હજારના આયુષ્યવાળો દેવ સ્વામી તરીકે લીધો. કારણ કે દેવોમાં સૌથી વધારે સંક્લેશવાળો દશ હજાર વર્ષના આયુષ્યવાળો દેવ જ હોય છે તથા નારકીમાં સૌથી વધારે સંક્લેશવાળો તેત્રીસ સાગરોપમના આયુષ્ય યુક્ત નારકી જ હોય છે. માટે આવા જીવોને ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી કહ્યા છે.

તથા તે બન્ને આયુષ્યથી ઈતર (પ્રતિપક્ષી) એવાં તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી આઠ વર્ષના આયુષ્યવાળા અને આઠમા વર્ષમાં વર્તતા એવા અનુક્રમે તિર્યંચ અને મનુષ્યના જીવો ભારે દુઃખને ભોગવનારા હોય તે ઉત્કૃષ્ટ પ્રદેશોની ઉદીરણાના સ્વામી જાણવા. આ પ્રમાણે આ ગાથામાં ચારે આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી કહ્યા. ॥૮૪॥

**एगंततिरियजोग्गा, णियगविसिट्ठेसु तह अपज्जत्ता ।**
**संमुच्छिममणुअंते, तिरियगई देसविरयस्स ॥ ८५ ॥**

**ગાથાર્થ :-** એકાન્તે તિર્યંચ યોગ્ય એવી આઠ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા પોતપોતાના ઉદયને યોગ્ય વિશિષ્ટ જીવોમાં સ્વામિત્વ કહેવું તથા અપર્યાપ્ત નામકર્મમાં સંમૂર્છિમ મનુષ્ય સ્વામી જાણવો તથા તિર્યંચગતિ નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા દેશવિરતિધર સર્વવિશુદ્ધ તિર્યંચ જીવમાં જાણવી. ॥૮૫॥

**વિવેચન :-** ઉદયને આશ્રયી એકાન્તે તિર્યંચને યોગ્ય એવી એટલે કે એકાન્તે તિર્યંચગતિમાં જ છે ઉદય જેનો એવી જે કર્મપ્રકૃતિઓ છે. તે પ્રથમની ચાર જાતિનામકર્મ, આતપનામકર્મ, સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ નામકર્મ એમ કુલ આઠ પ્રકૃતિઓની પોત પોતાના ઉદયવાળા વિશિષ્ટ જીવોમાં ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા જાણવી.

ત્યાં એકેન્દ્રિય જાતિનાકર્મ અને સ્થાવર નામકર્મ આ બન્ને કર્મોની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સર્વ વિશુદ્ધ બાદર પૃથ્વીકાય જીવો સ્વામી જાણવા. આતપ નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી (કઠણ રત્નાદિમાં રહેવા) બાદર પૃથ્વીકાય જીવો જાણવા. અને સૂક્ષ્મ નામકર્મના પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સ્વામી જાણવા.

સાધારણ તથા ત્રણ વિકલેન્દ્રિય નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી તે તે નામવાળા પર્યાપ્તા સર્વવિશુદ્ધ જીવો જાણવા. જેમ કે સાધારણ નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી પર્યાપ્તા સર્વવિશુદ્ધ સાધારણ વનસ્પતિકાયના જીવો જાણવા. બેઈન્દ્રિય જાતિનામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી પર્યાપ્તા બેઈન્દ્રિય સર્વવિશુદ્ધ જીવ સ્વામી જાણવા. એ જ પ્રમાણે તેઈન્દ્રિયજાતિ અને ચઉરિન્દ્રિય જાતિ નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી પણ સર્વવિશુદ્ધ પર્યાપ્તા તેઈન્દ્રિય અને સર્વવિશુદ્ધ પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવો સમજવા.

તથા અપર્યાપ્ત નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી અપર્યાપ્તા સમ્મૂર્છિમ મનુષ્યો પોતાના ભવના ચરમ સમયમાં વર્તતા હોય ત્યારે સ્વામી જાણવા.

તથા તિર્યંચગતિ નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી દેશવિરતિધર સર્વવિશુદ્ધ પંચેન્દ્રિય તિર્યંચ જીવ સ્વામી જાણવા. ॥૮૫॥

**अणुपुव्विगइदुगाणं, सम्मद्दिट्ठी व दुभगाईणं ।**
**णीयस्स व से काले, गिहिही विरइं ति सो चेव ॥ ८६ ॥**

**ગાથાર્થ :-** ચાર આનુપૂર્વી નામકર્મ તથા બે ગતિનામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી સમ્યગ્દૃષ્ટિ જીવ જાણવા તથા દૌર્ભાગ્ય નામકર્મ આદિ ચાર પ્રકૃતિઓની તથા નીચગોત્રકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનો સ્વામી અનન્તર સમયે સંયમ ગ્રહણ કરવાવાળો અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ જાણવો. ॥૮૬॥

**વિવેચન :-** ચાર આનુપૂર્વી નામકર્મ તથા નરક ગતિ અને દેવગતિ એમ બે ગતિનામકર્મ કુલ છ કર્મોની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી હવે સમજાવાય છે ત્યાં ચાર આનુપૂર્વી નામકર્મની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી તે તે ગતિમાં જતા એવા જીવો વિગ્રહ ગતિમાં વર્તતા હોય ત્યારે ત્રીજા સમયે સર્વ વિશુદ્ધ જીવો સ્વામી જાણવા. આનુપૂર્વીનો ઉદય વિગ્રહગતિમાં જ હોય છે. તેથી સ્વામી વિગ્રહગતિમાં જ માત્ર કહ્યા, અપર્યાપ્ત અવસ્થામાં પ્રતિ સમયે અસંખ્યાત ગણો યોગ વધે છે તે માટે વિગ્રહગતિનો પ્રથમ અને દ્વિતીય સમય ન લેતાં ત્રીજો સમય લીધો તથા મનુષ્યાનુપૂર્વી અને તિર્યંચાનુપૂર્વીની ઉત્કૃષ્ટ ઉદીરણાનો

સ્વામી વિગ્રહ ગતિમાં ત્રીજા સમયમાં વર્તતા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ જાણવા. કારણ કે બીજા સમ્યક્ત્વ વાળા કરતાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ વધારે વિશુદ્ધ હોય છે.[1]

દેવગતિ નામકર્મ તથા નરકગતિ નામકર્મ આ બે ગતિ નામકર્મની પણ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનો તે જ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ સ્વામી જાણવો. પંચસંગ્રહમાં ઉદીરણા કરણ ગાથા ૮૫માં કહ્યું છે કે, "अणुपुव्विगईण रवाइओ सम्मो" ચારે પણ આનુપૂર્વી અને ચારે ગતિ માટે પણ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ સ્વામી કહ્યા છે. ત્યાં અવિશેષે જ કથન કર્યું છે અને અવિશેષે જ વિધાન સમજાવ્યું છે બે આનુપૂર્વી માટે કે બે ગતિ માટે જુદુ કથન કર્યું નથી. તત્ત્વ કેવલિ ગમ્ય જાણવું.

તથા જે જીવ અવિરત સમ્યગ્દષ્ટિ છે અને હવે પછી અનન્તર સમયે જે સર્વવિરતિ ભાવને ગ્રહણ કરશે એવો તે જીવ દૌર્ભાગ્ય દુઃસ્વર, અનાદેય અયશઃકીર્તિ નામકર્મ તથા નીચગોત્ર એમ કુલ પાંચ પાપપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનો સ્વામી જાણવો. ચોથા ગુણસ્થાનકથી ઉપર જતાં વિરતિના પ્રતાપે જ દૌર્ભાગ્યાદિ અશુભ કર્મોનો ઉદય હોતો નથી. તેથી ઉદીરણા પણ સંભવતી નથી. માટે અવિરતિએ એટલે કે ચોથે ગુણઠાણે જ સ્વામી કહ્યા છે.॥૮૬॥

**जोगंतुदीरगाणं, जोगंते सरदुगाणपाणूणं ।**
**णियगंते केवलिणो, सव्वविसुद्धो य सव्वासिं ॥ ८७ ॥**

**ગાથાર્થ :-** સયોગી કેવલી ગુણઠાણે ઉદીરણાનો છે અંત જેનો એવી (૬૨) બાસઠ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા સયોગી ગુણઠાણાના ચરમ સમયે જાણવી તથા બે સ્વર નામકર્મ અને શ્વાસોશ્વાસ નામકર્મ એમ ત્રણ નામકર્મની પોત પોતાની ઉદીરણાના વિરામ સમયે જ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા જાણવી. ઉદીરણામાં સર્વ ઠેકાણે સર્વવિશુદ્ધ જીવ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનો સ્વામી જાણવો. ॥૮૭॥

**વિવેચન :-** સયોગી કેવલી નામના તેરમા ગુણઠાણે છે અન્ત જેની ઉદીરણાનો એવી મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક સપ્તક, તૈજસ સપ્તક, સંસ્થાન ષટ્ક, પ્રથમ સંઘયણ, વર્ણાદિ (૨૦) વીસ, અગુરુલઘુ ઉપઘાત, પરાઘાત,વિહાયોગતિદ્વિક, ત્રસ ચતુષ્ક,

૧. અહી બે આનુપૂર્વીની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામિત્વમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ લેવાનું કહ્યું. પરંતુ ચારે આનુપૂર્વીમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ લઈએ તો કંઈ દોષ દેખાતો નથી. કારણ કે ક્ષયોપશમિક સમ્યક્ત્વી તો મરીને નરકમાં જતો જ નથી. ઔપશમિક સમ્યક્ત્વ હોય તો તેમાં વર્તતો મૃત્યુ પામતો નથી. તેથી સર્વત્ર ક્ષાયિક લેવો ઉચિત લાગે છે. છતાં તત્ત્વ કેવલી ગમ્ય.

સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, સૌભાગ્ય, આદેય, યશઃકીર્તિ, નિર્માણ નામકર્મ, તીર્થંકર નામકર્મ અને ઉચ્ચગોત્ર, આ પ્રમાણે આ બાસઠ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનો સ્વામી સયોગી કેવલી ગુણઠાણાના ચરમ સમયવર્તી જીવ જાણવો.

કારણ કે આ સર્વ પ્રકૃતિઓની ઉદીરણા તેરમા ગુણઠાણા સુધી છે અને તેમાં સૌથી વધારે વિશુદ્ધ જીવ તેરમા ગુણઠાણે છે. તેમાં તેરમાના ચરમ સમયે જ્યારે ઉદીરણા વિરામ પામવાની હોય ત્યારે વધારેમાં વધારે વિશુદ્ધ હોવાથી વધારે ઉદીરણા કરે છે એટલે ત્યાં સ્વામી કહ્યા છે.

સુસ્વર-દુઃસ્વર અને શ્વાસોશ્વાસ નામકર્મ આ ત્રણ કર્મોની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા પણ સંયોગી કેવલી ગુણઠાણે જ સમજવી. પરંતુ ચરમ સમયે નહીં. કારણ કે યોગનિરોધ કરતાં કરતાં જ્યારે સ્વરનો નિરોધ કરે ત્યારે ચરમ સમયે સ્વરનામકર્મની અને શ્વાસોશ્વાસનો નિરોધ કરે ત્યારે શ્વાસોશ્વાસની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા કરે છે. ત્યાર પછીના સમયોમાં સ્વર અને ઉચ્છ્વાસનો ઉદય જ નથી. તેથી ઉદીરણા પણ નથી માટે આ ત્રણ પ્રકૃતિઓ તેરમાનો ચરમ સમય કહ્યો નથી. તેથી ચરમસમય ન સમજવો.

અહીં સર્વે પણ કર્મોની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા જાણવામાં આ રીત (પરિભાષા) છે કે - જે જે કર્મોની જે જે જીવો ઉદીરણા કરતા હોય, તેમાં તે તે કર્મોના ઉદીરક જીવોમાં જે સર્વવિશુદ્ધ જીવ હોય તે ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાના સ્વામી જાણવા. તથા આયુષ્યકર્મ વિના શેષ સર્વ પણ કર્મોમાં ગુણિતકર્માંશી જીવ ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનો અધિકારી જાણવો. કારણ કે તેની પાસે ઘણા દલિકોનો સંગ્રહ છે.

તે કારણથી અન્તરાય પંચક આદિ (જ્ઞાનાવરણીય ૫, અંતરાય ૫, અને દર્શનાવરણીય ૪) ની ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણા-ગુણિતકર્માંશી ક્ષીણમોહ ગુણસ્થાનકવર્તી જીવમાં સમયાધિક એક આવલિકા શેષ હોય ત્યારે જાણવી. આ પ્રમાણે ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનું સ્વામિત્વ સમજાવ્યું. ॥૮૭॥

*અવતરણ :- ઉત્કૃષ્ટ પ્રદેશ ઉદીરણાનું સ્વામિત્વ સમજાવ્યું. હવે જઘન્ય પ્રદેશ ઉદીરણાનું સ્વામિત્વ સમજાવે છે :-*

**तप्पगउदीरगइसंकिलिट्ठभावो उ सव्वपगईणं ।**
**णेओ जहन्नसामी, अणुभागुत्तो य तित्थयरे ॥ ८८ ॥**

**ગાથાર્થ** :- તે તે પ્રકૃતિના ઉદીરક જીવોમાં જે અતિશય સંક્લિષ્ટ પરિણામવાળા જીવો હોય તે જ જીવો સર્વ પ્રકૃતિઓની જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી જાણવા. તીર્થંકર

નામકર્મની જઘન્ય અનુભાગની ઉદીરણાનો જે જીવ સ્વામી કહ્યો છે તે જ જીવ જઘન્ય પ્રદેશ ઉદીરણાનો સ્વામી સમજાવો. ॥૮૮॥

**વિવેચન :-** જે જે પ્રકૃતિના જઘન્ય ઉદીરણાના સ્વામી લેવા હોય તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવો જ લેવા. કારણ કે ઉદય હોય તો જ ઉદીરણા કરે છે. તે માટે તે તે પ્રકૃતિના ઉદયવાળા જીવો, તથા અતિશય સંક્લિષ્ટ પરિણામી એવા ક્ષપિતકર્માંશી જીવો સામાન્યથી સર્વ પણ પ્રકૃતિના જઘન્ય પ્રદેશની ઉદીરણાના સ્વામી થાય છે.

ત્યાં અવધિ જ્ઞાનાવરણીય કર્મને છોડીને શેષ જ્ઞાનાવરણીય કર્મ ચાર, તથા અવધિ દર્શનાવરણીય કર્મને છોડીને શેષ દર્શનાવરણીય કર્મની ત્રણ, સાતા-અસાતા વેદનીય, મિથ્યાત્વ મોહ, (૧૬) સોળકષાય, (૯) નવનોકષાય એમ કુલ (૩૫) પાંત્રીસ પ્રકૃતિઓની મિથ્યાદૃષ્ટિ જીવ સર્વ પર્યાપ્તિઓથી પર્યાપ્તો થયેલો સર્વ સંક્લિષ્ટ પરિણામી આત્મા જઘન્ય પ્રદેશ ઉદીરણા કરે છે.

નિદ્રાપંચકનો તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટતાથી યુક્ત અને તે તે નિદ્રાના ઉદયમાં વર્તતો જીવ નિદ્રાપંચકની જઘન્ય પ્રદેશ ઉદીરણાનો સ્વામી જાણવો. નિદ્રાના ઉદયકાલે અતિશય સંક્લિષ્ટતા સંભવતી નથી અને જ્યાં અતિશય સંક્લિષ્ટતા હોય ત્યાં નિદ્રાનો ઉદય સંભવતો નથી. તે માટે તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ કહ્યા છે.

તથા સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય કર્મની જઘન્ય પ્રદેશ ઉદીરણા મિથ્યાત્વે જવાની તૈયારી વાળો અતિશય સંક્લિષ્ટ પરિણામવાળો અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ત્વ મોહનીયની અને અતિશય સંક્લિષ્ટતાના પરિણાવાળો મિશ્રદૃષ્ટિ જીવ મિશ્રમોહનીયની જઘન્ય પ્રદેશોદીરણા કરે છે તે માટે તે જીવને સ્વામી સમજવો.

તથા ચાર ગતિનામકર્મ, પંચેન્દ્રિય જાતિનામકર્મ, ઔદારિક સપ્તક, વૈક્રિય સપ્તક, તૈજસ સપ્તક, છ સંસ્થાનનામકર્મ, છ સંઘયણનામકર્મ, વર્ણાદિ (૨૦) કર્મપ્રકૃતિઓ, પરાઘાત ઉપઘાતનામકર્મ, અગુરુલઘુ, ઉચ્છ્વાસ, ઉદ્યોત, બે વિહાયોગતિ, ત્રસ ચતુષ્ક, સ્થિર ષટ્ક, અસ્થિરષટ્ક, નિર્માણનામકર્મ, ગોત્રદ્વિક અને અંતરાય પાંચ એમ કુલ ૮૯ કર્મપ્રકૃતિઓની જઘન્ય પ્રદેશ ઉદીરણાનો સ્વામી સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો સર્વ કરતાં ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતાવાળો જીવ જાણવો.

આહારક સપ્તકની જઘન્ય પ્રદેશ ઉદીરણાનો સ્વામી, જે મહાત્માએ આહારક શરીર બનાવ્યું છે. તેવા આહારક શરીરી મહાત્મા તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટતાથી યુક્ત હોય ત્યારે સ્વામી જાણવા. ચારે પણ આનુપૂર્વી નામકર્મની જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી તત્પ્રાયોગ્ય

સંક્લિષ્ટતાના પરિણામથી યુક્ત એવા તે તે ગતિની વિગ્રહગતિમાં વર્તતા જીવો સ્વામી જાણવા.

આતમ નામકર્મની જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી ખર (કર્કશ) એવા બાદર પૃથ્વીકાયિક આતપના ઉદયવાળા જીવો સ્વામી જાણવા. એકેન્દ્રિય જાતિ, સ્થાવર, સાધારણ આ ત્રણ નામકર્મની પ્રકૃતિઓના જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી સર્વથી ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતાવાળા તે તે એકેન્દ્રિય જીવો સ્વામી જાણવા. તેવી જ રીતે સૂક્ષ્મ નામકર્મની જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ જ જાણવા. તેઓને જ સૂક્ષ્મ નામકર્મનો ઉદય છે તે માટે,

અપર્યાપ્ત નામકર્મની જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી અપર્યાપ્તા મનુષ્ય, અતિશય સંક્લિષ્ટ પરિણામી અપર્યાપ્તાવસ્થાના ચરમ સમયમાં વર્તતા જીવો સ્વામી છે તથા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ ત્રણ જાતિ નામકર્મની જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી અનુક્રમે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો સર્વ સંક્લિષ્ટ પરિણામવાળા જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી છે આમ સમજવું.

તથા તીર્થંકર નામકર્મની જઘન્ય પ્રદેશ ઉદીરણાનો તે જ જીવ સ્વામી છે કે જે જીવ પૂર્વે જઘન્ય અનુભાગની ઉદીરણાનો સ્વામી જણાવ્યો છે. તીર્થંકર નામકર્મની જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી તીર્થંકર ભગવાન કેવલિ સમુદ્ઘાત કરતાં પૂર્વે જે આયોજિકા કરણ નામનું કરણ કરે છે. તેના પૂર્વકાલમાં સ્વામી જાણવા. ॥૮૮॥

**ओहीणमोहिजुत्ते, अइसुहवेईयआउगाणं तु ।**
**पढमस्स जहन्नठिई, सेसाणुक्कोसगठिईसु ॥ ८९ ॥**

**ગાથાર્થ :-** અવધિદ્વિકની જઘન્ય ઉદીરણાનો સ્વામી અવધિલબ્ધિયુક્ત જીવ સમજવો. ચારે પણ આયુષ્યકર્મમાં અતિશય સુખનો અનુભવ કરનારો જીવ જઘન્ય પ્રદેશ ઉદીરણાનો સ્વામી જાણવો. તેમાં પ્રથમ આયુષ્ય જે નરકાયુષ્ય તેનો જઘન્ય સ્થિતિવાળો અને શેષ ત્રણ આયુષ્યકર્મમાં ઉત્કૃષ્ટસ્થિતિવાળો અતિશય સુખી હોવાથી જીવ જઘન્ય પ્રદેશ ઉદીરણાનો સ્વામી જાણવો. ॥૮૯॥

**વિવેચન :-** અવધિ જ્ઞાનાવરણ તથા અવધિ દર્શનાવરણ આ બે કર્મોની જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી અવધિજ્ઞાન-દર્શનની લબ્ધિથી યુક્ત એવા સર્વ સંક્લિષ્ટ જીવો જાણવા, કારણ કે અવધિની લબ્ધિ પ્રગટ કરવામાં તે તે કર્મોનાં ઘણા ઘણા પુદ્ગલોનો પરિશાટ (નાશ) થાય છે. તે માટે अवधिलब्धियुक्त આવું વિશેષણ કહ્યું છે.

તથા ચારે પણ આયુષ્ય કર્મોની જઘન્ય પ્રદેશ ઉદીરણા પોત પોતાની ભૂમિકાને અનુસારે અતિશય સુખનો અનુભવ કરતા જીવો જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી જાણવા.

ત્યાં સૌથી પ્રથમ નારકીના આયુષ્યકર્મની જઘન્ય પ્રદેશ ઉદીરણા (૧૦) દશ હજાર વર્ષના આયુષ્યવાળા પ્રથમ નારકીના પ્રથમ પ્રતર વર્તી જીવો કરે છે. કારણ કે સર્વ અન્ય નારકીના જીવો કરતાં આ જીવો અતિશય સુખી છે. જો કે નારકીના જીવો સુખી નથી દુઃખી જ છે. તો પણ અન્ય નારકી કરતાં અલ્પતર દુઃખવાળા છે. તે માટે અન્ય નારકી કરતાં સુખી છે એમ ઉપચાર કરાય છે.

બાકીનાં ત્રણ આયુષ્યમાં તિર્યંચ-મનુષ્ય અને દેવના આયુષ્યમાં ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તતા જે જીવો છે તે પોત પોતાની ભૂમિકાને ઉચિત એવા પરમ સુખવાળા છે. તે માટે તે ત્રણે ગતિના ઉત્કૃષ્ટ આયુષ્યવાળા જીવો અનુક્રમે ત્રણ આયુષ્યની જઘન્ય પ્રદેશ ઉદીરણાના સ્વામી જાણવા.

ત્યાં ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા તિર્યંચ જીવો તિર્યંચાયુષ્યના સ્વામી, ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા મનુષ્યના જીવો મનુષ્યના આયુષ્યના સ્વામી અને તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા અનુત્તર વાસી દેવો દેવાયુષ્યના જઘન્ય ઉદીરણાના સ્વામી જાણવા.

**આ પ્રકારે કર્મપ્રકૃતિ નામના આ ગ્રંથમાં ઉદીરણાકરણ સમાપ્ત થયું**
**સાથે સાથે તેનું ગુજરાતી વિવેચન પણ સમાપ્ત થયું.**



॥ ॐ ह्रीं श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥
॥ श्री सरस्वत्यै नमः ॥
॥ महोपाध्यायश्री श्रीकल्याणविजयजीगणि शिष्यगणपण्डित
श्री लाभविजयगणि शिष्यशिरोमणि पण्डित श्रीनयविजय गुरुभ्यो नमः ॥

## न्यायविशारद-न्यायाचार्य-महोपाध्यायश्री
## यशोविजयविरचित टीका-उपेता
## पूज्य श्री शिवशर्मसूरिजी कृता

# कर्मप्रकृतिः ( उपशनाकरणम् )

*અવતરણઃ- આ પ્રમાણે ઉદીરણા કરણ ઘણા જ વિસ્તારપૂર્વક કહ્યું. હવે ઉપશમના કરણ કહેવાનો અધિકાર છે. ત્યાં આ પ્રમાણે દ્વારો છે. (૧) પ્રથમ સમ્યક્ત્વ ઉત્પાદ પ્રરૂપણા, (૨) દેશવિરતિના લાભની પ્રરૂપણા, (૩) સર્વવિરતિના લાભની પ્રરૂપણા, (૪) તથા અનંતાનુબંધી કષાયની વિસંયોજના, (૫) દર્શન મોહનીયની ક્ષપણા, (૬) દર્શન મોહનીયની ઉપશમના, (૭) ચારિત્ર મોહનીયની ઉપશમના (૮) તથા ભેદ પ્રભેદ સહિત દેશોપશમના આમ કુલ આઠ દ્વારો અહીં સમજાવવામાં આવશે.*

*અહીં આ ઉપશમનાકરણ સર્વ પ્રકારે કહેવાને કોઈ પણ છદ્મસ્થ આત્મા શક્તિમાન નથી. તેથી ઉપશમના કરણના જે ભાગમાં આ ગ્રન્થકર્તાનું વ્યાખ્યાન કરવાની અશક્તિ છે. તે અંશમાં તે અંશના જાણનારા જ્ઞાની મહાત્માઓ પ્રત્યે હાર્દિક બહુમાન પ્રગટ કરવા માટે આચાર્ય મહારાજશ્રી (ગ્રન્થકારશ્રી) નમસ્કાર કરવાની પ્રબળ ઈચ્છા વ્યક્ત કરતાં જણાવે છે કે :-*

**करणकयाकरणा विय, दुविहा उवसामणत्थ बिइयाए ।**
**अकरणअणुइन्नाए, अणुओगधरे पणिवयामि ॥ १ ॥**

**ગાથાર્થ :-** કરણ કૃત અને અકરણ કૃત એમ ઉપશમના અહીં બે પ્રકારની છે. ત્યાં અકરણ કૃત નામની બીજી ઉપશમનાના અનુયોગને (જ્ઞાનને) ધારણ કરનારા મહાત્માઓને હું ભાવથી વંદના કરૂં છું. ॥૧॥

**વિવેચન :-** આ પ્રકરણમાં હવે ઉપશમનાકરણનું વર્ણન કરવાનું છે. તે ઉપશમના બે પ્રકારની છે. (૧) કરણકૃત અને (૨) અકરણકૃત ત્યાં કરણ એટલે કે અધ્યયસાય વિશેષ કે જે યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિ એ નામનાં ત્રણ પ્રકારનાં કરણો દ્વારા સાધ્ય છે

અર્થાત્ આ પ્રમાણેનાં ત્રણ પ્રકારનાં કરણો દ્વારા (અધ્યવસાય દ્વારા) સાધ્ય (કરાતી એવી) ક્રિયા વિશેષ (કર્મોને દબાવવાની કે ખપાવવાની ક્રિયા વિશેષ) અને તેવી ક્રિયા વિશેષ વડે કરાયેલી જે ઉપશમના, તે કરણ કૃતોપશમના અને તેનાથી વિપરીત જે ઉપશમના તે અકરણકૃત ઉપશમના કે જે યથાપ્રવૃત્તાદિ કરણો કર્યા વિના પણ કર્મોને વેદવા દ્વારા કર્મોને અનુભવવા દ્વારા ઇત્યાદિ પ્રક્રિયા વડે સંસારી જીવોમાં પર્વતની પાસે વહેતી નદી દ્વારા તણાતા પત્થરો જેમ સ્વભાવિક પણે ગોળ થાય છે તેવા ન્યાયે સ્વાભાવિકપણે જે કર્મોની ઉપશમના થાય છે. તે અકરણકૃત ઉપશમના કહેવાય છે.

આ (૧) કરણકૃત ઉપશમના અને (૨) અકરણકૃત ઉપશમના એમ બે ભેદ દેશોપશમના જ હોય છે. પણ સર્વોપશમનાના બે ભેદો હોતા નથી. કારણ કે તે સર્વોપશમના તો નિયમા કરણકૃત જ હોય છે. પંચસંગ્રહની મૂળ ટીકામાં કહ્યું છે કે, "देशोपशमना करणकृता करणरहिता च, सर्वोपशमना तु करणकृतैवेति" દેશોપશમના બે પ્રકારની છે. એક કરણકૃત અને બીજી અકરણકૃત, પરંતુ સર્વોપશમના તો નિયમા કરણકૃત જ છે."

આ **અકરણકૃત દેશોપશમના** નામની બીજા પ્રકારની જે ઉપશમના છે. તેનાં अकरणोपशमना अनुदीर्णोपशमना સ્વરૂપવાળાં બીજાં પણ બે નામો છે. આ અકરણકૃત દેશોપશમનાનો અનુયોગ (એટલે કે આ અકરણકૃત દેશોપશમનાનું જ્ઞાન) હાલ આ વર્તમાનકાળે વિચ્છેદ પામેલું છે. તે કારણથી તે અકરણકૃત દેશોપશમનાના જ્ઞાનને ધારણ કરનારા, વિશિષ્ટ પ્રતિભાથી યુક્ત એવા ચૌદપૂર્વધારી તેના અનુયોગને (જ્ઞાનને) ધારણ કરનારા મહાત્મા પુરૂષોને હું હૈયાના ભાવપૂર્વક વિશેષે વંદના કરૂં છું. (કારણ કે તે વિષયનું જ્ઞાન હાલ વર્તમાનકાળે અમારામાં નથી.) તે કારણથી કરણકૃત ઉપશમના વડે જ અહીં (વર્ણન કરવાનો) અધિકાર છે. આ વિષય જ સમજાવાશે.

અકરણકૃત ઉપશમનાનું જ્ઞાન તો ગ્રંથકર્તા કહે છે કે હાલ અમારા પાસે પણ નથી તથા તેના જાણકાર જ્ઞાની પુરૂષોનો પણ વિરહ જ છે. તેથી તે વિષય જણાવવા અમે અસમર્થ છીએ માટે તે વિષયના જાણકાર મહાત્માઓને આ પ્રસંગે વંદના કરીને કરણકૃત ઉપશમના અમે સમજાવીશું. આવો ભાવ આ પદોમાંથી ફલિત થયો. ॥૧॥

*અવતરણ :- તે કરણકૃત ઉપશમના પણ બે પ્રકારની છે તે બે પ્રકાર સમજાવતાં કહે છે કે :-*

**सव्वस्स य देसस्स य, करणुवसमणा दुसन्नि इक्किक्का ।**
**सव्वस्स गुणपसत्था, देसस्स वि तासि विवरीया ॥ २ ॥**

**ગાથાર્થ :-** કરણકૃત જે ઉપશમના છે. તે બે પ્રકારની છે. સર્વવિષયક અને દેશવિષયક,

ત્યાં એકેકનાં બે બે નામો છે. ત્યાં સર્વવિષયક જે ઉપશમના છે. તેનાં ગુણોપશમના અને પ્રશસ્તોપશમના એમ બીજાં બે નામો છે. જ્યારે દેશવિષયક જે ઉપશમના છે. તેનાં તેનાથી વિપરીત બીજાં બે નામો છે. ॥૨॥

**વિવેચન :-** જે કરણોપશમા છે. તેના બે ભેદ છે. (૧) સર્વોપશમના એટલે સર્વવિષયક ઉપશમના, અને (૨) બીજી દેશોપશમના એટલે કે દેશવિષયક ઉપશમના.

ઉપર કહેલી આ બન્ને પ્રકારની કરણોશમનાનાં બીજા પણ બે બે નામો શાસ્ત્રના જાણકાર મહાત્માઓમાં પ્રવર્તે છે. તે આ પ્રમાણે છે જે સર્વોપશમના છે. તેનાં ગુણ અને પ્રશસ્ત શબ્દ વડે બીજાં બે નામો છે (૧) ગુણોપશમના અને (૨) પ્રશસ્તોપશમના, એવા પ્રકારનાં બે નામોવાળી આ સર્વોપશમના છે.

તથા દેશોપશમનાના પણ ઉપર મુજબ જ બીજાં બે નામો શાસ્ત્રકારોમાં પ્રવર્તે છે. તે નામો સર્વોપશમના નામોથી વિપરીત છે. (૧) અગુણોપશમના, (૨) અને અપ્રશસ્તોપશમના આવાં બે નામો દેશોપશમનાનાં જાણવાં. ॥૨॥

**सव्वुवसमणा मोहस्सेव उ, तस्सुवसमक्किया जोग्गो ।**
**पंचिंदियओ सन्नी, पज्जत्तो लद्धितिलगजुत्तो ॥ ३ ॥**

**ગાથાર્થ :-** સર્વોપશમના કેવળ એકલા મોહનીયકર્મની જ હોય છે. તેની ઉપશમના કરવાને યોગ્ય પંચેન્દ્રિય, સંજ્ઞી અને પયાપ્તો એમ ત્રણ લબ્ધિઓથી યુક્ત એવો જીવ જાણવો.॥૩॥

**વિવેચન :-** ઉપશમના બે પ્રકારની છે. એક દેશોપશમના અને બીજી સર્વોપશમના, ત્યાં સર્વોપશમના મોહનીયકર્મની જ માત્ર થાય છે શેષ સાત કર્મોમાં સર્વોપશમના થતી નથી ત્યાં તો માત્ર દેશોપશમના જ થાય છે.

હવે સર્વોપશમના મોહનીય કર્મની જ માત્ર થાય છે. તેથી તેને યોગ્ય જીવ કયો ? અને કેવી રીતે સર્વોપશમના કરે છે તે વિષય સમજાવાય છે.

સર્વોપશમનાની ક્રિયા કરવાને યોગ્ય પંચેન્દ્રિય, સંજ્ઞી, અને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત આવો જીવ સમજવો. સારાંશ કે પંચેન્દ્રિયત્વ, સંજ્ઞિત્વ અને પર્યાપ્તત્વ આવા પ્રકારની ત્રણ જાતની લબ્ધિથી યુક્ત જે જીવ હોય તે જ આ સર્વોપશમના કરવાને સમર્થ બને છે. પણ આ ત્રણ લબ્ધિમાંથી કોઈ પણ એક લબ્ધિ ન હોય તે જીવ સર્વોપશમના કરવાને સમર્થ બનતો નથી. આ ત્રણ લબ્ધિ તો હોવી જ જોઈએ.

અથવા (૧) **ઉપશમ લબ્ધિ** (મોહનીય કર્મને દબાવવાની તાકાત) (૨) **ઉપદેશ શ્રવણ લબ્ધિ,** (જ્ઞાની મહાત્માઓના ઉપદેશને સાંભળવાની રૂચિ રૂપ લબ્ધિ), તથા (૩) ત્રણ કરણો કરવા માટેની તેમાં કારણ બને તેવી ઉત્કૃષ્ટ **યોગલબ્ધિ** (યોગીદશારૂપ લબ્ધિ) આવા પ્રકારની ત્રણ લબ્ધિવાળો જીવ જ આ કામ કરી શકે છે. અન્યથા સર્વોપશમના કરવાનું આ કામ થતું નથી. તે માટે આવા પ્રકારની ત્રણ લબ્ધિઓથી યુક્ત એવો જીવ સર્વોપશમના કરે છે. હવે પછીની ગાથાઓમાં સર્વોપશમનાની નીતિ રીતિ સમજાવે છે :-

**पुव्वि पि विसुज्झंतो, गंठियसत्ताणइक्कमिय सोहिं ।**
**अन्नयरे सागारे, जोगे य विसुद्धलेसासु ॥ ४ ॥**
**ठिइ सत्तकम्ममंतो, कोडाकोडिं करित्तु सत्तण्हं ।**
**दुठाणं चउठाणे-असुभसुभाणं च अणुभागं ॥ ५ ॥**
**बंधंतो धुवपगडी, भवपाउग्गा सुभा अणाउ ओ ।**
**जोगवसा य पएसं, उक्कस्सं मज्झिम जहन्नं ॥६॥**
**ठिइबंधद्धापूरे, णवबंधं पल्लसंख भागूणं ।**
**असुभसुभाणणुभागं, अणंतगुणहाणिवुड्ढीहिं ॥७॥**
**करणं अहापवत्तं, अपुव्वकरणमणियट्टिकरणं च ।**
**अंतोमुहुत्तियाइं, उवसंतद्धं च लहइ क्कमा ॥८॥**

**ગાથાર્થ** :- ત્રણ કરણ કરતાં પૂર્વે પણ અત્યન્ત વિશુદ્ધિમાં વૃદ્ધિ પામતો. અર્થાત્ ગ્રન્થિસત્ત્વિક જીવો કરતાં વિશુદ્ધિમાં આગળ વધતો એવો જીવ કોઈ પણ એક સાકારોપયોગમાં વર્તતો હોય ત્યારે તથા વિશુદ્ધ એવા યોગમાં અને વિશુદ્ધ એવી લેશ્યામાં વર્તતો હોય ત્યારે ॥૪॥

સાતે કર્મોની સ્થિતિને અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કરીને તથા અશુભ પ્રકૃતિઓનો રસ (ચઉઠાણીયામાંથી અને ત્રણ ઠાણીયામાંથી) બે ઠાણીયો કરીને તથા શુભ પ્રકૃતિઓનો રસ (બેઠાણીયામાંથી અને ત્રણ ઠાણીયામાંથી) ચઉઠાણીયો કરીને ॥૫॥

તથા ધ્રુવબંધી પ્રકૃતિઓને બાંધતો બાંધતો જીવ ભવપ્રાયોગ્ય પ્રકૃતિઓમાં પરાવર્તમાન શુભ જ બાંધતો અને આયુષ્યકર્મને ન બાંધતો તથા યોગના વશથી ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય પ્રદેશોને બાંધતો એવો જીવ ॥૬॥

કોઈ પણ એક સ્થિતિબંધ સમાપ્ત થયે છતે નવો નવો સ્થિતિબંધ અવશ્ય પલ્યોપમનો

અસંખ્યાતમો ભાગ ન્યૂન ન્યૂન જ બાંધતો તથા અશુભ પ્રકૃતિઓનો રસબંધ અનંત ગુણ હાનિના ક્રમે અને શુભપ્રકૃતિઓનો રસબંધ અનંતગુણ વૃદ્ધિ વડે બાંધતો એવો જીવ ॥૭॥

અનુક્રમે યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ ત્રણ કરણ કરે છે. તે ત્રણે કરણો અંતર્મુહૂર્તના કાળવાળાં હોય છે ત્યાર બાદ અનુક્રમે આ જીવ ઉપશાન્ત અવસ્થા પ્રાપ્ત કરે છે. ॥૮॥

**વિવેચન :-** ત્રણ પ્રકારની લબ્ધિવાળો એવો જીવ ત્રણ પ્રકારનાં ત્રણ કરણો કરતાં પહેલાં અત્યન્ત વધારે વિશુદ્ધ પરિણામની ધારામાં વર્તતો એવો જીવ, યથાપ્રવૃત્ત કરણ કરીને ગ્રન્થિભેદ કરવા માટે ગ્રન્થિભેદ પાસે આવેલા અભવ્યજીવની જે વિશુદ્ધિ હોય તે વિશુદ્ધિ કરતાં ઘણી વધારે વિશુદ્ધિવાળો અર્થાત્ ગ્રન્થિકસત્ત્વ એવા અભવ્ય જીવોની વિશુદ્ધિને ઓળંગી ગયેલો એવો આ જીવ, અન્યતર (કોઈ પણ એક) સાકારોપયોગમાં વર્તતો એટલે કે મતિઅજ્ઞાન શ્રુત અજ્ઞાન તથા વિભંગજ્ઞાન એમ ત્રણ પ્રકારના સાકારોપયોગમાંથી કોઈ પણ એક પ્રકારના સાકારોપયોગમાં વર્તતો (પણ દર્શનોપયોગમાં ન વર્તતો) એવો જીવ તથા વિશુદ્ધ એવા મનયોગ વચનયોગ અને કાયયોગમાંથી કોઈ પણ એક યોગમાં વર્તતો એવો જીવ, તથા નિર્મળ અને વિશુદ્ધ એવી પ્રથમની ત્રણ લેશ્યામાંથી કોઈપણ એક લેશ્યામાં વર્તતો એવો જીવ અર્થાત્ જઘન્ય પરિણામી હોય તો તેજો લેશ્યામાં વર્તતો, મધ્યમ પરિણામી હોય તો પદ્મલેશ્યામાં વર્તતો તથા ઉત્કૃષ્ટ પરિણામી હોય તો શુક્લલેશ્યામાં વર્તતો એવો જીવ ॥૪॥

તથા આયુષ્યકર્મ વિના શેષ સાત કર્મોની સ્થિતિસત્તા અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણની કરીને, અશુભ કર્મોનો અનુભાગ ચઉઠાણીયો હોય તેને બેઠાણીયો કરતો એવો જીવ તથા શુભ કર્મોનો અનુભાગ બેઠાણીયો હોય તે ચાર ઠાણીયો કરતો એવો જીવ ॥૫॥

તથા જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય નવ, મિથ્યાત્વમોહ, સોળ કષાય, ભય, જુગુપ્સા, તૈજસ, કાર્મણ, વર્ણનામકર્મ, ગંધનામકર્મ, રસનામકર્મ, અને સ્પર્શનામકર્મ, તથા અગુરુલઘુનામકર્મ, ઉપઘાતનામકર્મ તથા નિર્માણનામકર્મ અને અંતરાય પંચક એમ કુલ (૪૭) સુડતાલીસ ધ્રુવબંધી કર્મપ્રકૃતિઓને બાંધતો એવો જીવ અધ્રુવબંધીમાં પરાવર્તમાન મધ્યમ પરિણામવાળો એવો તે જીવ પરાવર્તમાન એવી શુભ જ પ્રકૃતિઓને બાંધતો, તેમાં પણ આયુષ્યકર્મને ન બાંધતો. કારણ કે અતિશય વિશુદ્ધ પરિણામવાળા જીવો અને અતિશય સંક્લિષ્ટ પરિણામવાળા જીવો ક્યારે ય પણ આયુષ્યનો બંધ કરતા નથી તે માટે આયુષ્યને ન બાંધતો એવો જીવ, પોત પોતાના ભવપ્રાયોગ્ય પુણ્યપ્રકૃતિઓને જ બાંધતો એવો જીવ,

અહીં ભવપ્રાયોગ્ય એમ જે ગ્રંથકારશ્રીએ લખ્યું છે. તેઓનો આશય આવો છે કે પ્રથમ

સમ્યક્ત્વને પ્રગટ કરતો એવો તિર્યંચ અથવા મનુષ્યનો જીવ હોય તો દેવગતિ પ્રાયોગ્ય દેવદ્વિકે,પંચેન્દ્રિય જાતિ, વૈક્રિય શરીર અને વૈક્રિય અંગોપાંગ, પ્રથમ સમચતુસ્ર સંસ્થાન, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસ દશક, સાતાવેદનીય અને ઉચ્ચગોત્ર સ્વરૂપ (૨૧) એકવીસ પુણ્ય પ્રકૃતિઓને બાંધતો એવો જીવ અને સમ્યક્ત્વને પામતો જો દેવ અને નારકીનો જીવ હોય તો મનુષ્ય પ્રાયોગ્ય મનુષ્યદ્વિક, પંચેન્દ્રિય જાતિ, પ્રથમ સંસ્થાન, પ્રથમ સંઘયણ, ઔદારિકદ્વિક, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસદશક, સાતાવેદનીય અને ઉચ્ચગોત્ર એમ કુલ (૨૨) બાવીસ પુણ્ય પ્રકૃતિઓને બાંધતો એવો જીવ.

તેમાં આટલો અપવાદ છે કે પ્રથમ સમ્યક્ત્વને પામતો આ જીવ જો સાતમી નારકીનો જીવ હોય તો મનુષ્યદ્વિકને બદલે તિર્યંચદ્વિક જ બાંધતો છે, ઉચ્ચગોત્રને બદલે નીચગોત્ર જ બાંધતો આટલો તફાવત છે. બાકીની પ્રકૃતિઓ તો પૂર્વની જેમ જ જાણવી.

તથા તે કાલે બંધાતી કર્મપ્રકૃતિઓનો સ્થિતિબંધ અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જ કરે. પણ અધિક સ્થિતિબંધ ન કરે તેવો જીવ, તથા યોગવશથી ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય દલિકના સંચયને બાંધતો એવો જીવ અર્થાત્ જઘન્ય યોગમાં વર્તતો હોય ત્યારે જઘન્ય પ્રદેશોનો બંધ કરતો, મધ્યમ યોગમાં વર્તતો જીવ મધ્યમ પ્રદેશોનો બંધ કરતો, તથા ઉત્કૃષ્ટ યોગમાં વર્તતો હોય ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશોનો બંધ કરતો એવો જીવ. ॥૬॥

તથા વિવક્ષિત એવો એક સ્થિતિબંધ સમાપ્ત થયે છતે નવો નવો જે સ્થિતિબંધ શરૂ કરે તે અવશ્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન જ સ્થિતિ બંધ કરતો એવો જીવ, તથા તે કાળે જે જે અશુભ પ્રકૃતિઓ બંધાય છે. તેનો રસબંધ અવશ્ય નિયમા બેઠાણીયો જ રસ બાંધતો અને તે કાળે જે જે શુભપ્રકૃતિઓ બંધાય છે. તેનો રસબંધ અવશ્ય નિયમા ચારઠાણીયો જ બાંધતો એવો જીવ, તથા કોઈ પણ એક રસબંધ સમાપ્ત થયા પછી બીજો રસબંધ જે કરે તે અવશ્ય પાપપ્રકૃતિઓનો અનંત ગુણ હીન અનંતગુણ હીન રસ બાંધતો તથા પુણ્ય પ્રકૃતિઓનો જે રસ બાંધે તે અવશ્ય અનંતગુણ અધિક અને અનંતગુણ અધિક રસબંધ કરતો એવો જીવ. ॥૭॥

ત્રણ કરણો કરવાના કાળની પૂર્વે એક અંતર્મુહૂર્ત કાળ સુધી આવાં આવાં શુભ કાર્યોને કરતો અને પ્રતિસમયે વિશુદ્ધમાન પરિણામવાળો થયો છતો આવાં આવાં શુભ કાર્યોમાં વ્યાપૃત થયેલો અર્થાત્ ઓતપ્રોત થયેલો આ જીવ **"યથાપ્રવૃત્ત"** નામનું એક કરણવિશેષ એટલે કે વિશિષ્ટ ઉચ્ચકોટિના પરિણામ પામવાના સ્વરૂપ આવું કરણ વિશેષ કરે છે. આવા પ્રકારના સારા પરિણામવાળો થાય છે. આવા પ્રકારના આ આવેલા સારા પરિણામને જ **"યથાપ્રવૃત્ત"** કરણ કહેવાય છે.

યથાપ્રવૃત્ત કરણ થયા પછી અપૂર્વકરણ અને ત્યારબાદ અનિવૃત્તિકરણ આ જીવ કરે છે. આ ત્રણે પણ કરણો અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત કાળનાં હોય છે. ત્રણે કરણોનો કાળ સાથે કરીએ તો પણ કાળ અંતર્મુહૂર્ત જ થાય છે. આ ત્રણે કરણો અનુક્રમે કર્યા પછી તુરત જ ચોથી ઉપશાન્ત અવસ્થાવાળા કાળને આ જીવ પ્રાપ્ત કરે છે. તે ઉપશાન્ત અવસ્થાવાળો કાળ પણ અંતર્મુહૂર્તની જ સીમાવાળો હોય છે. ||૭-૮||

*અવતરણ :- ત્રણે કરણોનું સ્વરૂપ વધારે વધારે સ્પષ્ટ કરતા એવા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-*

**अणुसमयं वड्ढंतो, अज्झवसाणाणणंतगुणणाए ।**
**परिणामठाणाणं, दोसु वि लोगा असंखिज्जा ॥ ९ ॥**

**ગાથાર્થ :-** પ્રતિ સમયે અધ્યવસાય સ્થાનોની અનંત ગુણ વિશુદ્ધિ વડે વૃદ્ધિ પામતો આ જીવ કરણની સમાપ્તિ કરે છે. તથા આ યથાપ્રવૃત્ત કરણમાં અને અપૂર્વકરણમાં એમ બન્ને કરણોમાં પ્રતિ સમયે અધ્યવસાય સ્થાનો અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ હોય છે.||૯||

**વિવેચન :-** યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ આ બન્ને કરણોમાં પ્રતિસમયે અધ્યવસાય સ્થાનોની અનન્તગુણ અધિક, અનંતગુણ અધિક પ્રમાણે વૃદ્ધિ પામતી વિશુદ્ધિ વડે યુક્ત એવાં અધ્યવસાય સ્થાનોવાળુ આ કરણ હોય છે. આ યથાપ્રવૃત્ત કરણમાં અધ્યવસાય સ્થાનોમાં વિશુદ્ધિ અનંતગુણ અધિક વડે નિરંતર વધતી વિશુદ્ધ હોય છે.

**પ્રશ્ન :-** આ બન્ને કરણોમાં પ્રત્યેક સમયમાં કેટલાં કેટલાં કુલ અધ્યવસાયસ્થાનો સંભવતાં હશે ?

**ઉત્તર :-** આવો પ્રશ્ન જો કરતા હો તો ગ્રંથકારશ્રી જણાવે છે કે આ બન્ને કરણોમાં પ્રત્યેક સમયોમાં અધ્યવસાય સ્થાનો કુલ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. તે વાત વધારે સ્પષ્ટતાથી આ પ્રમાણે :-

યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયમાં જ ત્રણેકાળના અનંત અનંત જીવોને આશ્રયી વિશુદ્ધિસ્થાનો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. કારણ કે ત્રણે કાળના થઈને અનંતા જીવો આ કરણે આવ્યા છે. આ કરણમાં આવે છે અને ભાવિમાં અનંતા જીવો આવશે પરંતુ તેમાં કોઈ કોઈ જીવોના અધ્યવસાયસ્થાનો સરખા સરખા પણ હોઈ શકે છે. તે માટે ત્રણે કાળના અનંત અનંત જીવો વચ્ચે અધ્યવસાયસ્થાનો અસંખ્યાતાં જ હોય છે. પરંતુ અનંત પણ નથી હોતાં અને સર્વનાં સમાન પણ નથી હોતાં. તેથી અનંતા જીવો વચ્ચે અસંખ્યાત જ અધ્યવસાયસ્થાનો જાણવાં.

યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયમાં જેટલા અધ્યવસાય સ્થાનો છે. તેના કરતાં બીજા સમયમાં વિશેષાધિક, ત્રીજા સમયમાં તેના કરતાં પણ વિશેષાધિક એમ યાવત્ યથાપ્રવૃત્ત-કરણના ચરમ સમય સુધી જાણવું. અપૂર્વકરણમાં પણ આમ જ સમજવું. અનંતા જીવ આ કરણે આવ્યા છે. આવે છે અને ભાવિમાં આવશે તો પણ અધ્યવસાયસ્થાનો અસંખ્યાતાં તથા પરસ્પર તરતમતા વાળાં જાણવાં. તેમાં પ્રતિ સમયે જે સમાન મધ્યવસાય સ્થાનો છે તેમાં ભેદ થવાથી થોડાં થોડાં અધ્યવસાય સ્થાનો દરેક સમયોમાં વધારે વધારે હોય છે.

આ યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણમાં પ્રતિસમયમાં જે અધ્યવસાયસ્થાનો છે. તેની આકૃતિ દોરતાં વિષમ ચતુરસ્રપણે ક્ષેત્રને રોકે છે.

આ યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણની ઉપર અર્થાત્ તે બન્ને કરણો સમાપ્ત થયા બાદ ત્રીજું અનિવૃત્તિકરણ થાય છે. આ અનિવૃત્તિકરણમાં અધ્યવસાયસ્થાનો મુક્તાવલીના આકારે (મોતીની માળાના આકારે) હોય છે. એક સમયમાં ત્રણે કાળના જીવોનું અધ્યવસાય-સ્થાન એક જ હોય છે. પ્રતિસમયમાં ઉપર ઉપરના સમયમાં વર્તતાં જે અધ્યવસાયસ્થાનો છે. તે અનુક્રમે અનન્તગુણ વિશુદ્ધિ વડે અધિક વિશુદ્ધિવાળાં હોય છે.

યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણમાં પ્રતિસમયમાં જે અધ્યવસાય સ્થાનો છે. તે માંહોમાંહે ષડ્સ્થાન પતિત હોય છે. પહેલા અધ્યવસાય સ્થાન પછીના બીજા-ત્રીજા-ચોથા અધ્યવસાયસ્થાનની વિશુદ્ધિ, એમ કેટલાકની વિશુદ્ધિ અનંત ભાગ અધિક, ત્યાર પછીનાં પ્રથમ સમયવર્તી જ અધ્યવસાયસ્થાનો પ્રથમ સમયના પ્રથમ અધ્યવસાય સ્થાનની અપેક્ષાએ અસંખ્યાત ભાગ અધિક વિશુદ્ધિ વાળાં તેના પછીનાં કેટલાંક અધ્યવસાયસ્થાનો પ્રથમ સમયવર્તી પ્રથમ સ્થાનની અપેક્ષાએ સંખ્યાત ભાગ અધિક વિશુદ્ધિ વાળાં આ જ પ્રમાણે સંખ્યાતગુણ અધિક અસંખ્યાત ગુણ અધિક અને અનંત ગુણ અધિક વિશુદ્ધિ વાળાં એમ ષટ્સ્થાનયુક્ત અધ્યવસાય સ્થાનો પ્રથમ સમયમાં જાણવાં આ જ પ્રમાણે પ્રતિસમયમાં જાણવું. ॥૯॥

**मंदविसोही पढमस्स, संखभागाहि पढमसमयम्मि ।**
**उक्कसं उप्पिमहो, एक्केक्कं दोण्ह जीवाणं ॥ १० ॥**

**आचरमाओ सेसुक्कोसं, पुव्वप्पवत्तमिति णामं ।**
**बीयस्स बीयसमये, जहण्णमवि णंतरुक्कस्सा ॥११॥**

ગાથાર્થ :- પ્રથમ સમયવર્તી જીવની જઘન્ય વિશુદ્ધિ સર્વથી થોડી, ત્યાર બાદ યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગ સુધી જઘન્ય વિશુદ્ધિ અનુક્રમે અનંતગુણ જાણવી. તેના

કરતાં પ્રથમ સમયમાં જ ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ અધિક, તેના કરતાં ઉપર અને નીચે એક એક સ્થાનવર્તી જીવની અનુક્રમે જઘન્ય અને ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંત ગુણ સમજવી. ॥૧૦॥

છેલ્લે ઉત્કૃષ્ટની લાઈનમાં શેષ વધેલ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સ્થાનોની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનુક્રમે અનંત ગુણી જાણવી. આ યથાપ્રવૃત્તકરણનું બીજું નામ પૂર્વ પ્રવૃત્ત એવું નામ પણ જાણવું, બીજા અપૂર્વકરણમાં તો બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ પણ પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિથી અનંતગુણ અધિક વિશુદ્ધિ હોય છે આમ જાણવું. ॥૧૧॥

**વિવેચન :-** સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં પૂર્વકાલમાં કરાતા ત્રણ કરણો (૧) યથાપ્રવૃત્ત કરણ, (૨) અપૂર્વકરણ, (૩) અનિવૃત્તિ કરણ, આ ત્રણ કરણોમાં વિશુદ્ધિ કેવી હોય ? તેની વધારે વધારે સ્પષ્ટતા કરતા એવા ગ્રન્થકારશ્રી સમજાવે છે કે એક એક કરણને અનંત અનંત જીવોએ પસાર કર્યાં છે અનંતા જીવો આ કરણો કરવા દ્વારા જ ઉપર આરૂઢ થયા છે. તેમાં વિશુદ્ધિ કેવી કેવી હોય છે. તે સમજવા માટે આપણે માત્ર બે પુરૂષોની જ કલ્પના કરીએ એક જીવ જઘન્ય વિશુદ્ધિએ વર્તે છે અને બીજો જીવ ઉત્કૃષ્ટ વિશુદ્ધિએ વર્તે છે તેમ પ્રતિ સમયમાં સમજવું.

હવે યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયવર્તી જીવની જઘન્ય વિશુદ્ધિ સર્વ જીવો કરતાં સ્તોક (થોડી) છે. તેના કરતાં બીજા સમયમાં રહેલા જીવની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી છે. એટલે કે અનંતગુણ અધિક વિશુદ્ધિવાળા અધ્યવસાયસ્થાનથી યુક્ત છે.

તેના કરતાં પણ ત્રીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી છે. તેના કરતાં પણ ચોથા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંત ગુણી છે. એમ ત્યાં સુધી જઘન્ય વિશુદ્ધિ અનંત ગુણી કહેવી કે યથાપ્રવૃત્ત કરણનો સંખ્યાતમો ભાગ જાય ત્યાં સુધી સમજવું. ત્યાર બાદ યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ જાણવી એટલે કે પ્રથમ સમયવર્તી ઉત્કૃષ્ટ વિશુદ્ધિસ્થાનમાં વર્તનારા પુરુષની વિશુદ્ધિ અનંતગુણી છે. ત્યાર બાદ જઘન્ય વિશુદ્ધિ સ્થાનોની લાઈનમાં જે સ્થાનથી જઘન્ય વિશુદ્ધિ કહીને અટકયા હતા. તેના પછીના સ્થાનની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી જાણવી. તેના કરતાં બીજા સમયવર્તી જીવની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી સમજવી. તેના કરતાં જઘન્ય વિશુદ્ધિની લાઈનમાં આગળલા સ્થાનની જઘન્યવિશુદ્ધિ અનંતગુણી સમજવી.

આ પ્રમાણે ઉપર (એટલે કે) ઉત્કૃષ્ટની લાઈનમાં એકસ્થાનની અને નીચે (એટલે કે) જઘન્યની લાઈનમાં એક સ્થાનની વિશુદ્ધિ એમ બન્ને જીવોની વિશુદ્ધિ અનુક્રમે અનંતગુણી અનંત ગુણી કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે યાવત્ ચરમ સમયની જઘન્ય વિશુદ્ધિ આવે ત્યાં સુધી કહેવું.

ત્યાર બાદ "आचरमाओ सेसुक्कोसं" ઉત્કૃષ્ટની લાઈનમાં સંખ્યાતમા ભાગ પ્રમાણ જે સ્થાનો કહેવામાં બાકી રહ્યાં છે તે સ્થાનોની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ નિરન્તરપણે અનુક્રમે અનંતગુણી અનંતગુણી કહેવી. આ પ્રમાણે યથાપ્રવૃત્તકરણ સમાપ્ત થયું.

તે યથાપ્રવૃત્તકરણનું "પૂર્વપ્રવૃત્ત" એવું બીજું નામ પણ જૈનશાસ્ત્રોમાં પ્રવર્તે છે. કારણ કે અન્ય કરણો કરતાં સૌથી પહેલું આ જ કરણ થાય છે તે માટે. અહીં અપૂર્વકરણાદિમાં જેવા સ્થિતિઘાત રસઘાત ગુણશ્રેણિ અને ગુણસંક્રમ પ્રવર્તે છે. તેવા વિશિષ્ટ સ્થિતિઘાતાદિ કાર્યો અહીં થતાં નથી. ફક્ત ઉપર જણાવ્યા પ્રમાણેની આત્માની નિર્મળતા (વિશુદ્ધિ) જ અનંતગુણી પ્રવર્તે છે.

આ કરણમાં એટલે કે યથાપ્રવૃત્ત કરણમાં વર્તતો જીવ જે જે અશુભ કર્મ પ્રકૃતિઓ બાંધે છે. તેઓનો રસ વિશુદ્ધિ અધિક હોવાથી બેઠાણીયો (દ્વિસ્થાનિક) બાંધે છે અને જે જે શુભ પ્રકૃતિઓ બાંધે છે. તે કર્મોનો રસ ચઉઠાણીયો (ચતુઃસ્થાનિક) બાંધે છે. સ્થિતિ બંધ પણ એક સમાપ્ત થયા બાદ બીજો ત્રીજો સ્થિતિ બંધ પણ અવશ્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન ન્યૂન જ બાંધે છે. આ પ્રમાણે વિશુદ્ધિમાં આગળ વધતા આ જીવનું યથાપ્રવૃત્તકરણ જાણવું.

હવે **અપૂર્વકરણ** કહેવાય છે. "बीयस्स बीयसमये" ઇત્યાદિ પાઠથી અપૂર્વકરણનું વર્ણન સમજાવે છે. બીજા અપૂર્વકરણમાં બીજા જ સમયમાં રહેલા જીવની જઘન્ય વિશુદ્ધિ પણ તેની અનન્તરના એટલે કે પ્રથમ સમયવર્તી જીવની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કરતાં પણ અનંત ગુણી હોય છે.

ઉપર સમજાવેલી વાતનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો કે પૂર્વે થયેલા યથાપ્રવૃત્તકરણમાં પ્રથમ સ્થાનથી પ્રારંભીને કેટલાંક સ્થાનો સુધી કેવળ માત્ર જઘન્ય વિશુદ્ધિસ્થાનો જ અનંતગુણ અધિક અનંત ગુણ અધિકના ક્રમે કહ્યાં હતાં. તેની જેમ આ અપૂર્વકરણમાં ન કહેવું. પરંતુ પ્રથમ સમયવર્તી જીવોમાં જે જીવ જઘન્ય વિશુદ્ધિમાં વર્તે છે. તેની જઘન્ય વિશુદ્ધિ સૌથી થોડી છે. તો પણ યથાપ્રવૃત્ત કરણના ચરમ સમય વર્તી જીવની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કરતાં અનંતગુણી છે. તેના કરતાં તે જ પ્રથમ સમયવર્તી જીવોમાં ઉત્કૃષ્ટ વિશુદ્ધિએ વર્તતો જે જીવ છે. તેની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી છે. તેના કરતાં બીજા સમયમાં વર્તતા જીવની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી છે. તેના કરતાં પણ તે જ બીજા સમયમાં વર્તતા જીવની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી છે. તેના કરતાં પણ ત્રીજા સમયમાં વર્તતા જીવની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી છે. આ પ્રમાણે પ્રતિ સમયોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણે અધિક અનંતગુણે અધિક યાવત્ ત્યાં સુધી કહેવી કે યાવત્ ચરમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી આવે.

આ પ્રમાણે સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં પૂર્વે થતાં ત્રણકરણો પૈકી પ્રથમનાં બે કરણોનું સ્વરૂપ સમજાવ્યું. ॥૧૦-૧૧॥

**निव्वयणमवि तओ से, ठिइरसघायठिइबंधगद्धा य ।**
**गुणसेढी वि य समगं, पढमे समये पवत्तंति ॥ १२ ॥**

**ગાથાર્થ :-** તથા તે અપૂર્વકરણનું નામ નિર્વચન (નિશ્ચિત અર્થવાળુ) નામ જાણવું. કારણ કે ત્યાં અપૂર્વ એવાં સ્થિતિઘાત, રસઘાત ગુણશ્રેણિ અને સ્થિતિબંધ આ ચારે કાર્યો અપૂર્વ = અત્યંત વિશિષ્ટ રૂપે પ્રથમ સમયથી જ પ્રવર્તે છે. ॥૧૨॥

**વિવેચન :-** અપૂર્વકરણ નામના બીજા કરણનું નામ જે અપૂર્વકરણ છે તે સાર્થક નામ છે. નિર્વચન એવું નામ છે અર્થાત્ निर् એટલે નિશ્ચિત અર્થવાળું = પોતાના અર્થને અનુસરનારું તેનું નામ છે. અર્થ વિનાનું કેવળ રૂઢિવાચક નામ નથી પણ સાર્થક નામ છે.

તે આ પ્રમાણે સમજવું - અપૂર્વ એવાં અર્થાત્ અત્યન્ત નવાં જ, અદ્ભુત જ છે કરણો (એટલે કાર્યો) = સ્થિતિઘાત - રસઘાત ગુણશ્રેણિ અને સ્થિતિબંધ વિગેરે જેમાં તે અપૂર્વકરણ કહેવાય છે.

સારાંશ એવો છે કે આ અપૂર્વકરણના પ્રથમ સમયથી જ અપૂર્વ અર્થાત્ અદ્ભૂત અને વિશિષ્ટ એવાં જ આ સ્થિતિઘાતાદિ ચારે કાર્યો પ્રવર્તે છે. તેના કારણે જ તેનું "અપૂર્વકરણ" એવું નામ રાખવામાં આવ્યું છે. આવા પ્રકારના વિશિષ્ટ સ્થિતિઘાત રસઘાત આ જીવે પહેલાં ક્યારે ય કર્યા નથી. કારણ કે તેવી વિશુદ્ધિ ક્યારેય આવી નથી. હવે ઘણી જ વિશુદ્ધિ હોવાથી અપૂર્વ એવા આ સ્થિતિઘાતાદિ કાર્યો કરે છે. તે માટે આ કરણનું નામ "અપૂર્વકરણ" એવું નામ રાખેલ છે. ॥૧૨॥

*અવતરણ :- હવે સ્થિતિઘાત કોને કહેવાય ? તે સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-*

**उदहिपुहुत्तुक्कस्सं, इयरं पल्लस्स संखतमभागो ।**
**ठिइ कंडगमणुभागाणणंतभागा मुहुत्तंतो ॥ १३ ॥**
**अणुभागकंडगाणं बहुहिं सहस्सेहिं पूरए इक्कं ।**
**ठिइकंडसहस्सेहिं तेसिं बीयं समाणेइ ॥१४॥**

**ગાથાર્થ :-** ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ કંડકની જે ઉત્કિરણા કરવી (સ્થિતિનું ખંડન કરવું) તે સ્થિતિઘાત જાણવો. અનુભાગના અનંતા ભાગ કરીને (એક ભાગ રાખીને) બાકીના તે સર્વનો ઘાત

કરવો તે રસઘાત જાણવો. આવા પ્રકારના બહુ ઘણા રસકંડકો વડે એમ સ્થિતિઘાત પૂરાય છે. તથા બહુ જ સ્થિતિઘાતો વડે એક અપૂર્વકરણ સમાપ્તિને પામે છે. ॥૧૩-૧૪॥

**વિવેચન :-** આ ગાથામાં સ્થિતિઘાત અને રસઘાત આ બેનું સ્વરૂપ સમજાવે છે. સત્તામાં રહેલી કર્મોની સ્થિતિની જે સત્તા છે. તે સત્તાગત સ્થિતિના અગ્રિમભાગથી વધારેમાં વધારે ઘણા સેંકડો સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિના કંડકને (એટલી સ્થિતિના ભાગને) ઉકેરવો અર્થાત્ એટલા પ્રમાણવાળા સ્થિતિના ભાગને તોડવો, ખંડિત કરવો તે સ્થિતિઘાત.

ઉપરના ભાગથી આ સ્થિતિને તોડીને નીચે જે સ્થિતિ છે કે જે તોડવામાં આવી નથી. તે નીચેની સ્થિતિમાં ઉપરથી તોડેલી આ સ્થિતિને જે નાખવી તેને સ્થિતિઘાત કહેવાય છે. દાખલા તરીકે ધારો કે આ આત્મા પાસે ૧ થી ૧૦૦૦ સમયની સ્થિતિની સત્તા છે. તેમાંથી ૯૦૧ થી ૧૦૦૦ સમયવાળી ૧૦૦ સમયની સ્થિતિનો ત્યાંથી ઘાત કરીને રહેલું તેમાં દલિક નીચે લાવીને ૧ સમયથી ૯૦૦ સમયમાં જે ગોઠવવાં તે સ્થિતિઘાત કહેવાય છે. આટલી ઉપરની સ્થિતિનો ઘાત કરતાં અંતર્મુહૂર્તનો કાળ લાગે છે. એક અંતર્મુહૂર્તના કાળમાં તો ઉપરની આટલી સ્થિતિ તૂટી જાય છે. તેથી તેટલી સ્થિતિ ન્યૂન થઈ જાય છે.

પંચસંગ્રહના ઉપશમના કરણમાં કહ્યું છે કે -

**उक्कोसेणं बहुसागराणि, इयरेण पल्ल संखंसं ।**
**ठिइअग्गाओ घायइ, अंतमुहुत्तेण ठिइकंडं ॥ પંચસંગ્રહ ઉપશમના કરણ ગાથા ૧૨ ॥**

પંચસંગ્રહ નામના ગ્રંથમાં ઉપશમનાકરણમાં ૧૨મી ગાથામાં કહ્યું છે કે :- "ઉત્કૃષ્ટથી ઘણાં સાગરોપમ પ્રમાણ અને તેનાથી ઈતર એટલે કે જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિનો જે ઘાત કરવો તે સ્થિતિઘાત કહેવાય છે. અંતર્મુહૂર્ત કાળે એક સ્થિતિ કુંડક (એટલે કે એક સ્થિતિઘાત) સમાપ્ત થાય છે." આ પ્રમાણે પંચસંગ્રહ નામના ગ્રંથમાં ઉપશમના કરણમાં કહ્યું છે તે પ્રમાણે અહીં પણ સમજવું.

ત્યારબાદ એક સ્થિતિઘાત સમાપ્ત થયા પછી તે તોડેલી સ્થિતિમાં જ તેની નીચેની સ્થિતિમાંથી ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ આટલી સ્થિતિને (અસત્કલ્પનાએ ૧ થી ૧૦૦૦ પ્રમાણવાળી સ્થિતિમાંથી ૯૦૧ થી ૧૦૦૦ તુટ્યા પછી ૮૦૧ થી ૯૦૦ વાળી સ્થિતિને) આ જીવ તોડે છે. આ બીજો સ્થિતિઘાત જાણવો અને તોડેલી આ ૮૦૧ થી ૯૦૦ સ્થિતિમાં રહેલાં કર્મદલિકોને પૂર્વે કહેલી નીતિ-રીતિ મુજબ નીચે પ્રક્ષેપ કરે છે.

આ પ્રમાણે આ અપૂર્વકરણના કાળમાં આવા ઘણા હજારો સ્થિતિઘાત થાય છે. આ પ્રમાણે વારંવાર સ્થિતિઘાત કરવા વડે અપૂર્વકરણના પ્રથમ સમયમાં કર્મોની જે સ્થિતિસત્તા હતી. તે જ કર્મોની સ્થિતિ સત્તા તે જ અપૂર્વકરણના ચરમ સમયમાં સંખ્યાત ગુણ હીન થઈ જાય છે. આ પ્રમાણે સેંકડો સ્થિતિઘાતો કરવા વડે એક અપૂર્વકરણ સમાપ્ત થાય છે.

**હવે રસઘાત સમજાવે છે :-** अणुभाग ઇત્યાદિ ગાથાના પદમાં રસઘાતનું વર્ણન આ પ્રમાણે કહેલ છે કે અનુભાગની (રસની) જે સત્તા આ સ્થિતિકંડકમાં છે. તે રસના બુદ્ધિથી અનંત ભાગ કરે છે. તેમાંનો એક અનંતમો ભાગ રાખીને શેષ બધા જ અનંતભાગોનો જે રસ છે. તે અનંત ભાગો પ્રમાણ રસનો નાના અંતર્મુહૂર્ત કાળમાં જ વિનાશ કરે છે. આ પ્રથમ રસઘાત કહેવાય છે. ત્યારબાદ ફરીથી તે બાકી રાખેલા એક અનંતમા ભાગ પ્રમાણ રસના અનંતા ભાગો કરે છે. તેમાંથી એક અનંતમા ભાગને બાકી રાખીને શેષ અનંતા રસભાગોનો બીજા એક અંતર્મુહૂર્તકાળમાં જ વિનાશ કરે છે. આ બીજો રસઘાત થયો કહેવાય છે.

ત્યાર બાદ ફરીથી પણ તે બાકી મુકેલા એક અનંતમા ભાગ પ્રમાણ રસના અનંતા ભાગ કરીને એક અનંતમો ભાગ બાકી રાખીને શેષ અનંતા ભાગોના રસનો આ જીવ વિનાશ કરે છે. આ ત્રીજો રસઘાત થયો. આ પ્રમાણે અનેક અનુભાગખંડ (હજારો રસઘાત) એક સ્થિતિઘાતમાં પસાર થાય છે. સારાંશ કે હજારો રસઘાતો થવા દ્વારા એક સ્થિતિઘાત થાય છે અને હજારો સ્થિતિઘાતો થવા દ્વારા બીજુ અપૂર્વકરણ સમાપ્તિને પામે છે.

ત્રીજુ કાર્ય જે **ગુણશ્રેણિ** છે તેનું સ્વરૂપ ૧૫મી ગાથામાં આગળ ગ્રંથકારશ્રી સમજાવવાના છે. તેથી તેને છોડીને **અપૂર્વસ્થિતિ બંધદ્ધા** નામનું ચોથું કાર્ય સમજાવાય છે. જ્યારે જ્યારે પ્રથમ આરંભેલો સ્થિતિ બંધ સમાપ્ત થાય છે. ત્યારે ત્યારે નવો નવો સ્થિતિબંધ અવશ્ય પલ્યોપમના સંખ્યાતમા ભાગે હીન હીન જ બંધ કરે છે. વિશુદ્ધિવાળા પરિણામ છે. તેથી અવશ્ય હીન હીનતર જ બંધ કરે છે. પૂર્વકાલમાં હીન પણ બંધ કરતો હતો અને વચ્ચે વચ્ચે અધિક બંધ પણ કરતો હતો. પરંતુ હવે અવશ્ય હીન હીન જ બંધ કરે. આવો હીન હીન જ બંધ થાય તેવો બંધ પહેલાં કર્યો ન હતો. તેથી આ બંધ અપૂર્વસ્થિતિબંધ કહેવાય છે.

અપૂર્વસ્થિતિબંધ અને સ્થિતિઘાત આ બન્ને એકી સાથે શરૂ કરાય છે અને એકી સાથે સમાપ્તિને પામે છે. એટલે સ્થિતિબંધાદ્ધા અને સ્થિતિઘાત કાલથી અને સંખ્યાથી સ્થિતિઘાતની સાથે તુલ્ય જ થાય છે. બન્નેની સંખ્યા તુલ્ય છે. પંચસંગ્રહ નામના ગ્રંથમાં ઉપશમનાકરણની ગાથા ૧૫માં કહ્યું છે કે :-

**करणाईइ अपुव्वो, जो बंधो सो न होइ जा अण्णो ।**
**बंधगअद्धा सा तुल्लिगाओ ठिइकंडगद्धाए ॥१५॥**

**અર્થ :-** અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિબંધ થાય છે તે કરતાં બીજો સ્થિતિબંધ જ્યાં સુધી ન થાય ત્યાં સુધીના કાળને બંધકાદ્ધા કહેવાય છે. તે બંધકાદ્ધા સ્થિતિઘાતની સાથે તુલ્ય છે. આ ગાથા પંચસંગ્રહના ઉપશમના કરણની છે. અહીં સાક્ષીરૂપે આપવામાં આવી છે. ॥૧૩-૧૪॥

હવે ગુણશ્રેણિ કોને કહેવાય ? તે સમજાવે છે :-

**गुणसेढी णिक्खेवो, समए समए असंखगुणणाए ।**
**अद्धादुगातिरित्तो, सेसे सेसे य णिक्खेवो ॥१५॥**

**ગાથાર્થ :-** ગુણશ્રેણિ એટલે કે સમયે સમયે અસંખ્યાત ગુણાકારે નિક્ષેપ કરવો તે ગુણશ્રેણિ કહેવાય છે. દલિક રચનાનો કાળ બે કરણોના કાળથી કંઈક અધિક કાળ હોય છે. જેમ જેમ સમયો પસાર થાય છે. તેમ તેમ શેષ શેષ સમયોમાં જ નિક્ષેપ થાય છે. ॥૧૫॥

**વિવેચન :-** આ ગાથામાં ગુણશ્રેણિનું સ્વરૂપ બરાબર સમજાવે છે :- સ્થિતિઘાત દ્વારા જે સ્થિતિ કંડકનો ઘાત કરવામાં આવ્યો છે. તથા જે સ્થિતિમાં હજારો રસઘાત કરવા વડે લગભગ કર્મ દલિકો નિરસ અર્થાત્ અલ્પ રસવાળાં કરાયાં છે. તે નિરસ અર્થાત્ અલ્પ રસવાળાં કરાયેલાં કર્મદલિકોનો જલ્દી જલ્દી નિકાલ કરવા માટે ઉદયવતી પ્રકૃતિઓના કર્મદલિકને ઉદય સમયથી જ પ્રતિસમયે અસંખ્યાત ગુણાકારે અંતર્મુહૂર્ત કાળના ચરમ સમય સુધી યાવત્ દલિકોની જે રચના કરવી તે ગુણશ્રેણિ કહેવાય છે.

गुण = એટલે ગુણકારે અર્થાત્ અસંખ્યાત ગુણાકારની શ્રેણિ વડે श्रेणि = દલિકોની જે રચના કરવી તે ગુણશ્રેણિ જાણવી.

સત્તામાં રહેલી કર્મોની સ્થિતિને જલ્દી જલ્દી ખપાવવા માટે ઉપરના ભાગથી સ્થિતિઘાત વડે હણાયેલી અને રસઘાત વડે પ્રાયઃ નિરસ (અલ્પરસવાળી) બનેલી દલિકોની રચનાને ઉદયવતી પ્રકૃતિઓના ઉદય સમયથી જ અસંખ્યાત ગુણકારે દલિકોની જે રચના કરવી અને આ રીતે કર્મોને જલ્દી જલ્દી ખપાવી નાખવા તે ગુણશ્રેણિ કહેવાય છે.

અન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે :-

**उवरिल्लठिइर्हितो घित्तूणं पुग्गले उ सो खिवइ ।**
**उदयसमयम्मि थोवे, तत्तो अ असंखगुणिए उ ॥१॥**
**बीयम्मि खिवइ समए, तइए त्तो असंख्यगुणिए उ ।**
**एवं समए समए, अंतर्मुहुत्तं तु जा पुन्नं ॥२॥**

**અર્થ :-** ઉપરની સ્થિતિમાંથી કર્મપુદ્ગલોને ગ્રહણ કરીને ઉદય સમયમાં જે નખાય, ત્યાં ઉદય સમયમાં થોડાં ત્યાર બાદ અસંખ્યાત ગુણના ક્રમે ગોઠવે. બીજા સમયે પણ આ જ પ્રમાણે દલિકો ગોઠવે તેના કરતાં પણ અસંખ્યાત ગુણાકારે ત્રીજા સમયે ગોઠવે એમ સમયે સમયે અસંખ્યાતગુણાકારે કર્મદલિકોને ઉતારે અને કર્મદલિકોને ગોઠવે યાવત્ આ અપૂર્વકરણ પૂર્ણ થાય ત્યાં સુધી આ પ્રમાણે દલિકોને ઉતારવાનું અને નીચે નીચે ગોઠવવાનું કામ કરે છે.

આ પ્રથમ સમયે ગુણશ્રેણી કરવા માટે ઉપરથી ઉતારેલા દલિકોની નિક્ષેપવિધિ જાણવી. આ જ પ્રમાણે દ્વિતીય આદિ સમયોમાં ગ્રહણ કરાયેલા કર્મદલિકોની પણ નિક્ષેપવિધિ જાણવી. તથા વળી ગુણશ્રેણીની રચના કરવા માટે પ્રથમ સમયથી જ આરંભીને ગુણશ્રેણિના ચરમસમય સુધી ગ્રહણ કરાતું કર્મદલિક અનુક્રમે અસંખ્યાતગુણ સમજવું.

અન્ય શાસ્ત્રોની સાક્ષી આપતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**दलियं तुं गिण्हमाणो, पढमे समयम्मि थोवयं गिण्हे ।**
**उवरिल्लठिइहिंतो, बीयम्मि असंखगुणियं तु ॥१॥**
**गिण्हइ समये दलियं, तइए समये असंखगुणियं तु ।**
**एवं समए समए, जा चरिमो अंतसमओ त्ति ॥२॥**

**અર્થ :-** ઉપરની સ્થિતિમાંથી કર્મદલિકને ગ્રહણ કરતો જીવ પ્રથમ સમયમાં થોડુક કર્મદલિક ગ્રહણ કરે છે. બીજા સમયે અસંખ્યાતગણુ ગ્રહણ કરે છે. ત્રીજા સમયમાં તેના કરતાં પણ અસંખ્યાતગણું ગ્રહણ કરે છે. આ પ્રમાણે સમયે સમયે અસંખ્યાતગુણ કર્મદલિકને ગ્રહણ કરતો એવો આ જીવ છેલ્લો અન્તિમ સમય આવે ત્યાં સુધી કર્મદલિક નીચે ઉતારવા માટે ગ્રહણ કરે છે.

અહીં એટલી વિશેષતા જાણવી કે અપૂર્વકરણના કાળના આ એક અંતર્મુહૂર્તમાં જ દલિક રચના કરવા માટે જે નિક્ષેપ કરે છે. તે નિક્ષેપનો કાલ અંતર્મુહૂર્ત પ્રમાણ એટલે કે કર્મદલિકોની રચના કરવા રૂપ ગુણ શ્રેણિનો કાળ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ બે કરણના કાળથી કંઈક અધિકકાળ પ્રમાણ જાણવો.

સારાંશ કે તેટલા કાળની અંદર અર્થાત્ બે અંતર્મુહૂર્તથી કંઈક અધિક આટલો જે નિક્ષેપનો કાળ છે. તેમાં નીચે નીચે ઉદયક્ષણવાળા કાળમાંથી જેમ જેમ એક એક સમય ઉદય દ્વારા ભોગવાય છે. તેમ તેમ આ નિક્ષેપકાળ એટલો ન્યૂન થાય છે. પરંતુ આગળ ઉપર તેટલા સમયો વધતા નથી. જીવ જ્યાં વર્તે છે. ત્યાંથી બે અંતર્મુહૂર્તથી કંઈક અધિક આટલો

નિક્ષેપકાળ છે. તેમાં સ્થિતિઘાત તથા રસઘાત દ્વારા દલિકોની સ્થિતિ અને રસ તોડયા પછી તે દલિકો નીચે લાવીને જીવ જ્યાં વર્તે છે. ત્યાંથી તેની અસંખ્યાત ગુણકારે જે રચના કરે છે. તેમાં જ પ્રતિ સમયે ઉપરથી આવતું દલિક ગોઠવે છે. જેમ જેમ ઉદય સમયથી ઉદય દ્વારા સમયો ભોગવાતા જાય છે તેમ તેમ શેષ રહેલા સમયોમાં જ દલિક નિક્ષેપ કરે છે. પરંતુ નિક્ષેપમાં નવા-નવા સમયો આગળ ઉપર વધતા નથી.

શાસ્ત્રમાં કહ્યું છે કે :-

**सेढीइ कालमाणं, दुण्ह य करणाण समहियं जाण ।**
**खिज्जइ सा उदएणं, जं सेसं तम्मि णिखेवो ॥१॥**

આ પ્રમાણે સૂત્રની જે ગાથા છે. તે ગાથાનો અક્ષરાર્થ આ પ્રમાણે છે :- ગુણ શ્રેણિમાં કરાતો જે દલિક નિક્ષેપ છે. તે નિક્ષેપ સમયે સમયે અસંખ્યાત ગુણાકારે કરાય છે. તે પૂર્વ પૂર્વ સમયની અપેક્ષાએ ઉત્તર ઉત્તર સમયમાં અસંખ્યાતગુણ અધિકની રીતે વૃદ્ધિ સ્વરૂપે જ આ જીવ નિક્ષેપ કરે છે.

કુલ સર્વે મળીને તે નિક્ષેપ બે કરણના કાળથી કંઇક અધિક કાળ પ્રમાણ એટલે કે બે અંતર્મુહૂર્તથી કંઈક અધિક અર્થાત્ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ આ બન્ને કરણોના કાળથી કંઈક અધિક કાળ પ્રમાણ આ નિક્ષેપ જાણવો. તથા અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના સમયોમાં જેમ જેમ નીચેના સમયોમાં ગોઠવાયેલું કર્મદલિક ભોગવાતું જાય છે તેટલા તેટલા સમયો ઓછા થતા જાય છે ત્યારે શેષ વધેલા બાકીના સમયોમાં જ નિક્ષેપવિધિ થાય છે. પરંતુ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ બે કરણના કાળથી કંઈક અધિક એટલા કાળ પ્રમાણમાં જે નિક્ષેપ થતો હતો. તેમાં આગળ આગળ સમયો વધતા નથી. જેમ જેમ સમયો ભોગવાતા જાય છે. તેમ તેમ શેષ બાકી રહેલા સમયોમાં જ નિક્ષેપ થાય છે. પરંતુ નિક્ષેપ રચનામાં આગળ સમયો અધિક રૂપે વધતા નથી. આગલ અધિક સમયોમાં આ જીવ નિક્ષેપ કરતો નથી. આ પ્રમાણે અપૂર્વકરણ સમજાવ્યું. ॥૧૫॥

**अणियट्टिम्मि वि एवं, तुल्ले काले समा तओ नामं ।**
**संखेज्जइमे सेसे, भिन्नमुहुत्तं अहो मुच्चा ॥ १६ ॥**

**किंचूणमुहुत्तसमं, ठिइबंधद्धाइ अंतरं किच्चा ।**
**आवलिदुगेक्कसेसे, आगाल उदीरणा समिया ॥१७॥**

**ગાથાર્થ** :- અનિવૃત્તિકરણમાં પણ આ જ પ્રમાણે સ્થિતિઘાતાદિ કાર્યો થાય છે. અનિવૃત્તિકરણમાં તુલ્ય કાળમાં રહેલા જીવોના અધ્યવસાયો સમાન હોય છે. તેથી તે કરણનું નામ અનિવૃત્તિકરણ છે. તેના સંખ્યાતા ભાગો પસાર થયે છતે એક સંખ્યાતમો ભાગ શેષ બાકી હોય ત્યારે એક અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમ સ્થિતિ નીચે બાકી રાખીને પ્રથમ સ્થિતિથી કંઈક ન્યૂન અને અપૂર્વસ્થિતિ બંધના કાળની સાથે તુલ્ય એવું એક અંતર્મુહૂર્ત પ્રમાણ અંતરકરણ કરીને પ્રથમસ્થિતિની બે આવલિકા અને એક આવલિકા બાકી રહે ત્યારે અનુક્રમે આગલ અને ઉદીરણા પણ વિરામ પામે છે. ॥૧૬-૧૭॥

**વિવેચન** :- યથાપ્રવૃત્તિકરણ અને અપૂર્વકરણ વિરામ પામ્યા પછી આ જીવ અનિવૃત્તિકરણ નામના ત્રીજા કરણમાં પ્રવેશ પામે છે. અનિવૃત્તિકરણ શબ્દનો અર્થ એવો થાય છે કે નિવૃત્તિ એટલે ફેરફાર, પરસ્પર ભિન્નતા, કોઈ પણ એક સમયવર્તી ત્રણે કાળના જીવોમાં પરસ્પર અધ્યવસાય સ્થાનોની ભિન્નતા ફેરફાર જ્યાં નથી. જ્યાં એક સમયવર્તી ત્રણે કાળના જીવોના અધ્યવસાયો સમાન છે. તેનું નામ અનિવૃત્તિકરણ.

અપૂર્વકરણના પ્રથમ સમયથી જ આરંભીને સ્થિતિઘાતાદિ (સ્થિતિઘાત-રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ તથા અપૂર્વસ્થિતિબંધ) આ પાંચે કાર્યો એક સાથે પ્રવર્તમાન થાય છે. આમ પૂર્વે કહ્યું હતું. એ જ પ્રમાણે અનિવૃત્તિકરણમાં પણ આ સ્થિતિઘાતાદિ કાર્યો પ્રવર્તે છે આમ સમજવું.

તથા તુલ્ય કાલમાં અધ્યવસાયસ્થાનો સમાન હોય છે. એટલે કે તે અનિવૃત્તિકરણમાં પ્રવેશ પામેલા ત્રણેકાળનાં સર્વે પણ જીવોનાં અધ્યવસાયસ્થાનો સમાન હોય છે. પણ વિષમ (તરતમતાવાળા) અધ્યવસાયસ્થાનો હોતા નથી. તે કારણથી તે કરણનું "**अनिवृत्ति**" આવું જે નામ છે. તે નામ સાર્થક છે આમ સમજવું.

સારાંશ કે અનિવૃત્તિકરણના પ્રથમ સમયમાં જે જીવો ભૂતકાળમાં આવ્યા છે. વર્તમાનકાળમાં જે જીવો વર્તે છે અને ભવિષ્યકાળમાં જે જીવો આ પ્રથમ સમયમાં આવશે તે સર્વે પણ પ્રથમ સમયવર્તી જીવોના અધ્યવસાયસ્થાનો સમાન હોય છે. કોઈ પણ કાળના કોઈ પણ જીવની વિશુદ્ધિ ન્યૂન કે અધિક હોતી નથી. પરંતુ અન્યૂનાધિકપણે સમાન જ હોય છે. તે માટે જ આ કારણનું નામ અનિવૃત્તિકરણ છે.

બીજા સમયમાં વર્તતા ત્રણેકાળના જીવોની વિશુદ્ધિ પરસ્પર સમાન હોય છે. પરંતુ પ્રથમ સમયવર્તી જીવોની વિશુદ્ધિની અપેક્ષાએ બીજા સમયવર્તી જીવોની વિશુદ્ધિ અનંત ગુણ અધિક હોય છે. આ પ્રમાણે અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી ચરમ સમય સુધી પ્રતિ સમયમાં પરસ્પર વિશુદ્ધિ અનંતગુણ અધિક હોય છે આમ સમજવું.

તે કારણથી આ પ્રમાણે આ અનિવૃત્તિકરણમાં પ્રવેશેલા જીવોમાં તુલ્યકાલવર્તી ત્રણે કાળના જીવોનાં અધ્યવસાયસ્થાનોમાં પરસ્પર નિવૃત્તિ = ફેરફાર = તરતમતા = ષટ્સ્થાન પતિત - તિર્છી વિષમતા લક્ષણવાળી નિવૃત્તિ નથી જેમાં એવું જે કરણ તે અનિવૃત્તિકરણ કહેવાય છે. આ કરણમાં પ્રવેશેલા જીવોમાં ઉર્ધ્વમુખી (પ્રથમ સમયથી બીજા સમયમાં અને બીજા સમયથી ત્રીજા સમયમાં એમ યાવત્ ચરમ સમય સુધી વિશુદ્ધિ અનંતગુણી હોય છે. પરંતુ કોઈપણ એક સમયવર્તી જીવોમાં પરસ્પર વિશુદ્ધિ સમાન જ હોય છે. તરતમતાવાળી હોતી નથી.

આ અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગે ગયે છતે એક સંખ્યાતમો ભાગ માત્ર બાકી હોય ત્યારે આ જીવ મિથ્યાત્વ મોહનું **અંતરકરણ** કરે છે. અંતરકરણ એટલે આંતરૂ કરવું અર્થાત્ ઉદય સમયથી આરંભીને એક અંતર્મુહર્ત પ્રમાણવાળી મિથ્યાત્વમોહનીયની સ્થિતિને (ભોગવવા માટે) રહેવા દઈને તેની ઉપરના ભાગમાં વર્તતી મોટી સ્થિતિને ઉદયમાં આવતી અટકાવીને વચ્ચે અંતર્મુહૂર્ત પ્રમાણવાળી મિથ્યાત્વમોહનીયની સ્થિતિને ખાલી કરવી અર્થાત્ તે વચ્ચેના પ્રદેશમાં અંતર્મુહૂર્તકાળમાં વેદવા લાયક જે કર્મદલિકો છે. તેનો અભાવ કરવો તે અંતકરણ કહેવાય છે. તે અંતરકરણને (આંતરાને) કરનારો જે કાળ છે. તે પણ અંતરકરણ જ કહેવાય છે. જેમ કે પટ બનાવવાના કાલે તન્તુઓને જોડવાની ક્રિયા કરવાના કાળને પણ પટકાળ જ કહેવાય છે. તેમ અહીં સમજવું.

તે અંતરકરણનો કાળ પણ અંતર્મુહૂર્ત પ્રમાણનો હોય છે. પરંતુ પ્રથમ સ્થિતિવાળા અંતર્મુહૂર્તથી કંઈક ન્યૂન હોય છે અને નવા નવા સ્થિતિબંધના કાળની સાથે તુલ્ય હોય છે. તે આ પ્રમાણે જાણવું - પ્રથમ સ્થિતિ અને અંતરકરણ આ બન્ને પણ છે અંતર્મુહૂર્તના કાળ પ્રમાણ, આ બન્નેનો એકી સાથે આરંભ કરે છે. અન્તરકરણનાં કર્મદષિકોને ખાલી કરવાના પ્રારંભના પ્રથમ સમયે જ મિથ્યાત્વમોહનો અન્ય નવો સ્થિતિબંધ શરૂ કરીને તે સ્થિતિબંધ અને અંતરકરણ ખાલી કરવાની ક્રિયા આ બન્નેની એક સાથે જ સમાપ્તિ કરે છે.

તથા આ અંતરકરણ જ્યારે જીવ શરૂ કરે છે. ત્યારે મિથ્યાત્વમોહની પ્રથમસ્થિતિ તથા બીજી સ્થિતિમાં રહેલી ગુણશ્રેણીમાં સંખ્યાતા ભાગો હોય છે. તેમાંથી અંતરકરણનું દલિક ઉકેલાય. તેની સાથે ત્યાં રહેલી ગુણશ્રેણીના પણ એક સંખ્યાતમા ભાગમાં રહેલું દલિક ઉકેલાય છે. અંતરકરણના દલિકનો જેમ ત્યાંથી ઉખેડીને ઉપર-નીચે નાખીને નાશ કરે છે. તેમ અંતરકરણના દલિકોની સાથે ગુણશ્રેણીનો પણ સંખ્યાતમો ભાગ ત્યાંથી ઉકેરે છે. તેનું પણ દલિક ઉપર-નીચેની સ્થિતિમાં નાખીને ખાલી કરે છે. જેથી અંતરકરણવાળો અંતર્મુહૂર્ત પ્રમાણ તે સ્થિતિનો કાળ સર્વથા દલિક વિનાનો થાય છે.

અંતરકરણમાંથી ઉકેરાતા દલિકનો પ્રક્ષેપવિધિ આ પ્રમાણે જાણવો. વચ્ચેના અંતરકાળવાળા એક અંતર્મુહૂર્તમાં જે કર્મદલિક છે. તેને ત્યાંથી ઉંચકી ઉંચકીને અંતરકરણની નીચેની સ્થિતિમાં (પ્રથમ સ્થિતિમાં) તથા અંતરકરણની ઉપરની સ્થિતિમાં (બીજી સ્થિતિમાં)

આ જીવ પ્રક્ષેપ કરે છે. આ પ્રમાણે જેમ જેમ પ્રથમ સ્થિતિનું દલિક ઉદયથી ભોગવાતું જાય. તેમ તેમ અંતરકરણનું દલિક ઉપર - નીચે ઠલવાતું જાય. આમ પ્રતિસમયે ત્યાં સુધી પ્રક્ષેપ કરે છે કે યાવત્ અંતરકરણનું સર્વ કર્મદલિક સમાપ્તિને પામે (ઠલવાઇ જાય) અને પ્રથમ સ્થિતિ પણ સંપૂર્ણપણે ઉદયથી ભોગવાઇને સમાપ્ત થાય.

અંતર્મુહૂર્ત જેટલા કાળમાં પ્રથમસ્થિતિનું દલિક ઉદયથી ભોગવવા વડે અને અંતરકરણનું દલિક ઉપર નીચે ઠલવવા વડે ખાલી કરે છે. અહીં અંતરકરણની હેઠેની (નીચેની) સ્થિતિને પ્રથમા સ્થિતિ કહેવાય છે અને અંતરકરણની ઉપરની સ્થિતિને બીજી સ્થિતિ કહેવાય છે.

ત્યાં આ જીવ જ્યારે પ્રથમ સ્થિતિમાં વર્તતો હોય છે. ત્યારે પ્રથમ સ્થિતિનું મિથ્યાત્વમોહનું કર્મદલિક ઉદય અને ઉદીરણા વડે ભોગવતો ભોગવતો અને તે પ્રકારે ક્ષય કરતો કરતો આગળ જાય છે. અહીં પ્રથમ સ્થિતિમાં જ ઉદયાવલિકા બહારનું દલિક ખેંચીને ઉદયાવલિકામાં જે લવાય તેને ઉદીરણા કહેવાય છે અને બીજી સ્થિતિમાં રહેલું જે કર્મદલિક છે. તેને ખેંચીને ઉદયાવલિકામાં જે લવાય તે પણ છે તો ઉદીરણા જ, તો પણ તેને વિશેષ સમજાવવા માટે પૂર્વના આચાર્ય મહાત્મા આ રીતે વડે તેને આગાલ એવું બીજુ નામ વિશેષબોધ માટે આપેલ છે.

આ પ્રમાણે ઉદય અને ઉદીરણા વડે પ્રથમ સ્થિતિને અનુભવતો અનુભવતો આ જીવ તથા બીજી સ્થિતિને આગાલ વડે પ્રથમ સ્થિતિમાં નાખીને અનુભવતો અનુભવતો તથા ઉપશમનાકરણ વડે ઉપશમાવતો આ જીવ ત્યાં સુધી આગળ જાય છે કે પ્રથમ સ્થિતિની માત્ર બે આવલિકા જેટલી સ્થિતિ બાકી રહે, આ પ્રમાણે જ્યારે પ્રથમ સ્થિતિ બે આવલિકા બાકી રહે છે ત્યારે આગાલ વિચ્છેદ થાય છે અર્થાત્ આગાલ અટકી જાય છે. ત્યારબાદ માત્ર ઉદય અને ઉદીરણા જ પ્રવર્તે છે. તથા બીજી સ્થિતિમાં ઉપશમના પ્રવર્તે છે. તેમ કરતાં જ્યારે માત્ર એક આવલિકા જેટલી પ્રથમસ્થિતિ બાકી રહે છે ત્યારે ઉદીરણા પણ વિરામ પામી જાય છે. કેવળ માત્ર ઉદય જ પ્રવર્તે છે.

ત્યાર બાદ આ જીવ આ મિથ્યાત્વમોહને કેવળ એકલા ઉદય વડે જ ભોગવતો ભોગવતો છેલ્લી અવલિકા સમાપ્ત કરે છે. તે છેલ્લી એક આવલિકા પૂર્ણ થયે છતે મિથ્યાત્વમોહનો ઉદય પણ વિરામ પામે છે. આ પ્રમાણે બે આવલિકા બાકી રહે ત્યારે આગાલ અને એક આવલિકા બાકી રહે ત્યારે ઉદીરણા અને આ છેલ્લી એક આવલિકા પસાર થાય ત્યારે ઉદય પણ વિરામ પામે છે.

કારણ કે હવે પછીની અંતકરણવાળા અંતર્મુહૂર્તની સ્થિતિ છે. અને તે બધી જ સ્થિતિ દલિકો વિનાની થઇ છે. તેમાં મિથ્યાત્વમોહનાં કર્મદલિકો નથી. તેને ઉપર નીચે નાખીને

ખાલી કર્યાં છે. તેથી તે સ્થિતિમાં પ્રવેશ કરતાં આ જીવને મિથ્યાત્વના ઉદયની નિવૃત્તિ થવાથી ઉપશાન્તાદ્ધામાં (અર્થાત્ દબાવેલી મિથ્યાત્વમોહવાળી અવસ્થામાં) આ જીવ પ્રવેશ કરે છે.

તે ઉપશાન્તાદ્ધામાં પ્રવેશેલા આ જીવને ઉપશાન્તાદ્ધાના પ્રથમ સમયે જ મોક્ષના બીજભૂત (અર્થાત્ મોક્ષના કારણભૂત) **ઔપશમિક સમ્યક્ત્વની** પ્રાપ્તિ થાય છે. પંચસંગ્રહ નામના ગ્રંથમાં કહ્યું છે કે :-

**आवलिमेत्तं उदएण, वेइउं ठाइ उवसमद्धाए ।**
**उवसमियं तत्थ भवे, सम्मत्तं मोक्खबीयं जं ॥ २१ ॥**

**ગાથાર્થ** :- એક આવલિકા પ્રમાણ મિથ્યાત્વને ઉદય દ્વારા ભોગવીને આ જીવ ઉપશાન્તાદ્ધામાં પ્રવેશ કરે છે. ત્યાં મિથ્યાત્વમોહ ઉપશાન્ત થયેલું હોય છે. જેથી ઔપશમિક સમ્યક્ત્વને આ જીવ પ્રાપ્ત કરે છે. જે મોક્ષનું અદ્ભુત બીજ તુલ્ય છે. ॥૨૧॥

**વિવેચન** :- છેલ્લી જે એક આવલિકા પ્રમાણ પ્રથમસ્થિતિ છે. તેને વેદીને આ જીવ ઉપશાન્તાદ્ધામાં પ્રવેશ પામે છે ત્યાં ઔપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. જેના લાભથી પૂર્વે ક્યારે ય પ્રાપ્ત કર્યું ન હોય તેવું આત્મહિત આ જીવ પ્રાપ્ત કરે છે.

જે પ્રથમ સ્થિતિ બે આવલિકા કાળ બાકી હતી ત્યારે આગાલ વિરામ પામ્યું. ત્યાર બાદ એક આવલિકા ગયે છતે ઉદીરણા વિરામ પામી. ત્યાર બાદ છેલ્લી એક આવલિકા પસાર થયે છતે મિથ્યાત્વમોહનો ઉદયપણ સમાપ્ત થાય છે. ॥૧૬-૧૭॥

ઉપર કહેલા અર્થને સૂત્રકાર શ્રી જણાવે છે કે :-

**मिच्छत्तुदये खीणे, लभेइ सम्मत्तमोवसमियं सो ।**
**लंभेण जस्स लब्भइ, आयहियमलद्धपुव्वं जं ॥१८॥**

**ગાથાર્થ** :- મિથ્યાત્વનો ઉદય ક્ષય થયે છતે તે જીવ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે જેના લાભ વડે પૂર્વે ક્યારેય પ્રાપ્ત ન કર્યુ હોય તેવુ આત્મહિત આ જીવ પ્રાપ્ત કરે છે ॥૧૮॥

મિથ્યાત્વમોહનો ઉદય ક્ષીણ થયે છતે ઉપર સમજાવેલા પ્રકાર વડે તે જીવ ઔપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. જે સમ્યક્ત્વનો લાભ થવાથી અલબ્ધપૂર્વ એવું (પહેલાં ક્યારે ય પ્રાપ્ત થયું ન હોય તેવું) આત્મહિત અર્થાત્ અરિહંત પરમાત્મા આદિ મહાત્મા પુરુષો ઉપરની તાત્ત્વિક શ્રદ્ધાને આ જીવ પ્રાપ્ત કરે છે. જેનાથી અવશ્ય મોક્ષનો તે જીવ અધિકારી બને છે. વધારેમાં વધારે દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તનકાલે અવશ્ય મોક્ષે જાય જ છે. ॥૧૮॥

**तं कालं बढीयठिइं, तिहाणुभागं तु देसघाइत्थ ।**
**सम्मत्तं सम्मिस्सं मिच्छत्तं सव्वघाईओ ॥ १९ ॥**

**ગાથાર્થ :-** જે સમયે સમ્યક્ત્વ પામે છે. તે જ સમયે આ જીવ મિથ્યાત્વ મોહનીયકર્મની જે બીજી સ્થિતિ છે. તેને ત્રણ પ્રકારના રસવાળી કરે છે. (૧) સમ્યક્ત્વમોહનીય, (૨) મિશ્ર મોહનીય, અને (૩) મિથ્યાત્વમોહનીય ત્યાં જે દેશઘાતી રસવાળી પ્રકૃતિ છે તે સમ્યક્ત્વ મોહનીય અને સર્વઘાતી રસવાળી જે પ્રકૃતિ છે તે મિશ્ર મોહનીય અને મિથ્યાત્વમોહનીય જાણવી. ॥૧૯॥

**વિવેચન :-** આ આત્મા જે સમયે અંતરકરણમાં પ્રવેશ કરે છે અને ત્યાં મિથ્યાત્વમોહનીય ન હોવાથી તેના દલિકોનો ઉપર અને નીચે પ્રક્ષેપ કરેલો હોવાથી તે ભૂમિ ચોખ્ખી હોવાથી આ જીવને ત્યાં પ્રવેશ કરતાંની સાથે જ મિથ્યાત્વનો ઉદય વિરામ પામવાથી અલબ્ધ આત્મહિત સ્વરૂપ ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

જે સમયે ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તે જ સમયે ઔપશમિક સમ્યક્ત્વ રૂપ વિશુદ્ધિ પ્રાપ્ત થવાથી અંતરકરણની ઉપર ગોઠવાયેલી મિથ્યાત્વમોહનીય કર્મની બીજી સ્થિતિ રૂપે જે લતા છે. તેનો રસ ઘટાડીને, તેની તાકાત મોળી પાડીને તેના ત્રણ ભાગ આ જીવ કરે છે. ધારો કે મિથ્યાત્વમોહનીય કર્મનાં ૧,૦૦,૦૦૦ એક લાખ દલિકો છે. તેમાંથી ૨૫,૦૦૦ પચીસ હજાર દલિકમાં મિથ્યાત્વમોહનીયનો ઘણો રસ ઘટાડીને તીવ્ર બેઠાણીયો, ત્રણ ઠાણીયો અને ચાર ઠાણીયો રસ જેમાં છે તે રસને એકઠાણીયો અને મંદ બેઠાણીયો રસ કરે છે. જોરદાર રસઘાત કરે છે. આ કર્મદલિકને શુદ્ધ કર્યું કહેવાય છે. ઘણો ઘણો રસઘાત થવાથી આટલા અલ્પ રસવાળું આ કર્મ સમ્યક્ત્વને રોકવા સમર્થ થતું નથી. પરંતુ પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વમાં અતિચારો માત્ર લાવવાના સ્વભાવવાળું થાય છે. તેથી તેને **सम्यक्त्वे मोहयति** = સમ્યક્ત્વમાં જે મુંઝવણ ઉભી કરે તેવું અર્થાત્ સમ્યક્ત્વમોહનીય કર્મ કહેવાય છે.

તથા તે જ ૧૦૦૦૦૦ એક લાખ કર્મદલિકોમાંથી બીજા ૨૫૦૦૦ પચીસ હજાર કર્મદલિકોમાં રસઘાત કરીને મધ્યમ બે ઠાણીયો રસ આ જીવ કરે છે. તેને મિશ્રમોહનીયકર્મ કહેવાય છે. જે સર્વઘાતી છે. તેને અર્ધશુદ્ધ પણ કહેવાય છે. તથા શેષ વધેલ ૫૦૦૦૦ પચાસ હજાર કર્મ પરમાણુઓમાં રસ તીવ્ર બેઠાણીયો ત્રણ ઠાણીયો અને ચાર ઠાણીયો જ રહે છે. તેથી તેને મિથ્યાત્વમોહનીય કર્મ જ કહેવાય છે. જે અશુદ્ધ પુંજ મનાય છે.

આ પ્રમાણે જ્યારે આ જીવ ત્રણ કરણ કરીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તેના પ્રથમ સમયે જ તથા બીજા કેટલાક આચાર્યોના મતે જ્યારે આવતા સમયે સમ્યક્ત્વ પ્રાપ્ત થવાનું હોય

તેની પૂર્વના સમયમાં અર્થાત્ પ્રથમ સ્થિતિના ચરમ સમયમાં હજુ મિથ્યાદષ્ટિ છે ત્યારે જ અંતરકરણ ઉપરની બીજી સ્થિતિમાં ગોઠવાયેલું મિથ્યાત્વમોહનું જે કર્મદલિક છે. તે કર્મદલિકને અનુભાગના ભેદ વડે એટલે કે રસઘાત કરવાથી અનુભાગ (રસ) ઘટાડવાના કારણે ત્રણ પ્રકારનું કરે છે. (૧) શુદ્ધ, (૨) અર્ધશુદ્ધ અને (૩) અશુદ્ધ.

ત્યાં જે શુદ્ધ કરાયું છે તે સમ્યક્ત્વમોહનીય કહેવાય છે. તે એક ઠાણીયા રસવાળું અને જઘન્ય બે ઠાણીયા રસવાળું કર્મ છે તથા જે અર્ધશુદ્ધ કરાયું છે તે મિશ્રમોહનીય કર્મ કહેવાય છે. તે મધ્યમ બેઠાણીયા રસવાળું કર્મ છે તથા જે અશુદ્ધ રહ્યું છે તે મિથ્યાત્વમોહનીય કર્મ છે. જેનો રસ તીવ્ર બેઠાણીયો, ત્રણ ઠાણીયો અને ચાર ઠાણીયો છે.

જે શુદ્ધ દલિક છે અર્થાત્ એકઠાણીયા રસવાળું અને જઘન્ય બે ઠાણીયા રસવાળું દલિક છે તે સમ્યક્ત્વ મોહનીય કર્મ કહેવાય છે અને તે દેશઘાતી છે. કારણ કે તે દેશઘાતી રસયુક્ત છે. તેથી સમ્યક્ત્વગુણનો સર્વથી ઘાત કરતું નથી. તથા જે અર્ધશુદ્ધ છે. તે મિશ્રમોહનીય કર્મ કહેવાય છે અને જે અશુદ્ધ છે તે મિથ્યાત્વ મોહનીયકર્મ છે. આ બન્ને કર્મો સર્વઘાતી કહેવાય છે. કારણ કે સર્વઘાતી રસવાળાં જ છે. મૂલગાથામાં "**सम्मिस्सं मिच्छत्तं**" જે શબ્દ છે. તેનો અર્થ મિશ્રમોહનીય સહિત મિથ્યાત્વ-મોહનીય સર્વઘાતી છે આવો અર્થ કરવો.

આ પ્રમાણે પહેલાં જે એક મિથ્યાત્વમોહનીય જ કર્મ હતું. તેનો જ રસઘાત કરીને એટલે કે રસ ઘટાડીને ત્રણ પુંજ કરે છે. એક મિથ્યાત્વમોહનીય કર્મ જે હતું. તે જ રસઘાત થવાથી ત્રણ પ્રકારમાં (ત્રણ ભાગમાં) વહેંચાઈ જાય છે. જેટલા કર્મ પરમાણુઓમાં ઘણો વધારે રસઘાત થાય છે અને મંદ બેઠાણીયો કે એક ઠાણીયો રસ રહે છે. તેને સમ્યક્ત્વ મોહનીય કર્મ કહેવાય છે.

તથા જેમાં મધ્યમ બે ઠાણીયો રસ રહે છે. તેને મિશ્ર મોહનીય કર્મ કહેવાય છે અને જેમાં તીવ્ર બેઠાણીયો કે ત્રણ ઠાણીયો કે ચાર ઠાણીયો રસ રહે છે. તે મિથ્યાત્વ મોહનીય કર્મ કહેવાય છે. આ પ્રમાણે રસને અનુસારે એક જ કર્મ ત્રણ ભાગમાં વહેચાય છે. ત્રણ ભાગ રૂપે બની જાય છે. ત્યારથી આ જીવ મોહનીય કર્મની ૨૬ ને બદલે ૨૮ની સત્તાવાળો કહેવાય છે.

કેટલાક આચાર્યો ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિના પ્રથમ સમયે આ વિધિ થાય એમ માને છે અને બીજા કેટલાક આચાર્યો પ્રથમ સ્થિતિના ચરમ સમયે આ વિધિ થાય એમ માને છે. પરંતુ આ વિવક્ષા ભેદ માત્ર જ છે. મિથ્યાત્વનો ચરમ સમય અને સમ્યક્ત્વનો પ્રથમ સમય નિશ્ચયનયની દૃષ્ટિએ ભિન્ન છે. પરંતુ વ્યવહારનયની દૃષ્ટિએ એક જ છે કરાતું હોય તેને કર્યું કહેવાય. તેની જેમ અહીં સમજવું. ॥૧૯॥

**पढमे समये थोवो, सम्मत्ते मीसए असंखगुणो ।**
**अणुसमयमवि य कमसो, भिन्नमुहुत्ता हि विज्झाओ ॥ २० ॥**

**ગાથાર્થ :-** પ્રથમ સમયે સમ્યક્ત્વરૂપે થોડુક દલિક બનાવે છે. મિશ્ર રૂપે અસંખ્યાતગણું બનાવે છે. આમ પ્રતિ સમયે બન્ને પુંજ બનાવે છે. અંતર્મુહૂર્ત પછી તે મિથ્યાત્વમાં વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે. ॥૨૦॥

**વિવેચન :-** અનાદિકાળથી આ જીવ મિથ્યાત્વમોહનીયકર્મને જ બાંધતો આવ્યો છે. તેથી તે મિથ્યાત્વની ઘણી મોટી સત્તા આ જીવ પાસે છે. સમ્યક્ત્વ પામે ત્યારે આવેલી પરમ વિશુદ્ધિના બળે મિથ્યાત્વમોહનીય કર્મના પુદ્ગલોમાં જે રસ (તીવ્ર બેઠાણીયો ત્રણ ઠાણીયો અને ચાર ઠાણીયો) આ જીવે પૂર્વકાળમાં બાંધેલો છે. તેનો રસઘાત કરીને અર્થાત્ રસ ઘટાડીને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય બનાવે છે. તેટલા જ માટે આ બન્ને મોહનીય પોતાના રૂપે ક્યારે ય બંધાતી નથી. પરંતુ મિથ્યાત્વને રસક ઘટાડીને રૂપાંતર કરવાથી આ બન્ને મોહનીય કર્મ સત્તામાં થાય છે.

આ જીવ જ્યારે ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તે ઔપશમિક સમ્યક્ત્વના લાભના પ્રથમ સમયથી જ (મતાન્તરે તેના પૂર્વ સમયથી જ અર્થાત્ મિથ્યાત્વની પ્રથમ સ્થિતિના ચરમ સમયથી જ) આરંભીને મિથ્યાત્વમોહનીય કર્મના દલિકને રસઘાત કરી કરીને સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયમાં સંક્રમાવે છે. તે સંક્રમ કરવાની વિધિ આ પ્રમાણે છે :-

પ્રથમ સમયમાં સમ્યક્ત્વમોહનીય રૂપે બહુ જ અલ્પ કર્મદલિક આ જીવ સંક્રમાવે છે. તેના કરતાં તે જ પ્રથમ સમયમાં સમ્યક્ત્વમોહનીય કર્મ કરતાં મિશ્રમોહનીયકર્મ રૂપે અસંખ્યાતગણું કર્મ સંક્રમાવે છે. તેના કરતાં પણ બીજા સમયે સમ્યક્ત્વમોહનીયમાં જે કર્મદલિક સંક્રમાવે છે. તે અસંખ્યાત ગુણ અધિક હોય છે. તેના કરતાં પણ તે જ બીજા સમયમાં મિશ્રમોહનીયમાં જે કર્મદલિક સંક્રમાવે છે તે અસંખ્યાતગુણ અધિક હોય છે. આ પ્રમાણે પ્રતિસમયે અસંખ્યાત ગુણ સંક્રમ ત્યાં સુધી કહેવો કે યાવત્ આ અંતર્મુહૂર્તનો ચરમ સમય આવે ત્યાં સુધી આ પ્રમાણે અસંખ્યાતગુણ અધિકના ક્રમે સંક્રમ કરે છે.

આ સંક્રમ જે કરાયો છે તે અંતરકરણમાં રહેલા જીવ વડે ઔપશમિક સમ્યક્ત્વ સ્વરૂપ પ્રશંસનીય ગુણ વિશેષ આવવાના બળ દ્વારા કરાયો છે. આ સમ્યક્ત્વાદિ ગુણના પ્રતાપે આટલો બધો અસંખ્યાત ગુણાકારે આ સંક્રમ થયો છે. તેટલા માટે આ સંક્રમનું નામ ગુણસંક્રમ કહેવાય છે. *પંચસંગ્રહમાં કહ્યું છે કે :-*

**गुणसंकमेण एसो संकमो, होइ सम्ममीसेसु ।**
**अंतरकरणम्मि ठिओ, कुणइ जओ स पसत्थगुणो ॥१॥**
(પંચસંગ્રહ ઉપશમના કરણ ગાથા-૨૫)

**અર્થ :-** અંતરકરણમાં રહેલો જીવ સમ્યક્ત્વમોહનીય અને મિશ્ર મોહનીયમાં મિથ્યાત્વનો જે સંક્રમ કરે છે તે ગુણસંક્રમ જાણવો. કારણ કે તે સમ્યક્ત્વ એ આત્માનો પ્રશસ્ત એવો ગુણ વિશેષ છે.

અંતરકરણમાં થનારા ગુણસંક્રમ સંબંધી અંતર્મુહૂર્ત સમાપ્ત થયા બાદ આગળ ઉપર વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે. આ પ્રમાણે સમ્યક્ત્વના પ્રતાપે પ્રતિ સમયે મિથ્યાત્વના દલિકોમાં રસઘાત કરી કરીને તે કર્મદલિકોને મિશ્રમોહનીય રૂપે અને સમ્યક્ત્વમોહનીયરૂપે બનાવવાનું કામકાજ ચાલુ જ રહે છે. ॥૨૦॥

**ठिइरसघाओ गुणसेढी वि य तावंति आउवज्जाणं ।**
**पढमठिईए एगदुगावलिसेसम्मि मिच्छत्ते ॥ २१ ॥**

**ગાથાર્થ :-** મિથ્યાત્વમોહનીય કર્મની પ્રથમ સ્થિતિ એક આવલિકા શેષ રહે ત્યાં સુધી આયુષ્ય કર્મને વર્જીને શેષ સાતે કર્મોના સ્થિતિઘાત અને રસઘાત ચાલે છે. તથા બે આવલિકા શેષ રહે ત્યાં સુધી ગુણશ્રેણી પણ પ્રવર્તે છે. ॥૨૧॥

**વિવેચન :-** ગાથા ૨૦માં આમ કહેવામાં આવ્યું છે કે સમ્યક્ત્વ ગુણ પામે તેના પ્રથમ સમયથી જ અસંખ્યાત ગુણાકારે મિથ્યાત્વનાં કર્મદલિકો મિશ્રમાં અને સમ્યક્ત્વતામોહનીયમાં સંક્રમાવે છે.

આ સંક્રમને ગુણસંક્રમ કહેવાય છે. જ્યાં સુધી ગુણસંક્રમ પ્રવર્તે છે. ત્યાં સુધી આયુષ્ય વિનાનાં સાત કર્મોમાં સ્થિતિઘાત રસઘાત અને ગુણશ્રેણિ પણ અવશ્ય પ્રવર્તે છે. જ્યારે ગુણસંક્રમ નિવૃત્તિ પામે છે. (અર્થાત્ અટકી જાય છે.) ત્યારે સ્થિતિઘાત-રસઘાત અને ગુણશ્રેણિ પણ નિવૃત્તિને પામે છે. મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિ જે અંતર્મુહૂર્ત પ્રમાણ છે. તેને ઉદયથી ભોગવતો ભોગવતો જીવ આગળ વધે છે. તેમાંથી જ્યારે એક આવલિકા કાળ બાકી ન રહે અર્થાત્ એક આવલિકાથી વધારે કાળ બાકી હોય ત્યાં સુધી મિથ્યાત્વમોહના સ્થિતિઘાત અને રસઘાત પ્રવર્તે છે. પરંતુ જ્યારે પ્રથમ સ્થિતિ એક આવલિકા માત્ર બાકી રહે છે. ત્યારે સ્થિતિઘાત અને રસઘાત પ્રવર્તતા નથી. પણ નિવૃત્તિ પામે છે.

તથા જ્યાં સુધી મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિ બે આવલિકા જેટલી બાકી રહેલી નથી. પરંતુ અધિક બાકી હોય છે. ત્યાં સુધી મિથ્યાત્વમોહની ગુણશ્રેણી પ્રવર્તે છે. પરંતુ પરિપૂર્ણ બે આવલિકા જ્યારે બાકી રહે છે ત્યારે ગુણશ્રેણિ પણ નિવૃત્તિને પામે છે.

આ પ્રમાણે ઉપરોક્ત પૂર્વકાલની વિધિ બધી સમાપ્ત કરીને અંતરકરણમાં પ્રવેશેલો જીવ અંતરકરણના પ્રથમ સમયથી આરંભીને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ પણે ત્યાં સુધી વર્તે છે કે યાવત્ એક અંતર્મુહૂર્તકાળ પસાર થાય ત્યાં સુધી નિર્ભયપણે ઔપશમિક સમ્યક્ત્વમાં વર્તે છે. ॥૨૧॥

*અવતરણ :- અંતરકરણ જ્યારે સમાપ્ત થવા આવે ત્યારે તે અંતઃકરણના અંતે આ જીવ શું કામ કરે છે ? તે હવે જણાવે છે :-*

**उवसंतद्धा अंते विहिणा ओकड्डियस्स दलियस्स ।**
**अज्झवसाणणुरुवस्सुदओ तिसु एक्कयरस्स ॥ २२ ॥**

**ગાથાર્થ :-** ઉપશાન્તાદ્ધાના અંતે બીજી સ્થિતિમાંથી વિધિપૂર્વક ઉતારેલા દલિકોમાંથી અધ્યવસાયને અનુરૂપ ત્રણમાંથી કોઈ પણ એક પુંજનો ઉદય શરૂ થાય છે. ॥૨૨॥

**વિવેચન :-** ઉપશાન્તાદ્ધામાં મિથ્યાત્વમોહના ઉપશમવાળો જે કાળ છે અર્થાત્ અન્તરકરણવાળો જે કાળ છે. તેમાં પ્રવેશેલા આ જીવને ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તે પૂરેપૂરા એક અંતર્મુહૂર્ત સુધી અવશ્ય ટકે છે. ત્યારબાદ અંતરકરણનો એટલે કે ઉપશાન્તાદ્ધાનો કાળ જ્યારે પૂર્ણ થવા આવે છે અને તેમાંની એક આવલિકા જેટલો કાળ બાકી રહે છે ત્યારે ત્યાં વર્તતો આ જીવ સમ્યક્ત્વમોહનીય આદિ ત્રણે પુંજ જે બીજી સ્થિતિમાં ગોઠવેલા છે ત્યાંથી અધ્યવસાય વિશેષ વડે આકર્ષીને બીજી સ્થિતિમાં રહેલા તે ત્રણે પુંજોને અંતરકરણની અન્તિમ છેલ્લી આવલિકામાં ત્યાં લાવીને ગોઠવે છે.

ત્યાં પ્રથમ સમયમાં ઘણું દલિક, બીજા સમયમાં થોડુક દલિક, ત્રીજા સમયમાં થોડુક દલિક એમ ઉર્ધ્વગોપૃચ્છાકારે યાવત્ આવલિકાના ચરમ સમય સુધી હીન હીનપણે દલિક રચના કરે છે. આ પ્રમાણે પ્રક્ષેપ કરાતાં અને લાઈનસર ગોઠવાતાં તે કર્મદલિકો ઉર્ધ્વગોપૃચ્છના આકારે રહેલાં થાય છે.

આ પ્રમાણે અંતરકરણની છેલ્લી આવલિકામાં દલિક રચના કરાયે છતે તે અંતરકરણની છેલ્લી માત્ર એક આવલિકા કાળ બાકી રહે ત્યારે વિધિપૂર્વક ઉપરના સ્થાનોમાંથી ઉતારેલા તે કર્મદલિકોમાંથી સમ્યક્ત્વમોહનીય આદિ ત્રણ પુંજમાંથી કોઈ પણ એક પુંજના દલિકોનો આ જીવને ઉદય શરૂ થાય છે.

किंविशिष्टस्य = કયા જીવને કયો પુંજ ઉદયમાં શરૂ થાય છે ? આવો કદાચ પ્રશ્ન થાય તો જણાવે છે કે પોત પોતાના અધ્યવસાયને અનુરૂપ ઉદય શરૂ થાય છે. એટલે કે તે કાલે જો શુભ પરિણામવાળો જીવ હોય તો સમ્યક્ત્વમોહનીય કર્મના દલિકોનો ઉદય શરૂ

થાય છે. જો મધ્યમ પરિણામવાળો જીવ હોય તો મિશ્રમોહનીયના દલિકોનો ઉદય શરૂ થાય છે અને જો તે કાલે જીવ અશુભ પરિણામવાળો હોય નિયમા મિથ્યાત્વમોહનીયના પુંજના દલિકોનો ઉદય શરૂ થાય છે.

આ પ્રમાણે અંતરકરણની અન્તિમ આવલિકામાં જીવના પોતાના અધ્યવસાયને અનુસારે કોઈ પણ એક પુંજનો ઉદય શરૂ થાય છે. તેમાં જો સમ્યક્ત્વ પુંજ ઉદયમાં આવે તો ઔપશમિક સમ્યક્ત્વમાં જે આ જીવ છે તે જ ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો કહેવાય છે અને મિશ્રમોહનીયનો પુંજ જો ઉદયમાં આવે તો મિશ્રદૃષ્ટિ થાય છે અને જો મિથ્યાત્વમોહનીયનો પુંજ ઉદયમાં આવે તો તે જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે. ॥૨૨॥

**सम्मत्तपढमलंभो, सव्वोवसमे तहा विगिट्ठो य ।**
**छालिगसेसाइ परं, आसाणं कोइ गच्छिज्जा ॥ २३ ॥**

**ગાથાર્થ :-** સમ્યક્ત્વનો પ્રથમ લાભ સર્વોપશમથી જ થાય છે અને તે પ્રથમ સ્થિતિની અપેક્ષાએ મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. તથા આ સમ્યક્ત્વના કાળમાં જ વધારમાં વધારે છ આવલિકા કાળ બાકી હોય ત્યારે કોઈ કોઈ જીવ સાસ્વાદનભાવને પણ પામે છે. ॥૨૩॥

**વિવેચન :-** ઔપશમિક સમ્યક્ત્વનો પ્રથમ લાભ મોહનીય કર્મનો સર્વોપશમ થવાથી જ થાય છે. તે વિના બીજી કોઈ રીતે ઔપશમિક સમ્યક્ત્વનો પ્રથમ લાભ થતો નથી. આ ઔપશમિક સમ્યક્ત્વનો પ્રથમ લાભ થયે છતે તેની સાથે કોઈ કોઈ જીવ દેશવિરતિને અને સર્વવિરતિને પણ પ્રાપ્ત કરે છે અર્થાત્ પહેલા ગુણઠાણેથી દેશવિરતિ સાથે ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તો પાંચમા ગુણઠાણે અને સર્વવિરતિ સાથે ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તો છઠ્ઠા-સાતમા ગુણઠાણે અને જો કેવલ એકલું ઔપશમિક સમ્યક્ત્વ જ માત્ર પ્રાપ્ત કરે તો નિયમા ચોથે ગુણઠાણે તે જીવ આરૂઢ થાય છે.

શતક નામના ગ્રંથની ચૂર્ણિ બનાવનારા ચૂર્ણિકારે કહ્યું છે કે :- "उवसमसम्मद्दिट्ठी अंतरकरणे ठिओ होइ, देसविरइं पि लभेइ, कोइ पमत्तापमत्तभावंपि, सासायणो पुण ण किंपि लभेइ त्ति" આ પંક્તિનો અર્થ એવો છે કે ઉપશમ સમ્યગ્દૃષ્ટિ આત્મા અંતરકરણમાં વર્તતો હોય ત્યારે કોઈક જીવ દેશવિરતિને પણ પામે છે અને કોઈક જીવ સર્વવિરતિને પણ પામે છે એટલે કે પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનકને પણ પામે છે. પરંતુ સાસ્વાદને ગયેલો જીવ કોઈ પણ આવા ગુણોને પામતો નથી.

આ [1]ઉપશમ સમ્યક્ત્વાદ્ધાનો જઘન્યથી એક સમય માત્ર કાળ બાકી હોય ત્યારે અને ઉત્કૃષ્ટથી વધારેમાં વધારે છ આવલિકા જેટલો કાળ બાકી હોય ત્યારે અનન્તાનુબંધી ચાર કષાયોનો ઉદય થવાથી કોઈ કોઈ જીવ આસાદન એટલે કે સાસ્વાદન ભાવને પણ પામે છે. પરંતુ જો દેશવિરતિ સર્વવિરતિ ભાવ ન પામે અને સાસ્વાદન ભાવને પામે તો તે સાસ્વાદનનો કાળ સમાપ્ત થાય ત્યારે નિયમા મિથ્યાત્વભાવને જ આ જીવ પામે છે.

આ જીવ જ્યાં સુધી શુદ્ધ અન્તરકરણમાં વર્તતો હતો ત્યાં સુધી ઔપશમિક સમ્યગ્દષ્ટિ કહેવાય છે. ત્રણ પુંજમાંથી જે પુંજનો ઉદય થાય છે. તે વાળો ક્ષાયોપશમિક સમ્યક્ત્વી, મિશ્રદષ્ટિ અને મિથ્યાત્વી અથવા સાસ્વાદન ભાવવાળો તે જીવ કહેવાય છે.[2]

પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા ૨૮માં કહ્યું છે કે :-

**सम्मत्तेणं समगं, सव्वं देसं च कोइ पडिवज्जे ।**
**उवसंतदंसणी सो, अंतरकरणे ठिओ जाव ॥२८॥**

---

૧. આ જીવ અંતરકરણમાં પ્રવેશ કરે ત્યારે ત્યાં મિથ્યાત્વનાં દલિકો ન હોવાથી અંતરકરણના પ્રથમ સમયે જ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. જેટલા સમયમાં ભોગવવા યોગ્ય કર્મદલિકો દૂર કરી ભૂમિકા સાફ કરી છે. તેટલા સમયને ઉપશન્તાદ્ધા કહેવામાં આવે છે. મિથ્યાત્વ એ સમ્યક્ત્વનો પ્રતિબંધક છે. ઉપશાન્તાદ્ધામાં તે મિથ્યાત્વ ન હોવાથી ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે જ્યાં સુધી આ શુદ્ધભૂમિ શુદ્ધભૂમિ રૂપે ટકે છે ત્યાં સુધી સમ્યક્ત્વ પણ રહે જ છે.

૨. અનિવૃત્તિકરણના ચરમ સમયમાં (મતાન્તરે અંતરકરણના પ્રથમ સમયમાં) આ જીવ રસભેદે મિથ્યાત્વમોહના ત્રણ પુંજ કરે છે તથા અંતરકરણના પ્રથમ સમયથી મિથ્યાત્વમોહનો મિશ્રમોહનીયમાં તથા સમ્યક્ત્વમોહમાં ગુણસંક્રમ કરે છે. તે ગુણસંક્રમ એક અંતર્મુહૂર્ત સુધી ચાલે છે. ત્યાર બાદ વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે. જ્યાં સુધી ગુણસંક્રમ ચાલે છે ત્યાં સુધી વિશુદ્ધ પરિણામની ધારા હોવાથી બીજી સ્થિતિમાંથી દલિકો ખેંચવાની ક્રિયા થતી નથી. વિધ્યાત સંક્રમ ચાલુ થાય ત્યારે આ ક્રિયા ચાલુ થાય છે. અંતરકરણ સમાપ્ત થયા બાદ ત્રણ પુંજમાંથી જે પુંજનો ઉદય થવાનો હોય તે પુંજને બીજી સ્થિતિમાંથી લાવીને અંતરકરણની અંદર જ કંઈક અધિક એક આવલિકા કાળ બાકી હોય ત્યારે અન્તિમ એક આવલિકામાં તે પુંજોની રચના કરે છે અને જે કંઈક અધિકકાળ હતો તે સમાપ્ત થયા બાદ માત્ર એક આવલિકા જ બાકી રહે ત્યારે અધ્યવસાયને અનુસારે કોઈ એક પુંજનો ઉદય શરૂ થાય છે જો સમ્યક્ત્વ પુંજ ઉદયમાં આવે તો ઔપશમિક સમ્યક્ત્વમાંથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ આ જીવ પ્રાપ્ત કરે છે. જો મિશ્ર પુંજનો ઉદય થાય તો આ જીવ ત્રીજા ગુણઠાણે જાય છે અને જો મિથ્યાત્વ પુંજ ઉદયમાં આવે તો પહેલા ગુણઠાણે જાય છે. તથા જે જીવને અનંતાનુબંધી ચાર કષાયો ઉદયમાં આવવાના હોય છે તે જીવને આ ત્રણ પુંજ ગોઠવવાની ક્રિયા થતી નથી. પરંતુ અંતરકરણનો ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે છ આવલિકા કાલ બાકી હોય ત્યારે ચાર અનંતાનુબંધી કષાયની સત્તા તો ત્યાં છે જ તેથી તેનો ઉદય શરૂ થાય છે. તેના ઉદયથી આ જીવનું પતન થાય છે અને બીજે ગુણઠાણે આવે છે અને ત્યાર બાદ પહેલે ગુણઠાણે જાય છે.

**અર્થ** :- સમ્યક્ત્વની સાથે કોઈ કોઈ જીવ સર્વવિરતિ અથવા દેશવિરતિને પણ પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી અંતરકરણમાં આ જીવ રહેલો હોય છે ત્યાં સુધી તે ઉપશાન્ત સમ્યગ્દર્શની કહેવાય છે. ॥૨૩॥

*અવતરણ :- હવે સમ્યગ્દષ્ટિ જીવ કેવો હોય ? તેનું સ્વરૂપ સમજાવે છે :-*

**सम्मद्दिट्ठी णियमा, उवइट्ठं पवयणं तु सद्दहइ ।**
**सद्दहइ असब्भावं, अजाणमाणो गुरुणिओगा ॥ २४ ॥**

**ગાથાર્થ** :- સમ્યગ્દષ્ટિ આત્મા જિનેશ્વર પરમાત્માએ બતાવેલા પ્રવચનની સંપૂર્ણ શ્રદ્ધા કરનારો હોય છે. અથવા પોતાની અજ્ઞાનદશાના કારણે અથવા ગુરુજીની પરવશતાના કારણે અસદ્‌ભૂત વસ્તુની પણ શ્રદ્ધા કરનારો હોય છે. (પરંતુ હૃદયથી જિનેશ્વર પરમાત્માની જ શ્રદ્ધા કરે છે.) ॥૨૪॥

**વિવેચન** :- સમ્યગ્દષ્ટિ આત્મા ગુરુજી વડે સમજાવાયેલા પ્રવચનની નિયમા જેમ છે તેમ યથાર્થપણે શ્રદ્ધા કરે જ છે. મનમાં જરા પણ શંકા આ જીવ રાખતો નથી. મૂળગાથામાં લખેલો तु શબ્દ એવકાર અર્થ વાળો છે અને ભિન્ન ક્રમવાચી છે. તેથી નિયમા શ્રદ્ધા કરે જ છે. આવો એક અર્થ કરવો તથા વળી પોતે ન જાણતો હોય તેવો વિષય અસદ્‌ભૂત હોય તો પણ શ્રદ્ધા કરી બેસે છે. અસદ્‌ભૂત એટલે અયથાર્થપણે પણ શ્રદ્ધા કરી લે છે. કારણ કે તે વિષયનો પોતે અવશ્ય અજાણ છે. સ્વયં પોતે શાસ્ત્રીય તે તે વિષયનું જ્ઞાન ધરાવતો નથી. તેથી સમજાવનારાની સમજાવટ પ્રમાણે ખોટા અર્થની પણ શ્રદ્ધા કરી બેસે છે.

અથવા તો તેવા પ્રકારના વિશિષ્ટ સમ્યગ્‌જ્ઞાન વિનાના ગુરુનો યોગ થઈ જાય તો અથવા જમાલિ તુલ્ય મિથ્યાદષ્ટિ એવા ગુરુજીનો યોગ થઈ જાય તો તેવા ગુરુજીની આજ્ઞાની પરવશતા હોવાથી અસદ્‌ભૂત વસ્તુનો પણ (વીતરાગ પ્રરૂપિત ભાવોથી વિપરીત ભાવોની પણ) શ્રદ્ધા આવો જીવ કરી બેસે છે. આ પ્રમાણે પોતાની અજ્ઞાનતા અને મિથ્યાદષ્ટિ ગુરુની પરતંત્રતા આ બે કારણો વિના વીતરાગ પરમાત્માથી વિરુદ્ધ વાત આ જીવ સ્વીકારતો નથી. પૂર્ણપણે વીતરાગ પરમાત્માની વાતનો જ સ્વીકારનાર થાય છે.

આવા પ્રકારના આ સમ્યગ્‌દષ્ટિ જીવમાં જે વસ્તુ તત્ત્વનું અજાણપણું (જ્ઞાનાભાવદશા) જે વર્તે છે. તે જ્ઞાનાવરણીય કર્મના વિપાકોદયની સાન્નિધ્યતા માત્રથી ઉત્પન્ન થયેલું છે. તે અજ્ઞાનદશા સમ્યક્ત્વને રોકનારી અર્થાત્ સમ્યક્ત્વની પ્રતિબંધક બનતી નથી.

વાસ્તવિકપણે તો મિથ્યાત્વમોહનો ઉદય જ સમ્યક્ત્વનો પ્રતિબંધક છે. અજ્ઞાનદશા એ જ્ઞાનાવરણીયના ઉદયનું ફળ છે. તેથી તે દશા સમ્યક્ત્વનો પ્રતિબંધક ગણાતી નથી. પણ જ્ઞાનદશાને આવરણ કરનારી હોય છે.

જેમ અગ્નિ દાહનું કારણ છે તો પણ ચંદ્રાકાન્તમણિ હાજર હોય તો તે પ્રતિબંધક હોવાથી અગ્નિ દાહ કરી શકતું નથી તથા ચંદ્રકાન્તમણિ એ પ્રતિબન્ધક તત્ત્વ હાજર હોવા છતાં જો સૂર્યકાન્તમણિ પણ હાજર હોય તો તે સૂર્યકાન્તમણિ ઉત્તેજક હોવાથી પ્રતિબંધક હાજર હોય તો પણ દાહ થાય જ છે. તેવી જ રીતે મધ્યસ્થ સ્વભાવવાળા શિષ્યરત્નને જુદા જુદા દર્શન શાસ્ત્રોનો અભ્યાસ કરતાં મિથ્યાત્વમોહનીયના પ્રદેશોદયરૂપ સમ્યક્ત્વમોહનીયના ઉદયવાળા જીવને આ સાચું હશે કે આ સાચું હશે એવા વિવાદપૂર્વક સ્વીકાર કરેલા જૈન પ્રવચનના અર્થમાં સંદેહ કરવો એ સ્વરૂપ સમ્યક્ત્વનું પ્રતિબંધ કરનારૂં તત્ત્વ (પ્રતિબંધક) હાજર હોવા છતાં પણ "तमेव सच्चं जं जिणेहिं पन्नत्तं" ઇત્યાદિ અવિચલ શ્રદ્ધામય આલંબન સ્વરૂપ ઉત્તેજક હાજર હોવાથી તે પ્રતિબંધક સમ્યક્ત્વને રોકવા સમર્થ થતું નથી.

ન્યાયની ભાષામાં આવો નિયમ છે કે "कारणसत्त्वेऽपि कार्याजनकत्वं प्रतिबन्धकत्वम्" કારણો હાજર હોય છતાં કાર્ય ન થવા દે તેને પ્રતિબંધક કહેવાય છે. જેમ ચંદ્રકાન્તમણિ એ દાહનો પ્રતિબંધક છે તથા प्रतिबन्धक सत्त्वेऽपि कार्यजनकत्वं उत्तेजकस्य लक्षणम् પ્રતિબંધક હાજર હોય છતાં જેનાથી કાર્ય થાય. જે કાર્યને કરી આપે તે ઉત્તેજક કહેવાય છે. જેમ કે અગ્નિ હોય તો દાહ થવો તે તેનું કાર્ય છે. ચંદ્રકાન્તમણિ દાહનો પ્રતિબંધક છે. પરંતુ સૂર્યકાન્તમણિ દાહનો ઉત્તેજક તત્ત્વ છે. તેથી ચંદ્રકાન્તમણિ હોય તો પણ સૂર્યકાન્તમણિ હોવાથી અવશ્ય દાહ થાય જ છે.

તેવી જ રીતે સમ્યક્ત્વની અટકાયત કરનાર મિથ્યાદૃષ્ટિ ગુરુનો યોગ અને પોતાની અજ્ઞાનદશા એ સ્વરૂપ પ્રતિબંધક તત્ત્વો હાજર હોવા છતાં પણ "तमेव सच्चं जं जिणेहिं पन्नत्तं" તે જ સાચું છે કે જે જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે ઇત્યાદિ અવિચલ શ્રદ્ધા રૂપ ઉત્તેજક હાજર હોવાથી મિથ્યાદૃષ્ટિ ગુરુજીનો નિયોગ અથવા પોતાની અજ્ઞાનદશા એ પ્રતિબંધકો સમ્યક્ત્વનો પ્રતિબંધ કરી શકતા નથી.

ઉત્તેજકના પ્રભાવથી પ્રતિબંધક તત્ત્વો પ્રતિબંધ કરવાને સમર્થ થતા નથી. તેવી જ રીતે અહીં પોતાની અજ્ઞાનદશા તથા મિથ્યાદૃષ્ટિ ગુરજીનો નિયોગ (ગુરુજીની નિશ્રા) આ પ્રતિબંધક તત્ત્વો હાજર હોવા છતાં પણ હૃદયના ભાવથી જિનેશ્વર પરમાત્માની આજ્ઞાને પ્રમાણ ભૂત માનનારા પ્રાણીનો "જિનેશ્વર ભગવંતોએ જે કહ્યું છે તે જ સાચું છે" આવી જે દૃઢ માન્યતા રૂપ પોતાના આત્માનો શુભ એવો આત્મ પરિણામ રૂપ સમ્યક્ત્વ ગુણ છે તે ગુણનો ઉપઘાત (વિનાશ) કરવાને તે કારણો સમર્થ બનતાં નથી.

ઉપર સમજાવેલી જ્ઞાની મહાત્મા પુરૂષોની વાણીથી એ વાત નક્કી થાય છે કે "પર મતમાં (અર્થાત્ મિથ્યાદૃષ્ટિની નિશ્રામાં) રહેલા જીવને સમ્યક્ત્વ નથી જ હોતું" આ વાત દૂર થયેલી સમજવી અર્થાત્ આ વાત ખોટી જ છે આમ સમજવું. હૃદયમાં જો સાચી વીતરાગ

પરમાત્માની શ્રદ્ધા હોય તો મિથ્યાદૃષ્ટિ ગુરુની નિશ્રા હોવા છતાં પણ સમ્યક્ત્વ જળહળતું હોઇ શકે છે.

કારણ કે આગ્રહ વિનાના શિષ્યને મિથ્યાદૃષ્ટિ ગુરુજીની નિશ્રા છતાં પણ તે મિથ્યાદૃષ્ટિ એવા ગુરુજીએ બતાવેલા ખોટા ખોટા તત્ત્વોની શ્રદ્ધા હોવા છતાં પણ તે શ્રદ્ધામાં શિષ્યનો પોતાનો સ્વાભાવિક આત્મરસ નહીં હોવાથી પોતાના સ્વભાવભૂત એવી જિનેશ્વરના વચનોની શ્રદ્ધા સ્વરૂપ સમ્યક્ત્વનો તે શ્રદ્ધા વિરોધ કરી શકતી નથી.

"અનાગ્રહદશા" એ જ સમ્યક્ત્વનું ઉત્તેજક તત્ત્વ છે. તેથી "આગ્રહદશાવાળા જીવને સ્વપક્ષમાં હોય તો પણ અને પર પક્ષમાં હોય તો પણ તેમાં મિથ્યાદૃષ્ટિપણું છે જ, તેનો અપાય થતો નથી અર્થાત્ તે દૂર થતું નથી. પ્રસંગના વશથી આટલી ચર્ચા કરવા વડે સર્યું ॥૨૪॥

***અવતરણ :-** ઉપરની ગાથામાં સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ કહ્યું. હવે આ ગાથામાં મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપ કહે છે :-*

**मिच्छद्दिट्ठी णियमा, उवइट्ठं पवयणं ण सद्दहइ ।**
**सद्दहइ असब्भावं, उवइट्ठं वा अणुवइट्ठं ॥ २५ ॥**

**ગાથાર્થ :-** મિથ્યાદૃષ્ટિ આત્મા વીતરાગ પરમાત્માએ જણાવેલા પ્રવચનની શ્રદ્ધા કરતો નથી. પરંતુ વીતરાગ પરમાત્માએ બતાવેલા પ્રવચનની શ્રદ્ધા તો આ જીવ કરતો નથી અને નહીં બતાવેલા એવા અસદ્ભૂત પ્રવચનની શ્રદ્ધા કરે છે. ॥૨૫॥

**વિવેચન :-** મિથ્યાદૃષ્ટિ જીવ ગુરુજી વડે કહેવાયેલા સમજાવાયેલા પ્રવચનની નિયમા શ્રદ્ધા નથી જ કરતો, વીતરાગ પરમાત્માએ કહેલાં તત્ત્વો સમ્યગ્ભાવે તે જીવમાં પરિણામ નથી જ પામતાં, પરંતુ વીતરાગ પરમાત્માએ કહેલું કે ન કહેલું એમ સઘળું ય પણ તત્ત્વ અસદ્ભૂત રૂપે જ અર્થાત્ વિપરીત અર્થપણે જ પરિણામ પામે છે તે સર્વની વિપરીત જ શ્રદ્ધા કરે છે.

વીતરાગ પરમાત્માએ જણાવેલા તત્ત્વોમાંથી કોઈ પણ એક તત્ત્વ ઉપર પણ પોતાના આગ્રહપૂર્વક અસદ્ભૂત અર્થની (વિપરીત અર્થની) શ્રદ્ધા હોય તો તે વિનાના શેષ બાકીના તમામ યથાર્થ (જેમ વીતરાગ ભગવંતોએ કહ્યું છે તેમ) શ્રદ્ધા હોવા છતાં પણ તે બધું અશ્રદ્ધા રૂપ જ ગણાય છે.

કારણ કે બાકીનું બધું સઘળું ય પણ જે માન્યું છે. તે પોતાની બુદ્ધિમાં બેઠુ છે તેટલે માન્યું છે. પણ વીતરાગ પરમાત્મા ઉપરની શ્રદ્ધાથી માન્યું નથી. જો વીતરાગ પરમાત્મા ઉપરની શ્રદ્ધાથી સ્વીકાર્યું હોત તો જે એક તત્ત્વ નથી સ્વીકાર્યું. તે પણ સ્વીકાર્યું હોત એટલે

વીતરાગ પરમાત્મા ઉપરના વિશ્વાસથી શેષ વચનો માન્યા નથી. પરંતુ પોતાની બુદ્ધિમાં ઉતર્યા છે સમજાયા છે પોતાને બરાબર સંગત લાગ્યાં છે. તેથી માન્યાં છે. પણ સર્વજ્ઞ પરમાત્મા ઉપરના વિશ્વાસથી માન્યાં નથી. તે માટે શેષ વચનો માનવા છતાં પણ એક પદ માત્રને ન માનનાર જીવ મિથ્યાદૃષ્ટિ જ કહેવાય છે.

તથા વળી જે આત્માઓએ વીતરાગ પરમાત્માનાં જણાવેલાં સૂત્રો અને તેના અર્થોને અવગાહ્યા નથી. તે વિષયોમાં ઉડા ઉતર્યા નથી. ઘણો ઊંડો અને લાંબો અભ્યાસ જે આત્માઓએ કર્યો નથી અને અજ્ઞાન તપમાં જ પડી ગયા છે. તેવા અજ્ઞાની અને બહુ તપસ્વી આત્માઓ-માંથી કોઈ કોઈ અતિશય અલ્પ જીવોમાં માર્ગાનુસારિપણું હોઈ શકે છે. આવા પ્રકારનું જે શાસ્ત્રવચન છે. તે જે શિષ્યો પોતે અગીતાર્થ હોય, પરંતુ પૂરેપૂરા ગીતાર્થ અને યથાર્થ અભ્યાસી એવા ગીતાર્થ ગુરુઓની નિશ્રામાં રહેલા હોય તથા પોતે અનાગ્રહી સ્વભાવ વાળા હોય તેવા જીવોને આશ્રયીને જ આ વચન જ્ઞાનીઓએ કહેલું છે આમ જાણવું.

શાસ્ત્રકાર ભગવંતોનાં વચનોને ઘણી જ દીર્ઘદૃષ્ટિથી સંગત કરવાં, પરંતુ ઉપર છલ્લી તુચ્છ બુદ્ધિથી મન ફાવે તેવા અર્થમાં ન લઈ જવાં. ॥૨૫॥

*અવતરણ :- હવે સમ્યગ્મિથ્યાદૃષ્ટિનું (મિશ્ર દૃષ્ટિનું) સ્વરૂપ સમજાવે છે.*

**सम्मामिच्छदिट्ठी, सागारे वा तहा अणागारे ।**
**अह वंजणोग्गहम्मि य, सागारे होइ नायव्वो ॥ २६ ॥**

**ગાથાર્થ** :- સમ્યગ્મિથ્યાદૃષ્ટિ (અથાત્ મિશ્ર દૃષ્ટિ) જીવ સાકારોપયોગમાં પણ હોય અથવા અનાકારોપયોગમાં પણ હોય તથા સાકારોપયોગમાં હોય તો પણ વ્યંજનાવગ્રહતુલ્ય અસ્પષ્ટ ઉપયોગમાં જ હોય છે. ॥૨૬॥

**વિવેચન** :- સમ્યગ્મિથ્યાદૃષ્ટિ એટલે કે મિશ્રદૃષ્ટિ એવો જીવ ઉપયોગના વિષયમાં કેવો હોય ? તેની જો વિચારણા કરાય તો સાકારોપયોગમાં પણ હોય અને નિરાકારોપયોગમાં પણ હોય છે. ગાથામાં લખેલો અથ શબ્દ જે છે તે यदि ના અર્થમાં છે.

તેથી જો આ મિશ્રદૃષ્ટિ સાકારોપયોગમાં વર્તતો હોય તો પણ વિશિષ્ટ જ્ઞાનોપયોગમાં વર્તતો હોતો નથી. પરંતુ વ્યંજનાવગ્રહમાં જ અર્થાત્ અવ્યક્તજ્ઞાન રૂપ અસ્પષ્ટ બોધાત્મક વ્યવહારિક જ્ઞાનમાં જ આ જીવ વર્તતો હોય છે. પરંતુ વધારે સ્પષ્ટ અર્થબોધવાળા અર્થાવગ્રહમાં આ જીવ વર્તતો હોતો નથી. કારણ કે આ જીવ સંશયાત્મક જ્ઞાનવાળા જીવોમાં મુખ્ય હોય છે અર્થાત્ સંશયાત્મક જ્ઞાનથી જ ભરપૂર ભરેલો હોય છે. તથા જિનેશ્વર પરમાત્માના વચનો

ઉપર રૂચિ અને દ્વેષ આ બન્ને ભાવોથી રહિત હોય છે. ન રૂચિવાળો અને ન દ્વેષવાળો એવો આ જીવ હોય છે. તેને જ સમ્યગ્મિથ્યાદષ્ટિ કહેવાય છે. પરંતુ આવા જીવને સમ્યગ્જ્ઞાની કે નિશ્ચયાત્મક જ્ઞાનવાળો કહેવાતો નથી. સંશયની પ્રધાનતાવાળા અધ્યવસાય (વિચારો) રૂપ વ્યંજનાવગ્રહવાળો અર્થાત્ તદ્દન અસ્પષ્ટ બોધવાળો આ જીવ હોય છે. પરંતુ નિર્ણયાત્મક જ્ઞાનવાળો આ જીવ હોતો નથી. ॥૨૬॥

***અવતરણ :- આ પ્રમાણે સમ્યક્ત્વની ઉત્પત્તિની બધી જ પ્રક્રિયા સમજાવી. હવે ચારિત્ર મોહનીય કર્મની ઉપશમના કેવી રીતે થાય છે ? તે સમજાવવાનું છે ત્યાં સૌથી પ્રથમ ચારિત્રમોહનીયની ઉપશમના કરવાને યોગ્ય અર્થાત્ તેનો અધિકારી જીવ કયો હોય ? અને કેવો જીવ હોય ? તે સમજાવે છે :-***

**वेयगसम्मद्दिट्ठी, चरित्तमोहुवसमाय चेट्ठंति ।**
**अजओ देसजई वा विरओ व, विसोहिअद्धाए ॥ २७ ॥**

**ગાથાર્થ :-** વિશુદ્ધિમાં વર્તતા એવા અવિરત સમ્યગ્દષ્ટિ જીવો, દેશવિરતિધર જીવો અથવા સર્વવિરતિધર જીવો ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ હોય ત્યારે ચારિત્ર મોહનીય કર્મને ઉપશમાવવા માટે ચેષ્ટા કરે છે. મોહને ઉપશમાવવાની પ્રવૃત્તિ કરે છે. ॥૨૭॥

**વિવેચન :-** વેદક સમ્યક્ત્વી જીવ એટલે કે ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવ જ મુખ્યત્વે ચારિત્ર મોહનીય કર્મનો ઉપશમ કરવા માટે પ્રવૃત્તિ કરે છે. પરંતુ પૂર્વે કહેલા સ્વરૂપવાળો એવો ઔપશમિક સમ્યક્ત્વથી યુક્ત જીવ ચારિત્ર મોહનીયના ઉપશમ માટે ચેષ્ટા કરતો નથી. (અનાદિ મિથ્યાત્વી જીવ જે પ્રાથમિક ઉપશમ સમ્યક્ત્વ પામે છે. તે જીવ તેવા પ્રકારની વિશિષ્ટ વિશુદ્ધિવાળો ન હોવાથી ઉપશમ શ્રેણિ પ્રારંભતો નથી. તેને આશ્રયી આ નિષેધ છે) તથા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ પણ પૂર્વકાલમાં જો બદ્ધાયુષ્ક હોય તો ઉપશમ શ્રેણિ માંડી શકે છે. પરંતુ તે અલ્પ માત્રામાં હોવાથી તેની વિવક્ષા નહીં કરીને આ ગાથામાં વેદક સમ્યગ્દષ્ટિ ઉપશમ શ્રેણિ માંડે છે. આમ કથન કરેલ છે.

તે ઉપશમ શ્રેણિ પ્રારંભ કરનાર વેદક સમ્યગ્દષ્ટિ જીવ અવિરત સમ્યગ્દષ્ટિ પણ હોઈ શકે છે. દેશવિરતિધર શ્રાવક અને શ્રાવિકા પણ હોઈ શકે છે અથવા સર્વવિરતિધર સાધુ સાધ્વીજી મહારાજશ્રી પણ હોઈ શકે છે કે જે પ્રમત્ત તથા અપ્રમત્ત ગુણઠાણે બિરાજમાન હોય છે. આ પ્રમાણે ચારથી સાત ગુણસ્થાનકમાં વર્તતા વેદક સમ્યગ્દષ્ટિ જીવો ઉપશમ શ્રેણિનો પ્રારંભ કરે છે.

આ ચારે ગુણસ્થાનકોમાં બીરાજમાન જીવો ક્યારેક સંક્લિષ્ટ પરિણામવાળા પણ હોય છે. એટલે કે પડવૈયા પણ હોય છે અને ક્યારેક વિશુદ્ધ પરિણામવાળા પણ હોય છે.

એટલે કે ચડવૈયા પણ હોય છે. તેથી તે બન્ને પ્રકારના જીવોમાં જે જીવો વિશુદ્ધિમાં વર્તમાન છે. નિર્મળ પરિણામવાળા છે. ચડવૈયા સ્વભાવમાં વર્તે છે તે જ જીવો આ ચાર ગુણસ્થાનકોમાંથી (૪ થી ૭ માંના) કોઈ પણ ગુણસ્થાનકમાં વર્તતા જીવો ચારિત્રમોહનીયનો ઉપશમ કરવા માટે પ્રયત્ન કરે છે. પરંતુ સંક્લિષ્ટ પરિણામની ધારામાં વર્તતા જીવો આ ઉપશમ શ્રેણી કરવા માટે પ્રયત્ન કરતા નથી. તે તેના અધિકારી નથી. ॥૨૭॥

*અવતરણ :- આ અવિરત, દેશવિરત અને સર્વવિરત કોને કહેવાય ? તે જીવો કેવા હોય ? તે સમજાવવા માટે અવિરતિ આદિ ત્રણે પ્રકારના જીવોનું પણ લક્ષણ ગ્રંથકારશ્રી આવા પ્રકારનું જણાવે છે :-*

**अण्णाणाणब्भुवगम जयणा ह जओ अवज्जविरईए ।**
**एगव्वयाइ चरिमो, अणुमइमित्तो त्ति देसजई ॥ २८ ॥**

**ગાથાર્થ :-** અજ્ઞાન, અનભ્યુગમ અને અયતના (અજયણા) આ ત્રણે ભાવવાળો જીવ અવિરતિ સમજવો તથા જે આત્મા પાપો થકી (દેશથી) વિરમણ થયો છે તે દેશવિરતિધર છે. તે દેશવિરતિધર એક વ્રતથી પ્રારંભીને યાવત્ સંવાસાનુમતિ માત્રવાળો જીવ ઉત્કૃષ્ટ દેશવિરતિધર હોય છે. ॥૨૮॥

**વિવેચન :-** જે આત્મા વ્રતોને (એટલે કે વ્રતોના સ્વરૂપને) જાણતો નથી. વ્રતોને સ્વીકાર કરતો નથી તથા વ્રતોના પાલન માટે પ્રયત્ન કરતો નથી તે આત્મા અજ્ઞાનતાના કારણે, અસ્વીકારના કારણે અને અપાલનના કારણે અવિરત કહેવાય છે.

અહીં વ્રતોને બરાબર જાણવાં, ગુરુ પાસે બરાબર વ્રતોનો સ્વીકાર કરવો અને સ્વીકારેલાં તે વ્રતોનું બરાબર યથાર્થપણે પાલન કરવું. આમ કુલ ત્રણ પદો વડે આઠ ભાંગા થાય છે.

(૧) ન જાણે, ન આદરે અને ન પાળે સામાન્યપણે એકેન્દ્રિયાદિ જીવો.
(૨) ન જાણે, ન આદરે, પણ પાળે, અજ્ઞાન તપસ્વીઓ.
(૩) ન જાણે, પણ આદરે અને ન પાળે પાર્શ્વસ્થાદિ શિથિલ મુનિઓ.
(૪) ન જાણે, પણ આદરે અને પાળે અગીતાર્થ મુનિઓ.
(૫) જાણે, પણ ન આદરે અને પાળે, શ્રેણિક મહારાજાદિ અવિરત સમ્યગ્દષ્ટિ જીવો.
(૬) જાણે, પણ ન આદરે, અને પાળે, અનુત્તરવાસી દેવો આદિ.
(૭) જાણે, આદરે, પણ ન પાળે સંવિજ્ઞપાક્ષિક આત્મા.
(૮) જાણે, આદરે અને બરાબર પાળે, મહાવ્રતધારી સાધક મુનિઓ.

ઉપર કહેલા આઠ ભાંગાઓમાંથી પ્રથમના સાત ભાંગાઓમાં વર્તતો જીવ નિયમા

અવિરત છે. કારણ કે જે આત્મા વ્રતોને બરાબર જાણે નહીં અને ગુરુજી પાસે વ્રતો સ્વીકારે નહીં તથા સારી રીતે પાળે નહીં અને પાળે તો પણ ઘૂણાક્ષર ન્યાયે પાળે અર્થાત્ ભાનવિનાની દશાથી પાળે. તો આવા પાળેલાં વ્રતો જીવને ફળવાળાં બનતાં નથી. તે માટે આ આઠ ભાંગામાં પ્રથમના ચાર ભાંગામાં સમ્યગ્જ્ઞાનનો જ અભાવ છે.

પાછલા પાંચમા ભાંગાથી સાતમા ભાંગા સુધીમાં સમ્યગ્જ્ઞાન હોવા છતાં પણ સમ્યક્પણે વ્રતોનું ગ્રહણ કરવાપણું અને સમ્યક્પણે વ્રતોનું પાલવાપણું નથી. તે કારણથી પ્રથમના સાત ભાંગાઓમાં વર્તતો જીવ નિયમા અવિરત જ કહેવાય છે અને અન્તિમ આઠમા ભાંગામાં વર્તતો જીવ અવદ્યનો એટલે કે પાપનો ત્યાગી છે માટે ત્યાં જો દેશથી પાપનો ત્યાગી હોય તો તે જીવ દેશવિરતિધર કહેવાય છે. આવો જીવ એક વ્રતધારી વિગેરે હોય છે.

એટલે કે એકવ્રતધારી, બે વ્રતધારી એમ વધારેમાં વધારે ઉત્કૃષ્ટથી બાર વ્રતધારી તથા અનુમતિ માત્રને સેવવાવાળો હોય છે. સર્વ સાવદ્યયોગનાં કર્યાં છે પચ્ચક્ખાણ જેણે એવો તે ઉત્કૃષ્ટ દેશવિરતિધર જીવ ફક્ત સંવાસાનુમતિને જ કેવળ સેવનારો હોય છે.

**પ્રશ્ન :-** સંવાસાનુમતિ માત્રને જ સેવનારો હોય છે. એમ તમે કહો છો. તો બીજી અનુમતિ કેટલી છે? કઈ કઈ છે ? તેના અર્થ શું ? અને સંવાસાનુમતિ એટલે શું ?

**ઉત્તર :-** અનુમતિ ત્રણ પ્રકારની છે. (૧) પ્રતિ સેવનાનુમતિ (૨) પ્રતિ શ્રવણાનુમતિ અને (૩) સંવાસાનુમતિ ત્યાં જે જીવે પોતે પાપ કરેલું હોય કે બીજાઓએ પાપ કરેલું હોય તેની જે જીવ પ્રશંસા કરે અથવા સાવદ્ય એવા આરંભ સમારંભથી બનેલા અશન-પાન આદિનો પોતે ઉપભોગ કરે તેને પ્રતિસેવનાનુમતિ કહેવાય છે.

જ્યારે પુત્રાદિ વડે કરાયેલું પાપ પોતે સાંભળે, સાંભળીને રાજી થાય. પણ નિષેધ ન કરે ત્યારે પ્રતિશ્રવણાનુમતિ લાગે તથા જ્યારે સાવદ્ય આરંભ-સમારંભમાં પ્રવર્તેલા પુત્રાદિમાં કેવળ મમત્વ માત્ર જ રાખે, બીજી કંઈ વાત સાંભળે પણ નહીં અને પ્રશંસે પણ નહીં ત્યારે ત્રીજી સંવાસાનુમતિ લાગે. ત્યાં જે આત્મા બારવ્રતધારી હોય, ઘણા ઘણા નાના-મોટા નિયમોવાળો હોય. પરંતુ કેવળ સંવાસાનુમતિને જ માત્ર સેવે. પુત્રાદિમાં મમત્વ માત્ર જ રાખે તે છેલ્લો ઉત્કૃષ્ટ દેશવિરતિધર શ્રાવક કહેવાય છે.

જે આત્મા આવા પ્રકારની આ સંવાસાનુમતિનો પણ ત્યાગ કરનાર થાય છે. તે યતિ અર્થાત્ મુનિ અથવા સંયમી જીવ કહેવાય છે.

**પ્રશ્ન :-** દેશવિરતિ અને સર્વવિરતિને પ્રાપ્ત કરવાનો ક્રમ શું છે ?

**ઉત્તર :-** બન્નેની પ્રાપ્તિમાં એટલે કે દેશવિરતિ તથા સર્વવિરતિને પ્રાપ્ત કરવામાં યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ એમ બે કરણો થાય છે. પણ અનિવૃત્તિકરણ નામનું ત્રીજું કરણ થતું નથી. જે હવે પછીની ગાથામાં ગ્રંથકારશ્રી જ સમજાવે છે. ॥૨૮॥

**अणुमइविरओ अ जई, दोण्ह वि करणाणि दोणि न उ तइयं ।**
**पच्छा गुणसेढी सिं, तावइया आलिगा उप्पिं ॥ २९ ॥**

**ગાથાર્થ :-** અનુમતિ માત્રથી જ્યારે વિરક્ત બને છે ત્યારે તે મુનિ કહેવાય છે. દેશવિરતિ અને સર્વવિરતિ એમ બેના સ્વીકારમાં બે જ કરણ થાય છે. ત્રીજુ કરણ થતું નથી. તથા દેશવિરતિ તથા સર્વવિરતિને પામ્યો છતો તે જીવ આવલિકાની ઉપર ગુણશ્રેણિની રચના કરે છે. ॥૨૯॥

**વિવેચન :-** સંવાસાનુમતિનો પણ જો આ જીવ ત્યાગ કરે છે તો તે દેશવિરતિ ધર કહેવાતો નથી. પરંતુ સર્વવિરતિધર મુનિ જ કહેવાય છે. તથા બન્ને કરણો કરવાના કાલથી પૂર્વે પણ અંતર્મુહૂર્ત સુધી પ્રતિસમયે અનંતગુણ અધિક અધિકના ક્રમે વિશુદ્ધિ વડે વૃદ્ધિ પામતો આ જીવ અશુભ પ્રકૃતિઓનો રસ જે ચાર ઠાણીયો હોય તેને બે ઠાણીયો કરતો (પુણ્યપ્રકૃતિઓનો રસ બેઠાણીયો હોય તો ચાર ઠાણીયો કરતો) ઇત્યાદિ કાર્યો કરવા પૂર્વક ક્રમસર અહીં જીવ પૂર્વની જેમ યથાપ્રવૃત્તકરણ કરે છે. તથા તે જ વિધિ પ્રમાણે અપૂર્વકરણ પણ કરે છે. ફક્ત અહીં ગુણશ્રેણી આ જીવ કરતો નથી. માટે તે ગુણશ્રેણી ન કહેવી.

તથા અપૂર્વકરણનો કાળ જેવો સમાપ્ત થાય કે તુરત જ આ જીવ દેશવિરતિ અથવા સર્વવિરતિ ધર્મને પ્રાપ્ત કરે છે. તેથી અનિવૃત્તિકરણ કરવાનો અવકાશ જ રહેતો નથી. ત્યાં અવિરત સમ્યગ્દૃષ્ટિ થયો છતો તે જીવ દેશવિરતિ અથવા સર્વવિરતિ ધર્મને પ્રાપ્ત કરે છે. પરંતુ જો દેશવિરતિધર જીવ હોય તો આ બે કરણ કરવા દ્વારા નિયમા સર્વવિરતિ ધર્મને જ પ્રાપ્ત કરે છે.

તથા બન્ને કરણો સમાપ્ત થયે છતે પછીથી દેશવિરતિ ધર્મ અથવા સર્વવિરતિ ધર્મ પ્રાપ્ત કર્યા બાદ આવા પ્રકારના ઉત્તમ ગુણોની પ્રાપ્તિના કારણે ઉદયાવલિકાની ઉપર ગુણશ્રેણિ રચે છે. દેશવિરતિ ધર્મ અથવા સર્વવિરતિ ધર્મ આ આત્માના ગુણો હોવાથી તે બન્ને ગુણોના કારણે રચાયેલી કર્મોને (જલ્દી ખપાવવા માટે) જે રચના તેને ગુણશ્રેણિ કહેવાય છે. અન્તર્મુહૂર્ત કાળ માત્રમાં પ્રતિસમયે અસંખ્યાત ગુણ વૃદ્ધિના નાતે કર્મદલિકોની જે રચના વિશેષ કરવી તેને ગુણશ્રેણિ કહેવાય છે. ગુણાકારે જે રચના તે ગુણશ્રેણિ અથવા ગુણ સાપેક્ષ જે રચના તે ગુણશ્રેણિ જાણવી.

**પ્રશ્ન :-** અંતર્મુહૂર્ત માત્ર કાળ પ્રમાણ જ ગુણશ્રેણિ રચે છે. આમ તમે કેમ કહો છો ? અંતર્મુહૂર્તથી આગળ અધિક કાળ પ્રમાણ ગુણશ્રેણિ આ જીવ કેમ રચતો નથી ?

**ઉત્તર :-** આવો પ્રશ્ન જો તમને થતો હોય તો અર્થાત્ આવો પ્રશ્ન જો કરતા હો તો તે ન કરવો. કારણ કે દેશવિરતિ ધર્મ અને સર્વવિરતિ ધર્મની પ્રાપ્તિ થયા પછી દેશવિરતિ ધર અથવા સર્વવિરતિધર થયેલો આ જીવ એક અંતર્મુહૂર્તકાળ સુધી અવશ્ય વર્ધમાન પરિણામવાળો થાય છે. તે કારણથી આ જીવ તેટલા જ પ્રમાણવાળી ગુણશ્રેણિ રચે છે. અંતર્મુહૂર્તકાળ પછી કોઈ નિયમ નથી. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે.

કોઈપણ જીવ જો ચઢતા પરિણામવાળો રહે તો વૃદ્ધિ પામતી એવી ગુણશ્રેણિને કરે અને જો હીયમાન પરિણામવાળો આ જીવ હોય તો હીયમાન ગુણશ્રેણિને કરે અને અવસ્થિત પરિણામવાળો એટલે કે સ્થિર પરિણામવાળો જીવ હોય તો અવસ્થિત (નિયત માત્રાવાળી) ગુણશ્રેણિને કરે છે.

આ જીવ દેશવિરતિ અને સર્વવિરતિના ગુણ પામ્યા પછી જો વર્ધમાન પરિણામવાળો રહે તો સ્થિતિઘાત અને રસઘાત ચાલુ રહે છે. પરંતુ સ્વભાવસ્થ થાય (જેવો પરિણામ હોય તેવા જ પરિણામમાં રહેવાવાળો જો થાય) તો અથવા હીયમાન પરિણામવાળો જો થાય તો તે દેશવિરતિ અને સર્વવિરતિ ગુણો હોવા છતાં પણ પરિણામની ધારા વૃદ્ધિ પામતી ન હોવાથી સ્થિતિઘાત તથા રસઘાત થતા નથી. ॥૨૯॥

**परिणामपच्चयाओ णाभोगगया गया अकरणाओ ।**
**गुणसेढी सिं णिच्चं, परिणामा हाणिवुड्ढिजुआ ॥ ३० ॥**

**ગાથાર્થ :-** અધ્યવસાય સ્થાનોનો હ્રાસ થવાના નિમિત્તથી અનાભોગપણે જે જીવો પતન પામ્યા હોય છે. તે જીવો કરણો કર્યા વિના જ તે ગુણોને ફરીથી પામે છે. જે જીવો આ ગુણોમાં વર્તે છે. તે જીવો દેશવિરતિ અને સર્વવિરતિ ગુણના નિમિત્તે ગુણશ્રેણિ નિત્ય કરે છે. અહીં અધ્યવસાય સ્થાનો હાનિ અને વૃદ્ધિથી યુક્ત હોય છે. ॥૩૦॥

**વિવેચન :-** જે આત્માઓ દેશવિરતિ અને સર્વવિરતિનો ગુણ પ્રાપ્ત કરીને પાછળથી અધ્યવસાયસ્થાનો બદલાવાથી એટલે કે પરિણામોનો હ્રાસ થવાના કારણથી જેઓ દેશવિરતિ અથવા સર્વવિરતિ ગુણથી ભ્રષ્ટ થાય છે.

અથવા અનાભોગદશાના કારણે એટલે કે ઉપયોગ વિશેષથી નહીં, પરંતુ સહજભાવે જ જે આત્માઓ પરિણામથી પડીને અવિરતિભાવને પામ્યા છે. અથવા સર્વવિરતિના પરિણામથી પડીને દેશવિરતિના ભાવને અથવા અવિરતિના ભાવને પામ્યા છે. તેઓ

ફરીથી પૂર્વે પ્રાપ્ત કરેલી દેશવિરતિ અથવા સર્વવિરતિને જો પ્રાપ્ત કરે તો अकरणा - યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણ કર્યા વિના જ દેશવિરતિ તથા સર્વવિરતિને પ્રાપ્ત કરે છે.

પરંતુ જેઓ આભોગપૂર્વક (ઉપયોગપૂર્વક સમજી શોચીને) દેશવિરતિ કે સર્વવિરતિ ગુણથી પતન પામ્યા છે અને ઉપયોગપૂર્વક જ સમજી શોચીને જ મિથ્યાત્વે ગયા છે. તેવા જીવો ફરીથી પણ જઘન્યથી અંતર્મુહૂર્ત કાળે અને ઉત્કૃષ્ટથી ઘણા કાળે દેશવિરતિ અથવા સર્વવિરતિ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા જો થાય તો પૂર્વે કહેલી નીતિરીતિ પ્રમાણે જ કરણો કરવાપૂર્વક જ આ ગુણોને પ્રાપ્ત કરે છે. કરણો કર્યા વિના ફરીથી ગુણપ્રાપ્તિ થતી નથી.

તથા વળી તે જીવો જ્યાં સુધી દેશવિરતિ અથવા સર્વવિરતિ ગુણોનું પાલન-પોષણ કરે છે. ત્યાં સુધી દેશવિરતિધર અથવા સર્વવિરતિધર એવા આ આત્માઓને તેવા ગુણોના પ્રતાપે સમયે સમયે ગુણશ્રેણિ પણ પ્રાપ્ત થાય જ છે. ફક્ત એટલી વિશેષતા છે કે દેશવિરતિ અથવા સર્વવિરતિ ગુણમાં વર્તતા જીવો ગુણપ્રાપ્તિના પ્રથમ અંતર્મુહૂર્ત સુધી ચઢતા પરિણામ-વાળા હોય છે. પરંતુ ત્યારબાદ પરિણામની ધારા હાનિ અને વૃદ્ધિથી યુક્ત હોય છે.

તે આ પ્રમાણે :- જો વર્ધમાન પરિણામ હોય (એટલે કે વધતા પરિણામ જો રહે) તો ક્યારેક અસંખ્યાત ભાગ અધિકવૃદ્ધિવાળી, ક્યારેક સંખ્યાત ભાગ અધિક વૃદ્ધિવાળી, ક્યારેક સંખ્યાતગુણ અધિકવૃદ્ધિવાળી અને ક્યારેક અસંખ્યાતગુણ અધિક વૃદ્ધિવાળી ગુણ શ્રેણિ પ્રતિ સમયે તે જીવ કરે છે અને જો હીયમાન પરિણામવાળો જીવ થાય તો આ જ પ્રમાણે હીયમાનપણે ચાર પ્રકારની ગુણશ્રેણી કરે છે. તથા અવસ્થિત પરિણામવાળો જો જીવ રહે તો અવસ્થિત માત્રાવાળી ગુણશ્રેણિ કરે છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે -

**परिणामपच्चएणं, चउव्विहं होइ वड्ढए वा वि ।**
**परिणामवड्ढियाए, गुणसेढिं तत्तियं रयइ ॥**

**અર્થ :** અધ્યવસાયના નિમિત્તે ચાર પ્રકારની વૃદ્ધિ અથવા હાનિ થાય છે. પરિણામોની વૃદ્ધિ થયે છતે આ જીવ તેવા પ્રકારની ગુણશ્રેણિ રચે છે.

આ જે કંઈ ગુણશ્રેણિ વિષે સમજાવવામાં આવ્યું છે તે કર્મદલિકોની અપેક્ષાએ સમજવું. પરંતુ કાલથી વિચારીએ તો હંમેશાં તેટલી માત્રા વાળી જ એટલે કે અંતર્મુહૂર્ત પ્રમાણવાળી જ ગુણશ્રેણી કરે છે. નીચેથી સમયો જેમ જેમ પસાર થાય છે. તેમ તેમ ઉપર ઉપર સમયો વધે છે. પણ ગુણશ્રેણિનું માપ સર્વ સમયોમાં સરખુ એક અંતર્મુહૂર્ત તુલ્ય જ રહે છે. ॥૩૦॥

*અવતરણ :- તે આ પ્રમાણે (૧) દેશવિરતિનો લાભ, (૨) અને સર્વવિરતિનો લાભ એમ બે વિષયો સમજાવ્યા. તથા પૂર્વે સમ્યક્ત્વનો લાભ સમજાવ્યો. કુલ ત્રણ વિષયો સમાપ્ત થયા. હવે અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરીને જીવ ઉપશમ શ્રેણીમાં આરૂઢ થાય છે. તે માટે તે અનંતાનુબંધીની વિસંયોજનાનું પ્રતિપાદન કરે છે.*

**પ્રશ્ન :-** કદાચ અહીં કોઈક આવો પ્રશ્ન કરે કે આ ઉપશમના કરણ સમજાવાય છે. ત્યાં ચારિત્ર મોહનીય કર્મની ઉપશમના કહેવાનો અધિકાર છે. તે કહેવી જોઈએ. તેને બદલે અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કેમ સમજાવાય છે ?

**ઉત્તર :-** આવો કોઈ પ્રશ્ન કરે તો ગ્રંથકારશ્રી કહે છે કે જે આત્મા ચારિત્ર મોહનીય કર્મને ઉપશમાવવાનો આરંભ કરે છે તે જીવ અવશ્ય પ્રથમ અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરે જ છે. વિસંયોજના કર્યા પછી જ ચારિત્ર મોહનીયનો ઉપશમ થાય છે તે માટે ચાર અનંતાનુબંધી કષાયોની વિસંયોજના કહેવી અહીં અતિશય આવશ્યક છે. તે માટે કરેલી પ્રતિજ્ઞાનું જ નિર્વહન કરે છે :-

**चउगइया पज्जत्ता, तिन्नि वि संजोअणा विजोइंन्ति ।**
**करणेहिं तीहिं सहिया, नंतरकरणं उवसमो वा ॥ ३१ ॥**

પંચસંગ્રહ ઉપશમના કરણ ગાથા-૩૩

**ગાથાર્થ :-** ચારે ગતિના પર્યાપ્તા (અવિરતિ આદિ) ત્રણ પ્રકારના જીવો અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરે છે. ત્રણ કરણો કરવા વડે આ વિસંયોજના કરે છે. પરંતુ અંતરકરણ કે ઉપશમ આ જીવ કરતો નથી. ॥૩૧॥

**વિવેચન :-** નૈરયિક-તિર્યંચ-મનુષ્ય અને દેવ એમ ચારે ગતિવાળા જીવો, જ્યારે સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા હોય તેવા ત્રણ પ્રકારના જીવો (૧) અવિરત સમ્યગ્દષ્ટિ જીવો હોય તો ચારે ગતિવાળા જીવો તથા (૨) દેશવિરતિધર જીવો હોય તો તિર્યંચો અથવા મનુષ્યો અને (૩) સર્વવિરતિધર જીવો હોય તો માત્ર મનુષ્યો જ આ ચાર પ્રકારના અનંતાનુબંધી કષાયોની વિસંયોજના કરે છે.

**પ્રશ્ન :-** આ જીવો કેવા પ્રકારના થાય ત્યારે આ વિસંયોજના કરે છે ? વિસંયોજના કરવા માટે શું કંઈ કાર્યવાહી કરવી પડે કે નહીં ?

**ઉત્તર :-** હા, આવા પ્રકારની કાર્યવાહી કરવી પડે છે. યથાપ્રવૃત્ત આદિ ત્રણ કરણો કરવાપૂર્વક આ વિસંયોજના કરે છે. યથાપ્રવૃત્ત આદિ આ ત્રણ કરણોનું સ્વરૂપ સમ્યક્ત્વની ઉત્પત્તિના અધિકારમાં પૂર્વે જેમ કહ્યું છે. તેમ અહીં પણ સમજવું. ફક્ત તેમાં એટલી વિશેષતા છે કે અહીં વિસંયોજનાના અધિકારમાં અંતરકરણ કરવાનું ન કહેવું. આંતરૂ કરીને

બે સ્થિતિ કરે અને અંતરકરણ ખાલી કરે અને બીજી સ્થિતિ ઉપશમાવે વિગેરે અધિકાર અહીં ન કહેવો. સારાંશ કે વિસંયોજના કરવાના કાળે અંતરકરણ કે ઉપશમ આ જીવ કરતો નથી. માત્ર ચાર અનંતાનુબંધીનો નાશ કરવાનું જ કામ કરે છે. ગાથામાં લખેલો વા શબ્દ अपि અર્થવાળો જાણવો. આ ગાથાનો અક્ષરાર્થ સમજાવ્યો. હવે તેનો ભાવાર્થ કહેવાય છે.

અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરવા માટે પ્રવૃત્ત થયેલો જીવ યથાપ્રવૃત્ત આદિ ત્રણ કરણોને પૂર્વે જેમ કહ્યું છે તેમ અર્થાત્ પૂર્વોક્ત નીતિ-રીતિ મુજબ કરે છે. પરંતુ અહીં અપૂર્વકરણમાં પ્રથમ સમયથી જ આરંભીને અનંતાનુબંધી ચાર કષાયોનો ગુણસંક્રમ પણ થાય છે. એમ વિશેષ સમજવું.

તે ગુણસંક્રમની વિધિ આ પ્રમાણે જાણવી. અપૂર્વકરણના પ્રથમ સમયે અનંતાનુબંધી ચાર કષાયોનું કર્મદલિક શેષ બાર કષાયો સ્વરૂપ પર પ્રકૃતિમાં થોડુક અર્થાત્ અલ્પ માત્રાએ આ જીવ સંક્રમાવે છે. ત્યાર બાદ બીજા સમયે અસંખ્યાત ગુણ અધિક દલિક પર પ્રકૃતિમાં સંક્રમાવે છે. તેના કરતાં પણ ત્રીજા સમયે અંસખ્યાતગુણ અધિક દલિક પરમાં સંક્રમાવે છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ અપૂર્વકરણનો ચરમ સમય આવે. આ પ્રમાણે ગુણસંક્રમ જાણવો.

તથા આ ગુણસંક્રમ જે થાય છે. તે ઉદ્વલના સંક્રમથી અનુવિદ્ધ (અર્થાત્ ઉદ્વલના સંક્રમણ પણ તેની સાથે જ) થાય છે. ઉદ્વલના સંક્રમ એટલે પ્રથમ જે સ્થિતિખંડ (સ્થિતિઘાત) થાય સ્થિતિની અપેક્ષાએ બૃહત્તર સ્થિતિ (અર્થાત્ મોટી સ્થિતિ) વાળો તથા દ્વિતીયાદિ જે સ્થિતિખંડ થવાના છે. તે અપેક્ષાએ વિશેષ હીન વિશેષ હીન એવી સ્થિતિવાળાની સ્થિતિનો જે ઘાત કરવો તેવા પ્રકારના સ્થિતિઘાતથી બનેલો જે સંક્રમ તે ઉદ્વલનાથી અનુવિદ્ધ (ઉદવલનાથી યુક્ત) એવો તે ગુણસંક્રમ જાણવો.

સારાંશ કે ગુણસંક્રમ તો પ્રવર્તે જ છે. પરંતુ સાથે સાથે ઉદ્વલના સંક્રમ પણ પ્રવર્તે છે. આ પ્રમાણે ઉદ્વલના સંક્રમથી અનુવિદ્ધ એવા ગુણસંક્રમ દ્વારા આ અપૂર્વકરણ નામના કરણમાં ચાર અનંતાનુબંધી કષાયોનો સંક્રમ કરવા દ્વારા શેષ બાર કષાયોની પ્રકૃતિરૂપે કરવા દ્વારા વિનાશ કરે છે એમ કહેવાય છે.

અનિવૃત્તિ નામના ત્રીજા કરણમાં વર્તતો આ જીવ ગુણસંક્રમથી યુક્ત એવા આ ઉદ્વલના સંક્રમ વડે અનંતાનુબંધી ચાર કષાયોને નિરવશેષપણે અર્થાત્ મૂલમાંથી સર્વથા વિનાશ કરે છે. પરંતુ અનુદયવતી પ્રકૃતિઓની જેમ અહીં પણ અનંતાનુબંધી ચાર કષાયો અનુદયવતી હોવાથી પ્રથમની સ્થિતિ એક આવલિકા માત્ર બાકી રાખે છે. તેમાં કોઈ કરણ પ્રવર્તાવતો ન હોવાથી તેનો વિનાશ કરતો નથી. પરંતુ તે આવલિકા પ્રમાણ રાખેલા ચાર અનંતાનુબંધી કષાયોનો સ્તિબુક સંક્રમ દ્વારા વેદાતી (ઉદયમાં વર્તતી) સંજ્વલનાદિ પ્રકૃતિમાં સંક્રમાવીને તેનો વિનાશ કરે છે.

આ પ્રમાણે એક આવલિકા કાલ ગયે છતે અનંતાનુબંધી ચાર કષાયોનો સર્વથા નાશ થયે છતે એક અંતર્મુહૂર્ત પસાર થાય ત્યારે અનિવૃત્તિકરણનો ચરમ સમય આવે છે. જ્યારે અનિવૃત્તિકરણનો ચરમ સમય આવે ત્યારે શેષ કર્મોના પણ સ્થિતિઘાત, રસઘાત અને ગુણશ્રેણિ પ્રવર્તતાં નથી. તથા તે કાળે આ જીવ અનંતાનુબંધી ચાર કષાયોની સત્તા વિના મોહનીય કર્મની શેષ (૨૪)ની સત્તાવાળો થાય છે. ત્યારે અનંતાનુબંધી સત્તામાંથી ગયા.

આ પ્રમાણે અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના (વિનાશ) કરીને જ આ જીવ ઉપશમ શ્રેણી પ્રારંભે છે. આ પ્રમાણે ગ્રંથકારશ્રી શીવશર્મસૂરીશ્વરજીનો મત (અભિપ્રાય) છે.

હવે બીજા કેટલાક આચાર્યો અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજનાને બદલે ઉપશમના માને છે અને ઉપશમના કરીને પણ ઉપશમશ્રેણિ ઉપર જીવ આરૂઢ થાય છે. આમ માને છે તેઓના મતે અનંતાનુબંધી ચાર કષાયોની ઉપશમના વિધિ આ પ્રમાણે જાણવી.

**અનંતાનુબંધી ચાર કષાયોની ઉપશમના :-** અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ અથવા દેશવિરતિધર જીવ અથવા સર્વવિરતિધર પ્રમત્ત જીવ એમ ત્રણ પ્રકારના જીવોમાંથી કોઈ પણ જીવ અનંતાનુબંધી ચાર કષાયોની ઉપશમના કરવાની ઇચ્છાવાળો થયો છતો પૂર્વે કહેલા ક્રમ પ્રમાણે સૌથી પ્રથમ યથાપ્રવૃત્ત અને અપૂર્વ એમ બે કરણ કરે છે.

માત્ર એટલી વિશેષતા જાણવી કે અહીં સ્થિતિઘાત-રસઘાતની જેમ ગુણશ્રેણી પણ પ્રવર્તે છે. અંતર્મુહૂર્ત પ્રમાણ અંતરકરણના કાલની ઉપર જે સ્થિતિ છે. તે સ્થિતિ સ્થાનોમાંથી કર્મદલિકને ગ્રહણ કરીને ઉદયાવલિકાની ઉપરના સ્થિતિસ્થાનોમાં પ્રતિ સમયે અસંખ્યાત ગુણાકારે નિક્ષેપ કરવા રૂપ ગુણશ્રેણિ પણ થાય છે. બાકીનું બધું સ્થિતિઘાત રસઘાત વિગેરે પૂર્વની જેમ જ જાણવું.

ત્યાર બાદ બે કરણો સમાપ્ત કર્યા બાદ અનિવૃત્તિકરણમાં પ્રવેશેલો આ જીવ અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ ગયે છતે અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અનંતાનુબંધી ચાર કષાયોનો અનુદય હોવાથી નીચેની પ્રથમ સ્થિતિ એક આવલિકા માત્ર મુકીને તેની પછીની સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત પ્રમાણવાળું અંતરકરણ આ જીવ કરે છે.

અંતરકરણ કરવાથી સ્થિતિના બે ભાગ થાય છે. પ્રથમ સ્થિતિ એક આવલિકા પ્રમાણ અને ત્યારબાદ અંતર્મુહૂર્ત પ્રમાણવાળુ અંતરકરણ તથા તેના ઉપરની તમામ બીજી સ્થિતિ થાય છે.

જે પ્રથમ સ્થિતિમાં એક આવલિકા પ્રમાણ અનંતાનુબંધી કષાયનું દલિક છે. તે દલિક તે કાળે અનંતાનુબંધી કષાયનો ઉદય ન હોવાથી વેદાતી (ઉદયમાં વર્તતી એવી) પર પ્રકૃતિમાં એટલે કે બાર કષાયાદિમાં સ્તિબુક સંક્રણ વડે સંક્રમાવીને સમાપ્ત કરે છે.

તથા અંતરકરણવાળા અંતર્મુહૂર્તકાળમાં જે કર્મદલિક અનંતાનુબંધી ચાર કષાયનું છે. તે ઉકેરીને (ત્યાંથી લઈને) બંધાતી એવી પર પ્રકૃતિમાં (બાર કષાય આદિમાં) નાખે છે.

તથા બીજી સ્થિતિમાં રહેલું કોડાકોડી સાગરોપમ પ્રમાણ જે અનંતાનુબંધી ચાર કષાયનું કર્મદલિક છે. તેને ઉપશમવવાનો આરંભ કરે છે. પ્રથમ સમયે થોડુ ઉપશમાવે છે. બીજા સમયે તેના કરતાં અસંખ્યાતગુણ ઉપશમાવે છે. ત્રીજા સમયે તેના કરતાં પણ અસંખ્યાતગણું ઉપશમાવે છે. આ પ્રમાણે અસંખ્યાત ગુણ અધિક અસંખ્યાત ગુણ અધિકના ક્રમે ત્યાં સુધી ઉપશમાવે છે કે યાવત્ અંતર્મુહૂર્તનો ચરમ સમય આવે. આટલા કાળે આવી પ્રક્રિયા દ્વારા અનંતાનુબંધી ચાર કષાયો સર્વથા ઉપશાન્ત થાય છે.

**"ઉપશાન્ત થવું"** એટલે કે જેમ રેતીના ઢગલાને પાણીનાં બિંદુઓના સમૂહ વડે સિંચી સિંચીને ઘણ આદિ નક્કર પદાર્થ વડે કુટી કુટીને નિષ્કુટિત અને નિઃસ્પન્દ કરાય છે એક દાણો પણ તેમાંથી ઉડે નહીં તેવી જ રીતે કર્મ પરમાણુઓ રૂપી રજનો સમૂહ પણ વિશુદ્ધિ (નિર્મળતા) રૂપી પાણીના પ્રવાહ વડે સિંચી સિંચીને અનિવૃત્તિકરણ સ્વરૂપ ઘણ વડે કુટી કુટીને કષાયોના પુંજને નિઃસ્પન્દ કરવામાં આવે છે દાબી દેવામાં આવે છે.

જેથી સંક્રમણ-ઉદય-ઉદીરણા-નિધત્તિ અને નિકાચના આદિ કરણોને માટે આ ચાર અનંતાનુબંધી કષાય અયોગ્ય થાય છે અર્થાત્ તે અનંતાનુબંધી ચાર કષાયોમાં આ કરણો લાગુ પડતાં નથી. તેવી રીતે અનંતાનુબંધી ચાર કષાયોની સત્તા હોવા છતાં દબાયેલી થાય છે. આ પ્રક્રિયાને અનંતાનુબંધીની ઉપશમના કહેવાય છે.

તે આ પ્રમાણે અન્ય આચાર્ય મહાત્માઓના મત પ્રમાણે ચાર અનંતાનુબંધી કષાયોની ઉપશમના સમજાવી. પોતાના મત પ્રમાણે વિસંયોજના થાય છે અને અન્ય આચાર્યોના મત પ્રમાણે ઉપશમના થાય છે. તત્ત્વ કેવલી પરમાત્મા જાણે. ॥૩૧॥

***અવતરણ :- અનંતાનુબંધીની વિસંયોજના તથા મતાન્તરે ઉપશમનાની જે વિધિ છે. તે કહીને હવે દર્શન મોહનીય ત્રણની ક્ષપણાવિધિ ગ્રંથકારશ્રી જણાવે છે :-***

**दंसणमोहे वि तहा, कयकरणद्धाइ पच्छिमे होइ ।**
**जिणकालगो मणुस्सो, पट्ठवगो अट्ठवासुप्पिं ॥ ३२ ॥**

**ગાથાર્થ :-** દર્શન મોહનીય કર્મની ત્રણ પ્રકૃતિમાં પણ ક્ષપણા તેમજ જાણવી (અનંતાનુબંધીની જેમ જ જાણવી.) એમ કરતાં ચરમ સ્થિતિ ખંડ ઉકેરાય ત્યારે **કૃતકરણ** કહેવાય છે. આ ક્ષપણા કરનારો જીવ મનુષ્ય જ માત્ર હોય છે. જિનેશ્વર પ્રભુના કાળવર્તી જ હોય છે તથા આઠ વર્ષથી અધિક ઉંમરવાળો જ આ ક્રિયાનો પ્રસ્થાપક હોય છે. ॥૩૨॥

**વિવેચન :-** અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના તથા મતાન્તરે ઉપશમના વિધિને કહીને હવે દર્શન મોહનીયત્રિકની ક્ષપણાની વિધિ ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

આ ત્રણ દર્શન મોહનીયની ક્ષપણાનો આરંભ કરનારો જીવ નિયમા મનુષ્ય જ હોય છે. અન્ય ગતિના જીવો ત્રણ દર્શન મોહનીયની ક્ષપણાની પ્રક્રિયા કરી શકતા નથી. તેમાં પણ જિનેશ્વર પ્રભુના  કાળવાળો મનુષ્ય જ આ ક્ષપણા કરવાનો અધિકારી હોય છે. જિનેશ્વર પ્રભુના કાળવાળો એટલે કે પ્રથમ તીર્થંકર પરમાત્માના વિચરણ કાળથી પ્રારંભીને ચરમ તીર્થંકર પરમાત્માના શાસનમાં છેલ્લા થયેલા કેવલજ્ઞાની ભગંવત જંબુસ્વામી મહાત્મા સુધીના કાળમાં થયેલા મનુષ્યો જ આ ક્ષપણાના અધિકારી જાણવા.

તથા આઠ વર્ષથી અધિક ઉમરવાળો (વયવાળો) એટલે કે આઠ વર્ષથી અધિક વયમાં વર્તતો તથા વજ્રઋષભનારાચ નામના પ્રથમ સંઘયણવાળો જીવ જ આ પ્રક્રિયાનો અધિકારી હોય છે.

આ ત્રણ દર્શન મોહનીય કર્મની ક્ષપણા પણ જેમ પૂર્વે ચાર અનંતાનુબંધી કષાયોની વિસંયોજનાવિધિ કહી છે. તેમ જ બરાબર જાણવી. આ પ્રમાણે દર્શન મોહનીયની ક્ષપણાવિધિ અનંતાનુબંધીની જેમ જે કહી તે અત્યન્ત સામાન્યથી જણાવી છે. તો પણ તે બાબતમાં જે જે વિશેષતા છે તે હવે કહેવાય છે.

અહીં દર્શનમોહનીય ત્રણ કર્મની ક્ષપણાવિધિ કરવા માટે ઉદ્યમશીલ બનેલો આત્મા યથાપ્રવૃત્ત આદિ ત્રણ કરણો કરે છે. તે ત્રણે કરણોનું વર્ણન પૂર્વની જેમ જ જાણી લેવું. પરંતુ અહીં અપૂર્વકરણના પ્રથમ સમયથી અનુદિત એવાં મિથ્યાત્વ અને મિશ્ર મોહનીય કર્મનાં દલિકોને ગુણસંક્રમ નામના સંક્રમ વડે સમ્યક્ત્વમોહનીયમાં આ જીવ સંક્રમાવે છે તથા તે બન્ને મોહનીય કર્મનો ઉદ્‌વલના સંક્રમ પણ પ્રવર્તે જ છે.

પ્રથમ સૌથી મોટા સ્થિતિખંડને ઉકેરે છે. ત્યાર બાદ બીજો સ્થિતિ ખંડ વિશેષહીન ઉકેરે છે. તેના કરતાં પણ ત્રીજો સ્થિતિખંડ વિશેષહીન ઉકેરે છે એમ ત્યાં સુધી જાણવું કે યાવત્ અપૂર્વકરણનો ચરમ સમય આવે. આ પ્રમાણે સ્થિતિખંડની ઉત્કિરણા કરતાં કરતાં અપૂર્વકરણના પ્રથમ સમયમાં જે સ્થિતિ સત્તા હતી. તેના કરતાં તે જ અપૂર્વકરણના ચરમ સમયમાં અસંખ્યાત ગુણ હીન સ્થિતિ સત્તા થયેલી થાય છે. આમ સમજવું આ પ્રમાણે સ્થિતિબંધ પણ હીન હીન સમજવો.

અપૂર્વકરણના પ્રથમ સમયમાં જેટલી માત્રાવાળો સ્થિતિબંધ થતો હતો. તેના કરતાં તે જ અપૂર્વકરણના ચરમ સમયમાં સંખ્યાત ગુણ હીન માત્રા વાળો સ્થિતિ બંધ થાય છે.

ત્યાર બાદ આ જીવ ત્રીજા અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે. ત્યાં પ્રવેશેલો આ જીવ અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી જ આરંભીને (૧) અપૂર્વ એવી ગુણશ્રેણિ (૨) અને અપૂર્વ એવો સ્થિતિઘાત (૩) અપૂર્વ એવો રસઘાત અને (૪) અપૂર્વ એવો સ્થિતિબંધ આ ચાર કાર્યો કરવાનો આરંભ કરે છે.

અનિવૃત્તિકરણના પ્રથમ સમયે જ દર્શન મોહનીયત્રિકની દેશોપશમના નિધત્તિ અને નિકાચના વિચ્છેદ પામે છે. એટલે કે દર્શનમોહનીયત્રિકનાં આ ઉપરોક્ત ત્રણ કરણોમાંથી એક પણ કરણ હવે પ્રવર્તતું નથી. તથા આ ત્રણે દર્શનમોહનીય કર્મની સ્થિતિ સત્તા અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી આરંભીને સ્થિતિઘાતાદિ વડે ઘાત કરાયે છતે હજારો સ્થિતિઘાત ગયે છતે અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોની તુલ્ય સ્થિતિસત્તા થાય છે.

ત્યાર બાદ બીજા હજારો સ્થિતિ ઘાત ગયે છતે આ જીવ ચઉરિન્દ્રિય જીવ જેટલી સ્થિતિ સત્તાવાળો થાય છે. ત્યાર બાદ તેટલા જ સ્થિતિઘાત ગયે છતે તેઇન્દ્રિય જીવ જેટલી સ્થિતિ સત્તાવાળો થાય છે. ત્યાર બાદ તેટલા જ (અર્થાત્ હજારો) સ્થિતિઘાત પસાર થયે છતે આ જીવ બેઇન્દ્રિય જેટલી સ્થિતિ સત્તાવાળો થાય છે. ત્યાર બાદ તેટલા જ (અર્થાત્ હજારો) સ્થિતિઘાત પસાર થયે છતે આ જીવ એકેન્દ્રિય જીવ જેટલી સ્થિતિસત્તાવાળો થાય છે. ત્યાર બાદ તેટલા જ (અર્થાત્ હજારો) સ્થિતિઘાત પસાર થયે છતે આ જીવને પલ્યોપમ માત્ર પ્રમાણવાળી કર્મોની સ્થિતિ થાય છે.

આ સઘળી વાત ચૂર્ણિકારના મત પ્રમાણે કહી છે. પરંતુ પંચસંગ્રહના મત પ્રમાણે તો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ તુલ્ય માત્ર સ્થિતિ રહે છે. આમ પંચસંગ્રહમાં કહ્યું છે તે પંચસંગ્રહનો સાક્ષીપાઠ આ પ્રમાણે :-

**ठिइखंडसहस्साइं, एक्केक्के अंतरंमि गच्छंति ।**
**पलिओवमसंखंसे, दंसणसंते तओ जाण ॥१॥**
પંચસંગ્રહ ઉપશમના કરણ ગાથા-૪૦

**અર્થ :-** એક એકના આંતરામાં હજારો સ્થિતિઘાતો જાય છે. ત્યાર પછી પલ્યોપમના સંખ્યાતમા ભાગ તુલ્ય સ્થિતિ બાકી રહે ત્યારે જે થાય છે તે હવે કહે છે.

સારાંશ કે એક એકના આંતરામાં એટલે કે અસંજ્ઞી પંચેન્દ્રિય, ચઉરિન્દ્રિય તથા તેઇન્દ્રિય આદિ જીવોની તુલ્ય સ્થિતિ સત્તા થાય, તે સર્વના આંતરામાં હજારો હજારો સ્થિતિઘાતો થાય છે. એમ કરતાં કરતાં પલ્યોપમનો એક સંખ્યાતમો ભાગ માત્ર મુકીને આ ત્રણ દર્શન મોહનીય કર્મની સર્વ સ્થિતિસત્તા આ જીવ વિનાશ કરે છે. આ પ્રમાણે હજારો સ્થિતિઘાત પસાર થાય છે.

ત્યાર પછી મિથ્યાત્વમોહનો જલ્દી નાશ કરવા માટે ચઢતા પરિણામો હોવાથી તેના અસંખ્યાતા ખંડ કરે છે અને મિથ્યાત્વમોહના અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે અને સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીયના સંખ્યાતા ભાગો કરીને ત્રણે કર્મોનો એક એક ભાગ રાખીને શેષ બાકીના મિથ્યાત્વના અસંખ્યાતા ભાગો તથા બાકીની બે મોહનીયના સંખ્યાતા ભાગોનો આ જીવ નાશ કરે છે.

આ પ્રમાણે સ્થિતિઘાત અને રસઘાત વિગેરે કરતાં કરતાં હજારો સ્થિતિખંડ ગયે છતે મિથ્યાત્વમોહનીય કર્મ ઉદયાવલિકા માત્ર બાકી રહે છે. શેષ મિથ્યાત્વમોહનીય કર્મ ક્ષીણ થઈ જાય છે. ત્યારે મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય કર્મ તો હજુ પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ તુલ્ય જ બાકી હોય છે.

સ્થિતિઘાતો દ્વારા ઘાત કરાતું આ કર્મદલિક મિથ્યાત્વ મોહ સંબંધી જે છે તે મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયમાં નખાય છે અને મિશ્રમોહનીય કર્મ સંબંધી જે દલિક છે. તે માત્ર સમ્યક્ત્વમોહનીયમાં જ નંખાય છે. તથા સમ્યક્ત્વમોહનીય સંબંધી જે કર્મદલિક છે તે તેની જ હેઠલી સ્થિતિમાં નંખાય છે. આમ ત્રણે દર્શન મોહનીયને તોડવાનો આ જીવ પ્રયત્ન કરે છે.

હવે મિથ્યાત્વમોહ સંબંધી પ્રથમ સ્થિતિ જે એક આવલિકા માત્ર બાકી રહી છે. તે પણ સ્તિબુકસંક્રમ વડે સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે છે. ત્યાર બાદ મિથ્યાત્વમોહનીયનો સર્વથા ક્ષય થયા પછી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયના પણ સંખ્યાતા ભાગ કરવાને બદલે હવેથી અસંખ્યાતા ભાગો કરે છે અને તેમાંથી અસંખ્યાતા ભાગોનો આ જીવ નાશ કરે છે. અને એક ભાગ બાકી રાખે છે. ત્યાર બાદ તે બાકી રાખેલા એક અસંખ્યાતમા ભાગના પણ પુનઃ અસંખ્યાતા ભાગો આ જીવ કરે છે અને તેમાંથી એક અસંખ્યાતમો ભાગ બાકી રાખીને બીજા અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે.

આ પ્રમાણે કેટલીક વાર કરવા દ્વારા કેટલાક સ્થિતિઘાત ગયે છતે મિશ્રમોહનીય કર્મ પણ એક આવલિકા માત્ર થાય છે. તે કાળે હજુ સમ્યક્ત્વમોહનીય કર્મની સ્થિતિ સત્તા આઠ વર્ષ પ્રમાણ હોય છે. તે આઠ વર્ષની સમ્યક્ત્વમોહનીયની સ્થિતિ સત્તાવાળો આ જીવ હવે સર્વ ભયોનો વિલય થયો હોવાથી નિશ્ચયનયના મતે હવે ક્ષપક કહેવાય છે. વ્યવહારનયના મતે તો જ્યારથી દર્શનત્રિકનો ક્ષય પ્રારંભ્યો ત્યારથી જ ક્ષપક કહેવાય છે. પરંતુ નિશ્ચયનયથી હવે પડવાના કોઈ ભયો ન હોવાથી હવે જ ક્ષપક કહેવાય છે.

તે સમ્યક્ત્વમોહનીય કર્મનો ઉદય ચાલુ હોવાથી ઉપરની સ્થિતિમાંથી ઘાત કરાતું કર્મદલિક ઉદય સમયથી જ ગોઠવે છે તે આ પ્રમાણે ગોઠવે છે. ઉદય સમયમાં થોડુંક,

ત્યારબાદ બીજા સમયે અસંખ્યાતગુણ, તેના કરતાં પણ ત્રીજા સમયે અસંખ્યાતગુણ એમ ત્યાં સુધી જાણવું કે યાવત્ ગુણશ્રેણિનું મસ્તક આવે, ત્યાર બાદ એટલે કે ગુણશ્રેણિના શીર્ષ ભાગ પછી વિશેષ હીન, વિશેષ હીન એમ યાવત્ ચરમ સમયની સ્થિતિ સુધી જાણવું.

ત્યાર બાદ બીજો સ્થિતિ ખંડ (સ્થિતિઘાત) અંતર્મુહૂર્ત પ્રમાણ, પ્રથમ સ્થિતિ ખંડ કરતાં અસંખ્યાત ગુણ અધિક સ્થિતિવાળો ઉકેરે છે. (ઘાત કરે છે) ઉકેરીને પૂર્વે કહેલા પ્રકાર વડે ઉદય સમયથી આરંભીને નિક્ષેપ કરે છે. આ જ પ્રમાણે પૂર્વ પૂર્વ સ્થિતિ ખંડ કરતાં અસંખ્યાત ગુણ અધિક અને અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ અનેક સ્થિતિખંડો ઉકેરે છે. (અનેક સ્થિતિઘાત કરે છે) અને નીચે ઉદય સમયથી નિક્ષેપ પણ કરે છે. આ પ્રમાણે સ્થિતિખંડોનો ઘાત કરતો કરતો આ જીવ યાવત્ દ્વિચરમ સ્થિતિ ખંડ આવે ત્યાં સુધી કરે છે. એક ચરમ સ્થિતિ ખંડ માત્ર બાકી રહે છે. ત્યાં સુધી આ પ્રમાણે જાણવું. ત્યાં સુધી આ પ્રમાણે જાણવું.

દ્વિચરમ (ઉપાન્ત્ય) સ્થિતિ ખંડ કરતાં ચરમ સ્થિતિખંડ સંખ્યાતગુણ અધિક મોટો હોય છે. તે ચરમ સ્થિતિખંડ ઉકેરાયે છતે (વિનાશ કરાયે છતે) તેની સાથે પૂર્વકાલમાં ગોઠવેલી ગુણશ્રેણિનો પણ સંખ્યાતમો ભાગ ઉકેરાય છે. (ખંડિત થાય છે) કારણ કે તેના ઉપરની બીજી સંખ્યાત ગુણી સ્થિતિ તેમને તેમ જ રહે છે.

ચરમ સ્થિતિખંડનું ઉકેરાતું આ કર્મદલિક ઉત્કિરણા કરી કરીને ઉદય સમયથી જ આરંભીને અસંખ્યાત ગુણાકારના ક્રમે નિક્ષેપ કરે છે. તે નિક્ષેપ આ પ્રમાણે જાણવો. ઉદયવાળા પ્રથમ સમયમાં થોડુક દલિક નિક્ષેપ કરે છે. તેના કરતાં બીજા સમયે અસંખ્યાત ગુણ અધિક તેના કરતાં પણ ત્રીજા સમયે અસંખ્યાતગુણ અધિક એમ ત્યાં સુધી કહેવું કે યાવત્ ગુણશ્રેણિનું મસ્તક આવે.

આ ગુણશ્રેણિના મસ્તકથી ઉપરના સમયોમાં જે દલિક છે. તે ઉકેરાતું દલિક જ હોય છે. પરંતુ નખાતાના આધારભૂત કર્મદલિક હોતું નથી. તેથી કોઈ પણ પ્રકારના દલિકને ગુણશ્રેણીના મસ્તક ભાગથી ઉપર ક્યાંય પ્રક્ષેપ કરતો નથી. આ પ્રમાણે આ ચરમ સ્થિતિખંડ જયારે ઉકેરાતો હોય. ત્યારે એટલે કે (તે સ્થિતિનો જયારે ઘાત કરાતો હોય) ત્યારે આ ક્ષપક જીવ **કૃતકરણ** કહેવાય છે. જો કે હજુ કરણ સમાપ્ત થયાં નથી. પરંતુ અવશ્ય સમાપ્ત થશે જ, તેના બધા ભયો દૂર થયા છે. તેથી ઉપચારથી તે જીવને અત્યારથી જ **કૃતકરણ** કહેવાય છે.

આ જ વાત ગ્રંથકારશ્રી આ જ મૂલગાથામાં જણાવે છે કે "कयकरणद्धाइ पच्छिमे होइ" પશ્ચિમ એટલે કે છેલ્લા અર્થાત્ ચરમ સ્થિતિખંડ ઉકેરાયે છતે આ જીવ કૃતકરણાદ્ધામાં વર્તે છે અર્થાત્ કૃતકરણ કહેવાય છે.

આ કૃતકરણાદ્ધામાં વર્તતો કોઈક જીવ કાલ પણ કરે છે. (અર્થાત્ મૃત્યુ પણ પામે છે.) જો કાલ કરે તો ચારે ગતિમાંથી કોઈ પણ અન્યતર ગતિમાં જાય છે. (દેવમાં જ જાય એવો નિયમ નથી) લેશ્યા પણ આ શ્રેણિ ચાલુ કરી ત્યારે પૂર્વકાલમાં શુકલ જ હતી. પરંતુ હવે કોઈ પણ લેશ્યામાં પરાવર્તન પણ પામે છે. આ પ્રમાણે વિચારતાં આ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની શ્રેણિનો પ્રારંભક મનુષ્ય જ હોય છે. પરંતુ ક્ષાયિક સમ્યક્ત્વની સમાપ્તિ કરનાર ચારે ગતિના જીવો હોઈ શકે છે. આવો ભાવાર્થ સમજવો. શાસ્ત્રમા કહ્યું છે કે :-

"पठवगो उ मणूसो, निठवगो होइ चउसु वि गईसु"

ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો પ્રસ્થાપક (આરંભક) મનુષ્ય માત્ર જ હોય છે. પરંતુ તેનો નિષ્ઠાપક (સમાપ્તિ કરનાર) ચારે ગતિમાંથી કોઈ પણ ગતિનો જીવ હોય છે.

આ ચરમ કૃતકરણાદ્ધામાં કદાચ કોઈ જીવ આયુષ્ય પૂર્ણ ન થવાથી કાલ ન પણ કરે તો બાકી રહેલી સમ્યક્ત્વમોહનીયને પૂર્ણ પણે વેદીને (ઉદયથી ભોગવીને) ક્ષાયિક સમ્યગ્દષ્ટિ થયો છતો ઉપશમ શ્રેણિ અથવા ક્ષપક શ્રેણિ ઉપર આરૂઢ થાય છે. ત્યાં જે જીવે વૈમાનિક દેવોનું આયુષ્ય બાંધ્યું હોય છે. તે જીવ આયુષ્ય બાંધેલું હોવાથી ક્ષપકશ્રેણિ માંડવાનો અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકારી બનતો નથી. તે માટે ઉપશમ શ્રેણિનો પ્રારંભ કરે છે. પરંતુ જો આ જીવ અબદ્ધાયુષ્ક હોય (એટલે કે આવતા ભવનું આયુષ્ય ન બાંધ્યું હોય તો) બીજો ભવ કરવાની સંભાવના નથી. તે માટે તુરત જ ક્ષપક શ્રેણિનો પ્રારંભ કરે છે.

તથા જો શ્રેણિક મહારાજાની જેમ દેવગતિ સિવાઈની અન્ય ગતિનું આયુષ્ય બાંધ્યું હોય તો કોઈ પણ શ્રેણિનો આરંભ આ જીવ કરતો નથી. આમ યથાર્થ વિભાગ જાણવો.

**પ્રશ્ન :** જે આત્માએ આવતા ભવનું આયુષ્ય બધ્યું હોય અને ત્યાર બાદ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તેવો બદ્ધાયુષ્ક ક્ષાયિક સમ્યક્ત્વી જીવ આયુષ્ય પ્રમાણે બીજી ગતિમાં જાય છે તે જીવ કેટલા ભવે મોક્ષની પ્રાપ્તિ કરનાર બને ?

**ઉત્તર :-** ઉપરના પ્રશ્નનો ઉત્તર કહેવાય છે કે આવો જીવ ત્રીજા અથવા ચોથા ભવે મોક્ષની પ્રાપ્તિ કરે છે. તે આ પ્રમાણે જાણવી.

આ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારા જીવોએ જો દેવનું અથવા નરકનું આયુષ્ય બાંધ્યું હોય તો સ્વર્ગનો ભવ અથવા નરકનો ભવ કરવા દ્વારા ત્રીજા ભવે મુક્તિપદ પ્રાપ્ત કરે છે અને જો આ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારા જીવે તિર્યંચ અથવા મનુષ્યનું આયુષ્ય બાંધ્યું હોય તો તે જીવ નિયમા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક તિર્યંચ અને યુગલિક મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે. પરંતુ સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યોમાં ઉત્પન્ન થતા નથી.

તે કારણથી યુગલિકનો ભવ સમાપ્ત કર્યા પછી અવશ્ય દેવભવ જ પ્રાપ્ત કરે છે અને ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં આવીને નિયમા તે જીવ મોક્ષે જ જાય છે. આ પ્રમાણે ચોથા ભવે મોક્ષગમન થાય છે. આ વાતની સાક્ષી આપતાં ટીકાકાર મહર્ષિ પંચસંગ્રહ નામના ગ્રંથની સાક્ષી આપે છે. પંચસંગ્રહમાં આ પ્રમાણે કહ્યું છે :-

तइय चउत्थे तम्मि व भवंमि सिज्झंति दंसणे खीणे ।
जं देवनिरयऽसंखाउ चरमदेहेसु ते होंति ॥१॥
॥પંચસંગ્રહ ઉપશમના કરણ ગાથા ૪૭॥

**અર્થ :-** આ જીવ દર્શન મોહનીય ત્રણ ક્ષય કર્યા પછી ત્રીજા ભવમાં અથવા ચોથા ભવમાં અથવા તે જ ભવમાં સિદ્ધિપદને પામે છે. જે કારણથી કાં તો દેવ-નરકનો ભવ અથવા તો અસંખ્યાતવર્ષના આયુષ્યવાળો યુગલિકનો ભવ કરવા દ્વારા અથવા તે ચાલુ ભવમાં જ મુક્તિપદ પ્રાપ્ત કરે છે.

ઉપરની ચર્ચામાં જો ત્રીજા ભવે મોક્ષગમન થવાનું હોય તો વચ્ચેના ભવમાં દેવ અથવા નરકના ભવમાં ઉત્પત્તિ થવાની આ જીવની કારણતા વર્તે છે આમ જાણવું અને જો ચોથા ભવે મોક્ષગમન થવાનું હોય તો અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ અથવા મનુષ્યના ભવમાં ઉત્પત્તિ જાણવી યુગલિકના ભવ પછી દેવનો ભવ કરી મનુષ્યમાં આવી મોક્ષે જાય છે. તથા જો તે જ ભવમાં મોક્ષગમન થવાનું હોય તો ચરમ શરીરીપણું જાણવું. તે જીવને હવે ક્યાંય ઉત્પન્ન થવાનું જ નથી. આમ આ પાઠમાં ક્રમસર ત્રણે પદો જોડવા.

ઉપર જે કંઈ કહેવામાં આવ્યું. ત્રણ ભવે, ચાર ભવે અથવા તે જ ભવે મોક્ષ થાય છે. તે ઘણું કરીને આમ થાય છે એમ પ્રાયઃ સમજવું. કારણ કે ક્ષીણ સપ્તક એવા કૃષ્ણ મહારાજાના જીવને પાંચ ભવ થવાના છે. એમ પણ સંભળાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે :-

नरयाउ नरभवम्मि देवो होऊण पंचमे कप्पे ।
तत्तो चुओ समाणो, बारसमो अममतित्थयरो ॥ इति ॥

(૧) કૃષ્ણ મહારાજાનો ભવ, ત્યાંથી (૨) નરકાયુષ્યવાળો બીજો ભવ, ત્યાર બાદ (૩) મનુષ્યનો ભવ (૪) ત્યાર બાદ પાંચમા દેવલોકમાં દેવનો ભવ અને ત્યાંથી ચ્યવો છતો (૫) પાંચમો નવ "अमम" નામના બારમા તીર્થંકર પરમાત્મા રૂપે આ કૃષ્ણ મહારાજાનો જીવ થશે. માટે તેઓના ક્ષાયિકસમ્યક્ત્વ પામ્યા પછી પાંચ ભવ થવાના છે.

આ જ પ્રમાણે દુઃપ્પહસહસૂરિજી મહારાજશ્રીના પણ પાંચ ભવ ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી થવાના છે. તે વાત પણ આગમોમાં કહેલી છે. તે પ્રમાણે આગમને અનુસારે યથાયોગ્ય વિચારી લેવું. ॥૩૨॥

*અવતરણ :- આ પ્રમાણે (ચાર અનંતાનુ બંધી કષાય તથા) દર્શનમોહનીયત્રિકનો ક્ષય કરીને ક્ષાયિક સમ્યક્ત્વી થઈને બદ્ધાયુષ્ક જો હોય તો ઉપશમ શ્રેણિ પ્રારંભે છે તે વાત સમજાવી હવે દર્શન મોહનીયનો ઉપશમ કરીને પણ ઉપશમ શ્રેણિ આ જીવ માંડે છે. ઉપશમ શ્રેણિની પ્રાપ્તિ આ જીવને થાય છે. આ વાત પણ હવે સમજાવે છે.*

**अहवा दंसणमोहं पुव्विं उवसामइत्तु सामन्ने ।**
**पढमठिइमावलियं करेइ दोण्हं अणुदियाणं ॥ ३३ ॥**

**ગાથાર્થ :-** અથવા પહેલાં દર્શનમોહનીયનાં ત્રણ કર્મોને સાધુપણામાં જ ઉપશમાવીને અનુદિત એવી મિથ્યાત્વ અને મિશ્ર આ બે મોહનીય કર્મની પ્રથમ સ્થિતિ એક આવલિકા પ્રમાણ કરે છે. ॥૩૩॥

**વિવેચન :-** મૂલગાથામાં જે अथवा શબ્દ લખ્યો છે. તે બીજો પ્રકાર બતાવવાના અર્થમાં છે. જો ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ થયેલો આ જીવ ઉપશમ શ્રેણિનો પ્રારંભ કરે તો દર્શન મોહનીય ત્રણનો નિયમા પહેલાં ઉપશમ જ કરે છે અને તે ઉપશમ પણ સાધુ અવસ્થામાં વર્તતો છતો જ કરે છે. પરંતુ ચોથા-પાંચમા ગુણઠાણે નહીં. આ પ્રમાણે સાધુપણામાં સ્થિર થયેલો આ જીવ દર્શન મોહનીય કર્મની ત્રણ પ્રકૃતિઓને ઉપશમાવતો અને અંતરકરણને કરતો એવો આ જીવ અનુદિત એવી મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય આ બન્ને કર્મોની પહેલી સ્થિતિ એક આવલિકા માત્ર રાખે છે અને સમ્યક્ત્વમોહનીયનો ઉદય ચાલુ હોવાથી તેની પ્રથમા સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણની કરે છે. આ પ્રમાણે ત્રણે દર્શન મોહનીયનું અંતરકરણ કરે છે. તેથી જ પહેલી અને બીજી એમ બે સ્થિતિ થાય છે.

અંતરણકરણમાં રહેલું જે કર્મદલિક છે. તે ઉકેરાતું ઉકેરાતું ત્રણે દર્શનમોહનીયનું સમ્યક્ત્વમોહનીયની પહેલી સ્થિતિમાં નાખે છે. આટલી જ અહીં વિશેષતા છે. બાકી સઘળી પણ ઉપશમના વિધિ પૂર્વની જેમ જ ત્રણ કરણોને અનુસરવાપૂર્વક સમજી લેવી અર્થાત્ પૂર્વની જેમ જાણી લેવી.

અહીં મૂલગાથામાં उवसामइत्तु પદમાં જે क्त्वा પ્રત્યય કરેલો છે અને करेइ પદમાં જે વર્તમાન કાલનો પ્રયોગ કર્યો છે. તે વ્યત્યયથી (ઉલટ રીતે) જાણવો. જેમ કે मुखं व्यादाय स्वपिति અહીં व्यादाय માં જે क्त्वा પ્રત્યય છે. તે વ્યત્યયથી થયેલો છે. તેનો પદ પ્રમાણે એવો અર્થ થાય કે મુખ પહોળુ કરીને સુવે છે "પરંતુ તેવો અર્થ કરવાનો નથી. પરંતુ ઉંઘીને (ઉંઘમાં) મુખ પહોળું કરે છે. આ જેમ વ્યત્યયથી અર્થ થાય છે. તેમ અહીં પણ અનુદિત એવી બે મોહનીય કર્મની પ્રથમ સ્થિતિ એક એક આવલિકા કરીને આ બે મોહનીયનો ઉપશમ કરે છે. આવો અર્થ કરવાનો છે. તેથી करेइ જે વર્તમાન કાળ છે ત્યાં कृत्वा પદ

સમજવાનું છે અને उवसामइत्तु જે પદ છે. ત્યાં उपशाम्यति આમ વર્તમાન કાળનું પદ લેવાનું છે. આ પ્રમાણે પદોનો અર્થ સંગત થતો હોવાથી "પ્રથમ સ્થિતિ એક આવલિકાની કરીને ઉપશમ કરે છે." આવો અર્થ કરવો.

આ જીવ જ્યારથી અંતરકરણમાં પ્રવેશ કરે છે. ત્યારથી જ આરંભીને અંતર્મુહૂર્ત સુધી ગુણસંક્રમ થયે છતે અને ગુણસંક્રમનો છેડો આવે ત્યારે સમ્યક્ત્વમોહનીયમાં વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે. એટલે કે વિધ્યાતસંક્રમ વડે મિથ્યાત્વમોહનીયનું અને મિશ્ર મોહનીયનું કર્મદલિક સમ્યક્ત્વ મોહનીયમાં પ્રવિષ્ટ કરે છે. આ વિષયમાં શાસ્ત્રમાં (પંચસંગ્રહમાં) કહ્યું છે કે :-

पढमुवसमं व सेसं, अंतर्मुहुत्ताउ तस्स विज्झाओ ।
संकलेसविसोहिओ प्रमत्तइयरत्तणं बहुसो ॥१॥

"પંચસંગ્રહ ઉપશમના કરણ ગાથા ૪૯"

**અર્થ** :- સેસ બધી વિધિ પ્રથમ ઉપશમની જેમ જ જાણવી. અંતર્મુહૂર્ત બાદ તે મિથ્યાત્વનો વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે. સંક્લેશ અને વિશુદ્ધિ પ્રમાણે બહુવાર પ્રમત્ત અને અપ્રમત્તભાવમાં પરાવર્તન આ જીવ કરે છે. ॥પંચસંગ્રહ-ઉપશમના કરણ ગાથા ૪૯॥

આ પ્રમાણે દર્શનમોહનીય કર્મની ત્રણ પ્રકૃતિઓને ઉપશમાવીને અથવા ખપાવીને એમ બન્ને પ્રકારોમાંથી કોઈ પણ એક પ્રકારે આ કાર્ય કર્યા પછી આ જીવ ઉપશમ શ્રેણિ પ્રારંભે છે. તે હવે પછીની ગાથામાં કહેવાય છે. ॥૩૩॥

***અવતરણ** :- દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિઓનો ઉપશમ કર્યા પછી હવે જીવ શું કરે ? તે સમજાવે છે :-*

**अद्धापरावत्तीओ, पमत्तइयरे सहस्ससो किच्चा ।**
**करणाणि तिन्नि कुणए, तइयविसेसे इमे सुणसु ॥ ३४ ॥**

**ગાથાર્થ** :- પ્રમત્ત ગુણઠાણે અને અપ્રમત્ત ગુણઠાણે હજારો વખત પરાવૃત્તિ (ચડ-ઉત્તર) કરીને ચારિત્ર મોહનીયનો ઉપશમ કરવા માટે યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો કરે છે. તેમાં ત્રીજા કરણ વિશેષમાં જે જે વિશેષતાઓ છે તે હવે કહેવાય છે. તે હે શિષ્ય ! તું સાંભળ. ॥૩૪॥

**વિશેષાર્થ** :- સંક્લિષ્ટતાના કારણથી પ્રમત્તે અને વિશુદ્ધિના કારણથી અપ્રમત્તે એમ આ બન્ને ગુણસ્થાનકે સેંકડો વાર પરાવૃત્તિ (ચડવાનું અને ઉતરવાનું) કરીને ચારિત્ર મોહનીય કર્મને ઉપશમાવવા માટે આ જીવ યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો પૂર્વની જેમ કરે છે. ફક્ત એટલી વિશેષતા છે કે :-

## ઉપશમ શ્રેણિનો પ્રારંભ

ઉપશમ શ્રેણિ શરૂ કરતાં પૂર્વે ત્રણ કરણો આ જીવ કરે છે. તેમાં યથાપ્રવૃત્તકરણ અપ્રમત્તે જ કરે છે. અપૂર્વકરણ અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકે કરે છે. તથા અનિવૃત્તિકરણ નામનું ત્રીજું કરણ નવમા ગુણસ્થાનકે કરે છે.

આ શ્રેણિમાં ચઢતો જીવ સ્થિતિઘાતાદિ કાર્યો (સ્થિતિઘાત રસઘાત અને ગુણશ્રેણિ તથા અપૂર્વસ્થિતિ બંધ આ કાર્યો) પૂર્વની જેમ જ વિશેષ વિશેષ પણે કરે છે. પરંતુ અહીં સ્થિતિઘાતાદિની સાથે સર્વે પણ અબધ્યમાન એવી અશુભ કર્મપ્રકૃતિઓનો શુભમાં ગુણસંક્રમ પણ પ્રવર્તે છે. એમ ચારને બદલે પાંચ કાર્યો થાય છે આમ કહેવું.

અપૂર્વકરણાદ્ધાનો પ્રથમ એક સંખ્યાતમો ભાગ ગયે છતે નિદ્રા અને પ્રચલાનો બંધ વિચ્છેદ થાય છે. ત્યાર બાદ ઘણા હજારો સ્થિતિખંડ (સ્થિતિઘાત) ગયે છતે એટલે કે અપૂર્વકરણના સંખ્યાતા ભાગ ગયે છતે અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે દેવદ્વિકે, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિય આહારક શરીરનું દ્વિક, તૈજસ અને કાર્મણ, સમચતુરસ સંસ્થાન, વર્ણ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ ચતુષ્ક, શુભ વિહાયોગતિ, સ્થિર પંચક, નિર્માણનામકર્મ તથા તીર્થંકર નામકર્મ એમ કુલ (૩૦) ત્રીસ પ્રકૃતિઓનો બન્ધવિચ્છેદ થાય છે. ત્યાર બાદ હજારો સ્થિતિખંડ ગયે છતે અપૂર્વકરણના ચરમ સમયે હાસ્ય રતિ ભય અને જુગુપ્સા આ ચારનો બંધ વિચ્છેદ થાય છે તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા એમ કુલ છ કર્મનો ઉદય વિચ્છેદ થાય છે. સર્વ કર્મોની દેશોપશમના, નિધત્તિ અને નિકાચના કરણોનો વ્યવચ્છેદ થાય છે. ત્યાર બાદ તેના પછીના અનન્તર સમયમાં આ જીવ ત્રીજા અનિવૃત્તકરણમાં પ્રવેશ કરે છે.

ત્યાં ત્રીજા અનિવૃત્તિકરણમાં પ્રવેશેલો જીવ હવે વિશેષકાર્યો કરે છે. તે વિશેષકાર્યોને તમે સાવધાન થઈને સાંભળો. હવે આ જીવ શું કરે છે ? તે બરાબર સમજો. આમ ગ્રંથકારશ્રી આપણને સાવધાન થવાની સૂચના કરે છે. ॥૩૪॥

**अंतो कोडाकोडी संतं अणियट्टिणो उ उदहीणं ।**
**बंधो अंतोकोडी, पुव्वकमा हाणि अप्पबहू ॥ ३५ ॥**

**ગાથાર્થ :-** અનિવૃત્તિકરણ નામના નવમા ગુણઠાણે સાતકર્મોની સત્તા અંતઃકોડાકોડી સાગરોપમની હોય છે. જ્યારે તે જ સાતકર્મોનો બંધ અંતકોડી માત્ર જ હોય છે અને તે પણ ક્રમસર ઘટતો ઘટતો હોય છે. અલ્પબહુત્વ પણ તે જ પ્રમાણે સમજી લેવું. ॥૩૫॥

**વિવેચન :-** અનિવૃત્તિકરણના પ્રથમ સમયમાં આયુષ્યકર્મને વર્જીને શેષ સાતે પણ કર્મોની સ્થિતિ સત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે અને વળી બંધ તો અંતઃકોડી સાગરોપમ માત્ર જ હોય છે. સત્તા કરતાં બંધ સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. પંચસંગ્રહ નામના ગ્રન્થમાં તો "अंतो कोडाकोडी बंधं सन्तं च सत्तण्हं" ઉપશમના કરણ ગાથા ૫૦માં આ પાઠથી આયુષ્ય વર્જીને સાતે પણ કર્મોનો બંધ તથા સત્તા આ બન્ને અવિશેષે અંતઃકોડાકોડી પ્રમાણ જ કહ્યાં છે. બન્ધ અંતઃકોડી અને સત્તા અંતઃકોડાકોડી એમ ભિન્ન ભિન્ન કથન કર્યું નથી. આ બાબતમાં યથાર્થવાત શ્રીજ્ઞાની મહાત્મા જાણે.

તથા જો કે પૂર્વે કહેલા યથાપ્રવૃત્ત-અપૂર્વકરણાદિમાં પણ આટલો જ બંધ અને આટલી જ સત્તા સાત કર્મોની પ્રાપ્ત થાય છે તો પણ અહીં એટલે કે અનિવૃત્તિકરણમાં તેની અપેક્ષાએ એટલે કે યથાપ્રવૃત્ત તથા અપૂર્વકરણની અપેક્ષાએ સંખ્યાતગુણહીન બંધ અને સત્તા જાણવી આટલી વિશેષતા વિશુદ્ધિના કારણે પોતાની બુદ્ધિથી સમજી લેવી.

તથા જે આ અંતઃકોડી સાગરોપમ પ્રમાણ બંધ આ અનિવૃત્તિકરણે છે. તે પણ પૂર્વના ક્રમે હાનિ હાનિ જ પામતો જાય છે. પરંતુ ક્યારેક બંધ વધારે અને ક્યારેક બંધ ઓછો હોય તેવું થતું નથી તે આ પ્રમાણે :-

એક સ્થિતિબંધ પૂર્ણ થયે છતે નવો અન્ય સ્થિતિ બંધ અવશ્ય પલ્યોપમના સંખ્યાતમા ભાગે હીન જ કરે છે. તે બીજીવારનો સ્થિતિબંધ પૂર્ણ થયે છતે ત્રીજી વારનો અન્ય સ્થિતિ બંધ પણ તેના કરતાં પલ્યોપમના સંખ્યાતમા ભાગે હીન જ આ જીવ કરે છે. ઈત્યાદિ રીતે નવા નવા સ્થિતિબંધો હીન હીનતર જ કરે છે.

સાતે કર્મોનો બંધ અને સાતે કર્મોની સત્તા ઘટતી જતી હોવા છતાં પણ તેમાં અલ્પ બહુત્વ તો પૂર્વની જેમ જ જાણવું. તે આ પ્રમાણે :- (૧) નામકર્મ અને ગોત્રકર્મ બંધ અને સત્તા એમ બન્નેની અપેક્ષાએ બીજા કર્મો કરતાં અલ્પ હોય છે. (૨) તેના કરતાં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આ ચારે કર્મો વિશેષાધિક હોય છે. પરંતુ માંહોમાંહે સ્વસ્થાનમાં પરસ્પર તુલ્ય જ હોય છે. તથા (૩) તેના કરતાં પણ મોહનીય કર્મ બન્ધ અને સત્તામાં સૌથી અધિક હોય છે.

આ અલ્પબહુત્વ અત્યાર સુધીના સર્વકાલમાં પણ જાણવું યાવત્ પહેલા ગુણઠાણાથી અહીં નવમા ગુણઠાણે જીવ આવે ત્યાં સુધી અલ્પ બહુત્વ આમ જ હોય છે એમ સમજવું. મોહનીય કર્મનો બંધ અને સત્તા સૌથી અધિક છે. તે હવે આગળ જતાં ઝપાટાફેર તોડીને સૌથી અલ્પ કરશે. તે વાત જાણવા જેવી છે. જે ગ્રંથકારશ્રી આગલી ગાથાઓમાં સમજાવશે. ॥૩૫॥

**ठिइकंडगमुक्कस्संपि, तस्स पल्लस्स संखतमभागो ।**
**ठिइबंधबहुसहस्से, सेक्केक्कं जं भणिस्सामो ॥ ३६ ॥**

**ગાથાર્થ :-** ઉત્કૃષ્ટ પણ (એટલે ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ બન્ને રીતે સ્થિતિ કંડક (સ્થિતિ ઘાત) તે જીવને પલ્યોપમના સંખ્યાતમા ભાગ તુલ્ય થાય છે. બીજા હજારો સ્થિતિબંધ ગયે છતે એક એક કર્મમાં શું થાય છે ? તે હવે અમે તમને કહીશું. ॥૩૬॥

**વિવેચન :-** ચારિત્ર મોહનીય કર્મના ઉપશમક અને અનિવૃત્તિકરણમાં પ્રવેશેલા એવા તે જીવને ઉત્કૃષ્ટથી પણ સ્થિતિ કંડક (સ્થિતિઘાત) પલ્યોપમના સંખ્યાતમા ભાગ તુલ્ય જ થાય છે. જઘન્યથી પણ તે જીવને તેટલો જ સ્થિતિઘાત થાય છે. ફક્ત ઉત્કૃષ્ટ સ્થિતિઘાતવાળા પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણવાળા સ્થિતિઘાતથી આ જઘન્ય સ્થિતિઘાત અતિશય લઘુતર (નાનો) જાણવો.

ત્યાર બાદ હજારોવાર સ્થિતિઘાત કરાયે છતે બંધાતી કર્મ પ્રકૃતિઓનો બંધ બે હજારથી નવ હજાર સાગરોપમ પ્રમાણ અર્થાત્ સાગરોપમ સહસ્ર પૃથકત્વ પ્રમાણ થાય છે. ત્યાર બાદ અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ ગયે છતે અને એક ભાગ બાકી રહે ત્યારે આ જીવ અસંજ્ઞી પંચેન્દ્રિય આત્માના બન્ધતુલ્ય બંધવાળો બને છે. એટલે કે કોડાકોડી સાગરોપમમાંથી કોડીસાગરોપમ અને કોડી સાગરોપમમાંથી બે હજારથી નવ હજાર સાગરોપમ પ્રમાણ અને તેમાંથી ઘટીને અસંજ્ઞી પંચેન્દ્રિયની તુલ્ય સાતીયા હજાર બે હજાર ભાગ જેટલો સ્થિતિબંધ આ જીવ કરે છે. નવું બંધાતુ કર્મ સ્થિતિમાં ઘટતું જાય છે એટલે કે ઓછી ઓછી સ્થિતિવાળું બંધાય છે.

આ ઉપશમ શ્રેણિમાં નવમા ગુણઠાણે અસંજ્ઞી પંચેન્દ્રિય તુલ્ય સ્થિતિબંધ થયે છતે ત્યાર બાદ હજારો સ્થિતિઘાત ગયે છતે (સ્થિતિઘાત પૃથકત્વ ગયે છતે) આ જીવ ચઉરિન્દ્રિય જીવની તુલ્ય સ્થિતિબંધ કરનારો થાય છે. (સાગરોપમના હજારોને બદલે સેંકડો ભાગ બાંધનારો આ જીવ થાય છે.) ત્યાર બાદ હજારો સ્થિતિઘાત ગયે છતે (સ્થિતિઘાત પૃથક્ત્વ ગયે છતે) આ જીવ તેઇન્દ્રિય જીવની તુલ્ય સ્થિતિબંધ વાળો બને છે. ત્યાર બાદ આ જ ક્રમ પ્રમાણે હજારો સ્થિતિઘાત ગયે છતે (સ્થિતિઘાત પૃથક્ત્વ ગયે છતે) બેઇન્દ્રિય જીવની તુલ્ય સ્થિતિબંધવાળો આ જીવ થાય છે. તે જ પ્રમાણે હજારો સ્થિતિઘાત ગયે છતે આ જીવ એકેન્દ્રિયના બંધતુલ્ય બંધવાળો (સાતીયા ત્રણ ભાગ જેટલો બંધ કરનાર) બને છે.

ત્યાર બાદ હજારો સ્થિતિબંધ ગયે છતે આયુષ્ય વિનાનાં સાતે કર્મોમાં જે જે ફેરફાર આ જીવ કરે છે તે હવે એક એક વિષય સમજાવવાનો છે. તે હવે અમે કહીશું. ॥૩૬॥

**पल्लदिवड्ढबिपल्लाणि, जाव पल्लस्स संखगुणहाणी ।**
**मोहस्स जाव पल्लं, संखिज्जइ भागहाऽमोहा ॥ ३७ ॥**
**तो णवरमसंखगुणा, एक्कपहारेण तीसगाणमहो ।**
**मोहे वीसग हेट्ठा य, तीसगाणुप्पि तइयं च ॥३८॥**

**ગાથાર્થ :-** પલ્યોપમ, દોઢ પલ્યોપમ અને બે પલ્યોપમનો બંધ થાય ત્યાં સુધી ક્રમે ક્રમે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ હીન હીન બંધ થતો જાય છે. પરંતુ જ્યારે પલ્યોપમાદિ પ્રમાણવાળો બંધ થાય ત્યારે સ્થિતિબંધ સંખ્યાત ગુણ હાનિવાળો થાય. જ્યારે મોહનીયનો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ થાય, ત્યારે એટલે નામ અને ગોત્ર એમ બે કર્મોનો બંધ અસંખ્યાતગુણ હીન હીન થાય છે. ત્યાર બાદ મોહનીય કર્મનો બંધ ત્રીસ કોડાકોડીવાળા કર્મોની નીચે લાવે છે. ત્યાર બાદ મોહનીયનો બંધ વીસ કોડાકોડીવાળા નામ-ગોત્રથી નીચે લાવે છે. વળી હજારો સ્થિતિબંધ ગયે છતે ત્રીજા વેદનીયકર્મને ત્રીસ કોડાકોડીવાળા શેષ ત્રણ કર્મોની ઉપર કરે છે. ॥૩૭-૩૮॥

**વિવેચન :-** એકેન્દ્રિય જેટલો બંધ થયા પછી હજારો સ્થિતિઘાત ગયે છતે નામ-ગોત્ર બે કર્મોનો બંધ એક પલ્યોપમ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આ ચાર કર્મોનો બંધ દોઢ પલ્યોપમ, તથા મોહનીય કર્મનો બંધ બે પલ્યોપમ જેટલો સ્થિતિબંધ થાય છે. આ પ્રમાણે હાલ બંધ તથા સત્તા છે.

ભાવાર્થ આ પ્રમાણે છે કે - એકેન્દ્રિયના બંધ તુલ્ય બન્ધ બન્યા પછી હજારો સ્થિતિઘાત ગયે છતે નામગોત્ર આ બે કર્મનો સ્થિતિબંધ એક પલ્યોપમ થાય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આ ચાર કર્મોનો સ્થિતિબંધ દોઢ પલ્યોપમ તથા મોહનીય કર્મનો સ્થિતિબંધ બે પલ્યોપમ થાય છે. આ પ્રમાણે હાલ બંધ તથા તેને અનુસારે સત્તા છે.

અહીં સુધી જે જે સ્થિતિબંધો થયા. તે સર્વે નવા નવા સ્થિતિબંધો પૂર્વ પૂર્વના સ્થિતિબંધથી પલ્યોપમના સંખ્યાતમા ભાગે હીન હીન થતા હતા. સ્થિતિની સત્તા પણ તે જ પ્રમાણે ઘટતી જતી હતી. તેને અનુસારે અલ્પબહુત્વ પણ તે જ પ્રમાણે જાણી લેવું.

તથા पल्लस्स પદમાં જે ષષ્ઠી વિભક્તિ છે. તે પંચમીના અર્થમાં છે તથા "अधः" આવો શબ્દ અધ્યાહારથી લેવો. તેથી પદોનો અર્થ આ પ્રમાણે કરવો કે કર્મોનો બંધ જ્યારે પલ્યોપમ પ્રમાણ થાય છે. ત્યાર બાદ નીચે નીચેના નવા નવા સ્થિતિબંધ સંખ્યાત ગુણહાનિવાળા જાણવા.

સારાંશ કે કોઈ પણ કર્મનો બંધ પલ્યોપમથી અધિક ચાલતો હોય ત્યારે નવો નવો સ્થિતિ બંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગે હીન હીન થાય છે. પરંતુ જ્યારે જ્યારે જે જે

કર્મોનો બંધ પલ્યોપમ પ્રમાણ થાય છે ત્યારથી તે તે કર્મોનો અન્ય અન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણ હીન, સંખ્યાતગુણ હીન થાય છે.

તે કારણથી હાલ નામ-ગોત્ર કર્મનો બંધ જ્યારે પલ્યોપમ પ્રમાણ થયો ત્યારથી આરંભીને તે બન્ને કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતગુણ હીન-સંખ્યાત ગુણહીનના ક્રમે કરે છે. શેષ પાંચ કર્મોનો બંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગે હીન હીન કરે છે એમ કરતાં કરતાં કેટલાક હજાર સ્થિતિબંધ ગયે છતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આ ચાર કર્મોનો સ્થિતિબંધ પણ એક પલ્યોપમ પ્રમાણ થાય છે. પરંતુ મોહનીયકર્મનો બંધ તો દોઢ પલ્યોપમ તુલ્ય હોય છે. ત્યાર બાદ જ્ઞાનાવરણીયાદિ ચારે કર્મોનો બંધ (૧ પલ્યોપમ થયો હોવાથી) નવો નવો સ્થિતિબંધ સંખ્યાત ભાગહીનને બદલે સંખ્યાત ગુણહીન સંખ્યાત ગુણહીન થાય છે. પરંતુ મોહનીયકર્મનો બંધ તો હજુ પણ સંખ્યાત ભાગહીન જ થાય છે. કારણ કે તે કર્મનો બંધ હજુ પલ્યોપમ પ્રમાણ થયો નથી. (દોઢ પલ્યોપમ આસપાસ છે.)

ત્યાર બાદ હજારો સ્થિતિબંધ ગયે છતે મોહનીય કર્મનો બંધ પણ ઘટતાં ઘટતાં એક પલ્યોપમ પ્રમાણ થાય છે. ત્યારબાદ મોહનીયકર્મનો પણ અન્ય અન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણહીન સંખ્યાતગુણહીન પ્રવર્તે છે. તે કાલે શેષ છ કર્મોનો સ્થિતિબંધ ઘટતાં ઘટતાં પલ્યોપમના સંખ્યાતમા ભાગ તુલ્ય થયેલોજ હોય છે તે કાલે સાતે કર્મોની સ્થિતિની સત્તાનું અલ્પ બહુત્વનું માપ આ પ્રમાણે હોય છે.

નામકર્મ અને ગોત્રકર્મની સ્થિતિ સત્તા સૌથી અલ્પ હોય છે. તેના કરતાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આ ચારે કર્મોની સ્થિતિસત્તા સંખ્યાતગણી અધિક હોય છે અને પરસ્પર ચારે કર્મોની તુલ્ય સ્થિતિ સત્તા હોય છે. તેના કરતાં પણ મોહનીય કર્મની સ્થિતિ સત્તા સંખ્યાતગુણ અધિક હોય છે.

જ્યાં સુધી મોહનીય કર્મનો અન્ય અન્ય સ્થિતિબંધ એક પલ્યોપમ પ્રમાણ થતો નથી અર્થાત્ તેનાથી અધિક હોય છે. ત્યાં સુધી તેનો પૂર્વે થયેલો બંધ બધો જ સંખ્યાત ભાગ હીન સંખ્યાત ભાગહીન જ હોય છે. આમ સમજવું અને જ્યારે પલ્યોપમ પ્રમાણ જેટલો સ્થિતિબંધ થાય છે. ત્યારથી આરંભીને અન્ય અન્ય સ્થિતિબંધ સંખ્યાત ભાગહીનને બદલે સંખ્યાત ગુણહીન સંખ્યાતગુણહીન થાય છે. આ વાત વારંવાર પૂર્વે પણ સમજાવેલી જ છે.

આ પ્રમાણે મોહનીય કર્મનો સંખ્યાતગુણહીન સંખ્યાતગુણહીન આવા પ્રકારનો આ સ્થિતિબંધ થયે છતે ત્યાર બાદ ઘણા ઘણા સ્તિતિબંધો પસાર કરાયે છતે મોહનીયકર્મનો પણ સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગતુલ્ય થાય છે. ત્યારે જે એક આશ્ચર્ય જેવું અદ્ભુત કાર્ય આ જીવ કરે છે. તે હવે ગ્રંથકારશ્રી જણાવે છે.

સર્વે પણ કર્મોનો નવો નવો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ તુલ્ય બન્યા પછી અહીં પ્રાકૃત ભાષામાં "**अमोहे**" શબ્દમાં જે બહુવચન છે. તે પણ વાસ્તવિક દ્વિવચન હોવાથી તેના માહાત્મ્યથી મોહનીયને વર્જીને નામકર્મ તથા ગોત્રકર્મ લેવાં. આ બન્ને કર્મોનો અત્યાર સુધી નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણહીન સંખ્યાત ગુણહીન થતો હતો. તે હવેથી અસંખ્યાતગુણહીન અસંખ્યાત ગુણહીન બંધ આ બે કર્મોનો થવા લાગે છે. બાકીનાં પાંચ કર્મોનો નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણહીન સંખ્યાતગુણ હીનના ક્રમે જ કરે છે.

આ કાળે સત્તાની અપેક્ષાએ સ્થિતિનું અલ્પ બહુત્વ આ પ્રમાણે હોય છે. (૧) નામકર્મ અને ગોત્રકર્મની સ્થિતિ સત્તા સૌથી અલ્પ હોય છે. (૨) તેના કરતાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આ ચાર કર્મોની સ્થિતિ સત્તા જે સંખ્યાતગુણી હતી તે હવે અસંખ્યાતગુણી રહે છે. (૩) તેના કરતાં પણ મોહનીયની સ્થિતિ સત્તા અસંખ્યાત ગુણી રહે છે.

ત્યાર બાદ હજારો સ્થિતિઘાત ગયે છતે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આ ચાર કર્મોનો સ્થિતિબંધ અસંખ્યાતગુણ હીન અસંખ્યાતગુણહીન થાય છે. તે કાળે સ્થિતિ સત્તાની અપેક્ષાએ અલ્પ બહુત્વ આ પ્રમાણે હોય છે. (૧) નામકર્મ અને ગોત્રકર્મની સ્થિતિ સત્તા સૌથી અલ્પ હોય છે. (૨) તેના કરતાં જ્ઞાનાવરણીય આદિ ચાર કર્મોની સ્થિતિ સત્તા અસંખ્યાત ગુણી હોય છે. સ્વસ્થાનમાં ચારે કર્મોની પરસ્પર તુલ્ય સત્તા હોય છે. તેના કરતાં મોહનીયકર્મની સ્થિતિ સત્તા સૌથી વધારે અસંખ્યાતગુણી હોય છે.

ત્યાર બાદ હજારો સ્થિતિઘાત ગયે છતે "एक्क पहारेण" "એક પ્રકારના ઝપાટા વડે" મોહનીય કર્મનો સ્થિતિબંધ અને તેની સ્થિતિ સત્તા આ બન્ને ત્રીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આ ચાર કર્મોથી જે અધિક છે. તેને બદલે અસંખ્યાત ગુણ હાનિવાળો સ્થિતિબંધ અને અસંખ્યાત ગુણહાનિવાળી મોહનીયની સત્તા આ જીવ કરે છે.

આટલી બધી મોહનીયકર્મની સ્થિતિ સત્તા તોડી નાખવામાં જીવનો પરિણામ જ કારણભૂત છે. બીજો કોઈ વિકલ્પ અહીં મનમાં વિચારવો નહીં. આ જીવ પોતે જ કર્મોને તોડવા માટે હવે ઝપાટો (તાલાવેલી જ) લગાવે છે. બીજો કોઈ વિકલ્પ મનમાં કરવો નહીં. મરણીયો થઈને મોહનીયની સામે યુદ્ધ ખેલે છે.

પહેલાં મોહનીય કર્મની સત્તા જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મો કરતાં તેનાથી ઉપર અસંખ્યાત ગુણ અધિક હતી. જ્ઞાનાવરણાદિ ચાર કર્મો હીન હતાં. તેને બદલે હવે મોહનીયની સત્તા એકદમ ઘણી તોડી નાંખીને જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મોની નીચે લાવી

દે છે. આ જ તેનું માહાત્મ્ય (પરાક્રમ-બળવત્તરતા) છે. બુદ્ધિનો બીજો કોઈ વિકલ્પ ત્યાં કામ કરતો નથી. મોહનીય કર્મમાં મોટા મોટા સ્થિતિ ખંડોની અપવર્તના કરે છે. આ જ તેમાં કારણ છે. આવું પરાક્રમ ફોરવે ત્યારે અલ્પ બહુત્વ આ પ્રમાણે થાય છે.

(૧) નામકર્મ અને ગોત્રકર્મની સ્થિતિ સત્તા સૌથી થોડી હોય છે. (૨) તેનાથી મોહનીયકર્મની સ્થિતિ સત્તા અસંખ્યાત ગુણ હોય છે. (૩) તેના કરતાં પણ જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મોની સ્થિતિ સત્તા અસંખ્યાત ગુણી હોય છે.

ત્યાર બાદ એક જ હેલા માત્રમાં (એટલે કે એક જ ઝપાટામાં) મોહનીયકર્મનો સ્થિતિ બંધ અને સ્થિતિ સત્તા "वीसगहेठाय" વીસ કોડાકોડીવાળાં નામકર્મ અને ગોત્રકર્મથી નીચે લઈ જાય છે અર્થાત્ મોહનીયકર્મનો બંધ તથા સત્તા જે નામ અને ગોત્રકર્મથી અધિક હતાં તે હવે નામ-ગોત્રકર્મથી ઘણાં હીન કરે છે. આવું કાર્ય કરે ત્યારે સ્થિતિબંધને આશ્રયી અલ્પ બહુત્વ આ પ્રમાણે છે.

(૧) મોહનીય કર્મનો સ્થિતિબંધ (અને સ્થિતિ સત્તા આ બન્ને) સૌથી થોડાં (૨) તેના કરતાં નામકર્મ અને ગોત્રકર્મનો સ્થિતિબંધ અસંખ્યાતગુણ અધિક (૩) તેના કરતાં પણ જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મોનો સ્થિતિબંધ અસંખ્યાતગુણો અને સ્વસ્થાને પરસ્પર તુલ્ય હોય છે.

ત્યાર બાદ વળી કેટલાક હજારો સ્થિતિબંધ ગયે છતે "तीसगाणुप्पि तइयं च" ત્રીજુ વેદનીય કર્મ સ્થિતિ સત્તાને આશ્રયી ત્રીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળાં જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય કર્મ કરતાં ઉપર સ્થાપે છે.

સારાંશ એ છે કે (૧) મોહનીયકર્મ નામકર્મ અને ગોત્રકર્મ એમ કુલ ત્રણ કર્મો સ્થિતિ સત્તાને આશ્રયી અત્યાર સુધી ત્રીસ કોડાકોડીવાળાં ચાર કર્મોથી નીચે હતાં અને જ્ઞાનાવરણાદિ ચારે કર્મો સર્વોપરિ હતાં અને પરસ્પર તુલ્ય હતાં. તેને બદલે હવે એક જ ઝપાટો એવો મારે કે જેનાથી જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ કર્મો વેદનીય કર્મ કરતાં ઘણાં નીચે (ઓછા) થઈ જાય છે અને વેદનીય કર્મ સર્વ કરતાં ઉપરિ રહે તેવું કામ કરે છે ત્યાંથી પ્રારંભીને વેદનીય કર્મનો બંધ સર્વ કર્મો કરતાં અધિક અસંખ્યાતગુણો થાય છે.

તે કાળે સ્થિતિબંધને આશ્રયી અલ્પબહુત્વ આ પ્રમાણે છે. (૧) મોહનીય કર્મનો સ્થિતિબંધ સૌથી થોડો છે. (૨) તેના કરતાં નામકર્મ અને ગોત્ર કર્મનો સ્થિતિબંધ અસંખ્યાત ગુણો છે અને સ્વસ્થાને બન્નેનો પરસ્પર તુલ્ય જ છે. (૩) તેના કરતાં જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ કર્મનો સ્થિતિબંધ અસંખ્યાતગુણ છે અને સ્વસ્થાને

પરસ્પર તુલ્ય છે. (૪) તેના કરતાં પણ વેદનીયકર્મનો સ્થિતિ બંધ અસંખ્યાત ગુણો છે. આ પ્રમાણે ઉપશમ-શ્રેણિમાં આરૂઢ થયેલો આ આત્મા વિશુદ્ધિના બળે કર્મોનો નવો નવો સ્થિતિબંધ ઓછો ઓછો કરતો કરતો આગળ જાય છે. ॥૩૭-૩૮॥

**तो तीसगाणुप्पि च वीसगाइं असंखगुणणाए ।**
**तइयं च वीसगाहि य विसेसमहियं कमेणेइ ॥ ३९ ॥**

**ગાથાર્થ :-** ત્યાર બાદ હજારો સ્થિતિઘાત ગયે છતે વીશ કોડાકોડીવાળાં કર્મોને ત્રીસ કોડાકોડીવાળાં કર્મો કરતાં ઉપર સ્થાપે છે તથા ત્રીજુ વેદનીય કર્મ વીસ કોડાકોડીવાળાં કર્મો કરતાં વિશેષાધિક જ રાખે છે. ત્યાર બાદ સર્વઠિકાણે વિશેષાધિકના ક્રમે જ ચાલે છે. ॥૩૯॥

**વિવેચન :-** (૧) મોહનીયકર્મનો બંધ સૌથી અલ્પ, (૨) નામગોત્રનો બંધ અસંખ્યાતગુણો, (૩) તેના કરતાં જ્ઞાનાવરણીયીયાદિ ત્રણ કર્મોનો સ્થિતિ બંધ અસખ્યાતગુણ, (૪) તેના કરતાં પણ વેદનીયકર્મનો બંધ અસંખ્યાત ગુણ. આ પ્રમાણે બંધ ચાલતો હતો.

તેવામાં આ જીવ વળી એવો એક ઝપાટો લગાવે છે કે જેનાથી વીશકોડાકોડી સાગરોપમ વાળાં બન્ને કર્મોને ત્રીસકોડાકોડી સાગરોપમવાળાં કર્મોની ઉપર સ્થાપે છે. સારાંશ એ છે કે ત્રીસ કોડાકોડીવાળા જ્ઞાનાવરણાદિ ત્રણ કર્મોનો સ્થિતિબંધ એકદમ ઝપાટાભેર ઘણો ઘટાડી નાંખે છે. જેથી વીશ કોડાકોડી સાગરોપમ વાળાં નામકર્મ અને ગોત્રકર્મ ત્રીસ કોડાકોડી સાગરોપમવાળાં જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મો કરતાં જે અધોવર્તી છે. તે ઉપરિવર્તી થઈ જાય છે. આવું થાય ત્યારે અલ્પ બહુત્વ આ પ્રમાણે હોય છે.

(૧) મોહનીયકર્મનો સ્થિતિબંધ સૌથી અલ્પ હોય છે. (૨) તેના કરતાં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ કર્મોનો સ્થિતિબંધ અસંખ્યાતગુણો હોય છે અને પરસ્પર તુલ્ય હોય છે. (૩) તેના કરતાં પણ નામકર્મ અને ગોત્રકર્મનો સ્થિતિબંધ અસંખ્યાતગુણો હોય છે અને પરસ્પર તુલ્ય હોય છે. (૪) તેના કરતાં પણ વેદનીય કર્મનો સ્થિતિ બંધ વિશેષાધિક હોય છે અને સર્વોપરિ હોય છે.

"**असंखगुणणाए**" મોહનીય કર્મ જ્યારે જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મો કરતાં અસંખ્યાત-ગુણહીન કરાયું. ત્યારથી માંડીને સર્વ ઠેકાણે અસંખ્યાત ગુણહીન અસંખ્યાતગુણ હીન જ બંધ અનુક્રમે કરે છે. તથા ત્રીજા વેદનીયકર્મનો બંધ જ્યારથી વીશ કોડાકોડી સાગરોપમવાળા નામકર્મ અને ગોત્રકર્મથી વિશેષાધિક કરાયું છે. ત્યારથી માંડીને સર્વ ઠેકાણે અનુક્રમે વિશેષધિક વિશેષાધિક પણે જ બંધ ચાલે છે. ક્યાંય ઓછો કે વધારે બંધ આ જીવ કરતો નથી. સારાંશ કે સર્વત્ર નવા-નવા બંધની માત્રા ઘણી ઘણી ઘટતી જ જાય છે. ॥૩૯॥

**अहुदीरणा असंखेज्जसमयबद्धाण देसघाइत्थ ।**
**दाणंतराय मणपज्जवं च तो ओहिदुगलाभो ॥ ४० ॥**

**ગાથાર્થ :-** હવે અસંખ્યાત સમયોમાં બંધાયેલા કર્મની જ ઉદીરણા થાય છે તથા દાનાન્તરાય અને મનઃપર્યવજ્ઞાનાવરણીય આ બે કર્મોનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર બાદ અવધિજ્ઞાનાવરણીય, અવધિદર્શનાવરણીય તથા લાભાન્તરાય કર્મનો દેશઘાતી રસ બંધાય છે. ॥૪૦॥

**વિવેચન :-** "અથ" એવો જે શબ્દ મૂલગાથામાં કહ્યો છે તે અધિકારાન્તરનો સૂચક છે એટલે કે હવે બીજો કંઈક નવો વિષય કહેવાય છે. તે આ પ્રમાણે :- જે કાળે સર્વે પણ કર્મોનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જેટલો જ સ્થિતિબંધ થાય છે. તે કાળે (૧) અસંખ્યાત સમયોમાં જ બંધાયેલા કર્મોની જ ઉદીરણા થાય છે. કારણ કે ઉપરોક્ત પ્રમાણ વાળો અર્થાત્ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સ્થિતિ બંધ જ્યારે કરાય છે ત્યારે બંધાતી કર્મપ્રકૃતિની સ્થિતિની જે સત્તા છે તેની અપેક્ષાએ પૂર્વકાલમાં બંધાયેલી જે એક સમય હીન, બે સમય હીન એવી સ્થિતિઓ સત્તામાં છે. તેની જ ઉદીરણા થાય છે. પણ અન્ય અધિક સ્થિતિઓ કે જે વધારે સત્તામાં છે. તેની ઉદીરણા હવે થતી નથી.

જે કર્મપ્રકૃતિઓ ઘણા લાંબા કાળવાળી બાંધેલી છે. તેમાંથી ક્ષય કરતાં કરતાં શેષ વધેલી સંભવે છે. તે જ અર્થાત્ અસંખ્યાત સમય માત્રમાં જ બંધાયેલી કર્મપ્રકૃતિઓની જ ઉદીરણા થાય છે. શેષની થતી નથી અથાત્ અસંખ્યાત સમયપૂર્વે બંધાયેલીની ઉદીરણા હાલ થતી નથી.

(૨) ત્યાર બાદ હજારો સ્થિતિ બંધ ગયે છતે આ પ્રસંગે દાનાન્તર કર્મ તથા મનઃપર્યાય જ્ઞાનાવરણીય કર્મ આ બન્નેનો રસ પહેલાં સર્વઘાતી બંધાતો હતો. તે હવેથી દેશઘાતી રસ બંધાય છે. (પરંતુ એકઠાણીયો બેઠાણીયો ત્રણ ઠાણીયો અને ચાર ઠાણીયો ઈત્યાદિની અપેક્ષાએ હજુ બેઠાણીયો રસ બંધાય છે. પરંતુ હજુ એક ઠાણીયો રસ બંધાતો નથી. તે એક ઠાણીયો રસ હજુ આગળ ઉપર બંધાશે એવું હમણાં જ કહેવામાં આવશે.)હાલ બે ઠાણીઓ પણ દેશઘાતી રસ બંધાય છે. તથા ત્યાર બાદ હજારો સ્થિતિબંધ ગયે છતે અવધિજ્ઞાનાવરણીય અવધિદર્શનાવરણીય અને લાભાન્તરાય એમ ત્રણ કર્મનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર પછી શું થાય ? તે હવે પછીની ગાથામાં કહેવાશે. ॥૪૦॥

**सुयभोगाचक्खुओ, चक्खू य तओ मई सपरिभोगा ।**
**विरियं च असेढिगया, बंधंति उ सव्वघाईणि ॥ ४१ ॥**

**ગાથાર્થ :-** શ્રુત જ્ઞાનાવરણીય, ભોગાન્તરાય અને અચક્ષુદર્શનાવરણીય કર્મ એમ ત્રણ કર્મોનો રસ દેશઘાતી બાંધે છે. ત્યાર પછી ચક્ષુદર્શનાવરણીયકર્મનો દેશઘાતી રસ બાંધે છે. ત્યાર બાદ મતિજ્ઞાનાવરણીય તથા ઉપભોગાન્તરાય કર્મનો દેશઘાતી રસ બાંધે છે. પછી વીર્યાન્તરાયકર્મનો દેશઘાતી રસ બાંધે છે. જે જીવો ઉપશમ શ્રેણી કે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયા નથી. તે જીવો ઉપરોક્ત કર્મોનો સર્વઘાતી રસ બાંધે છે. ॥૪૧॥

**વિવેચન :-** અવધિ જ્ઞાનાવરણીય અને અવધિ દર્શનાવરણીય કર્મનો દેશઘાતી રસ બંધાય ત્યાર બાદ હજારો સ્થિતિ બંધ પસાર થયે છતે લાભાન્તરનો ત્યારબાદ હજારો સ્થિતિબંધ પસાર થયે છતે શ્રુતજ્ઞાનાવરણીય, ભોગાન્તરાય અને ચક્ષુદર્શનાવરણીય એમ ત્રણ કર્મોનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર બાદ હજારો સ્થિતિ બંધ ગયે છતે ચક્ષુ દર્શનાવરણીય કર્મનો દેશઘાતી રસ બંધાય છે.

ત્યારબાદ સંખ્યાતા હજારો પ્રમાણ સ્થિતિબન્ધ પસાર થયે છતે ઉપભોગાન્તરાય કર્મની સાથે મતિજ્ઞાનાવરણીય કર્મનો દેશઘાતી રસ બંધાય છે. ત્યાર બાદ બીજા હજારો સ્થિતિબંધ પસાર થયે છતે વીર્યાન્તરાય કર્મનો દેશઘાતી રસ બંધાય છે. આ પ્રમાણે ૪ જ્ઞાનાવરણીય ૩ દર્શનાવરણીય અને પાંચ અંતરાય એમ કુલ બાર પ્રકૃતિઓ (ગાથામાં કહેલા ક્રમ પ્રમાણે ૨ + ૩ + ૩ + ૧ + ૨ + ૧ = ૧૨ પ્રકૃતિઓ) નો દેશઘાતી રસ બંધાય છે.

જ્યાં સુધી જીવો શ્રેણિ ઉપર આરૂઢ થયા નથી. તેવા જીવો અર્થાત્ અશ્રેણિમાં રહેલા જીવો (૧ થી ૭ ગુણસ્થાનકવર્તી તમામ જીવો) આ દાનાન્તરાય આદિ બારે પ્રકૃતિનો નિયમા સર્વઘાતી જ રસબંધ કરે છે. આ બારે પ્રકૃતિઓ શ્રેણિ વિનાના જીવોને નિયમા સર્વઘાતી રૂપે જ બંધાય છે. માત્ર શ્રેણીમાં આરૂઢ થાય ત્યારે જ ઉપર કહ્યા પ્રમાણે દેશઘાતી રસ બંધાય છે. ॥૪૧॥

**संजमघाईणंतर मेत्थ उ पढमठिई य अन्नयरे ।**
**संजलणावेयाणं वेइज्जंतीण कालसमा ॥ ४२.॥**

**ગાથાર્થ :-** સંયમનો ઘાત કરનારી એવી મોહનીય કર્મની (૨૧) પ્રકૃતિઓનું આ જીવ **અંતકરણ** કરે છે. સંજ્વલન ચાર કષાયમાંથી અને ત્રણ વેદમાંથી અન્યતર (૧+૧) એમ બે પ્રકૃતિઓ કે જેનો ઉદય ચાલુ છે. તેની પ્રથમ સ્થિતિ પોતાના ઉદયકાલ પ્રમાણ રાખે છે. (બાકીની અનુદયવતી (૧૧ + ૮ = ૧૯) ઓગણીસ પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ એક આવલિકા માત્ર રાખે છે.) ॥૪૨॥

**વિવેચન :-** ઉપર કહેલી દેશઘાતી ૧૨ પ્રકૃતિઓમાં છેલ્લામાં છેલ્લું વીર્યાન્તર કર્મ જે છે તેનો દેશઘાતી રસબંધ કર્યા પછી સંખ્યાતા હજારો સ્થિતિબંધ ગયે છતે સંયમનો ઘાત કરનારી અનંતાનુબંધી ચાર કષાયો વિનાના બાર કષાયો અને નવ નોકષાયો એમ કુલ (૨૧) એકવીસ પ્રકૃતિઓનું આ જીવ **અંતરકરણ** કરે છે. સ્થિતિના બે ભાગ કરીને વચ્ચે સ્થિતિનો ગેપ પાડવાનું કામ કરે છે.

ત્યાં ચાર સંજ્વલનકષાયોમાંથી એક સંજ્વલનકષાય તથા ત્રણ વેદોમાંથી કોઈ પણ એક વેદ (કે જે સંજ્વલનકષાય અને જે વેદનો ઉદય ત્યાં ચાલુ હોય) તે વેદની તથા તે સંજ્વલનકષાયની પ્રથમ સ્થિતિ પોતાના ઉદયના કાલ પ્રમાણ (નાના-મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ) રાખે છે અને શેષ ન વેદાતી ૧૧ કષાયો અને ૮ નોકષાયો એમ કુલ (૧૯) ઓગણીસ કર્મપ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ આવલિકા જ માત્ર રાખે છે.

**પ્રશ્ન :-** અનુદયવતી (૧૯) ઓગણીસ પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ એક આવલિકા રાખે છે તે તો સમજાય છે. પરંતુ ઉદયવતી ચાર સંજ્વલમાંથી કોઈ પણ એક અને ત્રણ વેદમાંથી કોઈ પણ એક વેદ એમ બે પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ નાના-મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ (પોત પોતાના ઉદયકાલ પ્રમાણ) રાખે છે એમ આપે કહ્યું. પરંતુ ત્યાં કોની નાના અંતર્મુહૂર્ત પ્રમાણ હોય ? અને કોની મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ હોય ? તે સમજાતું નથી. તો આ વાત વધારે સ્પષ્ટ કરો.

**ઉત્તર :-** ચાર સંજ્વલન કષાયો અને ત્રણ વેદોનો સ્વોદયક (પોત પોતાના ઉદયના કાળનું) પ્રમાણ આ પ્રમાણે જાણવું.

(૧) સ્ત્રીવેદ અને નપુંસકવેદ આ બન્નેનો ઉદયકાલ સર્વથી થોડો જાણવો. પરસ્પર તુલ્ય જાણવો. કારણ કે સૌથી પહેલો ઉપશમ આ બન્નેનો થાય છે.

(૨) તેના કરતાં પુરૂષવેદનો ઉદયકાળ સંખ્યાતગણો જાણવો.

(૩) તેના કરતાં સંજ્વલન ક્રોધનો ઉદયકાળ વિશેષાધિક જાણવો. કારણ કે પુરૂષવેદનો ઉદય નવમાના પ્રથમ ભાગ સુધી અને સંજ્વલન ક્રોધનો ઉદય નવમાના બીજા ભાગ સુધી હોય છે.

(૪) તેના કરતાં સંજ્વલન માન, સંજ્વલન માયા અને સંજ્વલન લોભનો ઉદયકાળ અનુક્રમે વિશેષાધિક વિશેષાધિક જાણવો. કારણ કે તે ત્રણે કષાયોનો ઉદયકાલ નવમા ગુણઠાણાના ત્રીજા-ચોથા અને પાંચમા ભાગ સુધી ચાલે છે. તે કારણથી વિશેષાધિક ઉદયકાળ જાણવો.

પંચસંગ્રહ-ઉપશમના કરણ ગાથા ૬૧માં કહ્યું છે કે -

थीअपुमोदयकाला, संखेज्जगुणो उ पुरिसवेयस्स ।
तस्स वि विसेसअहिओ, कोहे तत्तो वि जहकमसो ॥१॥

**અર્થ :-** સ્ત્રીવેદ તથા નપુંસકવેદનો ઉદયકાળ સૌથી થોડો છે. તેના કરતાં પુરૂષવેદનો ઉદયકાલ સંખ્યાત ગુણો છે. તેના કરતાં પણ ક્રોધ-માન-માયા અને લોભનો ઉદયકાલ અનુક્રમે વિશેષ અધિક વિશેષ અધિક છે. (૧) પંચસંગ્રહ ઉપશમના કરણ ગાથા-૬૧

હવે આગળ જતાં કષાયોનો ઉપશમ કેવી રીતે કરે છે ? તે વિષય સમજાવે છે :-

ત્યાં સંજ્વલન ક્રોધના ઉદયે ઉપશમ શ્રેણિનો પ્રારંભ કરનારા આત્માને જ્યાં સુધી અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાનાવરણ એમ બે ક્રોધનો ઉપશમ થતો નથી ત્યાં સુધી સંજ્વલન ક્રોધનો ઉદય ચાલુ હોય છે.

તથા સંજ્વલન માનના ઉદયે શ્રેણિનો પ્રારંભ કરનારા આત્માને જ્યાં સુધી અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ એમ બે માનનો ઉપશમ થતો નથી ત્યાં સુધી સંજ્વલન માનનો ઉદય ચાલુ હોય છે.

તથા સંજ્વલન માયાના ઉદયે શ્રેણીનો પ્રારંભ કરનારા આત્માને જ્યાં સુધી અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ એમ બે માયાનો ઉપશમ થતો નથી ત્યાં સુધી સંજ્વલન માયાનો ઉદય પણ ચાલુ હોય છે.

તથા સંજ્વલન લોભના ઉદયે શ્રેણિનો પ્રારંભ કરનારા જીવને જ્યાં સુધી અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ એમ બે લોભનો ઉપશમ થતો નથી. ત્યાં સુધી સંજ્વલન બાદર લોભનો ઉદય ચાલુ હોય છે.

ત્યાર બાદ સૂક્ષ્મ સંપરાયાદ્ધા ચાલુ થાય છે. આ પ્રમાણે અન્તકરણ ઉપરિતન ભાગની અપેક્ષાએ સમાન સ્થિતિવાળું હોય છે. પરંતુ અધોભાગની અપેક્ષાએ પ્રથમ સ્થિતિમાં જ કેટલીક કેટલીક પ્રકૃતિઓનો ઉદયકાળ વિષમ હોવાથી (ક્રોધનો ઉદય નવમાના બીજા ભાગે સમાપ્ત થાય, માનનો ઉદય નવમાના ત્રીજા ભાગે સમાપ્ત થાય, તથા માયાનો ઉદય નવમાના ચોથા ભાગે સમાપ્ત થાય અને બાદર લોભનો ઉદય નવમાના ચરમ સમયે એટલે કે પાંચમા ભાગે સમાપ્ત થાય. આમ વિષય હોવાથી) પહેલી સ્થિતિનો ભાગ વિષમ સ્થિતિવાળો છે.

તથા જેટલા કાળે નવો નવો સ્થિતિઘાત કરે છે અથવા જેટલા કાળે નવો નવો અપૂર્વ સ્થિતિ બંધ આ જીવ કરે છે. તેટલા જ કાળમાં અન્તરકરણ પણ કરે છે. (૧) સ્થિતિઘાત,

(૨) સ્થિતિબંધ અને (૩) અંતરકરણ આ ત્રણે કાર્યો એકી સાથે ચાલુ કરે છે અને આ ત્રણે કાર્યો એકી સાથે સમાપ્તિને પણ પામે જ છે. કોઈનો પણ કાલ વધારે ઓછો નથી. આ અન્તકરણના કાળમાં આ જીવ હજારો-હજારો રસઘાત પણ કરે છે. આ અન્તરકરણ હોય તો છે અન્તર્મુહૂર્તના કાળ પ્રમાણ, તો પણ પ્રથમ સ્થિતિવાળા અંતર્મુહૂર્ત કરતાં અન્તરકરણનું અંતર્મુહૂર્ત સંખ્યાત ગુણ અધિક (મોટું) અંતર્મુહૂર્ત હોય છે.

**પ્રશ્ન** :- અન્તરકરણમાં ગોઠવેલું કર્મદલિક ઉખેડી ઉખેડીને આ જીવ કયાં નાખે ? અને કેવી રીતે નાંખે ?

**ઉત્તર** :- અંતરકરણમાં ગોઠવાયેલું કર્મદલિક જે છે. તેને નાખવાનો વિધિ આ પ્રમાણે છે. તે કાળે જે જે કર્મપ્રકૃતિઓનો બંધ તથા ઉદય બન્ને હોય છે. તે તે કર્મપ્રકૃતિઓનું અંતરકરણ સંબંધી દલિક ત્યાંથી ઉચકીને પ્રથમ સ્થિતિ અને બીજી સ્થિતિ એમ બન્નેમાં નખાય છે. જેમ કે પુરૂષવેદના ઉદયે આ ઉપશમ શ્રેણિનો પ્રારંભ કરનારા જીવને પુરુષવેદનું અંતરકરણ સંબંધી કર્મદલિક ઉપર અને નીચે એમ બન્ને સ્થિતિમાં નખાય છે.

તે કાળે જેનો કેવળ એકલો ઉદય જ હોય છે. પરંતુ બંધ હોતો નથી. તેવી કર્મપ્રકૃતિઓનું અંતરકરણ સંબંધી કર્મદલિક માત્ર પ્રથમ સ્થિતિમાં જ નખાય છે. પણ બીજી સ્થિતિમાં નખાતું નથી. જેમ કે સ્રીવેદના ઉદયે શ્રેણી પ્રારંભ કરનારા જીવને તે ગુણઠાણે સ્ત્રીવેદનો ઉદય જ માત્ર હોય છે. બંધ વિચ્છેદ પૂર્વે પામેલો છે. તેથી સ્રીવેદના અંતરકરણનું કર્મદલિક ત્યાંથી ઉચકીને પ્રથમ સ્થિતિમાં જ નખાય છે. પરંતુ બીજી સ્થિતિમાં નખાતું નથી.

તથા તે કાળે જેનો ઉદય હોતો નથી. પરંતુ કેવળ એકલો બંધ જ હોય છે. તેવી કર્મપ્રકૃતિનું અંતરકરણ સંબંધી કર્મદલિક માત્ર બીજી સ્થિતિમાં જ નખાય છે. પરંતુ પ્રથમ સ્થિતિમાં નખાતું નથી. જેમ કે સંજ્વલન ક્રોધના ઉદયે શ્રેણીનો પ્રારંભ કરનાર જીવને માનાદિનો ઉદય ન હોવાથી તે માનાદિ કષાયોનું કર્મદલિક માત્ર બીજી સ્થિતિમાં આ જીવ પ્રક્ષેપ કરે છે.

તથા તે કાળે જેનો બંધ પણ નથી તથા ઉદય પણ નથી. તેવી કર્મપ્રકૃતિઓનું અંતરકરણ સંબંધી કર્મદલિક તેની પહેલી કે બીજી સ્થિતિમાં આ જીવ નાખતો નથી. પરંતુ અન્ય સજાતીય પ્રકૃતિમાં નાખે છે. જેમ કે તે કાળે બંધ કે ઉદયમાં ન હોય તેવી અપ્રત્યાખ્યાનીય તથા પ્રખ્યાનાવરણ એમ બન્ને કષાયોનું કર્મદલિક સંજ્વલન કષાયમાં નાખે છે. આમ યથાયોગ્ય સમજવું.

"अन्नयरे" શબ્દ પુલિંગ સપ્તમી એકવચન છે. આ શબ્દ પ્રકૃતિ શબ્દનું વિશેષણ હોવાથી સ્રીલિંગ આવવું જોઈએ તથા ઘણી ઘણી પ્રકૃતિઓનો આ સમૂહ થતો હોવાથી

બહુવચન આવવું જોઈએ. પરંતુ આર્ષ ભાષા હોવાથી સ્ત્રીલિંગને બદલે પુલિંગ અને બહુવચનને એકવચનનું કથન કરેલું છે. તેથી અક્ષરાર્થ આ પ્રમાણે જાણવો.

ચાર સંજ્વલન કષાયમાંથી એક કષાય તથા ત્રણ વેદમાંથી એક વેદ એમ બે કર્મપ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ તે કાળે તેનો ઉદય હોવાથી ઉદયના કાળ સમાન (નાના-મોટા અંતર્મુહૂર્ત પ્રમાણવાળી પ્રથમસ્થિતિ) આ જીવ રાખે છે. પરંતુ કહેવાય છે અંતર્મુહૂર્ત. ॥૪૨॥

**दुसमयकयंतरे, आलिगाण छण्हं उदीरणा ( न ) भिणवे ।**
**मोहे एक्कठाणे, बंधुदया संखवासाणि ॥ ४३ ॥**

**संखगुण हाणिबंधो एत्तो सेसाण संखगुणहाणी ।**
**पउवसमए णपुंसं, असंखगुणणाइ जावंतो ॥४४॥**

**ગાથાર્થ :-** અંતરકરણ કરે તેના પછીના બીજા સમયથી આ પ્રમાણે સાત અધિકારો એકી સાથે શરૂ થાય છે. (૧) પુરુષવેદ અને સંજ્વલન ચાર કષાયોનો સંક્રમ અનુક્રમે જ કરે છે. (૨) સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી. (૩) કર્મનો બંધ થયા પછી છ અવલિકામાં ઉદીરણા થતી નથી. (૪) મોહનીય કર્મનો રસ એક ઠાણીયો બંધાય છે. (૫) મોહનીયકર્મનો સ્થિતિ બંધ સંખ્યાતા વર્ષનો થાય છે. તથા (૬) મોહનીયકર્મની ઉદીરણા નામનો ઉદય (ઉદીરણા દ્વારા થતો ઉદય) સંખ્યાતા વર્ષનો થાય છે. (૭) નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણ હીનના ક્રમે થાય છે. પરંતુ શેષ કર્મોનો અસંખ્યાતગુણ હીનના ક્રમે થાય છે. હવે નપુસંકવેદને અસંખ્યાત ગુણના ક્રમે પ્રતિ સમયે ઉપશમાવે છે. ॥૪૩-૪૪॥

**વિવેચન :-** અન્તરકરણ કરવાનો એક સમય તથા તેના પછીનો એક સમય એણ કુલ બે સમય ગયે છતે હવે કહેવાતા સાત અધિકારો (સાત કાર્યો) એકી સાથે પ્રવર્તે છે તે આ પ્રમાણે જાણવાં.

(૧) પુરુષવેદ અને સંજ્વલન ચાર કષાયો એમ કુલ પાંચ કર્મોનો આનુપૂર્વીએ જ (અર્થાત્ ક્રમસર) સંક્રમ થાય છે. એટલે કે પુરુષવેદનો સંજ્વલન ક્રોધમાં, સંજ્વલન ક્રોધનો માનમાં, સંજ્વલન માનનો સંજ્વલન માયામાં અને માયાનો માત્ર લોભમાં જ સંક્રમ થાય છે. આ સ્થાનથી પૂર્વકાલમાં પાંચેનો પાંચેમાં સંક્રમ થતો હતો તે હવેથી ક્રમસર માત્ર જ થાય છે.

(૨) ક્રમસર સંક્રમ થવાના કારણે જ લોભનો અસંક્રમ થાય છે. સંજ્વલન લોભનો કોઈ પણ પ્રકૃતિમાં સંક્રમ થતો નથી. ક્રમસરના કારણે તે પ્રકૃતિ છેલ્લી છે તે માટે તેનો અન્ય કોઈમાં સંક્રમ થતો નથી.

તથા (૩) મોહનીય કર્મ સંબંધી કે મોહનીય કર્મથી ભિન્ન શેષકર્મોની જે જે કર્મપ્રકૃતિઓ ત્યાં બંધાય છે. તે તે કર્મપ્રકૃતિઓની છ આવલિકામાં ઉદીરણા થતી નથી. છ આવલિકા કાળ ગયે છતે જ ઉદીરણા થાય છે. આ જે અન્તરકરણ કર્યું તેની પૂર્વકાળમાં બાંધેલા કર્મને બાંધ્યા પછી એક આવલિકા માત્ર જાય ત્યારે આ જીવ ઉદીરણા કરતો હતો. તે હવે બાંધ્યા પછી છ આવલિકા બાદ જ ઉદીરણા ચાલુ કરે છે. આ ત્રીજુ કાર્ય જાણવું.

(૪) તથા મોહનીયકર્મનો રસબંધ હવેથી નિયમા એકઠાણીયો (એક સ્થાનિક) જ કરે છે. અત્યાર સુધી આ જીવ મોહનીયનો દ્વિસ્થાનિક આદિ રસબંધ કરતો હતો. વિશુદ્ધિના બળે હવે એક સ્થાનિક જ કરે છે.

(૫) તથા મોહનીયકર્મનો સંખ્યાતા વર્ષનો જ સ્થિતિબંધ કરે છે. પલ્યોપમ કે સાગરોપમ પ્રમાણ સ્થિતિનો બંધ હવે કરતો નથી.

(૬) તથા મોહનીયકર્મનો અસંપ્રાપ્ત નામનો ઉદય એટલે કે જેનો ઉદયકાળ પાક્યો ન હોય તેને બળાત્કારે ઉદયમાં લાવવો તેવા અર્થ વાળો ઉદીરણા નામનો જે ઉદય છે. તે ઉદય મોહનીયકર્મનો સંખ્યાતા વર્ષ માત્રનો જ થાય છે. પરંતુ અધિક કાળનો આ ઉદીરણા નામનો ઉદય થતો નથી. શાસ્ત્રોમાં કહ્યું છે કે "उदीरणा तुं संखसमा" - ઉદીરણા સંખ્યાતા વર્ષની થાય છે. પણ અધિક વર્ષની થતી નથી.

(૭) તથા જ્યારે મોહનીયકર્મનો સ્થિતિબંધ "સંખ્યાતા વર્ષ" પ્રમાણ સ્થિતિવાળો થયો. ત્યારથી આગળ નવો નવો સ્થિતિ બંધ પણ પૂર્વ પૂર્વના સ્થિતિબંધથી સંખ્યાત ગુણ હીન સંખ્યાત ગુણહીન જ થાય છે. પરંતુ મોહનીય સિવાયનાં શેષ કર્મોનો સ્થિતિબંધ અસંખ્યાતગુણહીન થાય છે.

આ પ્રમાણેનાં આ સાત કાર્યો કર્યા પછી તથા અન્તરકરણ કર્યા પછી હવે મોહનીય કર્મની એક એક પ્રકૃતિને ઉપશમાવવાની શરૂઆત આ જીવ કરે છે. કારણકે ઉપશમ મોહનીય કર્મનો જ માત્ર થાય છે. ત્યાં સૌથી પ્રથમ નપુંસકવેદ ઉપશમાવે છે. તે આ પ્રમાણે જાણવું.

અંતરકરણ કરાયે છતે બીજા સમયે જ નપુસંકવેદ ઉપશમાવે છે. નપુંસકવેદનો ઉપશમ કરવા માટેનો આરંભ કરે છે. અસંખ્યાતગુણ અધિકના ક્રમે ઉપશમાવે છે તે ત્યાં સુધી ઉપશમાવે છે કે યાવત્ નપુંસકવેદને ઉપશમાવવાનો ચરમ સમય આવે તે આ પ્રમાણે જાણવું.

પ્રથમ સમયે થોડુક કર્મદલિક આ જીવ ઉપશમાવે છે. ત્યાર બાદ બીજા સમયે અસંખ્યાતગુણ કર્મદલિક તે જીવ ઉપશમાવે છે. ત્યાર બાદ તેના કરતાં પણ અસંખ્યાત ગુણ

અધિક કર્મદલિક ત્રીજા સમયે આ જીવ ઉપશમાવે છે. આ પ્રમાણે પ્રતિ સમયે અસંખ્યાતગુણ અધિક અસંખ્યાત ગુણ અધિકના ક્રમે કર્મદલિક ત્યાં સુધી ઉપશમાવે છે કે નપુંસકવેદને ઉપશમાવવાનો ચરમ સમય આવે.

આ નપુંસકવેદને ઉપશમાવતાં ઉપશમાવતાં જેમ અસંખ્યાત ગુણ અધિકના ક્રમે ઉપશમાવે છે. તેમ પ્રતિ સમયે પરમાં પણ સંક્રમાવે છે. પરંતુ પ્રતિ સમયે ઉપશમ પામેલા કર્મદલિક કરતાં પરમાં જે કર્મદલિક સંક્રમાવે છે. તે અસંખ્યાત ગુણ અધિક હોય છે. આ ક્રમે યાવત્ દ્વિચરમ સમય સુધી ઉપશમ પામતા કર્મદલિક કરતાં સંક્રમ પામતું કર્મદલિક અસંખ્યાતગુણ અધિક હોય છે. પરંતુ ચરમ સમય આવે ત્યારે પરમાં સંક્રમ પામતા કર્મદલિકની અપેક્ષાએ ઉપશમ પામતું કર્મદલિક અસંખ્યાતગુણ અધિક હોય છે.

નપુંસકવેદનો ઉપશમ જ્યારે શરૂ કર્યો ત્યારથી જ અર્થાત્ તેના પ્રથમ સમયથી જ આરંભીને સર્વ પણ કર્મમાં ઉદીરણામાં થોડુક દલિક હોય છે. પરંતુ ઉદયમાં અસંખ્યાતગુણ અધિક હોય છે. આ પ્રમાણે સૌથી પ્રથમ નપુંસકવેદ ઉપશમાવે છે. ॥૪૩-૪૪॥

***અવતરણ :- નપુંસકવેદ ઉપશાન્ત થયે છતે ત્યાર બાદ હજારો સ્થિતિબંધ પસાર થયે છતે પૂર્વે કહેલા પ્રકાર વડે આ જીવ સ્ત્રીવેદને પણ ઉપશમાવે છે. તે માટે તે સ્ત્રીવેદના ઉપશમની વિધિની ભલામણ તથા બીજી કંઈ વિશેષતા જે છે તે કહે છે :-***

**एवमित्थी संखतमे, गयम्मि घाईण संखवासाणि ।**
**संखगुणहाणि एत्तो, देसावरणाणुदगराई ॥ ४५ ॥**

**ગાથાર્થ :-** આ પ્રમાણે જ સ્ત્રીવેદનો ઉપશમ કરતાં કરતાં સંખ્યાતમો ભાગ ગયે છતે ઘાતી કર્મોનો સ્થિતિ બંધ પણ સંખ્યાતા વર્ષ પ્રમાણ થાય છે. ત્યાર પછી સંખ્યાતગુણહીનના ક્રમે બંધ થાય છે. આગળ ઉપર દેશઘાતી આવરણ (૪ + ૩ = ૭) સાત કર્મપ્રકૃતિઓનો રસ ઉદકરાજી સમાન કષાયવાળો એટલે કે એક સ્થાનિક રસ બાંધે છે. ॥૪૫॥

**વિવેચન :-** નપુંસકવેદમાં કહેલા ક્રમ વડે સ્ત્રીવેદનો પણ ઉપશમ કરતાં કરતાં સ્ત્રીવેદના ઉપશમનો સંખ્યાતમો ભાગ ગયે છતે ઘાતી કર્મો જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાયકર્મ એમ ત્રણ કર્મોનો (૫ + ૪ + ૫ = ૧૪) ચૌદ કર્મપ્રકૃતિઓનો સંખ્યાત વર્ષ પ્રમાણ સ્થિતિ બંધ કરે છે.

અહીંથી આગળ અર્થાત્ આ ત્રણ ઘાતીકર્મોનો બંધ સંખ્યાત વર્ષ પ્રમાણ થયા બાદ નવો નવો સ્થિતિ બંધ પૂર્વ પૂર્વના સ્થિતિબંધથી સંખ્યાતગુણ હીન સંખ્યાતગુણ હીન જ થાય છે. પણ હવે અસંખ્યાતગુણહીન બંધ થતો નથી. કારણ કે બંધ જ સંખ્યાતા વર્ષ પ્રમાણ છે.

જ્યારથી આ ઘાતિકર્મોનો સ્થિતિબંધ સંખ્યાત વર્ષ પ્રમાણ થાય છે ત્યારથી આરંભીને દેશઘાતી એવાં જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મો, એટલે કે કેવલજ્ઞાનાવરણીય અને કેવલ-દર્શનાવરણીય આ બે કર્મોને વર્જીને શેષ બાકીનાં (૪ + ૩ = ૭) સાત કર્મોનો રસબંધ પાણીની રેખા સમાન કષાયો વડે જે રસ બંધાય છે. તેવો એક સ્થાનિક (એક ઠાણીયો) રસબંધ આ જીવ કરે છે. અત્યાર સુધી બેઠાણીયો ત્રણઠાણીયો અને ચારઠાણીયો રસબંધ આ જીવ કરતો હતો. તે હવે નિયમા એકઠાણીયો જ રસ બાંધે છે. પણ અધિક રસબંધ કરતો નથી.

આમ કરતાં કરતાં હજારો સ્થિતિબંધ પસાર થયે છતે સ્ત્રીવેદ પણ ઉપશાન્ત થાય છે. ત્યાર બાદ હવે આ જીવ શું કામ કરે છે ? તે વાત આગલી ગાથામાં સમજાવે છે.॥૪૫॥

**तो सत्तण्हं एवं, संखतमे संखवासिओ दोण्हं ।**
**बिइओ पुण ठिइबंधो, सव्वेसिं संखवासाणि ॥ ४६ ॥**

**ગાથાર્થ** :- ત્યાર બાદ સાત નોકષાયોને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે. તેનો સંખ્યાતમો ભાગ ઉપશાન્ત થયે છતે બે કર્મોનો (નામકર્મ અને ગોત્રકર્મનો) બીજો સ્થિતિબંધ પણ સંખ્યાત વર્ષ પ્રમાણ થાય છે. આમ થવાથી સર્વે પણ કર્મોનો સ્થિતિબંધ સંખ્યાત વર્ષનો જ થઇ જાય છે. ॥૪૬॥

**વિવેચન** :- જ્યારે સ્ત્રીવેદનો ઉપશમ કરવાનું કામકાજ સમાપ્ત થાય છે. ત્યાર પછી શેષ બાકી રહેલા સાત નોકષાયોને ઉપશમાવવાનો આ જીવ આરંભ કરે છે. નપુંસકવેદનો ઉપશમ કરવાની જે વિધિ કહી છે તે જ વિધિ પ્રમાણે હાસ્યાદિ છ નોકષાયો તથા પુરૂષવેદનો ઉપશમ કરતો કરતો આ જીવ જ્યારે તે હાસ્યાદિ સપ્તકને ઉપશમાવવાનો જે કાળ છે તે કાળનો સંખ્યાતમો ભાગ પસાર કરે છે ત્યારે નામકર્મ અને ગોત્રકર્મ આ બે કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા વર્ષનો કરે છે.

આમ થયે છતે સર્વે પણ કર્મોનો ત્યાંથી આરંભીને સ્થિતિબંધ સંખ્યાતા વર્ષનો જ થાય છે અને તે પણ પૂર્વ પૂર્વ સ્થિતિ બંધ કરતાં નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણ સંખ્યાતગુણ હીનના ક્રમે જ પ્રવર્તે છે.

આમ કરતાં કરતાં હજારો સ્થિતિબંધ પસાર થયે છતે સાતે પણ નોકષાયો ઉપશાન્ત થાય છે. આમ કુલ સાત તથા નવ (૭ + ૯ = ૧૬) કુલ સોળ કર્મપ્રકૃતિઓ મોહનીયકર્મની ઉપશાન્ત થઈ. હવે શેષ બાર કષાયોનો ઉપશમ કેવી રીતે થાય છે તે આગલી ગાથાઓમાં ગ્રંથકાર મહર્ષિ સમજાવે છે. ॥૪૬॥

**छास्सुवसमिज्जमाणे, सेक्का उदयठिई पुरिससेसा ।**
**समऊणावलियदुगे, बद्धा वि य तावदद्धाए ॥ ४७ ॥**

**ગાથાર્થ** :- હાસ્યાદિ ષટ્કનો ઉપશમ થયે છતે પુરૂષ વેદની એક સમય જેટલી સ્થિતિ બાકી રહે છે. તથા પુરૂષવેદનું સમયન્યૂન બે આવલિકા કાળમાં બાંધાયેલું જે કર્મદલિક બાકી છે. તે પણ તેટલા જ કાળ વડે ઉપશાન્ત થાય છે. ॥૪૭॥

**વિવેચન** :- નપુંસકવેદ અને સ્ત્રીવેદનો ઉપશમ કર્યા પછી ઉપર કહેલી નીતિ-રીતિ મુજબ હાસ્ય ષટ્ક અને પુરૂષવેદને ઉપશમાવવાનું કામકાજ ચાલું કરે છે તે ચાલતે છતે પ્રથમ હસ્યાદિ ષટ્કનું કર્મદલિક ઉપશમાવતાં ઉપશમાવતાં જ્યારે તેની સાથે પુરૂષવેદને ઉપશમાવવાનું કામકાજ પણ ચાલે છે. એમ કરતાં કરતાં જ્યારે હાસ્યાદિ ષટ્ક ઉપશાન્ત થાય છે. ત્યારે પુરૂષવેદની પહેલી સ્થિતિ માત્ર એક સમયની જ ઉદયસ્થિતિ બાકી રહે છે. શેષ પુરુષવેદ પણ ઉપશાન્ત થાય છે.

તે કાલે પુરૂષવેદનો સ્થિતિબંધ ઘટતાં ઘટતાં માત્ર સોળ વર્ષ પ્રમાણ રહે છે. પરંતુ સંજ્વલન ચાર કષાયોનો બંધ તો હજુ પણ સંખ્યાતા વર્ષ પ્રમાણ હોય છે. તથા પુરૂષવેદની પ્રથમસ્થિતિ બે આવલિકા જેટલી બાકી રહે ત્યારે આગાલ કે જેનું વર્ણન પૂર્વે સમજાવવામાં આવ્યું છે તે (અર્થાત્ બીજી સ્થિતિમાંથી લાવીને પ્રથમસ્થિતિ રૂપે કરવું અને ઉદયથી ભોગવવું તેને આગાલ કહેવાય છે. આ આગાલ એ ઉદીરણા જ છે. માત્ર તે ઉદીરણાનું આ બીજુ નામ છે. માત્ર બીજી સ્થિતિમાંથી દલિક લાવવું તે આગાલ અને પ્રથમ સ્થિતિમાંથી દલિક લાવવું તે ઉદીરણા આટલો જ માત્ર ભેદ છે. તે) આગાલ પણ વિચ્છેદ પામે છે. પરંતુ ઉદીરણા ચાલુ રહે છે.

તથા પુરૂષવેદનો આગાલ જે સમયે વિચ્છેદ પામે તે સમયે જ પુરૂષવેદની પતદ્ગ્રહતા પણ વિચ્છેદ પામે છે. પતદ્ગ્રહના એટલે પડતા દલિકને ઝીલવું એટલે કે હાસ્યાદિ બીજી મોહનીયકર્મની પ્રકૃતિઓનો સંક્રમ જે પુરૂષવેદમાં થતો હોય છે તેના આવતા દલિકને ધારણ કરવું તે પતદ્ગ્રહતા. તેનો વિચ્છેદ થાય છે. તેથી ત્યારથી માંડીને નોકષાયનું કર્મદલિક પુરૂષવેદમાં સંક્રમ પામતું નથી. પણ સંજ્વલન ચાર કષાયોમાં જ સંક્રમ પામે છે.

જ્યારે હાસ્યાદિ ષટ્કનું કર્મદલિક ઉપશાન્ત થયું ત્યારે પુરૂષવેદની એક સમયની જ સ્થિતિ માત્ર અનુપશાન્ત હતી. બાકી બધું પુરૂષવેદનું કર્મદલિક પણ સાથે સાથે ઉપશાન્ત થયેલું હોય છે. હવે તે શેષીભૂત એક સમયની ઉદયસ્થિતિ પણ પસાર થયે છતે પુરૂષ વેદ સર્વથા ઉપશાન્ત થવાથી આ જીવ સર્વથા અવેદક (પુરૂષવેદના પણ ઉદયવિનાનો) થાય છે.

અવેદક થાય ત્યારે અવેદકતાના પ્રથમ સમયે જ સમયન્યૂન બે આવલિકા કાળમાં (છેલ્લે છેલ્લે) પુરૂષવેદનું જે કર્મ દલિક બંધાયું છે. તે જ કેવળ ઉપશમ કર્યા વિનાનું છે. બાકીનું બધું જ બીજી સ્થિતિનું પુરુષવેદનું કર્મદલિક પણ નપુંસકવેદમાં કહેલા પ્રકાર વડે ઉપશાન્ત થયેલું છે.

પુરૂષવેદનો જે છેલ્લો સોળ વર્ષ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. તે પણ પ્રથમ સ્થિતિ સંબંધી એક સમય માત્રનો જે ચરમ (છેલ્લો) ઉદયકાળ હતો. તે ઉદયકાળના વિચ્છેદની સાથે આ સ્થિતિબંધ પણ વિચ્છેદ પામે છે. એટલે કે સોળ વર્ષનો બંધ થયા પછી હવે પુરૂષવેદ બંધમાંથી દૂર થઇ જાય છે.

તથા બીજી સ્થિતિમાં છેલ્લે છેલ્લે બે સમય ન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલું કર્મદલિક અનુપશાન્ત (ઉપશમ કર્યા વિનાનું) બાકી રહ્યું છે તે કર્મદલિક પણ તેટલા જ કાળમાં એટલે કે બે સમયન્યૂન બે આવલિકા કાળમાં જ ઉપશાન્ત કરે છે. તેને ઉપશમાવવાની વિધિ આ પ્રમાણે છે.

પ્રથમ સમયે અલ્પ દલિક ઉપશમાવે છે. બીજા સમયે અસંખ્યાતગુણ અધિક કર્મદલિક ઉપશમાવે છે. ત્રીજા સમયે તેના કરતાં પણ અધિક કર્મદલિક ઉપશમાવે છે. આ પ્રમાણે ત્યાં સુધી જાણવું કે બે સમય ન્યૂન બે આવલિકાનો ચરમ સમય આવે ત્યાં સુધી ક્રમશઃ અસંખ્યાતગુણ અધિક અસંખ્યાત ગુણ અધિક દલિકના ક્રમે ઉપશમાવે છે.

તથા પર પ્રકૃતિમાં પ્રતિસમયે બે સમયન્યૂન બે આવલિકા કાળ સુધી યાવત્ યથાપ્રવૃત્ત સંક્રમ વડે સંક્રમાવે પણ છે તે આ પ્રમાણે - પ્રથમ સમયે ઘણું, બીજા સમયે વિશેષ હીન ત્રીજા સમયે વિશેષહીન આ પ્રમાણે વિશેષ હીનના ક્રમે ત્યાં સુધી જાણવું કે યાવત્ ચરમ સમય આવે.

આ પ્રમાણે બે સમયન્યૂન બે આવલિકા કાળે પુરુષ વેદ પણ સર્વથા ઉપશાન્ત થાય છે. જ્યારે પુરૂષવેદ ઉપશાન્ત થાય છે. ત્યારે સંજ્વલન ચાર કષાયોનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત ન્યૂન (૩૨) બત્રીસ વર્ષ પ્રમાણ હોય છે. બાકીનાં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય, અંતરાય, વેદનીયકર્મ તથા નામકર્મ અને ગોત્રકર્મ એમ કુલ છએ કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા વર્ષ પ્રમાણ હોય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે "बन्धो बत्तीससमा, संजलणियराण य सहस्सा" સંજ્વલન ચાર કષાયોનો સ્થિતિબંધ બત્રીસ વર્ષ પ્રમાણ, પરંતુ શેષકર્મોનો સ્થિતિબંધ હજારો વર્ષ પ્રમાણ થાય છે. ॥૪૭॥

**तिविहमवेओ कोहं, कमेण सेसे य तिविहतिविहे य ।**
**पुरिससमा संजलणा, पढमठिई आलिगा अहिगा ॥ ४८ ॥**

**ગાથાર્થ :-** અવેદક થયેલો આ જીવ ત્રણ પ્રકારના ક્રોધને ઉપશમાવે છે ત્યાર બાદ અનુક્રમે શેષ ત્રણે પ્રકારના માનાદિ ત્રણ કષાયોને ઉપશમાવે છે. સંજ્વલન ચાર કષાયોનો ઉપશમ પુરૂષવેદની સમાન જાણવો. પરંતુ અપ્રત્યાખ્યાન માનાદિ ઉપશાન્ત થાય ત્યારે સંજ્વલન કષાયોની પ્રથમ સ્થિતિ એક આવલિકા જેટલી જ અનુપશાન્ત જાણવી.॥૪૮॥

**વિશેષાર્થ :-** ઉપશમશ્રેણિમાં આરૂઢ થયેલો આ જીવ જે સમયે પુરૂષવેદનો અવેદક થાય છે. પુરૂષવેદનો ઉદય વિરામ પામે છે તે સમયથી આરંભીને અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એમ ત્રણે પ્રકારના ક્રોધને એકી સાથે ઉપશમાવવાની શરૂઆત કરે છે.

ત્રણે ક્રોધની ઉપશમના કરતાં કરતાં પ્રથમ સ્થિતિબંધ પૂર્ણ થાય ત્યારે સંજ્વલન ચાર કષાયોનો અન્ય અન્ય સ્થિતિબંધ સંખ્યાત ભાગ હીન સંખ્યાતભાગહીન આ જીવ કરે છે અને શેષકર્મોનો સંખ્યાત ગુણહીન સંખ્યાતગુણહીન સ્થિતિબંધ કરે છે. બાકીનાં સ્થિતિઘાત - રસઘાત વિગેરે કાર્યો તો પૂર્વની જેમ જ ચાલ્યા જ કરે છે.

આ પ્રમાણે તે ત્રણે ક્રોધની ઉપશમના કરતાં કરતાં સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિ એક સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે સંજ્વલન ક્રોધની પતદ્ગ્રહતા દૂર થાય છે. તેના કારણે અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનાવરણ એમ બે પ્રકારના ક્રોધ કષાયનું દલિક પહેલેથી સંજ્વલન ક્રોધમાં આ જીવ પ્રક્ષેપ કરતો હતો. તે હવે સંજ્વલન ક્રોધમાં પ્રક્ષેપ કરતો નથી. પરંતુ સંજ્વલન માનાદિમાં તેનો પ્રક્ષેપ કરે છે.

ત્યાર બાદ એક આવલિકા ગયે છતે સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિ બે આવલિકા પ્રમાણ બાકી હોય ત્યારે આગાલ વિચ્છેદ પામે છે. પરંતુ ઉદીરણા ચાલુ રહે છે તે ઉદીરણા પણ ત્યાં સુધી જ પ્રવર્તે છે. યાવત્ સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિ એક આવલિકા બાકી રહે.

આ એક આવલિકા બાકી રહે ત્યારે ઉદીરણા જેમ અટકે છે તેમ તે જ સમયે સંજ્વલન ચારે કષાયોનો સ્થિતિબંધ હવે ચાર માસ જેટલો જ થાય છે. તેનાથી અધિક સ્થિતિ બંધાતી નથી. પરંતુ શેષ જ્ઞાનાવરણીયાદિ કર્મોની સ્થિતિ સંખ્યાતા હજાર વર્ષ પ્રમાણ બંધાય છે તે જ કાળે અને તે જ સમયે સંજ્વલન ક્રોધનો બંધ-ઉદય અને ઉદીરણા આ ત્રણેનો વિચ્છેદ થાય છે. તથા અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ એમ બન્ને ક્રોધકષાયોનો સર્વથા ઉપશમ થઈ જાય છે. એટલે મોહનીયની કુલ ૭ + ૯ + ૨ = ૧૮ અઢાર પ્રકૃતિઓ ઉપશાન્ત થાય છે.

તે કાલે સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિ એક આવલિકા પ્રમાણ અને બીજી સ્થિતિમાં એક સમયન્યૂન બે આવલિકા પ્રમાણ કાળમાં બાંધેલું કર્મદલિક જ ઉપશમાવવાનું બાકી રહે છે. શેષ સંજ્વલન ક્રોધનું સર્વ કર્મદલિક ઉપશમ પામી ચુકેલું હોય છે. સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિ જે એક આવલિકા પ્રમાણ બાકી છે. તે પ્રથમસ્થિતિ સંબંધી ચરમ આવલિકા જે શેષ છે તે સ્તિબુક સંક્રમ વડે સંજ્વલન માનમાં પ્રક્ષિપ્ત કરે છે અને એક સમયન્યૂન એવી બે આવલિકાકાળમાં બાંધેલું બીજી સ્થિતિમાં રહેલું જે ક્રોધનું દલિક શેષ છે તે પુરૂષવેદમાં કહેલા ક્રમ પ્રમાણે જ અસંખ્યાતગુણ અધિકના ક્રમે ઉપશમાવે છે અને યથાપ્રવૃત્ત સંક્રમ વડે પ્રતિ સમયે વિશેષહીન વિશેષહીનના ક્રમે પરમાં પણ સંક્રમાવે છે. એમ બન્ને કાર્યો સાથે કરે છે.

જેવી રીતે આ સંજ્વલન ક્રોધાદિ ત્રણે ક્રોધનો ઉપશમ કર્યો તથા પરમાં સંક્રમ કર્યો. તે જ ક્રમે શેષ ત્રણ પ્રકારના માનાદિ ત્રણે કષાયોને પણ ઉપશમાવે છે તથા પરમાં સંક્રમાવે પણ છે. સારાંશ કે આ જ ક્રમ પ્રમાણે ત્રણ પ્રકારના શેષકષાયોને અનુક્રમે માન-માયા અને લોભ રૂપે ત્રણે પ્રકારના કષાયોને અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન રૂપે ત્રણ ત્રણ પ્રકારના ભેદોને આ જીવ ઉપશમાવે પણ છે. તથા પરમાં સંક્રમાવે પણ છે.

ત્યાં સંજ્વલન કષાયોની ઉપશમના (ઉદયવતી પ્રકૃતિ હોવાથી) પુરૂષવેદની સમાન જાણવી અને અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનાવરણ આ બન્ને કષાયોની ઉપશમના છ નોકષાયોની જેમ સમજવી. ફક્ત એટલી વિશેષતા છે કે પુરૂષવેદની પ્રથમસ્થિતિ હાસ્યષટ્ક ઉપશાન્ત થયું ત્યારે એક સમયની રહેતી હતી. જ્યારે સંજ્વલન કષાયોની પ્રથમ સ્થિતિ પુરુષવેદ કરતાં ભિન્ન રહે છે, અર્થાત્ એક આવલિકા પ્રમાણ બાકી રહે છે આમ સમજવું. તે વાત વધારે સ્પષ્ટતાથી આ પ્રમાણે જાણવી.

હાસ્યાદિ છ નોકષાયો ઉપશાન્ત થયા ત્યારે પુરૂષવેદની પ્રથમસ્થિતિ એક સમય માત્ર જ અનુપશાન્ત (ઉપશમ કર્યા વિનાની) હતી. જ્યારે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એવા માનાદિ ત્રણે કષાયો ક્રમસર ઉપશાન્ત થાય ત્યારે સંજ્વલન માનાદિ ત્રણ કષાયોની પ્રથમ સ્થિતિ ઉપશમ કર્યા વિનાની અર્થાત્ અનુપશાન્ત એક આવલિકા પ્રમાણ શેષ રહે છે. આ વાત અહીં અતિશય સંક્ષેપમાં સમજાવ્યું છે. તેથી વિદ્યાર્થીઓને સ્પષ્ટ બરાબર સમજાય તે માટે વિસ્તારથી આ પ્રમાણે જાણવું.

સંજ્વલન ક્રોધનાં બંધ ઉદય અને ઉદીરણા આ ત્રણેનો વિચ્છેદ થાય તે સમયે જ સંજ્વલન માનની બીજી સ્થિતિમાંથી દલિક આકર્ષીને આ જીવ પ્રથમ સ્થિતિ કરે છે અને તે પ્રથમ સ્થિતિ ઉદયથી ભોગવે છે. તે કારણે ક્રોધનો ઉદય શાન્ત થયા પછી હવે માનનો ઉદય શરૂ થાય છે. ત્યાં પ્રથમ સમયમાં થોડુક દલિક ગોઠવે છે. ત્યાર પછીના બીજા-ત્રીજા-ચોથા

આદિ સમયોમાં ક્રમસર અસંખ્યાતગુણ અધિક અસંખ્યાત ગુણ અધિક કર્મ દલિક ગોઠવે છે યાવત્ પ્રથમ સ્થિતિનો ચરમ સમય આવે. ત્યાં સુધી અસંખ્યાત ગુણાકારે ગોઠવે છે.

*તથા પ્રથમસ્થિતિના પ્રથમ સમયે જ સંજ્વલન માનનો સ્થિતિબંધ ચાર માસ પ્રમાણ* થાય છે. શેષ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષ પ્રમાણ હોય છે. આ સ્થાને આવ્યા પછી અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એમ ત્રણે પ્રકારના માનને એકી સાથે ઉપશમાવવાનો પ્રારંભ કરે છે.

ત્યાં સંજ્વલન માનની પ્રથમ સ્થિતિ એક સમયન્યૂન ત્રણ આવલિકા કાળ બાકી રહે છે. ત્યારથી સંજ્વલન માન અપતદગ્રહી બને છે. તેના કારણે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ આ બન્ને માનકષાયનું કર્મદલિક સંજ્વલન માનમાં નાખતો નથી. સંજ્વલન માનરૂપે પરિણમાવતો નથી. પરંતુ સંજ્વલન માયા અને લોભમાં પ્રક્ષેપ કરે છે.

જ્યારે આ સંજ્વલન માનની પ્રથમસ્થિતિ બે આવલિકા જ માત્ર બાકી રહે છે. ત્યારે આગાલ વિચ્છેદ પામે છે. કેવળ એકલી ઉદીરણા અને ઉદય જ પ્રવર્તે છે. તે પણ આગળ ઉપર એક આવલિકા પસાર થાય ત્યાં સુધી જ, અને જ્યારે પ્રથમસ્થિતિની એક આવલિકા માત્ર જ કાળ શેષ રહે છે. ત્યારે આ ઉદીરણા પણ વિચ્છેદ પામે છે તે સમયે જ અર્થાત્ પ્રથમસ્થિતિ એક આવલિકા બાકી રહે ત્યારે જ સંજ્વલન કષાયોનો બંધ બે માસની સ્થિતિવાળો જ માત્ર થાય છે. શેષકર્મોનો સંખ્યાત વર્ષ પ્રમાણ થાય છે.

તે જ કાળે સંજ્વલન માનનાં બંધ-ઉદય અને ઉદીરણા વ્યવચ્છેદ પામે છે. અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ કષાય આ બન્નેના માન સર્વથા ઉપશાન્ત થાય છે. સંજ્વલન માનની પણ પ્રથમસ્થિતિ એક આવલિકા માત્ર જ બાકી રહે છે અને સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલું સંજ્વલન માનનું કર્મદલિક (અર્થાત્ તેટલી લતાને) મુકીને શેષ સંજ્વલન માન સર્વથા ઉપશાન્ત થાય છે. પ્રથમ સ્થિતિમાં જે એક આવલિકા બાકી રહે છે. તે સ્તિબુક સંક્રમથી સંજ્વલન માયામાં સંક્રમાવશે અને સમાપ્ત કરશે. આ વાત આગળ ઉપર કહેવાશે.

તે જ કાળે સંજ્વલન માયાની બીજી સ્થિતિમાંથી દલિક આકર્ષીને માયાની પ્રથમસ્થિતિ કરે છે અને વેદે છે અને તે કાળે સંજ્વલન માનની પ્રથમસ્થિતિમાં રહેલું એક આવલિકા પ્રમાણ કર્મ દલિક જે ઉદય વિનાનું રહ્યું છે તે ઉદયવાળી એવી આ સંજ્વલન માયામાં સ્તિબુક સંક્રમથી સંક્રમાવે છે આ વાત પૂર્વે કહી છે.

તથા એક સમયન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલું કર્મદલિક (બાંધેલી કર્મલતા) પુરૂષવેદમાં કહેલા ક્રમ વડે જ ઉપશમાવે છે. તથા સંક્રમાવે પણ છે. સંજ્વલન માયાના ઉદયના પ્રથમ સમયે જ માયા અને લોભ આ બન્ને કષાયોનો બંધ બે માસ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. શેષકર્મોનો સ્થિતિબંધ તે કાળે સંખ્યાતા વર્ષોનો થાય છે.

તે જ સમયથી પ્રારંભીને ત્રણે માયાનો એકી સાથે ઉપશમ કરવાની શરૂઆત કરે છે. એમ કરતાં કરતાં સંજ્વલન માયાની પ્રથમસ્થિતિ ત્રણ આવલિકા બાકી રહે ત્યારથી આરંભીને અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ આ બે માયાનું કર્મદલિક સંજ્વલન માયામાં આ જીવ નાખતો નથી. સંજ્વલન માયા રૂપે પરિણામ પમાડતો નથી. પરંતુ સંજ્વલન લોભમાં જ માત્ર પ્રક્ષેપ કરે છે. સંજ્વલન માયા અપતદ્ગ્રહી બને છે.

જ્યારે આ સંજ્વલન માયાની પ્રથમસ્થિતિ બે આવલિકા જ માત્ર બાકી રહે છે ત્યારે માયાનું આગાલ વિચ્છેદ પામે છે. કેવળ એકલી ઉદીરણા અને ઉદય જ પ્રવર્તે છે તે પણ આગળ ઉપર એક આવલિકા પસાર થાય ત્યાં સુધી જ પ્રવર્તે છે. એક આવલિકાકાળ જાય ત્યારે આ ઉદીરણા પણ વિચ્છેદ પામે છે અને જ્યારે પ્રથમસ્થિતિની એક આવલિકા માત્ર જ કાળ શેષ રહે છે તે સમયે જ અર્થાત્ પ્રથમસ્થિતિ એક આવલિકા માત્ર બાકી રહે ત્યારે જ સંજ્વલન માયા અને લોભનો સ્થિતિબન્ધ એક માસ માત્રનો જ થાય છે. શેષ કર્મોનો સંખ્યાતા વર્ષોનો સ્થિતિબંધ થાય છે તે સમયે જ સંજ્વલન માયાનાં બંધ-ઉદય અને ઉદીરણા વિચ્છેદ પામે છે તથા અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનાવરણ માયા સર્વથા ઉપશાન્ત થાય છે.

સંજ્વલન માયાની પણ પ્રથમસ્થિતિ એક આવલિકા માત્ર જ શેષ રહે છે અને બીજી સ્થિતિમાં સમય ન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલા સંજ્વલન માયાના કર્મદલિકને (અર્થાત્ તેટલી લતાને) મૂકીને શેષ સંજ્વલન માયા સર્વથા ઉપશાન્ત થયેલી બને છે. પ્રથમસ્થિતિમાં જે એક આવલિકા બાકી રહે છે. તે સ્તિબુક સંક્રમથી સંજ્વલન લોભમાં સંક્રમાવશે અને સંજ્વલન માયા સમાપ્ત કરશે. આ લતા વિના શેષ માયા સર્વથા ઉપશાન્ત થયેલી જાણવી.

તે જ કાળે માયા ઉપશાન્ત થવાથી તથા માયાની પ્રથમ સ્થિતિ સમાપ્ત થવાથી માયાના ઉદયનો વિરામ પામે છે ત્યારબાદ સંજ્વલન લોભની બીજી સ્થિતિમાંથી દલિકોને આકર્ષીને લોભની પ્રથમ સ્થિતિ કરે છે અને લોભને ઉદયથી વેદે છે તથા તેની સાથે સાથે માયાની પૂર્વે કહેલા પુરૂષવેદની જેમ ઉપશમ પણ કરે છે અને સંજ્વલન લોભમાં સંક્રમાવે પણ છે. આ રીતે ત્રણે પ્રકારની માયાનો સર્વથા ઉપશમ આ જીવ કરે છે. નવમા ગુણઠાણાના બંધને આશ્રયી પાડેલા ભાગોમાંથી ચોથે ભાગે આ કામ સમાપ્ત કરે છે. ॥૪૮॥

***અવતરણ :- સંજ્વલન લોભની પ્રથમ સ્થિતિ કેટલી કરે છે ? તેનું પ્રમાણ હવે આ ગાથાથી જણાવે છે :-***

**लोहस्स बेतिभागा, बिइय तिभागोत्थ किट्टिकरणद्धा ।**
**एगफड्डगवग्गणअणंतभागो उ ता हेट्ठा ॥ ४९ ॥**

**ગાથાર્થ :-** સંજ્વલન લોભના ઉદયના બે તૃતીયાંશ ($\frac{૨}{૩}$) ભાગ કરે છે તેમાં બીજો ભાગ કિટ્ટિકરણાદ્ધા નામનો છે. ત્યાં એક સ્પર્ધકની વર્ગણા કરતાં પણ અનંતમા ભાગના રસવાળી અપૂર્વ એવી વર્ગણાંઓ, પૂર્વસ્પર્ધકો કરતાં ઘણી હેઠે (નીચે-હીન રસવાળી) આ જીવ કરે છે. ॥૪૯॥

**વિવેચન :-** સંજ્વલન માયાનો ઉદય વિચ્છેદ થયા બાદ સંજ્વલન લોભની પ્રથમ સ્થિતિ કરે છે અને તે સ્થિતિના ત્રણ ભાગ કરે છે એટલે કે સંજ્વલન લોભની બીજી સ્થિતિમાંથી કર્મદલિક આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને તે પ્રથમસ્થિતિને ત્રણ વિભાગવાળી બનાવે છે. (૧) અશ્વકર્ણ કરણાદ્ધા, (૨) કિટ્ટિકરણાદ્ધા, અને (૩) કિટ્ટિવેદનાદ્ધા.

ત્યાં સૌથી પ્રથમ તો આ સંજ્વલન લોભની બીજી સ્થિતિમાંથી કર્મદલિક આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે ત્રણ ભાગોથી યુક્તપણે રચના કરે છે. તેમાં કરાયેલા ત્રણ ભાગ પૈકી પ્રથમના બે ભાગની જે પ્રથમસ્થિતિ કરે છે. ત્યાં પહેલા ભાગનું નામ અશ્વકર્ણકરણાદ્ધા છે. તથા બીજો ભાગ કિટ્ટિકરણાદ્ધા નામની સંજ્ઞાવાળો છે. (અને ત્રીજો ભાગ કિટ્ટિ વેદનાદ્ધા નામની સંજ્ઞાવાળો છે.)

આવા પ્રકારના ત્રણ ભાગોથી યુક્ત એવા સંજ્વલન લોભને ઉદયથી વેદવાનો જે કાળ છે. તેના પ્રથમ સમયે જ અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એમ ત્રણે પ્રકારના લોભને એકી સાથે ઉપશમાવવાનો આ જીવ આરંભ કરે છે. આ ઉપશમાવવાની વિધિ તો પૂર્વની જેમ જ જાણવી.

ત્યાં અર્શ્વકર્ણકરણાદ્ધા નામના પ્રથમ નંબરના તૃતીય ભાગમાં વર્તતો એવો આ જીવ અપૂર્વ રસ સ્પર્ધકો કરે છે.

**પ્રશ્ન :-** આ "અપૂર્વરસસ્પર્ધક" એટલે શું ? આ જીવ તે કાળે અપૂર્વસ્પર્ધક કરે એટલે શું કરતો હશે ?

**ઉત્તર :-** પૂર્વકાળમાં બાંધેલા સંજ્વલન લોભમાં જે જે રસસ્પર્ધકો છે. તેમાંથી પ્રત્યેક સમયોમાં દલિકોને ગ્રહણ કરી કરીને તેમાં જે રસ બાંધેલો છે. તેમાંથી અનંતો અનંતો રસ હણી હણીને તે કર્મદલિકોને અતિશય અલ્પરસવાળાં કરીને પૂર્વસ્પર્ધકોની જેમ અપૂર્વસ્પર્ધકો કરે છે.

સંજ્વલન માયાનું વધેલું જે કર્મદલિક છે તે સંબંધી પૂર્વે બાંધેલાં સ્પર્ધકો જે લોભમાં સંક્રમિત થાય છે. તે પૂર્વ સ્પર્ધકોમાંથી પ્રતિસમયે દલિકોને ગ્રહણ કરી કરીને તે કાલે બંધાતા સંજ્વલન લોભની તુલ્ય અત્યન્ત અલ્પરસવાળાં કરીને પૂર્વની જેમ અપૂર્વ સ્પર્ધકો આ જીવ કરે છે. આ વાત ટીકાકારશ્રી વધારે વિસ્તારથી સમજાવે છે.

અહીં આ સંસારમાં આ જીવ કષાયો અને વિષયોને આધીન થયેલો હોવાથી વિકારી સ્વભાવના કારણે અનંતાનંત પરમાણુઓથી બનેલા અનંતા સ્કંધોને (કાર્મણવર્ગણાના પિંડોને) કર્મ રૂપે ગ્રહણ કરે છે અને કાર્મણવર્ગણાઓનું કર્મ બનાવે છે.

ત્યાં એક એક કર્મસ્કંધમાં જે સર્વથી જઘન્ય રસ છે. તે પણ સર્વ જીવરાશિ કરતાં પણ અનંતગુણ અધિક રસાવિભાગવાળો છે. આટલા રસાવિભાગવાળા પરમાણુઓનો જે સમુદાય છે. તેને (પ્રથમ સ્કંધની) પ્રથમ વર્ગણા કહેવાય છે.

ત્યાર બાદ તેના કરતાં અનુક્રમે ઉત્તરોત્તર એક એક રસાવિભાગથી યુક્ત એવી વૃદ્ધિ વડે થતી વર્ગણાઓ ત્યાં સુધી કરવી કે તે વર્ગણાઓ સિદ્ધ ભગવંતોની સંખ્યા કરતાં અનંતામા ભાગે અને અભવ્યજીવરાશિ કરતાં અનંતગુણી વર્ગણાઓ થાય ત્યાં સુધી ક્રમસર વર્ગણાઓ થાય છે. આટલી વર્ગણાઓનો જે સમુદાય તે **પ્રથમ સ્પર્ધક** કહેવાય છે.

આ સ્પર્ધકની છેલ્લી વર્ગણાથી આગળ એકોત્તર વૃદ્ધિપણે વધતો રસ પ્રાપ્ત થતો નથી. તેથી અનંતરપણે વર્ગણાઓ થતી નથી માટે આ પ્રથમ સ્પર્ધક સમાપ્ત થયું કહેવાય છે. પ્રથમ સ્પર્ધકની છેલ્લી વર્ગણામાં જે રસાવિભાગો છે તેના કરતાં તેનાથી આગળ એકોત્તર રસાવિભાગની વૃદ્ધિવાળા પરમાણુઓ પ્રાપ્ત થતા નથી. માટે વર્ગણા કે સ્પર્ધકો અનન્તરપણે થતાં નથી. પરંતુ સર્વ જીવરાશિ કરતાં અનંતગુણ અધિક એવા રસાવિભાગથી યુક્ત પરમાણુઓ પ્રાપ્ત થાય છે. તે પરમાણુઓનો જે સમુદાય તેને બીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણા કહેવાય છે.

ત્યાર બાદ પ્રથમ સ્પર્ધકની જેમ જ બીજું સ્પર્ધક થાય છે. એ જ પ્રમાણે તૃતીય-ચતુર્થ આદિ અનંત સ્પર્ધકો થાય છે. આવા પ્રકારના અનંત સ્પર્ધકોવાળો કર્મોનો રસ આ જીવે ભૂતકાળમાં બાંધેલો છે. આ સ્પર્ધકોને પૂર્વ સ્પર્ધક કહેવાય છે.

હવે આ જીવ ઉપશમ શ્રેણીમાં વર્તતો હોવાથી ઘણી વધારે વિશુદ્ધિ હોવાથી વિશુદ્ધિના બળે જ આ પૂર્વે બાંધેલા રસનાં સ્પર્ધકોમાંથી પ્રથમાદિ વર્ગણાઓને ગ્રહણ કરીને અનંત ગુણ હીન રસવાળી કરી કરીને પૂર્વ સ્પર્ધકોની જેમ હીનરસવાળાં નવાં અપૂર્વ સ્પર્ધકો કરે છે.

જેમ કે જે કર્મદલિકો એક હજાર રશાંશવાળાં હોય છે. તેમાંથી નવસો રસોશ હણીને સો રસાંશ રાખે છે અને ૧૦૦૧ રસાંશ જેમાં હોય છે. તેમાં ૧૦૧ રસાંશ રાખે છે. ૧૦૦૨ રસાંશ જેમાં હોય છે. તેમાં ૧૦૨ રસાંશ રાખે છે. આ પ્રમાણે પૂર્વની જેમ પણ હીન રસવાળાં અપૂર્વ સ્પર્ધકો આ જીવ કરે છે. આવો રસઘાત કરવો એ જ આ કરણનું ફળ છે.

આવા પ્રકારનાં હીન રસવાળાં સ્પર્ધકો પહેલાં ક્યારેય પણ કર્યાં નથી. હાલ જ *વિશુદ્ધિના બળે આવાં હીનરસવાળાં સ્પર્ધકો આ જીવ બનાવે છે. તેથી તેને અપૂર્વસ્પર્ધકો* છે. આમ કહેવાય છે આ પ્રમાણે આ અર્થ સમજાય તેવો છે.

તે કારણથી આવા પ્રકારનાં અપૂર્વ સ્પર્ધકોને કરતો કરતો સંખ્યાતા સ્થિતિબન્ધો ગયે છતે આ વિવક્ષિત એવી અશ્વકર્ણકરણાદ્ધા સમાપ્ત થાય છે. અશ્વકર્ણકરણાદ્ધામાં અપૂર્વ સ્પર્ધકો કરવાનું જ કામકાજ કરે છે. ત્યાર બાદ આ જીવ સંજ્વલન લોભને વેદવાના પાડેલા ત્રણ ભાગ પૈકી બીજા ભાગમાં એટલે કે કિટ્ટીકરણાદ્ધામાં પ્રવેશ કરે છે. તે કાલે સંજ્વલન લોભનો સ્થિતિ બંધ દિનપૃથક્ત્વ પ્રમાણ એટલે કે બેથી નવ દિવસ પ્રમાણનો થાય છે અને બાકીનાં કર્મોનો સ્થિતિબંધ વર્ષપૃથક્ત્વ પ્રમાણ (બેથી નવ વર્ષ પ્રમાણ) હોય છે.

કિટ્ટિકરણાદ્ધા નામના બીજા ભાગમાં પ્રવેશેલો આ જીવ પૂર્વસ્પર્ધકોમાંથી તથા અપૂર્વસ્પર્ધકોમાંથી વર્ગણાઓને ગ્રહણ કરીને તે વર્ગણાઓની સૂક્ષ્મ સૂક્ષ્મ કિટ્ટિઓ કરે છે. કિટ્ટિઓ એટલે કે પૂર્વસ્પર્ધકો તથા અપૂર્વસ્પર્ધકોમાંથી વર્ગણાઓને ગ્રહણ કરી કરીને તે વર્ગણાઓનો હાલ જે રસ છે. તેમાંથી અનંતગુણ હીન અનંતગુણ હીન રસ કરવા વડે તે વર્ગણાઓમાં જે એકોત્તરવૃદ્ધિવાળો જે રસ છે તેનો જે ક્રમ છે. તે ક્રમને તોડી-ફોડીને મોટા આંતરા સાથે સ્થાપિત કરવું તેને કિટ્ટી કહેવાય છે.

જેમ કે અસત્કલ્પથી કલ્પના કરીને એક ઉદાહરણ રૂપે સમજાવાય છે કે જે વર્ગણાઓમાં એકોત્તરવૃદ્ધિના ક્રમે અસત્કલ્પનાથી ૧૦૦-૧૦૧-૧૦૨-૧૦૩-૧૦૪ રસાંશ હતા. તે જ વર્ગણાઓમાં અનંતા રસાવિભાગોનો નાશ કરવા વડે ૧૦૦ ને બદલે ૫, ૧૦૧ના બદલે ૧૦ એમ ૧૫, ૨૦ ૨૫ એમ રસ રાખવો પણ ક્રમશઃ એકોત્તરવૃદ્ધિરૂપ જે સંગઠ્ઠણ હતું. તે તોડી પાડવું. બધી જ વર્ગણાઓને છુટી છુટી કરવી તે કિટ્ટી કરી કહેવાય છે.

તે જ કિટ્ટિઓનું વિશેષ સ્વરૂપ જણાવવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે "एगफड्डग" પાઠથી અર્થ આ પ્રમાણે જાણવો. "એક અનુભાગ સ્પર્ધકમાં જે અનંતી વર્ગણાઓ છે તે વર્ગણાઓના અનન્તમા ભાગમાં જેટલી વર્ગણા આવે તેટલી વર્ગણાઓ અનંત ગુણ હીન રસવાળી કરીને તેની કિટ્ટીઓ પ્રથમ સમયમાં કરે છે તો પણ તે કિટ્ટીઓ પરમાર્થથી અનંતી થાય છે.

આ કારણથી અહીં એક પ્રશ્ન થાય છે કે અનંતો અનંતો રસ તોડીને જે આ કિટ્ટીઓ કરાય છે તે કિટ્ટીઓ જઘન્યમાં જઘન્ય અનુભાગ સ્પર્ધકનો જે અનુભાગ (રસ) હોય છે. તેની સાથે સરખા રસવાળી કરે છે કે તેનાથી પણ હીન રસવાળી કરે છે ?

उच्यते - આ પ્રશ્નનો જવાબ વિચારાય છે કે જે જઘન્ય અનુભાગવાળાં સ્પર્ધકોમાં જે રસ છે. તેનાથી પણ હીનરસવાળી કરાય છે. આ જ વાત ગ્રંથકારશ્રી કહે છે કે "ता हेट्ठा" સર્વથી જઘન્ય જે અનુભાગ સ્પર્ધક છે. તેનાથી પણ अधस्तात् = નીચે કરે છે. અર્થાત્ તેનાથી પણ અનંતગુણ હીનરસવાળી આ કિટ્ટીઓ આ જીવ કરે છે. ll૪૮ll

**अणुसमयं सेढीए, असंखगुणहाणि जा अपुव्वाओ ।**
**तव्विवरीयं दलियं, जहन्नगाई विसेसूणं ॥ ५० ॥**

**ગાથાર્થ :-** પ્રતિસમયે અસંખ્યાતગુણ હીન અસંખ્યાત ગુણહીન રસવાળી અપૂર્વ એવી કિટ્ટીઓ આ જીવ કરે છે. તેમાં કર્મદલિક વિપરીત પણે કરે છે. તથા જઘન્ય રસવાળી કિટ્ટિઓમાં દલિક વધારે અને ત્યાર પછી પછીની કિટ્ટિઓમાં વિશેષ હીન વિશેષહીન દલિકો હોય છે. ll૫૦ll

**વિવેચન :-** અહીં ઉપશમ શ્રેણિમાં આવેલો આ આત્મા પ્રતિસમયે એટલે કે સમયે સમયે જે અપૂર્વ એટલે કે નવી નવી કિટ્ટિઓ કરે છે તે સર્વે પણ કિટ્ટિઓ પ્રતિ સમયે અસંખ્યાતગુણ હાનિથી યુક્ત એવી શ્રેણીએ કરે છે. તથા આ કિટ્ટિઓમાં "નવીનપણું" અર્થાત્ "અપૂર્વપણું" એટલા માટે છે કે તે કિટ્ટિઓ પ્રતિ સમયે યથોત્તર અનંતગુણ હીન-હીન રસવાળી કરવાના કારણે તેમાં અપૂર્વતા છે. ઉપરોક્ત વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે.

આ જીવ ઉપશમ શ્રેણિમાં જ્યારે લોભને વેદવાનો કાળ આવે અને લોભની કિટ્ટિઓ કરે ત્યારે પ્રથમ સમયે ઘણી કિટ્ટિઓ કરે છે. બીજા સમયે પ્રથમ સમય કરતાં અસંખ્યાતગુણ હીન કિટ્ટિઓ કરે છે. તે બીજા સમય કરતાં પણ ત્રીજા સમયે અસંખ્યાતગુણ હીન કિટ્ટિઓ કરે છે. આ પ્રમાણે અસંખ્યાતગુણ હીન અસંખ્યાત ગુણ હીનના ક્રમે કિટ્ટિઓ ત્યાં સુધી જાણવી કે યાવત્ કિટ્ટિકરણાદ્ધાનો ચરમ સમય આવે.

આ સઘળી કિટ્ટિઓમાં દલિક તેના કરતાં એટલે કે કિટ્ટિઓની સંખ્યાની અપેક્ષાએ વિપરીત જાણવું. તે વધારે સ્પષ્ટતાથી આ પ્રમાણે જાણવું. પ્રથમ સમયે જે કિટ્ટિઓ કરાઈ છે તે સર્વકિટ્ટિઓમાં રહેલું જે કર્મદલિક છે તે અન્ય સમયગતકિટ્ટિઓની અપેક્ષાએ સૌથી થોડુ છે. તેના કરતાં બીજા સમયે જે કિટ્ટિઓ કરાઈ છે તે સકલ કિટ્ટિગત દલિક અસંખ્યાત ગુણ અધિક છે. તેના કરતાં પણ ત્રીજા સમયમાં સકલ કિટ્ટિમાં રહેલું કર્મદલિક અસંખ્યાત ગુણ અધિક છે. આ પ્રમાણે ત્યાં સુધી જાણવું કે યાવત્ કિટ્ટિકરણાદ્ધાનો ચરમ સમય આવે.

તથા પ્રથમ સમયે કરાયેલી કિટ્ટિઓમાં સામાન્યપણે (અન્ય સમયની કિટ્ટિઓ કરતાં) ઘણો રસ હોય છે. તેના કરતાં બીજા સમયમાં કરાયેલી કિટ્ટિઓમાં સામુદાયિકપણે અનંતગુણહીન

રસ હોય છે. તેના કરતાં પણ ત્રીજા સમયે કરાયેલી કિટ્ટિઓમાં અનંતગુણ હીન રસ હોય છે. આ પ્રમાણે ત્યાં સુધી જાણવું કે યાવત્ કિટ્ટિકરણાદ્ધાનો ચરમ સમય આવે.

હવે પ્રથમ સમયે કરાયેલી કિટ્ટિઓમાં સર્વ કરતાં જઘન્ય રસવાળી કિટ્ટિઓથી પ્રારંભીને યાવત્ સર્વ કરતાં ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિઓમાં પ્રદેશોની અપેક્ષાએ અલ્પબહુત્વ કેટલી સંખ્યાવાળું હોય છે ? આવો કોઈ કદાચ પ્રશ્ન કરે તો ગ્રંથકારશ્રી ઉત્તર કહે છે કે:-

"जहन्नाई विसेसूणं" એટલે કે જઘન્ય કિટ્ટિને આદિમાં કરીને પાછળ પાછળ પ્રત્યેક કિટ્ટિએ વિશેષ ન્યૂન વિશેષન્યૂન પ્રદેશાગ્ર કહેવું. આ વિષયનો ભાવાર્થ આ પ્રમાણે છે.

પ્રથમ સમયે કરાયેલી કિટ્ટિઓની અંદર જે સૌથી મન્દ રસવાળી કિટ્ટિ છે. તેમાં પ્રદેશાગ્ર (દલિકો) સર્વ કિટ્ટિઓ કરતાં ઘણાં વધારે હોય છે. તેના કરતાં પણ અનંતગુણે અધિક રસવાળી બીજી કિટ્ટિમાં પ્રદેશાગ્ર (કર્મદલિકો) વિશેષહીન હોય છે. તેના કરતાં પણ અનંતગુણે અધિક રસવાળી એવી તે સમયની જ અંદર રહેલી ત્રીજી કિટ્ટિમાં કર્મદલિક વિશેષહીન હોય છે. આ પ્રમાણે અનન્તરપણે જ અનંતગુણ અધિક રસવાળી કિટ્ટિઓમાં વિશેષહીન વિશેષહીન કર્મદલિક ત્યાં સુધી કહેવું કે યાવત્ પ્રથમ સમયે કરાયેલી કિટ્ટિઓમાં સૌથી ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ આવે ત્યાં સુધી સર્વથી થોડુ દલિક હોય છે.

આ જ પદ્ધતિ પ્રમાણે સર્વ પણ સમયોમાં રહેલી સર્વકિટ્ટિઓના સમુદાયમાં આ નીતિ-રીતિ અનુસરવી. ॥૫૦॥

**अणुभागोणंतगुणो, चाउम्मासाइ संखभागूणो ।**
**मोहे दिवसपुहुत्तं, किट्टिकरणाइसमयम्मि ॥ ५१ ॥**

**ગાથાર્થ :-** પ્રથમ સમયે કરાયેલી કિટ્ટિઓમાં અનુભાગ ક્રમસર અનંતગુણો જાણવો. મોહનીય કર્મનો સ્થિતિબંધ ચાર માસનો હોય છે. તેમાંથી સંખ્યાત ભાગ ન્યૂન ન્યૂન થતાં કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયે દિવસ પૃથક્ત્વનો બંધ થાય છે. ॥૫૧॥

**વિવેચન :-** કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયે જ જે કિટ્ટિઓ કરાઈ છે. તેની મધ્યમાં અનુભાગ (રસ) ક્રમસર અનંતગુણો જાણવો. તે વિસ્તારથી આ પ્રમાણે છે. પ્રથમ સમયે કરાયેલી કિટ્ટિઓની અંદર જે સર્વથા મન્દ રસવાળી કિટ્ટિ છે અર્થાત્ જે સર્વથા અલ્પ રસવાળી કિટ્ટિ છે. તેના કરતાં બીજી કિટ્ટિ અનંતગુણા રસવાળી છે. તેના કરતાં પણ ત્રીજી કિટિ ઓર અનંતગુણ રસવાળી છે. આ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે યાવત્ પ્રથમ સમયે કરાયેલી કિટ્ટિઓમાં સૌથી ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ આવે (ત્યાં સુધી ક્રમસર અનંતગુણ અધિક અનંતગુણ અધિક રસવાળી કિટ્ટિઓ કહેવી.)

અન્ય શાસ્ત્રમાં (પંચસંગ્રહ ઉપશમના કરણ ગાથા ૭૯માં) કહ્યું છે કે ,

आइसमयकयाणं, मंदाईणं रसो अणंतगुणो ।
सव्वुक्कस्सरसावि हुं उवरिम समयस्सणंतं से ॥ પંચસંગ્રહ ગાથા ૬૯॥

**ગાથાર્થ :-** પ્રથમ સમયે કરાયેલી જઘન્ય રસવાળી કિટ્ટિથી માંડીને સર્વ કરતાં ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટી સુધી ક્રમશઃ ઉત્તરોત્તર અનંતગુણો રસ કહેવો. ઉપરના સમયની સર્વથા ઉત્કૃષ્ટ રસવાળી કિટ્ટિ પણ નીચલા સમયની જઘન્ય રસવાળી કિટ્ટિથી અનંતમા ભાગ પ્રમાણે છે. ॥૭૯॥

આ જ પ્રમાણે દ્વિતીય-તૃતીય-ચતુર્થ આદિ સમયોમાં પણ કિટ્ટીઓની પ્રરૂપણા કરવી. આ સઘળું ય રસની અપેક્ષાએ અલ્પબહુત્વ સમજાવ્યું.

હવે આ જ કિટ્ટિઓમાં પ્રદેશોની (દલિકોની) અપેક્ષાએ પરસ્પર અલ્પબહુત્વ સમજાવે છે :- ત્યાં પ્રથમ સમયે કરાયેલી કિટ્ટિઓમાં જે સર્વ કિટ્ટિ કરતાં બહુ જ પ્રદેશોવાળી છે. તે કિટ્ટિ દ્વિતીયાદિ સમયમાં કરાયેલી કિટ્ટિઓની અપેક્ષાએ અતિશય અલ્પપ્રદેશોવાળી છે.

તેની અપેક્ષાએ બીજા સમયમાં કરાયેલી કિટ્ટિઓમાં જે સૌથી અલ્પ પ્રદેશવાળી કિટ્ટિ છે તે ઉપરોક્ત કિટ્ટિની અપેક્ષાએ અસંખ્યાતગુણ અધિક પ્રદેશોવાળી કિટ્ટિ છે. આ પ્રમાણે દરેક સમયોમાં સમજી લેવું. યાવત્ આ કિટ્ટિ કરણાદ્ધાનો ચરમ સમય આવે. ત્યાં સુધી જાણવું. પરંતુ અનુભાગની અપેક્ષાએ જો વિચાર કરીએ તો પ્રથમ સમયમાં કરાયેલી કિટ્ટિઓની મધ્યમાં (અંદર) જે કિટ્ટિ સર્વ કરતાં મન્દ અનુભાગ (રસ) વાળી છે તો પણ તે કિટ્ટિ બીજી કિટ્ટિઓ કરતાં ઘણા જ અનુભાગ (રસ) વાળી છે. તેના કરતાં બીજા સમયમાં કરાયેલી કિટ્ટિઓમાં જે સર્વથી ઉત્કૃષ્ટ અનુભાગ વાળી કિટ્ટિ છે. તે પણ અનંતગુણ હીન રસવાળી કિટ્ટિ છે.

તેની કરતાં પણ ત્રીજા સમયમાં કરાયેલી કિટ્ટિઓમાં જે સર્વથી ઉત્કૃષ્ટ અનુભાગ (રસ) વાળી જે કિટ્ટિ છે. તે કિટ્ટિ બીજા સમયની જઘન્ય કિટ્ટિ કરતાં અનંત ગુણ હીન રસવાળી છે. આ પ્રમાણે ત્યાં સુધી જાણવું કે યાવત્ આ કિટ્ટિકરણાદ્ધાનો ચરમ સમય આવે. હવે ઉત્તરોતર સ્થિતિબંધ ઘટતો જાય છે તે વાત સમજાવે છે.

मोहे એટલે કે મોહનીય કર્મમાં સંજ્વલન કષાયોનો ચાર માસની સ્થિતિવાળા સ્થિતિ બંધથી આરંભીને નવો નવો અન્ય અન્ય સ્થિતિબંધ સંખ્યાતમા ભાગે ન્યૂન ન્યૂનતર ત્યાં સુધી જાણવો કે ચાર માસવાળો જે બંધ છે. તે ઘટતાં ઘટતાં યાવત્ આ કિટ્ટિકરણાદ્ધાના પ્રથમ સમયે દિવસ પૃથક્ત્વ પ્રમાણ જ રહે છે અને આવી વાત યથાસ્થાને તે રીતે જ સમજાવવામાં પણ આવી છે. ॥૫૧॥

**भिन्नमुहुत्तं संखेज्जेसु य घाईण दिणपुहुत्तं तु ।**
**वाससहस्सपुहुत्तं अंतो दिवसस्स अंते सिं ॥ ५२॥**

**ગાથાર્થ :-** કિટ્ટિકરણાદ્ધાના સંખ્યાતા ભાગ ગયે છતે લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત પ્રમાણ થાય છે. તે કાળે ઘાતીકર્મોનો સ્થિતિબંધ દિવસ પૃથક્ત્વ પ્રમાણ અને નામગોત્ર તથા વેદનીયનો સ્થિતિબંધ ઘણા હજારો વર્ષ પ્રમાણ થાય છે અન્ત્તે (એટલે કે ચરમ સમયે) તે ઘાતીકર્મોનો સ્થિતિબંધ એક અહોરાત્રિની અંદરની સ્થિતિપ્રમાણ થાય છે. ॥૫૨॥

**વિવેચન :-** હવે આ ઉપશમશ્રેણિમાં ચઢેલો આ જીવ જેમ જેમ ઉપર જાય છે. તેમ તેમ સાતે કર્મોનો સ્થિતિબંધ ઘટતો જાય છે. ત્યાં નિર્મળતા (વિશુદ્ધિ) અધિક અધિક હોવાથી કિટ્ટિકરણાદ્ધાના સંખ્યાતા ભાગો ગયે છતે અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે સંજ્વલન લોભનો સ્થિતિબંધ (જે દિન પૃથક્ત્વ પ્રમાણ પૂર્વે હતો તે ઘટતાં ઘટતાં) અંતર્મુહૂર્ત પ્રમાણ હવે થાય છે.

સંજ્વલન લોભનો સ્થિતિબંધ જ્યારે અંતર્મુહૂર્ત પ્રમાણ થાય છે ત્યારે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય એમ ત્રણ ઘાતીકર્મોનો બંધ (જે પૂર્વે વર્ષ પૃથક્ત્વ પ્રમાણ હતો તે ઘટતાં ઘટતાં આ સ્થાને જીવ જ્યારે આવે છે ત્યારે) દિન પૃથક્ત્વ પ્રમાણ (ઘણા દિવસ માત્ર પ્રમાણવાળો) બંધ થાય છે.

તથા તે કાળે નામકર્મ-ગોત્રકર્મ અને વેદનીય કર્મ એમ કુલ ત્રણ કર્મોનો બંધ વર્ષ સહસ્રપૃથક્ત્વ (ઘણાં હજારો વર્ષ) પ્રમાણ થાય છે. આ સ્થાને પૃથક્ત્વ શબ્દ બહુત્વવાળી છે એમ જાણવું. (પરંતુ ૨ થી ૯ એમ પ્રચલિત રૂઢ અર્થવાળો આ શબ્દ નથી.)

તથા કિટ્ટિકરણાદ્ધાના અન્તિમ સમયે એટલે કે ચરમ સમયમાં સંજ્વલન લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત માત્ર જ હોય છે. આટલી વાત અધ્યાહારથી સમજી લેવી.

ફક્ત એટલી વિશેષતા છે કે કિટ્ટિકરણાદ્ધાના સંખ્યાતા ભાગ ગયે છતે લોભનો સ્થિતિબંધ જે અંતર્મુહૂર્ત પ્રમાણ હતો. તેના કરતાં ચરમ સમયે આ જ સંજ્વલન લોભનો સ્થિતિબંધ જે અંતર્મુહૂર્ત પ્રમાણ થાય છે. તે અન્તિમ સમયવાળું સ્થિતિ બંધનું અંતર્મુહૂર્ત ઘણું જ નાનું સમજવું. એટલે કે અન્તિમ સમયે લોભનો સ્થિતિબંધ નાના અંતર્મુહૂર્ત પ્રમાણ થાય છે.

તથા ત્રણ ઘાતી કર્મોનો સ્થિતિબંધ એક અહોરાત્રિની અંદર કંઈક ન્યૂન એવો બંધ જાણવો. આ પ્રમાણે સ્થિતિબંધ અનુક્રમે ઘટતો જાય છે. તે કાળે અઘાતી એવાં નામકર્મ ગોત્રકર્મ અને વેદનીય કર્મનો સ્થિતિબંધ કેટલો થાય તે વિષય હવે પછીની ૫૩મી ગાથામાં કહેવાશે. ॥૫૨॥

**वाससहस्सपुहुत्ता, बिवस्स अंतो अघाइकम्माणं ।**
**लोभस्स अणुवसंतं, किट्टिओ जं च पुव्वुत्तं ॥ ५३ ॥**

**ગાથાર્થ :-** અઘાતી કર્મોનો બંધ વર્ષ સહસ્ર પૃથક્ત્વથી ઘટતો ઘટતો કંઈક ન્યૂન બે વર્ષ પ્રમાણ થાય છે. ઉદીરણા આવલિકાના ચરમ સમયે કિટ્ટિકૃત દલિક તથા પૂર્વોક્ત નવું બંધાયેલું દલિક એટલું જ ઉપશમ થયા વિનાનું હોય છે. (શેષ સર્વ દલિક ઉપશાન્ત થયેલું હોય છે.) ॥૫૩॥

**વિવેચન :-** જ્ઞાનાવરણાદિ ત્રણ ઘાતી કર્મોનો સ્થિતિબંધ અહોરાત્રિની અંદર કંઈક ન્યૂન કાળવાળો જ્યારે થાય છે ત્યારે અઘાતી કર્મો નામકર્મ ગોત્રકર્મ અને વેદનીય કર્મ આ ત્રણ કર્મોનો સ્થિતિબંધ બે હજાર પૃથક્ત્વ વર્ષનો જે હતો. તે ઘટતો ઘટતો "बिवस्स अंतो" बि એટલે द्वि અર્થાત્ બે, वस्स એટલે વર્ષ, अंतो એટલે કંઈક ન્યૂન સારાંશ કે બે વર્ષની અંદર કંઈક ન્યૂન સ્થિતિબંધ થાય છે.

ભાવાર્થ એવો છે કે અઘાતી એવાં નામકર્મ, ગોત્ર કર્મ અને વેદનીય કર્મનો બે હજાર પૃથક્ત્વ વર્ષ પ્રમાણ સ્થિતિબંધ જ્યારે થાય છે ત્યારે કિટ્ટિકરણાદ્ધાના કાળના સંખ્યાતાના ભાગો પસાર થયેલા હોય છે ત્યારે જે આ સ્થિતિબંધ થાય છે. તે સ્થિતિબંધથી નવો નવો સ્થિતિબંધ અવશ્ય હીન હીનતર જ સ્થિતિબંધ થાય છે. એમ કરતાં કરતાં તે જ કિટ્ટિકરણાદ્ધાનો જ્યારે ચરમ સમય આવે છે. ત્યારે બે વર્ષની અંદર (કંઈક ન્યૂન) સ્થિતિબંધ થાય છે.

તથા આ કિટ્ટિકરણાદ્ધાના કાળમાં જ એક સમય ન્યૂન ત્રણ આવલિકા શેષ બાકી રહે ત્યારે સંજવલન લોભ અપતદ્ગ્રહી બને છે તેના કારણે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ લોભનું કર્મ દલિક સંજવલન લોભમાં સંક્રમ પામતું નથી. પરંતુ પોતાની જ પ્રકૃતિ રૂપે રહ્યું છતું આ જીવ તેને ઉપશમાવે છે. કારણ કે તે કાળે સંજવલન લોભની પતદ્ગ્રહતા વિરામ પામેલી છે.

તથા આ કિટ્ટિકરણાદ્ધાની બે આવલિકા બાકી રહે ત્યારે બાદર સંજવલન્ લોભનું આગાલ વિચ્છેદ પામે છે. એટલે કે બીજી સ્થિતિમાંથી લોભનું દલિક લાવીને પહેલી સ્થિતિ રૂપે કરીને આ જીવ ઉદયથી જે ભોગવતો હતો તે કામકાજ અટકાવે છે. પરંતુ ઉદીરણા માત્ર ચાલુ રહે છે. ઉદીરણા પહેલી સ્થિતિની જ હોય છે. ઉદયાવલિકા બહારનું પહેલી સ્થિતિનું દલિક લાવીને ઉદયાવલિકામાં નાખીને ભોગવવું તે ઉદીરણા કહેવાય છે. તે ચાલુ રહે છે. તે ઉદીરણા પણ કિટ્ટિકરણાદ્ધાની એક આવલિકા બાકી રહે ત્યાં સુધી જ ચાલુ રહે છે. પછીના સમયે વિરામ પામે છે.

તે ઉદીરણાના અન્તિમ સમયે જ્યારે માત્ર એક આવલિકા પ્રમાણ જ પ્રથમ સ્થિતિ બાકી રહે ત્યારે સંજ્વલન લોભનું લગભગ બધું જ કર્મદલિક ઉપશાન્ત થઈ ગયેલું હોય છે. માત્ર કિટ્ટિ રૂપે કરાયેલું બીજી સ્થિતિમાં રહેલું જે કર્મદલિક છે તે તથા પૂર્વે કહેલા ક્રમ પ્રમાણે સમય ન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલું કર્મદલિક તથા કિટ્ટિકરણાદ્ધાની પ્રથમ સ્થિતિમાં રહેલી શેષીભૂત એક આવલિકા આટલું જ લોભનું કર્મદલિક ઉપશમ થયા વિનાનું બાકી રહ્યું છે. શેષ તમામ સંજ્વલન લોભનું કર્મદલિક પણ ઉપશાન્ત થયેલું છે.

તથા તે જ સમયે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ એમ બન્ને લોભ ઉપશાન્ત થાય છે. તે જ સમયમાં અનિવૃત્તિ બાદર સંપરાય નામનું આ નવમું ગુણસ્થાનક પણ સમાપ્ત થાય છે. તથા સંજ્વલન લોભનો બંધ વિચ્છેદ થાય છે. બાદર સંજ્વલન લોભનો ઉદય અને ઉદીરણાનો પણ વિચ્છેદ થાય છે. નવમા ગુણસ્થાનકના બંધને આશ્રયી પાડેલા પાંચ ભાગ પૈકી પાંચમો ભાગ પણ સમાપ્ત થાય છે. તથા કિટ્ટિકરણાદ્ધા પણ પૂર્ણ થાય છે.

હવે જીવ કિટ્ટિવેદનાદ્ધામાં એટલે કે સૂક્ષ્મ સંપરાય નામના દસમા ગુણસ્થાનકમાં પ્રવેશ કરે છે તેને જ કિટ્ટિવેદનાદ્ધા કહેવાય છે. જે હવે પછીની ગાથામાં સમજાવવામાં આવે છે. ॥૫૩॥

**सेसद्धं तणुरागो, तावइया किट्टिओ य पढमठिइं ।**
**वज्जिय असंखभागं, हेट्ठुवरिमुदीरए सेसा ॥ ५४ ॥**

**ગાથાર્થ :-** શેષકાળમાં (ત્રીજા ભાગમાં) આ જીવ સૂક્ષ્મ રાગવાળો બને છે. બીજી સ્થિતિમાંથી કેટલીક કિટ્ટિઓ લાવીને પ્રથમ સ્થિતિ કરે છે અને વેદે છે તથા નીચે અને ઉપર અસંખ્યાતમો ભાગ વર્જીને શેષ કિટ્ટિઓની આ જીવ ઉદીરણા પણ કરે છે. ॥૫૪॥

**વિવેચન :-** सेसद्धं એટલે બાકી રહેલો કાળ, એટલે કે કિટ્ટિવેદનાદ્ધા નામનો જે ત્રીજો ભાગ બાકી છે. તેને જ સૂક્ષ્મ સંપરાય કહેવાય છે. સારાંશ એવો છે કે બીજી સ્થિતિમાં જે કિટ્ટિઓ કરેલી છે. તે બીજી સ્થિતિમાંથી કેટલીક કિટ્ટિઓ નીચે લાવીને પ્રથમ સ્થિતિ રૂપે તેને ગોઠવે છે અને ઉદયથી ભોગવે છે. તેથી તેટલી સ્થિતિને તે કાળે "સૂક્ષ્મસંપરાયાદ્ધા" કહેવાય છે. તેના કાળતુલ્ય પ્રથમ સ્થિતિની આ જીવ રચના કરે છે અને તેને ઉદયથી ભોગવીને સમાપ્ત કરે છે તે કાળે આ જીવ સૂક્ષ્મ સંપરાય કહેવાય છે. કારણ કે સૂક્ષ્મ એવો કિટ્ટિકૃત માત્ર લોભ જ ઉદયમાં પ્રવર્તે છે.

તથા કિટ્ટિકરણાદ્ધાની (નવમા ગુણસ્થાનકની) છેલ્લી જે એક આવલિકામાં બાકી રહેલું બાદર લોભનું કર્મદલિક જે રહે છે તેને સ્તિબુક સંક્રમ વડે તેટલા જ કાળે સૂક્ષ્મ લોભમાં સંક્રમાવે છે અને સંક્રમાવીને તે બાદર લોભને સર્વથા ઉપશાન્ત કરે છે.

તથા પ્રથમ સમયમાં કરેલી અને અન્તિમ સમયમાં કરેલી કિટ્ટિઓને વર્જીને શેષ સમયોમાં કરેલી કિટ્ટિઓ ઘણું કરીને દસમા ગુણસ્થાનકના પ્રથમ સમયથી જ ઉદયમાં આવે છે. જે કિટ્ટિઓ પ્રથમ સ્થિતિરૂપે કરાઈ નથી. તેવી કિટ્ટિઓ બીજી સ્થિતિમાં હોવાથી ઉદયમાં આવતી નથી. તે માટે પ્રાયઃ શબ્દ લખ્યો છે. પ્રથમ સ્થિતિભાવને ન પામેલી કિટ્ટિઓ ઉદયમાં આવતી નથી. તેથી તેના વ્યવચ્છેદ માટે ટીકામાં પ્રાયઃ એવો પાઠ છે.

તથા ચરમ સમયે કરાયેલી કિટ્ટિઓમાં નીચેથી અસંખ્યાતમો ભાગ અને પ્રથમ સમયે કરાયેલી કિટ્ટિઓમાં ઉપરથી અસંખ્યાતમો ભાગ વર્જીને શેષ કિટ્ટિઓની આ જીવ ઉદીરણા કરે છે. આ રીતે સૂક્ષ્મ કિટ્ટિ રૂપે કરાયેલા સંજ્વલન લોભને ઉદયથી ભોગવી ભોગવીને સમાપ્ત કરે છે. જેથી નીચેની સ્થિતિમાં જે ઉદય હતો તે વિરામ પામે છે અને ઉપરની સ્થિતિમાં જે કિટ્ટિઓ છે તેનો આ જીવ ઉપશમ કરે છે. આ પ્રમાણે ઉદય અને ઉદીરણાથી પ્રથમ સ્થિતિગત કિટ્ટિઓને ભોગવતો અને બીજી સ્થિતિમાં રહેલી કિટ્ટિઓને ઉપશમાવતો ઉપશમાવતો આ જીવ દસમા ગુણસ્થાનકમાં આગળ વધે છે. ॥૫૪॥

**गिण्हंतो य मुयंतो, असंखभागो य चरिमसमयम्मि ।**
**उवसामेई बीयठिइं, पि पुव्वं व सव्वद्धं ॥ ५५ ॥**

**ગાથાર્થ :-** કિટ્ટિવેદનાદ્ધાના બીજા સમયથી પ્રતિસમયે અસંખ્યાતમા ભાગને (તેટલી કિટ્ટિઓને) ઉદય રૂપે ગ્રહણ કરતો અને ઉપશાન્ત કરવા માટે મુક્તો આ જીવ કિટ્ટિવેદનાદ્ધાના ચરમ સમય સુધી જાય છે. આમ કરતાં કરતાં બીજી સ્થિતિગત લોભનાં સર્વ કર્મદલિકોને પૂર્વની જેમ દસમાના સર્વકાળમાં થઈને ઉપશાન્ત કરે છે. ॥૫૫॥

**વિવેચન :-** સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે આરૂઢ થયા પછી બીજા જ સમયથી બીજી સ્થિતિમાં રહેલી કિટ્ટિઓમાંથી કેટલીક કિટ્ટિઓને ગ્રહણ કરીને પ્રથમ સ્થિતિ રૂપે કરે છે અને ઉદયથી ભોગવે છે. તેના કારણે આ જીવને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકવાળો કહેવાય છે. આમ બીજા સમયથી ઉદયમાં આવેલી આ લોભની કિટ્ટિઓનો અસંખ્યાતમો ભાગ મુકી રાખે છે. એટલે કે ઉદયથી ભોગવતો નથી. પરંતુ ઉપશમાવી દે છે. તેટલા ભાગને ઉદયમાં લાવતો નથી.

તથા ઉદયથી ભોગવવા માટે ઉદીરણા નામના વીર્ય વિશેષ વડે બીજો અપૂર્વ એવો એક અસંખ્યાતમો ભાગ આ જીવ ગ્રહણ કરે છે અને તેને ઉદયથી ભોગવે છે. આ પ્રમાણે આ સૂક્ષ્મ સંપરાય નામના દશમા ગુણ સ્થાનકે એક અસંખ્યાતમા ભાગને ઉદયથી ભોગવવા માટે ગ્રહણ કરતો અને બીજા એક અસંખ્યાતમા ભાગને મુક્તો (મુક્તો એટલે કે ઉપશમાવતો)

ઉપશમાવતો એમ ગ્રહણ અને મોચન. આ બન્ને પ્રક્રિયાને કરતો એવો આ જીવ ત્યાં સુધી આગળ જાય છે કે યાવત્ સૂક્ષ્મ સંપરાય નામના દસમા ગુણસ્થાનકનો ચરમ સમય આવે.

પહેલી સ્થિતિમાં લાવેલું કિટ્ટિકૃત દલિક જેમ ઉદયથી વેદે છે. તેમ તેની સાથે જ બીજી સ્થિતિમાં રહેલા કર્મદલિકને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકના પ્રથમ સમયથી જ આરંભીને સર્વ કાલ સુધી એટલે કે દશમા ગુણસથાનકના ચરમ સમય સુધી પૂર્વની જેમ ઉપશમાવે પણ છે. જે આ ઉપશમાવેલું કર્મદલિક ઉપશાન્તમોહથી પતન પામતાં ઉદયરૂપે ભોગવાય છે.

તથા તેના એટલે કિટ્ટિઓના ઉપશમની સાથે સમય ન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલું કર્મદલિક પણ આ જીવ ઉપશમાવે છે.

આમ પ્રથમ સ્થિતિગત કિટ્ટિઓને વેદતો તથા દ્વિતીય સ્થિતિગત કિટ્ટિઓને ઉપશમાવતો એવો આ જીવ સૂક્ષ્મ સંપરાય નામના દશમા ગુણસ્થાનકના ચરમ સમય સુધી જાય છે. તે ચરમ સમયે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એમ ત્રણે કર્મોનો અંતર્મુહૂર્ત માત્ર બંધ થાય છે તથા નામકર્મ અને ગોત્રકર્મનો સોળ (૧૬) વર્ષ પ્રમાણ બંધ થાય છે. વેદનીયકર્મનો ચોવીસ (૨૪) મુહૂર્ત પ્રમાણ બંધ થાય છે. (ક્ષપકશ્રેણી કરતાં બમણો બંધ થાય છે.) તે જ ચરમ સમયમાં સકલ એવું મોહનીયકર્મ ઉપશાન્ત થઈ જાય છે. તેના પછીના સમયે આ જીવ ઉપશાન્ત મોહ વીતરાગ નામના અગિયારમા ગુણસ્થાનક ઉપર આરોહણ કરે છે. ॥૫૫॥

**उवसंतद्धा भिन्नमुहुत्तो, तीसे य संखतमतुल्ला ।**
**गुणसेढी सव्वद्धं, तुल्ला य पएसकालेहिं ॥ ५६ ॥**

**ગાથાર્થ :-** ઉપશાન્તાદ્ધાનો કાળ અંતર્મુહૂર્ત હોય છે. તે ઉપશાન્તાદ્ધાના સંખ્યાતમા ભાગ તુલ્ય ગુણશ્રેણી આ જીવ રચે છે. તે ગુણશ્રેણિ સર્વ સમયોમાં પ્રદેશોની અપેક્ષાએ અને કાળની અપેક્ષાએ તુલ્ય જ (સમાન જ) હોય છે. ॥૫૬॥

**વિવેચન :-** ઉપશાન્તાદ્ધા એટલે કે ઉપશાન્તમોહ નામના અગિયારમા ગુણસ્થાનકનો ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુહૂર્ત માત્ર જ હોય છે. આ ગુણસ્થાનકે આરૂઢ થયેલો જીવ વધારે કાળ અહીં રહેતો નથી. (તથા જઘન્યથી એક સમય બે સમય માત્ર કાળ પણ હોય છે તે સમજી લેવું.)

ઉપશાન્તાદ્ધામાં ગયેલો જીવ ગુણશ્રેણિની રચના કરે છે. ઉપશાન્તાદ્ધા પ્રાપ્ત થવાના કારણે કર્મોનો જલ્દી નાશ કરવાના અભિપ્રાયથી ઉપરની સ્થિતિમાંથી દલિકો ઉતારીને

અસંખ્યાત ગુણાકારે ગોઠવે છે. તે ઉપશાન્તાદ્ધાનો જે સંખ્યાતમો ભાગ કાળ, તેની તુલ્ય કાળવાળી એટલે કે ઉપશાન્તમોહ ગુણસ્થાનકના સંખ્યાતમા ભાગ તુલ્ય કાળવાળી ગુણશ્રેણિ આ જીવ રચે છે.

તે ગુણશ્રેણિ દ્વારા ઉપશાન્તમોહ ગુણસ્થાનકના પ્રથમ સમયે જેટલું કર્મદલિક ઉપરથી ઉતાર્યું હોય અને જેટલા સમયોમાં અસંખ્યાત ગુણાકારે ગોઠવ્યું હોય, બરાબર તેટલા જ પ્રદેશો અને તેટલા જ કાળમાં ગોઠવવાનું કામકાજ બીજા સમયે ત્રીજા સમયે એમ સર્વ સમયોમાં આ જીવ કરે છે. કારણ કે ઉપશાન્તમોહ હોવાથી પ્રતિ સમયે અધ્યવસાય સ્થાન સરખાં જ છે. સમાન જ છે. અધ્યવસાય સ્થાનમાં વૃદ્ધિ કે હાનિ થતી નથી.

આ કારણે જ તે ગુણશ્રેણિઓ (પ્રતિ સમયમાં ઉપરથી ઉતારાતું કર્મદલિક) સર્વકાળમાં એટલે કે ઉપશાન્તમોહ નામના અગિયારમા ગુણસ્થાનકનો જેટલો કાળ છે. તેટલા કાલમાં કાળની અપેક્ષાએ તુલ્ય જ ગુણશ્રેણી કરે છે તથા પ્રદેશો પણ સમાન જ ઉતારે છે અને અસંખ્યાત ગુણાકારે સમાન કાળમાં જ ગોઠવે છે. કારણ કે ઉપશાન્તમોહ ગુણસ્થાનકે અવસ્થિત પરિણામ (સ્થિર પરિણામ) જ છે. વિશુદ્ધિનો વધારો કે ઘટાડો નથી તે માટે સમાન ગુણશ્રેણિ આ જીવ રચે છે. ॥૫૬॥

**उवसंता य अकरणा, संकमणोवट्टणा य दिट्ठितिगे ।**
**पच्छानुपुव्विगाए परिवडइ पमत्त विरतोत्ति ॥ ५७ ॥**

**ગાથાર્થ :-** ઉપશાન્તાવસ્થામાં વર્તતો આ જીવ સંક્રમણાદિ કરણો વિનાનો હોય છે. માત્ર દર્શનમોહનીયના ત્રણ કર્મમાં સંક્રમણ ઉદ્‌વર્તના અને અપવર્તના કરણ ચાલુ હોય છે. પશ્ચાનુપૂર્વીએ આ જીવનું પતન થાય છે. યાવત્ પ્રમત્તવિરત ગુણસ્થાનક સુધી તો અવશ્ય પડે જ છે. ॥૫૭॥

**વિવેચન :-** ઉપશાન્તમોહ નામના અગિયારમા ગુણસ્થાનકે આવેલા જીવોને મોહનીય કર્મની સર્વ પ્રકૃતિઓ સર્વથા ઉપશાન્ત થયેલી હોય છે. તેના કારણે હવે આ જીવો "अकरण" બને છે. એટલે કે સંક્રમણ-ઉદવર્તના-અપવર્તના-ઉદીરણા-નિધત્તિ અને નિકાચના ઇત્યાદિ નામો વાળાં એક પણ કરણ કરતા નથી. તે માટે કરણો વિનાના થાય છે.

તેમાં માત્ર એટલો જ અપવાદ છે કે દષ્ટિત્રિક એટલે કે દર્શન મોહનીયની ત્રણ કર્મ પ્રકૃતિઓમાં ઉપશાન્ત થઈ હોય તો પણ સંક્રમણ અને અપવર્તના થાય છે. તે બે વિના અન્ય કરણો ઉદ્‌વર્તના-ઉદીરણા વિગેરે થતાં નથી. તથા ત્યાં જે સંક્રમ થાય છે. તે પણ મિથ્યાત્વ મોહ અને મિશ્ર મોહ આ બન્નેનો સમ્યક્ત્વમોહમાં થાય છે. સ્થિતિ અને રસની

અપવર્તના ત્રણે દર્શન મોહનીયમાં થાય છે. તે વિના બીજા કોઈ કરણો અહીં આ જીવ કરતો નથી. સ્થિર પરિણામ હોવાના કારણે બીજી કોઈ ઉથલ-પાથલ આ જીવ કરતો નથી.

સંજ્વલન ક્રોધના ઉદયે જે જીવે ઉપશમ શ્રેણિનું આરોહણ કર્યું હોય તેને આશ્રયી ઉપરોક્ત વાત જાણવી. પરંતુ સંજ્વલન માન-માયા કે લોભના ઉદયે જે આત્મા ઉપશમ શ્રેણિ ઉપર આરૂઢ થયો હોય તેના માટે પ્રકૃતિઓ ઉપશમાવવાનો ક્રમ કંઇક જુદો હોય છે તે હવે સમજાવાય છે.

જ્યારે સંજ્વલન ક્રોધના બદલે માનના ઉદયે આ જીવે શ્રેણિનું આરોહણ જો કર્યું હોય તો માનને અનુભવતો એવો આ જીવ (ઉદયથી વેદતો એવો આ જીવ) પહેલાં તો નપુંસક વેદના ઉદયે શ્રેણિ માંડનારને જે ક્રમ જણાવ્યો છે તે જ ક્રમે પ્રથમ તો ક્રોધત્રિકને (ઉદયામાં ન વર્તતા એવા અપ્રત્યાખ્યાનીય - પ્રત્યાખ્યાનાવરણ તથા સંજ્વલન એમ ત્રણ પ્રકારના ક્રોધને) ઉપશમાવે છે. ત્યાર બાદ ક્રોધના ઉદયે શ્રેણિ માંડનારો આત્મા જે રીતે ત્રણ ક્રોધને ઉપશમાવે છે. તે જ પ્રકારે આ જીવે માનના ઉદયે શ્રેણી પ્રારંભી હોવાથી ત્રણ માનને ઉપશમાવે છે. કારણ કે માનનો ઉદય ચાલુ છે તે માટે,

તથા જો માયાના ઉદયે શ્રેણિનો પ્રારંભ કર્યો હોય તો સંજ્વલન માયાને વેદતો એવો આ જીવ નપુંસકવેદમાં કહેલી નીતિ રીતિ મુજબ જ પ્રથમ ત્રણ ક્રોધને ઉપશમાવે ત્યાર બાદ ત્રણ માનને પણ તે જ પ્રમાણે ઉપશમાવે છે. ત્યાર બાદ ક્રોધના ઉદયે શ્રેણિ માંડનારને ક્રોધનો ઉપશમ જે રીતે કરે છે તે જ વિધિથી ત્રણ માયાને આ જીવ ઉપશમાવે છે. બાકીનું બધુ પૂર્વની જેમ જ જાણવું.

તથા જો લોભના ઉદયે શ્રેણિ પ્રારંભે તો સંજ્વલન લોભને ઉદયથી ભોગવતો એવો આ જીવ સૌથી પહેલાં તો નપુંસકવેદમાં કહેલી વિધિ પ્રમાણે ત્રણ ક્રોધને ઉપશમાવે છે ત્યાર બાદ ત્રણ માનને અને ત્યાર બાદ ત્રણ માયાને આ જીવ ઉપશમાવે છે. આ ત્રણ પ્રકૃતિઓ ઉપશાન્ત થયા પછી ઉપર કહેલી નીતિ-રીતિ મુજબ ત્રણ લોભને હવે ઉપશમાવે છે.

આ પ્રમાણે કષાયોનો ઉપશમ કરીને આ જીવ સર્વથા ઉપશાન્ત થયો છતો એક અંતર્મુહુર્ત કાળ અગિયારમા ગુણસ્થાનકે સમાન પરિણામની ધારામાં વર્તે છે. અંતર્મુહૂર્ત બાદ તે જીવનું પતન થાય છે. તે પતનની વિધિ હવે કહેવાય છે.

તે અગિયારમા ગુણસ્થાનકે આરૂઢ થયેલો જીવ બે પ્રકારે પડે છે. (૧) ભવના ક્ષય વડે તથા (૨) કાળના ક્ષય વડે, ત્યાં ભવ ક્ષયે પતન થવું એટલે આ ચાલુ જે મનુષ્યનો ભવ છે. તેનો ક્ષય થાય અર્થાત્ મનુષ્યનું આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુ પામી જાય એટલે પડવું પડે તે ભવક્ષયે પતન કહેવાય છે. મૃત્યુ પામતા જીવનું જે પતન થાય તે ભવક્ષયે પતન કહેવાય છે.

તથા આયુષ્ય લાંબુ હોય. પરંતુ અગિયારમા ગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્તનો જ છે. તે સમાપ્ત થવાથી અગિયારમા ગુણસ્થાનકેથી ઉતરી જવું પડે તે કાળક્ષયે પતન કહેવાય છે. ઉપશાન્ત મોહગુણ સ્થાનકનો જે એક અંતર્મુહુર્તનો કાળ હતો. તે સમાપ્ત થવાથી ગુણસ્થાનક છોડવું પડે. તે કાળક્ષયે પતન કહેવાય છે.

ત્યાં જે આત્મા આયુષ્ય પૂર્ણ થઈ જવાના કારણે પતન પામે છે. અર્થાત્ ભવક્ષયે જે પડે છે તે જીવને અગિયારમા ગુણસ્થાનકની સમાપ્તિ થતાંની સાથે જ પતનના પ્રથમ સમયે જ મૃત્ય પામીને દેવભવમાં જવાના કારણે અવિરત સમ્યગ્દૃષ્ટિ નામના ચોથા ગુણ સ્થાનકની પ્રાપ્તિ થવાથી સર્વે પણ કરણો ચાલુ થાય છે.

ત્યાં ચોથા ગુણસ્થાનકે જે કર્મો ઉદયમાં વર્તે છે. તેનું કર્મદલિક ઉપરની ઉપશાન્ત થયેલી સ્થિતિમાંથી લાવીને ઉદયના પ્રથમ સમયથી જ આ જીવ ગોઠવે છે અને ઉદય શરૂ કરે છે તથા તે કાળે જેનો ઉદય નથી. તેવી મોહનીય કર્મની પ્રકૃતિઓનું કર્મદલિક ઉપરની ઉપશાન્ત સ્થિતિમાંથી લાવે છે અને નીચે એક આવલિકા (એટલે કે ઉદયાવલિકા)ની ઉપર ઉર્ધ્વ ગોપૃચ્છાકારે ગોઠવે છે.

ઉર્ધ્વગોપૃચ્છાકાર એટલે કે પ્રથમ સમયમાં ઘણું દલિક ત્યાર પછીના સર્વ સમયોમાં વિશેષ હીન વિશેષહીન આ ક્રમે દલિક ગોઠવે છે. આ પ્રમાણે અગિયારમું ગુણસ્થાનક સમાપ્ત થતાંની સાથે જ આ જીવ ચોથા ગુણસ્થાનકે આવે છે અને ઉદય ઉદીરણા વિગેરે સર્વ પણ કરણો ચાલુ થાય છે.

પરંતુ જે જીવનું આયુષ્ય વધારે છે એટલે અગિયારમા ગુણસ્થાનકે મૃત્યુ થતું નથી. પરંતુ અગિયારમા ગુણસ્થાનકનો અંતર્મુહૂર્તનો કાળ સમાપ્ત થવાના કારણે અગિયારમું ગુણસ્થાનક છોડી દેવું પડે છે. તે કાળક્ષયે પતન અર્થાત્ અદ્ધાક્ષયે પતન થયું કહેવાય છે.

આવો અદ્ધાક્ષયે પડતો જીવ જેમ ચઢયો હતો. તેમ નીચે ઉતરે છે. તેથી જે જે ક્રમે સ્થિતિઘાતાદિ કરતો કરતો ઉપર આરૂઢ થયો હતો. તે જ ક્રમ પ્રમાણે પશ્ચાનુપૂર્વીએ સ્થિતિઘાતાદિને કરતો કરતો નીચે પડે છે. દસમા ગુણઠાણે આવે ત્યારે દસમાના વ્યવહાર ચાલુ કરે છે. નવમા-આઠમા-સાતમા અને છઠ્ઠા ગુણઠાણે આવે છે ત્યારે પડતાં પડતાં નવમાના-આઠમાના-સાતમાના અને છઠ્ઠાના વ્યવહારો ચાલુ કરે છે. તે પ્રમાણે બંધ ઉદય ઉદીરણા અને સત્તા ચાલુ થાય છે.

આ પ્રમાણે બંધાદિના વ્યવહારને ચાલુ કરતો આ જીવ યાવત્ પ્રમત્ત સંયત ગુણસ્થાનક સુધી અવશ્ય પડે જ છે. ત્યાર બાદ શું થાય છે ? તે હવે પછીની ગાથામાં સમજાવે છે. ॥૫૭॥

**उक्कड्ढित्ता बीयठिईहिं, उदयाइसुं खिवइ दव्वं ।**
**सेढीइ विसेसूणं, आवलिउप्पि असंखगुणं ॥ ५८ ॥**

**ગાથાર્થ :-** ઉપરની બીજી સ્થિતિમાંથી દલિકને આકર્ષીને ઉદયવાળા સમયાદિમાં વિશેષહીન વિશેષહીનના ક્રમે પ્રક્ષેપ કરે છે અને એક આવલિકાની ઉપર અસંખ્યાત ગુણાકારે ગોઠવે છે. ॥૫૮॥

**વિવેચન :-** અગિયારમા ઉપશાન્તમોહ નામના ગુણસ્થાકથી પતન પામતો આ જીવ સંજ્વલન લોભ-માયા-માન અને ક્રોધ વિગેરે કર્મોને ચઢતાં જેમ ઉપશમાવ્યા હતા તેમ પડતાં ઉદયથી ભોગવે છે. તે આ પ્રમાણે :- સૌથી પહેલો સંજ્વલન લોભનો ઉદય શરૂ થાય છે ત્યાર બાદ નીચે ઉતરતાં ઉતરતાં જ્યાં માયાનો ઉદય વિચ્છેદ થયો હતો ત્યાંથી આરંભીને પડતાં માયાનો ઉદય શરૂ થાય છે.

ત્યાર બાદ જ્યાં માનનો ઉદય વિચ્છેદ થયો હતો. ત્યાંથી આગળ ઉપર માનનો ઉદય શરૂ થાય છે. ત્યાર બાદ જ્યાં ક્રોધનો ઉદય વિરામ પામ્યો હતો ત્યાં પડતાં ક્રોધનો ઉદય શરૂ થાય છે.

આ પ્રમાણે આ જ ક્રમ વડે નીચે ઉતરતાં જ્યારે જ્યારે જે જે કષાયોનો ઉદય થવાનો સમય આવે ત્યારે ત્યારે ઉદય સમયને પામેલા એવા તે સંજ્વલન ક્રોધાદિ ચારે કષાયોને ઉદયથી અનુભવવા માટે પડતો એવો તે જીવ બીજી સ્થિતિમાંથી દલિકોને ખેંચીને પ્રથમ સ્થિતિ રૂપે કરે અને ઉદયથી ભોગવે છે. ત્યાં ઉદયવાળી પ્રથમસ્થિતિના પ્રથમ સમયમાં જે દલિક ગોઠવે તેના કરતાં બીજા-ત્રીજા-ચોથા ઇત્યાદિ સમયોમાં વિશેષહીન વિશેષહીનના ક્રમે દલિક ગોઠવે છે. તે વિગત આ પ્રમાણે જાણવી.

ઉદયવાળી પ્રથમ સ્થિતિના પ્રથમ સમયમાં વધારે દલિક, બીજા સમયે વિશેષહીન દલિક, ત્રીજા સમયે તેનાથી પણ વિશેષ હીન કર્મદલિક એમ યથોત્તર વિશેષહીન વિશેષહીનના ક્રમે આ જીવ દલિકો ગોઠવે છે. યાવત્ પ્રથમ સ્થિતિમાં ઉદયાવલિકાના ચરમ સમય સુધી આ ક્રમે દલિક રચના કરે છે.

ત્યાર બાદ એટલે કે ઉદયાવલિકા પછીના સમયથી ક્રમસર અસંખ્યાતગુણ અસંખ્યાગુણ અધિકના ક્રમે દલિકોની રચના કરે છે. તે આ પ્રમાણે - ઉદયાવાલિકા પછીના પ્રથમ જ સમયમાં અસંખ્યાતગુણ દલિક, ત્યાર પછીની બીજા સમયમાં તેના કરતાં પણ અસંખ્યાત ગુણ અધિક દલિક રચના આ જીવ કરે છે. એમ યથોત્તર ક્રમે અસંખ્યાત ગુણઅધિક અધિક દલિકોની રચના યાવત્ ગુણશ્રેણિના મસ્તક સુધી આ જીવ કરે છે. ત્યાર પછી ફરીથી પણ ઉદયાવલિકામાં કહેલા ક્રમ પ્રમાણે અર્થાત્ વિશેષહીન વિશેષહીનના ક્રમે દલિક નિક્ષેપ આ જીવ કરે છે. ॥૫૮॥

**वेइज्जंतीणेवं इयरासिं, आलिगाइ बाहिरओ ।**
**ण हि संकमाणुपुव्वी, छावलिगोदीरणाणुप्पि ॥ ५९ ॥**

**ગાથાર્થ :-** ઉદયવતી કર્મપ્રકૃતિઓના દલિકોની રચના ઉપર કહ્યા પ્રમાણે જાણવી. પરંતુ ઈતર એટલે કે અનુદયવતી કર્મ પ્રકૃતિઓની દલિકરચના એક આવલિકા પછીથી અર્થાત્.બહારથી કરે છે. તથા પતન કાળે આનુપૂર્વીએ જ સંક્રમ થાય તેવું બનતું નથી તથા છ આવલિકા પછી જ ઉદીરણા થાય તેવું પણ બનતું નથી. ॥૫૯॥

**વિવેચન :-** ઉપરોક્ત ૫૮મી ગાથામાં જે દલિકનિક્ષેપ એટલે દલિકોની રચના પ્રથમ સ્થિતિ રૂપે કરવાનું કહ્યું. પ્રથમની એક આવલિકા સુધી વિશેષહીન વિશેષહીનના ક્રમે, ત્યાર બાદ અસંખ્યાત ગુણ અધિક અસંખ્યાત ગુણ અધિકના ક્રમે યાવત્ ગુણશ્રેણિનું મસ્તક આવે ત્યાં સુધી અને ત્યાર બાદ વિશેષહીન વિશેષહીનના ક્રમે દલિકોની રચના આ જીવ કરે છે. પરંતુ આ દલિક નિક્ષેપવિધિ તે કાળે જે જે કર્મ પ્રકૃતિઓનો ઉદય પ્રવર્તે છે. તેના માટે જાણવો.

પરંતુ તે કાલે જેનો ઉદય પ્રવર્તતો નથી એવી ઈતર પ્રકૃતિઓ એટલે કે અનુદયવતી એવી કર્મપ્રકૃતિઓના દલિકોની રચના ઉદયાવલિકાથી બહાર કરે છે. પ્રથમની એક આવલિકામાં દલિક રચના આ જીવ કરતો નથી. કારણ કે તે પ્રકૃતિઓનો ઉદય ન હોવાથી પ્રથમની આવલિકામાં દલિક રચના કરાતી નથી. તેથી ઉદયાવલિકામાં દલિકનિક્ષેપ વિધિ કર્યા વિના જ તેની ઉપરના સમયથી જ દલિકનિક્ષેપ કરે છે.

તે પણ પ્રતિ સમયે અસંખ્યાતગુણ અધિકના ક્રમે ત્યાં સુધી કરે છે કે યાવત્ ગુણશ્રેણિનું મસ્તક આવે. ત્યાર પછી પ્રતિસમયે વિશેષહીન વિશેષ હીનના ક્રમે દલિક રચના જાણવી. શ્રેણી ઉપર આરોહણ કરતાં જે રીતે જે જે કાર્યો અટકાવ્યાં હતાં. તે સઘળાં કાર્યો ઉતરતી વખતે તે તે સ્થાને આવવાથી આ જીવ ચાલુ કરે છે. ચઢતી વખતે વિશુદ્ધિ વધારે હોવાથી મોહનીય કર્મનાં બંધ-ઉદય-ઉદીરણા-સંક્રમણ વિગેરે જે જે કાર્યો જ્યાંથી જ્યાંથી વિરામ પામ્યાં હતાં. ત્યાંથી ત્યાંથી ઉતરી વખતે તે તે કાર્યો આ જીવ પતનાભિમુખ હોવાથી ચાલુ કરે છે. પરંતુ હવે જણાવાતાં નીચેનાં કાર્યો ઉતરતી વખતે આ જીવ કરતો નથી. તેટલી વિશેષતા છે.

(૧) ઉપશમશ્રેણિમાં આ જીવ જ્યારે આરોહણ કરે છે ત્યારે નિર્મળ પરિણામ હતા. તેથી આનુપૂર્વીએ જ સંક્રમ કરે છે. એમ પૂર્વે કહેલું છે. પરંતુ જ્યારે પડે છે ત્યારે વિશુદ્ધ પરિણામ ન હોવાથી ક્રમસર જ સંક્રમ કરે એવો નિયમ નથી. પરંતુ અનાનુપૂર્વીએ પણ (ક્રમવિના પણ) ૧ થી ૭ ગુણસ્થાનકની જેમ સંક્રમ કરે છે.

(૨) તથા સંજ્વલન કષાયોનો બંધ થયા પછી છ આવલિકા કાળ પસાર થાય ત્યાર પછી જ ઉદીરણા કરે એમ પૂર્વે કહ્યું હતું. તે વાત પતન કાળે હોતી નથી. પરંતુ કર્મ બાંધ્યા પછી માત્ર એક આવલિકા કાળ જ (સકલ કરણને અયોગ્ય હોવાથી) તે પસાર થયા પછી તુરત જ ઉદય હોય તો તેની ઉદીરણા પ્રવર્તે છે.

ઉપરોક્ત બે પ્રસંગ સિવાઈ બાકીનું શેષ જે કંઈ જે જે સ્થાને વિચ્છેદ પામ્યું છે. તે તે કાર્ય ત્યાં ત્યાં જીવ પડતો પડતો આવે ત્યારે અવશ્ય ચાલુ કરે જ છે. તે કાર્યોમાં કર્મનો બંધ, કર્મનો સંક્રમ, અપવર્તના, ઉદીરણા, દેશોપશમના, આગાલ, નિધત્તિ અને નિકાચના આદિ કાર્યો જ્યાં જ્યાં જે જે કર્મનાં અટકયાં હતાં ત્યાં ત્યાં તે તે કર્મનાં ઉપરોક્ત સર્વ કાર્યો આ જીવ ચાલુ કરે જ છે.

આરોહણ કાળે જે વિચ્છેદ પામ્યું છે તે પતનકાળે ચાલુ થાય છે. ॥૫૯॥

**वेइज्जमाणसंजलणद्धा, अहिगा उ मोहगुणसेढी ।**
**तुल्ला य जयारूढो, अओ य सेसेहिं तुल्लत्ति ॥ ६० ॥**

**ગાથાર્થ :-** મોહનીય કર્મની ગુણશ્રેણિ વેદાતા સંજ્વલન કષાયની ગુણશ્રેણિ કરતાં પડતી વખતે કંઈક અધિક કાળ ગુણશ્રેણિ કરે છે. પરંતુ જ્યારે ઉપશ્રેણિ ઉપર આરૂઢ થયો હતો ત્યારે જેવી ગુણ શ્રેણિ કરી હતી. તેની સાથે તુલ્ય ગુણશ્રેણી કરે છે. આ કરાણથી જ શેષ કર્મોની સાથે તુલ્ય ગુણ શ્રેણિ કરે છે. ॥૬૦॥

**વિવેચન :-** હવે કયા કર્મની ગુણશ્રેણિ નાની, મોટી કે સમાન કરે છે. આ વિષય વધારે સ્પષ્ટ ગ્રંથકારશ્રી જ કરે છે.

ઉપશમ શ્રેણિમાં અગિયારમા ગુણસ્થાનકથી આ જીવ જ્યારે પડે છે. ત્યારે પડતા એવા તે જીવ વડે મોહનીય કર્મની ગુણશ્રેણિ, સંજ્વલન કષાય જે ઉદયમાં આવે છે તે વેદાતા કષાયની ગુણશ્રેણિ કરતાં કાળને આશ્રયી કંઇક અધિક કરે છે. કારણ કે કષાયોનો ઉદય એક એક ભાગ પુરતો હોય છે. જ્યારે મોહનીય કર્મનો ઉદય નવમાના સર્વભાગોમાં હોય છે. એટલે મોહનીય એવા મૂલકર્મની ગુણશ્રેણિ કંઈક અધિક હોય છે.

પરંતુ તે જ મોહનીયકર્મની ગુણશ્રેણિ શ્રેણીના આરોહણ કાળની તુલ્ય કરે છે. ગુણ સ્થાનકોમાં ચઢતાં મોહનીયકર્મની જેટલી લાંબી ગુણશ્રેણી કરી હતી. બરાબર તેટલી જ લાંબી ગુણશ્રેણિ પડતી વખતે પણ આ જીવ કરે છે.

તથા जयारूढो શબ્દમાં જે जया શબ્દ સ્ત્રીલિંગ કર્યો છે તે પ્રાકૃત ભાષા હોવાથી સ્ત્રીલિંગ કર્યું છે. હકિક્તથી તે શબ્દ ત્યાં સ્ત્રીલિંગ નથી. પરંતુ પુલ્લિંગપણે લેવાનો છે. તેથી તે પંક્તિનો અર્થ આ પ્રમાણે કરવો કે - જે સંજ્વલન કષાયના ઉદયથી આ ઉપશમ શ્રેણિનો

પ્રારંભ કર્યો હોય તે જ સંજ્વલન કષાયની ગુણશ્રેણિ જ્યારે પતન પામે ત્યારે શેષકર્મોની ગુણશ્રેણિની સાથે તુલ્ય જ ગુણશ્રેણિ કરે છે.

જેમ કે સંજ્વલન ક્રોધના ઉદયે ઉપશમ શ્રેણિનો પ્રારંભ કર્યો હોય તો તે જ ઉપશ્રેણિથી પડતાં જ્યારે સંજ્વલન ક્રોધનો ઉદય શરૂ થાય ત્યારથી પ્રારંભીને તે સંજ્વલન ક્રોધની ગુણશ્રેણિ શેષ કર્મોની ગુણશ્રેણિની સાથે તુલ્ય જ કરે છે. પણ હીનાધિક કાળવાળી ગુણશ્રેણિ આ જીવ કરતો નથી.

આ જ પ્રમાણે માનના ઉદયે શ્રેણિ પ્રારંભી હોય તો અથવા માયાના ઉદયે શ્રેણિ પ્રારંભી હોય તો પણ પતન પામે ત્યારે માનની અથવા માયાની ગુણશ્રેણિ પણ શેષકર્મોની ગુણશ્રેણિની સાથે તુલ્ય જ આરંભે છે. પણ હીનાધિક કાળવાળી ગુણશ્રેણિ કરતો નથી.

તથા સંજ્વલન લોભના ઉદયે જો ગુણશ્રેણિમાં આ જીવ આરૂઢ થયો હોય તો પ્રતિપાત કાળે અગિરમા ગુણસ્થાનકથી પડે ત્યારે પ્રથમ સમયથી આરંભીને જ સંજ્વલન લોભની ગુણશ્રેણિ શેષ કર્મોની ગુણશ્રેણિની સાથે તુલ્ય જ ગુણશ્રેણિ કરે છે. કારણ કે લોભનો ઉદય પતનના પ્રથમ સમયથી જ ચાલુ થાય છે. માન-માયા અને ક્રોધનો ઉદય થોડોક મોડો મોડો શરૂ થાય છે.

આ પ્રમાણે ગુણશ્રેણિની રચનાની વિધિ સમજાવી. ॥૬૦॥

**खवगुवसामगपरिवडमाणदुगुणो तहिं तहिं बंधो ।**
**अणुभागोऽणंतगुणो असुभाण सुभाण विवरीओ ॥ ६१ ॥**

**ગાથાર્થ :-** ક્ષપક, ઉપશામક અને પતિત આ ત્રણે પ્રકારના જીવોને તે તે સ્થાને આવે ત્યારે ત્યારે બમણો બમણો સ્થિતિબંધ થાય છે અને રસ અશુભ પ્રકૃતિઓનો અનંતગુણો અનંતગુણો બંધાય છે અને શુભપ્રકૃતિઓનો રસ તેનાથી વિપરીતપણે બંધાય છે. ॥૬૧॥

**વિવેચન :-** ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયેલા જીવને જે સ્થાને જે જે કર્મોનો જેટલો જેટલો સ્થિતિબંધ થતો હોય છે. તે તે સ્થાને આવેલા ઉપશમ શ્રેણિમાં ચઢેલા જીવને તે તે કર્મોનો સ્થિતિ બંધ તેના કરતાં દ્વિગુણો એટલે કે બમણો બમણો સ્થિતિબંધ થાય છે. કારણ કે ક્ષપકમાં જેટલી વિશુદ્ધિ છે. તેની અપેક્ષાએ ઉપશમકની વિશુદ્ધિ ઓછી છે. એટલે તેની અપેક્ષાએ મન્દ મન્દતર પરિણામ છે. તેટલા માટે બમણો બમણો સ્થિતિબંધ થાય છે.

તથા ઉપશમશ્રેણિથી પડતા જીવને તે તે સ્થાને આવે ત્યારે ઉપશમશ્રેણિમાં ચઢતા જીવ કરતાં પડતા જીવને તે તે સ્થાને દ્વિગુણ અર્થાત્ બમણો બમણો-સ્થિતિબંધ થાય છે.

આ જ સ્થિતિબંધ ક્ષપકશ્રેણિમાં ચઢતા જીવની અપેક્ષાએ ચાર ગણો સ્થિતિબંધ થાય છે. આ વર્ણન સ્થિતિબંધને આશ્રયી જણાવ્યું. હવે રસબંધને આશ્રયી સમજાવે છે.

ક્ષપકશ્રેણિમાં ચઢતા જીવને જે જે સ્થાને જે જે અશુભ પ્રકૃતિઓ બંધાય છે અને તેનો તેનો જે રસબંધ થાય છે. તેની અપેક્ષાએ ઉપશમશ્રેણિમાં ચઢતા જીવોને અનંતગુણો વધારે રસ બંધાય છે અને ઉપશમશ્રેણિમાંથી પડતા જીવને તેના કરતાં પણ અનંતગુણ અધિક રસ બંધાય છે. કારણ કે મન્દ-મન્દતર પરિણામ છે.

પરંતુ શુભપ્રકૃતિઓનો રસબંધ અશુભની અપેક્ષાએ વિપરીતપણે જાણવો. એટલે કે ઉપશમશ્રેણિથી પડતા જીવને જે જે સ્થાને જે જે કર્મપ્રકૃતિઓનો જેટલો જેટલો રસ બંધાય છે. તેના કરતાં તે તે સ્થાને તે તે શુભકર્મ પ્રકૃતિઓનો રસ ઉપશમશ્રેણિમાં ચઢતા જીવને અનંતગુણો રસ બંધાય છે.

તેના કરતાં પણ તે તે સ્થાને તે તે શુભ પ્રકૃતિઓનો અનુભાગ ક્ષપકશ્રેણિવાળા જીવને અનંતગુણ અધિક બંધાય છે. બાકીની બધી વિધિ ઉપશમશ્રેણિમાં ચઢતા જીવની અપેક્ષાએ પડતા જીવને બધી બરાબર જ સમજી લેવી એમ યાવત્ પ્રમત્ત સંયત નામના છઠ્ઠા ગુણસ્થાનકે આ જીવ પડતો પડતો આવે ત્યાં સુધી ચઢતાની જેમ જ જાણવું. ॥૬૧॥

**किच्चा पमत्ततदियरठाणे, परिवत्ति बहु सहस्साणि ।**
**हेठ्ठिल्लणंतरदुगं, आसाणं वा वि गच्छेज्जा ॥ ६२ ॥**

**ગાથાર્થ :-** પ્રમત્ત તથા તેનાથી ઈતર એવા અપ્રમત્ત ગુણસ્થાનકે હજારો વાર પરાવૃત્તિ કરે છે. ત્યાર બાદ કોઈ કોઈ જીવો પ્રમત્તથી નીચેનાં બે ગુણસ્થાનકોને સ્પર્શીને કોઈક જીવ સાસ્વાદને પણ જાય છે. ॥૬૨॥

**વિવેચન :-** આ પ્રમાણે આ જીવ જેમ ચઢતો હતો તેમ જ એટલે કે તે જ ક્રમે પડતાં છઠ્ઠા પ્રમત્ત સંયત ગુણસ્થાનક સુધી તો નિયમા પડે જ છે. ત્યાં આવ્યા પછી છઠ્ઠે અને સાતમે ગુણસ્થાનકે હજારો વાર પરાવૃત્તિ કરીને (ઉપર-નીચે ચડ-ઉતર કરીને) કોઈ કોઈ જીવો ત્યાં જ છઠ્ઠે-સાતમે જ રોકાઈ જાય છે અને કોઈ કોઈ જીવ ત્યાંથી એટલે ૬-૭ ગુણસ્થાનકેથી પડીને પાંચમુ ગુણસ્થાનક જે દેશવિરતિ તથા ચોથું ગુણસ્થાનક જે અવિરત સંમ્યગ્દૃષ્ટિ આ બન્ને ગુણસ્થાનકોનો સ્પર્શ કરીને, નીચે પતન પામે છે અર્થાત્ મિથ્યાત્વ તરફ જાય છે.

તથા આ કમ્મપડિકાર અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના (ક્ષય) કરીને જ ઉપશમશ્રેણિ મંડાય એમ માને છે એટલે પડતાં પડતાં ચોથા સુધી તો આવે જ છે. પરંતુ

અનંતાનુબંધીની સત્તા ન હોવાથી ઉદયનો સંભવ નથી માટે સાસ્વાદને જતો નથી. પરંતુ સીધો પહેલા ગુણઠાણે જાય છે અને ત્યાં ગયા પછી અનંતાનુબંધી કષાય નવો બાંધે છે. જેનો એક આવલિકા કાળ ગયા પછી ઉદય શરૂ થાય છે. આમ કમ્મપયડિકાર શ્રી શીવશર્મસૂરીશ્વરજી મહારાજશ્રી કહે છે.

પરંતુ બીજા કેટલાક આચાર્યો અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કર્યા વિના અનંતાનુબંધીની માત્ર ઉપશમના કરીને પણ ઉપશમશ્રેણિનો પ્રારંભ કરી શકાય છે. એમ માને છે તેઓના મતે અનંતાનુબંધી ચાર કષાયોની આ પ્રમાણે ઉપશમશ્રેણિથી પતન પામતા જીવની પાસે અનંતાનુબંધિની સત્તા હોવાથી પડતાં પડતાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે આવ્યા બાદ કોઈ કોઈ જીવ નીચે સાસ્વાદન ગુણસ્થાનકે પણ જાય છે અને ત્યાર બાદ મિથ્યાત્વે જાય છે. આમ માને છે.

આ પ્રમાણે જેઓના મતે અનંતાનુબંધી ચાર કષાયોની ઉપશમના થાય છે. તેઓના મતે પડતાં પડતાં કોઈક જીવ સાસ્વાદને પણ જાય છે. આવા પ્રકારનો તે આચાર્ય મહર્ષિઓનો આશય છે. આ પ્રમાણે સાસ્વાદને આવ્યા બાદ ત્યાં વધારેમાં વધારે છ આવલિકા કાળ રહીને આ જીવ નિયમા મિથ્યાત્વે જ જાય છે. ॥૬૨॥

**उवसमसम्मत्तद्धा, अंतो आउक्खया धुवं देवो ।**
**तिसु आउगेसु बद्धेसु, जेण सेढिं ण आरुहइ ॥ ६३ ॥**

**ગાથાર્થ :-** ઉપશમ સમ્યક્ત્વના કાળમાં જો કોઈ જીવ આયુષ્યના ક્ષયથી મૃત્યુ પામે તો નિયમા તે જીવ દેવ જ થાય છે. કારણ કે શેષ ત્રણ આયુષ્ય બંધાયે છતે આ જીવ શ્રેણિનું આરોહણ કરતો નથી. ॥૬૩॥

**વિવેચન :-** ઔપશમિક સમ્યક્ત્વના કાળમાં વર્તતો એવો આ ઉપશમશ્રેણિવાળો કોઈ જીવ કદાચ કાળ કરે (એટલે કે મૃત્યુ પામે) તો તે જીવ નિયમા દેવગતિ જ પામે છે. તથા ઉપશમ શ્રેણિથી પડતો પડતો સાસ્વાદને આવ્યો હોય અને કદાચ સાસ્વાદને જ કાળ પામે (મૃત્યુ પામે) તો પણ તે જીવ નિયમા દેવગતિ જ પામે છે.

તેનું કારણ એ છે કે દેવાયુષ્યને વર્જીને બાકીનાં નરકનું તિર્યંચનું અને મનુષ્યનું આયુષ્ય બંધાયે છતે આ ત્રણમાંથી કોઈ પણ આયુષ્ય બંધાયુ હોય તો તે જીવ ઉપશમશ્રેણિ ઉપર ચઢી શકતો જ નથી કે જેથી તેવા જીવનું મૃત્યુ થાય તો અન્યગતિમાં જવાનો વારો આવે. પરંતુ આવું બનતું જ નથી. માત્ર દેવાયુષ્યનો જ બંધક અથવા આયુષ્યનો અબંધક જીવ જ ઉપશમશ્રેણિ પ્રારંભે છે.

ઉપરોક્ત કારણને અનુસારે ઉપશમ શ્રેણિમાં વર્તતો કોઈ જીવ કાળ કરે તો પણ તથા ઉપશમ શ્રેણિથી પડતો સાસ્વાદને આવે અને ત્યાં કોઈ જીવ કાળ કરે તો પણ નિયમા દેવભવમાં જ જાય છે. અન્યત્ર ક્યાંય આ જીવ જતો નથી. ॥૬૩॥

**उग्घाडियाणि करणाणि, उदयठिइमाइयं इयरतुल्लं ।**
**एगभवे दुक्खुत्तो, चरित्तमोहं उवसमेइ ॥ ६४ ॥**

**ગાથાર્થ :-** ઉપશમ શ્રેણિ ઉપર આરૂઢ થતા જીવને જે જે કરણો જ્યાં જ્યાં સ્થગિત થયાં હતાં. ત્યાં ત્યાં આવતો તે જીવ તે તે કરણોને ઉઘાડે છે. (ચાલુ કરે છે) તથા ઉદય આદિ સર્વ હકિકત ઈતરની તુલ્ય જાણવી. એકભવમાં વધારેમાં વધારે બે વાર જ ઉપશમ શ્રેણિ જીવ આરંભી શકે છે. ॥૬૪॥

**વિશેષાર્થ :-** ઉપશમ શ્રેણિ ઉપર આરૂઢ થતા જીવે મોહનીયાદિ કર્મોનાં બંધન-સંક્રમણ આદિ કરણોને જ્યાં જ્યાં સ્થગિત કર્યા હતાં. જે જે કરણોને અટકાવ્યાં હતાં. વિચ્છેદ કર્યો હતો ત્યાં ત્યાં પાછો આવતો તે જ જીવ તે તે બંધન-સંક્રમણ વિગેરે કરણોને ચાલુ કરે છે. તે તે કરણોને ઉઘાડા કરે છે અર્થાત્ તેનો પ્રારંભ કરે છે.

તથા ઉપશમશ્રેણિ ઉપર આરોહણ કરતાં જેનો જેનો જ્યાં જ્યાં ઉદયાદિ (ઉદય-ઉદીરણા-સ્થિતિબંધ-રસબંધ વિગેરે) અટકાવ્યાં હતાં. તે ઉતરતાં સર્વ ભાવો ચાલુ કરે છે. સારાંશ કે ઉપશમ શ્રેણિ ઉપર ચઢવાના કાળે જે જે સ્થાને સ્થિતિબંધ અને ઉદયાદિ અટકાવ્યાં હતાં. પડતી વેળાએ તે તે સ્થાને આ જીવ જ્યારે આવે છે. ત્યારે ત્યારે તે તે કાર્યો ચાલુ કરે છે. આ વાત પૂર્વે પણ અર્થના પ્રસંગથી સમજાવેલી જ છે.

આવા પ્રકારની આ ઉપશમ શ્રેણિ કોઈ પણ મનુષ્ય જીવ જો પ્રાપ્ત કરે તો એક ભવમાં વધારેમાં વધારે બે વાર પ્રાપ્ત કરી શકે છે એટલે કે બે વાર મોહનીયનો ઉપશમ કરે છે. પરંતુ એક જ ભવમાં ત્રણવાર (ત્રીજીવાર) મોહનીય કર્મનો ઉપશમ તે જીવ કરી શકતો નથી.

તથા જે જીવ એકભવમાં બે વાર ઉપશમ શ્રેણિ પ્રારંભે છે. તે જીવ તે જ ભવમાં ક્ષપકશ્રેણિ પ્રારંભી શકતો નથી. પરંતુ જે જીવ પોતાના એક ભવમાં એકવાર ઉપશમશ્રેણિ પ્રારંભે છે. તેવા જીવને તે જ ભવમાં કદાચ ક્ષપકશ્રેણિ પણ હોઈ શકે છે. પરંતુ ક્ષપકશ્રેણિ કરે જ એવો નિયમ નથી. પણ કદાચ ક્ષપકશ્રેણિ કરે પણ ખરો. આવો વિકલ્પ છે એમ કર્મગ્રંથકાર મહર્ષિઓ માને છે.

પરંતુ આગમના આભિપ્રાય પ્રમાણે તો એટલે કે સિદ્ધાંતકારના મતે તો એક ભવમાં કોઈ પણ એક જ શ્રેણિ આ જીવ પ્રારંભી શકે છે. પરંતુ બે શ્રેણિ આ જીવ આરંભતો નથી.

એમ સિદ્ધાન્તકાર મહાત્મા કહે છે તેમાં ગાથાનું પ્રમાણ આ પ્રમાણે છે :- "अन्नयरसेढिवज्जं एगभवेणं च सव्वाइ" અન્યતર શ્રેણિને વર્જીને શેષ સઘળું પણ એક ભવમાં જીવ સર્વવસ્તુઓ પામી શકે છે." સારાંશ એ છે કે કોઈ પણ ઉચ્ચા પરિણામવાળો જીવ એક જ ભવમાં સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, બેમાંથી એક શ્રેણિ, કેવલજ્ઞાન અને સિદ્ધિપદ એમ સર્વ શ્રેષ્ઠ સ્થાનો પ્રાપ્ત કરી શકે છે. પરંતુ એક જ ભવમાં બન્ને શ્રેણિ પ્રાપ્ત કરી શકતો નથી. આવા પ્રકારનો આ સિદ્ધાન્તકારનો મત છે. ॥૬૪॥

***અવતરણ :- આ પ્રમાણે પુરુષવેદના ઉદયે જે જીવે ઉપશમ શ્રેણિનો પ્રારંભ કર્યો છે. તેની વિધિ સમજાવી. હવે સ્ત્રીવેદના ઉદયે અથવા નપુંસક વેદના ઉદયે જે જે જીવો ઉપશમ શ્રેણિનો પ્રારંભ કરે છે. તેની વિધિ સમજાવે છે :-***

**उदयं वज्जिय इत्थी, इत्थिं समयइ अवेयगा सत्त ।**
**तह वरिसवरो, वरिसवरित्थिं समगं कमारद्धे ॥ ६५ ॥**

**ગાથાર્થ :-** સ્ત્રીવેદના ઉદયે ઉપશમશ્રેણિ પ્રારંભ કરનારો સ્ત્રીનો જીવ એક ચરમ ઉદય સમયને વર્જીને બાકીનો તમામ સ્ત્રીવેદ પ્રથમ ઉપશમાવે છે. ત્યાર બાદ અવેદક થયેલો તે જીવ હાસ્યાદિ સાત નોકષાયોને ઉપશમાવે છે. પણ નપુંસકવેદના ઉદયે ઉપશમશ્રેણિનો પ્રારંભ કરનારો જીવ ક્રમસર ઉપશમાવવાને શરૂ કરેલા એવા નપુંસકવેદ અને સ્ત્રીવેદનો એકી સાથે ઉપશમ કરે છે. ॥૬૫॥

**વિવેચન :-** ઉપરની ગાથાઓમાં જે જીવો પુરુષવેદના ઉદયે ઉપશમ શ્રેષ્ઠિ પ્રારંભે છે તેવા જીવને આશ્રયી વિધિ જણાવી છે. તેથી અહીં આવી કદાચ શંકા થાય કે જો સ્ત્રીવેદના ઉદયે અથવા નપુંસકવેદના ઉદયે આ જીવ ઉપશમશ્રેણિ પ્રારંભે તો ઉપશમાવવાની શું વિધિ છે ? તે પણ આ પ્રસંગે સમજાવો.

તે સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે :- અહીં જો સ્ત્રીનો જીવ ઉપશમશ્રેણિ પ્રારંભે તો (એટલે કે સ્ત્રીવેદના ઉદયવાળો એવો સ્ત્રીનો જીવ ઉપશમ શ્રેણિ પ્રારંભે તો) સૌથી પહેલાં નપુસંકવેદ જ ઉપશમાવે છે. ત્યાર પછી સ્ત્રીવેદને ઉપશમાવે છે તે સ્ત્રીવેદને ઉપશમાવતો ઉપશમાવતો તે જીવ ત્યાં સુધી સ્ત્રીવેદને ઉપશમાવે છે કે સ્ત્રીવેદનો પોતાના ઉદયકાળનો દ્વિચરમ સમય આવે.

તે દ્વિચરમ સમય આવે ત્યારે ચરમ સમય માત્રની ઉદયની સ્થિતિવાળું એક સમયનું સ્ત્રીવેદનું કર્મદલિક બાકી રહે છે. તેને વર્જીને શેષ સઘળું ય પણ સ્ત્રીવેદ સંબંધી કર્મદલિક ઉપશાન્ત થયેલું હોય છે. તે કારણથી તે ચરમ સમય માત્ર પૂરતો જ સ્ત્રીવેદનો ઉદય બાકી રહે છે ત્યાર બાદ તે ચરમ સમય વ્યતીત થયે છતે વેદના ઉદય વિનાનો થયેલો તે સ્ત્રીનો

જીવ પુરુષવેદ અને હાસ્યાદિ ષટ્કની એમ સાત કર્મપ્રકૃતિઓની ઉપશમના કરવાનો આરંભ કરે છે.

આટલી જ વિશેષતા છે બાકીનું બધુ સ્ત્રીવેદના ઉદયે શ્રેણિ પ્રારંભકને પુરુષવેદના ઉદયે શ્રેણિ પ્રારંભ કરનારા જીવની જેમ જ સ્વરૂપ જાણવું. હવે નપુંસકવેદના ઉદયે શ્રેણિનો પ્રારંભ કરનારો જે જીવ છે તેને આશ્રયી ઉપશમનાવિધિ જણાવે છે.

વર્ષધર એટલે કે નપુંસકવેદ, તે વેદના ઉદયવાળો જીવ જ્યારે ઉપશમશ્રેણિ પ્રારંભ કરવાનો ઉદ્યમ કરે છે. ત્યારે ક્રમસર શરૂ કરેલા એવા નપુંસકવેદને અને સ્ત્રીવેદને એકી સાથે બન્નેને ભેગા ઉપશમાવે છે. "कमारद्धो" = અનુક્રમે શરૂ કર્યા હોવા છતાં બન્નેને સાથે જ ઉપશમાવે છે.

આ બાબતમાં આચાર્ય મહાત્મા પુરુષોનો સંપ્રદાય આ પ્રમાણે જણાવે છે :- સ્ત્રીવેદના ઉદયે અને પુરુષવેદના ઉદયે જે જીવો ઉપશમ શ્રેણિ સ્વીકારે છે. તે જીવો જે સ્થાને નપુસંકવેદ ઉપશમાવે છે. તેનાથી થોડાક જ અધિકકાળે નપુંસકવેદના ઉદયે ઉપશમશ્રેણિ માંડનાર જીવ પણ કેવળ એકલા નપુંસકવેદને જ ઉપશમાવવાનો આરંભ કરે છે. ત્યાર બાદ થોડાક આગળ જઈને નપુંસકવેદ અને સ્ત્રીવેદ એમ બન્નેને સાથે ઉપશમાવવા લાગે છે. બન્ને વેદોને સાથે સાથે ઉપશમાવતો ઉપશમાવતો એવો તે જીવ ત્યાં સુધી આગળ જાય છે કે નપુંસકવેદના ઉદયનો જે કાળ છે. તેનો દ્વિચરમ સમય આવે.

જ્યારે નપુંસકવેદના ઉદયનો માત્ર એક સમય જ બાકી હોય ત્યારે દ્વિચરમ સમયમાં જ સ્ત્રીવેદ સર્વથા ઉપશાન્ત થઈ જાય છે. સાથે સાથે નપુંસકવેદ પણ લગભગ ઉપશાન્ત થઈ જાય છે. માત્ર તેનો ઉદય ચાલુ હોવાથી તેની એક સમય માત્રની ચરમ સ્થિતિ ઉદયથી ભોગવવાની બાકી રહે છે. ત્યારે સ્ત્રીવેદ સર્વથા ઉપશાન્ત થાય છે.

તેના પછીના સમય માત્રમાં નપુંસકવેદ પણ ઉદયથી ભોગવીને પછી વેદના ઉદય વિનાનો અવેદક થયો છતો આ જીવ હાસ્યાદિ ષટ્ક અને પુરુષવેદ એમ સાત કર્મ પ્રકૃતિઓને ઉપશમાવવાની શરૂઆત કરે છે. ત્યાર પછીનો બધો વિષય પહેલાં કહ્યો છે. તે પ્રમાણે જ જાણવો. આ પ્રમાણે ત્રણે વેદના ઉદયે શ્રેણિ પ્રારંભ કરનારા જીવોમાં જે જે વિશેષતા હતી તે જણાવી. ॥૬૫॥

## સર્વોપશમના સમાપ્ત

## દેશોપશમના

*અવતરણ :- આ પ્રમાણે સર્વોપશમના સમજાવી હવે દેશોપશમના કહેવાય છે. તે કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-*

**पगइठिईअणुभागप्पएसमूलुत्तराहिं पविभत्ता ।**
**देसकरणोवसमणा तीए समियस्स अत्थपयं ॥ ६६ ॥**

**ગાથાર્થ :-** પ્રકૃતિ સ્થિતિ અનુભાગ (રસ) અને પ્રદેશ, તથા મુલકર્મ વિષયક અને ઉત્તરકર્મવિષયક એમ અનેક ભેદોથી વિભક્ત એવી દેશોપશમના છે. તેના વડે ઉપશમિત થયેલા કર્મનું આ વિશેષ અર્થમદ (લક્ષણ) છે. ॥૬૬॥

**વિવેચન :-** દેશોપશમના વડે ઉપશમ પામેલા કર્મદલિકોમાં ઉદ્વર્તના-અપવર્તના અને સંક્રમણ સ્વરૂપ ત્રણ કરણો પ્રવર્તે છે. પરંતુ ઉદીરણા-વિગેરે શેષ કરણો પ્રવર્તતાં નથી. સર્વોપશમનાથી દેશોપનામનાની આ જ વિશેષતા છે. સર્વોપશમનામાં એક પણ કરણ પ્રવર્તે નહીં અને દેશોપશમાનામાં આ ત્રણ કરણો પ્રવર્તે આટલો બન્નેમાં તફાવત છે.

તથા યથાપ્રવૃત્તકરણ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ ત્રણ કરણોમાંથી દેશભૂત (અંશ માત્ર સ્વરૂપ) એવાં યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ એ નામનાં માત્ર બે જ કરણો વડે કરાતી જે ઉપશમના તે **દેશોપશમના** કહેવાય છે.

અથવા ઉપર કહેલા સ્વરૂપવાળાં બે કરણો વડે કરાતી જે ઉપશમના તે કરણોપશમના તથા દેશભાગની એટલે કે પ્રકૃતિ આદિ ચારે ભાગોના એક દેશની જે કરણોપશમના તે દેશકરણોપશમના આવો ષષ્ઠી તત્પુરુષ સમાસ કરવો. સારાંશ એવો છે કે બે કરણો વડે પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ ઇત્યાદિ ચારેને દેશથી (આંશિક રૂપે) જે ઉપશમ કરવો પણ સર્વથા ઉપશમ ન કરવો તે દેશોપશમના કહેવાય છે.

તે દેશોપશમના ચાર પ્રકારો છે તે ચાર પ્રકાર આ પ્રમાણે જાણવા. (૧) પ્રકૃતિ દેશોપશમના, (૨) સ્થિતિ દેશોપશમના, (૩) અનુભાગ દેશોપશમના, (૪) પ્રદેશ દેશોપશમના તથા વળી આ ચારે પ્રકારની દેશોપશમના બે બે પ્રકારની છે. (૧) મૂલકર્મ પ્રકૃતિ વિષયક અને (૨) ઉત્તમકર્મપ્રકૃતિ વિષયક,

તે દેશોપશમના વડે ઉપશાન્ત થયેલું કર્મદલિક કેવું હોય છે ? તે સમજાવવા માટે

દેશોપશમના શબ્દનો વધારે સ્પષ્ટ અર્થ એટલે કે અર્થવાળું પદ અર્થાત્ તેનું વિશેષ રહસ્ય આ પ્રમાણે છે. જે હવે પછીની ગાથામાં કહેવાશે. ॥૬૬॥

**उव्वट्टणओवट्टण संकमणाइं, च तिन्नि करणाइं ।**
**पगइतया उवसमिउं, पहू नियट्टिम्मि वट्टंतो ॥ ६७ ॥**

**ગાથાર્થ :-** ઉદ્‌વર્તના - અપવર્તના અને સંક્રમણ આ ત્રણ જ કરણો જેમાં થાય તે દેશોપશમના કહેવાય છે. તે દેશોપનામના વડે ઉપશમ કરવાને સમર્થ જીવ અપૂર્વકરણમાં વર્તતો હોય ત્યાં સુધી જ થાય છે. (આગળ ઉપર આ કરણ પ્રવર્તતું નથી.) ॥૬૭॥

**વિવેચન :-** દેશોપશમના વડે ઉપશાન્ત થયેલા કર્મમાં ઉદ્‌વર્તના - અપવર્તના અને સંક્રમણ આ ત્રણ જ કરણો પ્રવર્તે છે. પરંતુ અન્ય બીજાં કોઈ કરણો પ્રવર્તતાં નથી. તેને જ દેશોપશમના કહેવાય છે. દેશોપશમનો સર્વોપશમનાથી આ જ મુખ્ય ભેદ છે.

આ દેશોપશમના વડે કર્મનો ઉપશમ કરવાને જીવ ક્યાં સુધી સમર્થ થાય છે ? આવા પ્રશ્નનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે -

મૂલપ્રકૃતિ વિષયક કે ઉત્તર પ્રકૃતિ વિષયક દેશોપશમના કરવાને માટે આ જીવ ત્યાં સુધી જ સમર્થ (શક્તિશાળી) બને છે કે નિવૃત્તિકરણ અર્થાત્ અપૂર્વકરણ છે બીજુ નામ જેનું એવા આ કરણના પર્યવસાનવાળા એવા અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકના ચરમ સમય સુધીમાં વર્તમાન જીવ જ જાણવા. તેનાથી ઉપર ગયેલા જીવો આ દેશોપશમનાના અનધિકારી છે આમ સમજવું.

ઉપર કહેલી વાતનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો. (મિથ્યાત્વ ગુણસ્થાકથી પ્રારંભીને) અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનક સુધીમાં વર્તતા એકેન્દ્રિય-બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય તથા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો-નારકી-દેવો અને મનુષ્યના જીવો યથાસંભવ આ સર્વે જીવો દેશોપશનાના સ્વામી જાણવા.

તથા વળી આ દેશોપશમના સર્વ કર્મોની થાય છે. કેવળ એકલા મોહનીય કર્મની જ થતી નથી. પણ મોહનીયની તથા શેષકર્મોની પણ દેશોપશમના થાય છે. ॥૬૭॥

*અવતરણ :- આ જ વિષયમાં જે કંઈક વિશેષતા છે તે સમજાવે છે.*

**दंसणमोहाणंताणुबंधिणं, सगणियट्टिओ णुप्पि ।**
**जा उवसमे चउद्धा, मूलुत्तरणाइसंताओ ॥ ६८ ॥**

**ગાથાર્થ**:- દર્શનમોહનીય કર્મની ત્રણ અને અનંતાનુબંધી ચાર એમ કુલ સાત કર્મપ્રકૃતિઓની પોતાના અપૂર્વકરણથી આગળ દેશોપશમના થતી નથી. તથા મૂલકર્મ અને ઉત્તરકર્મોમાં જે અનાદિકાલીન સત્તાવાળી પ્રકૃતિઓ છે. તેની દેશોપશમના સાદ્યાદિ ચાર પ્રકારે છે. ॥૬૮॥

**વિવેચન** :- મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય આ ત્રણે કર્મો તથા અનંતાનુબંધી ચાર કષાય આ સાત પ્રકૃતિઓની દેશોપશમના ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં ચોથા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનકમાં જ પોત પોતાના અપૂર્વ કરણથી આગળ સંભવતી નથી.

ત્યાં દર્શનમોહનીયની ત્રણ કર્મપ્રકૃતિઓના ક્ષપક અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર જીવો (૪-૫-૬-૭ આ ચાર ગુણસ્થાનક વાળા જીવો) જાણવા. તથા ઉપશમક જીવોમાં ઉપશમશ્રેણિના પ્રારંભક મનુષ્યો આ દેશોપશમના પ્રાપ્ત કરી શકે છે. સર્વવિરતિ જેઓએ પ્રાપ્ત કરી છે એવા છઠ્ઠા-સાતમા ગુણાસ્થાનકવાળા જીવો દેશોપશમના કરે છે. તે પણ શ્રેણિ માટેનાં કરેલાં ત્રણ કરણો પૈકી પોતપોતાનું અપૂર્વકરણ આવે તેના ચરમ સમય સુધી જ દેશોપશમના કરે છે.

કમ્મમયડિકાર અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરીને જ ઉપશમશ્રેણિનો પ્રારંભ થાય તેમ માને છે. તેથી અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના કરતાં કરતાં તેમાં પ્રવર્તેલા ચારે ગતિના જીવો વિસંયોજનાના ત્રણ કરણ પૈકી પોતાના અપૂર્વકરણના ચરમ સમય સુધી આ દેશોપશમના કરે છે.

આ સાત કર્મપ્રકૃતિઓ વિના ચારિત્રમોહનીય કર્મની શેષ રહેલી (૨૧) એકવીસ કર્મપ્રકૃતિઓની દેશોપશમના ઉપશમનાના કાળે (ઉપશમશ્રેણિમાં) તથા ક્ષપણાનાકાળે (ક્ષપક-શ્રેણિમાં) યાવત્ અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકના અન્તિમ સમય સુધીમાં વર્તતા જીવો કરે છે અર્થાત્ તે જ જીવો દેશોપશમનાના સ્વામી જાણવા.

સર્વોપશમના મોહનીય કર્મની જ થાય છે. મોહનીય વિના શેષકર્મોની સર્વોપશમના થતી નથી. પરંતુ માત્ર દેશોપશમના જ થાય છે તે પણ અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકના ચરમ સમય સુધી જ થાય છે. આગળ દેશોપશમના થતી નથી.

આ પ્રમાણે સર્વોપશમના અને દેશોપશમનાનો વ્યવસ્થિત વિભાગ સમજાવીને. હવે સાદ્યાદિ પ્રરૂપણા ગ્રંથકારશ્રી સમજાવે છે :-

મૂલકર્મોની કે ઉત્તરકર્મોની જે જે પ્રકૃતિઓ અનાદિકાળની સત્તાવાળી છે. વારંવાર બંધ કરવાથી તથા અન્ય અન્ય પ્રકૃતિઓના સંક્રમથી જેઓની સત્તા અનાદિની છે. તે કર્મો આ ઉપશમમાં એટલે કે દેશોપશમનામાં સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદથી ચાર પ્રકારે છે.

ત્યાં આઠે મૂલકર્મોની પણ દેશોપશમના અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનક સુધી જ થાય છે. જ્યારે તેનાથી આગળ આ આત્મા જાય છે ત્યારે દેશોપશમના થતી નથી. આ કારણથી નવમા-દસમા અને અગિયારમા ગુણસ્થાનકે ગયેલા જીવો જ્યારે ત્યાંથી પતન પામે છે. ત્યારે આઠમા ગુણસ્થાનકે આવતાં જ આ દેશોપશમના શરૂ થાય છે ત્યારે દેશોપશમનાની સાદિ, આઠમા ઉપરનાં ગુણસ્થાનકો જે જીવ નથી પામ્યો. તે જીવને આ મૂલ આઠ કર્મોની દેશોપશમના અનાદિ, અભવ્ય આત્માઓને અથવા સદાકાળ પ્રથમ જ ગુણસ્થાનક છે અને પ્રથમ જ રહેવાનું છે. માટે ધ્રુવ અને ભવ્ય આત્માઓને ઉપશમશ્રેણિ અથવા ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરશે ત્યારે દેશોપશમના અવશ્ય વિરામ પામશે જ. તે માટે અધ્રુવ આ પ્રમાણે મૂલ આઠે કર્મોની દેશોપશમના સાદ્યાદિ ચાર પ્રકારે છે. આ મૂલકર્મોની સાદ્યાદિ પ્રરૂપણા કરી.

હવે ઉત્તર પ્રકૃતિઓની દેશોપશમનામાં સાદ્યાદિ ભાંગા સમજાવાય છે ત્યાં વૈક્રિય સપ્તક, આહારક સપ્તક, મનુષ્યદ્વિક, દેવદ્વિક, નરકદ્વિક, સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, ઉચ્ચગોત્ર, સ્વરૂપ ઉદ્વલના યોગ્ય (૨૩) ત્રેવીસ કર્મપ્રકૃતિઓ, તથા જિનનામકર્મ અને ચાર પ્રકારનાં આયુષ્યકર્મ (૨૩+૧+૪ = ૨૮) એમ કુલ (૨૮) અઠયાવીસ પ્રકૃતિઓ વિના બાકીની (૧૩૦) એકસોહ અને ત્રીસ કર્મપ્રકૃતિઓ ધ્રુવ સત્તાવાળી છે. અનાદિકાળથી દરેક જીવોને સત્તામાં છે જ.

તે (૧૩૦) એકસોહ ત્રીસ કર્મપ્રકૃતિઓની દેશોપશમના સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવના ભેદ વડે ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે છે :-

મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધી ચાર કષાય એમ કુલ પાંચ પ્રકૃતિઓની દેશોપશમના પોતપોતાના અપૂર્વકરણ નામના કરણ સુધી જ દેશોપશમના હોય છે. મિથ્યાત્વ મોહનીયના પહેલા ગુણઠાણે જ ત્રણ કરણ કરીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં સમ્યક્ત્વના પૂર્વકાળમાં જે ત્રણ કરણો થાય છે. તેમાં અપૂર્વકરણના અન્તિમ સમય સુધી જ દેશોપશમના પ્રવર્તે છે. અપૂર્વકરણ કરીને અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે ત્યારે અને સમ્યક્ત્વ પ્રાપ્ત કરે ત્યારે દેશોપશમના હોતી નથી.

તથા અનંતાનુબંધી ચાર કષાયોની ચોથાથી સાતમા ગુણસ્થાનકમાં વર્તતા જીવો જ્યારે વિસંયોજના કરવા માટે પ્રેરાય છે ત્યારે અપૂર્વકરણ નામના બીજા કરણ સુધી જ દેશોપશમના કરે છે. આગળ જાય અને અનિવૃત્તિકરણાદિ કરે ત્યારે દેશોપશમના આ જીવ કરતો નથી.

તે કારણથી આવા પ્રકારના દેશોપશમનાના વ્યવચ્છેદવાળા ઉપરના સ્થાનને પ્રાપ્ત કરીને ત્યાંથી પતન પામતા જીવોને નીચેના ગુણઠાણાઓમાં આવે ત્યારે આ દેશોપશમના

ચાલુ થાય છે. તેથી તેવા જીવોને આ દેશોપશમનાની સાદિ, તે સ્થાન જે જીવો પામ્યા નથી. તેઓને દેશોપશમના વિરામ પામતી નથી માટે અનાદિ, ધ્રુવ અને અધ્રુવ પૂર્વની જેમ અભવ્ય અને ભવ્યને આશ્રયી સમજી લેવી. એમ (૧૩૦) એકમોહ ત્રીસ કર્મોની દેશોપશમના ચાર પ્રકારે છે.

બાકી રહેલી ઉદ્વલના યોગ્ય (૨૮) અઠ્ઠાવીસ કર્મપ્રકૃતિઓની સત્તા જ અધ્રુવ હોવાથી ક્યારેક જ સત્તા હોય અને ક્યારેક સત્તા ન હોય. તે કારણથી તે (૨૮) કર્મપ્રકૃતિઓની દેશોપશમના સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે જ છે. આમ સમજવું. ॥૬૮॥

*અવતરણ :- હવે દેશોપશમનાને આશ્રયી પ્રકૃતિ સ્થાન પ્રરૂપણા કરાય છે :-*

**चउराइजुआ वीसा, एक्कवीसा य मोहठाणाणि ।**
**संकमणियट्टि पाओग्गाइं, सजसाइं नामस्स ॥ ६९ ॥**

**ગાથાર્થ :-** મોહનીય કર્મનાં ચાર વિગેરેથી યુક્ત વીસ (૨૪-૨૫-૨૬-૨૭ અને ૨૮) તથા એકવીસ એમ કુલ છ પ્રકૃતિ સ્થાનો છે તથા નામકર્મમાં પ્રકૃતિસ્થાન સંક્રમમાં જે જે સ્થાનો યશ નામકર્મવાળાં છે તે તે જ નિવૃત્તિ પ્રાયોગ્ય અર્થાત્ અપૂર્વકરણ પ્રાયોગ્ય છે. ॥૬૯॥

**વિવેચન :-** મોહનીયકર્મની દેશોપશમનામાં કુલ (૬) છ પ્રકૃતિસ્થાન હોય છે. પ્રથમ (૨૧) એકવીસનું તથા ચાર આદિથી યુક્ત એવાં વીસ પ્રકૃતિવાળાં (૨૪-૨૫-૨૬-૨૭ અને ૨૮) અર્થાત્ એકવીસ, ચોવીસ પચ્ચીસ, છવ્વીસ, સત્તાવીસ અને અઠ્ઠાવીસ એમ કુલ છ પ્રકૃતિસ્થાનો મોહનીયકર્મનાં હોય છે.

મોહનીયકર્મનાં કુલ ૧૫ સત્તા સ્થાનો છે. પરંતુ ઉપરનાં છ સ્થાનો વિના શેષ સ્થાનો અનિવૃત્તિ બાદર સંપરાય નામના નવમા ગુણસ્થાનકે આવતાં હોવાથી અને ત્યાં દેશોપશમના ન હોવાથી અહીં ગ્રહણ કર્યાં નથી.

ત્યાં સૌથી પ્રથમ (૨૮) અઠ્ઠાવીસ પ્રકૃતિઓનું દેશોપશમનાનું સ્થાન પ્રથમનાં ત્રણ ગુણસ્થાનકવર્તી જીવોમાં તથા ચારથી સાત ગુણસ્થાનકમાં વર્તતા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવોમાં હોય છે. જો કે આઠમા ગુણસ્થાનકે દેશોપશમના છે. પરંતુ કમ્મપયડિકાર એમ માને છે કે ચાર અનંતાનુબંધી કષાયની વિસંયોજના કરી હોય તે જીવ અથવા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ જ ઉપશમશ્રેણિ પ્રારંભે આવા જીવને ૨૮ની સત્તા જ ન હોવાથી ૨૮ની દેશોપશમના સંભવતી નથી માટે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવને ૪ થી ૭માં આ ૨૮ વાળી દેશોપશમના હોય છે.

તથા (૨૭) સત્તાવીશ પ્રકૃતિઓનું દેશોપશમનાનું સ્થાન સત્તાવીસની સત્તાવાળા મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિ જીવને હોય છે. તથા (૨૬) છવ્વીસ પ્રકૃતિઓનું મોહનીય કર્મનું

દેશોપશમનાનું સ્થાન અનાદિ મિથ્યાદષ્ટિ જીવને તથા સમ્યક્ત્વ પામીને પતન પામ્યા પછી સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય આ બન્નેની ઉદ્વલના જે જીવે કરી લીધી છે તેવા છવ્વીસની સત્તાવાળા જીવને આ ૨૬ની દેશોપશમના જાણવી.

(૨૫) પચીસ પ્રકૃતિઓનું દેશોપશમનાનું સ્થાન અનાદિ મિથ્યાદષ્ટિ જીવ જે (૨૬) છવ્વીસની સત્તાવાળો છે તે જીવ જ્યારે ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતો હોય ત્યારે ત્રણ કરણો કરતાં અપૂર્વકરણથી ઉપર જાય ત્યારે છવ્વીસમાંથી મિથ્યાત્વ મોહ વિના (૨૫) પચ્ચીસનું સ્થાન દેશોપશમનામાં હોય છે. કારણ કે ત્યારે મિથ્યાત્વમોહનું અપૂર્વકરણ સમાપ્ત થયેલ હોવાથી મિથ્યાત્વ મોહનીયની પણ દેશોપશમના નિવૃત્તિ પામી છે.

તથા અનંતાનુબંધી ચાર કષાયોની ઉદ્વલના અથવા વિસંયોજના કરનારા જીવને અપૂર્વકરણ પસાર કર્યા પછી ચાર અનંતાનુબંધી વિના શેષ (૨૪) ચોવીસની દેશોપશમના જાણવી અથવા ચારે અનંતાનુબંધીની જે જીવે વિસંયોજના કરી લીધી છે અને તેના કારણે તેની સત્તા ન હોવાથી (૨૪) ચોવીસની જ સત્તાવાળા જીવને ચોવીસનું દેશોપશમનાનું સ્થાન હોઈ શકે છે.

તથા દર્શન સપ્તકનો જે આત્માએ ક્ષય કર્યો છે તેવા (૨૧) એકવીસની સત્તાવાળા જીવને (૨૧) એકવીસનું દેશોપશમનાનું સ્થાન સંભવે છે. આ પ્રમાણે મોહનીય કર્મમાં (૨૮-૨૭-૨૬-૨૫-૨૪ અને ૨૧ એમ કુલ) છ દેશોપશમનાનાં સ્થાનો હોય છે. બાકીનાં સત્તાસ્થાનો નવમા ગુણઠાણા વિગેરેમાં સંભવતાં હોવાથી ત્યાં દેશોપશમના નથી. માટે તે સ્થાન દેશોપશમનામાં ગણાતા નથી.

હવે નામકર્મનાં દેશોપશમનાનાં સ્થાનો સમજાવે છે - નામ કર્મમાં પ્રકૃતિ સ્થાન સંક્રમમાં જે જે યશકર્મવાળાં સ્થાનો છે. તે જ નિવૃત્તિ પ્રાયોગ્ય છે અર્થાત્ અપૂર્વકરણ ગુણસ્થાનક સુધી હોય તેવાં સંભવી શકે છે અને તે જ દેશોપશમનાને યોગ્ય છે.

તે સ્થાનો આ પ્રમાણે જાણવાં (૧૦૩-૧૦૨-૯૬-૯૫-૯૩-૮૪ અને ૮૨ એમ કુલ (૭) સાત દેશોપશમનાનાં સ્થાનો છે. ત્યાં નામકર્મની સર્વ પ્રકૃતિઓ જેને સત્તામાં હોય તેને એકસોહને ત્રણ, તીર્થ કરનામકર્મ જેને ન હોય તેને એકસોહ બે, આહારક સપ્તક જેને ન હોય તેવા જીવને છન્નું, તથા આહારક સપ્તક અને તીર્થંકરનામકર્મ એમ આઠ પ્રકૃતિઓની સત્તા જે જીવને નથી તેવા જીવને પંચાણું આ ચાર દેશોપશમનાનાં સ્થાનો તેવી તેવી સત્તાવાળા જીવને અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકના ચરમ સમય સુધી હોય છે.

બાકીનાં (૯૩-૮૪-૮૨) ત્રાણું - ચોર્યાશી અને બ્યાસી રૂપ ત્રણ દેશોપશમનાનાં સ્થાનો એકેન્દ્રિયાદિ જીવોમાં તેવી સત્તાવાળા જીવોમાં હોય છે. પરંતુ શ્રેણિ ઉપર આરૂઢ

થયેલા જીવોમાં સંભવતાં નથી. બાકીનાં સત્તાસ્થાનો તો અપૂર્વકરણ ગુણસ્થાનકથી ઉપરના સ્થાનોમાં જ હોય છે. ત્યાં દેશોપશમના હોતી જ નથી. તે માટે તે સ્થાનો દેશોપશમના માટે યોગ્ય નથી. આ પ્રમાણે નામકર્મનાં દેશોપશમનાનાં સ્થાનો સમજાવ્યાં.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાયકર્મ આ ચારે કર્મોમાં દેશોપશમનાને યોગ્ય એક એક જ સ્થાન છે. ત્યાં જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મમાં પાંચ પ્રકૃતિ આત્મક એક સ્થાન, દર્શનાવરણીય કર્મમાં નવ પ્રકૃતિ આત્મક એક સ્થાન, વેદનીય કર્મમાં બે પ્રકૃતિ આત્મક એક સ્થાન જાણવાં તથા ગોત્રકર્મમાં પણ બે પ્રકૃતિ આત્મક એક સ્થાન તથા એક પ્રકૃતિ આત્મક એક સ્થાન એમ ગોત્રકર્મમાં બે સ્થાનો હોય છે. જે આત્માએ તેઉકાય-વાઉકાયમાં જઈને ઉચ્ચગોત્રની ઉદયલના કરી લીધી છે. તેવા જીવને એકની સત્તા અને જે આત્માએ હજુ ઉદવલના કરી નથી. તેવા જીવને બેની સત્તા હોય છે. આમ ગોત્રકર્મમાં સત્તાસ્થાન બે હોવાથી દશોપશમનાનાં સ્થાનો પણ બે હોય છે.

તથા આયુષ્યકર્મમાં દેશોપશમનાનાં બે પ્રકૃતિસ્થાનો જાણવાં. બે પ્રકૃતિનું તથા એક પ્રકૃતિનું, ત્યાં જે આત્માએ પરભવનું આયુષ્ય બાંધી લીધું છે તે જીવને બેનું અને જે આત્માએ પરભવનું આયુષ્ય બાંધ્યું નથી. તેવા જીવને એકનું દેશોપશમનાનું સ્થાન હોય છે. આ પ્રમાણે આઠે કર્મોમાં પ્રકૃતિ દેશોપશમના સમજાવી. ॥૬૯॥

*અવતરણ :- પ્રકૃતિ દેશોપશમના કહી હવે સ્થિતિ દેશોપશમના કહે છે :-*

**ठिइसंकमोव्व ठिइउवसमणा नवरिं जहन्नया कज्जा ।**
**अब्भवसिद्धि जहन्ना, उव्वलगणिमट्टिगे वियरा ॥ ७० ॥**

**ગાથાર્થ :-** સ્થિતિની દેશોપશમના સ્થિતિ સંક્રમની જેમ જ જાણવી. પરંતુ જઘન્ય દેશોપશમના અભવ્યસિદ્ધિ પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિની સત્તાવાળા જીવને કહેવી તથા જે ઇતર પ્રકૃતિઓ રહી તેની દેશોપશમના ઉદ્‌વલક જીવમાં અપૂર્વકરણ સુધી કહેવી ॥૭૦॥

**વિવેચન :-** સ્થિતિની દેશોપશમના સ્થિતિ સંક્રમની જેમ જ જાણવી. ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમથી ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોપશમનામાં.કોઈ વિશેષતા નથી. તથા જઘન્ય સ્થિતિ દેશોપશમના પણ લગભગ જઘન્ય સ્થિતિ સંક્રમની તુલ્ય જ છે. પરંતુ એટલું વિશેષ છે કે જઘન્ય દેશોપશમનાના સ્વામિત્વની પ્રરૂપણા અભવ્યસિદ્ધિ પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિમાં વર્તતા એકેન્દ્રિય જીવને કરવી. કારણ કે તેવા જીવને જ ઘણું કરીને સર્વ કર્મોની જઘન્ય સ્થિતિ પ્રાપ્ત થાય છે.

તથા જે ઇતર પ્રકૃતિઓ છે એટલે કે અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિ સત્તાવાળી જે પ્રકૃતિઓ નથી હોતી, તેઓની ઉદ્‌વલક જીવમાં અથવા અપૂર્વકરણમાં જઘન્ય સ્થિતિ

દેશોપશમના જાણવી. ત્યાં ઉદ્‌વલક જીવમાં જો દેશોપશમના લો, તો ઉદ્‌વલના પ્રાયોગ્ય જે જે કર્મપ્રકૃતિઓ છે તેઓનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપ જે અન્તિમ સ્થિતિ ખંડ છે. તેમાં ઉદ્‌વલના કરવા માટે આ જીવ જ્યારે વ્યાપ્ત હોય ત્યારે જઘન્ય દેશોપશમનાનો સ્વામી જાણવો.

તેમાં પણ આહારક સપ્તક, સમ્યક્ત્વ મોહનીય તથા મિશ્ર મોહનીય માટે એકેન્દ્રિય જીવ અથવા એકેન્દ્રિયથી ભિન્ન જીવ પણ સ્વામી જાણુવો તથા બાકીની શેષ ઉદ્‌વલના યોગ્ય કર્મપ્રકૃતિઓ જેમ કે વૈક્રિય સપ્તક, દેવદ્વિક, નરકદ્વિક, મનુષ્યાદ્વિક અને ઉચ્ચગોત્ર એમ કુલ ૧૪ કર્મપ્રકૃતિઓની જઘન્ય દેશોપશમનાનો સ્વામી એકેન્દ્રિય જીવ જ જાણવો.

ઉપરોક્ત ૯ + ૧૪ = ૨૩ પ્રકૃતિઓ વિના બાકીની બધી જ કર્મપ્રકૃતિઓની સ્થિતિની અપેક્ષાએ જઘન્ય દેશોપશમના અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમ સમયે જ આ જીવ કરે છે. કારણ કે ત્યાં જ જઘન્ય સ્થિતિ પ્રાપ્ત થાય છે. માટે ત્યાં જ જઘન્ય સ્થિતિ દેશોપશમના પણ સંભવે છે. ॥૭૦॥

**अणुभागसंकमसमा अणुभागुवसामणा णियट्टिम्मि ।**
**संकमपएसतुल्ला पएसउवसामणा चेत्थ ॥ ७१॥**

**ગાથાર્થ :-** અનુભાગ દેશોપશમના અનુભાગ સંક્રમની તુલ્ય જ જાણવી. પણ નિવૃત્તિકરણ સુધી જ હોય છે. તથા પ્રદેશ દેશોપશમના પણ પ્રદેશના સંક્રમ તુલ્ય જ જાણવી. ॥૭૧॥

**વિવેચન :-** સ્થિતિ દેશોપશના સમજાવીને હવે અનુભાગ દેશોપશમના તથા પ્રદેશ દેશોપશમના સમજાવે છે. ત્યાં અનુભાગ દેશોપશમના બરાબર અનુભાગ સંક્રમની તુલ્ય જ કહેવી. પરંતુ તે ક્યાં સુધી કહેવી ? આવો પ્રશ્ન થાય તો ગ્રંથકારશ્રી કહે છે કે :- નિવૃત્તિકરણ સુધી અર્થાત્ અપૂર્વકરણના ચરમ સમય સુધી જ આ દેશોપશના કહેવી. અનુભાગ સંક્રમ ભલે અપૂર્વકરણ સમાપ્ત થયા પછી પણ ચાલતો હોય. પરંતુ દેશોપશમના તો અપૂર્વકરણ સુધી જ કહેવી.

ઉપરોક્ત વાતનો સારાંશ એ છે કે :- જે જીવ પૂર્વે અનુભાગ સંક્રમનો સ્વામી કહ્યો છે. સંક્રમણકરણમાં, તે જ જીવ ઉત્કૃષ્ટ અનુભાગ દેશોપશમનાનો સ્વામી પણ જાણવો. ત્યાં અશુભ પ્રકૃતિઓની દેશોપશનાનો સ્વામી મિથ્યાદષ્ટિ જીવ સમજવો અને શુભપ્રકૃતિઓની દેશોપશમનાનો સ્વામી સમ્યગ્દૃષ્ટિ જીવ જાણવો.

પરંતુ જે પુણ્ય પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અનુભાગનો સંક્રમ આઠમા ગુણસ્થાનકથી પણ

ઉપર થાય છે. પરંતુ દેશોપશમના તો અપૂર્વકરણ ગુણસ્થાનક સુધી જ થાય છે. તેથી સાતા વેદનીય, યશ નામકર્મ, અને ઉચ્ચગોત્ર આ ત્રણે પુણ્ય પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ અનુભાગ સંક્રમના સ્વામી અપૂર્વકરણ ગુણસ્થાનકથી ઉપર પણ હોય છે. પરંતુ ઉત્કૃષ્ટ દેશોપશમનાના સ્વામી તો વધારેમાં વધારે અપૂર્વકરણ ગુણસ્થાનકના ચરમ સમય સુધી જ જાણવા.

હવે જઘન્ય દેશોપદેશના સંબંધી ચર્ચા સમજાવે છે કે જિનનામકર્મ વિના સર્વે પણ કર્મોની જઘન્ય દેશોપશમના એકેન્દ્રિયના ભવમાં કોઈ પણ જીવ જ્યારે અભવ્ય પ્રાયોગ્ય જઘન્ય સ્થિતિમાં વર્તતો હોય ત્યારે સ્વામી થાય છે.

જિનનામકર્મની સત્તા એકેન્દ્રિયના ભવમાં ન હોવાથી તેનું વર્જન કરેલું છે. તે જિન નામની જઘન્ય દેશોપશમનાનો સ્વામી તે જ જીવ જાણવો કે જે જીવ જઘન્ય અનુભાગ સંક્રમનો સ્વામી હોય છે અર્થાત્ જઘન્ય અનુભાગ સંક્રમનો સ્વામી અને જઘન્ય દેશોપશમનાનો સ્વામી સમાન જ છે અર્થાત્ એક છે.

હવે ચોથી પ્રદેશ દેશોપશમના તો પ્રદેશ સંક્રમની તુલ્ય જ છે. ઉપરોક્ત વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે કે ઉત્કૃષ્ટ પ્રદેશ દેશોપશમના તો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ તુલ્ય જ હોય છે. પરંતુ જે જે કર્મોનો ઉત્કૃષ્ટ પ્રદેશ સંક્રમ આઠમા ગુણસ્થાનકથી ઉપર નવમે - દશમે ઇત્યાદિમાં પ્રાપ્ત થાય છે. તે કર્મોની પણ ઉત્કૃષ્ટ પ્રદેશ દેશોપશમના તો અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકના ચરમ સમય સુધી જ જાણવી. કારણ કે ત્યાંથી આગળ દેશોપશમના નથી.

જઘન્ય પ્રદેશ દેશોપશમના તો બરાબર જઘન્ય પ્રદેશ સંક્રમ તુલ્ય જ છે. તેમાં કંઈ વિશેષતા નથી. ।।૭૧।।

## ॥ इति कर्मप्रकृतिटीकायामुपशमनाकरणम् ॥

## ઉપશમનાકરણ સમાપ્ત

## ॥ હવે નિધત્તિ અને નિકાચનાકરણ કહે છે ॥

*અવતરણ :- આ પ્રમાણે ઉપશમનાકરણ કહ્યું. હવે નિધત્તિ અને નિકાચના કરણ ગ્રંથકારશ્રી કહે છે :-*

**देसोवसमणतुल्ला, होइ णिहत्ती णिकायणा णवरं ।**
**संकमणं पि णिहत्तीइ, णत्थि सेसाणि वियरस्स ॥ ७२ ॥**

**ગાથાર્થ :-** નિધત્તિ અને નિકાચના કરણમાં દેશોપશમનાની જેમ જ બરાબર જાણવું. પરંતુ નિધત્તિમાં સંક્રમણ પણ હોતું નથી અને નિકાચનામાં શેષકરણો એટલે કે ઉદ્વર્તના અને અપવર્તના પણ હોતાં નથી. ॥૭૨॥

**વિવેચન :-** નિધત્તિ અને નિકાચના આ બન્ને કરણો બરાબર દેશોપશમનાની તુલ્ય જ છે. દેશોપશમનાના જે જે ભેદો છે અને જે જે જીવોને સ્વામી કહેવામાં આવ્યા છે. તે તે જ ભેદો અને તે તે જ જીવો સ્વામી તરીકે નિધત્તિ અને નિકાચનામાં પણ સમજવા. જરા પણ ઓછું કે અધિક સ્વરૂપ નિધત્તિ નિકાચવામાં નથી.

**પ્રશ્ન :-** નિધત્તિ અને નિકાચના આ બન્ને શબ્દોનો અર્થ શું ? બન્ને કરણો કોને કહેવાય ? તે તો સમજાવો.

**ઉત્તર :-** નિધત્તિ અને નિકાચનાનો આ અર્થ છે. દેશોપમના પામેલા કર્મમાં સંક્રમણ-ઉદ્વર્તના અને અપવર્તના એમ ત્રણ કરણો થાય છે. પણ,બીજાં કરણો થતાં નથી. તેમાંથી નિધત્તિમાં તો સંક્રમણ પણ થતું નથી. તથા अपि શબ્દથી ઉદીરણા વિગેરે પણ થતાં નથી. માત્ર ઉદ્વર્તના અને અપવર્તના એમ બે જ કરણો થાય છે. એટલી વિશેષતા દેશોપશમનાથી નિધત્તિમાં છે.

જ્યારે ઈતરમાં એટલે કે નિકાચનામાં શેષ એવાં બે કરણો એટલે કે ઉદ્વર્તના અને અપવર્તના પણ થતાં નથી. આ નિકાચના કરણ પામેલું કર્મ તો સકલ કરણને માટે અયોગ્ય બને છે. તેને જ નિકાચિત કર્મ કહેવાય છે. સારાંશ કે દેશોપશમનામાં સંક્રમણ-ઉદ્વર્તના અને અપવર્તના એમ ત્રણ કરણો લાગુ પડે છે. પણ ઉદીરણા આદિ બીજા કરણો થતાં નથી. જ્યારે નિધત્તિમાં બીજા ઉદીરણા વિગેરે તો થતાં નથી જ. પરંતુ આ ત્રણમાંથી સંક્રમણ પણ થતું નથી. માત્ર ઉદ્વર્તના અને અપવર્તના એમ બે જ કરણો થાય છે. જ્યારે નિકાચનામાં તો આ ઉદ્વર્તના અને અપવર્તના પણ થતાં નથી. સારાંશ કે સકલ કરણને માટે અયોગ્ય બને છે. આ પ્રમાણે દેશોપશમના અને નિધત્તિ તથા નિકાચના આ ત્રણ કરણોમાં કેટલો કેટલો તફાવત છે તે વાત સમજાવવામાં આવી છે. ॥૭૨॥

*અવતરણ :- જ્યાં જ્યાં ગુણશ્રેણી હોય છે. ત્યાં ત્યાં દેશોપશમના-નિધત્તિ-નિકાચના તથા યથાપ્રવૃત્ત સંક્રમ આ ચારે કાર્યો પ્રાયઃ થતાં જ હોય છે. ત્યાં કોણ વધારે થાય અને કોણ ઓછું થાય તે વિષય સમજાવવા માટે આ અલ્પબહુત્વ કહે છે.*

**गुणसेढिपएसग्गं थोवं, पत्तेगसो असंखगुणं ।**
**उवसमणाइसु तीसु वि संकमणेहापवत्ते य ॥ ७३ ॥**

**ગાથાર્થ :-** ગુણશ્રેણિમાં આવેલું પ્રદેશાગ્ર સૌથી થોડું છે. તેના કરતાં દેશોપશમનાદિ ત્રણમાં તથા યથાપ્રવૃત્ત નામના સંક્રમમાં દલિક અનુક્રમે અસંખ્યાત ગુણ અધિક-અધિક જાણવું. ॥૭૩॥

**વિવેચન :-** ગુણશ્રેણિમાં ગોઠવાયેલું કર્મદલિક તથા દેશોપશમનાદિ ત્રણમાં આવેલું કર્મદલિક અર્થાત્ દેશોપશમના અને નિધત્તિ તથા નિકાચના આ ત્રણમાં આવેલું કર્મદલિક તથા યથાપ્રવૃત્ત નામના સંક્રમથી સંક્રમિત્ત થયેલું કર્મદલિક અનુક્રમે અસંખ્યાત ગુણ અધિક અસંખ્યાતગુણ અધિક છે. આમ જ સમજવું. તેનાથી જરા પણ અસ્ત વ્યસ્ત નથી.

ઉપરોક્ત વાતનો સારાંશ એ છે કે તે કાળે જે તે કર્મોની ગુણ શ્રેણિ પ્રવર્તે છે તે તે કર્મોનું પ્રદેશાગ્ર સર્વથી થોડું છે. તેના કરતાં દેશોપશમનાથી ઉપશમિત થયેલું કર્મદલિક અસંખ્યાતગુણ અધિક છે. તેના કરતાં પણ નિધત્તિ નામના કરણથી દબાયેલું કર્મ અસંખ્યાત ગુણ અધિક છે. તેના કરતાં પણ નિકાચના કરણ વડે સર્વથા નિકાચિત થયેલું કર્મ સર્વથી વધારે અસંખ્યાત ગુણ અધિક છે. આ પ્રમાણે બહુ જ સંક્ષેપથી નિધત્તિ અને નિકાચિત કરણોનું વર્ણન આ ગાથામાં કર્યું છે. વધારે સ્પષ્ટતાથી તો આ વિષય સર્વજ્ઞ પરમાત્મા જ જાણે. ॥૭૩॥

*અવતરણ :- હવે આઠે પણ કરણોમાં પ્રવર્તતા જે જે અધ્યવસાય સ્થાનો છે. તેઓની પ્રતિનિયત (અમુક ચોક્કસ) સંખ્યા જાણવા માટે તેના પરિમાણનું પ્રમાણ જણાવે છે :-*

**थोवा कसायउदया किइबंधोदीरणाइ ( य ) संकमणे ।**
***उवसमणाइसु अज्झवसाया कमसो असंखगुणा ॥ ७४ ॥***

**ગાથાર્થ :-** સ્થિતિ બંધમાં (તથા રસબંધમાં પણ) કાષાયિક અધ્યયસાય સ્થાનો સર્વથી થોડા છે. તેના કરતાં ઉદીરણાના અધ્યવસાય સ્થાનો, તથા તેના કરતાં સંક્રમના તથા ઉપશમના આદિમાં અધ્યવસાય સ્થાનો ક્રમસર અસંખ્યાત ગુણા અધિક અધિક છે. ॥૭૪॥

**વિવેચન :-** સ્થિતિબંધમાં (તથા ગાથામાં લખ્યું નથી તો પણ અધ્યાહારથી રસબંધમાં પણ) જે સ્થિતિબંધ અને રસબંધના હેતુભૂત કષાયોથી બનેલા જે જે અધ્યવસાય સ્થાનો છે.

સારાંશ કે બન્ધનકરણને યોગ્ય જે જે અધ્યવસાય સ્થાનો છે તે સર્વથી થોડા છે. (તો પણ અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ તો છે જ.)

પ્રકૃતિ બંધ અને પ્રદેશ બંધ ખાસ યોગવિશેષથી થાય છે. યોગ જઘન્ય હોય તો આ બન્ને બંધો જઘન્ય થાય અને યોગ જો ઉત્કૃષ્ટ હોય તો આ બન્ને બંધો ઉત્કૃષ્ટ થાય આમાં યોગ વિષયક બંધ હોવાથી આ અલ્પ બહુત્વના અધિકારમાં તેનું ગ્રહણ કર્યું નથી. તે માટે સ્થિતિબંધ અને અનુભાગ બંધના હેતુભૂત કાષાયિક અધ્યવસાય સ્થાનો કરતાં ઉદીરણા કરણને યોગ્ય જે અધ્યવસાય સ્થાનો છે. તે અસંખ્યાત ગુણા અધિક છે.

ઉદીરણા યોગ્ય જે અધ્યવસાય સ્થાનો છે. તેના કરતાં પણ સંક્રમને યોગ્ય (અર્થાત્ સંક્રમ-ઉદ્‌વર્તના અને અપવર્તના આ ત્રણે કરણોના હેતુભૂત ત્રણેના સાથે મળીને કુલ) અધ્યવસાય સ્થાનો અસંખ્યાતગુણ છે.

તેના કરતાં પણ (સંક્રમાદિ ત્રણના હેતુભૂત અધ્યવસાય સ્થાનો કરતાં પણ) ઉપશમના કરણના હેતુભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્યાત ગુણા છે તે ઉપશમના કરણના હેતુભૂત અધ્યવસાય સ્થાનો કરતાં પણ નિધત્તિ નામના કરણના હેતુભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્યાત ગુણા છે. નિધત્તિ નામના કરણના હેતુભૂત અધ્યવસાય સ્થાનો કરતાં પણ નિકાચના નામના કરણના હેતુભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્યાત ગુણ અધિક છે.

બહુ જ સંક્ષેપમાં આ અલ્પ બહુત્વ સમજાવવામાં આવ્યું છે. વિશેષ અલ્પબહુત્વ ગીતાર્થ ગુરુઓ પાસેથી સમજવું. ॥૭૪॥

**॥ इति कर्मप्रकृतिटीकायां करणष्टकम् ॥**

કમ્મપયડિ નામના આ ગ્રંથમાં આઠે કરણોનું સ્વરૂપ અહીં સમાપ્ત થાય છે.

**समाप्त**



श्रीमद्पूज्यस्य वाचा, कथनगुणगणैः ।
सम्भृता दीप्यमाना ।
सूक्ष्मार्थैरुत्प्रगाढा, विविधनययुता ।
सर्वनिक्षेपदृप्ता ॥
अध्यात्मानन्दपूता, मुनिजनविधृता ।
नैकगम्भीरभावा ।
सैषा विद्वद्मनोज्ञा, नयविजयशिशोः ।
श्रीयशोदायिन्येषा ॥

ભાવાર્થ : પરમ પૂજ્ય શ્રી શિવશર્મસૂરીશ્વરજી કૃત "કમ્મપયડિ" નામના ગ્રંથ ઉપર બનાવેલી પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબની સંસ્કૃત ટીકા કેવી છે ? તેનું યત્કિંચિત્ વર્ણન આ શ્લોકમાં છે.

(૧) કથન કરવાના ઘણા ગુણોના સમૂહથી ભરપૂર ભરેલી, (૨) દેદીપ્યમાન, (૩) સૂક્ષ્મ-સૂક્ષ્મ અર્થોથી ઉંડા વિષયવાળી, (૪) અનેક પ્રકારના નયોથી ભરપૂર ભરેલી, (૫) અધ્યાત્મદશાના આનંદને આપવાથી અતિશય પવિત્ર બનેલી, (૬) મહાત્મા એવા મુનિપુરુષો વડે વારંવાર ધારણ કરાયેલી અર્થાત્ વાંચનમાં લેવાયેલી, અને (૭) વિદ્વાન પુરુષોના મનને હરણ કરનારી (મનને ખૂબ જ ગમી જનારી) એવી આ પૂજ્ય નયવિજયજી મહારાજશ્રીના શિષ્ય એવા શ્રીમદ્ અને પૂજ્ય એવા વિશેષણોવાળા ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજશ્રીની બનાવેલી આ સંસ્કૃત ટીકાનું ખરેખર (પઠન-પાઠન કરવાથી) વાસ્તવિક યશને આપનારી બને તેવી છે. માટે હૃદય પરોવીને આ ગ્રંથનો ખૂબ જ અભ્યાસ કરજો એવી હાર્દિક-આશા સાથે આ ગુજરાતી વિવેચન શ્રી સંઘના કરકમલમાં ઘણાં જ અહોભાવ સાથે સમર્પિત કરું છું.

આવા ગ્રન્થો બનાવનારા મહાત્મા,
પુરુષોને વારંવાર નમસ્કાર

એ જ આશા
દ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106